# સરદારૂલ અંબિયા હઝરત મોહમ્મદ મુસ્તુફા (સલ.)નું મુબારક જીવનચરિત્ર (ભાગ-૨)

## : ગુજરાતી અનુવાદ :


## ઈબ્રાહીમ બી. પટેલ, ભરૂચ



## : પ્રકાશક :

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ

એ-૭૦/૨, એહમદનગર, મનુબર રોડ,

ભરૂચ-૩૯૨૦૦૧.

મોબાઈલ : ૯૪૨૬૪૦૩૬૭૨

# એક જરૂરી નોંધ

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ પાસે આયતુલ્લાહ અલ ઉઝમા અસ્સય્યદ અલી હુસૈની સીસ્તાની (દા.બ.), રેહબર આયતુલ્લાહ અલ ઉઝમા સૈયદ અલી ખામેનાઈ (દા.બ.)

તથા

આયતુલ્લાહ અલ ઉઝમા બશીર હુસૈન નજફી (દા.બ.) ત્રણેય બુઝુર્ગોનો સેહમે ઈમામ ખર્ચ કરવાનો ઈજાઝો છે.

***ઈજાઝો સંસ્થાકીય અને કાયમી છે.***

# અવર બેંકર્સ

## નીચેની બેંકોમાંથી કોઇપણ બેંકમાં નાણા જમા કરાવી શકાય છે.

(૧) હુસૈનઅહમદ ઈબ્રાહીમ પટેલ

AC : 25520100007654

IFSC : BARBOBRODAN

બેંક ઓફ બરોડા, શાખા મોહંમદપુરા, ભરૂચ.

(૨) શબ્બીરઅહમદ પટેલ

AC : 32598176055

IFSC : SBIN0003522

સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, શાખા કતોપોર દરવાજા, ભરૂચ.

# અનુક્રમણીકા


| પ્રકરણ | વિગત | પેજનં. |
|---|---|---|
| | પ્રસ્તાવના | ૧૩ |
| (૧) | રસૂલે મકબૂલ (સલ.) ની હિજરત | ૧૮ |
| (૨) | હિજરતની સમગ્ર ઘટના ઉપર એક વિહંગાવલોકન | ૭૬ |
| (૩) | હિજરી સન-૧, મુખ્ય ઘટનાઓ ભાગ-૧ | ૧૦૫ |
| (૪) | હિજરી સન-૧, મુખ્ય ઘટનાઓ ભાગ-૨ | ૧૩૩ |
| (૫) | હિજરી સન-૧, મુખ્ય ઘટનાઓ ભાગ-3 | ૧૫૨ |
| (૬) | હિજરી સન-૧, મુખ્ય | ૧૭૭ |

| | | |
|---|---|---|
| | ઘટનાઓ ભાગ-૪ | |
| (૭) | હિજરી સન-૧, મુખ્ય ઘટનાઓ ભાગ-૫ | ૧૮૧ |
| (૮) | હિજરી સન-૧, મુખ્ય ઘટનાઓ ભાગ-૬ | ૧૯૮ |
| (૯) | હિજરી સન-૧, મુખ્ય ઘટનાઓ ભાગ-૭ | ૨૦૨ |
| (૧૦) | હિજરી સન-૧, મુખ્ય ઘટનાઓ ભાગ-૮ | ૨૨૯ |
| (૧૧) | હિજરત શું છે ? હિજરતની ફઝીલત, હિજરત જરૂરી હોવા છતાં હિજરત ન કરનારા માટે ઠપકો | ૨૫૫ |
| (૧૨) | સહાબાએકિરામનું અલ્લાહના | ૨૭૮ |

| | | |
|---|---|---|
| | માર્ગમાં હિજરત દરમ્યાન તકલીફો ઉઠાવવું | |
| (૧૩) | નુસરત એટલે શું ? અનસાર કોને કહેવાય છે ? અનસારની ફઝીલત શું છે ? | ૩૦૪ |
| (૧૪) | હિજરી સન-૧ ની, મુખ્ય ઘટનાઓ ભાગ-૯ | ૩૧૮ |
| (૧૫) | હિજરી સન-૨ ની, મુખ્ય ઘટનાઓ ભાગ-૧ | ૩૩૨ |
| (૧૬) | હિજરી સન-૨ ની, મુખ્ય ઘટનાઓ ભાગ-૨ | ૩૫૬ |
| (૧૭) | હિજરી સન-૨ ની, મુખ્ય ઘટનાઓ ભાગ-3 | ૩૭૪ |
| (૧૮) | હિજરી સન-૨ ની, મુખ્ય | ૩૮૨ |

| | | |
|---|---|---|
| | ઘટનાઓ ભાગ-૪ | |
| (૧૯) | જંગે બદરના વિષયમાં કુરઆન શું કહે છે ? | ૪૨૩ |
| (૨૦) | કુરઆનમાં જેહાદના હુકમનું નાઝિલ થવું, જેહાદ અંગે કાયદા-કાનૂન અને જઝિયારો | ૪૩૩ |
| (૨૧) | ગઝવાત અને સરાયાની શરૂઆત | ૪૬૧ |
| (૨૨) | ગઝવએ બદર (કુબરા) | ૪૭૩ |
| (૨૩) | પેગંબર (સલ.)ના જમાનાની લડાઇઓ | ૪૭૮ |
| (૨૪) | ગઝવએ બદર | ૫૦૭ |
| (૨૫) | જંગે બદરમાં અમીરૂલ મોઅમેનીન અલી ઇબ્ને | ૫૫૧ |

| | | |
|---|---|---|
| | અબીતાલિબ (અલ.)ની બહાદુરી | |
| (૨૬) | ઐતિહાસિક જુઠાણાં | ૫૮૦ |
| (૨૭) | જંગે બદરમાં સારા નરસા પરિણામો રડવા ઉપર કુરેશનો પ્રતિબંધ | ૬૧૩ |
| (૨૮) | દુશ્મને ઇસ્લામ અબુલહબની ઇબ્રતનાક મોત | ૬૨૧ |
| (૨૯) | સફવાન બિન ઉમય્યા અને ઉમૈર બિન વહબનું રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને કતલ કરવાનું કાવતરૂં | ૬૨૬ |
| (૩૦) | ગઝવએ બદર અથવા | ૬૩૫ |

| | | |
|---|---|---|
| | ગઝવએ સવીક (૧) હિજરી સન ૨ ની ઘટના | |
| (૩૧) | ગઝવએ બની કુનૈકા, શવ્વાલ હિજરી સન-૨ ની બીજી ઘટનાઓ | ૬૪૦ |
| (૩૨) | મદીનાના અનસારની કુરબાનીઓ | ૬૫૮ |
| (૩૩) | સરય્યા અબ્દુલ્લાહ બિન અતીક, અબુ રાફેઅ સલામ બિન અબી અલહકીક યહુદીની કતલ | ૬૮૩ |
| (૩૪) | ગઝવએ ઓહદ | ૬૯૫ |
| (૩૫) | જંગે ઓહદમાં હઝરત અલી ઈબ્ને અબીતાલિબ (અલ.)ની | ૭૧૮ |

| | | |
|---|---|---|
| | બહાદુરી અને વફાદારી | |
| (૩૬) | જંગે ઓહદમાં પેગંબરે ઈસ્લામના શહીદ થયાની અફવા અને સહાબાનું જંગ છોડી ભાગવું | ૭૪૭ |
| (૩૭) | જેહાદમાં સ્ત્રીઓની કારકીર્દી | ૭૬૯ |
| (૩૮) | મોટા ગણાતા બહાદુર સહાબાનું જંગ છોડી ભાગવું- કાયરતા | ૭૭૮ |
| (૩૯) | જંગે ઓહદમાં હઝરત હમઝા (રઝિ.)ની શહાદત | ૭૯૨ |
| (૪૦) | જંગે ઓહદ ઉપર એક દષ્ટિપાત | ૮૦૩ |
| (૪૧) | ઓહદથી વાપસી-પાછા ફરવું | ૮૧૨ |

| | | |
|---|---|---|
| (૪૨) | હિજરી સન 3 ના છૂટા છવાયા બનાવો ગઝવએ હમરા અલ અસદ | ૮૨૪ |
| (૪૩) | હિજરી સન ૪ ના ગઝવાત અને સરય્યાત | ૮૩૩ |
| (૪૪) | બીરે મઉનાનો કિસ્સો આમીર બિન તુફૈલનું ઈસ્લામના મુબલ્લીગોને કતલ કરવું | ૮૪૭ |
| (૪૫) | અનસારે મદીનાના બલિદાનો અને રસુલુલ્લાહ (સલ.)ની તેમના હકમાં દુઆ | ૮૬૧ |
| (૪૬) | હઝરત અલી (અલ.)ના વાલીદહ મોહતરમાં જનાબે ફાતેમા બિન્તે અસદ | ૮૭૪ |

| | | |
|---|---|---|
| | રઝિયલ્લાહો તઆલા અન્હાની વફાત | |
| (૪૭) | યહુદ અને નસારાના વિષયમાં કુર્આનના હુકમો | ૮૭૯ |
| (૪૮) | હિજરી ૪માં નાઝિલ થયેલા હુકમો-અહકામાત | ૮૯૩ |

# પ્રસ્તાવના

## બિસ્મીલ્લાહ હિર્રહમા નિર્રહીમ

મોહસીને ઈન્સાનિયત, ખયરૂલ બશર, રસૂલેઆઝમ સરવરે કોનૈન, ખત્મી મરતબત હઝરત મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમની પાક જિંદગીની એક એક પળ આપણા માટે હિદાયતરૂપ છે.

અશરફુલ કાએનાત, ફખ્રે મોજુદાત, સરદારૂલ અંબિયા વ મુરસલીન અહમદે મુજતબા હઝરત મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમ આપણી સમક્ષ જાહિરી રીતે બશરી લિબાસમાં હતા. પરંતુ નુરાનિયત આપ (સલ.)ના માદ્દી શરીર ઉપર એટલી છવાયેલી હતી કે અલ્લાહે

આપ (સલ.)ને પગથી માથા સુધી નૂર કહીને પોકાર્યા. નુરાની વસ્તુ હોવી અલગ વાત છે. અને નૂરે મુજસ્સમ હોવું (પગથી માથા સુધી નૂર નૂર જ નૂર હોવું) અલગ વાત છે. જેને પેદા કરનાર ખુદ પોતે જ નૂર કહે. તેમના મરતબાઓનું શું પૂછું ? આ જ તે નૂર છે જેને અવ્વલ નૂર બનવાની ઇઝ્ઝત પ્રાપ્ત થઈ. આ જ નૂરની બરકત તો હતી કે જેમના કારણે તમામ કાએનાત (વિશ્વ) અસ્તિત્વમાં આવી. જેમના માટે જમીનો અને આસમાનો પેદા કરવામાં આવ્યાં. વિશ્વના સર્જનહારે ફરમાવ્યું કે “અય રસૂલ ! જો તમે ન હોત તો હું દુનિયાને પેદા ન કરત. આ જ નૂરને પેદા કરીને અલ્લાહે પોતાની મઅરેફત (ઓળખ) આપી.

આ તે જ નૂર હતું જે હઝરત આદમ (અલ.)ને પેદા કરતાં હજારો વરસ અગાઉ અર્શે ઈલાહીની શોભા બન્યું હતું. નૂરને રહમતુલ્લીલ આલમીન, સાહેબે ખલકે આઝમ (અલ્લાહનું ઉચ્ચોચ્ચ સર્જન) સિરાજે મુનીર (રોશન ચિરાગ) ન બનાવવામાં આવત તો બીજા કોને બનાવત ?

આ જ ઉચ્ચોચ્ચ હસ્તીનું મુબારક જીવન લખવાની અલ્લાહે મને તૌફીક બક્ષી. હું તેનો શુક્રગુજાર છું. ઈ. સ. ૨૦૦૬માં આપ (સલ.)ના મુબારક જીવનનો ભાગ-૧. ૫૨૪ પેજમાં હું પ્રકાશિત કરી ચૂક્યો છું. ભાગ-૧માં આપ (સલ.)ના વડવાઓથી લઈ હિજરત સુધીનું જીવન આવરી લીધું છે. જ્યારે આ બીજા ભાગમાં હિજરીસન ૧ થી લઈને હિજરી સન ૪ સુધીના બધા જ બનાવો

લગભગ આવરી લીધા છે. લગભગ ૪૦૦ પેજનું આ પુસ્તક ગુજરાતી ભાષી મોમીનોના હાથમાં મૂકતાં ખુશી અનુભવું છું. અલ્લાહ મોમીનોને પોતાના પ્યારા નબીના જીવનથી વાકેફ કરી તેના ઉપર અમલની તોફીક આપે. એવી દુઆ કરૂં છું.

ભાગ-૧ અને ભાગ-૨ વચ્ચેનો ૩ વર્ષના સમયમાં મેં ઘણીબધી કિતાબો જેમાં અનુવાદિત મજાલિસ સાથે ૧૨ કિતાબો લખાય ચૂકી છે. આ સમય દરમ્યાન હું કાચી નોંધો તૈયાર કરતો રહ્યો અને છેવટે અલ્લાહે નિયુક્ત કરેલા સમયે આ કાર્ય અંજામ અપાયું. આશા રાખું છું કે મારી અન્ય કિતાબોની જેમ આ કિતાબ પણ આવકાર પામશે.

મારી આ કિતાબને એકત્ર કરવામાં તથા તેની શરૂઆતથી પૂર્ણતા સુધી પહોંચવાના દરેક

કાર્યમાં મારા ફરઝંદે અઝીઝ મૌલાના હુસૈન અહમદ પણ સામેલ છે. કારણ કે ઈરાનથી ઇન્ડિયા આવવાને એમને બરાબર ત્રણ વર્ષ પૂર્ણ થયા છે. કેટલાક વિશ્લેષણો મૌલાના હુસૈને કર્યાં છે. તો કેટલાંક મારા ઝિમ્મે આવ્યાં છે. દુઆની દરખાસ્ત સાથે વહાલા વાચકોથી છૂટો પડું છું.

**નાચીજ**

**ઈબ્રાહીમ બી. પટેલ**

## પ્રકરણ-૧ : રસૂલે મકબૂલ (સલ.) ની હિજરત

**ઈન્નલ્લાહ યાઅ્મોરોક બિલ હિજરતે**

(અય નબી) અલ્લાહતઆલા આપને હિજરતનો હુકમ આપે છે.

તારીખ ઈસ્લામી ૧૩ બઅષત. (નબુવ્વતની જાહેરાતનું ૧૩મું વર્ષ - મુતાબિક હિજરીસન ૧ થાય. ઈસ્વી સનની તારીખ ૧૬ જુલાઈ ૬૨૨. )

**રસૂલે ઈસ્લામ મદીના મુનવ્વરાની તરફ :**

વ યુઅષેરૂન અલા અનફોસેહીમ વલવકાનઅ બેહીમ ખસાસહ. (સૂરએ હશ્ર આયત નં. ૯)

**અર્થાત** : અને પછી ભલેને તેમને પોતાને તંગી (જરૂરત) કેમ ન હોય, બીજાઓને પોતાના નફસ ઉપર મહત્ત્વ આપે છે.

ઉપરોક્ત આયતમાં અલ્લાહતઆલા અનસાર સહાબા (મદીનાવાસીઓના) ગુણનું વર્ણન કરે છે કે હિજરતીઓ માટે આ લોકો એટલો પ્રેમ રાખે છે કે પોતે ભૂખ્યા, પ્યાસા અને જરૂરતમંદ હોવા છતાં ઈસ્લામ માટે હિજરતીઓની મદદ કરે છે.

પોતાના નબીને હિજરત કરવા તરફ ઈશારો કરતાં અલ્લાહતઆલા સૂરએ અનફાલની ૩૦ મી આયતમાં ઈરશાદ ફરમાવે છે :

**વ ઈઝયમકોરૂ બેકલ્લઝીન કફરૂ લેયુષબેતુક અવ યકતોલુક અવ યુખરેજૂક, વયમકોરૂન, વયમકુરૂલ્લાહો, વલ્લાહો ખયરૂલ માકેરીન.**

**અર્થાત** : અને અય રસૂલ ! તે સમયને યાદ કરો જ્યારે ઈમાન નહીં લાવનારાઓ તમારી સાથે ચાલબાજી ચાલી રહ્યા હતા. એટલા માટે કે તમને કેદ કરી લે અથવા તમને મારી નાખે અથવા તમને ઘરેથી બહાર કાઢી મૂકે (દેશનિકાલ કરી દે) તેઓ તો આવો દાવપેચ ખેલી રહ્યા હતા અને ખુદા પણ તેમના વિરૂદ્ધ ઉપાય કરી રહ્યો હતો.

ઉપરોક્ત આયતો પેગંબરે ઈસ્લામને હિજરત કરવા તરફ ઈશારો કરી રહી છે.

**૧. દારૂલ નદવામાં કુરેશના સરદારોનું એકત્ર થવું અને પેગંબરે ઈસ્લામની કતલ કરવાનો મનસુબો બનાવવો.**

તે જમાનામાં અબુસુફ્યાન જે મલઉન મઆવીયાનો બાપ થાય છે અને યઝીદ લાનતુલ્લાહનો દાદો થાય છે. તે મક્કા શહેરનો સરદાર હતો. આ અબુસુફયાન આપ (સલ.)ની દુશ્મનીમાં અગ્ર સ્થાને હતો. મુસલમાનો ધીરે ધીરે હિજરત કરી રહ્યા હતા, મક્કા છોડી રહ્યા હતા, આ જોઈને એનો ગુસ્સો વધી રહ્યો હતો. અબુસુફયાનને આ ભય પણ સતાવી રહ્યો હતો કે જો તેઓએ મદીનામાં જઈને શક્તિ પ્રાપ્ત કરી લીધી તો અમારાથી ઝુલમનો બદલો જરૂરથી લેશે. કુરેશના બધા સરદારોએ એકમત થઈને દારૂલ નદવામાં

એક સભાનું આયોજન કર્યું. ઉપરોક્ત સૂરએ અનફાલની આયતમાં અલ્લાહે કુરેશના સરદારોના જે દાવપેચનું વર્ણન છે. તે આજ નદવા નામના સ્થળની તરફ ઈશારો કરે છે.

આ લોકોએ ત્યાં એકત્ર થઈને મશ્વિરો કર્યો કે મોહંમદનો મઆમલો હવે કાબુ બહાર જઈ રહ્યો છે, તેનો આપણે શું ઈલાજ કરવો જોઈએ, ઈસ્લામના ફેલાવાની રોકઠામ કઈ રીતે કરવી.

કોઈએ કહ્યું, કેદ કરી દો, કોઈએ કહ્યું, દેશનિકાલ કરી દો, અબુજહલે કહ્યું, મારો મત એ છે કે કતલ જ કરી નાખીએ જેથી હંમેશ માટેની આ હેરાનગતિનો નિવેડો આવી જાય. પરંતુ આ કતલ એવી રીતે થવી જોઈએ કે પાંચ કબીલાઓમાંથી એક એક માણસ મોહંમદના શરીર ઉપર એક એક

વાર કરે, તે પણ પાંચે કબીલાના યુવાનો એકી સાથે વાર કરે, જેથી મોહંમદની કતલ પાંચ કબીલાઓની ઉપર વહેંચાઈ જાય. આમ થશે તો બની અબ્દુલ મુત્તલિબ અને બની હાશિમ બહુ બહુ તો એકાદ બે કબીલાઓ સાથે બદલો લેવાની હિંમત કરે. એકી સાથે પાંચ પાંચ કબીલાઓ સાથે લડવાની તાકાત તેમનામાં નથી.

(કિતાબ રોઝતુલ અહબાબ, હબીબુસ સેર, તબરી)

**દારૂલ નદવા** :- આ વિષયમાં થોડી રમૂજી પણ અને બુદ્ધિને સ્પર્શે એવી પણ કેટલીક વાતો વાચકોના ધ્યાન ઉપર લાવવા માગું છું. લખનવમાં દેવબંદી ફિર્કાનો એક દારૂલ ઉલૂમ છે. જે ઘણો મોટો પણ છે. જે દારૂલ ઉલૂમ દેવબંદ પછીનો સૌથી મોટો તાલિબે ઈલ્મો ધરાવતો મદ્રસો છે. આ દારૂલ

ઉલૂમનું નામ દારૂલ ઉલૂમ નદવા છે. આ દારૂલ નદવાની સ્થાપનાને આજે લગભગ ૬૦થી વધુ વર્ષ થયા છે.

બાતિલને આવું કુફ્ફારે કુરૈશની મિટીંગની જગ્યાનું નામ પોતાના મદ્રસાનું રાખતી વખતે કંઈ પણ ભાન રહ્યું નહીં. જે મિટીંગમાં મક્કાના સૌથી વધારે ઝાલિમો, ઈસ્લામના દુશ્મનો, રસૂલના દુશ્મનો રસૂલે ઈસ્લામ અને મુસલમાનોને ખતમ કરવા માટે એકત્ર થયા હતા. જે વાતનો સ્પષ્ટ ઈશારો કુઆર્ને પાકે કર્યો છે.

વળી પાછળથી આ નામને સુધારીને બીજું સારૂ નામ આપવાની તોફીક પણ આ લોકોને થઈ નથી. કારણકે હકીકતમાં તો આ લોકો યઝીદના

ચાહકો જ છે. જે યઝીદ લાનતુલ્લાહ મક્કાના સરદાર અબુ સુફીયાનનો સગો પૌત્ર થાય છે.

આવી જ બીજી ઘટના પાકિસ્તાનમાં ઘટી છે. દેવબંદી મુસલમાનો ખુલ્લા મુનાફિકોને પણ રસુલુલ્લાહના સહાબામાં ગણે છે. આવા મુનાફિક સહાબાઓના કાળાં કરતુતો ઉઘાડા પડતાં શયતાનને ચિંતા થઈ કે હકના મુકાબલામાં બાતિલ કંઈ નાબુદ ન થઈ જાય. વળી બાતિલ પાસે હકનો મુકાબલો કરવાની દલીલ નથી હોતી ત્યારે તે મારામારી અને આતંકવાદ ઉપર ઉતરી પડે છે. ઈસ્લામનાં સાચા અકીદાઓને ફેલાતા અટકાવવા માટે આવા જ એક આતંકવાદી સંગઠનનો ત્યાં જન્મ થયો.

અહીં પણ બાતિલને ભાન ન રહ્યું. બાતિલની બુદ્ધિ ઘણી વખત બહેર મારી જતી હોય છે તેમ આ બાતિલે એક અંજુમનની સ્થાપના કરી. આ અંજુમનને ઈસ્લામના સાચા અકીદાઓની રોકઠામ માટે કરવામાં આવી ત્યારે તેનું નામ આ લોકોએ "અંજુમને સિપાહે સહાબા" રાખ્યું ટુંકમાં ASS.A નો સિમ્બોલ પણ જારી કર્યો. ઠેર ઠેર બોર્ડો લગાવ્યા, હેન્ડલબીલ ચોંટાડ્યાં, ચોપાનીયા ચીપકાવાયાં. જેમાં ઘણા જ મોટા અક્ષરે સંસ્થાના ટૂંકમાં નામ અને સિમ્બોલ Aનો ઉપયોગ કરવામાં આવ્યો.

જેવું કે "દારૂલ નદવા" વાળા દેવબંદીઓએ પોતાનું ભાનસાન ગુમાવી રસુલુલ્લાહના દુશ્મનોએ રસુલુલ્લાહને કતલ કરવા માટે આયોજન કરેલી

મિટીંગના સ્થળનું નામ પોતાના મદ્રસાનું નામ રાખ્યું તે જ પ્રમાણે બાતિલ અહીં પણ પોતાનું ભાનસાન ગુમાવી બેઠું. ખુદા-રસૂલના દુશ્મન મુનાફિક સહાબાનો બચાવ કરવા માટે સ્થાપિત કરેલી આ સંસ્થાનું ટૂંકુ નામ A પ્રચલિત થઈ ગયું. વળી આ સંસ્થાના કાર્યકરોએ Aના મોટા સિમ્બોલ સાથે પોતપોતાના શહેરની લેટર હેડો પણ છપાવી નાખી. મોમીનો એક જાગૃત કોમ છે. તેમને આ બાબતનો ખ્યાલ આવી ગયો. A એટલે ગધેડો થાય છે. જેથી આ લોકો મુનાફિકોના ગધેડા બની ગયા. મોમીનોએ જ્યારે આ લોકોની ઠેકડી ઉડાડી ત્યારે આ લોકોને ભાન થયું. રાતોરાત બધું ઉતારી લીધું. “અંજુમને સિપાહે સહાબા” માંથી અંજુમન શબ્દ

કાઢી નાખી ફક્ત “સિપાહે સહાબા” એવું નામ રાખવામાં આવ્યું.

હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલિબ (અલ.)એ પોતાના એક બેટાનું નામ ઉસ્માન રાખતી વખતે ફરમાવ્યું હતું કે હું મારા આ બેટાનું નામ રસુલુલ્લાહના એક બાઈમાન નેક અને શહીદ સહાબી હઝરત ઉસ્માન બિન મઝઉનના નામ ઉપરથી તેમની યાદમાં ઉસ્માન રાખું છું. જેથી કોઈ એમ ન સમજી લે કે અલીએ ખલિફાના નામ ઉપરથી પોતાના બેટાનું નામ રાખ્યું.

જ્યારે વહી દ્વારા પેગંબરે ઈસ્લામને કુફ્ફારની આ નદવાની મિટીંગની જાણ થઈ, સાથે અલ્લાહ તરફથી હિજરતનો હુકમ પણ મળ્યો. તો આપે હઝરત અલી (અલ.)ને કહ્યું : કે તમે મારી

પથારી ઉપર મારી લીલી ચાદર ઓઢીને સૂઈ જશો. મને મદીના જવાનો હુકમ થઈ ચૂક્યો છે. મારી પાસે કેટલાક લોકોની અમાનતો છે. તે અમાનતો તેમના સુધી પહોંચાડી દેશો. પછી મારી પાસે મદીના ચાલ્યા આવજો.

અલ્લામાં મજલીસીએ પોતાની કિતાબ હયાતુલ કોલુબમાં લખ્યું છે કે હઝરત અલી (અલ.) એ આ સાંભળીને સજદએ શુક્ર અદા કર્યો. આ સજદએ શુક્ર ઈસ્લામમાં સૌ પ્રથમ સજદએ શુક્ર હતો.

ઉપરોક્ત રિવાયતોથી માલુમ પડે છે કે પેગંબરે ઈસ્લામ સરદારૂલ અંબિયાના અખ્લાક કેટલા દરજ્જે ઉચ્ચ હતા. આપ અલી (અલ.)ને ફરમાવે છે કે હું મદીના ચાલી ગયા બાદ આ

મક્કાના મુશરેકીનની અમાનતો, ઘરેણાં, રૂપિયા વગેરે જે તે માલિકને સોંપી દેશો. જે મક્કાવાસીઓ આપના લોહીના પ્યાસા હતા. બીજી કોઈ વ્યક્તિ હોય તો અદાવત અને દુશ્મનીમાં સાથે લઈ જાત કે સંતાડીને ત્યાં જ મૂકી રાખત. પરંતુ નબુવ્વત પોતાના પાક દામન ઉપર કદી પણ નાપાકીનો ડાઘ લાગવા દેતી નથી.

[ઈરાનથી અમેરિકાની દુશ્મની શા માટે ? બસ એજ છે કે ઈરાને પોતાને ઈસ્લામવાદી જાહેર કરી પોતાના બાદશાહ પહેલવીને ઉખાડીને ફેંકી દીધો. જે અમેરિકાવાદી હતો. જે અમેરિકાનો નોકર હતો. જેવી રીતે કે અત્યારના બધા જ અરબ રાજાઓ અમેરિકાના નોકર છે. ઈરાનના અબજો - ખર્વો નાણાં - ડોલર તે વખતે અમેરિકાની બેંકોમાં

હતા. જેના ઉપર અમેરિકાનો કોઈ અધિકાર ન હતો. છતાંય આ અમેરિકાએ ઈરાનના નાણાં હજી સુધી ચૂકવ્યાં નથી. ૧૯૭૯માં ત્યાં ઈસ્લામી ક્રાંતિ થઈ. આજે બરાબર 30 વર્ષ થયાં. છતાંય અમેરિકા આ ઈરાનની દવલતને ત્યાંની પ્રજાના નાણાંને પાછા આપતું નથી. અનેક સરકારો અને પ્રમુખો અમેરિકામાં બદલાયા. પરંતુ એકેય ત્યાંનો પ્રમુખ ઈરાની પ્રજાના નાણા પરત આપવાનું નામ સુદ્ધાં લેતો નથી. ઈસાઈય્યત અને ઈસ્લામનો તફાવત પણ જોઈ લો. અમેરિકન પ્રમુખમાં તે વખતે મારી જાણ મુજબ કાર્ટર હતો. ત્યાર બાદ રીગન, સિનિયર બુશ આ બુશનો બાપ, પછી ક્લિન્ટન અને જુનિયર બુશ અમેરિકાનો પ્રમુખ છે. પહેલાના જમાનામાં અત્યારના જેવી બેંકિંગ વ્યવસ્થા ન હતી લોકો

પ્રામાણિક નેક શાહુકારો, આગેવાનો, મામલતદારો વગેરે પાસે પોતાના નાણાં સાચવવા આપતા હતા.]

**૨. હઝરત અલી (અલ.) અમીન (અમાનતદાર - પેગંબરે ઈસ્લામની અમાનતોને અદા કરનાર) અને પેગંબરના રાઝદાર.**

બીજી વિચારવા જેવી વાત આ છે કે હુઝુર (અલ. )ને હઝરત અલી (અલ.)ની ઝાત ઉપર કેટલો વિશ્વાસ હતો કે પોતાના બિસ્તરા ઉપર સૂવા માટે અને એ પણ કેવા નાજુક સમયે તેમના ઉપર ભરોસો કર્યો. આ વિશ્વાસમાં બહાદુરી અને વફાદારી બંને હતાં. જો આ પસંદગીમાં ખુદા ન કરે, ગલતી થઈ જાય અને હઝરત અલી મુશરેકીનથી ડરી જઈને પેગંબર (સલ.)ના મદીના હિજરત કર્યાની

ખબર આપી દેત, તો પેગંબર (સલ.)ના કતલ થઈ જવાનું યકીન હતું.

અલી (અલ.)ની જાંનિસારી અને વફાદારી ઉપર વિચાર કરો કે આપને પોતાના દીલમાં આ ખ્યાલ પણ ન ગુજર્યો કે મને તલવારોની વચ્ચે છોડીને જઈ રહ્યા છે, પોતાની જાન બચાવી રહ્યા છે. જો આમ વિચારત તો પેગંબરની દરખાસ્ત ઉપર સજદએ શુક્ર અદા ન કરત. પેગંબરે ઈસ્લામને જ્યાં જનાબે અલી (અલ.)ની બહાદુરી અને રાઝદારી (ગુપ્ત-ભેદો જાણનાર-વિશ્વાસુ) પર વિશ્વાસ હતો ત્યાં આ વાતનું પણ યકીન હતું કે તેઓ અમાનતોને અદા કરવામાં આળસાઈ નહીં કરે.

કુફ્ફાર અને મુશરેકીન ઉઘાડી તલવારો સાથે પેગંબરે ઈસ્લામના ઘરના દરવાજે એકત્ર થઈ

રહ્યા હતા. આ બાબતની રાહ જોતા હતા કે હઝરત સૂઈ જાય અથવા બહાર નીકળે તો આપને કતલ કરી દે. જે લોકોએ આપ (સલ.) ને કતલ કરવાની કસમ ખાધી હતી, ઝિમ્મેદારી લીધી હતી તેઓ આ હતા. (૧) અબુ જહલ (અસલ નામ અબુલ હકમ બિન હિશ્શામ) (૨) હકમ બિન અબુલ આસ (૩) ઉકબા બિન અબી મુઈત (૪) ઉઝર બિન હારિષ (૫) ઉમય્યા બિન ખલફ (૬) ઉકબા બિન મુતઅમ (૭) તઈમા બિન અદી (૮) અબુ લહબ અને (૯) હિજાઅના પુત્રો મુનબા અને મુનીબા વગેરે વગેરે. કિતાબ હબીબુસ્સૈર હયાતુલ કોલુબના કર્તાઓ લખે છે કે પેગંબરે ઈસ્લામના દુશ્મનોના ઉપરોક્ત લીસ્ટમાં ખાલીદ બિન વલીદ પણ હતો. તે બધાથી આગળ રહેતો હતો.

આપ (સલ.) જ્યારે ઘરમાંથી બહાર નીકળવા લાગ્યા તો આપે એક મુઠ્ઠી ખાક હાથમાં લીધી. આપે સૂરે યાસીન, ફહુમ લાયુબસેરીન સુધી પઢી પછી તે ખાકને મકાનને ઘેરીને ઊભેલા ઝાલિમો તરફ ફેંકી, જેના કારણે તેઓ એવા આંધળા થઈ ગયા કે હઝરત રસૂલે ખુદા તેઓની વચ્ચેથી નીકળીને રસ્તે પડી ગયા. તેઓને કંઈપણ ભાનસાન રહ્યું નહિં.

(૧) **યાસીન** - યાસીન

(૨) **વલકુરઆનીલ હકીમ** - આ હિકમતવાળા કુર્આનની કસમ

(૩) **ઈન્નક લમેનલ મુરસલીન** - (અય રસૂલ) બેશક તમે પેગંબરો માહેના છો

(૪) **અલા સેરાતીમ મુસ્તકીમ** - (અને) દીનના સીધા રસ્તા ઉપર (સાબિત કદમ - અડગ છો)

(૫) **તન્ઝીલલ અઝીઝીર રહીમ** - જે ઘણાં જ મહેરબાન ગાલિબ ખુદાનું નાઝિલ કરેલુ છે.

(૬) **લેતુન્ઝેર કૌમમ મા ઉન્ઝેર આબાઓહુમ ફહુમ ગાફેલુંન.** - એટલા માટે કે આપ લોકોને ડરાવો : જેમના બાપદાદા (કોઈ પેગંબર દ્વારા) ડરાવવામાં નથી આવ્યા તેઓ દીનથી બેખબર છે.

(૭) **લકદ હક્કલ કૌલો અલા અકષરેહિમ ફહુમ લાયુઅ્મેનૂન.** - અને તેઓમાંથી ઘણાં ખરા ઉપર (અઝાબની વાતો ) બિલકુલ પુરી ઊતરી જાય છે. તેઓ તો ઈમાન લાવશે નહિ.

(૮) **ઈન્ના જઅલના ફિઆઅ્નાકેહિમ અગલાનન ફહેય એલલ અઝકાને ફહુમ મૂકમહુન.** - અમે

તેઓની ગરદનોમાં ભારે તોક નાખી દીધા છે. જે તેઓની હડપચી સુધી પહોંચેલા છે. તેથી તેમની ગરદનો ઊઠી રહી છે. (માથું ઝુકાવી નથી શકતા)

(૯) **વજઅલ્ના મિમબયને અયદીહિમ સદ્દંવ વ મિન ખલફેહીમ સદ્દન ફઅગશયનાહુમ ફહુમ લાયુબસેરૂન.** - અમે તેમની આગળ એક દિવાલ બનાવી દીધી છે અને એક દિવાલ તેમની પાછળ. પછી ઉપરથી પણ તેમને ઢાંકી દીધા છે. તેના કારણે કંઈપણ જોઈ નથી શકતા.

વિચારો કે ચાલીસ જેટલા યોદ્ધા પ્રકારના શશક્ત યુવાનો મક્કાના દરેક કબીલામાંથી આવ્યા હતા. તેઓના હાથોમાં શસ્ત્રો હતા. પેગંબરે ઈસ્લામના ઘરને ઘેરાવ કરીને ઊભા હતા. ઘરમાં અલી હતા જેઓ રસૂલના બિસ્તર ઉપર રસૂલ

બનીને, રસૂલની ચાદર ઓઢીને, રસૂલ જ છે એમ આ લોકોને ગફલતમાં નાખીને સૂઈ ગયા હતા. પેગંબરે ઈસ્લામ સૂરએ યાસીનની નવ આયાતો પઢ્યા, આ ઝાલીમો ઉપર મુઠ્ઠી ખાક વીંઝી દઈ અને બહાર નીકળી ગયા. અલ્લાહે આ ઝાલીમોને આંધળા કરી દીધા.

સવાર થવા આવી. આ લોકોએ જોયું કે હજી મોહંમદ કેમ બહાર આવતા નથી. આપ (સલ.)ના ઘરનો દરવાજો તોડી નાખ્યો. ખુલ્લી તલવારો સાથે અંદર દાખલ થઈ ગયા. આ અવાજ સાંભળી હઝરત અલી (અલ.) બિસ્તર ઉપરથી ઊભા થઈ તેમની સામે ગયા. પેલાઓએ પુછયું : મોહંમદ ક્યાં છે ? ફરમાવ્યું : શું તમે તેમને મને

સોંપી ગયા હતા ? કે મને પુછો છો. ખુદા જ બહેતર જાણે છે. તેઓ જ્યાં છે ત્યાં ખુદાની પનાહમાં છે.

કિતાબ હયાતુલ કોલૂબ અને શરહ ઈબ્ને અબીલ હદીદ બંનેના કર્તા લખે છે કે હઝરત અલી (અલી.) ના હાથમાં પણ ખુલ્લી તલવાર હતી. આપ પણ તૂટતા દરવાજા તરફ દુશ્મનોની સામી છાતીએ આગળ વધ્યા હતા. હઝરત અલીનો જવાબ સાંભળી આ લોકો હેબતાઈ ગયા. વળી મોહંમદ (સલ.) ઘરમાં ન મળતાં ગુસ્સાથી લાલપીળા થઈ ગયા. છેવટે ઘરમાંથી બહાર નીકળી ગયા. (તારીખે તબરી, તારીખે ખમીસમાંથી)

**(3) હઝરત અલી (અલ.)ની તે પ્રથમ સેવા જે મલાએકાએ (ફરીશ્તાઓએ) અદા ફરમાવી.**

રોઝતુલ અહબાબ, હબીબુસ્સૈર, અને મદારેજુન્નુબુવ્વતમાં છે કે જે રાતે હઝરત અલી (અલ. ) રસૂલની પથારીમાં સૂઈ ગયા, તે રાતે ખુદાએ હઝરત જિબ્રઈલ (અલ.) અને હઝરત મિકાઈલ (અલ.) ઉપર વહી નાઝિલ કરી કે મેં તમારા બંન્નેમાં ભાઈચારો બાંધેલો છે. તમારામાંથી એકની ઉંમર બીજાની ઉંમરથી વધારે કરી છે. તમારા બંન્નેમાંથી કોણ છે જે પોતાની જાનને બીજા ઉપર નિસાર કરી દે, બીજા ઉપર કુરબાન કરી દે. બંનેએ કહ્યું : કે તે એમ કરી શકતા નથી. બંનેને પોતાનો જીવ વહાલો છે.

**અલ્લાહતઆલાએ ફરમાવ્યું** : તમે અલી બિન અબી તાલિબની જેમ કેમ નથી બની શકતા. ફરમાવ્યું : કે મેં મોહંમદ અને અલીમાં ભાઈચારો

કાયમ કર્યો છે. અલીએ પોતાની જાનને મોહંમદની જાન ઉપર ફીદા કરી દીધી. મોહંમદની જિંદગીને પોતાની જિંદગી ઉપર મહત્ત્વ આપ્યું. જમીન ઉપર જાઓ અને તેમને દુશ્મનના દંગા - ફસાદથી બચાવો. પછી જિબ્રઈલ હઝરત અલી (અલ.) ના માથા ઉપર અને મિકાઈલ પગ તરફ આવીને બેસી ગયા. જિબ્રઈલે કહ્યું : અય અલી ! મુબારક થાય કે ખુદાવંદે આલમ તમારો અમલ જોઈને મલાએકા ઉપર ગર્વ કરે છે. તમારા આ અમલના કારણે અમને નાઝિલ ફરમાવ્યા છે. સાથે આ આયત તમારી આ કુરબાનીની તારીફમાં નાઝિલ ફરમાવી છે.

**વમેનન્નાસે મંય યશરી નફસહુબ્તેગાઅ મરઝાતીલ્લાહે**

(સૂરએ બકરહ આયત નં. ૨૦૭)

**અર્થાત** :- કેટલાક લોકો એવા પણ છે કે ખુદાની ખુશનુદી ખરીદવા માટે પોતાના નફસને વેચી નાખે છે. આ ઘટનાથી હઝરત અલી (અલ.)ના નીચેના ફઝાએલ જાહેર થાય છે.

(૧) રસુલુલ્લાહ (સલ.)ના રાઝદાર (વિશ્વાસુ) હોવું

(૨) રસુલુલ્લાહ (સલ.)ના ખાસ ભરોસાપાત્ર સરદાર હોવું

(૩) રસુલુલ્લાહ (સલ.)ની ઉપર પોતાની જાન કુરબાન કરવા માટે તૈયાર થઈ જનાર

(૪) અજોડ બહાદુર હોવું કે લોહીના તરસ્યા દુશ્મનોની પણ પરવા ન કરવી.

(૫) રસુલુલ્લાહ (સલ.)ના પ્રતીનિધિ તરીકેની ફરજોને અદા ફરમાવવું.

(૬) હઝરત હલી (અલ.)ની જાનિસારી (જાન કુરબાન) ઉપર અલ્લાહનું તારીફ કરવું

(૭) આ અલી (અલ.)ની પ્રથમ ખિદમત હતી જે મલાએકાએ અદા ફરમાવી.

(૮) નફસે અલી (અલ.)નું આ માટે યોગ્ય હોવું કે મરજીએ ખુદા ખરીદી લે.

(૯) મરજીએ ઈલાહીનું જાનના બદલામાં અલીની મરજી બની જવું.

(૧૦) આ વિચારથી જરા પણ ભયભીત ન થવું કે આપ (સલ.)ના મક્કા છોડી ગયા પછી ફક્ત પોતે એકલા જ રહી ગયા છે. અને આ ભૂમિ ઉપર હવે પછી કોઈપણ મારો હિમાયતી નથી. આ બધી વાતો કંઈ મામૂલી વાતો નથી. બલકે અલ્લાહના તકર્રુબની (નજદીકી) સ્પષ્ટ દલીલો છે. આ કમાલે

નફસે બશરીનો ઉચ્ચોચ્ચ નમુનો છે. આ રસુલુલ્લાહ (સલ.)ના નુબુવ્વતના દાવાની તસ્દીક - કબુલાત પણ છે. આ બહાદુરી, હિંમત, અને મહબ્બતે રસૂલે મકબુલ (સલ.)ના ઉચ્ચોચ્ચ કાર્યો પણ છે. આ વાતોનું ઉદાહરણ ઈતિહાસમાં મળવું મુશ્કેલ છે. હિજરતની તે મુબારક રાત હતી જે રાતમાં અલીનો નફસ નફસુલ્લાહ કહેવાયો, સાથે સાથે ખુદાની મરજી મરજીએ અલી કહેવાઈ.

**(૪) રસુલુલ્લાહ (સલ.)નું ગારેસોર તરફ પ્રયાણ**

કેવી ભયાનક હશે તે રાત, જ્યારે ખુદાના રસૂલ પોતાના બાપ-દાદાના વતનને છોડીને કોઈ મદદગાર કે સાથીદાર વગર, અનેક પરેશાનીઓ સાથે, પોતાના ઘરની સ્ત્રીઓને ઝાલીમોની વચ્ચે અલી (અલ.) ને સોંપી રાતના અંધકારમાં ઘેરથી

નીકળે છે. કદમે કદમે દુશ્મનોના હુમલાનો ભય સતાવતો હશે. પેગંબરે ઈસ્લામને વહીના દ્વારા પોતાની હિજરતની ખબર આપી દેવામાં આવી હતી. આ માટે બે કાર્યો બધાથી પ્રથમ કરવાના હતાં. એક એવો રેહબર રસ્તાઓનો જાણકાર જે આફિયત સાથે મદીના સુધી પહોંચાડી આપે. બીજી એક સારી મજબુત સવારીની વ્યવસ્થા જરૂરી હતી.

**(૫) હિજરત કરવા માટે શું શું વ્યવસ્થા કરવામાં આવી.**

રેહબર અને રસ્તાના જાણકાર માટે અબ્દુલ્લાહ બિન અરીકતની પસંદગી કરવામાં આવી. આ વ્યક્તિ આપ (સલ. )ને સૌથી વધારે યોગ્ય લાગ્યો. હયાતુલ કોલુબમાં છે કે આ વ્યક્તિ ગારે સોરમાં, કબૂતર, ઝાડ અને જાળાં (કરોળિયા)

વગેરે મોઅજિઝાત જોઈને મુસલમાન થઈ ગયો હતો. આ વ્યક્તિ સફર દરમ્યાન ઘણો જ વિશ્વાસુ અને પ્રમાણિક સાબિત થયો.

મુસલમાનોની પ્રચલિત રિવાયત અનુસાર પેગંબરે ઈસ્લામે બે ઊંટો અબુબકર પાસેથી અઢારસો દિરહમમાં ખરીદ્યા હતા. આ બે ઊંટો અબુબકરે ચાર માસ અગાઉ ચારસો દિરહમમાં ખરીદ્યા હતા. તેના ઉપર તેમણે દરેક ઊંટ પર સાતસો નફો લગાવી અઢારસો દિરહમમાં પેગંબર (સલ.)ને વેચાતાં આપ્યા હતા.

[એક વાત તો ચોક્કસ અને ઘણી વિશ્વાસપાત્ર છે કે આપ (સલ.)એ અબુબકરને પોતાની હિજરત અંગે કદીય જાણ કરી ન હતી. ઊંટોની ખરીદી તો તે સમયમાં જેમ અત્યારે આપણે

સ્કુટરો અને મોટરોનું ખરીદવેચાણ કરીએ છીએ કારણ કે અત્યારે આપણી સવારીઓ આ જ મશીનો છે. તે જ રીતે તે સમયમાં રેતાળ રસ્તાઓની સવારી માટે ઊંટ એજ એક વિકલ્પ હતો. તેની ખરીદી, અદલા બદલી, લે-વેચ સમાજમાં ચાલુ જ રહેતી હતી. એ જ રીતે રસૂલે ઈસ્લામે ઊંટોની ખરીદી કરી હતી. ખોટી ખરી રિવાયતો તો તે સમયના રાજકારણની પેદાવાર છે.]

મુરવ્વજુઝઝહબ અને હયાતુલકોલુબના વર્ણાનુસાર અબ્દુલ્લાહ બિન અરીકતની સાથે ભોમિયા તરીકેની મજૂરી વગેરે હઝરત અલી(અલ.)એ નક્કી કરી હતી. વળી આ પણ નક્કી કરવામાં આવ્યું હતું કે ત્રણ દિવસ પછી આપ(સલ.)ને મદીના લઈ જાય. સવારીની

વ્યવસ્થા કરવું પણ હઝરત અલી(અલ.)ની ઝિમ્મેદારીમાં હતું. ખાવા-પીવાની ચીજોની વ્યવસ્થા પણ હઝરત અલી (અલ.) કરી રહ્યા હતા.

હઝરત અલી (અલ.)ની ઝિમ્મેદારીમાં મક્કાવાસીઓની અમાનતો જે પેગમ્બરે ઈસ્લામની પાસે હતી તે તેમના માલીકોને પહોંચાડવાની હતી. જેથી આપ ત્રણ દિવસ મક્કામાં રોકાયા. બધા જ લોકોની અમાનતો તેઓને રૂબરૂ મળી પહોંચાડી દીધી. આ કોઈ મઅમૂલી ખિદમત ન હતી, જાનને જોખમમાં નાખવાનું કામ હતું. એવી પરિસ્થિતિમાં કે મક્કાનો ખૂણેખૂણો પેગંબરે ઈસ્લામ અને હઝરત અલીના ખૂનનો તરસ્યો હતો. આ વાત જાહેર થઈ ગયા પછી કે પેગંબરે ઈસ્લામ મક્કા છોડી ગયા છે. આપને કતલ કરી નાખવાના ઝાલિમોના હાથ હેઠા

પડ્યા છે. ધૂંવાપૂંવા થયેલા આ મુશરીકો આપ (સલ.)ને મક્કાની ચારે દિશામાં સીમ-ખેતરો-જંગલો-વાડીઓ-પહાડીઓ વગેરેમાં ખુંદી રહ્યા છે. આવી કપરી પરિસ્થિતિમાં હઝરત અલી (અલ.) પેગંબરે ઈસ્લામના પ્રતિનિધિ તરીકે મક્કાની ગલીકુંચીઓમાં મહોલ્લે મહોલ્લે ફરી લોકોની અમાનતો પહોંચાડે છે. આ રીતે મક્કામાં ફરવું ખુદાની મદદ અને મોઅજિઝા વગર શક્ય નથી. આને શું કહેશો ? હઝરત અલી (અલ.)ની આ હિંમતને સોનાના પાણી વડે લખવા જેવી છે, અલી સિવાય બીજા અન્યથી તો આ કાર્ય અંજામ આપી શકાય એમ જ ન હતું.

મુશકેરીનને જે અદાવત પૈગંબરે ઈસ્લામ (સલ.)ની સાથે હતી તેનાથી ઓછી અદાવત અલી

(અલ.)થી ન હતી. કારણ કે હઝરત અલી રાત ને દિવસ પેગંબરે ઈસ્લામની સાથે રહેતા હતા. બીજી વાત અલીએ આ ૧૩ વર્ષની મક્કી જિંદગીમાં રસુલુલ્લાહ (સલ.)ની સાથે ઈસ્લામના દુશ્મનોથી ટક્કર લીધી હતી. આપ કિશોરાવસ્થાની ઉમરથી જ પેગંબરે ઈસ્લામનું રક્ષણ કરતાં આવ્યા હતા. કોઈને માર્યો તો કોઈને પછાડ્યો હતો. આપની હાજરીમાં જેણે જેણે પણ હુમલો કર્યો હતો, આપે તેમના જડબા તોડી નાખ્યા હતાં. દઅવતે ઝુલઅશીરામાં ઈસ્લામના અવ્વલ સમયથી પેગંબરે ઈસ્લામે જાહેર એલાન દ્વારા અલીને પોતાના જાનશીન બનાવ્યા હતા. આવી ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ દુશ્મનોથી ન ડરવું એ શેરેખુદાનું કામ હતું.

અવ્વલ તો અમાનતોનું મક્કાના મહોલ્લે મહોલ્લે ફરી એક એક ગલીમાં રહેતાં દુશ્મન લોકો વચ્ચે થઈને પહોંચાડવું જ મહાન કાર્ય હતું. વળી ત્યાર બાદ મક્કા રવાના થવાનું, સાથે સ્ત્રીઓ, ઊંટો પણ વધારે ન હતાં. ફક્ત એક જ ઊંટ હતો. તેમાં વળી દુશ્મનોના પીછો કરવાનો ભય, હજાર મુસીબતો સામે હતી. આ બધી મુસીબતો ઝીલીને કુબાની વસ્તી સુધી પહોંચી ગયા. આ મજબુત છાતીવાળાનું જ કામ છે. શેરેખુદાનું જ કામ છે. આ સફર રાતે જ કરવાનો હતો. દિવસના સમયમાં દુશ્મનોના હુમલાના ભયથી છુપાઈ રહેતા હતા. આ પરિસ્થિતિમાં છુપા મકાનોની શોધમાં રસ્તો પણ ફેરવાઈ ગયો હતો. સહી રસ્તો ગુમ થઈ ગયો હતો.

હવે આપણે રસુલુલ્લાહ (સલ.)ની હિજરતના વર્ણન તરફ પાછા ફરીએ છીએ. આપ(સલ.) પોતાના ઘરમાંથી નીકળીને લપાતા છુપાતા ગારે સોરની તરફ તશરીફ લઈ ગયા પછી અબુબકર હઝરત અલી (અલ.) ને મળ્યા અને પુછ્યું : રસુલુલ્લાહ ક્યાં છે ? ફરમાવ્યું : રસુલુલ્લાહ ગારની તરફ ગયા છે. જો કોઈ જરૂરત હોય તો ત્યાં જઈને મળો. અબુબકર દોડતાં ગયા અને રસ્તામાં રસુલુલ્લાહ(સલ.)ને મળ્યા. જ્યારે નજીક પહોચ્યા, રાતના અંધારામાં રસૂલે કોઈનો અવાજ સાંભળ્યો, સમજ્યા કે મુશરીકોમાંથી કોઈ આવી રહ્યું છે. આ શંકામાં આપ જલદી જલદી ચાલવા લાગ્યા. અહીં સુધી કે મોજડી મુબારકના સાંધાઓ તૂટી ગયા. વળી એક પથ્થરની ઠોકર લાગવાથી પગનો અંગુઠો


amillibrary.com

ઝખ્મી થઈ ગયો. તેમાંથી ઘણું જ વધારે ખૂન વહેવા લાગ્યું. આપ (સલ.) તેજ ગતિથી દોડતા હતા. હઝરત અબુબકરે ઉંચા અવાજથી જણાવ્યું : યા રસુલુલ્લાહ ! હું છું, હું છું, અબુબકરની અવાજ પહોંચી કે તરત જ આપ (સલ.) ઊભા રહી ગયા. પછી બંને સાથે સાથે ચાલ્યા.

ઈઝાલતુલ ખફામાં ઈબ્ને અબ્બાસથી રિવાયત છે કે અલીએ જાન વેચીને રસુલુલ્લાહનું કપડું (ચાદર) ઓઢી લીધું હતું. અને આપ (સલ.) ની પથારી ઉપર સૂઈ ગયા. મુશરીકો અલીને રસૂલ સમજીને કાંકરીઓ ફેંકતા રહ્યા. એટલામાં અબુબકર આવી ગયા. એમ સમજીને કે રસુલુલ્લાહ (સલ.) સૂઈ રહ્યા છે. કહ્યું : યા રસુલુલ્લાહ ! અલીએ ચાદર હટાવી મોં ખોલ્યું. કહ્યું : પૈગંબર મયમૂનના કુવા

તરફ ગયા છે. જો ચાહો તો ત્યાં જઈને મળો. અબુબકર ચાલતા થયા. જો આ રિવાયતને સાચી માની લેવામાં આવે તો આ ઘટના અગાઉ કાફિરો દરવાજો તોડીને અંદર દાખલ થયા હોય, રસુલને ન જોતાં નિરાશા અને ગુસ્સામાં ધુંવા-પુંવા થઈને બહાર નીકળી ગયા હોય, ત્યાર બાદ અબુબકર આવ્યા હોય અને અલી (અલ.)ની સાથે ઉપરોક્ત વાતચીત થઈ હોય. જો કે અબુબકરનું રસુલુલ્લાહના ઘરે આવીને અલીને પુછવું આ રિવાયત અમારી દ્રષ્ટિએ સાચી નથી.

**(૬) હઝરત અલી બિન અબીતાલિબ (અલ.)ના કતલની જગ્યા ફૂલોની પથારી બની ગઈ.**

અલ્લામાં શેખ અસફહાનીએ ફઝાઈલે મુરતઝામાં લખ્યું છે કે, રૂહાની ફઝાએલમાં તો

હઝરત અલી રસુલુલ્લાહ જેવા જ હતા. માસુમ ઈમામ, મનસુસ મિનલ્લાહ-અલ્લાહ તરફથી નિયુક્તિ પામેલ - જેમને રસુલુલ્લાહે પોતાનો નફસ કહ્યો. આયતે મુબાહેલામાં અલ્લાહે રસૂલને હુકમ આપ્યો હતો. આપ આપની સાથે આપના નફસને, આપની સંતાનોને અને આપની સ્ત્રીઓને લઈ લો, આપ (સલ.) એ નફસની જગ્યાએ અલીને લીધા. સંતાનોની જગ્યાએ હસનૈનને લીધા અને ઓરતોની જગ્યાએ જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાને લીધા. આયતે મુબાહેલા આ વાતની તશદીક માટે - સત્યતા માટે પુરતી છે. શીયા - સુન્ની બધા જ મુફસ્સીરોએ કોઈપણ જાતના ઈખ્તેલાફ વગર આ વાતનું વર્ણન કર્યું છે.

શારીરિક સરખાપણું પણ જનાબે અલી(અલ.) માં એટલું બધું હતું કે શબે હિજરત જ્યારે અલી રસુલુલ્લાહના હુકમને માન આપી રસુલના બિસ્તરા ઉપર સૂઈ ગયા તો દુશ્મનો આખી રાત આપને રસૂલ જ સમજતા રહ્યા. અહીં સુધી કે આ ભૂલમાં રહ્યા કે અલીને રસૂલ સમજતા રહ્યા. લંબાઈ, ઊંચાઈ એક સરખી, બોડી વગેરેમાં સંપુર્ણ સરખાપણાને કારણે બધા જ છેતરાયા. કોઈએ હઝરત અલીને પુછયું : આપ તમામ રાત ખુદાની ઈબાદત કરતા રહો છો. જેથી પુરી ઊંઘ તો આપને કોઈપણ રાતે નસીબ ન થઈ હશે. મૌલાએ કાએનાતે ફરમાવ્યું : પુરી રાત જો હું સંતોષપૂર્ણ નચિંત બનીને સૂતો હોય તો તે હિજરતની રાતે. શું વાત છે. મૌલાએ કાએનાતની બહાદુરીની કે જે રાત

સૌથી વધારે ખોફનાક - ભયભીત કરનારી હતી તે જ રાત સૌથી વધારે સંતોષ અને ઈતમીનાનની રાત બની ગઈ. શાયદ એનું કારણ આ પણ હોય કે મેં મારો નફસ વેચી નાખ્યો તો હવે જેનો માલ છે - અલ્લાહનો - તે જરૂરથી મારી હિફાજત કરશે.

સીરતે મોહમ્મદીયા અને હયાતુલકોલુબમાં છે કે આપ (સલ.) અવ્વલ રાતના પોતાના ઘેરથી નીકળીને ઉમ્મે હાનીના ઘેર ગયા, ત્યાંથી પછી ગારે સોરની તરફ રવાના થઈ ગયા.

અન્ય સીરતની કિતાબોમાં છે કે કોઈએ અલીને પુછયું : કે આપને ઊંઘ કેવી રીતે આવી ? જ્યારે કે ચાલીસ જેટલા નવયુવાનો મકાનને ઘેરો ઘાલી ઊભા હતા. આપે જવાબ આપ્યો. રસુલુલ્લાહે મને ફરમાવ્યું હતું કે અય અલી ! મક્કાવાસીઓની

આ અમાનતો તમારે તેમને પહોંચાડવાની છે. તે પહોંચાડી ત્રણ દિવસની અંદર તમારે અહીંથી નીકળીને મદીના આવવાનું છે. ત્યાં આપણે ભેગા થઈશું. બસ મને રસુલુલ્લાહના આ કથન ઉપર સંપૂર્ણ વિશ્વાસ હતો કે આ લોહીપ્યાસા મુશરીકો મને કંઈ પણ નુકશાન પહોંચાડી શકશે નહિ. મારો વાળ પણ વાંકો થઈ શકશે નહિ જ્યાં સુધી અમાનતો તેના માલીકોને ન સોંપી દેવાય અને હું રસુલુલ્લાહની ભેગો ન થઈ જાઉં. ઈમાન તો તેનું જ નામ છે કે રસુલુલ્લાહની વાતને સત્યવચન માને.

**(૭) મદીનાની હિજરત અને અબુબકર**

જે સમયગાળામાં આ ઈતિહાસ લખાયો તે સમયગાળો કલમની આઝાદીનો ન હતો. ઈલ્મનો વેપાર થતો હતો. જેથી ઈતિહાસમાં સત્ય અને

અસત્ય અનેક પ્રકારની રિવાયતોનું મિશ્રણ જોવા મળશે. રસુલુલ્લાહ (સલ.) એ હિજરત માટે અબુબકરને ન સાથે લીધા કે ન જાણ કરી કે હું આ રાતે જાઉં છું. પરંતુ અબુબકર જાતે જ પોતાની બુદ્ધિશક્તિનો ઉપયોગ કરી રસુલુલ્લાહની પાછળ ગારે સોર તરફ ચાલી નીકળ્યા અને આપથી રસ્તામાં મુલાકાત કરી.

અક્કલની દ્રષ્ટિએ પણ આ રિવાયત સાચી નથી. જ્યારે કે મુશરીકો રસૂલના ઘરને ઘેરીને તેમને કતલ કરી નાખવા માટે બેઠા હતા તો અબુબકરને અંદર કેવી રીતે જવા દીધા ? દરવાજો કોણે ખોલ્યો ? અલીના સિવાય અન્ય કોઈ પુરૂષ તો રસૂલના ઘરમાં હતા જ નહિ. વળી અલી તો સૂઈ રહ્યા હતા. જો દરવાજો ખોલ્યો તો અબુબકરની

સાથે મુશરીકો કેમ ઘરમાં ઘુસી ન ગયા ? વળી તેમણે અબુબકરને પાછા કેમ જવા દીધા. આ બધી રિવાયતો અબુબકરનો દરજ્જો વધારવા માટે તે સમયના ઈતિહાસની પેદાવાર છે.

સિરતે મોહમ્મદીયા અને હયાતુલ કોલુબના કર્તાની રિવાયત બરાબર છે કે રસુલુલ્લાહ (સલ. ) અવ્વલ શબમાં પોતાના ઘેરથી નીકળીને ઉમ્મે હાનીના ઘરે ગયા. વળી ઉમ્મે હાનીના ઘરની તરફથી જ (તે છેડે થી જ) ગારે સોરનો રસ્તો પડતો હોઈ, ગાર તરફ રવાના થઈ ગયા. અબુબકર તો પેગંબર (સલ.)ને રસ્તામાં કોઈ જગ્યાએ ભેગા થઈ ગયા.

ઈતિહાસકાર ઈબ્ને ખલદુન અને રોઝતુલ અહબાબના કર્તાએ એક રિવાયત લખી છે. જેમાં

આયશા અને અસમા અબુબકરની બંને છોકરીઓ કહે છે કે હઝરત રસૂલે ખુદા મારા ઘેર આવ્યા હતા. ત્યાંથી અબુબકરને સાથે લઈને ગારની તરફ ગયા. અબુબકરે છ હજારના દિરહમના સિક્કા પણ પોતાની સાથે લઈ લીધા. ઘેરથી નીકળતા પહેલાં અસમા બિન્તે અબુબકરે રસુલેખુદાનું ખાવાનું દસ્તરખાન લટકાવવા માટે કોઈ વસ્તુ ન મળતા પોતાનો કમરબંદ ફાડીને તેના બે ટુકડા કરી એક ટુકડો કમરબંદ રાખ્યો અને બીજા ટુકડા વડે દસ્તરખાન બાંધ્યું. તેથી અસમાનું નામ ઝુન્નતાકૈન (બે રિબનવાળી) પ્રખ્યાત થઈ ગયું.

વિશ્વાસપાત્ર રિવાયતો દ્વારા હઝરત રસૂલે ખુદાનું અબુબકરના ઘેર જવું અને ત્યાંથી એમને સાથે લેવું સાબિત નથી. વળી અક્કલની દ્રષ્ટિએ

પણ રિવાયતનો આ ભાગ સમજાતો નથી કે આ નાજુક સમયે છ હજાર દિરહમ સાથે લીધા. ખતરો અને ભયના સમયે કોઈ આવું વજન સાથે લે ખરૂં ? ચાલીસ દિરહમનો એક શેર(૫૦૦ ગ્રામ) માની લઈએ તો ૭૫ કિલોગ્રામ વજન થાય. અબુબકર પાતળા અને કમજોર માણસ હતા. આટલું બધું વજન લઈને પોતે કેવી રીતે ચાલતા હશે ? ગલત રિવાયતો ઘડતા આ લોકોની અક્કલ મારી જાય છે વળી ગારે સોર મક્કાની દક્ષિણમાં આવેલી છે. લગભગ ચારેક કિલોમીટર જેટલી દૂર છે. મક્કાથી ગારે સોર સુધી રસૂલના પગના નિશાન ન પડે તે માટે અબુબકર રસૂલને ખભે ઊંચકી ચાલ્યા. સાથે ૭૦/૭૫ કિલોગ્રામ વજનના દિરહમ અને મજબુત બાંધાના તંદુરસ્ત નબી-વાહ અબુબકરની શક્તિનો

પાર જ નહિ. મુસલમાનોનું અબુબકર પ્રત્યેનું સારું ગુમાન તેમને જુઠ્ઠી રિવાયતો ઘડવા પ્રેરે છે. અબુબકર ગારમાં પ્રથમ દાખલ થયા. તેને બરાબર સાફ કરી તેમાં કાણા (સુરાખો) પુરી દીધા. જેથી ઝેરી જાનવર કરડી ન જાય. છતાંય એક સુરાખ બાકી રહી જતાં અબુબકરે તેના ઉપર પોતાનો પગ મૂકી દીધો. આપને વીંછી યા સાપે દંખ માર્યો. રસુલુલ્લાહ (સલ.)ને ખબર પડતા, આપ (સલ.)એ પોતાના લોઆબે દહન (થુંક) ડંખ ઉપર લગાવી દેતાં અબુબકર સારા થઈ ગયા. આ રિવાયત પણ અક્કલની કસોટી ઉપર સાચી ઊતરી નથી.

(૧) અબુબકર તો મોટા સહાબી ગણાય છે. તેમણે રસુલુલ્લાહના મોઅજેઝાત તો જોયા જ હશે. આ વાત એમની સમજમાં કેમ ન આવી કે ખુદાએ

પોતાના રસૂલને મુશરેકીનના ઝુલમથી બચાવ્યા છે. તે ખુદા સાપોને પોતાના હબીબ ઉપર કેવી રીતે ગાલિબ કરે ! સાપોથી કેમ ન બચાવે. રિસાલત ઉપર ઈમાન લાવ્યા પછી તો આમ વિચારવું પણ ગલત છે.

(૨) જો સાપના કાણા પુરવાનું કાર્ય અબુબકરે પોતાના રક્ષણ માટે કર્યું હતું તો પણ બિનજરૂરી હતું. પેગંબરે ઈસ્લામની હાજરીમાં સાપની શું તાકાત છે કે તમને ડંખ મારી શકે.

(૩) રાતના ઘોર અંધકારમાં સુરાખ (સાપોના ઘર) અબુબકરને કેવી રીતે દેખાયાં હશે ? તે પણ ગુફાની અંદર.

(૪) જ્યારે અબુબકર કપડા ફાડતા હતા તો તેના અવાજથી રસુલ કેમ જાગી ન ગયા ? બાજુમાં તો

હતા. આ ગુફા કોઈ લાંબી કે મોટી તો હતી નહિ. ઘણી મુશ્કેલીથી ફક્ત બે જ માણસો બેસી શકે એટલી હતી.

(૫) પોતાના પહેરવાના જરૂરી કપડા ફાડવાની ક્રિયા સહાબીએ રસુલ માટે કંઈક નવાઈ ભરેલી લાગે છે.

(૬) ઘણો ચિત્ર વિચિત્ર અને જુઠ-ફરેબથી ભરપુર મુસલમાનોનો ઈતિહાસ છે. તેમાં મુનાફિકોને મોહસીન બનાવવાની, જાહિલને આલિમ બનાવવાની, રિવાયતો ઘડતાં આવી પરિસ્થિતિ ઊભી થાય છે. અબુબકર જાણતા હતા કે સફર ઘણો જ લાંબો છે. પોતે સાથે કપડાની કોઈ બેગ પણ નહીં લીધી હોય ! જેથી પહેરેલા કપડા ફાડવા ન પડત.

(૭) રસુલુલ્લાહની પાછળ આપની શોધમાં નીકળેલા દુશ્મનો મુસલમાનોની રિવાયતો અનુસાર કદમના નિશાન જોતાં જોતાં જ ગાર સુધી આવી ગયા. જેવી રીતે કે રોઝતુલઅહબાબ અને તારીખે ખમીસના કર્તા લખે છે. મુસલમાનોનો ઈતિહાસ તો કહે છે કે અબુબકરે રસૂલને પોતાના ખભે ઉપાડી લીધા અને પોતે અંગુઠાના બળ પર ચાલ્યા તો પછી આ પગના નિશાન જોઈને ગુફા સુધી દુશ્મનોનું આવવું, પગના નિશાન ક્યાંથી આવ્યા ? એક જ લખાણમાં બે વાતનો વિરોધાભાસ બતાવે છે કે પોતાના પ્રિય પાત્રની ઈઝ્ઝત વધારવા જુઠાણા ફેલાવવામાં આવે છે. રસુલુલ્લાહને ખભે ઊચકી લેવાની વાત હાસ્યાસ્પદ છે. જુઠી છે. રસુલુલ્લાહ એટલા મજબુત હતા કે અબુબકરને ઊંચકી લે.

રિવાયતો ઘડનાર મુર્ખ છે. છ હજાર દિરહમ સાથે લીઘેલા તે ધાતુનો ભાર તો અબુબકર પાસે હતો. આ બધી જ વાતો ટાઢા પોરના ગપ્પાં છે.

(૮) પીછો કરનારાઓનો અવાજ સાંભળીને અબુબકરને ગભરાટ છૂટી ગયો. આ લોકો ગુફામાં ઘુસી ગયા તો ? આપણું શું થશે ? અબુબકર ભયથી ધ્રુજતા હતા, રડતા હતા. રસુલે ખુદા (સલ.)એ ફરમાવ્યું : રડો નહિ, ખુદા આપણી સાથે છે. સાથી તો મજબુત હોવો જોઈએ, હિંમત આપે એવો હોવો જોઈએ. બુઝદીલ ન હોવો જોઈએ, આ સાથી તો બુઝદીલી બતાવે છે. જેનું વર્ણન કુઆર્ને કર્યું છે.

રોઝતુલ અહબાબ અને સીરતે મોહમ્મદદીયાના કર્તા અબુબકરની બુઝદીલી

છુપાવવા લખે છે કે અબુબકરને સાપ કરડેલો તેથી રડતા હતા. તકલીફ થતી હતી. એ જ લોકોએ આ નોંધ કરલી છે કે રસુલે ખુદાએ પોતાનું થુંક મુબારક લગાવી દીધું હતું પછી તકલીફ કેવી. દુ:ખાવો અને ડંખ બંને દુર થઈ ગયું હતું. જ્યારે આ જુઠી રિવાયતોની પોલ બુદ્ધિશાળી લોકો ખોલી નાખે છે ત્યારે આ લોકો બીજા અનેક જુઠ ઘડી કાઢે છે. ઘણાંબધાં ઈતિહાસકારો અને સીરત લખનારાઓએ લખ્યું છે કે અબુબકર પોતાની જાનની બીકથી રડતા ન હતા એમને તો પેગંબરની ચિંતા હતી તેથી રડતા હતા.

**(૮) ગારે સોરથી મદીના તરફ રવાનગી :-**

આપ (સલ.) ત્રણ દિવસ સુધી અબુબકરની સાથે ગારે સોરમાં રહ્યા. પેગંબરે ઈસ્લામના

મકાનનો ઘેરાવ જુમ્આના દિવસે પહેલી રબીઉલ અવ્વલે થયો હતો. બીજી રબીઉલ અવ્વલે આપ (સલ.) ગુફામા પહોંચ્યા. આપ (સલ.) ગુફામાં ચોથી રબીઉલ અવ્વલ સુધી રહ્યા. પીછો કરનારાઓનું જોર તુટી ગયું. થાક્યા તો પાંચમી રબીઉલ અવ્વલના દિવસે ગુફામાંથી રવાના થયા.

અબ્દુલ્લાહ બિન અરીકત હઝરત (સલ.)ના માટે ઊંટ લઈ આવ્યો હતો. જ્યારે આમીર બિન ફહીરહ અબુબકર માટે ઊંટ લાવ્યો હતો. રસુલુલ્લાહના ઊંટની નકીલ પકડી દોરનાર અદીલ બિન અરીકત બન્યો જ્યારે અબુબકરના ઊંટને દોરનાર આમીર બિન ફહીરહ હતો.

સીધો અને પબ્લીક રસ્તો છોડીને આ લોકો તદ્દન અજાણ અને મુશ્કેલીભર્યા રસ્તે બહરે

કુલઝુમના કિનારે રહીને મદીના જવા તૈયાર થયા. પ્રથમ રાતથી બપોર સુધી સફર લગાતાર ચાલુ રહ્યો. મકામે કદીરની જગ્યાએ થોડો આરામ કરીને આગળ ચાલ્યા હતા કે સરાકા બિન માલીક આપ (સલ.)ની શોધમાં ફરતો હતો તે દેખાયો, ત્યાં આવી પહોંચ્યો. કુફફારે મક્કાએ તે વ્યક્તિ માટે ૧૦૦ ઊંટ ઈનામ જાહેર કર્યું હતું કે પેગંબરને જીવતા પકડી લાવે કે આપ (સલ.)ને કતલ કરીને આપનું માથું લાવે. સરાકા આ ૧૦૦ ઊંટના ઈનામની લાલચમાં જ નીકળ્યો હતો.

સરાકાને જોઈને અબુબકર ફરી પાછા રડવા લાગ્યા. આપ (સલ.)એ ફરીથી ધમકાવ્યા કે ડરે નહિ, અલ્લાહ અમારી સાથે છે. પછી સરાકા માટે બદદુઆ ફરમાવી. જેથી એનો ઘોડો જાંગો સુધી

જમીનમાં ઉતરી ગયો. જો કે આ જમીન તો સખત હતી. આ જોઈને તેના પર એવો ભય સવાર થઈ ગયો કે માફી માંગવા લાગ્યો. વળી આ ઈકરાર કર્યો કે હઝરત (સલ.)નો ભેદ કોઈને બતાવશે નહિ. કુદરતનો કરિશ્મો કે તેનો ઘોડો જમીનમાંથી બહાર આવી ગયો. પાછા જઈને કાફીરોને કહી દીધું કે મને મોહંમદની કોઈ જાણકારી મળી નથી. આ સરાકા ફતહે મક્કા પછી મુસલમાન થઈ ગયો હતો.

ઝમખહશરીએ રબીઉલ અબરારમાં લખ્યું છે કે હિન્દ બિન્તે અલહજુનનું વર્ણન છે કે આ જ સફરે હિજરતમાં રસૂલે ખુદા મારા માસી ઉમ્મે મુઈદના તંબુમાં આવ્યા હતા. મારા માસી ઘણાં જ મેહમાનનવાઝ હતાં. પેગંબરે ઈસ્લામની ખૂબ જ સારી રીતે આગતા-સ્વાગતા કરી. જ્યારે

રસુલુલ્લાહ(સલ.) થોડોક આરામ કરીને ઊઠ્યા તો પાણી માંગ્યું. ત્યાં તંબુની બાજુમાં બબુલના ઝાડના થડમાં હાથ ધોયા અને કોગળા કર્યા. તડકો ચઢતાં અમારા આþર્ય વચ્ચે અમે જોયું તો તે ઘણું મોટું ઝાડ બની ગયુ. વળી તેમાં લૂનુલવરસનથી પણ મોટાં ફળો આવી ગયાં છે. ખુશબો અંબર જેવી અને સ્વાદ મધ જેવો. જે કોઈ ખાય એનું પેટ ભરાઈ જાય. તરસ્યો જો આ ફળ ખાય તો તેની પ્યાસ બુઝાઈ જાય. જો કોઈ બીમાર તેનું ફળ ખાઈ લે તો તેની બીમારી ચાલી જતી. જો આ ફળોને કોઈ જાનવર ખાઈ લે તો તેનું દૂધ વધી જાય. અને એનું નામ "શજરએ મુબારક" રાખ્યું હતું. "મુબારક ઝાડ". જેમ જેમ લોકોને જાણ થતી, દૂરદૂરથી બીમારો આવીને તેનું ફળ ખાઈને તંદુરસ્ત થઈ જતા.

લગભગ દસ વર્ષ સુધી આ સિલસિલો ચાલુ રહ્યો. લોકોએ આ દરખ્તથી (ઝાડથી) ખૂબ જ ફાયદો ઉઠાવ્યો. અચાનક એક દિવસ તે ઝાડના પાદડાં ખરી પડવા લાગ્યાં. બધા જ ફળો ખરી પડ્યાં. અમને તો ઘણો જ ગમ થયો. થોડી જ વારમાં અમારા ખૈમાના ગામડાંઓમાં ખબર આવી કે રસુલુલ્લાહ (સલ.)ની વફાત થઈ ગઈ છે.

ત્યાર બાદ પણ ઝાડને નાના પાદડાં આવતાં રહ્યાં. નાના ફળો પાકતા રહ્યાં. પચ્ચીસ વર્ષ સુધી આ સિલસિલો ચાલૂ રહ્યો. પરંતુ અચાનક તે ઝાડ ફરીથી તેવું જ ખીલી ઊઠ્યું જેવું કે પેગંબરે ઈસ્લામના જમાનામાં હતું. અમને જાણ થઈ કે પેગંબરના વારીસ હઝરત અલી (અલ.)ની ખિલાફત શરૂ થઈ ગઈ છે. આપ રસૂલની જગ્યાએ ખલીફા બન્યા છે. આ ઝાડ

લગભગ પાંચ વરસ સુધી એ જ રીતે ફળો આપતું રહ્યું જે રીતે પહેલાં આપતું હતું. લોકો તેનાથી ફાયદો ઊઠાવતાં જ રહ્યા. વળી પાછો એક સમય એવો આવ્યો કે તેના ફળો ખરી પડ્યા, પાદડાં સૂકાઈ ગયાં. અમે આસપાસના ગામડાવાળાઓએ વિચાર્યું કે કોઈ ગમનાક બનાવ જરૂર બન્યો છે. થોડીક વારમાં દોડતાં ઘોડે એક માણસ સમાચાર લઈને આવ્યો કે પેગંબરે ઈસ્લામના વારીસ અમીરૂલ મોઅમેનીનને કોઈ નાલાયકોએ શહીદ કરી નાખ્યા છે. અમારી આસપાસના લોકો સ્ત્રીઓ - બાળકો એકત્ર થઈ ગયાં, સૌ હૈયાફાટ રૂદન કરવા લાગ્યાં. અમારા આર્ષ્ચય વચ્ચે પેલું ઝાડ સદંતર સૂકાઈ ગયું. અમે તેના થડને એમ જ રહેવા દીધું. સૂકા પાદડાં વડે અમે ફાયદો ઉઠાવતા રહ્યા. બધાં જ સૂકા પાદડાં અમે ઉઠાવી લઈ તંબુમાં

એક થેલામાં ભરી લીધાં. કોઈ બીમાર દુરદરાજથી ઉમ્મીદ લઈને આવે તો નિરાશ થઈને પાછા ન જાય, તેથી અમે લોકો બીમારો માટે સૂકું એક એક પત્તું આપતાં રહ્યાં. ઝાડનું થડ પણ સૂકું ઊભેલું રહ્યું. થોડાક દિવસે પછી અમારા આશ્ચર્ય વચ્ચે તે ઝાડમાંથી તાજું લોહી નીકળવા લાગ્યું. કરબલાથી આવતા કાફલાઓએ સમાચાર આપ્યા કે ઈમામ હુસૈન (અલ.)ને તેમના કુટુંબ - કબીલા સાથે ત્રણ દિવસ ભુખ્યા પ્યાસા રાખી શહીદ કરી દેવામાં આવ્યા, અમે લોકો એકત્ર થઈ ગયા. અમોએ હૈયાફાટ રૂદન કર્યું. જોત જોતામાં પેલા ઝાડનું થડ સદંતર સૂકાઈ ગયું. પંજતનની છેલ્લી હસ્તીની શહાદત સાથે આ વૃક્ષ પણ નાશ પામ્યું. (તારીખે ખમીસ, સીરતે હલબીયા, નૂરૂલ અબસાર)

# પ્રકરણ – ૨ : હિજરતની સમગ્ર ઘટના ઉપર એક વિહંગાવલોકન

**(૧) હિજરતની ઘટનાઓ સીરતની કિતાબો અને ઐતિહાસિક સત્યોના પ્રકાશમાં :**

બિરાદરાને એહલે સુન્નતની કિતાબોમાં પેગંબરે ઈસ્લામની હિજરત અંગે કેટલીક એવી વાતો જાણવા મળી છે જે સમજ અને અક્કલની બહાર છે. જેમ કે રસુલુલ્લાહ (સલ.) હિજરતની રાતે પોતાના ઘરેથી નીકળી અબુબકરના ઘરે ગયા. ત્યાં અબુબકરે બે ઊંટણી તૈયાર રાખી હતી. એક પોતાના માટે અને બીજી રસુલુલ્લાહ (સલ.)ના માટે, પછી એક ભૂંજેલી બકરી તૈયાર કરવામાં આવી તે સાથે લઈ અબુબકરની સાથે રસૂલે ખુદાએ


amillibrary.com

હિજરત ફરમાવી. વાકેદીની રિવાયત છે જે ઈતિહાસકાર છે.

આ બધી રિવાયતો માતાજી આયશાથી રિવાયત થયેલી છે. જે સદંતર ગલત છે. તે સાથે બિરાદરાને એહલે સુન્નતની જ કિતાબોની બીજી અન્ય રિવાયતો પણ છે. જેનાથી એહલેબયતે અતહારની રિવાયતોને પુષ્ટિ મળે છે. તેમાં પણ થોડો ઘણો તફાવત તો છે જ. છતાંય અમે આવી એહલેબયતે અતહારની રિવાયતોને પુષ્ટિ આપતી મુસલમાનોની રિવાયતોને રજૂ કરીએ છીએ.

હિજરતની રાતે ન પેગંબરે ઈસ્લામે અબુબકરને પોતાની સાથે લીધા હતા, ન તો સાથે આવવા કહ્યું હતું. પરંતુ અબુબકર પોતાની મરજીથી રસુલુલ્લાહ(સલ.) ના મદીનાની બહાર ગારે સોર

તરફ રવાના થયા પછી સાથે જોડાયા હતા તે પણ પોતાની મરજીથી.

અલ્લામા ઇબ્ને હજર અસકલાની શારેહ સહીહ બુખારી ફતહુલબારી શરહ સહી બુખારીમાં ફરમાવે છે કે :

“ઈબ્ને અબ્બાસની બીજી રિવાયત વધારે યોગ્ય લાગે છે. જેને ઈમામ અહમદ ઈબ્ને હમ્બલ અને ઈમામ હાકિમે ઉમર બિન મયમૂનાથી રિવાયત કરી છે કે રિસાલત મઆબ પેગંબર હિજરતની રાતે ગારે સોર તરફ તશરીફ લઈ ગયા પછી મુશરીકોએ હઝરત અલી (અલ.) ઉપર પથ્થરો, કાંકરીઓ ફેંક્યા હતા. આમ સમજીને કે રસુલુલ્લાહ સૂતેલા છે. એટલામાં અબુબકર આવ્યા, તેમણે જનાબ અલી (અલ.)ને પેગંબર સમજીને કહ્યું : યા રસુલુલ્લાહ !

ત્યારે હઝરત અલી (અલ.) એ ફરમાવ્યું : રસુલુલ્લાહ તો બિરે મયમૂન તરફ તશરીફ લઈ ગયા છે. તમે ત્યાં જઈને મળો. અબુબકર એ તરફ રવાના થયા. પછી હઝરત (સલ.)ની સાથે ગારની ભેગા થઈ ગયા. આ હદીસ તિરમિજી અને નિસાઈમાં પણ છે.

(ફતહુલબારી શરહ સહીહ બુખારીમાંથી)

ઉપરોક્ત હદીસથી માલુમ પડે છે કે હિજરતના છેલ્લા સમય સુધી પેગંબરની કોઈપણ હિલચાલ કે હિજરત અંગેની રજમાત્ર વાત અબુબકરને ખબર ન હતી. ઈમામ અહમદ બિન હમ્બલ અને હાકેમે પણ ઉપરોક્ત ઘટનાનો ઉલ્લેખ કર્યો છે. ઈમામ સિયુતીએ દુર્રે મનસુર ભાગ - ૨,

પેજ નં. ૨૪૦ ઉપર આ જ પ્રમાણે આ ઘટનાનો ઉલ્લેખ કર્યો છે.

ઈબ્ને મરદુયાએ અને અબુનઈમે દલાએલુન્નુબુવ્વતમાં લખ્યું છે કે "આપ(સલ.) હિજરતની રાતે મકાનની બહાર નીકળી ગારે સોરની પાસે પહોંચ્યાં ત્યારે આપ (સલ.)ની પાછળ અબુબકર પણ આવી રહ્યા હતા. રસૂલને જ્યારે કોઈના આવવાની જાણ થઈ તો ભયભીત થયા કે કોઈ દુશ્મન ન હોય, જે પકડવા આવ્યો હોય. અબુબકરે ખોંખારો કર્યો અને અવાજ આપી તો આપ (સલ.)એ આપને ઓળખી લીધા, ઊભા રહી ગયા. પછી બંને ભેગા મળી ત્યાંથી આગળ ચાલતા થયા."

(દલાએલુન્નબુવ્વતમાંથી)

હવે ફતહુલબારી શરહ સહીહ બુખારીની રિવાયત રજૂ કરવાનો અમારો આટલો જ હેતુ છે કે એહલે સુન્નતના સીરત લેખકો અને ઈતિહાસકારો પણ એમ જ લખે છે કે અબુબકરને હિજરત અંગેની રજમાત્ર માહિતી ન હતી. અબુબકર પેગંબરના રાઝદાર કે મશ્વિરા આપનાર વઝીર ન હતા. આ થોડીક સાચી અને થોડીક જુઠી-સત્ય અસત્યનું મિશ્રણ કરેલી રિવાયતો બની અબ્બાસના સમયગાળામાં લખાઈ છે. જ્યારે ઈલ્મનો વેપાર થતો હતો. વાણી અને વિચારો બંનેની આઝાદી ન હતી. બની અબ્બાસ રસૂલે ઈસ્લામની એહલેબયતના એટલાજ દુશ્મનો હતા જેટલા કે બની ઉમય્યા-મઆવીયાની અવલાદ હતી. જેથી જે

કંઈ કિતાબો લખાઈ તેમાં એહલેબયતની દુશ્મની દેખાઈ આવે છે.

ઉપરની ફતહુલબારી શરહ સહીહ બુખારીની રિવાયત જેમાં ખામી આ છે કે :

મુશરીકો રસૂલના મકાનમાં પથ્થરો અને કાંકરીઓ મારતા હતા. એમના માનવા પ્રમાણે રસૂલ બિસ્તરા ઉપર સૂતા હતા. (ખરેખર અલી સૂતા હતા) હવે અબુબકર આવ્યા તો દરવાજો કેવી રીતે ખુલ્યો ? તેનો ઉકેલ નથી. કોણે ખોલ્યો ? તેનો ઉકેલ નથી. આગળ ચાલો, અબુબકરે રસુલુલ્લાહને “યા રસુલુલ્લાહ” કહીને અવાજ આપી. ત્યારે અલીએ જવાબ આપ્યો કે પેગંબર બીરે મયમુન તરફ ગયા છે. તમે જવા ઈચ્છો તો ત્યાં જઈને મળો.

માની લો કે હઝરત અલી (અલ.) એ અબુબકરના કાનમાં આ વાત કહી હોય, કોઈ એમ દલીલ કરે તો અમારો પ્રશ્ન છે કે શું રસુલના લોહીના પ્યાસા ૪૦ જેટલાં જાંબાઝ યોદ્ધાઓ અબુબકરને છોડે ખરા ! તરત જ મારવાનું ચાલુ કરે કે રસૂલ ક્યાં છે, બતાવો. નહીં તો બંનેને મારી નાખીશું. એક ને પણ છોડીશું નહિ. ઘેરાવો કરનાર એટલા મુર્ખાઓ થોડા હતા કે અબુબકરને હઝરત અલી (અલ.) એ શું કહ્યું તે ઓકાવ્યા વગર અબુબકરને જવા દે.

આ રિવાયતો રજુ કરવાનો અમારો મતલબ તો બસ આ જ છે કે ન અબુબકરને રસૂલે પોતાના રાઝદાર - વિશ્વાસુ બનાવ્યા હતા, ન હિજરતની રાતે પોતાની સાથે લીધા હતા, ન

હિજરત માટે અબુબકરની પાસેથી ઊંટો ખરીદીને કે મફત લીધાં હતાં. બલકે આ વાતને સ્પષ્ટ કરવાનો અમારો હેતુ એ છે કે પેગંબરે ઈસ્લામે પોતાની હિજરત અંગે અબુબકરને ગંધ શુદ્ધાં આવવા દીધી નથી. હિજરત અંગેની પરિસ્થિતિ અને ઘટનાઓ રજુ કરતી આ જ પ્રમાણેની બીજી અનેક રિવાયતોથી એહલે સુન્નત બિરાદરીની કિતાબો ભરેલી છે. લંબાણના ભયે અમે ફક્ત બે ત્રણ રિવાયતો જ અત્રે લીધી છે.

**(૨) હિજરતની ઘટનાને અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત આ રીતે વર્ણવે છે.**

**વઈઝ યમકોરો બેકલ્લઝીનઅ કફરૂ લેયુષબેતુક અવયક તોલૂક અવયુખરેજુક વ યમકોરૂન વમય**

કોરૂલ્લાહો, વલ્લાહો ખયરૂલ માકેરીન. (સૂરએ અનફાલ. આ. નં. 30)

**અર્થાત** : (અય રસૂલ) તે વખતને યાદ કરો જ્યારે કુફ્ફાર તમારી સાથે પ્રપંચ (છળ-કપટ) ખેલી રહ્યા હતા. આ રીતે તમને ઘેરથી બહાર (બે વતન) કરી દે તેઓ પોતાની યોજના કરી રહ્યા હતા અને ખુદા પણ તેમની વિરૂદ્ધ યોજના કરી રહ્યો હતો, અને ખુદા આયોજન કરનારાઓમાંથી સૌથી બહેતર આયોજન કરનાર છે.

વધારે વિસ્તારથી સમજવા માટે તફસીર મઆલેમુત્તનઝીલનું આ લખાણ ચિંતન મનન કરવા યોગ્ય છે.

પેગંબરે ઈસ્લામે હઝરત અલી (અલ. ) ને પોતાના પ્રતિનિધિ બનાવ્યા. જેથી તે અમાનતો જે

મક્કાવાસીઓની પેગંબર (સલ.)ની પાસે હતી તે તેમના માલિકોને સોંપી દે. કારણકે આપ (સલ.)ની સચ્ચાઈ અને ઈમાનદારી ઉપર ભરોસો કરીને લોકો પોતાની અમાનતો આપ (સલ.)ને સોંપતા હતા. દુશ્મનો રસૂલના બિસ્તર ઉપર સૂતેલા અલી (અલ.)ને પહેરો દેતા અને સમજતા હતા કે આ જ ખુદાના નબી છે. જ્યારે સવાર થઈ તો બધાજ કાફિરો દરવાજા તરફ દોડ્યા. જોયું હઝરત અલી (અલ.) છે. પુછ્યું, તમારા આકા ક્યાં ગયા ? ફરમાવ્યું : મને શું ખબર ક્યાં હશે ? બધા જ લોકો હક્કાબક્કા રહી ગયા. ધુંવાપુંવા થઈ ગયા. પેગંબર (સલ.)ની શોધમાં મક્કાની ચારે દિશામાં ઊંટો અને ઘોડાઓ રવાના થઈ ગયા.

(જુઓ તારીખે તબરી - ભાગ - ૧- પેજ નં. ૧૩૦)

### (3) ઊંટોનું ખરીદવું

અત્યારે આપણે હિજરતની દરેક વાતનું વિશ્લેષણ કરી રહ્યા છીએ. મતલબ હિજરતના દરેક પાસાંઓનો તલસ્પર્શી અભ્યાસ કરી રહ્યા છીએ. જેથી આપણે એમ નથી ઈચ્છતા કે એહલે સુન્નતની કિતાબોના હિજરત અંગેના બધાજ લખાણોને જાણ્યું-અજાણ્યું કરીને ચાલી જવું. પ્રમાણિકતા એમાં છે કે બધા જ લખાણોના અભ્યાસ પછી તેમાંથી સત્ય તારવવાની કોશીશ કરવી. વળી જે કોઈ વાતને રદ કે ખોટી ગણાવવી હોય તો તે બાબતની દલીલ પણ રજૂ કરવી જોઈએ.

હદીસ વેત્તા ઈબ્ને હજર સુન્ની મુસલમાનોમાં માન્ય વ્યક્તિ છે. તેમણે હિજરત માટે ઉપયોગમાં લેવાયેલા ઊંટનું નામ પણ લખ્યું છે. લખે છે કે તેનું

નામ કસૂવા હતુ. જ્યારે ઈબ્ને ઈસ્હાકે તેનું નામ જુઝઆ લખ્યું છે. વળી આ જ પ્રમાણેનું નામ જુઝઆ આલ્લામા ઈમામ ઈબ્ને જહાંએ પણ વર્ણવ્યું છે.

શાહ અબ્દુલહક મોહદ્દસ દહેલ્વી પોતાની પ્રખ્યાત કિતાબ મદારેજુન્નબુવ્વતમાં લખે છે કે (તેમના શબ્દોમાં) અબુબકર પાસે બે ઊંટ હતા જે તેમણે ચારસો દિરહમમાં ખરી‡યાં હતાં. ચાર મહિના ઘાસચારો ખવડાવીને ખૂબ તૈયાર કર્યાં હતાં. આ મોકા ઉપર પેગંબરની સેવામાં તોહફા તરીકે પેશ કર્યાં. આપ (સલ.)એ મફત લેવાનો ઈનકાર કરી બંને ઊંટ નવસો દિરહમમાં ખરી‡યાં. અબુબકર સાથે આટલા બધા ઘનિષ્ઠ સંબંધો હોવા છતાં આપ (સલ.)એ કિંમત વગર લેવાનો ઈનકાર

કર્યો. ખરીદીને લેવામાં હિકમત આ હતી કે રસૂલે ખુદા અલ્લાહના રસ્તામાં કોઈ વ્યક્તિની મદદ સ્વીકારવા ઈચ્છતા ન હતા. કારણ કે આ આયત આપને પરવરદિગારની ઈબાદતમાં કોઈને પોતાનો ભાગીદાર ન બનાવવો, ઉપર અમલ થાય.

(મદારેજુન્નબુવ્વત ભાગ -૨ પેજ નં. ૯૬)

ઉપરોક્ત રિવાયતમાં પણ પેગંબરે ઈસ્લામ અબુબકર પાસેથી ઊંટોની ખરીદી કરે છે. નફો આપીને. જરાય અહેસાન માથા ઉપર સ્વીકાર્યા સિવાય. બીજી વાત આ ઊંટો હિજરત માટે ખરી‡યાં છે. એવી કઈ જ વાત થતી નથી. ન હિજરતના દિવસે અને સમય-રાત વગેરે અંગે કંઈ પણ વાત થઈ નથી. એહલે સુન્નતની પ્રખ્યાત કિતાબોની આ બધી જ રિવાયતો આ વાત સાબિત

કરે છે કે પેગંબરે ઈસ્લામે અબુબકરને પોતાના વિશ્વાસુ માણસ માન્યા નથી. રાઝદાર ગણ્યા નથી. હિજરત અંગેની જાણ કરી નથી. માટે જે રિવાયતો વાકેદી વગેરેની લોકોની જીભે ચઢાવી દેવામાં આવી છે, તે સદંતર જુઠી છે. બલકે અબુબકર રસૂલે ખુદાને હિજરતના રસ્તે ભેગા થયા.

**(૪) હઝરત અલી (અલ.) આપ (સલ.)ના માટે સવારી અને ખાવાનો સામાન પહોંચાડવાની વ્યવસ્થા કરતા હતા.**

મહાન સુન્ની આલિમ અલ્લામા જલાલુદ્દીન સિયુતી પોતાની તફસીર દુર્રે મન્સુરમાં લખે છે કે પેગંબરે ઈસ્લામ અને અબુબકર ત્રણ દિવસ ગુફામાં રોકાયા. આમીર બિન ફહીરા આ લોકો માટે ખાવાનું લાવતો. હઝરત અલી (અલ.) આ ખાવાની

વ્યવસ્થા કરતા હતા. હઝરત અલી (અલ.) એ ત્રણ ઊંટો બેહરૈનના ઊંટોમાથી ખરીદ્યાં હતાં. એક ભોમિયાને મજૂરી આપીને તૈયાર કર્યો. જ્યારે ત્રીજી રાતનો થોડોક ભાગ વીતી ચુક્યો ત્યારે હઝરત અલી (અલ.) ઊંટ અને રેહબરને સાથે લઈને ગુફામાં પહોંચ્યા. એક ઊંટ પર આપ (સલ.) સવાર થયા. બીજા ઊંટ ઉપર અબુબકર સવાર થયા. મદીનાની તરફ રવાના થઈ ગયા. (ત્રીજા ઊંટનો મવલાનાએ ઉલ્લેખ કર્યો નથી પરંતુ સ્પષ્ટ વાત એ છે કે તે ભોમિયા માટે હતો.)

આ રિવાયતોથી સ્પષ્ટ થાય છે કે ઊંટોની ખરીદીનો મામલો અને ખાવાના સામાનની વ્યવસ્થા પણ હઝરત અલી(અલ.) ને સોંપવામાં

આવી હતી. કોઈ ત્રીજાને આ વ્યવસ્થામાં ભાગીદાર બનાવ્યો નથી.

(જુઓ તફસીર દુર્રે મનસુર ભાગ - ૨ પેજ નં. ૨૪૦)

તારીખે તબરી લખે છે કે જ્યારે આપ (સલ.) ગુફા તરફ રવાના થયા તો હઝરત અલી(અલ.) ને ઈરશાદ ફરમાવ્યો કે અમને ખાવાનું મોકલ્યા કરજો, અને એક ભોમિયાને મજૂરી ઉપર નક્કી કરી દેજો. જે મને મદીનાના રસ્તે મદદગાર થાય. સાથે એક સવારી પણ અમારા માટે ખરીદી લેજો. આ પ્રમાણેની સૂચના આપી આપ (સલ.) રવાના થયા. કાફિરોને અલ્લાહતઆલાએ આંધળા કરી દીધા.

(ઉર્દૂ અનુવાદ તારીખે તબરી ભાગ -૧ પેજ નં. ૧૨૯)

(૫) હઝરત અલી બિન અબી તાલિબ (અલ.) રસુલુલ્લાહની પથારી ઉપર.

**મુસ્તફાકી જાપે. . . .**

**જાને મુસ્તફા. . . સોતા મિલા**

મુસ્તફાની જગ્યા ઉપર મુસ્તફાની જાન (નફસે રસૂલ) સૂતા મળ્યા.

હઝરત રસૂલે ખુદા (સલ.) થોડીક રાત બાકી હતી ને (હજી સવાર થવાને થોડી વાર હતી) ગારે સોરમાં દાખલ થઈ ગયા. ખુદાના નામ સાથે - ફક્ત અલ્લાહની મદદ ઉપર વિશ્વાસ કરીને બેસી ગયા.

આ તરફ કુફ્ફારે કુરૈશ જેઓ આગલી સાંજથી રસુલુલ્લાહ (સલ.) ના ઘરને ઘેરાવ નાખીને પડ્યા હતા. સવાર થતાં જ એકી સાથે

રસુલુલ્લાહ(સલ.)ના બિસ્તર ઉપર તૂટી પડ્યા. સૂતેલી વ્યક્તિને રસૂલ સમજીને લીલા રંગની ચાદર હટાવી તો મુસ્તફાની જગ્યા ઉપર જાને મુસ્તફા (નફસે રસૂલ)સૂતેલા મળ્યા.

આ૰ર્ય, અફસોસ અને નિષ્ફળતા સિવાય હવે કંઈપણ પ્રાપ્ત ન થતાં ગુસ્સામાં ધુવાંપુવાં થઈ ગયા. અતિશય ગુસ્સામાં હઝરત અલી (અલ.)ને પુછયું : “અયન સાહેબોકુમ” તમારા સાહેબ આકા ક્યાં છે? જવાબ મળ્યો, “કાલ લા અદરી અરકીબન કુન્ત અલયહ” હું નથી જાણતો , શું તમે તેમને મને સોંપીને ગયા હતા ? જેથી પુછો છો ?

(તારીખે તબરી ઉર્દૂ તરજુમો ભાગ -૨ પેજ નં. ૧૩૦)

સુન્ની બિરાદરીની કિતાબ સહીહ નિસાઈમાં છે કે કોઈક બદમાશોએ હઝરત અલી(અલ. ) ઉપર

તીર પણ ફેંક્યા. પરંતુ અલ્લાહે રક્ષણ કર્યું. તારીખે તબરી લખે છે હઝરત અલી (અલ.)નો આવો બેબાક ઉત્તર સાંભળીને આ લોકો આપને ખાનએ કાબામાં લઈ ગયા. પછી છોડી દીધા. પેગંબરે ઈસ્લામની શોધમાં મક્કાની ચારે તરફ માણસો દોડાવવામાં આવ્યા.

આ બધી જ રિવાયતો અને ઘટનાચક્રમાં હઝરત અલી (અલ.)ની ફરમાબરદારી, બહાદુરી, હિંમત, અડગતા, કમાલ પ્રકારની રાઝદારી જાહેર જાય છે. ભલે ગમે તેટલી તકલીફ પહોચાડી હોય પરંતુ હઝરત અલી(અલ.) એ સાચા રાઝદાર બનીને પેગંબર(સલ.)ના વિષયમાં એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહીં. બલકે એવો જડબાતોડ ઉત્તર આપ્યો કે પછી બીજા કોઈપણ પ્રકારનો પ્રશ્ન કરવાની

તેઓને હિંમત જ ન થઈ. પેગંબરે ઈસ્લામ (સલ.) ચાર દિવસ સુધી ગારે સોરમાં રોકાયા. આ સમય દરમ્યાન હઝરત અલી(અલ.) ખૂબ જ ગુપ્તતા સાથે બરાબર ખાવા-પીવાનું પહોંચાડતા રહ્યા. ચાર દિવસ પછી જ્યારે પેગંબર (સલ.)ના હુકમાનુસાર સવારીના ઊંટ અને ભોમિયાઓની વ્યવસ્થા થઈ ત્યારે ગારે સોરમાંથી નીકળીને મદીના તરફ પ્રયાણ શરૂ થયું.

વાચકો વિચારે ! આ ચાર દિવસ દરમ્યાન કાફિરો ગુસ્સાની આગમાં ભરેલા પેગંબરે ઈસ્લામને મક્કાની ચારે દિશાએ શોધતા હશે. તે દરમ્યાન રાતના સમયે ખાવા-પીવાનો સામાન પહોચાડવામાં આવતો. અમૂક વિશ્વાસુ બની હાશિમના યુવાનો અને ગોવાળો રાતના મોડે સુધી પોતાના ઘેટાં - બકરાં

ચરાવતા રહેતા. દુશ્મનોને વહેમ ન પડે અને કામ પાર પડી જાય આ માટે અલી (અલ. )ને કેટલી તકેદારી રાખવી પડતી હશે.

**(૬) ગારે સોરમાં અબુબકરનો ગભરાટ અને રૂદન કરવું :**

અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે :

**ઈલ્લા તનસોરૂહો ફકદ નસરૂલ્લાહો ઈઝ અખરજહુલ્લઝીન કફરૂ ષાનિયસનયને ઈઝહોમાં ફિલગારે ઈઝ યકુલો લેસાહેબેહી લાતહઝન ઈન્નલાહ મઅના, ફઅનઝલલ્લાહો સકીનતહુ અલયહે વ અય્યદહુ બેઝોનુદીલ્લમ તરવહા વજઅલ કલેમતલ્લઝીય્ કફરૂસ્સુફલા. (સુરએ તોબા આ. નં. ૪૦)**

**અર્થાત** :- અમે તો અમારા રસૂલની તે સમયે મદદ કરી જ્યારે તેમને કુફફારે મક્કાએ ઘરમાંથી બહાર કાઢી મૂક્યા હતા. તે વખતે ફક્ત બે વ્યક્તિ હતા. અને આ બેમાંથી બીજા રસૂલ હતા. જ્યારે બંને ગુફામાં હતા. પોતાના સાથીને તેના રૂદન કરવા પર સમજાવી રહ્યા હતા કે ગભરાવ ના. ખુદા અમારી સાથે છે. ત્યારે ખુદાએ પોતાના તરફથી શાંતિ નાઝિલ ફરમાવી, અને ફરિશ્તાઓના એવા લશ્કર દ્વારા તેમની મદદ કરી, જેને તમે લોકોએ જોયાં સુદ્ધાં નથી, અને ખુદાએ કાફિરોની વાતને નીચી કરીને બતાવી.

આ તરફ દુશ્મનો પેગંબર ઈસ્લામને ગિરફ્તાર કરવા અથવા કતલ કરવાના હેતુથી તેમની શોધમાં ગારના મુખ સુધી આવી પહોંચ્યા.

તેઓનો અવાજ સાંભળી અબુબકર રડવા લાગ્યા. યા રસુલુલ્લાહ ! હવે આપણું શું થશે ? આ લોકો તો આપણી ઘણે નજીક આવી ચૂક્યા છે. આપણાં પગના નિશાનો જોઈને આ લોકો આપણાં સુધી પહોંચી જશે. ત્યારે આપ (સલ.) એ ફરમાવ્યું :

**લા તહઝન ઈન્નલ્લાહ મઅના**

ગભરાઓ નહિં. ખુદા આપણી સાથે છે.

[અબુબકરના ગુફાના સહવાસને વધારે વિસ્તારથી જાણવા જુઓ અમારી કિતાબ ઈસ્લામ અસત્યના ઘેરાવમાં ભાગ -૧, પ્રકરણ - ૧૧ પેજ નં. ૭૩ થી ૭૭ સુધી વાંચો]

પેગંબર ઈસ્લામ અને અબુબકર દિવસે ગુફામાંથી બહાર નીકળ્યા. એક દિવસ અને રાત લગાતાર ચાલતા રહ્યા. અહીં સુધી કે ઉમ્મે

મઅબદના રહેઠાણ સુધી આવ્યા. આ ખૈમો રસ્તામાં આવતો હતો. આ રિવાયત બધી જ હદીસ અને સીરતની કિતાબોમાં મોજુદ છે. કિતાબ રહમતુલ લીલ આલમીનના લેખક ઈબ્ને કૈયુમના સંદર્ભથી લખે છે :

**(૭) આપ (સલ.) ઉમ્મે મઅબદના રહેઠાણ પર.**

આપ (સલ.) ઉમ્મે મઅબદના ખૈમા પાસે પહોંચ્યા. આ સ્ત્રી કબીલા ખઝાઆની હતી. આવન-જાવન કરનારા મુસાફર કબીલાઓની સેવા ચાકરી કરવી, મહેમાનનવાજી કરવી આ લોકોનો ખાસ ગુણ હતો. આ બહેન રસ્તેથી પસાર થતા લોકોને પાણી પીવડાવતાં, મુસાફરો આ જગ્યાએ થોડીવાર આરામ કરતા. આપ (સલ.)એ આ જગ્યાએ આવીને આ વૃદ્ધ સ્ત્રીને પુછયું : તમારી પાસે ખાવાની કોઈ ચીજ છે ?

તેણે ઉત્તર આપ્યો, નથી, જો હોત તો આપ લોકોના પહેલાં હું જાતે જ તમારી સમક્ષ મૂકી દેત. નબી (સલ.)એ તંબુના એક ખુણામાં બકરી બાંધેલી જોઈ તો પુછયું : બકરી કેમ બાંધેલી છે ? ઉમ્મે મઅબદે કહ્યું : કમજોર છે. રેવળ સાથે દોડી શકતી નથી. નબી (સલ.)એ ફરમાવ્યું : કે તમારી રજા હોય તો અમે તેને દોહી લઈએ.

**ઉમ્મે મઅબદે કહ્યું** : અગર આપને દૂધ માલૂમ પડતું હોય તો દોહી શકો છો. આપ (સલ. )એ બિસ્મીલ્લાહ પઢીને થનોને હાથ લગાવ્યો. સાથે વાસણ માંગ્યું. દોહતા વાસણ ભરાઈ ગયું. ખૂબ પેટ ભરીને દૂધ આપ (સલ.)એ આપના સાથીઓએ, બધાએ પીધું. ત્રીજી વખત પણ વાસણ ભરાઈ ગયું જે ઉમ્મે મઅબદને સોંપી દીધું. ત્યાર બાદ પેગંબર

(સલ.) આગળ રવાના થયા. થોડીવાર પછી ઉમ્મે મઅબદનો પતિ આવ્યો. ખૈમામાં દૂધથી ભરેલું વાસણ જોઈને આÅર્ય પામ્યો. કહેવા લાગ્યો કે આ ક્યાંથી આવ્યું ? ઉમ્મે મઅબદે કહ્યું : એક ઘણાં જ પવિત્ર માણસ અહીં આવ્યા હતા. આ દૂધ તેના કદમના પરિણામે છે. પતિ બોલ્યો, આ તો તે જ સાહેબે કુરૈશ છે, જેમને હું શોધું છું. સારૂ તમે જરા તેના રૂપગુણ દેખાવ વગેરે વર્ણવો તો વધારે સમજાય. ઉમ્મે મઅબદે જ્યારે દેખાવ, ચહેરો વગેરે વર્ણવ્યું તો કહેવા લાગ્યો. હું જરૂર તેમને જઈને મળીશ. આ તો તે જ કુરૈશના સાહેબ છે.

(ઉસ્વતુરસૂલ ભાગ -૨ પેજ નં. ૩૧૬ ફોક બીલગીરામી)

મુબારક વૃક્ષ - કરામતે રસૂલ અને ફઝાઈલે એહલેબયત વાળી ઘટના પણ આ જ ખૈમા

ઉમ્મે મઅબદના ઘરની છે. જેનું વર્ણન પ્રકરણ - ૧માં અમે કરી ચુક્યા છીએ.

**(૮) આમિર બિન ફહીરહ તારીખે તબરીમાં.**

આમિર બિન ફહીરહ કબીલા અઝદથી હતા. તુફૈલ બિન અબ્દુલ્લાહ સલજદના પુત્ર હતા. એમની કુન્નીયત અબુલ હારિસ હતી. આ આમિર બિન ફહીરહ હિજરતના દિવસોમાં અબુબકરના ઊંટની નકીલ પકડીને દોરતા હતા. આયશા અને અબ્દુરેહમાન અબુબકરના આ બંને સંતાનોની મા અબુબકરના નિકાહમાં આવતાં અગાઉ ફહીરહના નિકાહમાં હતી. અબુબકરે ખરીદી લેતાં સાથે આ છોકરો પણ આવ્યો. મા ને ખરીદી અબુબકરે નિકાહ કર્યા. જેનાથી આયશા અને અબ્દુરેહમાનનો જન્મ થયો. આ જ સમય ગાળામાં આમિરે ઈસ્લામ

સ્વીકાર્યો. મતલબ અબુબકર સાવકા બાપ છે. મતલબ આમીરની મા અબુબકરથી નિકાહ કર્યા અગાઉ બીજા વ્યક્તિ ફહીરાના નિકાહમાં હતાં.

# પ્રકરણ :- 3 : હિજરી સન – ૧, મુખ્ય ઘટનાઓ - ભાગ - ૧

**(૧) આપ (સલ.)નું મદીના તય્યબામાં દાખલ થવું, ત્રણ દિવસ બાદ હઝરત અલી (અલ.)નું ત્યાં આવવું.**

રબીઉલ અવ્વલ માસની આઠમી તારીખ (ચાંદ) નબુવ્વતનું ૧૩મું વર્ષ હિજરી સનનું પ્રથમ વર્ષ શનિવારનો દિવસ અંગ્રેજી તારીખ ૧૩મી સપ્ટેમ્બર ઈ. સ. ૬૨૨ના દિવસે આપ (સલ.) મદીનામાં દાખલ થયા.

[પ્રિય વાચકો :- બે શબ્દનો અર્થ હંમેશા યાદ રાખી લો. પછી કિતાબમાં ગમે ત્યાં તે શબ્દ આવે તો સમજાઈ જાય.

**અનસાર** :- મદીનાના રહેવાસી તે લોકો જેમણે મોહાજિર મુસલમાનોની મદદ કરી.

**મોહાજિર** :- મક્કાના તે લોકો જેઓ ઈસ્લામ ખાતર ઘર-વતન સર્વસ્વ છોડીને મદીના આવ્યા.]

આપ(સલ.) આવી રહ્યા છે આ વાતની જાણ અનસારે મદીનાને થઈ ચુકી હતી. કેટલાય લોકો શહેરની બહાર જઈને કલાકો સુધી મક્કા તરફ જોયા કરતા હતા. પેગંબરના આગમનની રાહ જોતા હતા. એક યહુદી પોતાના કિલ્લાની ઊંચાઈ પર ઊભો હતો. તેણે પેગંબરે ઈસ્લામને જોયા. તેણે શાને રિસાલત જોઈ લીધી તો મદીનાવાસીઓને બુમ પાડી કહ્યું : અય મદીનાવાસીઓ ! તમે જે બુઝુર્ગના આગમનનો ઈન્તિઝાર કરી રહ્યા છો, દરરોજ મદીનાની બહાર આવો છો, કલાકો સુધી

મક્કાના રસ્તે જોયા કરો છો, તે બુઝુર્ગ આવી રહ્યા છે, તશરીફ લાવી રહ્યા છે. આ સાંભળતાં જ તકબીરના નારા બુલંદ થયા. આખું શહેર “અલ્લાહો અકબર”ના નારાઓથી ગુંજી ઊઠ્યું.

અનસાર નવા કપડા પહેરીને શરીર ઉપર હથિયારો સજીને આ અતિ ઉત્તમ, અતિ શ્રેષ્ઠ, કાબિલે ઈઝ્ઝત મહેમાનના સ્વાગત માટે ઘરોમાંથી નીકળ્યા. તેઓ મદીનાથી પાંચ કિલોમીટર દુર આલીયા અથવા કુબા નામના સ્થળે પહોંચી ગયા. ત્યાંના માલદાર અને વગદાર આગેવાન કુલસુમ બિન અલહદમના મહેમાન બની ગયા. હંમેશાથી રિવાજ ચાલ્યો આવતો હતો કે જે કોઈ મક્કાથી આવતો તે કુલસુમ બિન અલહદમનો મહેમાન ગણાતો. અનસારના આ આગેવાનો જે પ્યારા નબી

હઝરત મોહંમદ(સલ.)ને આવકારવા કુબા ગયા હતા તેઓમાં ખાસ આ મહાનુભાવો હતા.

અબુ ઓબયદા(રઝિ), મિકદાદ (રઝિ), જનાબ સહલ (રઝિ), સફવાન (રઝિ), અયાઝ (રઝિ), અબ્દુલ્લાહ બિન મખઝુમા (રઝિ), વહબ ઈબ્ને સઅદ (રઝિ), મઅમર ઈબ્ને અલી સરજ (રઝિ) અને ઉમૈર બિન ઓફ (રઝિ) વગેરે સહાબા હતા. મદીનામાં મુસલમાનોના ઘરોમાં તો ઈદ જેવો માહોલ હતો. સાથે યહુદીઓની વસ્તી પણ ખાસ્સી એવી હતી. જેઓ પાછળથી ધીરે ધીરે છતાંય ફતહે મક્કાની અગાઉ ઈમાન લાવ્યા તેઓની વસ્તી વધારે હતી. પરંતુ અલ્લાહે જેઓને અવ્વલમાં અવ્વલ સમયગાળામાં ઈમાનથી નવાજ્યા હતા. તેઓ ગણ્યાગાંઠ્યા કુટુંબો હતાં. વળી જે કુટુંબો

મક્કાથી હિજરત કરીને આવ્યા હતા તેઓ મુસલમાનોની વસ્તીમાં વધારો કરતા હતા. આ રીતે જેટલા ઈમાનવાળા કુટુંબો હતાં તે બધાંના ઘરમાં આજે ખુશીનો માહોલ હતો. અમારા નબી આવવાના છે. હવે તો અહીં અમારી પાસે જ રહેવાના છે. એક અજીબ ખુશીનો માહોલ હતો. અનસારના આ આગેવાનો પેગંબર (સલ.) ને આવકારવા કુબા સુધી આવ્યા.

[કુબા આમ તો મદીનાની જ વસ્તી ગણાય. પરંતુ મદીના મક્કા તરફના છેડાનો ભાગ છે. જે અસલ મદીના શહેરથી પાંચ કિલોમીટર જેટલું હતું. આ વાત સમજવા જેવી છે. કુબા મદીનાની અસલ શહેરી વસ્તીથી બહાર હતું છતાં તે વિસ્તારની દ્રષ્ટિએ મદીનાની વસ્તીમાં જ ગણાય. આપણાં

દક્ષિણ ભારતમાં ગામ કે કસબાથી થોડે દૂર બે પાંચ કિલોમીટરના વિસ્તારમાં વાડીઓ, ખેતરો, બગીચાઓ કે ખજૂર વગેરેના બાગની વાડીઓ હોય છે. જેમાં એક ખૂણે બે ત્રણ ઘરો બાગના ખૂણે વસતા હોય છે. વળી કોઈક જગ્યાએ સમય જતાં આ બે ત્રણ કુટુંબોમાંથી વસ્તી વધતાં છૂટા પડી દસ-બાર કુટુંબોની વસ્તી થઈ જાય છે. જેથી પેગંબર(સલ.) પ્રથમ કુબામાં રોકાયા છે.]

**(૨) કુબામાં સઅદ બિન ખુસૈમાના મકાન ઉપર આપ(સલ.)ની મજાલીસો, કુબામાં પ્રથમ મસ્જિદનો પાયો નંખાયો.**

તારીખે તબરી, તારીખ ઈબ્ને હિશ્શામ અને ઈબ્ને સઅદના વર્ણાનુસાર કુલસુમ ઈબ્ને અલહદમના ઘેર આપ (સલ.)નું ખાવાપીવાનું,

આરામ તથા સૂવાનું હતું. આપ (સલ.)ની મજલિસો, હિદાયતો માટેની મિટિંગો, લોકોની મુલાકાત વગેરેનું આયોજન સઅદ બિન ખુસયમાના મકાન ઉપર કરવામાં આવતું. કારણ કે કુલસુમના મકાન કરતા સઅદનું મકાન વિશાળ હતું. વળી સઅદના કુટુંબીજનો પણ તે સમયે ત્યાં હાજર ન હતાં. કુબામાં આપ (સલ.) ચાર દિવસ રોકાયા. આસપાસના અનેક છુટાછવાયાં કુટુંબો જે ખેતરો અને બગીચાઓના ખૂણે ઝૂપડાંઓ કે ઘર બાંધી રહેતાં તે દરેક ઘરોના લોકો મિલ્લત કે મઝહબ ગમે તે હોય આપ (સલ.)ની મજલીસોમાં જોડાયા. કારણ કે દુશ્મની કરનાર - રોકનાર કોઈ ન હતું. આ ચારે દિવસના રોકાણ દરમ્યાન કુબામાં આપ (સલ.)એ મસ્જિદનો પાયો નાખ્યો.

પેગંબર(સલ.)ની હિજરત પછી હઝરત અલી ત્રણ દિવસ મક્કામાં રોકાયા. જે જે લોકોની અમાનતો આપ (સલ.)ના કબજામાં હતી તે તેમના માલિકોને પહોંચાડી. ચોથા દિવસે ફાતેમા બિન્તે મોહંમદ (સલા.) ફાતેમા બિન્તે ઝુબેર અને ફાતેમા બિન્તે અસદને કુજાદવાળા [કુજાદ :- ઊંટની પીઠ ઉપર મૂકવાની એવી કાઠી આવે છે. જેના પર બે વ્યક્તિ આમને - સામને બેસી શકે છે.] ઊંટો ઉપર સવાર કરીને મદીના તરફ રવાના થયા. કુરૈશને જ્યારે ખબર પડી કે અલી (અલ. ) પણ મક્કા છોડીને ચાલી નીકળ્યા છે. તો તેમને પોતાની ઝિલ્લતનો એહસાસ થયો. ધુઆંપુઆં થઈ ગયા. હઝરત અલી (અલ.)ને રોકવા માટે આઠ ઊંટ સવારોને રવાના કર્યા. તેમને સુચના આપવામાં

આવી કે આ લોકોને રસ્તામાં રોકી લો અને મક્કા પાછા આવવા મજબુર કરો. જ્યારે કે હઝરત અલી (અલ.) મક્કાથી ૪૦ કિં. મી દૂર પહોંચી ગયા હતા. હઝરત અલી (અલ.)ની સાથે ત્રણ સ્ત્રીઓ હતી. જેમાં પોતાના મોહતરમ અમ્મા સાહેબા અને પોતાની અહલીયા મોહતરમા શેહઝાદીએ મોહંમદ પણ હતાં. જેથી ઊંટોને બહુ ઝડપથી હાંકી શકતા ન હતા. જ્યારે આ કાફિરો ઊંટોને ઘણી જ ઝડપથી હંકારી તેમની નજીક પહોંચી ગયા. હઝરત કોહે ઝજકાન પાસે હતા. આ શેતાનોને જોઈને આપે આ સ્ત્રીઓના ઊંટોને પહાડની બગલમાં છુપાવી દીધાં. ફક્ત પોતે એકલા આગળ આવી શેતાનોના રસ્તામાં ઊભા થઈ ગયા.

હરબ ઈબ્ને ઉમય્યાના ગુલામ જનાહે તલવાર મ્યાનમાંથી કાઢી અને શેરેખુદાની સામે ઊભો રહ્યો. હઝરતના ગુસ્સાનો પાર ન રહ્યો, કારણ કે આપની સાથે પોતાના કુટુંબની ત્રણ ખાતુનો પણ હતી. તેની આ બદમાશોને તો કદાચ ખબર પણ ન હતી. આ સ્ત્રીઓની હિફાઝત પણ આપના ઝિમ્મે હતી. જો આપને ખુદા ન કરે કંઈ થઈ જાય તો આ ઓરતોનું રેગીસ્તાનમાં શું થાય ? આ કેટલી ગંભીર અને ખોફઝદા પરિસ્થિતિ હતી. આ જગ્યાએ દુઆ માગવાનો પણ સમય ન હતો. એક મિનીટ વિચારવાનો સમય પણ ન હતો. આપે મનોમન અલ્લાહથી શક્તિ માગી. આ તરફ પહાડની બખોલમાં આ નેક ખાતુનો પણ અલ્લાહને યાદ કરતી હતી. ઘણો જ નાજુક સમય હતો. ૮ યુવાન

વ્યક્તિઓનો મુકાબલો હતો, જેમના પેટો ખોરાકથી ધરાયેલાં હતાં. સમગ્ર મક્કા બલ્કે મુઠ્ઠીભર વ્યક્તિઓને બાદ કરતાં સમગ્ર અરબની હિમાયત આ બદમાશોની સાથે હતી. હિંમત પણ એમને હતી.

હજી ઉમ્મતના નબીને મક્કા છોડયાને ૪ દિવસ થયા હતા. તે અગાઉની ચિંતાઓ આ ધરાનાને હતી, કે નબી હેમખેમ મદીના પહોંચી જાય. ખૂબ જ ખોફઝદહ માહોલમાં શેરેખુદાએ લોકોને તેમની અમાનતો પહોંચાડી તરત મદીનાનો રસ્તો પકડયો. આ અર્ધભુખ્યા પેટો હતાં. ચિંતાઓથી વ્યગ્ર એવી પાક રૂહો હતી.

શક્તિથી શક્તિનો મુકાબલો ન હતો. માદૃયતના મુકાબલામાં રૂહાનિયત હતી. કુફ્રના મુકાબલામાં ઈમાન હતું. જહન્નમના મુકાબલામાં

જન્નત હતી. આવા કપરા સમયમાં માણસ હોશ ગુમાવી બેસે. સૂનમૂન થઈ જાય. ૮ રાક્ષસોના મુકાબલામાં થાકેલો-પાકેલો અર્ધભુખ્યો એક વ્યક્તિ જેના ઝિમ્મે નબીના ઘરાનાની શેહઝાદીઓની હિફાઝત પણ હતી.

શેરે ખુદાએ તલવારની મુઠ્ઠી પર હાથ મુક્યો અને એક કદમ આગળ વધ્યા. જનાહે પ્રથમ હુમલો કર્યો, આપે તેના હુમલાને બેકાર બનાવી પોતાની તલવાર ચલાવી તેના બે ટુકડા કરી નાખ્યા. તેના સાથીઓએ આ દ્રશ્ય જોયું તો ખૂબ ડરી ગયા, ઊભી પૂંછડીએ ભાગ્યા. જે તરફથી આવ્યા હતા તે તરફ ભાગી છૂટ્યા. હઝરતે તકબીર પઢી. “અલ્લાહો અકબર” આસમાન તરફ જોયું. અલ્લાહનો શુક્ર અદા કર્યો. હઝરતને તે રાત કોહે ઝજનાનની તળેટીમાં

પસાર કરવી પડી. સવાર થતાં જ મદીના તરફ ચાલતા થયા.

સખત ગરમીની મોસમ હતી. આંધી ફૂંકાતી હતી. ગરમ ગરમ રેતના થપેટાઓ ઊડીને આ પાક રૂહોને દઝાડતા હતા. રેગીસ્તાનનો લાંબો સફર તે પણ ખૌફ અને ભય સાથે. પગે છાલા પડી ગયાં. હાથ પણ છોલાઈ ગયા હતા. લગાતાર ચિંતાઓ અને અર્ધભુખ્યા પેટથી થાક વરતાતો હતો. પરંતુ એક લગન હતી. “દીને ઈસ્લામ દુનિયામાં વિજયી બની જાય, ફેલાય, લોકો બદદીનીથી, જહાલતથી, કુફ્રથી બહાર આવે. “આ લગન જ બૂઝૂર્ગોનું પ્રેરકબળ હતું. એક વલવલો - એક જોશ - નબીની હિફાઝત - ઈમામની મદદ જેના ખેંચાવમાં આવી

કેટલીક રૂહો તલપાપડ થઈ રહી હતી. જુદા જુદા પ્રકારની તકલીફો ઉઠાવી રહી હતી.

રસ્તો કાપતાં કાપતાં આખરે મદીના આવી ગયું. ફાતેમા ઝેહરા - શેહઝાદીએ રસૂલની આંખો આંસુઓથી ભરાઈ ગઈ. પોતાના તે બાપની મુલાકાતની ખુશી જે બાપે કદી પેટ ભરીને ખોરાક પણ નથી ખાધો. જે બાપને કદી ઓડકાર નથી આવ્યો. જે બાપને જ્યારથી અલ્લાહે નબીઓનો સરદાર બનાવ્યો, ત્યારથી આ બાપ જાત જાતની તકલીફો ઉઠાવતા રહ્યા.

**(3) હઝરત અલી(અલ.)ની હિજરત - ઘરની સ્ત્રીઓને સાથે લઈ મક્કાથી જવું.**

જનાબ સલમાન ફારસી આ જ જગ્યાએ હઝરત (અલ.)ની ખિદમતમાં હાજર થઈને

ઈસ્લામથી પાવન થયા. ત્રણ દિવસ કુબામાં પસાર થયા હતા કે હઝરત અલી(અલ. )પણ પગપાળા મક્કાથી મદીના (કુબા) પહોંચી ગયા. પેગંબરે ઈસ્લામ (સલ.) આપના સહી સલામત ઘરની સ્ત્રીઓ સાથે પહોંચવા ઉપર ઘણાં ખુશ થયા. આપ (સલ.) ગમગીન થયા. તારીખે ઈબ્ને ખલદુન લખે છે કે અલીના પગના તળિયાઓમાંથી લોહી નીકળતું હતું પરંતુ અલ્લાહના રસૂલના હાથ ફેરવવાથી આ ઝખ્મ રૂઝાઈ જતા હતા. આપ (સલ.)ના હાથ મોઅજિઝા રૂપે અલીના ઝખમ ઉપર ફરતા હતા.

ઝરકાની આ મોહાજિર મુજાહિદ ફિસબીલિલ્લાહની બાબત લખે છે કે અલી મુરતઝા હિજરત દરમ્યાન રાતે સફર ચાલુ રાખતા, દિવસના છુપાયેલા રહેતા. ઊંટો ઉપર ઘરની સ્ત્રીઓ

સવાર હતી. આપ પગપાળા હતા. પગ ઉપર ઘણાં ઝખ્મો પડી ગયા હતા. આપ (સલ.) અલીના ઝખ્મોને હાથથી અડકીને સારા-દુરસ્ત કરી દેતા હતા. સાથે સાથે આપના માટે દુઆએ શિફા પણ કરતા જતા હતા. પછી તો હઝરત અલી (અલ.)ને પગના વિષયમાં જિંદગીમાં કદી કોઈ ઝખમ આવવાની શિકાયત પેદા ન થઈ.

[આ જગ્યાએ પેગંબર(સલ.)ના બે મોઅજિઝા જાહેર થાય છે.

(૧) આપના હાથ મુબારકના અડવાથી ઝખમનું રૂઝાઈ જવું

(૨) પછી જિંદગીમાં કદીપણ આ શિકાયત ન થવી. આ જગ્યાએ કોઈને એતરાઝ પેદા થાય. જે ઐતિહાસિક ઘટનાનો જાણકાર હોય. અમીરૂલ

મોઅમેનીન હઝરત અલી ઈબ્ને અબીતાલિબ (અલ.)ને એક જેહાદમાં પીંડલીમાં તીર વાગ્યું આપે ફરમાવ્યું: હું નમાઝની શરૂઆત કરૂં ત્યારે તમે લોકો આ તીર કાઢી લેજો. આપ નમાઝમાં દાખલ થઈ ગયા. લોકોએ તીર કાઢી લીધું. નમાઝ પછી આપે પાછા ફરી પુછ્યું તીર કાઢી લીધું. કહ્યું : હા, યા અમીરૂલ મોઅમેનીન કાઢી લીધું. આપે ફરમાવ્યું : વલ્લાહ મને તો ખબર જ ન પડી.

આ ઘટના રસુલુલ્લાહ (સલ. ) ના હાથ મુબારકના મોઅજિઝા સાથે ટકરાતી નથી બલકે તેની પૃષ્ઠિ કરે છે. તીરના ખેંચવા છતાં ઝખમ ન થયો. દુખાવો ન થયો.]

હઝરત અલી (અલ.) ઘણી જ મુસીબતો અને પરેશાનીઓ સાથે મક્કાથી મદીના પહોંચ્યા છે. જેની દાસ્તાન કલેજુ કંપાવી નાખે એવી છે.

ક્યાં મક્કા અને ક્યાં મદીના. વળી તે સમયનો પહાડી રેતાળ વિસ્તાર. સેંકડો કિલોમીટરનું અંતર. વળી ભય અને ત્રાસની મુસાફરી. સ્ત્રીઓને સાચવવાની. પોતે એકલા પુરૂષ, કોઈ સાથીદાર નહિ. પગપાળા ચાલીને સફર કરવાનો. આપનો કેવો જોશે ઈમાની હશે ? આ બધી જ તકલીફો બખુશી બરદાસ્ત કરી લીધી. ભાઈઓ, અસલી હિજરત તો આજ હતી. હુઝુર (સલ.)નો સાથ છૂટી જવું શું કોઈ ઓછો ગમ હતો. વળી અમાનતોની ચુકવણી કરવા લોહી પ્યાસા દુશ્મનોમાં - તેમની વસ્તીઓમાં મક્કાની ગલીકુંચીઓમાં ફરવું. ત્યાર

બાદ છેલ્લે પોતાના ઘર - વતન - રાચરચીલું, ચીજો, સામાન વગેરે છોડીને સફરે ગુરબત ઈખ્તિયાર કરવો - આ તો અલીનું જ કામ હતું.

**(૪) કુબાની આસપાસ રહેતા તમામ લોકોનું સઅદ બિન ખુસયમાના ઘેર આ પાક રૂહોની ઝિયારત માટે આવવું**

હઝરત અલી (અલ.)ના આગમનની ખબર સાંભળીને આસપાસના અનેક લોકો હાજર થઈ ગયા. ફક્ત પુરૂષો જ નહીં પરંતુ મા-બહેનો પણ દૂર-દૂરના રેગીસ્તાનના ઈલાકાથી, પોતાનાં - કાચા- પાકા - મકાનો અને ઝૂંપડા બંધ કરીને કુટુંબ સાથે દોડતાં આવી ગયા. સૈયેદુન્નિસા મા ફાતેમાં પણ આવ્યાં છે. પેગંબર ઈસ્લામના જમાઈ આવ્યા છે. રેગીસ્તાનની એ મા - બહેનો કિશોરીઓ નબી

(સલ.) ની બેટીની ઝિયારત માટે સફર કરીને કુબા મુકામે પધારી. કુબામાં ઈન્સાનોની એક ભીડ એકત્ર થઈ ગઈ. દરેક સમયે મુખ્લીસ લોકો, પાક નિય્યતો ધરાવનાર લોકો આ મુબારક ચહેરા જોવા હાજર રહેતાં. ખુસયમાનું મકાન તો આ નેક લોકોથી ખચાખચ ભરેલું રહેતું. ખુસયમાનું મકાન રિસાલત અને ઈમામતનો દરબાર બની ગયો હતો. વળી આ નેક મા-બહેનોની વચ્ચે જન્નતની ઓરતોના સરદાર મા ફાતેમા સય્યદતુન્નીસાઈલ આલમીન બિરાજમાન હતાં. આ કેવી મુબારક મજલિસો હશે. અને કુબાની વસ્તીની તે મા-બહેનો કેટલી ખુશી ખુશી આ મહેમાનોની ખિદમત કરતી હશે. ચા - નાસ્તો (તે સમયમાં જે રિવાજ હશે તે પ્રમાણે) પેશ કરતી હશે. ખાવાનું પેશ કરતી હશે.

ઈબ્ને હિશ્શામ લખે છે કે જ્યારે આપ (સલ.) કુલસુમ બિન અલહદમના મકાનની બહાર તશરીફ લાવ્યા. ત્યારે આપે સઅદ બિન ખુસયમાના મકાન ઉપર લોકોની મજલિસને ઉદ્બોધન કર્યું હતું. કારણ કે સઅદ બિન ખુસયમાની સાથે કોઈ ન હતું. વળી અસહાબ અને મોહાજેરીન પણ અહીં જ રોકાયા હતા. આ લોકો સાથે પણ પત્ની બાળકો ન હતા. તેથી આ મકાનને અરબી ભાષામાં મનઝિલ અલગરાબ કહેતા હતા. અરબીમાં ગરબ તેને કહેવાય છે જેને બાલ બચ્ચાં ન હોય.

આપ (સલ.) કુબા મુકામે કુલ ૧૪ દિવસ રોકાયા. આવતાંના ત્રીજા જ દિવસે આપ (સલ.) એ અહીં એક મસ્જિદનો પાયો નાંખ્યો. જે આજદિન સુધી મસ્જિદે કુબાના નામથી મશહુર છે. જે આજે

પણ મોમેનીનની ઝિયારત-ગાહ અને નમાઝની જગ્યા બની છે. ૧૪ દિવસ રોકાયાને ૨૨ રબીઉલ અવ્વલના જુમ્આના દિવસે મદીના (શહેરમાં) તશરીફ લાવ્યા. આપ કબીલા બની સલીમના મકાનો પાસે આવ્યા ને નમાઝે જુમ્આનો સમય થઈ ગયો. સવારી રોકી લેવામાં આવી. ત્યાં જ બની સલીમ કબીલાના મકાનોની પાસે જ નમાઝે જુમ્આ અદા ફરમાવી. બધા જ ઈતિહાસવિદો અને સીરત લખનારાઓ આ બાબત એક મત છે કે ઈસ્લામમાં આ પ્રથમ નમાઝે જુમ્આ છે.

**(૫) આપ(સલ.)નો નમાઝે જુમ્આનો પ્રથમ ખુતબો.**

(તારીખે તબરીમાંથી આ પવિત્ર ખુતબાને રજૂ કરીએ છીએ)

પેગંબરે ઈસ્લામ હઝરત મોહંમદ (સલ.)નો પ્રથમ ખુતબો જે મદીના પહોંચ્યા પછી બની સાલીમ બિન ઓફના કબીલામાં પઢવામાં આવ્યો તે આ પ્રમાણે છે.

તમામ તારીફ અલ્લાહના માટે છે. હું તેની હમ્દ વ સના કરૂં છું. મદદ વ બખ્શીશ વ હિદાયત પણ તેની પાસે જ માંગું છું. મારૂ ઈમાન તેના ઉપર જ છે. હું તેની નાફરમાની નથી કરતો, અને નાફરમાની કરનારાઓથી અદાવત રાખું છું. મારી શહાદત (સાક્ષી) આ છે કે ખુદાના સિવાય કોઈ ઈબાદતના લાયક નથી. તે યક્તા એકલો જ છે. તેનો કોઈ ભાગીદાર નથી. મોહંમદ તેનો બંદો છે અને રસૂલ છે. તેણે જ મોહંમદને હિદાયતના નૂર અને નસીહતોની સાથે એવા સમયગાળામાં મોકલ્યો

કે મુદ્દતથી કોઈ રસૂલ દુનિયામાં આવ્યા ન હતા. ઈલ્મની કમી થતી ગઈ હતી. ગૂમરાહી વધી ગઈ હતી. તે આખરી ઝમાનામાં કિયામતની નજીક મોકલવામાં આવ્યો છે. જે કોઈ ખુદા અને રસૂલની ઈતાઅત કરે છે તે જ કમ્યાબ છે, અને જેણે તેનો હુકમ ન માન્યો તે ભટકી ગયો છે. પોતાના દરજ્જાથી નીચે ઉતરી ગયો છે. સખત ગુમરાહીમાં ફસાઈ ગયો છે.

મુસલમાનો ! હું તમને અલ્લાહની સાથે તકવાની વસીય્યત કરૂં છું. બેહતરીન વસીય્યત જે મુસલમાન મુસલમાનને કરી શકે છે તે આ છે કે તેને આખિરત માટે તૈયાર કરે, અને અલ્લાહથી તકવા માટે કહે, અય લોકો જે વાતોથી અલ્લાહે તમને પરહેઝ કરવાનું કહ્યું છે, તેનાથી રોકાયેલા

રહો. તેનાથી વધીને ન કોઈ નસીહત છે, ન ઝિક્ર છે. યાદ રાખો કે આખિરતના કાર્યનાં વિષયમાં તે વ્યક્તિ માટે જે નેક કાર્યો કરતો હોય, તકવો બેહતરીન મદદગાર સાબીત થશે. જ્યારે કોઈ વ્યક્તિ પોતાના અને ખુદાના વચ્ચેનો મામલો છૂપી રીતે અને જાહેરમાં બરાબર સાફ રાખશે, સાથે આમ કરવાની તેની નિય્યત પણ ચોખ્ખી હશે, તો આમ કરવું તેના માટે દુનિયામાં ઝિક્ર અને મૃત્યુ પછી પુંજી બની જશે. પરંતુ અગર કોઈ એમ નથી કરતો તો તેનું વર્ણન આ આયતમાં છે. ઈન્સાન પસંદ કરશે કે તેના આમાલ તેનાથી દૂર જ રાખવામાં આવે. અલ્લાહ તમને ડરાવે છે. વળી અલ્લાહ તો પોતાના બંદાઓ ઉપર ઘણો જ મહેરબાન છે.

મુસલમાનો ! જે વ્યક્તિએ ખુદાના હુકમને સાચો માન્યો, સાથે તેના વાયદાઓને પરિપૂર્ણ કર્યા તો તેની બાબતમાં આ ઈરશાદ છે. “અમારે ત્યાં વાત બદલાતી નથી. અને અમે અમારા નાચીઝ બંદાઓ ઉપર ઝુલમ નથી કરતા. મુસલમાનો ! તમારા હાલના અને ભવિષ્યના છુપા અને જાહેર દરેક કાર્યોમાં તકવો અને પરહેઝગારી દ્રષ્ટિ સમક્ષ રાખો. કારણ કે તકવો ઈખ્તિયાર કરનારાઓના નાના-નાના ગુનાહો માફ કરી દેવામાં આવે છે. તકવો ઈખ્તિયાર કરવાથી તોબા સાથે મોટા ગુનાહોને પણ ખુદા માફ કરી આપે છે. નેકીનો બદલો વધારી દેવામાં આવે છે. તકવાવાળાઓ ઉચ્ચ દરજ્જા પ્રાપ્ત કરશે.

તકવો અલ્લાહથી બેઝારીને દૂર કરે છે. તકવો ગુસ્સાને દૂર કરે છે. તકવો અલ્લાહના અઝાબને રોકી લે છે. તે તકવો જ છે જે ચહેરાને ખુશનુમાં રાખે છે. તમારા દરજ્જાઓ બુલંદ કરે છે.

મુસલમાનો ! અલ્લાહની નેઅમતોમાંથી તમારો ભાગ લઈ લો. પરંતુ અલ્લાહના હકો અદા કરવામાં ઊણા ન ઉતરો. તેથી જ ખુદાએ તમને સચ્ચાઈ અને તકવાનો રસ્તો બતાવ્યો છે કે સાચા અને જુઠ્ઠાઓને અલગ અલગ કરી દેવામાં આવે. અય લોકો અલ્લાહે તમારી સાથે ઘણો જ ઉમદા વર્તાવ કર્યા છે. તમે પણ લોકો સાથે સારો વર્તાવ કરો. જેઓ અલ્લાહના દુશ્મન છે તેઓને દુશ્મન જાણો. સાથે અલ્લાહના રસ્તામાં પુરેપુરી હિંમત અને ધ્યાનથી લાગેલા રહો. અલ્લાહે તમને

બરગુઝીદહ બનાવ્યા છે. તમારૂં નામ મુસલમાન રાખ્યું છે. માટે હલાક થનારો પણ રોશન દલીલો સાથે (અવગણીને - સમજીને) હલાક થાય, અને જીવતો રહેનારો પણ રોશન દલાઈલ ઉપર જીવતો રહે. આ બધું જ અલ્લાહની મદદ સાથે જ શક્ય છે. લોકો ! અલ્લાહનો ઝિક્ર કરો.

# પ્રકરણ – ૪ : હિજરી સન – ૧, મુખ્ય ઘટનાઓ ભાગ - ૨

પેગંબરે ઈસ્લામ (સલ.)નું મદીના શહેરમાં આગમન

મદીનાની જમીન આજે ખુશનસીબ હતી કે તેના ઉપર આજે પેગંબરે ઈસ્લામ અને તેમના એહલેબયતના મુબારક કદમો પડવાના હતા. આ બંજર અને બીમાર હવાવાળી ભૂમિ આજે મોહંમદ - અલી - ફાતેમા અને તેમના મુબારક ઘરાનાથી પાવન થવાની હતી. મોહંમદના ઘરાનાનો એક એક નફસ રહમત અને બરકતનો ખજાનો હતો. જે મોહાજિરો અગાઉથી મદીના આવી ચુક્યા હતા અને મદીનાવાળાઓ જેઓ મુસલમાન થઈ ચુક્યા હતા તેઓ બધા જ આ જાણીને કે પેગંબર (સલ.) કુબા

સુધી તો આવી ગયા છે અને આજે શહેરમાં પધારી રહ્યા છે, ઘણાં જ ખુશ હતા. આ ગરીબ-ગુરબાં અને દુખિયારા મુસલમાનો તથા મોહાજિરો જેઓ મજબુર થઈને તકલીફો ઉઠાવીને ઘર - વતન - માલસામાન સર્વે છોડીને ઈમાન બચાવવા ખાતર મદીના આવ્યા હતા તેમના રોમે રોમ આજે ખુશ હતા કે અમારા પ્યારા નબી આજે અમારી પાસે આવી રહ્યા છે. રસુલુલ્લાહ(સલ.)ના મદીના આવવાના ઈન્તિઝારની એક એક પળ ગણી રહ્યા હતા. અમૂક લોકો તો સ્વાગત માટે કુબા સુધી પહોંચી ચૂક્યા હતા. આપ(સલ.)ને જલ્દી મદીના આવવાની દરખાસ્ત કરી ચૂક્યા હતા. ૧૬ રબીઉલ અવ્વલ જુમ્આના દિવસે આ નૂરાની હસ્તીઓ

પોતાની ખુદાદાદ ઈઝ્ઝત અને અઝમત સાથે મદીના તરફ રવાના થયા.

બુરીદહ બિન અલહબીબ મરકબની સાથે આગળ આગળ ચાલી રહ્યા હતા. બાકી લોકો પાછળ ઊંટો પર સવાર હતા. કેટલાક લોકોએ ખજૂરના પાદડાંની એક મોટી છત્રી બનાવી હતી જેના દ્વારા પેગંબર ઈસ્લામની ઉપર છાંયડો કરતા હતા. હઝરત અલી (અલ.) હુઝૂર (સલ.)ની સાથે સવાર હતા.

બુરીદહએ પેગંબર ઈસ્લામને વિનંતી કરી કે યા રસુલલ્લાહ ! આપ મદીનામાં અલમ વગર દાખલ ન થાઓ. જેથી તેને પોતાની પાઘડી ઉતારી અને ચીરી નાખી તેમાંથી એક અલમ તૈયાર કરીને તેને ભાલા ઉપર લટકાવી દીધો. પછી બુરીદહ

રસુલુલ્લાહની આગળ આગળ ચાલ્યા. આ ઈસ્લામનો પ્રથમ અલમ હતો. જ્યારે મદીનાની નજીક પહોંચ્યા તો અનસારની એક જમાત પગપાળા ધૂળ-રેતીમાં લોથપોથ એકદમ શોક અને જઝબાત સાથે રસુલુલ્લાહના દીદાર માટે - સ્વાગત માટે બહાર નીકળી આવી. આ લોકોમા ઘણાં ખરા તો એવા પણ હતા જેઓ ઈમાન તો લઈ આવ્યા હતા છતાં હજી સુધી પોતાના પ્યારા નબીના દીદારથી મહરૂમ હતા. આવા લોકો રસુલુલ્લાહ (સલ.)ની ઝિયારત માટે બેચેન હતા. ક્યાં છે મક્કાના મુશરેકીન ઝાલિમો જેઓ જરા આવીને જુઓ તો ખરા ! આ દુનિયાની શ્રેષ્ઠ ઈન્સાનિયત પવિત્ર માસુમ વ્યક્તિ જેના ઉપર, તેના ઘરની વ્યક્તિઓ ઉપર જિંદગી તંગ બનાવી દીધી હતી.

જેમના માટે મક્કાનો કોઈ ખૂણો અમાન કે સલામતિનો ન હતો. જેમને મારી નાખવા માટે જેમણે ઈનામોની જાહેરાતો કરી હતી, તેઓ પરેશાન થઈને પોતાના બાપદાદાના વતન છોડવા મજબુર થઈ ગયા હતા. તેઓ આજે મદીનામાં શાનો શોકતથી દાખલ થઈ રહ્યા છે. જેવી રીતે ખૂબ પ્રભાવશાળી બાદશાહ જીત પછી પોતાની રાજધાનીમાં દાખલ થઈ રહ્યો છે. જ્યાંથી પણ આપ પસાર થતા હતા લોકો કદમ ચૂમવા માટે આગળ આવતા હતા. અનસારના ઘરો અને મહોલ્લાઓની જે જે ગલીઓમાંથી પસાર થતા - લોકોના ટોળે ટોળાં સ્ત્રીઓ બાળકો સાથે આપના દીદાર કરવા બહાર નીકળી આવતાં. લોકો વિનંતી કરતા, હુઝુર થોડીક વાર અહીં અમારા ઘરને પાવન કરો, પવિત્ર

બનાવો, વિનંતી કરતા કે અમારા ઘેર થોડીક વાર પણ રોકાઓ. તમારા પવિત્ર કદમો વડે અમારા ઘરને ઈઝ્ઝત બક્ષો, બરકત આપો, ઘરમાં પધારો, કંઈક લો. આ કેટલું ખુશનુમા દૃશ્ય હશે.

ઈસ્લામ અને અલ્લાહ-રસૂલની મહબ્બતથી ભરેલાં કેટલાક હ્રદયો એમ ઈચ્છતા હતા કે રસુલુલ્લાહ અમારા ઘરને જ મદીનામાં પોતાનું રહેઠાણ બનાવે. આવા સમયમાં કોને રાજી કરવા અને કોને નારાજ કરવા, શું કરવું તે એક અણીશુદ્ધ પવિત્ર અને અતિ ઈન્સાફ પસંદ વ્યક્તિ એવા રસુલુલ્લાહ(સલ.) માટે ઘણો જ મુશ્કેલ નિર્ણય હતો. આપ અતિ બુદ્ધિશાળી હતા. ખુદાની મદદ અને દોરવણી આપની સાથે હતી. ખૂબ યાદ રાખો કે નબી પોતાના જમાનાનો સૌથી વધારે ઈલ્મ

ધરાવનાર, સૌથી વધારે બુદ્ધિશાળી અને સૌથી વધુ અલ્લાહની ઈતાઅત કરનાર - અલ્લાહને સૌથી વધુ પ્યારો બંદો હોય છે. અલ્લાહની મદદ, તેની રહેમત તેની દોરવણી નબી સાથે હોય છે, ન કે અન્યો સાથે

[રસૂલે ખુદાના આ દુનિયાથી પડદે થયા પછી મુસલમાનો બે ભાગમાં વહેંચાઈ ગયા. એક નાની લઘુમતીએ રસુલુલ્લાહની તાબેદારી કરી અને આપના વસી, વઝીર અને મિનજાનિબિલ્લાહ ખલીફા, ઈમામ હઝરત અલી(અલ.)ની તાબેદારી કરી. આપથી મહબ્બત રાખી. અન્યોથી અલગ રહ્યા. બીજી એક બહુમતિએ અબુબકરને ખલીફા માની તેમની તાબેદારી કરી. આ બહુમતિવાળો ઈસ્લામ રાજધર્મ બન્યો. જેમણે અલ્લાહની નાફરમાની કરી, રસુલુલ્લાહની નાફરમાની કરી,

હઝરત અલીનો હક છીનવી લીધો. એહલેબયતે રસૂલ ઉપર ખૂબ જ ઝુલ્મો કર્યા. આ લોકો રૂહાની ન હતા. આ માદ્દપરસ્ત, દુનિયાપરસ્ત, એવા સામાન્ય બાદશાહો જ હતા. જોકે સત્તા સંભાળનારા રાજાઓની કથાઓ આપણે વાંચીએ છીએ. પરંતુ આ હોંશીયાર અને ચાલાક લોકોએ પોતાના આ રાજકારણમાં ઈસ્લામની મિલાવટ કરી દીધી. કારણકે જે પ્રજા ઉપર રાજ કરવાનું હતું તેઓ વધારે પડતા નવ મુસલમાનો હતા. અરબના ગામડીયા બદ્દુઓ હતા. ઈસ્લામ અને તેની રૂહોથી બેખબર હતા. તેથી કુઆર્ને છેલ્લે આપ (સલ.)ના આ દુનિયાથી પડદે થતા અગાઉ આયત ઉતારીને કહ્યું છે. : "અય રસૂલ ! આ બદ્દુઓ ઈસ્લામમાં દાખલ થયા છે. ઈમાન નથી લાવ્યા." તો સમજી

લો કે જમાનાનો રસૂલ પોતાના સમયનો સૌથી વધારે બુદ્ધિશાળી હોય છે. સૌથી વધુ અલ્લાહને પ્યારો હોય છે. પરંતુ રસુલુલ્લાહ પછીના રાજકારણે એવી કરવટ બદલી કે પાછળના ઈતિહાસ લખનારાઓએ, સીરતવિદોએ અને હદીસવેત્તાઓએ ઈલ્મનો વેપાર શરૂ કરી દીધો. બીજા ખલિફા ઉમર બિન ખતાબ માટે, તેમની તારીફ ઈઝ્ઝત વધારવા માટે પેગંબરે ઈસ્લામનો દરજ્જો - નબીનો દરજ્જો ઘટાડી દીધો. આ મુર્ખ લોકોએ આવી સેંકડો - હજારો હદીસો ઘડી છે. જેનાથી એવું સ્પષ્ટ ગુમાન પેદા થાય છે કે નબી કરતા તો ઉમર વધારે બુદ્ધિશાળી અને અલ્લાહને વધારે વહાલા હતા. અમે લખી ચૂક્યા છીએ કે દરેક જમાનાનો નબી અલ્લાહને સૌથી વધુ વહાલો, સૌથી વધુ મુત્તકી,

સૌથી વધુ આલિમ અને સૌથી વધુ બુદ્ધિશાળી હોય છે. ઉચ્ચોચ્ચ અને શ્રેષ્ઠ હોય છે. છતાંય રાજકારણે ઉમરને રસૂલ કરતા ઉચ્ચ બનાવી દીધા છે. સાત પ્રસંગો એવા બતાવ્યા છે. જેમાં રસૂલ ન ઈચ્છતા હતા પરંતુ ઉમર ઈચ્છતા હતા કે આમ થવું જોઈએ અને અલ્લાહે તે માટે આયતો ઊતારી છે. અસ્તગફિરૂલ્લાહ, આ બાબતનો વિસ્તારથી અમો અમારી કિતાબ ઈસ્લામ અસત્યના ઘેરાવમાં - ભાગ ૨માં (હઝરત ઉમરનું જીવન) લખી ચૂક્યા છીએ. તેમાં વિસ્તારથી વાંચો.]

પેગંબર (સલ.)એ ફરમાવ્યું : મારા ઊંટને છૂટો મૂકી દો, તે જ્યાં અટકી જશે, રોકાઈ જશે, એ વ્યક્તિનું ઘર મારૂં હંગામી રહેઠાણ હશે. જેથી કોઈને જરા પણ ખરાબ ન લાગે. કોઈ ગરીબને એમ ન

થાય કે મારૂં ઘર ઘણાં જ મોકાનું છે છતા મારા ઘેર ન રોકાયા ને ફલાણાનું ઘર મારા કરતાં સાંકડું છે, ખૂણામાં છે. લોકોને આવનજાવનમાં તકલીફ પડે એમ છે છતાંય ત્યાં રોકાયા. કારણ કે અનસાર બધાજ ઈસ્લામ માટે મરી ફીટવા તૈયાર હતા. જાન ન્યોછાવર કરનારા હતા. આ રસૂલ તો ત્યારે પણ અતિ બુદ્ધિશાળી હતા કે જ્યારે ઘણાં જ નવયુવાન હતા અને કાબાના સમારકામ દરમ્યાન ખસેડેલો હજરે અસવદ તેની જગ્યાએ ગોઠવવાનો હતો તો આપ (સલ.)એ બધા જ કબીલાઓનો ઝગડો મીટાવી દીધો હતો.

કોઈપણ નારાજ ન થાય એવો ફેંસલો આપ (સલ.)એ આપી દીધો કે મારા નાકાને (ઊંટને) છોડી નાખો, એ જ્યાં રોકાશે ત્યાં હું રોકાઈશ. તે ઘર

મારૂં રહેઠાણ બનશે. આ બાબત અલ્લાહ તરફથી નિયત હશે. લોકો ઊંટને જોઈ રહ્યા હતા કે તે કોણ ખુશનસીબના ઘર પાસે રોકાય છે. જ્યારે આપ (સલ.) નો ઊંટ બની નજ્જારના કબીલામાં પહોચ્યો તો ત્યાં રોકાઈ ગયો. જ્યાં આજે મસ્જિદે નબવીનો દરવાજો પડે છે. આ જગ્યાએ તે સમયે અબુ ઐયુબ અનસારીનું ઘર હતું. આ તે જ બુઝૂર્ગ સહાબી છે કે હિજરી સન ૪૮માં મઆવીયાના શાસનકાળમાં કુસતુનતુનીયા ઉપર ફોજ મોકલવામાં આવી હતી ત્યારે ઘેરાવના દિવસોમાં થોડાક દિવસ બીમાર રહ્યા પછી તેમનો ઈન્તિકાલ થઈ ગયો. તેઓને શહેરના કોટની પાસે દફન કરવામાં આવ્યા. જ્યારે સુલતાન મહંમદ ફાતેહે ઈ. સ. ૮૫૮માં આ શહેરને ફતેહ કર્યું, ત્યારે તેણે આપની કબર ઉપર મકબરો

બનાવી દીધો. જે મકબરો આજે પણ જામે ઐયુબીયાના નામથી પ્રખ્યાત છે. હઝરત અબુ ઐયુબ અનસારી પેગંબર ઈસ્લામ (સલ.)ને પોતાના ઘેર લઈ ગયા. જ્યાં મસ્જિદે નબવી તૈયાર થતાં સુધી - લગભગ સાત માસ સુધી રહ્યા.

આપ (સલ.)ની મદીના આમદ ઉપર ખુશીમાં મદીનાની કુમારીકાઓએ અરબીમાં “તરાના” પઢી હતી. જે છોકરીઓ પેગંબરે ઈસ્લામના હાથ ઉપર અને અમુક હઝરત મુસઅબ બિન ઉમૈરની તબ્લીગ ઉપર ઈમાન લાવી હતી.

**જે અરબી અશઆરનો તરજુમો આ પ્રમાણે છે.**

**અમારી ઉપર ચાંદ નીકળી આવ્યો.**

**ચાંદ કોહે દરાઅની ઘાટીઓથી દેખાયો.**

**અમારા ઉપર ખુદાનો શુક્ર વાજીબ છે.**

**જ્યાં સુધી દુવા માંગવાવાળીઓ દુઆ કરે.**

**અય ખુદાની તરફથી મોકલવામાં આવનાર**

**આપ આવી જાઓ, આપ આવી જાઓ.**

**આપ ભલે પધારો, આપ ભલે પધારો**

**આપ અલ્લાહના અહકામો અમને બતાવો**

**અમે બની નજ્જારની છોકરીઓ છીએ**

**મોહંમદ અમારા કેવા સારા પડોશી છે.**

**અમે અલ્લાહનો શુક્ર કરીએ છીએ, કરીએ છીએ.**

આ તરાના સાંભળીને આપ (સલ.) ઘણાં જ ભાવવિભોર થઈ ગયા. આપને એટલી ખુશી થઈ કે જે ખુશી આપના ચહેરા મુબારક ઉપર જોઈ શકાતી હતી. આપે છોકરીઓ ઉપર શફકતની દૃષ્ટિ નાખી, તેઓને ખૂબ ખૂબ દુઆઓ દીધી. પછી ફરમાવ્યું : શું હકીકતમાં તમે મને ચાહો છો ? સર્વેએ એકી સાથે

જવાબ આપ્યો : જી હાં : તો આપ (સલ.) એ ઈરશાદ ફરમાવ્યો : યાદ રાખો હું પણ આપને દિલથી ચાહું છું.

**(૧) પેગંબરે ઈસ્લામનું અબુ ઐયુબ અનસારીના ઘેર રોકાણ.**

પેગંબર (સલ.)નો ઊંટ હઝરત અબુ ઐયુબ અનસારી (રઝિ.) ના ઘર પાસે રોકાઈ ગયો હતો. જેથી આપ (સલ.)એ ત્યાં જ રોકાવાનું નક્કી કર્યું. આ તો પ્રખ્યાત અને માન્ય રિવાયત છે છતાંય આપણે અન્યોની કોઈક એકાદ બે રિવાયતોનો પણ રસાસ્વાદ માણીએ.

સહીહ મુસ્લિમ સુન્ની બિરાદરીની કિતાબમાં છે કે જ્યારે લોકોમાં આપની મહેમાની માટે વિરોધાભાસ સર્જાયો, એક કહે કે પેગંબર અમારા

કબીલામાં રોકાશે અને બીજો કહે ના અમારા કબીલામાં મહેમાન બનશે - આવી અવાજો ઉઠી ત્યારે આપ (સલ.)એ ફરમાવ્યું : હું બની નજ્જારને ત્યાં ઉતરીશ. જેઓ બની અબ્દુલ મુત્તલિબના મામા થાય છે. વળી હઝરત અબુ ઐયુબ અનસારી તે જ ખાનદાનથી હતા. બુખારી કિતાબમાં ઈમામ બુખારીએ તારીખે સગીરમાં સ્પષ્ટિકરણ કર્યું છે કે અબુ ઐયુબ અનસારીના ઘેર ઊતરવું આ જ સગાઈ સંબંધના અનુસંધાનમાં હતું.

(જુઓ સીરતુન્નબી સીબ્લી નોઅમાની ભાગ - ૧ પેજ નં. ૨૦૪)

[મારી દૃષ્ટિમાં બંને રિવાયતો અહીં હોઈ શકે છે. આપ (સલ.) નો ઈરાદો હઝરત અબુ ઐયુબ અનસારીને ત્યાં જ મહેમાન બનવાનો હોય. સગાઈ સંબંધના આધારે આપે જાહેર પણ કરી દીધું હોય.

પરંતુ પાછળથી અનેક લોકોને નારાજ થતા જોઈ આપ (સલ.) એ ઉપરોક્ત નાકા જ્યાં બેસી જાય ત્યાં રોકાઈશ, આ પ્રમાણે હુકમ ફરમાવ્યો હોય. નબી અને ઈમામનું વચન સત્યવચન હોય છે. આપના પ્રથમ ફરમાનના મુતાબિક જ ઊંટ અબુ ઐયુબના ઘર પાસે રોકાઈ ગયો. જેથી કોઈને નારાજગી પણ ન થઈ. કોઈપણ ગામમાં જઈને આપણે સગાને છોડીને જ્યારે કે સગો પણ આગ્રહ કરતો હોય અન્ય પરાયા બિન સગાને ત્યાં રોકાવું, અત્રે આપણા સમાજમાં પણ એબ ગણાય છે.]

હઝરત અબુ ઐયુબ અનસારીએ જે મહબ્બતના ભાવ સાથે, ખુલુસ દીલથી આપ (સલ.)ની મહેમાનનવાજી ફરમાવી તે અજોડ છે.

તારીખે ઈબ્ને હિશ્શામમાં છે કે સ્વયં હઝરત અબુ ઐયુબ અનસારી ફરમાવે છે કે જ્યારે રસૂલે ખુદા મારા ઘેર આવ્યા, અને રોકાયા ત્યારે મૈં આપને પ્રથમ માળીયાવાળા (Fિૈજિ કાર્ૈિ) ઓરડામાં ઉતારવા ઈચ્છયું જ્ૅયાં હવા ઉજાસ પણ સારો હતો પરંતુ આપ (સલ.)એ પોતાના મહેમાન, દીનના મહેમાન, ઈસ્લામ ખાતર આવનારા લોકોનો ખ્યાલ રાખીને કે તેઓને તકલીફ પહોંચે, નીચેના ભાગમાં જ રહેવાનું ઈચ્છયું.

હઝરત અબુ ઐયુબ અનસારી મહબ્બતે રસૂલ અને ઈશ્કે રસૂલની એક અજીબ ઘટના વર્ણવતાં કહે છે કે અમે પતિ - પત્ની ઉપરના મજલા ઉપર સૂતાં હતા, રાતના અચાનક અમારા પાણીનું વાસણ (મટકી) જે માટીની હતી તે તૂટી ગઈ. પાણી ઢોળાઈ ગયું. નીચેના ભોંયતળિયે આપ (સલ.) સૂતા હતા, જેથી અમે બંને

પતિ-પત્ની ઘણાં જ ચિંતિત થયાં કે રસુલુલ્લાહને કેટલી પરેશાની થશે. તરત જ અમે અમારા ઓઢવાનો કામળો જે ફક્ત એક જ હતો તે ઢોળાયેલા પાણી ઉપર પાથરી દીધો અને પાણી શોષાઈ ગયું. અમને આનંદ થયો કે પેગંબર પરેશાન ન થયા.

હઝરત અબુ ઐયુબ અનસારી વર્ણવે છે કે અમે આપ (સલ.) ના માટે ખાવાનું પકાવીને આપની સેવામાં રજૂ કરતા હતાં. પછી જે કંઈ ખાવાનું બચીને આવતું તે મીયાં-બીબી ખાઈ લેતાં. અમે લોકો પેગંબરે ઈસ્લામે જ્યાં સુધી ખાધું છે, જ્યાં આપ (સલ.)ના મુબારક હાથ લાગેલા છે તે ભાગ તરફથી બંને જણ ખાતાં મતલબ આપ (સલ.)ના હાથ મુબારકના નિશાન ઉપર પોતાના હાથ નાખી ખાવાનું ખાતાં.

(તરજુમો તારીખે ઈબ્ને હિશ્શામ ભાગ - ૧ પેજ નં. ૫૪૮)

# પ્રકરણ : ૫ : હિજરી સન - ૧, મુખ્ય ઘટનાઓ - ભાગ - 3

## મસ્જિદે નબવીનું બાંધકામ

પેગંબરે ઈસ્લામ હઝરત મોહંમદ (સલ.) મદીના તશરીફ લાવ્યા બાદ સાત મહિના સુધી અબુ ઐયુબ અનસારી (રઝિ.) ના મકાનમાં રહ્યા. આ સમય દરમ્યાન નમાઝ માટે કોઈ ચોક્કસ જગ્યા નક્કી ન હતી, ન આપના રહેઠાણ માટે. આપ (સલ.)એ ઘરના બાંધકામ સાથે મસ્જિદની તાઅમીર પણ જરૂરી સમજી. હઝરત અબુ ઐયુબ અનસારીના ઘરની નજીક એક પડતર જમીન, જેના ઉપર ઢોર-ઢાંખર બાંધવામાં આવતાં હતાં, મસ્જિદ માટે પસંદ કરી. આ જમીન જનાબ અબ્દુલ મુત્તલિબના મોશાળ પક્ષ બની નજ્જારની હતી.

પ્યારા નબી (સલ.)એ આ જમીનને કિંમત આપી ખરીદવા ઈચ્છયું. પરંતુ બની નજ્જારે કિંમત લેવાની ના પાડી. ઉપરાંત જમીન સામેથી આપતા કહ્યું કે, “અમે આખેરતનો સવાબ ઈચ્છીએ છીએ.” પરંતુ પેગંબરે ઈસ્લામે તે જમીન કિંમત આપ્યા વગર લેવાનું યોગ્ય ન માન્યું. કારણ કે અસલમાં આ જમીન બની નજ્જારના બે યતીમ છોકરાઓની હતી. જેમના નામો સહલ અને સુહૈલ હતા. આ બંને છોકરાઓ મઆઝબિન અફરાની પરવરીશમાં હતા. જેથી આપ (સલ.)એ મઆઝના હસ્તક તે જમીન ખરીદી. તેને હમવાર કરીને તેના ઉપર મસ્જિદ બાંધવાનું શરૂ કર્યું. જે થોડાક દિવસોમાં બે અઢી મીટરની ઊંચી દિવાલો સાથે તૈયાર થઈ ગઈ, પછી લાકડાના થાંભલા ઊભા કરીને તેના એક ભાગ

ઉપર ઘાસ પાંદડાની છત નાખી મસ્જિદની એક બાજુ બે નાના હુજરા પણ અઝવાજના માટે બનાવવામાં આવ્યા. આ હુજરાઓની વચ્ચે બરાબર બે ભાગ પડે એ રીતે હઝરત અલી ઈબ્ને અબીતાલિબ (અલ.)નું ઘર બનાવવામાં આવ્યું. [અરબી શબ્દ પ્રયોગ વસત છે. વાવ, સીન, તોય - જેનો અર્થ કોઈ વસ્તુનું બરાબર વચ્ચે હોવું, જે તેને બે સરખા ભાગમાં વહેંચી નાખે, હઝરત અલી (અલ.) નું ઘર અઝવાજના હુજરાઓની બે લાઈનો વચ્ચે હતું.] મક્કાથી હિજરત કરીને આવનાર મુહાજેરોએ પણ મસ્જિદની બીજી દિશામાં ઘર બનાવ્યાં. આ બધાજ ઘરોના દરવાજાઓ મસ્જિદ તરફ ખુલતા હતા. આ બધા જ લોકોની આવનજાવન મસ્જિદ તરફથી જ રહેતી. લોકો જે

પણ હાલતમાં હોય ત્યાંથી જ આવતા જતા. આ જ રસ્તાનો ઉપયોગ કરતા.

રસૂલે ખુદા (સલ.)એ આ વાતને મસ્જિદની પાકીઝગીથી વિરૂદ્ધ સમજીને હુકમ આપ્યો કે મસ્જિદની તરફ ખુલવાવાળા બધા જ ઘરોના દરવાજા બંધ કરી દેવામાં આવે. ફક્ત હઝરત અલી (અલ.)ને ઈજાઝત આપી કે આપ પોતાના ઘરનો દરવાજો ખુલ્લો રાખે. સાથે એજ દરવાજેથી આવનજાવન પણ કરે.

મુસલમાનોની પ્રખ્યાત કિતાબ તિરમિઝી શરીફમાંથી આ રીવાયત પ્રસ્તુત છે.

“પેગંબર (સલ.) એ હુકમ આપ્યો હતો કે અલી (અલ.) ના દરવાજાના સિવાય મસ્જિદ તરફ ખૂલતા બધાજ દરવાજાઓ બંધ કરી દેવામાં આવે.”

(સહીહ તિરમીઝી, ભાગ - ૨, પેજ નં. ૨૧૪)

પેગંબર(સલ.)નો હુકમ કેટલાક સહાબાને ન ગમ્યો. કેટલાકે નાક ફૂલાવ્યું. કેટલીક જીભોએ બબડાટ કર્યો. અંદર અંદર ખુશરપુશર પણ થઈ. જ્યારે પેગંબર (સલ.) ને સહાબાની આ હાલતની જાણ થઈ તો આપ (સલ. ) એ બધાને એકત્ર કર્યા, પછી ફરમાવ્યું :

“મેં તમારા દરવાજાઓને બંધ નથી કર્યા અને ન અલીના દરવાજાને ખુલ્લો રાખ્યો છે. બલ્કે અલ્લાહે તમારા દરવાજાને બંધ કર્યા છે અને અલીના દરવાજાને ખુલ્લો રહેવા દીધો છે.”

(ખસાઈસ નિસાઈ પેજ નં. ૩૭)

આપ (સલ.) ના કેટલાક સગાઓએ પણ ઈચ્છ્યું કે તેમના ઘરોના મસ્જિદ તરફ ખૂલતા

દરવાજાઓને ખુલ્લા રહેવા દેવામાં આવે જેથી તેમણે પણ પેગંબર ઈસ્લામને શિકાયત કરી કે આપે અલીને આ બાબત છૂટ આપી અને અમને મના ફરમાવ્યું :

"મેં ન તમોને કાઢ્યા છે ન અલીને રહેવા દીધા છે. બલ્કે અલ્લાહતઆલાએ તમને કાઢ્યા છે. અને અલીને રહેવા દીધા છે."

(મુસ્તદરક હાકીમ ભાગ - ૩ પેજ નં. ૧૧૭, પ્રકાશન ઈદારા એહલે સુન્નત - કરાંચી)

ઉપરોક્ત હદીસમાં "ન તૂમ્હે નીકાલા હૈ, ન અલી કો ઠેરાયા હૈ" અહીં નીકળવાથી મતલબ મસ્જિદ તરફના દરવાજા બંધ કરાવી ત્યાંથી કાઢી મૂકવું અને અલીને ઠેરવ્યાથી મતલબ તેમનો દરવાજો જૈસે થે ની પોઝિશનમાં મસ્જિદ તરફ

ખુલ્લો રહેવા દઈ તેમને આવનજાવનની છૂટ આપવી.

હઝરત ઉમર આ બાબતે અમીરૂલ મોઅમેનીનની એક ખાસ વિશેષતા-શાનોશોકત સમજતા હતા. જેથી ઘણાં વખત કહ્યા કરતા હતા કે હઝરત અલી ઈબ્ને અબીતાલિબ (અલ.)ને ત્રણ એવી ખાસ વિશેષતાઓ પ્રાપ્ત છે. જો તેમાંથી એકપણ મને પ્રાપ્ત થાત તો તે મને લાલ બાલોવાળા ઊંટો મળવાથી પણ વધારે પસંદ હોત. પૂછવામાં આવ્યું "અય ઉમર, તે વિશેષતાઓ શું છે ? જે આપને આટલી બધી પસંદ છે , કહ્યું કે એક તો આ કે ફાતેમા બિન્તે રસૂલ અલીના નિકાહમાં આવ્યાં.

બીજી આ છે, તેમને રસુલુલ્લાહની સાથે મસ્જિદમાં રહેવાની ઈઝ્ઝત પ્રાપ્ત થઈ. તેથી જે કાર્યો રસુલુલ્લાહ(સલ.) માટે તેમાં જાઈઝ હતાં તે કાર્યો અલી માટે પણ જાઈઝ થઈ ગયાં.

ત્રીજી બાબત આ કે તેમને ખયબરના દિવસે અલમ આપવામાં આવ્યો.”

(મુસ્તદરક હાકીમ, ભાગ - ૩, પેજ નં. ૧૨૫ પ્રકાશન ઈદારા એહલે સુન્નત કરાંચી)

ઈબ્રાહીમ હમવીનીએ ફરાએદુસ્સમતીનમાં લખ્યું છે કે,

“દરવાજો અલીનો ખુલ્લો રાખવાની રીવાયતને ૩૦ સહાબાએ વર્ણવી છે. અને આ વાતને અમીરૂલ મોઅમેનીનની અલ્લાહની એક ખાસ ઈઝ્ઝત, એક ખાસ દરજ્જો માન્યો છે. એહલે

સુન્નત બિરાદરીની સિહાહ સિત્તામાં ગણાતી સહીહ તિરમિઝીની આ રીવાયત છે. તે સિવાય પણ અનેક અન્ય કીતાબોમાં પણ ૩૦ જેટલા સહાબાથી આ રીવાયત વર્ણવાયેલી હોવા છતાં એહલે સુન્નતની બીજી કિતાબોમાં આ રીવાયત પણ છે.”

“અબુબકરની બારીના સિવાય મસ્જિદ તરફ કોઈ બારી [અહીં ખીડકી શબ્દ છે. જેનો અર્થ ઝરૂખો, દરીંચો એવો થાય છે. અમે તેનો “બારી”એવો અર્થ લીધો છે.] બાકી ન રહે.”

જ્યારે પ્રથમ રીવાયત કે જેમાં હઝરત અમીરૂલ મોઅમેનીનના ઘરના દરવાજા સિવાયના બધા જ લોકોના ઘરોના મસ્જિદ તરફના દરવાજા બંધ કરવાનો હુકમ થયો. જે હુકમ અલ્લાહ તરફથી હતો. રસૂલની ઝબાન મુબારકથી હતો. આ

રીવાયતનો ઈન્કાર આ ઈમામના દુશ્મનો ન કરી શક્યા. જેથી આ લોકોએ ઉપરોક્ત અબુબકરવાળી રીવાયત ઘડી કાઢી, બંને રીવાયતોમાં સરખાપણું લાવી દીધું. કહ્યું કે પ્રથમ રીવાયત હિજરતના પ્રથમ સાલની છે. અને બીજી રીવાયતનો સંબંધ પેગંબરની હયાતીના છેલ્લા દિવસોથી છે. આ ઈમામતના દુશ્મનોનો કહેવાનો મતલબ આ છે કે જ્યારે પ્રથમ વખત પેગંબરે ઈસ્લામે દરેકના ઘરના મસ્જિદ તરફના દરવાજા બંધ કરવાનો હુકમ આપ્યો. ત્યારે હઝરત અલી(અલ.)ના સિવાયના બધા જ દરવાજાઓ બંધ કરાવી દીધા. પછી જ્યારે આપની વફાતનો સમય નજીક આવ્યો ત્યારે આપ (સલ.)ની હઝરત અબુબકરની ખિડકી સિવાયની બધી જ ખિડકીઓ બંધ કરાવી દીધી. આ રીતની

ચાલાકી તો કરવા ગયા, પરંતુ ફસાઈ ગયા કારણ કે મિનજાનીબિલ્લાહ ઈમામતના મુકાબલામાં જુઠ્ઠી ખિલાફત ઊભી કરવા માટે જાતજાતની, પ્રકાર પ્રકારની, ચાલાકીઓ કરવી પડી છે. છતાંય રીવાયતોમાં સરખાપણું તો આવતું જ નથી. બલ્કે આ બીજી રીવાયતની સમગ્ર ઘટના જુઠ્ઠી સાબિત થાય છે એટલા માટે કે હઝરત અબુબકરનું કોઈ મકાન મસ્જિદને અડીને કે પાસે હતું જ નહિં, કે બારી ખુલ્લી રાખવાની કે બંધ કરવાની વાત પેદા થાય. તેઓ હિજરત પછી બની અબ્દ ઓફના ત્યાં મુકીમ રહ્યા. પછી પેગંબર (સલ.)ના આખરી જમાનામાં મદીનાની બહાર એક ગામ સખમાં રહેતા હતા. જે મસ્જિદથી ખાસ્સુ દુર હતું. લગભગ પાંચ કી. મી. જેટલું દૂર હતું. પેગંબર (સલ.)ને મળવા

માટે તે ગામથી જ મદીના આવતા અને પાછા ચાલી જતા. તેથી જ તારીખે તબરીના કર્તાએ લખ્યું છે કે હઝરત અબુબકર પેગંબર (સલ.)ની વફાતના દિવસે મદીના આવ્યા અને પેગંબર (સલ.)ની હાલત જોઈ સારું લાગતાં અબુબકર સખમાં પોતાના ઘરવાળાઓ પાસે પહોંચી ગયા.

(તારીખે તબરી, ભાગ - ૨, પેજ નં. ૪૪૦)

શરૂ શરૂમાં રાતના સમયે દીવાની જગ્યાએ ખજૂરના પાંદડા અને લાકડીઓ સળગાવીને અજવાળું કરવામાં આવતું હતું. આપ (સલ.) જમીન ઉપર બેસીને ખજૂરના થડના લાકડાનો પીઠ પાછળ ટેકો લગાવીને વાઅઝ (ઉદ્બોધન) ફરમાવતા હતા. આપની વાઅઝમાં અગર ઈબાદતના વિષયમાં હિદાયતો હોય કે ઈન્સાનો સાથે નેકીનો વર્તાવ

કરવાની વાતો હોય. મસ્જિદની દિવાલની લગોલગ આપ (સલ.)એ પોતાની અઝવાજના (પત્નીઓના) માટે મકાનો બનાવ્યાં હતાં. મસ્જિદનો એક દરવાજો આ મકાનોની તરફ ખૂલતો હતો.

અન્ય ગલત રિવાયતોથી હટીને સહીહ રિવાયતો આ જ છે કે પેગંબર ઈસ્લામનું કુટુંબ જેમાં ખાસ કરીને જનાબે ફાતેમા ઝેહરા સલામુલ્લાહ અલયહા આપના વાલીદહ માજીદહ જનાબે ફાતેમા બિન્તે અસદ (રઝિ.), ફાતેમા બિન્તે ઝુબેર બિન અબ્દુલ મુત્તબિલ અને જનાબ ફાતેમાં બિન્તે હમઝા (રઝિ.) આ ચાર ફાતેમાઓ સાથે ઉમ્મુલ મોઅમેનીન સોદહ બિન્તે ઝમાઅ (રઝિ.) વગેરે રસુલુલ્લાહની નઝદીકી સગાઈની બધીજ સ્ત્રીઓએ હઝરત અલી (અલ.)ની સાથે હિજરત ફરમાવી છે.

આ વાત શક્ય જ નથી કે નબી (સલ.) પોતાના ઘરની ઈઝ્ઝતદાર ઓરતોને અન્ય નામહરમો સાથે સફર કરાવે. ઈતિહાસના અન્ય પાત્રોને મહત્વ આપવા કે તેઓ પેગંબર (સલ.)ના ઘરની સ્ત્રીઓને સાથે લઈને આવ્યા. આવી ગલત અને એહલેબયતે રસૂલના દરજ્જાને ઘટાડનારી રીવાયતો ઘડવામાં આવી છે. અમારું ઈમાન આવી રિવાયતોને કબૂલ કરવાની કદીપણ ઈજાઝત આપતું નથી. આ વાત કેવી રીતે શક્ય છે કે અમીરૂલ મોઅમેનીન હઝરત અલી(અલ.) સ્વયં જાતે પોતે એકલા ચાલ્યા આવે અને રસુલુલ્લાહના જિગરના ટૂકડા, સૈયેદતુન્નીસાઈલ આલમીન, ઈમાનના બીજને મક્કા છોડીને આવે ? હરમે રસુલુલ્લાહને મક્કા છોડીને આવે, હઝરત અલી પોતાના મા અને પેગંબરે

ખુદાનાં પણ પાલક મા જનાબ ફાતેમા બિન્તે અસદને પણ મક્કા છોડીને ચાલ્યા આવે ? જેમના પાલવ ગુનાહોના ડાઘોથી ખરડાયેલાં છે, જેમની મથાવટી ખરાબ છે, જેઓ ફક્ત ઈસ્લામની જહોજલાલી જોઈને - દુન્યવી ફાયદાઓથી મહરૂમ ન રહી જઈએ એ હેતુથી ફક્ત ઈસ્લામના વર્તુળમાં દેખાદેખી દાખલ થઈ ગયા હતા એવા ઐતિહાસિક પાત્રોને પેગંબર ઈસ્લામની વફાત પછી ખૂબ જ મહત્ત્વ અપાયું. તેમને નેક-સાલેહ બતાવવા આવી રીવાયતો ઘડવામાં આવી છે.

અલ્લામાં મજલીસી અલયહે રહેમતે હયાતુલ કોલુબમાં લખ્યું છે કે આપ (સલ.)ના કુટુંબીજનોને હઝરત અલી (અલ.) પોતાની સાથે ઊંટો ઉપર લાવ્યા હતા. તે પણ કુબામાં જ ભેગા

થઈ ગયા હતા. મદીના શહેરમાં દાખલ થતી વખતે તો રસૂલ અને અલી બંને સાથે જ હતા. પાછળ પેગંબર (સલ.)ના ઘરાનાની બધી જ સ્ત્રીઓ પણ હતી.

જ્યારે આપ (સલ.) શહેર મદીનામાં દાખલ થયા તો બે નુરાની ચહેરાઓ - એક નુર જે હઝરત આદમની પીઠમાંથી પસાર થતું, તમામ અંબિયાની પીઠોમાંથી રોકાતું, જનાબે અબ્દુલ મુત્તબિલની પીઠમાં આવ્યું. ત્યાંથી આ મુબારક નૂરના બે ભાગ પડ્યા, એક ભાગ જનાબ અબ્દુલ્લાહની પીઠમાં ગયો અને આ નૂરનો બીજો ભાગ જનાબ અબુતાલીબની પીઠમાં ગયો. જનાબ અબ્દુલ્લાહનું નૂર તે હઝરત મોહંમદ (સલ.) અને જનાબ અબુતાલિબનું નૂર એ હઝરત અલી (અલ.). પાછાં

ફરી આ નૂરો ભેગા થયાં. મોહંમદનું નૂર જનાબે ફાતેમા (સલા.)વળી જનાબે ફાતેમા (સલા.) જનાબે અલી (અલ.)ના નિકાહમાં આવ્યાં.

વહાલા વાચકો, ખૂબ યાદ રાખો - તમામ વિશ્વની વિલાયતોનું કેન્દ્રસ્થાન-પાવરહાઉસ, જ્યાંથી તમામ વિશ્વની વિલાયતોને વિલાયતો નાના-મોટા અંશ પ્રાપ્ત થાય છે તે અલી-ફાતેમાનું ઘરાનું છે.

જ્યારે આ બે નૂરાની ચહેરાઓ - પંજતનમાંના બે પાત્રો મોહંમદ અલી (અલ.) મક્કા શહેરમાં દાખલ થયા તો જનાબે અલી (અલ.) રસુલુલ્લાહ (સલ.)ની સાથે સાથે ચાલતા હતા. બંને બુઝુર્ગો લોકોની સલામી ઝીલતા હતા. લોકો શેરીઓમાં, ઝરૂખાઓમાં, ધાબાઓ ઉપર જેને જ્યાંથી દેખાય ત્યાંથી આ દીલને ખુશ કરનારૂં દ્રશ્ય જોતાં

હતાં. જે લોકોએ રસુલુલ્લાહ (સલ.)ને જોયા ન હતા તેઓ આ બંને ચહેરાઓ સૈયેદુલ અંબિયા અને સૈયેદુલ અવસીયામાં ફરક ન કરી શકતા હતા. વળી આ બંને એક જ ઝાડના ફૂલ હતાં, એક થડની બે શાખાઓના ફળ હતાં જેથી ચહેરાઓમાં ફરકતું નૂર અને તેમની કશીશ (ખેંચ-આકર્ષણ) એક પ્રકારના હતાં. લોકો પારખી શકતા ન હતા કે કોણ નબી છે ? ઓળખનારાઓ બતાવતા હતા કે જેમના ઉપર છત્રીનો સાયો કરવામાં આવે છે તે તરફના બુઝૂર્ગ નબી હઝરત મોહંમદ (સલ.) છે. અને સાથે ચાલતા નવયુવાન તે આપના ચાચાના બેટા અલી (અલ.) છે.

હવે રાજકારણની બલિહારી જુઓ. રાજકારણે પોતાના પ્રિય પાત્રોને આગળ લાવવા

લખી દીધું કે અબુબકર અને રસુલુલ્લાહ સાથે ચાલતા હતા. જે લોકોએ જનાબ રસૂલે મકબૂલ (સલ.)ને જોયા ન હતા. તેઓ વિમાસણમાં પડી જતા કે કોણ નબી છે અને કોણ અબુબકર, પછી જાણકારો ઓળખાવતા હતા કે જમણી બાજુ ચાલતા વ્યક્તિ નબી છે અને સાથે ચાલતા અબુબકર છે. આવા પ્રકારની અનેક રિવાયતોથી ઈતિહાસ ભરેલો છે.

મસ્જિદે નબવી સાત માસમાં તૈયાર થઈ. ઈમારત પોતાના બાંધકામને જોતાં તદ્દન સાદીસીધી હતી. કાંચી ઈંટોની દિવાલો હતી, ખજૂરના પાંદડાઓની છત બનાવવામાં આવી હતી. ખજૂરના ઝાડના થડો દ્વારા થાંભલા ઉભા કરવામાં આવ્યા હતા. કિબ્લો બયતુલ મુકદસ તરફ

રાખવામાં આવ્યો હતો. પરંતુ જ્યારે કિબ્લો ફેરવવાનો હુકમ આવ્યો ત્યારે ઉત્તર દિશા તરફ એક નવો દરવાજો મૂકવામાં આવ્યો. મસ્જિદનું ફર્શ-ભોંયતળિયું નીચું હતું. જેથી વરસાદમાં કીચડ થઈ જતો હતો. ફર્શ પથ્થરની બનાવવામાં આવી. મસ્જિદના સાથે અડીને ખૂણામાં ચબુતરો હતો. જેના ઉપર ગરીબ અને ઘરબાર વગરના સહાબા આરામ ફરમાવતા હતા. આ ચબુતરાને સુફ્ફા કહેવામાં આવતો હતો.

મસ્જિદ નાની પડવા લાગી. મુસ્લીમોની વસ્તી વધતી ગઈ. બીજા ખલીફા સાહેબે તેને મોટી બનાવી, પરંતુ તેનું માળખું, ડીઝાઈન, જેમનું તેમ રાખવામાં આવ્યું. ત્રીજા ખલીફાના સમયમાં તેની દિવાલો પથ્થર અને ગચ (છીય-સીમેન્ટ જેવી

ચીકણી) વડે બનાવવામાં આવી. વલીદ બિન અબ્દુલ મલીકના સમયગાળામાં મસ્જિદે નબવીને વધુ વિશાળ બનાવવામાં આવી. અજવાઝે પેગંબર(સલ.)ના ઘરોને પણ જમીન દોઝ કરી તે જગ્યાને મસ્જિદમાં સમાવી લેવામાં આવી. ત્યાર બાદ મામુન રસીદે તેની શકલ જ બદલી નાખી. જુનું બધું જ હટાવી કોઈ બીજી જ મસ્જિદ હોય એવી બનાવી દીધી. મહેલ જેવો સુંદર નકશો ધરાવતી મસ્જિદ બનાવી.

જુન્નુન મિસરી એક મજઝુબ (ઈશ્કે ઈલાહીમાં ડુબેલો માણસ) હતા. જાણતા હતા કે રસુલુલ્લાહની મસ્જિદ કાચી માટીની ઈટોની અને ખજૂરના થડના થાંભલાની બનેલી છે. વળી તેનું તળીયું કાંકરીઓ ચોંટાડી સપાટ કરેલું છે. [આ જ

સપાટ કરેલી કાંકરીઓ ઉપર પેગંબરે ઈસ્લામ અને સહાબા સિજદો કરતા હતા. મુસલમાનોની બુખારી મુસ્લીમ કિતાબમાં પણ આ બાબતની સારી એવી રિવાયતો છે. લખે છે કે સહાબાના કપાળ ઉપર સિજદો કરવાથી માટી લાગી જતી હતી. ત્યારબાદ જમીનમાં ઉગતી સાંઠીઓનો ઉપયોગ થવા લાગ્યો. જેને આપણે સાદડી કહીએ છીએ. તે સાંઠીઓની સળીઓ પણ રંગેલી નહિં. કુદરતી જેવી ઊગતી એવી જ. શીયા બિરાદરી કુદરતી વસ્તુ માટી, રેતી, પથ્થર, ઝાડના પાંદડાં, વગેરે ઉપર જ સિજદો કરે છે. ત્યારે આ લોકો તેઓની ટીકા કરે છે. અમારા મસઅલા પ્રમાણે ખાવાની, પહેંરવાની રસાયણોવાળા રંગોવાળી વસ્તુઓ ઉપર સિજદો કરી શકાય નહિ. આ બાબત વધારે વિસ્તારથી વાંચવા

જુઓ અમારી કિતાબ ઈસ્લામ સત્યોના પ્રકાશમાં, સીરીઝ – ૨]

જે કાંકરીઓ આપ (સલ.)ના એહલેબયતે અતહાર તથા નેક સહાબાના શરીરને મસ થયેલાં છે, અડેલાં છે. જ્યારે જુન્નુમિસરી મદીના આવ્યા તો મહોલ્લે મહોલ્લે મસ્જિદે નબવીને ઢૂંઢતા રહ્યા. જ્યારે લોકોએ જણાવ્યું કે આ જ મસ્જિદે નબવી છે. તો કહેવા લાગ્યા કે આ મસ્જિદ કેવી રીતે હોઈ શકે. આ તો કોઈ બાદશાહનો મહેલ છે. મહબ્બતે ઈલાહીમાં, ઉલફતે રસૂલમાં ડુબેલા આ માણસ રડવા લાગ્યા કે શું મસ્જિદે નબવીના બાદશાહોએ આવા હાલ કર્યા ?

જો આ બાદશાહો ચાહત તો મસ્જિદે નબવી અને રસુલુલ્લાહ(સલ.)ની પત્નીઓના

હુજરાઓને(ઓરડાઓને) જેમના તેમ રહેવા દઈ તેમના પર ઈમારત ઊભી કરી શક્યા હોત. જેથી આજે પણ આપણને પેગંબર (સલ.)ની સાદગીથી ભરપુર મસ્જિદ અને હુજરા જોવા મળત, કે સરદારૂલ અંબિયાના ઘરો આ હતા, જેમાં તેઓ રહેતા હતા. જેના ઉપર રસૂલના હાથ-મોં-પગ લાગેલા હતા તે પથ્થરો, તળિયું, દિવાલો, દરવાજા, થાંભલાઓ વગેરેને પેગંબરે ઈસ્લામનું મુબારક જિસ્મ લાગેલું હતું. એક એક દરવાજે અને એક એક જગ્યાએ તળિયા ઉપર રસૂલના હાથ - પગ અને મુબારક સર લાગેલું હતું. આ મસ્જિદ તો રસુલુલ્લાહ અને સહાબાએ જાતે જ મજુરી કરીને પથ્થરો એકત્ર કરીને બનાવી હતી. તે મસ્જિદ આ બની બેઠેલા બાદશાહો જેમણે અલીનો હક છીનવી

લીધો તેઓએ જમીનદોઝ કરીને નાશ કરી નાખ્યો. કમસે કમ તે લોકો ઈચ્છત તો ઉમ્મહાતુલ મોઅમેનીનના નાના નાના હુજરાઓને તો બાકી રાખી શક્યા હોત. કાશ કે આજની આ ભૌતિકવાદી દુનિયા જોઈ શકત કે સરદારૂલ અંબિયા, સરકારે દો જહાંની પત્નીઓ આવા સાદા તદ્દન ઝુપડા પ્રકારના મકાનોમાં રહેતી હતી. આ કોઈ લાંબો સમય નથી. ૧૪૦૦/૧૫૦૦ વર્ષ. હજી તો એનાથીય પુરાની ઈમારતો હયાત છે. ઊભેલી છે. તેના અવશેષો જીવતા છે. તેમની નિશાનીઓ જીવતી છે.

# અઝવાજે રસુલ (સલ.)ના (પેગંબર સલ.ની પત્નીઓના) મકાનોનું બાંધકામ

મસ્જિદે નબવીના બાંધકામ પછી આપ (સલ.)એ અઝવાજના મકાનો બનાવવાની શરૂઆત કરી. અત્યાર સુધીમાં હઝરત સોદા (રઝિ.) અને માતાજી આયેશા નિકાહમાં આવી ચુક્યાં હતાં જેથી બે હુજરા બનાવાયા. જ્યારે બીજી અઝવાજ નિકાહમાં આવતાં ગયાં અને મકાનો બનતાં ગયાં. મસ્જિદે નબવીની જેમ જ આ બધા મકાનો કાચી ઈંટોના, ગચ (છોય)નાં હતાં. આ બધા મકાનો બનાવવાનો ક્રમ કંઈક આ પ્રકારનો હતો.

(૧) હઝરત ઉમ્મે સલમા રઝિયલ્લાહો તઆલા અન્હા. (૨) ઉમ્મે હબીબા (રઝિ.) (૩) ઝયનબ (રઝિ.) (૪) જુવેરીયા (રઝિ.) (૫) મયમૂના (રઝિ.) (૬) ઝયનબ બિન્તે જહશના મકાનો મુલકે શામ તરફની દીશામાં હતાં વળી (૭) માતાજી આયેશા (૮) સફિય્યા (રઝિ.) (૯) સોદા બિન્તે જહશ. બીજી દિશામાં હતા.

આ બધા જ મકાનો મસ્જિદની બિલકુલ લગોલગ હતાં. આ મકાનો ત્રણથી સાડા ત્રણ મીટર પહોળા હતાં. તેની લંબાઈ પાંચ મીટર હતી. છત એટલી ઊંચી હતી કે વ્યક્તિ ઉભો રહીને હાથ વડે અડકી શકે મતલબ કે હાથ લગાવી શકે. દરવાજાઓ ઉપર કમ્બલ અથવા ટાટના (શણીયું) પડદા પડેલા રહેતા. રાતના રોશની પણ થતી ન હતી. મતલબ દીવા સળગતા ન હતા. મસ્જિદે નબવીની બહાર અને હુજરાઓની બહાર

લાકડાં વગેરે સળગાવવામાં આવતાં. તેનું અજવાળું મસ્જિદે નબવીમાં પડતું. આ રીતે દીવાનો વિકલ્પ બની રહેતો. હુજરાઓની લાઈનની વચમાં એક આગ સળગતી રહેતી જે બધા જ હુજરાઓને અજવાળું પુરૂ પાડતી. [વહાલા વાચકો આ વાત ન ભૂલે કે કાચની કંડીલોમાં તેલના અને રૂની દીવેટોના દીવા સળગાવવાનો રિવાજ રાજા મહારાજાઓના મહેલોમાં અને દરબારોમાં ચાલી આવતો હતો. હવેલીઓમાં ચાલી આવતો હતો.] પેગંબરે ઈસ્લામ એવા વિશ્વના આ મહામાનવનું જીવન હતું જે એકદમ સાદગીભર્યું હતું. ચિંતા હતી તો ફક્ત એક જ હતી તે આ કે ઈન્સાનને અલ્લાહની ઓળખ આપવી. ઈન્સાનોને સાચા અર્થમાં ઈન્સાન બનાવવા. માણસાઈના દીવા પ્રગટાવવા. ઈન્સાનોમાં ઈન્સાફ પ્રસ્થાપિત કરવો.

આપ (સલ.)ની પડોશમાં જે મકાનો બન્યાં હતાં તેમાં અનસાર (મદીનાવાસીઓ) રહેતા હતા તેઓમાં સઅદ બિન અબાદહ, સઅદ બિન મઆઝ, અમારહ બિન હઝમ અને અબુએૈયુબ વગેરે. આ લોકોની ગણતરી મદીનાના આગેવાન ગણાતા લોકોમાં થતી હતી. આ લોકો રસુલુલ્લાહ (સલ.)ની ખિદમતમાં દરરોજ દૂધ મોકલતા હતા. આ દૂધ ઉપર જ મોટા ભાગે આપના દિવસ રાત પસાર થતા હતા. ક્યાંકથી ખજૂરો આવી જતી. વળી કોઈક લોકો જવની રોટલીઓ મોકલાવી દેતા. સઅદ બિન અબાદહ (રઝિ.) આપ (સલ.)ની સેવામાં દરરોજ એક વાસણ ભરીને કંઈ ખાવાનું મોકલી દેતા, જેમાં કદી શાક, કદી દૂધ, કદી ઘી-પનીર વગેરે ભરેલું હોતું.

## પ્રકરણ – ૭ : હિજરી સન - ૧ : મુખ્ય ઘટનાઓ - ભાગ - ૫

### (૧) મસ્જિદે નબવીના બાંધકામમાં અમ્માર યાસીર (રઝિ.)ની ઉચ્ચોચ્ચ સેવાઓ

મસ્જિદે નબવી બનતા અગાઉ સાત મહિના સુધી એક અનસારીના જુના ખાલી મકાનમાં નમાઝ જમાઅત સાથે થયા કરતી હતી. જ્યારે મસ્જિદની જમીન ખરીદી લેવામાં આવી અને જનાબ અબુ ઐયુબ અનસારી (રઝિ.)એ પોતાની પાસેથી કિંમત અદા કરી દીધી ત્યારે આપ (સલ.)એ પોતાના હાથ મુબારકથી તેનો પાયો નાખ્યો. એક સામાન્ય મામૂલી મજુરની જેમ આપ (સલ.) પણ કામ કરવા લાગ્યા. તમામ સહાબા અને અનસાર આગેવાનો અને દવલત મંદ કબીલાઓ પણ આપ (સલ.)ને

કામ કરતા જોઈને કામ કરવા લાગ્યા. બધા જ લોકો આ મામૂલી કાર્યને એક મોટામાં મોટી નેઅમત સમજીને કરતા હતા. અકીદત અને અજોડ લીલ્લાહિયત, ખૂલૂસે નિય્યત ભર્યા દૃશ્યો હતાં.

**ઈબ્ને હિશ્શામ લખે છે કે :**

સુફીયાન બિન અયનીયાનું વર્ણન છે કે જેને ઈમામ શોઅબીએ નકલ ફરમાવ્યું છે. સૌથી પ્રથમ જે મુબારક હાથોએ મસ્જિદનું કામ શરૂ કર્યું તે જનાબ અમ્માર યાસીર છે. મસ્જિદના બાંધકામ માટે જાનતોડ કોશીશ કરનાર આ બુઝૂર્ગની સેવાનું વર્ણન ઈમામ કિસ્તલાનીએ, જેમણે મુસલમાનોની સહીહ બુખારીની શરહ લખી છે તેમણે પણ કર્યું છે. જનાબ અમ્માર યાસીર રઝિયલ્લાહો તઆલા

અનહોની સેવાની નોંધ અલ્લામા ઝરકાનીએ પણ કરી છે.

તમામ મુસલમાનો એક એક ઈંટ ઉઠાવીને લાવતા હતા ત્યારે જનાબ અમ્માર યાસીર બે, બે ઈંટો ઉઠાવીને લાવતા હતા. એક પોતાના ભાગની અને બીજી જનાબ રસૂલે ખુદા (સલ.)ના ભાગની. આપ (સલ.)એ તેમની પીઠ ઉપર પોતાનો મુબારક હાથ મુકી તેના પરથી ધૂળ સાફ કરતા ફરમાવ્યું :

“બધાના માટે એક સવાબ છે અને તમારા માટે બે ગણો સવાબ છે. વળી દુનિયામાં તમારો છેલ્લો ખોરાક દૂધ હશે. બુખારી મુસ્લિમની પુરાની પ્રતોમાં તથા મુસ્લીમ અને તિરમિઝિએ પણ વિશ્વાસપાત્ર સનદોના આધારે લખ્યું છે કે આપ (સલ.)એ ચાર જ મોકા ઉપર આમ પણ ફરમાવ્યું કે

તને બાગી ફિરકો કતલ કરશે, જો કે તુ તેઓને જન્નતની દઅ્વત આપતો હશે અને તેઓ તને દોઝખ તરફ બોલાવતા હશે. “

**ફરમાવ્યું** : અમ્માર તમને એક બાગી ફિરકો કતલ કરશે.

(ઝરકાની પેજ નં. ૪૫૧, તારીખે ઈબ્ને હિશ્શામ ભાગ - ૧ પેજ નં. ૫૪૬)

## (૨) આપ (સલ.)નું જનાબ અમ્માર યાસીરને મસ્જિદની બુનિયાદોનો તવાફ કરાવવું.

મસ્જિદે નબવીના પાયાવિધિ વખતની પ્રથમ ઈંટ આપ (સલ.)એ પોતાના મુબારક હાથ વડે મૂકી. ઈસ્લામી ચળવળ માટેની આ એક તાલીમ હતી. પેગંબરે ઈસ્લામ ઈંટ ઉઠાવતી વખતે

એક શાએર સહાબી અબ્દુલ્લાહ ઈબ્ને રવાહાનો શએર પઢતા હતા જે દુઆના સ્વરૂપનો શએર હતો.

**શએરનો તરજુમો** :

પરવરદિગાર તુ મોહાજિર અને અનસાર ઉપર રહેમ કર, અને બદલો આખેરતમાં જે અસલ બદલો છે, અમને આપ.

રસુલુલ્લાહ (સલ.)ના મુબારક મોઢેથી આ શએર સાંભળીને જનાબ અલી (અલ.)એ પણ એક શએર નજર કર્યો તેનો તરજુમો આ પ્રમાણે છે :

નેકીમાં તેની કોઈ બરાબરી કરી શકનાર નથી
જે મસ્જિદ બનાવે છે આ ઈરાદાથી કે લોકો એમાં
ઉભા રહીને અને બેસીને આમાલ અદા કરે અને જે
માટીની તરફ પોતાનો સંબંધ ચાલુ રાખે

(મતલબ મોતને યાદ કરે કે માટીમાંથી પેદા થયા છીએ અને માટીમાં જ જવાના છીએ)

હઝરત અલી (અલ.)એ ફક્ત આ જ હેતુથી આ અશઆર પઢ્યા હતા જે પ્રમાણેનો રિવાજ છે કે મુશ્કેલ અને વજન ઉંચકનારાઓ કે વજન ખસેડનારાઓ સમૂહમાં કે અલગ અલગ કોઈ કાર્ય કરતા હોય ત્યારે કામમાં દીલ લાગે અને ઉત્સાહ સચવાયેલો રહે તે માટે કંઈ ન કંઈ વાક્યો કે કાવ્યાંશો બોલતા હોય છે. હઝરત અમ્માર યાસીરે પણ આ શએરને યાદ કરી લીધા, પણ આ શએરો પઢતા હતા ત્યારે કેટલાકે એમ સમજી લીધું કે અમને ચીડવવા માટે આમ બોલે છે.

ઉસમાન બિન અફ્ફાનના હાથમાં લોખંડનો સળિયો હતો તેમણે તે બતાવીને અમ્મારને કહ્યું :

"તું મને ચીડવવા આ શએર પઢી રહ્યો છે. હું આ સળિયા વડે તારૂં માથું ફોડી નાખીશ. " સુન્ની આલીમ ઝરકાનીએ ભાગ - ૧ પેજ. નં. ૪૪૧ ઉપર તે સહાબીનું નામ ઉસમાન બિન અફ્ફાન લખ્યું છે કે જનાબ રસૂલે ખુદા આ સાંભળીને સખત ગુસ્સે થયા. અમ્માર ને કહેવા લાગ્યા :

જુઓ અમ્માર ! આપ (સલ.) તમારા ઉપર જ ગુસ્સે થયા છે. કદાચ તમારા માટે કુર્આનની કોઈ આયત ઊતારે. અમ્મારે જવાબ આપ્યો, કોઈ વાંધો નથી, હું તો પેગંબર (સલ.)ના ગુસ્સા ઉપર રાજી છું. મતલબ મારો વાંક ગુનો હશે અને મારા ઉપર અલ્લાહના રસૂલે ગુસ્સો કર્યો હશે.

ત્યાર બાદ હઝરત અમ્મારે રસુલુલ્લાહ (સલ.)ને પોકાર કર્યાર્ અને વિનંતી કરી યા

રસુલલ્લાહ ! આપના અસહાબ મારી પાછળ પડી ગયા છે. પેગંબર (સલ.)એ ઈરશાદ ફરમાવ્યો : શું કરે છે ? કહ્યું : કે તેઓ મારી કતલ કરી નાખવાનો ઈરાદો ધરાવે છે. મજાક ઉડાવે છે માથું ફોડી નાખવાની ધમકી આપે છે. એ લોકો એક એક ઈંટ ઉઠાવે છે. અને આપ મને બે, બે ઈંટો આપો છો. ત્યારે આપ (સલ.) એ જનાબનો હાથ પકડ્યો, પોતાની સાથે લઈ તમામ સહાબા જોઈ શકે એ રીતે સમગ્ર મસ્જિદની પાયાની સરહદોનો તવાફ ( પ્રદક્ષિણા) કરાવી અમ્મારના ધૂળ કચરાથી ભરેલા કપડાં પણ રસૂલે સાફ કર્યા, પછી ફરમાવ્યું :

"અય ઈબ્ને સુમય્યા ! આ લોકો તમોને કતલ નહીં કરે તમને તો એક બાગી ફિરકો કતલ કરશે."

(ઝરકાની ભાગ :- ૧ પેજ નં. ૪૪૧)

[ઝરકાની ભાગ - ૧ ની ઉપરોક્ત રિવાયત અને સમગ્ર ઘટના દરેક જમાનાના સમાજ જીવનને સમજવા માટે ખૂબ જ ઉપયોગી છે. કેટલાક ભલાભોળા મુસલમાનો સહાબાના સંપુર્ણ સમાજને બીલકુલ અણીશુદ્ધ પાક સાફસુથરો સમજે છે. સામાન્ય મુસલમાનોને એક હદ સુધી જાહિલ અને અશિક્ષિત રાખી ઈલ્મનો વેપાર કરતા આલિમોએ આવું સમજાવી દીધું છે. મુસલમાનો સચ્ચાઈની પાસે પણ ન જવા પામે એટલી હદ સુધી તેમના દિમાગો ભ્રમિત કરી દીધા છે. જુઠી રિવાયતો દ્વારા આલિમો મુસલમાનોને - જન સાધારણને ખૂબ ખૂબ મુર્ખ અને ગૂમરાહ કરી રહ્યા છે. સાચી રિવાયતો આ લોકોની સમક્ષ આવવા દેતા નથી. આવી જાય તો

તેઓને ગૂમરાહ થઈ જવાની એવી બીક પેસાડી દીધી છે કે લોકો તરત જ તોબા કરી લે છે. આ ગૂમરાહ થઈ જશો, નામનું ભૂત એમને જ ગૂમરાહી તરફ દોરી રહ્યું છે. નહીં તો શીયા બીરાદરીમાં એકેએક રિવાયત માસુમ દ્વારા રિવાયત પામેલી માન્ય અને અક્કલની કસોટી ઉપર પારખીને લેવામા આવે છે.

આ ઘટના જુઓ, તમામ રિવાયતો સુન્ની બિરાદરીની કિતાબોની જ નોંધાયેલી છે.

સહાબા પથ્થરો લોવે છે. ઈંટો લાવે છે. અમ્માર બે, બે ઈંટો લાવે છે. કેટલાક આળસુ અથવા કમજોરો આળસાઈ કરે છે. બધા સહાબા એક એક ઈંટ લાવે છે. ઉત્સાહ પ્રેરીત હઝરત અલી (અલ.)નો પઢેલો શએર હઝરત અમ્માર પઢે છે.

આ લોકોમાંથી ખાસ ઉસ્માન અમ્માર ને સળિયાથી મારવાનું કહી શઅેર ન પઢવા જણાવે છે. રસુલુલ્લાહ (સલ.) આ બધી વાતો સાંભળી લઈને આવા ઈર્ષાળુ લોકો ઉપર ગુસ્સો કરે છે. ત્યારે આ લોકો અમ્મારને ઉલટી વાતો રસુલના નામ ઉપર ચઢાવી દે છે કે જુઓ આપ (સલ.) તમારા ઉપર ગુસ્સે થયા છે, કદાચ નજીકમાં જ તમારા માટે કોઈ આયત ઉતરે.

અમ્માર બધી જ વાતો બરાબર સમજે છે. જાણે છે કે આ લોકોને મારી ઈર્ષા થાય છે. જેથી મારી મજાક ઉડાવે છે. વળી આવી મજાક મશ્કરીઓમાં વધારે લોકો સામેલ હોય તો મને મારી પણ નાખી શકે છે. અમ્માર રસૂલને ફરીયાદ કરે છે. ત્યારે રસુલુલ્લાહ ભવિષ્યવાણી કરે છે કે અય

અમ્માર ! તમને આ લોકો મારી શકશે નહીં, તમે ગભરાવ નહિ તમને તો એક બાગી - ગૂમરાહ ફિરકો કતલ કરશે. અલહમ્દો લિલ્લાહ ! આવી રિવાયતો દ્વારા બે વાતો સાબિત થાય છે. એક તો સહાબાનો સમાજ નેકીથી ભરપુર અને ૧૦૦ ટકા અણીશુદ્ધ પાક-સાફ ન હતો. નબળા, લુચ્ચા, લફંગા, જાહિલ, ઈર્ષાળુ, મુનાફિક, જુઠ્ઠા, બધા જ પ્રકારના લોકો સહાબાના સમાજમાં પણ હતા. બીજી વાત મઆવીયાની ટોળી બાગી ટોળી પણ સાબિત થાય છે. કારણ કે હઝરત અમ્માર સિફફીનની જંગમાં જનાબ અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલીબ તરફથી લડતા મઆવીયાના લશ્કરના હાથે શહીદ થયા. જેથી મલઉન મઆવીયા બાગી ટોળાનો સરદાર ગણાશે.]

ઉપરોક્ત ઘટના અંગે હજી અમે ઈતિહાસકાર ઈબ્ને હિશ્શામની રિવાયત અને રોઝતુલ અહબાબમાંથી મોહદ્દૂસ શિરાઝીની રિવાયત પણ લેવાના છીએ.

**ઈબ્ને હિશ્શામની રિવાયત આ પ્રમાણે છે :**

અમ્માર યાસીર (રઝિ.) અલી બિન અબીતાલિબ (અલ.)ના અશઆરને યાદ કરી લેતા હતા. તેને પઢતા પઢતા ઉત્સાહમાં મસ્જીદે નબવીના બાંધકામમાં બે-બે ઈંટો ઉંચકી લાવતા હતા. અસહાબે રસૂલમાંથી ઘણાં ખરા લોકોના દીલોમાં આવો ખ્યાલ પેદા થયો કે અમ્માર આ રીતે અમને ચીડાવી રહ્યા છે. ઈશારા ઈશારામાં વાત કરી રહ્યા છે. તેઓમાંથી એક બોલ્યો : અય ઈબ્ને સુમય્યા, કસમ ખુદાની હું તમારા આ

ઈશારાને સમજું છું. તેનો જવાબ આ છે કે આ લોખંડનો સળિયો તમારા નાક ઉપર મારીશ. આ સમયે તે સહાબીના હાથમાં લોખંડનો સળિયો હતો. પેગંબરે ઈસ્લામ સાંભળીને ઘણાં જ ગુસ્સે થયા. આપે ફરમાવ્યું : તમને લોકોને આ શું થયું છે. પછી અમ્માર (રઝિ.) તરફ ફરીને જણાવ્યું : તમે એમને જન્નતની તરફ બોલાવશો અને તેઓ તમને દોઝખની તરફ બોલાવશે. પછી ફરમાવ્યું : નિશંસય અમ્માર યાસીર મારી આંખો અને મારા નાકની વચ્ચેની ચામડી છે. જ્યારે આપ (સલ.)નો ઈરશાદ લોકોએ સાંભળ્યો તો બધા જ ખામોશ થઈ ગયા. કોઈ કાંઈ પણ બોલ્યો નહિં.

(સીરતે ઈબ્ને હિશ્શામ ભાગ -૧ પેજ નં. ૫૪ સિરતુન્નબી ઈબ્ને હિશ્શામ)

આ જ ઘટનાનું વર્ણન મોહદ્દસ શિરાઝીએ રોઝતુલ અહબાબમાં આ રીતે કર્યું છે :

અમ્માર યાસીરે હઝરત અલી મુરતઝાના કામ કરવાનો ઉત્સાહ થાય તેવા ઉત્સાહ પ્રેરીત શએરો મોઢે કરી લીધા હતા. આ કામ કરતાં કરતાં તે શએરો પઢતા જતા હતા. આપ ઘણાં જ ઉમંગ અને ઉત્સાહ સાથે આ કાર્ય અંજામ આપી રહ્યા હતા. કેટલાક લોકો ધીરે ધીરે કાર્ય કરતા હતા. એક માણસ તો સદંતર બેસી રહ્યો હતો. આવા બધા સહાબા એમ સમજતા હતા કે અમ્માર અમોને ચીડવે છે. એતેરાઝ કરે છે. મતલબ - આ લોકો અમ્મારના કાર્યની અને તેમના ખુદા વાસ્તેના ઉત્સાહની ઈર્ષા કરતા હતા. એક સાહબીના હાથમાં એક ડાંગ હતી. તે ઉંચી કરીને અમ્મારને કહેવા

લાગ્યો, ચૂપ રહે નહીં તો આ લાકડી જોઈ લે, તારૂં નાક તોડી નાખીશ.

આ જ વખતે પેગંબર (સલ.) ત્યાંથી પસાર થયા. આપે પેલા સહાબીની વાતને (ધમકીને) જે તે બોલ્યો હતો સાંભળી લીધી. આપ (સલ.) એ અમ્મારના માટે ફરમાવ્યું : અમ્માર મારી બન્ને આંખો ેની બરાબર છે. સહીહ બુખારીની રિવાયત છે કે તે દિવસે દરેક સહાબી એક એક ઈંટ ઉઠાવતા હતા. પરંતુ જનાબ અમ્માર બે બે ઈંટો ઉઠાવતા હતા. સહીહ બુખારીની રિવાયતમાં આ પણ છે કે એક ઈંટ પોતાના માટે અને એક ઈંટ રસુલુલ્લાહના ભાગની ઉપાડીને લઈ જતા હતા. આપ (સલ.) તેમના માથા અને કપડામાંથી ધૂળ સાફ કરતા હતા, સાથે ફરમાવતા હતા કે અય અમ્માર ! તમને

બાગી ફિરકો કતલ કરશે, તું તેમને જન્નતની તરફ બોલાવીશ અને તેઓ તને દોઝખની તરફ બોલાવતા હશે. અમ્મારે કહ્યું : ખુદા મને ફિતનાઓથી પનાહમાં રાખે.

## પ્રકરણ – ૮ : હિજરી સન - ૧ : મુખ્ય ઘટનાઓ ભાગ - ૬

### (૧) નમાઝ, ઝકાત અને ઈકામતનો હુકમ થયો.

આપ (સલ.) ના મદીના તશરીફ લાવ્યા બાદ એક મહિના પછી પાંચ વખતની નમાઝની ૧૭ (સત્તર) રકાતો નક્કી થઈ. ફજરની બે રકાત, ઝહોરની ચાર રકાત, અસરની ચાર રકાત, મગરિબની ત્રણ રકાત અને ઈશાની ચાર રકાત - કુલ સત્તર રકાતો નક્કી થઈ. આ અગાઉ નમાઝ તો હતી પરંતુ દરેક સમયની બે-બે રકાતો હતી. સિવાય મગરિબ, કારણ કે તે સમયે પણ મગરિબની ત્રણ જ રકાત હતી.

ઈબ્ને ખલદુન લખે છે કે ઝકાત, જેને સદકો પણ કહેવાય છે. આ જ વર્ષે ફરઝ થઈ. વળી આ જ

વરસે મતલબ હિજરી સન એકમાં યવમે જુમ્આ પણ નક્કી થઈ. (તારીખે તબરી અને ઈબ્ને ખલદુન)

આજ વરસે હિજરી એકમાં અઝાન અને ઈકામત નક્કી થઈ. આ અગાઉ લોકો નમાઝના સમયે એકત્ર થઈ જતા હતા. ત્યારે હઝરત બિલાલ રઝિયલ્લાહો તઆલા અનહો "અસ્સલાત અલજામેઅ" કહીને અવાજ લગાવતા રહેતા હતા.

## (૨) હઝરત બિલાલ (રઝી.) પ્રથમ મોઅઝ્ઝિન

હઝરત બિલાલ ઈસ્લામમાં પ્રથમ મોઅઝ્ઝિન નક્કી કરવામાં આવ્યા. એક રિવાયતના આધારે એમ કહેવાય છે કે અઝાન સ્વપ્નમાં આવી. તારિખે અબુલ ફિદાના કર્તા લખે છે કે અબ્દુલ્લાહ બિન ઝયદ બિન સોઅલબા બિન અબ્દુયા અનસારીએ

સ્વપ્નમાં જોયું હતું કે અઝાન આ રીતે આપવી જોઈએ. તેમના ખ્વાબના પ્રમાણે વહી નાઝિલ થઇ. પરંતુ આ વાત સમજમાં આવતી નથી. અક્કલની દ્રષ્ટીએ પણ આ બાબત ગલત સાબિત થાય છે. મુસલમાનોમાં તો અઝાન બાબત બુખારીની જાતજાતની યહુદ અને નસારાની પ્રાર્થના અંગે બોલાવવાના તરીકા પણ અમલમાં આવ્યા. પછી બીજા ખલીફા સાહેબના સ્વપ્નમાં અઝાન આવી. આ વાતો બુધ્ધિશાળીઓ કદીય કબૂલ કરશે નહિ. આ બધી ઘણી જ કમજોર (ઝઈફ) રિવાયતો છે. વળી શરીઅતના હુકમો અંગે પાયાનો સિધ્ધાંત આ છે કે તેની બુનિયાદ ખ્વાબ આધારિત નથી બની શકતી. વળી તે ખ્વાબ પણ તે વ્યક્તિને આવે જે પેગંબર નથી. આમેય નબી સિવાયના કોઈપણ વ્યક્તિનું

ખ્વાબ અન્યો ઉપર લાગુ કરી શકાતું નથી. શરીઅત અને સમાજ ઉપર આવું કોઈપણ ખ્વાબ અસરકર્તા બની શકતું નથી.

સૌથી વધુ સાચી અને બુધ્ધિને અપીલ કરે એવી વાત જે અંગેની રિવાયતો પણ કિતાબોમાં મળે છે કે અઝાનની પધ્ધતિ અંગે સૌપ્રથમ પેગંબર (સલ.) ને સ્વપ્ન આવ્યું. આ ખ્વાબની સાથે વહી પણ નાઝિલ થઈ.

એહલે સુન્નતના પ્રખ્યાત આલીમ ઈબ્ને હજરે પણ પોતાની કિતાબ ફતહુલ બારીમાં આ અંગે સ્પષ્ટ રીતે લખ્યું છે કે પેગંબર (સલ.) ના સિવાય બીજા કોઈના પણ સ્વપ્નને શરઈ હુકમ તરીકે લાગુ કરી શકાય નહિ. તેથી અમે માનીએ છીએ કે ખ્વાબ દ્વારા આપ (સલ.) ઉપર વહી થઈ અને અઝાન ચાલુ થઈ.

## અઝાન વહીએ ઈલાહી છે.

### (૧) હઝરત અલી (અલ.)નું જનાબ બિલાલને અઝાન શીખવવું

કિતાબે કાફીમાં ઈમામ મોહંમદ બાકિર (અલ.) થી રિવાયત છે કે મેઅરાજની રાતે જ્યારે આપ (સલ.) બયતુલ મઅમુરમાં પહોંચ્યા, ત્યારે નમાઝનો હુકમ આવી ચૂક્યો હતો. હઝરત જિબ્રઈલે અઝાન અને ઈકામત પઢી. આપે બાજમાઅત નમાઝ અદા ફરમાવી. જિબ્રઈલે આપ (સલ.)ની તાબેદારી કરી.

વળી કાફીમાં સાદીકે આલે મોહંમદથી રિવાયત છે કે જ્યારે જિબ્રઈલ અઝાનનો હુકમ

લઈને નાઝિલ થયા, ત્યારે આપ (સલ.) નું માથું મુબારક હઝરત અલી (અ.સ.)ના ખોળામાં હતું. જ્યારે હઝરત (સલ.) જાગ્યા તો ફરમાવ્યું :

યા અલી ! જિબ્રઈલની અવાજ અઝાન અને ઈકામતને તમે પણ સાંભળી હશે ? હઝરત અલી (અલ.)એ ક્હ્યું : હાં, યા રસુલલ્લાહ ! ફરમાવ્યું : યાદ પણ કરી લીધું ? ફરમાવ્યું : જી હાં. તો બિલાલને બોલાવીને શીખવી દો જેથી હઝરત અલી (અલ.) એ તે પ્રમાણે અમલ કર્યો.

**(૨) ઈસ્લામ એક શ્રેષ્ઠ દીન, બલકે ઈન્સાનની જિંદગી અને કુદરત સાથે મેળ ખાતો દીન છે.**

અઝાન નમાઝનું એલાન છે. વળી વિશ્વના બધાજ ધર્મો કરતાં બેહતર એલાન છે. અતિ સુંદર કર્ણપ્રિય (કાનની પ્રિય-વહાલી લાગે એવી, મીઠી

લાગે એવી) જાહેરાત છે. હિંદુઓ શંખ વગાડીને કે ઘંટા વગાડીને પ્રાર્થના અંગેની જાહેરાત કરે છે. ઈસાઈ અને યહુદીઓ પણ ઘંટ વગાડીને, મતલબ દરેક ધર્મો - ઈસ્લામને બાદ કરતાં પોતાના મઝહબની ઈબાદત માટે કોઈ ન કોઈ નિર્જીવ વસ્તુ દ્વારા જાહેરાત કરે છે. દુનિયાના મઝહબો શંખ, કાકરસીંગી, પીપુડી, ઘંટડી, ઢોલક, નગારું - કંઈક જાતજાતની નિર્જીવ વસ્તુનો ઉપયોગ કરીને પોતાના ધર્મની ઈબાદત અંગેની જાહેરાત કરે છે. કેટલીય આવી જાહેરાતો મુર્ખાઈભરી પણ લાગે છે. સાંભળનારો પરેશાન થઈ જાય છે. વાતાવરણમાં અવાજનું પ્રદુષણ પેદા કરે છે. વળી કેટલીક વખત તો સાંભળનારને આ વાતની ખબર પણ નથી પડતી કે આ ઘંટ ઈબાદત માટે વગાડવામાં આવે

છે કે કોઈ બીજી બાબત માટે. દ્રષ્ટાંતરૂપે ગિરજાઘરના ઘંટનો અવાજ એમ નથી બતાવતો કે હું ઈબાદતની ઘંટડી છું કે કોઈના મોતની જાહેરાત કરૂં છું. શંખની આવાજથી આ ખબર નથી પડતી કે આ પુજાની અવાજ છે કે કોઈ સાધુ દાન લેવા માટે દરવાજા ઉપર આવ્યો છે.

સૌથી વધારે શરમની વાત તો આ છે કે અશરફૂલ મખલુકાત "ઈન્સાન" ની ઈબાદતની જાહેરાત કોઈ નિર્જીવ મખલુક કરે, તે પણ એવી રીતે કે ફક્ત અવાજો જ કરે, તેની વાત સમજમાં ન આવે. ઈસ્લામે આ અકુદરતી તરીકાને-પધ્ધતિને ન સ્વીકારી. ખુદાની ઈબાદતની જાહેરાત ઈન્સાન જ કરે છે અને સ્પષ્ટ ભાષામાં - સમજાય એવા શબ્દોમાં અલ્લાહની તારીફ દ્વારા જ થાય છે.

“હય્યા અલસ્સલાત” તો દરેક સમજવાવાળો સમજી લે છે કે નમાઝના માટે બોલાવવામાં આવે છે. પછી ઈસ્લામના શિક્ષણની અવ્વલીન શરત પણ મોઅઝઝીન નમાઝના એલાનમાં જ જણાવી આપે છે, જેને આપણે ઈસ્લામના શિક્ષણનો નિચોડ કહીશું. જેમાં તવહીદ અને રિસાલત તથા વિલાયત અને વસાયતનું વર્ણન કરીને મોઅઝ્ઝિન આ પણ જણાવી દે છે કે જેના માટે બોલાવી રહ્યો છું તે તમારી પોતાની ભલાઈ માટે અને દુનિયાના બધા જ કાર્યો કરતાં બેહતર છે. ભાઈઓ, આ બાબત વિશ્વના કોઈપણ ધર્મમાં જોવા નહી મળે. વિચારો, વિચારો.

મિસ્ટર જેમ્સે ઈન્સાઈકલોપેડિયામાં લખ્યું છે કે મોઅઝ્ઝિનની અવાજ સાદગીભરી ભાષામાં પરંતુ

સુંદર - શાંત - ધીરગંભીર હોય છે. દિવસ દરમ્યાન શહેરી વિસ્તારોના શોરગુલવાળા વાતાવરણમાં પણ ખુશનુમા માલુમ પડે છે. પરંતુ રાતના શાંત વાતાવરણમાં તો અઝાનની અસર એથીયે વિશેષ પધ્યમય (કાવ્યરચના જેવી) શાએરાના માલૂમ પડે છે. અહીં સુધી કે ઘણાંખરા યુરોપીયનો પણ આ કાર્ય માટે મુબારકબાદ આપ્યા વગર નથી રહી શકતા. આ રીતે ઈસ્લામે ઈન્સાનની અવાજને સાધુઓના શંખનાદ અને ઈસાઈઓની ઘંટડી કરતાં વધારે મહત્વ આપ્યું છે.

[ભરચક મુસ્લિમ વિસ્તારોવાળા જુના શહેરોમાં મહોલ્લે મહોલ્લે મસ્જિદો હોય છે. વળી મસ્જિદો હોય તો જાણે વગર જરૂરતે આપણે પણ અન્ય કોમોના દેખા દેખી ઘોંઘાટીયા સ્વભાવના

બની ગયા છીએ. વળી મસ્જિદે મસ્જિદે લાઉડ સ્પીકરો તો જાણે વાજીબ દરજ્જામાં હોવાં જ જોઈએ એમ સમજી લેવામાં આવ્યું છે. અઝાનનો સમય તો આપણો એક સરખો જ હોય છે. લાઉડ સ્પીકરોનો વોલ્યુમ પણ આપણે મોટો રાખવાથી ટેવાઇ ગયા છીએ. જેથી અઝાનનો અવાજ અમૂક વખત સમજાતો પણ નથી. કારણ કે બધી જ મસ્જિદોની અઝાનોના અવાજો એકત્ર થઈ જાય છે, માટે આવા એક સમજદાર કોમનું દ્રષ્ટાંત પુરૂં પાડતાં અવાજનો વોલ્યુમ ઓછો રાખી, અઝાનો સમજાય એમ આપવી જોઈએ. જેમ આ બાબતમાં અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતનો જે હેતુ છે, કે તેની રૂબુબીય્યતની અવાજ લોકોને સમજાય અને ઘોંઘાટ ન બની જાય. બીજી એક ઘણીજ જરૂરી વાત આપણા મોઅઝ્ઝિનો

કેળવાયેલા નથી હોતા. અઝાન આપવાની સાચી પધ્ધતિ પણ જાણતા નથી હોતા. જેથી ખુદાની યાદ એવી અઝાનમાં મધુરતા નથી લાગતી. વાંચકો આ બાબત ઉપર વિચાર કરે.]

**(3) અઝાનમાં વધારો ઘટાડો કરવું.**

ખૂબ યાદ રાખો કે નમાઝ અને વુઝુની જેમ જ અઝાનની તાલીમ પણ આપ (સલ.) ને વહી દ્વારા જ આપવામાં આવી. મુસલમાનોની કિતાબોમાં જુદા જુદા પ્રકારની સેંકડોની સંખ્યામાં દસ જેટલા જુદા જુદા સહાબા માટે રિવાયતો જોવા મળશે કે તેમને ખ્વાબમાં અઝાન સંભળાઈ. પછી તેઓએ રસૂલને કહ્યું : પછી રસૂલ (સલ.) એ ફરમાવ્યું : મને પણ ખ્વાબમાં અઝાન સંભળાય છે. બુખારીએ


amillibrary.com

બીજા ખલીફા ઉમર સાહેબની રીવાયત નકલ કરી છે કે તેમણે અઝાન બાબત રસુલુલ્લાહ ને જણાવ્યું.

**અઝાન અંગેનો પ્રોપેગેંડા**

ઈમદાન બિન સયસરહ, અબ્દુલવારીસ, ખાલીદ, અબુ કલાબા અને અનસ રિવાયત કરે છે કે નમાઝની જાહેરાત કરવા માટે લોકોએ આગ સળગાવવાનું અથવા શંખ વગાડવાનું વિચાર્યું, પછી યહૂદ અને નસારા તરફ ધ્યાન દોરાયું કે જે રીતો તેઓ અપનાવે છે તેવી રીતો અપનાવવી. (મતલબ ઘંટ વગાડવો) ત્યારે બીલાલને હુકમ આપવામાં આવ્યો કે અઝાનનાં વાક્યો બે બે વાર કહે અને ઈકામતના એક એક વખત.

(સહી બુખારી કિતાબુલ અઝાન, ભાગ - ૧)

આ બુખારી શરીફની તે હદીસ છે જેમાં ક્યાંયે હઝરત ઉમરનું નામ નથી. આ સિવાય પણ થોડાક વર્ણનના ફેરફાર સાથે એક બીજી હદીસ પણ આ જ પેજ ઉપર છે અને તેમાં પણ હઝરત ઉમરનું કોઈ જ નામ નથી.

હવે અમે તે હદીસ વર્ણવીએ છીએ, જેમાં હઝરત ઉમરનો અઝાન અંગેનો મત મોજૂદ છે.

મહમુદ બિન ગીલાન, અબ્દુર્રઝાક, ઈબ્નેજરીહ, અને નાફેઅ ઈબ્ને ઉમર રિવાયત કરે છે કે મુસલમાનો જ્યારે મદીના આવ્યા તો નમાઝના માટે સમયનો હિસાબ લગાવીને આવી જતા. તે સમયમાં નમાઝની જાહેરાત થતી ન હતી. એક દિવસ મુસલમાનોએ આ બાબત વાતચીત કરી, કે કંઈક પણ જાહેરાત તો થવી જ જોઈએ.

કેટલાકે કહ્યું કે નસારાની જેમ શંખ બનાવી લો, જે વગાડવામાં આવે. હઝરત ઉમરે કહ્યું, એક માણસને નક્કી કેમ નથી કરતા કે તે અસ્સલાત, અસ્સલાત પોકારી આપે પછી રસૂલે ઈસ્લામે ફરમાવ્યું : ઊઠો અને નમાઝની ખબર આપો.

(સહી બુખારી કિતાબુલ અઝાન, ભાગ - ૧)

એવી હદીસોની હાજરીમાં કે જેનાથી એમ માલૂમ પડે છે કે અઝાનનો હુકમ સ્વયં રસૂલે ઈસ્લામ તરફથી હતો. છતાંય મુસલમોનોએ આ વિષયમાં હઝરત ઉમરનો પ્રોપેગેન્ડા ખૂબ કર્યો. જેમાં હઝરત ઉમરનો આ ફકરો છે કે કેમ એક વ્યક્તિને નક્કી નથી કરી દેતા, જે 'અસ્સલાત' 'અસ્સલાત' પોકારી દીધા કરે. આ જુઠ્ઠા પ્રોપેગેંડા એવી રીતે કરવામાં આવે છે કે જાણે અઝાનનું

નક્કી કરવું, તેના કલિમા - શબ્દો વગેરે રીતિનીતિ હઝરત ઉમરનું કાર્ય છે.

અઝાનને નમાઝની પ્રસ્તાવના માનવામાં આવે છે. જેથી એનું ઘણું મહત્વ ગણાય છે. અલ્લાહે વહીના ઝરીઆથી નમાઝ ફરજ તો બનાવી દીધી. પેગંબરે ઈસ્લામે નમાઝ પઢવાની રીત શીખવી લોકોને નમાઝ તરફ બોલાવ્યા. મતલબ, નમાઝ લાગુ પાડી પરંતુ આ મહત્વપૂર્ણ ફરજ તરફ બોલાવવાના તરીકા વિશે અલ્લાહ ચૂપ રહ્યો અને પેગંબરે ઈસ્લામની સમજમાં પણ કંઈ આવ્યું જ નહિ. ફક્ત હઝરત ઉમર અલ્લાહ અને તેના રસૂલથી શરત જીતી ગયા. તેઓએ એવો રસ્તો બતાવ્યો જેની ફઝીલત સ્પષ્ટ છે. નમાઝ પઢવાના અવાજને તો કોઈ સાંભળતું જ નથી. જ્યારે અઝાન

દિવસમાં પાંચ વખત સમગ્ર વિશ્વમાં ગુંજી ઊઠે છે. લોકોના કહેવા મુજબ તો રશિયાના કોઈ અવકાશયાત્રીએ અઝાનના અવાજો અવકાશમાં સાંભળ્યા હતા અને કદાચ તે મુસલમાન થઈ ગયો હતો. વળી અમુક લોકો અમેરિકન અવકાશયાત્રી - જે ચંદ્ર ઉપર ગયો હતો - તેના વિશે પણ આમજ કહે છે કે અઝાનના અવાજો તેણે ચંદ્ર ઉપર પણ સાંભળ્યા હતા અને તે ઈમાન લઈ આવ્યો હતો. ભલે ઉપરોક્ત અવકાશયાત્રીઓના વિશે કહેવાતી વાતોના સત્ય - અસત્યપણાની ચકાસણી તરફ આપણે જતા નથી. અમારા કહેવાનો મતલબ આ છે કે કોઈપણ પ્રકારની સાબિતી વગર, સહીહ હદીસો એનાથી વિરૂદ્ધ હોવા છતાં મુસલમોનોએ તે મનઘડત - જુઠી બનાવટી રિવાયતોને કબૂલ કરી

લીધી જેમાં હઝરત ઉમરના અઝાન અંગેના મશ્વેરાનું વર્ણન છે. જો કે આ રીતે રસૂલનો મરતબો જમીનદોસ્ત થઈ જાય છે. જ્યારે હઝરત ઉમર રસૂલે ઈસ્લામ કરતાં દસગણા બુધ્ધિશાળી સાબિત થાય છે. અકીદતને આંખો હોતી નથી. અકીદતને કાન પણ હોતા નથી. અકીદતનો અંધાપો મુસલમાનોને ક્યાં સુધી લઈ ગયો ! જેણે વહીએ ઈલાહીની હક્કાનીયતને પણ શકપૂર્ણ બનાવી દીધી. વળી શીબ્લી નોઅમાનીસાહેબ તો ઘણાં જ આગળ વધી ગયા. તેઓની વર્ણનશૈલી ઝુલ્મ સુધી પહોંચી ગઈ. સાંભળીએ, શીબ્લી સાહેબ શું કહે છે ?

'અહીં સુધી કે નમાઝની જાહેરાતનો તરીકો પણ નક્કી થયો ન હતો. જેથી સૌપ્રથમ રસૂલે ઈસ્લામે આ બાબત કંઈક વ્યવસ્થા કરવાનું

વિચાર્યું. યહૂદીઓ અને ઈસાઈઓમાં નમાઝની જાહેરાત માટે નગારું વગાડવાનો તથા રણશીંગુ ફૂંકવાનો રિવાજ હતો. તેથી સહાબાએ પણ આ જ મત પ્રદર્શિત કર્યો. ઈબ્ને હિશામનું વર્ણન છે કે નગારું વગાડવું અથવા રણશીંગુ ફૂંકવું સ્વયં રસૂલે ઈસ્લામનો જ મત હતો, મતલબ કે આ મસઅલો વિચારાધીન હતો, કોઈ ચોક્કસ વાત નક્કી થતી ન હતી કે હઝરત ઉમર એકદમ આવી પહોંચ્યા અને તેઓએ કહ્યું કે એક માણસ જાહેરાત કરનારો કેમ મુકર્રર કરવામાં ન આવે ?!! રસૂલે ઈસ્લામે તે જ વખતે બિલાલને અઝાનનો હુકમ આપ્યો.’

(અલફારૂક)

વાચકો, ઉપરોક્ત ફકરાને જરા ફરીથી વાંચો. શીબ્લી નોઅમાનીસાહેબ હઝરત ઉમરની

ફઝીલતને વધુ પ્રસ્થાપિત કરવા માગતા હતા જેથી તેઓએ નગારા, અને રણશીંગાવાળી ઈબ્ને હિશામ ઈતિહાસકારની રિવાયતને રજૂ કરી દીધી અને અધૂરૂં કાર્ય પૂર્ણ કરી દીધું. શીબ્લીસાહેબે વિચાર્યું કે પુરાણા જમાનાની કિતાબ ઈબ્ને હિશામને તો કોણ વાંચવા જવાનું હતું, પરંતુ મારી 'અલફારૂક' તો બધા જ વાંચશે, કારણ કે નવા જમાનાની છે. પરંતુ બુદ્ધુઓને બુદ્ધિશાળી ચીતરવાનું તો તે જમાનાથી ચાલ્યું આવે છે. હકના મુકાબલામાં બાતિલ, સત્યના મુકાબલામાં ફિરઓનો અને અબુઝહલો તો હોય જ છે. ઈબ્ને હિશામ કે અલફારૂકની તો શું વાત કરવી. તે અગાઉ લખાયેલી કિતાબોમાં પણ એહલેબયતની દુશ્મની છૂપી રહી શકી નથી. બુખારીના કર્તા જ્યારે જુઠી હદીસો લખી શકતા હોય, તો અમારે

બીજાઓને કશું જ કહેવાનું રહેતું નથી. જે બુખારીએ રસૂલે ઈસ્લામના સગા મા-બાપને જહન્નમી અને કાફિર ગણાવ્યા છે. તેઓને અઝાબે કબ્ર થતો બતાવ્યો છે, પેગંબરે ઈસ્લામ પોતાની મા માટે દુઆ કરે છે તો તે કબૂલ થતી નથી એવા બેહુદાં વર્ણનો કર્યાં છે. જેઓએ વસીએ ઈસા (અલ.) અને વાલીદે મોહતરમ હઝરત અલી (અલ.) જેવા મોહસીને ઈન્સાનિયત અને મોહસીને ઈસ્લામ હઝરત અબુતાલિબ (અલ.)ને કાફિર ગણાવ્યા છે તેઓને શું કહીશું ?

વાચકો, પ્રથમ પૂર્વગ્રહ છોડી, તંદુરસ્ત દિમાગ સાથે, પ્રમાણિક્તાનો દામન પકડી, અલ્લાહ અંગે તેના રસૂલના મુકાબલામાં બીજાઓની મહબ્બતને પોતાના દિલમાંથી તીલાંજલિ આપે.

પછી ઉપરોક્ત વર્ણનો વિશે ઠંડા દિમાગથી વિચારે કે રસૂલે ઈસ્લામને નમાઝની જાહેરાત માટે કંઈ સમજ પડતી નથી. રસૂલ યહુદ-નસારાની બીજી બધી બાબતોમાં તો મુશાબેહત-અનુકરણ-સરખાપણું કરવાનું મના કરે અને અઝાનની જાહેરાત માટે રણશીંગાનો તથા નગારાનો હુકમ આપે, એટલામાં સર્વશ્રેષ્ઠ અક્કલમંદ હઝરત ઉમર ત્યાં આવી ચડે અને અઝાન આપવાનો મશિવરો આપે, આ હદીસવેત્તાઓને રસૂલની કોઈ પરવા નથી. પરંતુ હઝરત ઉમરની ઈઝ્ઝતને ચાર ચાંદ લાગવા જોઈએ. શીબ્લી નોઅમાનીસાહેબ તો લખે છે કે હઝરત ઉમર ઈરાદો કરે છે કે યા રસૂલલ્લાહ ! આવું થવું જોઈએ અને પછી તરતજ અલ્લાહ હુકમ આપે છે. જાણે અલ્લાહ પણ હઝરત ઉમરના

મશવેરા ઉપર કામ કરતો દેખાય છે. અલ્લાહને પોતાના રસૂલ કરતાં હઝરત ઉમર સાથે વધારે મહબ્બત હતી.

બીજા ખલીફા સાહેબે પોતાના મતથી દીનમાં ઘણો બધો વધારો ઘટાડો કર્યો છે. અનેક બીદઅતો આ મોટા ખલીફા સાહેબે પોતાની શહેનશાહિયતના સમયમાં દીનમાં દાખલ કરી છે. “હય્યા અલા ખયરીલ અમલ” આ અઝાનનો ભાગ હતો. પેગંબરે ઈસ્લામના સમયમાં આ શબ્દો પાંચે પાંચ નમાઝોમાં પઢવામાં આવતા હતા. આ વાક્ય પેગંબરે ઈસ્લામની વફાત પછી તરત જ અબુબકર અને ઉમર બંને સાહેબોએ અઝાનમાં પઢવાની મના ફરમાવી. આ જ કારણથી તો હઝરત બિલાલ રઝિયલ્લાહો તઆલા અન્હો મદીના છોડીને ચાલી

ગયા હતા. આ ખલીફા સાહેબોએ આ શબ્દો અઝાનમાંથી કેમ બાદ કર્યા ? શું કારણ હતું ?

હજ્જતુલ વિદાઅથી (છેલ્લી હજથી) પાછા ફરતાં ૧૮ ઝિલહજ હિજરી સન ૧૦ માં ગદીરે ખૂમના સ્થળે પેગંબરે ઈસ્લામે હઝરત અલી (અલ.)ને પોતાના ખલીફા બનાવી જાહેર એલાન કર્યું હતું. તે જાહેર એલાન વખતે "હય્યા અલા ખયરીલ અમલ" ના શબ્દો વારંવાર ઊંચા અવાજે પોકારવામાં આવ્યા હતા. લાખોની મેદનીના મગજોમાં આ શબ્દોથી ગદીરના દિવસની યાદ તાજી થતી હતી. અલીની દુશ્મનીમાં બીજા ખલીફા સાહેબ ઉમરે આ શબ્દો અઝાનમાંથી કાઢી નાખ્યા. મોએઝ્ઝીનને આ શબ્દો પઢવાની બંધી કરવામાં આવી.

વળી બીજા ખલીફા સાહેબે ફજરની અઝાનમાં “અસ્સલાતો ખયરૂમ મિનન્નોમ” નો વધારો કરાવ્યો. ખલીફા સાહેબ ઊંઘી રહેતા હતા. ગુલામને ફજરમાં ઊઠાડવાની ડ્યુટી સોંપી હતી. એક વખત એક ગુલામે આપના ઘેર જઈ બૂમ પાડી કે “અસ્સલાતો ખયરૂલ મિનન્નોમ” “ઊંઘ કરતાં નમાઝ બેહતર છે” આપ રસુલુલ્લાહના નિયુક્ત કરેલા ખલીફા તો હતા નહિ. બાદશાહ જ હતા. તરત જ હુકમ છૂટ્યો કે અઝાનમાં આ શબ્દો બોલવામાં આવે. આમ તો આ ખલીફા સાહેબે દીને ઈસ્લામમાં ઘણી બધી બીદઅતો દાખલ કરી છે. તરાવીહની બીદઅત પણ આપના જ દિમાગની પેદાવાર છે.

[જે લોકો બીજા ખલીફા હઝરત ઉમરના જીવન વૃત્તાંત વિશે વધુ માહિતી જાણવા ઈચ્છે તેઓ અમારી કિતાબ "ઈસ્લામ અસત્યના ઘેરાવમાં ભાગ-૨" વાંચી શકે છે. જેમાં ઘણી બધી બીદઅતોનો ઉલ્લેખ છે.]

## (૪) અઝાન વહીએ ઈલાહી છે.

વુઝુ અને નમાઝની જેમજ અઝાન પણ વહી એ ઈલાહી છે. તેની તાલીમ રસુલુલ્લાહ (સલ.)ને વહીના ઝરીયાથી પહોંચાડવામાં આવી છે. અઝાનમાં કોઈ સહાબીની રાય (મત) કે મશ્વીરાની દખલગીરી નથી. મસ્જિદે નબવીના બાંધકામ પછી આપ (સલ.)એ જરૂરી સમજ્યું કે નમાઝ માટે બોલાવવાનો કોઈ તરીકો હોય. અલ્લાહતઆલાએ વહીના ઝરીયાથી આપ (સલ.) ઉપર અઝાન

નાઝિલ ફરમાવી છતાંય આપ (સલ.)એ સહાબાની સમક્ષ નમાઝના એલાન માટે પ્રસ્તાવ રજૂ કર્યો. તે બાબત જુદા જુદા સહાબાએ જુદો જુદો મત રજૂ કર્યો. પરંતુ અબ્દુલ્લાહ બિન ઝૈદે પોતાના એક સ્વપ્નનું વર્ણન કર્યું. આપ (સલ.) એ ફરમાવ્યું : તમારૂં સ્વપ્ન સાચું છે. વહી પણ તમારા સ્વપ્નની તશદીક કરે છે.

મતલબ વહીના હુકમ પ્રમાણે જનાબ બિલાલને અઝાન આપવાનો હુકમ આપવામાં આવ્યો. જે આજદિન સુધી નિરંતર ચાલુ છે. જો આપણે આમ માનીએ કે રસુલુલ્લાહ (સલ.) એ કોઈના મત ઉપર અમલ કર્યો તો મઆઝલ્લાહ - અલ્લાહ માફ કરે એમ કહેવાશે કે રસૂલુલ્લાહ અઝાનના અરકાન થી પરિચિત ન હતા. બીજાઓએ

આપને આ બાબત બતાવી. આ વસ્તુ અશક્ય છે. કારણ કે રૂહાનિયત અને નૂરાનીયત (આધ્યાત્મિક્તા અને ઈલ્મો જ્ઞાન) રિસાલતનો જ એક અતિ મહત્વનો ભાગ છે. આ જ રૂહાનિયત અઝાનની ફિલસૂફી પણ છે.

સુન્ની બિરાદરીની એક કિતાબ અઝાનકી ઈસ્તીબસાર ભાગ- ૧ પેજ નં. ૧૫૬ લયલ અવતાર ભાગ - ૧ પેજ નં. ૨૩૮ માં "અસ્સલાતો ખયરૂમ મિનન્નોમ" ની બાબતમાં લખ્યું છે કે અઝાનમાં આ વધારો છે જે હઝરત ઉમરે પોતાની ખિલાફતના ઝમાનામાં ચાલુ કર્યો હતો અને આપના પુત્ર અબ્દુલ્લાહે પણ મદીનામાં ઘણાંબધા સહાબાની સમક્ષ કહ્યું છે કે આ બિદઅત છે. સૌ પ્રથમ હઝરત અલી (અલ.)એ આ શબ્દો સાંભળ્યા

તો તેના માટે ફરમાવ્યું : અઝાનમાં એવા કલિમાનો વધારો ન કરો જે એમાં નથી.

[કુર્આનનો અભ્યાસ કરશો તો જણાશે કે દરેક જમાનામાં બાદશાહોએ નબીની વાતોને સ્વીકારી નથી. તે જ પ્રમાણે સત્તાને સ્થાને બિરાજેલા ઉમર પણ એક બાદશાહ જ હતા. મહાપ્રતાપી રાજા. તેમણે પણ ઈમામની વાતને ગણકારી નહિ. પરંતુ ઈમામે તો પોતાની ફરજ બજાવી સ્પષ્ટ ભાષામાં ગલતને ગલત કહી દીધું.]

મોહિબ તબરીએ પોતાની કિતાબ અલ અહકામમાં ઝૈદ બિન અકરમથી રિવાયત નકલ ફરમાવી છે કે તેઓ અઝાનમાં આ કલિમો “હય્યા અલા ખયરૂલ અમલ” કહેતા હતા. બિલાલ

સવારની અઝાનમાં “હય્યા અલા ખયરીલ અમલ” કહેતા હતા

“અસ્સલાતો ખયરૂમ મિનન્નોમ” આ જુમ્લો કદાચ ખલીફા ઉમર માટે તો બરાબર હોય કારણ કે ઊંઘણસી ખલીફાને ઉઠાડવા માટે બોલાતો હતો. પાછળથી ખલીફા સાહેબે નમાઝની અઝાનમાં દાખલ કરી દીધો. પરંતુ આમ બીજી દ્રષ્ટિએ પણ આ જુમ્લો બધી જગ્યાએ ખોટો પડે છે. લાખો મોકા એવા હોઇ શકે જેમાં ઊંઘ નમાઝથી બેહતર ગણાતી હોય. દ્રષ્ટાંત રૂપે ઈમામ અલી (અલ.)નું હિજરતની રાતે બિસ્તરે રસૂલ ઉપર સૂઈ જવું નમાઝથી અફઝલ હતું કારણ કે આપના બિસ્તરે રસૂલ ઉપર ઊંઘી રહેવામાં પેગંબરે ઈસ્લામની હિફાઝત હતી, દીને ઈસ્લામની હિફાઝત હતી. કયામત સુધી

તમામ ઈન્સાનિયતની પઢાતી નમાઝોની હિફાઝત હતી. જો રસૂલ જ ન જીવતા રહેત તો પછી નમાઝ જ કેવી રીતે બાકી રહેત. બીજું દૃષ્ટાંત આલીમનું સૂઈ રહેવું આબિદની ઈબાદતથી બેહતર છે. જેથી ખલિફા સાહેબનો આ જુમલો જ ગલત છે. જે અઝાનમાં બીદઅત છે.

### (૧) જનાબ સલમાન રઝિયલ્લાહો તઆલા અન્હોનુ ઈસ્લામ કબૂલ કરવું.

જનાબ સલમાન (રઝિ.) અસફહાનના એક મજૂસી (અગ્નિપુજક - પારસી) વેપારીના પુત્ર હતા. તેમનું નામ રદઝબા હતું. કિશોરાવસ્થાની ઉમરથી જ ચિંતન-મનન કરવાનો-શોધખોળ કરવાનો શોખ હતો. પ્રથમ કોઈ ઈસાઈની સોબતથી ઈસાઈ થઈ ગયા. છતાંય મઝહબે હકની તલાશ ચાલૂ રહી, અનેક મુલકોમાં ફરતા રહ્યા. મુલકે શામ પહોંચ્યા તો ત્યાં ઈસાઈ આબાદી સારી એવી હતી જેથી શામમાં જુદા જુદા છ રાહિબોની (ઈસાઈ વિદ્વાનોની - ઈબાદતગુજારોની) સોબતમાં રહ્યા. છેલ્લા રાહિબે

કહ્યું કે હવે તમે અરબસ્તાન જતા રહો, ત્યાં નબીએ આખેરૂઝ્ઝમાં પેદા થયા છે. તેમની નબુવ્વતની નિશાની આ છે કે તેમની પીઠ ઉપર મોહરે નબુવ્વત હશે. સલમાન ત્યાંથી એક કાફલા સાથે એક અમીરની સાથે વાદીઉલ કુરામાં આવ્યા. આ કાફલાનો અરબ અમીર ઝાલીમ અને નાલાયક હતો તેણે આપને પોતાનો ગુલામ જણાવીને એક યહુદીને વેચી દીધા. તે યહુદીએ વળી બીજાને વેચી દીધા, તે આપને મદીના લઈ આવ્યો.

જ્યારે હુઝૂર (સલ.) મદીના તશરીફ લાવ્યા તો તે જ વર્ષે જમાદીઉલ અવ્વલમાં કોઈપણ રીતે મોહરે નબુવ્વત જોઈને સલમાન ઈસ્લામ લાવ્યા. આપ (સલ.) પાંચ ઉવડીયા સોનું (લગભગ 33 ગ્રામ) આપી તેમના માલિક પાસેથી આપને આઝાદ

કરાવ્યા. કહેવાય છે કે સલમાન કુલ દસ જગ્યાએ મતલબ દસ વખત વેચાયા, ખરીદાયા હતા, જંગે ખંદકમાં ખંદક ખોદવાની પધ્ધતિ જનાબ સલમાને જ બતાવી હતી. ખંદક ખોદવામાં આપ બે-ગણું કામ કરતા હતા - જ્યારે ખંદક ખોદવામાં ભાગ પાડવામાં આવ્યા અને આ ભાગો સહાબામાં વહેંચી દેવાતા હતા ત્યારે બધાજ ઈચ્છતા હતા કે સલમાન અમારી ટોળીમાં આવી જાય તો સારું. સૌથી વધુ કામ કરતા હતા, સાથે ઈરાનીઓની ખંદક ખોદવાની પધ્ધતિના પણ જાણકાર હતા.

રસુલુલ્લાહ (સલ.)એ ફરમાવ્યું : "સલમાન અમારા એહલેબયતમાંથી છે" આ વાતમાં કોઈ શંકા નથી કે જનાબ સલમાન એહલેબયતે રસૂલથી બેપનાહ મહબ્બત કરતા હતા. જનાબ સલમાન

કરામાત ધરાવનાર બુઝૂર્ગ હતા. કાફીમાં છે કે એક દિવસ જનાબ અબૂઝર સલમાનને મળવા ગયા. હઝરત સલમાન હાંડીમાં કંઈક પકાવી રહ્યા હતા. અબુઝર સાથે વાતોમાં પણ મશગુલ હતા. હાંડી ચૂલા પરથી પડી ગઈ પરંતુ જે કંઈ અંદર હતુ તે ન પડ્યું. હઝરત સલમાને હાંડીને ફરીથી ચૂલા ઉપર ચઢાવી દીધી.

ત્રણ વખત આ પ્રમાણે થયું, હાંડી ચૂલા પરથી પડી ગઈ પરંતુ અંદરની વસ્તુ ન ઢોળાઈ. આ જોઈ અબુઝર તો આપ્ર્ચર્ય ચકિત થઈ ગયા. એમના ઉપર એક ખોફ સવાર થઈ ગયો. તરત જ ઘરમાંથી બહાર આવી ગયા. બીજા ખલીફા સાહેબ ઉમરે પોતાના શાસનકાળમાં હઝરત સલમાનને મદાઈનના ગવર્નર બનાવ્યા હતા. પરંતુ સલમાન

તો આ જ ગરીબીની હાલતમાં રહેવા ઈચ્છતા હતા. ખૂબ જ ઈન્કાર છતાં ઉમરની ઝિદ ચાલુ રહેતાં સંમત થયા. [આ પણ રાજકર્તાઓની એક ચાલ હતી. અમીરૂલ મોઅમેનીનના જેટલાય ચાહક સહાબા હતા તે બધાયને વીણી વીણીને ઉમરે મદીનાથી બહાર કાઢી મૂક્યા હતા. અબુઝરને રબઝહ ઉસ્માને મોકલી દીધેલા. ઉમરે સલમાનને મદાઈન મોકલી દીધા. સામ-દામ-દંડ અને ભેદની નીતિ આ ખલીફાઓએ અપનાવેલી. એહલેબયતે રસૂલને મદીનાની બહાર જવાથી પ્રતિબંધ હતો. નજરકેદ હતા. એમના મત મુજબ તમારા બહાર જવાથી બળવો થવાનો સંભવ છે. એહલેબયતને કમજોર બનાવવા અલીના દોસ્તોને વીણી વીણીને બુધ્ધિપૂર્વક ચાલબાજીથી અલીથી વિખૂટા પાડી

દીધા. કોઈને સજા આપીને, કોઈને હોદ્દૃ આપીને. વળી આ બાબતમાં ઉમરની પોલીસી મઆવીયા જેવી જ હતી. સામ એટલે સમજાવીને-પટાવીને અલીથી દૂર રહેવા જણાવ્યું, દામ એટલે લાલચો આપીને સમજાવ્યું. જ્યાં સામ, દામથી કામ ન ચાલ્યું ત્યાં કોઈ જુઠ્ઠા કેસમાં ફસાવીને દંડિત કરીને દૂર કર્યાં. જ્યારે સામ, દામ, અને દંડથી કામ ન ચાલ્યું, ત્યારે ભેદની નીતિ ઈંgયાર કરી કાંટો કાઢી નાખ્યો. અત્યારે જેમ બને છે તેમ. લશ્કરી ગાડી-લશ્કરી વાહન જ કચડી નાખે, કોઈને ખબર પણ ન પડે. આવી ભેદની નીતિ અપનાવી. જે વ્યક્તિ જેટલો વધારે અલી-ફાતેમાનો દુશ્મન એટલો વધારે તે ઉમર અને મઆવીયાના દરબારમાં વહાલો રહેતો.] આ જ દુરવેશીની હાલતમાં મદાઈન જવા

નીકળી પડ્યા. હાથ વડે થેલીઓ સીવતા હતા. જે કંઈ લેતા તે ગરીબોને આપી દેતા. પોતે પણ અસહાબે સુફ્ફામાંથી હતા. આખી જિંદગી પૂરી કરી દીધી, પોતાના માટે ઘર પણ ન બનાવ્યું. હિજરી સન ૩૨માં અને એક બીજી રિવાયત અનુસાર હિજરી સન ૩૫ માં ઉસ્માનના શાસનકાળમાં મદાઈનમાં જ વફાત પામ્યા.

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી ઈબ્ને અબીતાલિબ અલયહિસ્સલામ મોએજિઝાના શાનથી આપને ગુસલ-કફન દફન માટે મદીનાથી મદાઈન પહોંચ્યા. પોતે જ ગુસલ અને કફન આપી પોતે જ કબરમાં ઉતારી દફન કર્યા. પરત મદીના ચાલી આવ્યા. આ મોઅજિઝાનું વર્ણન અમે અમારી

હઝરત અલી (અલ.)ના મોઅજિઝા કિતાબમાં કરી ચૂક્યા છીએ.

## (૨) અનસાર અને મોહાજેરીન

મદીનામાં બે પ્રકારના મુસલમાનો હતા. મોહાજિરો - જેઓ મક્કાથી હિજરત કરીને મદીના આવ્યા હતા. અનસાર-મદીનાના તે રહેવાસીઓ જેઓ મુસલમાન થઈ ગયા હતા. તેઓએ રસૂલથી નુસરતનો (મદદનો) વાયદો કર્યો હતો. કહ્યું હતું કે યા રસૂલલ્લાહ ! આપ મદીના ચાલી આવો. અમે આપની મદદ કરીશું, આપનું રક્ષણ કરીશું. જેથી તેઓને અનસાર (મદદ કરનાર) કહેવાયા.

અનસારમાં બે મુખ્ય કબીલાઓ હતા. બની ઓસ અને બની ખઝરજ. પાછલી પેઢીઓમાં ઓસ અને ખઝરજ બંને ભાઈઓ હતા. આ તેમની જ

અવલાદ હતી. આટલી નજીકની સગાઈ હોવા છતાં લગભગ એકસો વીસ વરસથી આ બંનેની અવલાદ વચ્ચે એટલી દુશ્મની હતી કે ખુદાની પનાહ. પરંતુ ઈસ્લામની રહમત અને બરકત તથા પેગંબર (સલ.)ની તરબીયતના કારણે આ લોકો પોતાની જુની દુશ્મની ભૂલી ગયા હતા. આપસમાં પ્રેમ-મહબ્બતથી જીવતા થઈ ગયા હતા.

આ બંને કબીલાઓમાં જેઓ મુસલમાન બન્યા ન હતા, રસુલુલ્લાહ (સલ.) એ તેમની સાથે સુલેહ - શાંતિથી રહેવાના કરાર કર્યા હતા. કબીલા ખઝરજનો એક સરદાર અબ્દુલ્લાહ બિન સલૂલ પોતાના કબીલામાં ઘણો જ પ્રતિભાશાળી અને બાહોશ આગેવાન ગણાતો હતો. જેને બની ખઝરજ પોતાનો બાદશાહ બનાવવાના હતા. પરંતુ પેગંબર

(સલ.)ના મદીના આવવાથી આખી પરિસ્થિતિ જ બદલાઇ ગઈ. અબ્દુલ્લાહ ઘણી જ શાનોશૌકત ધરાવનાર, બાહોશ વક્તા પણ હતો. પેગંબર (સલ.)ના મદીના આવવાથી એની તો જાણે બાદશાહત જ છીનવાઇ ગઈ. જેથી એના હ્રદયમાં પેગંબર (સલ.)ના માટે કીનો-કપટ હતાં. જાહેરમાં તો રસુલુલ્લાહ (સલ.)ની મજલિસમાં આવતો, બેસતો, જાહેરી અદબ જેવા સહાબાએ કિરામ કરતા, એવો અદબ રસુલુલ્લાલ (સલ.)નો અબ્દુલ્લાહ પણ કરતો. નિફાક (દંભ) પોતાના હ્રદયમાં દબાવેલો રાખતો. પરંતુ જ્યારે પેગંબરે ઈસ્લામને માલુમ પડ્યું કે અબ્દુલ્લાહ દીલમાં દગો રાખે છે. એના સાથીદારો પણ ડોગલા છે. ત્યારે એમનું નામ મુનાફિક રાખવામાં આવ્યું. દંભી કહી શકાય.

જાહેરમાં કંઈ અને બાતિનમાં કંઈ બીજું. [આપણે મુનાફિક શબ્દને સમજીએ. અરબી ભાષાનો ઘણો જ સરસ શબ્દ છે. આ શબ્દ ક્યાંથી આવ્યો ? મજા પડે એવી વાત છે. ન...ફ...ક એક ધાતુ ક્રિયાપદ છે. જેનો અર્થ થાય છે, એક રસ્તેથી દાખલ થઈ બીજા રસ્તેથી બહાર નીકળી જવું. આપણા નાડાવાળા લેંઘાને આપણે નેફો રાખતા હતા. પહેલાં તો આગળ પાછળ બંને તરફ ફેરવી શકાય એવાં પાછળ પણ બે કાણાં રાખવામાં આવતાં હતાં. નાડાને આગળથી દાખલ કરો તો પાછળથી બહાર નીકળી જાય. પાછળથી દાખલ કરો તો આગળના બીજા કાણેથી બહાર નીકળી જાય. ન...ફ...ક. નેફો અને તેના ઉપરથી નામ બન્યું મુનાફિક. એ વ્યક્તિ જે ઈસ્લામમાં એક રસ્તેથી દાખલ થઈ બીજા

રસ્તેથી ઈસ્લામની બહાર નીકળી જાય. ગુજરાતીમાં દંભી શબ્દ એની નજીક ગણી શકાય.]

અબ્દુલ્લાહ એક મુદ્દત સુધી પરદામાં રહીને આપ (સલ.) ની મુખાલેફત કરતો રહ્યો. આ સિવાય પણ જદાન કૈસ એના જ કબીલાનો માણસ હતો. તે પણ મુનાફિક હતો. આ સિવાય ઓસ કબીલાના પણ મુનાફિકો હતા.

મોહાજિર જેઓ મક્કા છોડી મદીના આવ્યા તેમાં બે પ્રકારના લોકો હતા. ગરીબ અને માલદાર. માલદારો પાસે જ્યાં સુધી પૈસા હતા ત્યાં સુધી તેઓ ગરીબ મોહાજિરોની મદદ કરતા રહ્યા. થોડા સમય પછી ગરીબ મોહાજિરોની સતત મદદ કરવાના કારણે અમીર-ગરીબ બધા એક સરખા થઈ ગયા. આ રીતે અનસારથી પણ જ્યાં સુધી

બની શક્યું, ગરીબ મુસલમાનોની મદદ કરતા રહ્યા. આ રીતે મુસલમાનો ઈસ્લામના અવ્વલ દોરમાં એક એવા કસોટીકાળમાંથી પસાર થયા કે અસહાબે સુફ્ફા પાસે તો એક જ ચાદર કે કમ્બલ જેને ઓઢતા, પાથરતા. તે સિવાય કંઈ જ ન હતું. પેગંબર (સલ.) પોતે પણ વખતો વખત ભૂખથી દિવસ પસાર કરી લેતા.

## (3) યહુદીઓ અને નસારાઓનો વિરોધ

મદીનાના યહુદી અને ઈસાઈ સારા એવા ધનવાન હતા. પોતાની દવલતના કારણે મદીનાના મૂર્તિપુજકોને દબાયેલા રાખતા હતા. મદીનાનો વેપાર પણ એમના જ કબજામાં હતો. જેથી બુતપરસ્તો એમના નોકર જ બની રહેતા. ગરીબો માલદારોથી હંમેશા દબાયેલા રહેતા હોય છે. આપ

(સલ.) ના હિજરત કર્યા પછી મદીનાના જે લોકો ઈસ્લામ લાવ્યા તેઓનો સંબંધ દેખીતી રીતે જ આ ધનવાન યહુદીઓ અને ઈસાઈઓથી કપાઈ ગયો. ત્યારે આ લોકોએ મુસલમાનોની દુશ્મની શરૂ કરી દીધી. યુધ્ધનો ભય યહુદીઓ તરફથી વધારે હતો.

હિજરત કરીને આવ્યા પછી મદીનાના થોડાક રોકાણ દરમ્યાન આપ (સલ.) યહુદીઓથી ખતરો હોવાનું પામી ગયા. જેથી આપ (સલ.) એ યહુદીઓના નામે એક ફરમાન જારી કર્યું જેમાં તેમના બધાજ નાગરિક હકો બાકી રાખી તેમના ધાર્મિક રિવાજોની પણ આઝાદી રાખી, સાથે એક મુઆહિદો (કરાર) કર્યો. સુલેહ શાંતિથી જીવન જીવવાનો કરાર થયો.


amillibrary.com

યહુદીઓની કેટલીક જમાઅતોએ પણ દુરંદેશીથી કામ લીધું. મુસલમાનો સાથે સુલેહ કરી લીધી. કરાર લખવામાં આવ્યો. આપ (સલ.) એ મુસલમાનોને તાકીદ કરી કે જેમ તમે પોતાના હકોનું રક્ષણ ઈચ્છો છો તે પ્રમાણે બીજાઓના હક્કોને પણ સાચવો. તેમના હક્કોનું પણ રક્ષણ કરો.

હિજરી સન - ૧ માં, અબ્દુલ્લાહ બિન સલામ યહુદીઓનો સૌથી મોટો આલિમ મુસલમાન થયો. આપ (સલ.)ના મદીના આવ્યા પછી આઠ કે નવ મહિના બાદ હઝરત આયશાને વળાવવામાં આવી. વિવાહ તો મક્કામાં જ થઈ ચૂક્યા હતા. માતાજી આયશાને હુમૈરા કહેવામાં આવતાં. કારણ કે એમના રૂખસાર વધારે પ્રમાણમાં લાલ હતા.

આપ (સલ.) પણ આયશાને કદીક હુમૈરા નામથી બોલાવતા હતા.

## (૪) પેગંબરે ઈસ્લામે સહાબામાં ભાઈચારો સ્થાપિત કર્યો.

હિજરતના પાંચેક માસ પછી આબોહવાની ખરાબીના કારણે મોહાજિરો બીમાર પડી ગયા. ઘણાંબધા બીમાર હોવાથી સારવાર અને સેવા બંનેમાં કમી મહસુસ થવા લાગી. આ લોકોને પોતાના ઘર યાદ આવવા લાગ્યાં. આપ (સલ.)એ આ લોકોની તસલ્લી માટે એક મોહાજિરને એક અનસારની સાથે આ રીતે પચાસેક મોહાજિરોને એક એક અનસારની સાથે ભાઈબંધી સ્થાપિત કરી દીધી. આ રીતે દીની ભાઈચારો કાયમ કર્યો. જેથી બીમારોની સેવા પણ થવા પામે અને તેમના કાર્યો

પણ આસાન થઈ જાય. આપ (સલ.)એ કંઈક આ રીતની ભાઈચારાની જોડીઓ બનાવી હતી.

અબુબકર અને ખારેજી બિન ઝૈદ, અબુઝર ગિફારી અને મનઝર બિન અમર, અબુ ઓબયદા અને સઅદ બિન મઆઝ, ઉમર અને હતબાન બિન માલિક, અબ્દુર્રેહમાન બિન ઓફ અને સઅદ બિન રબીઅ, ઉસમાન બિન અફ્ફાન અને ઓસ બિન સાબિત, તલહા બિન ઓબયદુલ્લાહ અને કઅબ બિન માલિક, સઈદ બિન ઝયદ અને ઉબય બિન કઅબ, ઝહીર બિન અવામ અને સલમા બિન સલામ, સલમાન અને અબુદરદા, મુસઅબ બિન ઉમૈર અને અબુ ઐયુબ અનસારી.

આ રીતે મોહાજિર અને અનસારમાં ભાઈચારો સ્થાપિત થઈ ગયો તો સૌ પ્રથમ આપ

(સલ.)એ જનાબ અમીરૂલ મોઅમેનીનનો હાથ પોતાના હાથમાં લઈને ફરમાવ્યું : અલી તમે દુનિયા અને આખેરતમાં મારા ભાઈ છો. તારીખે અબુલ ફિદાના કર્તા લખે છે કે જનાબ અલી (અલ.)એ પોતાની ખિલાફતના સમયમાં મિમ્બર ઉપર બેસીને ફરમાવ્યું : મુસલમાનો ! હું રસુલુલ્લાહનો ભાઈ છું અને અલ્લાહનો બંદો છું.

આ ભાઈચારા આગાઉ મક્કામાં પણ આપ (સલ.)એ મોહાજિરો મોહાજિરો - મતલબ ઈમાન લાવનારાઓની વચ્ચે ભાઈચારો કાયમ કર્યો હતો. જેમાં અબુબકર અને ઉમર, તલહા અને ઝુબેર, ઉસ્માન અને અબ્દુર્રેહમાન બિન ઓફ, હમઝા અને ઝૈદ બિન હારેસા દરમ્યાન ભાઈચારો કાયમ કર્યો હતો. તે સમયે મક્કામાં પણ આપ (સલ.)એ

અમીરૂલ મોઅમેનીનને પોતાના ભાઈ તરીકે જાહેર કર્યા હતા. ફરમાવ્યું હતું :

**યા અલી અન્ત અખી ફિદદુન્યા વલ આખેરહ**

(તારીખે ખમીસ, હબીબુસ્સીર.)

ઈબ્ને હિશ્શામે પોતાની તારીખમાં લખ્યું છે કે મદીનામાં ભાઈચારો બનાવવાની પ્રવૃત્તિનું આયોેજન મસ્જિદે નબવીના બાંધકામ પછી કરવામાં આવ્યું. આપ (સલ.)એ મોહાજિર અને અનસારને અનસ બિન માલીકના મકાનમાં એકત્ર કરીને આ જાહેરાત ફરમાવી હતી. તારીખે ઈબ્ને હિશ્શામે આ વ્યક્તિઓની એક અલગથી અનુક્રમણિકા બનાવી નોંધ કરી છે જેમાં હઝરત અલી મુરતઝાનું નામ રસુલુલ્લાહના ભાઈ તરીકે પ્રથમ નંબરે છે.

## (૫) હઝરત અલી (અલ.) અને રસૂલે ખુદા (સલ.) ભાઈ ભાઈ રહ્યા

ઈબ્ને હિશ્શામની અસલ ઈબારત નીચે પ્રમાણે છે. પેગંબરે ઈસ્લામ સહાબામાં - મોહાજિર અને અનસારની વચ્ચે ભાઈચારો સ્થાપિત કર્યો તેની વિગત આ પ્રમાણે છે. પ્રથમ આપ (સલ.) એ આ પ્રકારની ગોઠવણીનો ઈરાદો કર્યો તો ફરમાવ્યું કે મને ખુદા તરફથી હુકમ થયો છે કે અને અગર નઉઝુબિલ્લાહ હું તમને એવી વાત કહું જે મને અલ્લાહ તરફથી ન કહેવામાં આવી હોય, શક્ય જ નથી.

મને અલ્લાહતઆલા તરફથી હુકમ થયો છે કે હું સેગએ ઉખુવ્વત જારી કરું. કલિમા બોલું અને તમને લોકોને ભાઈ ભાઈ બનાવી દઉં. ત્યાર પછી તરત જ

રસુલુલ્લાહ (સલ.)એ હઝરત અલી બિન અબીતાલિબ (અલ.)નો હાથ પકડ્યો પછી ફરમાવ્યું : આ મારો ભાઈ છે.

કારણ કે રસુલુલ્લાહ (સલ.) સૈયેદુલ મુરસલીન ઈમામુલ મુત્તકીન અને રસૂલે રબ્બીલ આલમીન હતા. તેથી બંદાઓમાંથી કોઈપણ વ્યક્તિ સિવાય કે હઝરત અલી (અલ.) રસુલુલ્લાહના જેવા, સમાન સામ્યતા ધરાવનાર, એકરૂપ બીજા કોઈ નથી બની શકતા. આ જ કારણથી પણ આ બંને બુઝૂર્ગવારો ભાઈ ભાઈ છે. નૂર બંનેનું એક જ છે. જે હઝરત આદમ (અલ.) થી લઈને હઝરત અબ્દુલમુત્તલિબ (અલ.)ની પીઠમાં આવ્યું. હઝરત અબ્દુલ મુત્તલિબ (અલ.)ની પીઠ માંથી આ નૂરના બે ભાગ પડ્યા, એકભાગ જનાબ અબ્દુલ્લાહ (અલ.)ની પીઠમાં આવ્યો

અને નૂરનો બીજો ભાગ જનાબ અબુતાલિબ (અલ.)ની પીઠમાં આવ્યો.

હઝરત અબ્દુલ્લાહ રસુલુલ્લાહ (સલ.) વાલીદ બુઝૂર્ગવાર અને જનાબ અબુતાલિબ હઝરત અલી (અલ.)ના વાલીદ બુઝૂર્ગવાર છે. એક ઈમામુલ અંબિયા, સરદારૂલ અંબિયા છે તો બીજા ઈમામુલ અવસીયા, સરદારૂલ અવસિયા છે. અબુલ અઈમ્મા છે.

હઝરત હમઝા (રઝિ.) અસદુલ્લાહ અને અસદુર્રસુલના લકબથી (ઉપનામથી) ઓળખાય છે. પેગંબર (સલ.)ના કાકા થાય છે. તેમને જૈદ બિન હારેસાની સાથે જે આપ (સલ.)ના ગુલામ હતા. ભાઈ બનાવ્યા હતા. જંગે ઓહદમાં જનાબ હમઝા ઘાયલ થઈ ગયા તો મૃત્યુથી થોડીક મિનિટો અગાઉ ઝૈદને જ વસીય્યત ફરમાવી હતી.

જઅફર બિન અબુતાલિબ જેમનો લકબ (ઉપનામ) ઝુલ જનાહૈન (બે હાથવાળા) હતો, અને તૈયારા ફિલ જન્નત (જન્નતમાં ઉડનારો) ના ભાઈ મઆઝ બિન જબલ અનસારીને બનાવ્યા હતા.

આ રિવાયતમાં ઈતિહાસકારોમાં થોડોક વિરોધાભાસ પણ જોવા મળે છે. તારીખે ઈબ્ને હિશ્શામ - ભાગ - ૧ પેજ નં. ૫૨૬ પ્રકાશન શૈખ ગુલામ અલી લાહોર લખે છે કે જઅફરે તૈયાર ઈબ્ને અબીતાલિબ આ ભાઈચારો કાયમ કર્યો ત્યારે મુલક હબશામાં હતા. જેથી મઆઝ બિન જબલ અનસારીને બની સલમાના ભાઈ બનાવ્યા હતા.

પેગંબરે ઈસ્લામે હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબીતાલીબ (અલ.)ને દુનિયા અને આખેરતમાં પોતાના ભાઈ કહ્યા છે. તે ઘણીજ

અગત્યની ફઝીલતવાળી તથા એટલી વિશ્વાસપાત્ર વાત છે કે એહલે સુન્નત બિરાદરીના ઘણાં બધા આલિમોએ અને સીરતનિગારોએ તેની નોંધ લીધી છે.

જુઓ... ઈમામ અહમદ બિન હમ્બલે મનાકિબમાં ઈમામ નિસાઈએ ખસાઈસમાં, ઈમામ અબીશીબાએ પોતાની મુસનદમાં, ઈમામ હાકિમે મુસ્તદરકમાં, ઈમામ અબ્દુલ બર્રે અલ ઈસ્તેઆબમાં, તિબરાનીએ અલ મોઅજ્જમમાં, ઈમામ સિયુતીએ જમીઉલ જવામેઅમા, ઈમામ દારેકુતની પોતાની મુસનદમાં, મુલ્લા અલી મુત્તકી હિન્દીએ કન્ઝુલ અમ્માલમાં, ફકીય્યા અબુલ હસન મગાઝલીએ મનાકિબમાં, ઈમામ દયલમી અને ઈબ્ને મરદુયાએ પોતપોતાની મનાકિબમાં આ ઘટના વિસ્તૃત રીતે, જુદા જુદા શબ્દોમાં લખી છે. જુઓ અરજહુલ

મતાલિબમાં મનાકિબે અલી ઈબ્ને અબી તાલિબ લેખક ખ્વાજા અબ્દુલ્લાહ અમૃતસરી, પ્રકાશન લાહોર પેજ નં. ૪૮૫

**(૬) અસહાબે સુફફા**

મસ્જિદે નબવીને અડીને એક બાજુ એક ચબુતરો હતો. આ કુટુંબ કબીલા વગરના સહાબાનું ઠેકાણું હતો. તેઓ અહીં રાત - દિવસ પડ્યા રહેતા. પેગંબરે ઈસ્લામ પાસેથી ઈલ્મ પણ શીખતા. આ અસહાબો જંગલમાથી લાકડાં કાપી લાવી તેને વેચી ગુજરાન કરતા. વળી કોઈ કોઈ છૂટી છવાઈ મજૂરીનું કામ કરી લેતા. આ લોકોને બાલ-બચ્ચાં ન હતા.

આ લોકો ઘણાં જ ગરીબ હતા. આપ (સલ.) પાસે સદકાનું ખાવાનું આવતું તો આપ

(સલ.) તેને અસહાબે સુફ્ફા પાસે મોકલી દેતા. વળી કોઈ દઅવતનું ખાવાનું આવતું તો આ લોકોને બોલાવી લેતા, વળી આ લોકોની સાથે બેસીને ખાતા.

આ લોકોમાંથી કોઈની પાસે પણ ચાદર અને તેહબંદ બંને એક સાથે ન હતી. ચાદરને જ ગળાથી પગ સુધી લટકાવી દેતા. સઅદ બિન અબાદહ અનસારી મદીનાના આગેવાન ઘણાં જ ઉદાર અને ખર્ચાળ હતા. કદી કદી એંસી એંસી મેહમાનોને પોતાની સાથે ખાવા લઈ જતા.

(ઝરકાની ઝિક્રે અસબાહે સુફ્ફા, સીરતુન્નબી ભાગ - ૧ પેજ નં. ૨૧૫)

# પ્રકરણ : ૧૧ : હિજરત શું છે ? હિજરતની ફઝીલત, હિજરત જરૂરી હોવા છતાં હિજરત ન કરનારાઓ માટે ઠપકો

હિજરતનો સીધો સાદો અર્થ થાય છે, વતન છોડીને બીજી જગ્યાએ જઈને વસવું. પરંતુ ઈસ્લામમાં હિજરત શબ્દનો ઘણો જ વિશાળ અર્થ થાય છે. હિજરત એટલે પેગંબરે ઈસ્લામ (સલ.) અને આપના સહાબાનું ઈસ્લામને ખાતર-દીનની તબ્લીગના વાસ્તે પોતાના વતન મક્કાને છોડી મદીના જઈને રહેવું.

મુશરીકોના અનહદ ઝુલમ અને ત્રાસથી થાકી જઈને પોતાનો દીન બચાવવા માટે આ લોકોને મક્કા છોડવું પડ્યું. હિજરત કરનાર સહાબા ઈસ્લામની ઈમારતના પાયાના પથ્થરો હતા. આ

લોકોનું મક્કા છોડીને મદીના ચાલી જવું એટલું સહેલું ન હતું જેટલું સહેલું આપણે ભાવનગર છોડીને મહુવા કે મુંબઈ રહેવા ચાલી જઈએ. સામાન પેક કરીએ, રૂપિયા-પૈસા અને નાણાં-ઘરેણાની પોટલી બાંધી બરાબર હિફાઝતથી કમરે બાંધીએ, ટ્રકની વ્યવસ્થા કરીએ. સાથે કોઈ ખોરાક, ઢેબરાં કે ફાફડા, રોટલી, શાક વગેરે પણ બાંધી લઈએ, અડોશ-પડોશમાં મુલાકાત કરી લઈએ, પછી રવાના થઈએ.

આ લોકોની હિજરત તો મોત સમાન હતી. ઈન્સાન માટે મોત તો સહેલું છે પરંતુ એક વ્યક્તિની જિંદગીભરની પુંજીનું લુંટાઈ જવું, વેડફાઇ જવું, આ મોતથી પણ મોટી આફત છે, અને ફક્ત પોતાના દીનની હિફાઝતને ખાતર આ લોકોએ બધું

જ સહન કરી લીધું. કેટલાક પતિઓએ પોતાની પત્ની ગુમાવી, કેટલીક પત્નીઓએ પોતાના પતિ છોડવા પડ્યા. અહીં સુધી કે અમૂક સ્ત્રીઓની કાખમાંથી આ ઝાલીમોએ બાળકો પણ છીનવી લીધાં છે. હિજરતની ફઝીલત, મોહાજિરોની ફઝીલતના વર્ણનો અલ્લાહે કુર્આનમાં કર્યાં છે. આ લોકોએ પોતાના બાપદાદાના ઘરો છોડ્યાં, ઘરવખરી છોડી, કેટલાકે વાડીઓ, ખેત ખલીહાન, ખજૂરના ઝાડો, પોતાની માલીકીની ખુલ્લી જમીનો, આ મઝલુમોએ બધું જ છોડી દીધું. આ છોડવાનું કારણ ફક્ત આજ હતું કે આ લોકો કહેતા હતા કે :લા એલાહા ઈલ્લલ્લાહ, મોહંમદુર્રસુલુલ્લાહ

અલ્લાહના સિવાય કોઈ પુજવાને લાયક નથી. અને હઝરત મોહંમદ (સલ.) અલ્લાહના

રસૂલ છે. આ મુસલમાનોનો ગુનો આ જ હતો કે અલ્લાહને યકતા માનતા હતા. મૂર્તિપુજા છોડી દીધી હતી. હિજરત કરવાનો હેતુ આ હતો કે પોતે ઈસ્લામના કાનુનો ઉપર અમલ કરી શકે અને અન્યો સુધી ઈસ્લામ પહોંચાડવાનું કાર્ય અમલમાં લાવી શકે. હિજરતનો મકસદ અલ્લાહને રાજી કરવાનો હોય તેવા લોકો અલ્લાહની તારીફ અને સવાબના હકદાર છે. પરંતુ હિજરતનો હેતુ જો બીજો કોઈ સ્વાર્થ હોય, દુન્યવી ફાયદો હોય,

**ઈન્નમલ આમાલો બિનનિય્યાત**

**અમલનો આધાર નિય્યતો ઉપર છે.**

જો કોઈએ હુકુમત માટે હિજરત કરી, જો કોઈએ પત્ની કે છોકરી માટે હિજરત કરી, તો આવી હિજરતની તે ફઝીલત નથી જેને કુર્આન કહે છે.

જેહાદ અને શહાદત ઉપર પણ આજ બાબત લાગુ પડે છે. મતલબ દરેક અમલનો હેતુ અલ્લાહના વાસ્તે, અલ્લાહની રઝામંદી ખાતર, અલ્લાહનો કુર્બ (નઝદીકી) પ્રાપ્ત કરવા માટે, જેને આપણે કુરબતન ઈલલ્લાહ કહીએ છીએ. આ જ મકસદ હોવો જોઈએ.

[ઘણાં જ અફસોસ સાથે લખવું પડે છે કે આપણી મજાલિસોમાં હિજરતને જેટલું મહત્વ આપવું જોઈએ તેટલું અપાયું નથી. ઝાકિરોની મજાલિસો તો હિજરત સિવાય પણ બીજા અનેક વિષયોથી ખાલી હોય છે.]

## હિજરત ક્યારે વાજીબ બને છે ?

કેટલાક સંજોગોમાં હિજરત વાજીબ બને છે. કરવી જ જોઈએ, ન કરો તો ગુનો બને છે. જાનનો

ખતરો હોય, માલનો ખતરો હોય, ઈઝ્ઝતની હિફાઝત માટે, દીન ખતરામાં હોય.

ઉપરોક્ત પરિસ્થિતિમાં હિજરત કરવી જરૂરી બને છે. જાન અને માલ તો સમજાય છે. ઈઝ્ઝતની હિફાઝતનો મતલબ સદંતર બેદીન અને ફાસિક (ખુલ્લો ગુનાહથી ભરેલો માહોલ) સમાજ જેમાં આપણે (પુરૂષ) કામ પર જાય તો પત્ની દીકરીઓની ઈઝ્ઝત ખતરામાં પડી જતી હોય, માહોલને સુધારવાની આપણી શક્તિ પણ ન હોય, આવા સંજોગોમાં પણ હિજરત વાજીબ બને છે.

દીન ખતરામાં હોય, આપણે આપણા ઈમાનની હિફાઝત નહીં કરી શકીએ. આપણી નવી પેઢીમાં દીન બાકી નહીં રહે, આપણે આપણી ઓળખ, ઈમાનની ઓળખ ગુમાવી બેસીશું તેવી

પરિસ્થિતિમાં પણ હિજરત જરૂરી બની જાય છે. આ વાતને જરા વધારે ખોલીને કરવાની જરૂર લાગે છે. ધારો કે આપણે મોમીનો જ્યાં રહીએ છીએ ત્યાં આપણી જમાત નથી. જમાત નથી એટલે કશું જ ન મળે. બાળકોને દીની તાલીમ પણ નહી મળે. ભલે આપણે વેપાર અર્થે ત્યાં આવ્યા છીએ. તે બાબત કમાવું હલાલ હોય છતાં દીનનું નુકશાન રોઝી કમાવાથી વધારે છે. અહીં આ વાત પણ સ્પષ્ટ કરવી જરૂરી લાગે છે કે આપણે અગર ખોજા બિરાદરીમાં છીએ અને આપણી દીકરીઓને પણ ખોજા બિરાદરીમાં જ પરણાવી છે. વળી આપણે ખોજા બિરાદરીમાંથી જ વહુઓ પણ લાવ્યા છીએ. પછી આપણે શું ખતરો છે ? આપણે ખોજા તરીકેની

આપણી ઓળખ તો બાકી રાખી છે. તો આ પ્રકારની આપણી સમજ ગલત છે.

આખેરતની કામ્યાબી માટે આપણે ખોજા રહેવું જરૂરી નથી. પરંતુ મોહંમદ-અલી-ફાતેમા-હસન-હુસેન અને અઈમ્માએ અતહારના દીન ઉપર બાકી રહેવું જરૂરી છે. અલ્લાહ કરે કે અમારી આ વાત વહાલા વાચકોની સમજમાં આવી જાય. આપ જ્યાં રહો છો ત્યાં આ દીની માહોલ નથી. તો શક્ય છે કે તમારા નાના બાળકો અન્યોના માહોલમાં વણાઇ જાય અને રૂહે ઈસ્લામથી એમનો સંબંધ કપાઇ જાય. ધીરે ધીરે જુની પેઢી મૃત્યુ પામતાં નવી પેઢી વહાબી બની જાય.

એ જ રીતે બિન-મુસ્લિમોનો માહોલ હોય તો પણ આવા પ્રકારનો ખતરો તો રહે જ છે. માટે

આપણા માટે પ્રથમ શરત છે કે જમાત હોય નાનો સરખો પણ ઈમામવાડો હોય, છોકરી આપવી હોય, તો સૌ પ્રથમ વિચારો કે જમાત છે ? જો જમાત હોય તો જ છોકરી આપો. જો બધા જ આ વિચારના બની જાય તો ઈન્શાઅલ્લાહ દીન બાકી રહેશે.

તમો વિચારશો કે હું તો વેપાર અર્થે અહીં રહું છું. મારી રોઝીનો પ્રશ્ન છે. તો નજીકની કોઈ મોટી જમાત સાથે ઘરોબો સંબંધ રાખો. તમામ દીની પ્રોગ્રામોમાં, શહાદતો અને વિલાદતોમાં સહકુટુંબ અચૂક હાજરી આપો. અમૂક વખત મોટી જમાતમાંથી અમૂક સાથીઓને ઘેર બોલાવી પ્રોગ્રામ રાખો. મજલિસ પઢો. દીકરીઓ અને દીકરાઓ બંનેની હિફાજત કરો. તેમની દીની તઅલીમ-કુર્આન શીખવવાની વ્યવસ્થા કરો. કારણ દીકરો બગડશે

તો પણ તેનો દીન ખતરામાં અને દીકરી બગડશે તો પણ તેનો દીન ખતરામાં. બિન મોમીનમાં શાદી કરી લેશે તો ઈમાનનો ખતરો છે.

રોઝી તો ખુદા તમને આપશે જ. તે તો તમારાથી દીન ઈચ્છે છે. અંબિયાએ હિજરત કરી છે. અવસિયાએ હિજરત કરી છે.

## (૧) હિજરતની ફઝીલત

હિજરત દરમ્યાન અને હિજરત પછી જેઓને તકલીફ ઉઠાવવી પડી તેઓની ફઝીલતમાં.

**ફલ્લઝીન હાજરૂ વ ઉખરેજું મિન દેયારેહીમ વ ઉઝુ ફિ સબીલી વ કાતલુ વ કોતેલુ લઓકફફેરન્ન અનહુમ સય્યઆતેહીમ વલઉદખેલન્નહુમ જન્નાતીન તજરી મિનતહતેહલ અનહારો સવાબમ મિન ઈન્દીલ્લાહ, વલ્લાહો ઈન્દહુ હુસનુસ્સવાબ.**

(સૂરઆલે ઈમરાન, આ.નં.૧૯૫)

**અર્થાત :-** પછી જે લોકોએ હિજરત કરી, પોતાના ઘરોમાંથી કાઢી મૂકવામાં આવ્યા, અને મારા રસ્તામાં (અલ્લાહના રસ્તામાં) તેમને તકલીફ આપવામાં આવી, તેમણે કતલ કર્યા અને કતલ કરવામાં આવ્યા, હું તેમની બુરાઈઓને માફ કરી દઈશ, અને એવા બાગોમાં દાખલ કરીશ જેની નીચે નહેરો વહેતી હશે. અલ્લાહ તરફથી તેમને આ સવાબ મળશે અને અલ્લાહની પાસે તો ઘણો જ સારો સવાબ છે.

## (૨) હિજરત ન કરનારાઓ માટે ઠપકો

**ઈન્નલ્લઝીન તવફફાહોમુલ મલાએકતો ઝાલેમી અનફોસેહીમ કાલુ કુન્ના મુસ્તઝ અફીન ફિલઅર્ઝે, કાલુ અલમ તકુન અરઝુલ્લાહે વાસેઅતન**

**ફતોહાજેરૂ ફીહા, ફઉલાએક માઅ્વાહુમ જહન્નમો વસાઅત મસીરા.**

(સૂરએ નિસા આ.નં. ૯૭)

**અર્થાત** :- બેશક, તે લોકો જેમની ફરિશ્તાઓની જમાતે એવી હાલતમાં રૂહ કબ્ઝ કરી, જ્યારે કે તેમણે પોતાની જાનો ઉપર ઝુલમ કર્યો હતો. ફરિશ્તાઓએ તેમને કહ્યું : તમે શું હાલતમાં હતા ? તેમણે કહ્યું : અમે તો જમીન ઉપર કમજોર કરી દેવામાં આવ્યા હતા. ફરિશ્તાઓએ કહ્યું : શું અલ્લાહની જમીન વિશાળ ન હતી, કે તમે ત્યાં હિજરત કરી જાત. બસ આ લોકો છે જેમનું ઠેકાણું જહન્નમ છે.

આ આયતની તફસીરમાં મૌલાના અલી નકી સાહેબ ફરમાવે છે કે જ્યારે મુસલમાન દીની

ફરાઈઝ અદા કરવાથી અસમર્થ (લાચાર) હોય તો હિજરત વાજીબ બની જાય છે.

**ઈલ્લલ મુસતઝઅફીન મિનર્રેજાલે વન્નેસાએ વલવિલદાને લાયસતતીઉન હીલતંવ વલા યહતદુન સબીલા**

(સૂરએ નિસા આ. નં. ૯૮)

સિવાય જેઓ પુરૂષો, સ્ત્રીઓ એટલા કમજોર કરી દેવામાં આવ્યા કે કોઈ હીલો - યુક્તિપ્રયુક્તિ કરી શકતા ન હતા, ન તો બહાર નીકળવાનો કોઈ રસ્તો પામી શકતા હતા.

**ફઉલાએક અસલ્લાહો અંયાઅ્ફૂવ અનહુમ વકા નલ્લાહો અફુવ્વન ગફૂરા.**

(સૂરએ નિસા આ.નં. ૯૯)

**અર્થાત :-** તો એવા લોકો માટે આશા છે કે અલ્લાહ તેમને માફ કરી દે. અલ્લાહ મોટો માફ કરનાર અને દરગુજર કરનાર છે.

**વ મંય યોહાજિર ફિ સબીલિલ્લાહે યજિદ ફિલઅર્ઝે મોરાગમન કષીરંવ વસઅતન વ મંય યખરૂજ મિમબયતેહી મોહાજેરન ઈલલલ્લાહે વ રસૂલેહી સુમ્મ યુદરિકહુલ મવતો ફકદ વકઅ અજરોહુ અલલ્લાહ, વકાનલ્લાહો ગફૂરર્રહીમા.**

(સૂરએ નિસાઅ્ આ.નં. ૧૦૦)

**અર્થાત :-** અને જે કોઈ અલ્લાહના માર્ગમાં હિજરત કરશે તો તે જમીન ઉપર વિશાળ જગ્યા ને બહોળી રોજી મેળવશે. જે કોઈ પોતાના ઘેરથી અલ્લાહ અને તેના રસૂલની તરફ હિજરતના ઈરાદાથી નીકળે, પછી તેનું મુત્યુ થાય તો

અલ્લાહને ત્યાં તેનો સવાબ સાબિત થઈ ચૂક્યો છે અને અલ્લાહ મોટો બખ્શનાર અને મહા દયાળુ છે.

### (3) હઝરત ઈબ્રાહીમ અલ.ની હિજરત

**ફઆમન લહુ લૂતુન વકાલ ઈન્ની મોહાજિરૂન એલા રબ્બી, ઈન્નહુ હોવલ અઝીઝુલ હકીમ.**

(સૂરે અનકબૂત આયત નં. ૨૬)

**અર્થાત :-** પછી (માત્ર) લૂત (અલ.) તેમના ઉપર ઈમાન લાવ્યા અને (ઈબ્રાહીમ (અલ.) એ) કહ્યું : હું તો મારા પરવરદિગારની (બતાવેલી જગ્યાએ) તરફ વતન છોડી ચાલ્યો જાઉં છું. બેશક તે જ જોરાવર અને હિકમતવાળો છે.

**(૪) હિજરત અને જેહાદ બંનેની ફઝીલત**

**ઈન્નલ્લઝીન આમનુ વલ્લઝીન હાજરૂવજાહદુ ફિસબીલ્લાહ ઉલાએક યરજુનરહમતલ્લાહ વલ્લાહો ગફૂરૂર રહીમ**

(સૂરએ બકરહ આ.નં. ૨૧૮)

બેશક જે લોકો ઈમાન લાવ્યા, અને જેઓએ હિજરત કરી તથા અલ્લાહની રાહમાં જેહાદ કર્યો તો આવા લોકો અલ્લાહની રહમતના ઉમ્મીદવાર છે. અને અલ્લાહ ઘણો બખ્શનાર છે. (અને) મહા દયાળુ છે.

**(૫) મક્કામાંથી અલ્લાહવાસ્તે હિજરત કરી દીનની મદદ કરનાર મુખ્લીસ સહાબાની ફઝીલતમાં**

**લિલફોકરાઈલ મોહાજેરીનલ લઝીન ઉખરેજુ મિન દિયારેહીમ વ અમવાલેહીમ યબતગુન ફઝલમ મિનલ્લાહે વ રિઝવાનંવ વયનસુરૂનલ્લાહ વ રસૂલહુ ઉલાએક હોમુસ્સાદેકૂન**

(સૂરએ હશ્ર આ.નં. ૮)

(ખાસ કરીને એ માલ) તે મોહતાજ હિજરત કરનારાઓ માટે છે કે જેઓ પોતાના ઘરબાર અને ધનદોલતથી કાઢી મૂકવામાં આવ્યા, તો અલ્લાહનો ફઝલ અને તેની ખુશનુદી શોધતા આવ્યા છે અને તઓ અલ્લાહની (અલ્લાહના દીનની) તથા તેના રસૂલ (સલ.)ની મદદ કરે છે એ લોકો જ સાચા (મોમીનો) છે.

ઉપરોક્ત આયતમાં અલ્લાહતઆલા ફરમાવે છે કે એમ તો એ માલમાં સામાન્ય

મુસ્લિમોનો પણ હક છે. પરંતુ ખાસ કરી આ સાચા મુઅમીનો કે જેઓએ અલ્લાહને રાજી કરવા ખાતર અને રસૂલ (સલ.)ની મહબ્બતમાં પોતાનું વતન છોડ્યું તે મોહાજીરો વધુ હકદાર છે

**(૬) અલ્લાહ વાસ્તે હિજરત કરનારાઓને બહોળી અને બહેતર રોજીનો વાયદો**

**વલ્લઝીન હાજરૂ ફિસબીલ્લાહે સુમ્મ કોતેલું અવમાતું લયરઝોકન્ન હોમુલ્લાહો રિઝકન હસના વઈન્નલ્લાહ લહોવ ખયરૂર રાઝેકીન**

(સૂરએ હજ આ.નં. ૫૮)

**અર્થાત** :- અને જે લોકોએ અલ્લાહના માર્ગમાં પોતાનું વતન છોડ્યું પછી (જેહાદમાં) માર્યા ગયા અથવા મરણ પામ્યા તો અલ્લાહ તેમને

જરૂર ભલી રોજી આપશે અને બેશક અલ્લાહ સૌથી બેહતર રોજી આપનાર છે.

અલ્લાહની રઝામંદી માટે વતન છોડી હિજરત કરનારાઓ માટે દુનિયામાં સારૂં ઠેકાણું અને આખેરતમાં બહુ જ મોટો સવાબ

**વલ્લઝીન હાજરૂફિલ્લાહે મિમબાઅદે માઝોલેમૂ લનુબવ્વેઅન્નહુમ ફિદુન્યા હસનતન, વલઅજરૂલ આખેરતમાં અકબર, લવકાનૂ યઅલમૂન**

(સૂરએ નહલ આ.નં. ૪૧)

**અર્થાત** :- અને જે લોકોએ તેમના ઉપર ઝુલ્મ થવા પછી અલ્લાહને ખાતર પોતાનું વતન છોડયું, અલબત્ત તેમને અમે દુનિયામાં જ સારૂં

ઠેકાણું આપીશું અને આખેરતનો સવાબ ઘણો મોટો છે. કાશ કે તેઓ આ વાત જાણી લેત.

ઉપરોક્ત બધી જ હિજરતની આયતો છે. આ સિવાય પણ બીજી આટલી જ આયતો હિજરતના વિષયમાં છે. જે અમે લંબાણના ભયથી છોડી દીધી છે. હિજરત ફક્ત મક્કા છોડીને મદીના જવાને જ નથી કહેતા પરંતુ તે દરેક હિજરત જે અંબિયાને કરવી પડી, અવસીયાને કરવી પડી, નેક સાલેહ ઈન્સાનોને કરવી પડી, પોતાનો દીન બચાવવા માટે તે બધા જ લોકોને અલ્લાહના ઉપરોક્ત હુકમો લાગુ પડે છે.

મવ. સૈયદ અલી નકી નકવી સાહેબ પોતાની તફસીરના સૂરએ નિસાઅની ૯૭મી

આયતની તફસીરમાં જિલ્દ - ૨ પેજ નં. ૨૭૯ ઉપર લખે છે કે :

બાતિલ માહોલમાં રહીને, બાતિલની હિમાયત (મદદ) પ્રાપ્ત હોવાની પરિસ્થિતિમાં પોતાનું રક્ષણ કરી શકતો હોય તો ત્યાં રહી શકે છે. જો પોતાનું રક્ષણ ન થઈ શકવાનો અને દીન બરબાદ થઈ જવાનો ભય હોય તો આ બંને પરિસ્થિતિમાં અથવા આ બંનેમાંથી કોઈપણ એક પરિસ્થિતિમાં પણ હિજરત વાજીબ છે, નહીં તો તેના ફળ સ્વરૂપ, તે જમાતનો દોષ ગણાશે જેની સાથે તે તેના કાર્યોમાં ભાગીદાર રહ્યો હોય.

આ બાબત સ્પષ્ટ છે કે હિજરત ફક્ત તે પરિસ્થિતિમાં વાજીબ છે જ્યારે કે ઈન્સાન દુશ્મનોના દેશમાં પોતાના દીની કાર્યો અદા

કરવાથી અસમર્થ હોય, લાચાર હોય. મતલબ દીની કાર્યો અદા ન કરી શકતો હોય અને કાફિર તથા મુશરીકો સાથે તેમના ખોટા કાર્યોમાં સાથ આપવા મજબુર થઈ જતો હોય. એવા મુલ્કો કે રાજ્યો જેના ઉપર હુકુમત બિન મુસ્લિમોની હોય પરંતુ મુસલમાનો પોતાના દીની કાર્યો અદા કરી શકતા હોય ત્યાંથી હિજરત કરવાની જરૂરત નથી.

આપણે રોજી માટે તો હિજરત કરીએ છીએ. ભલે રોઝી કમાવું કોઈ બુરૂં કાર્ય નથી. અહકામે ઈલાહીમાંથી જ ગણાશે પરંતુ જ્યાં જઈ રહ્યા છીએ તે માહોલ બે દીન, કુફ્ર, શીર્કથી ભરેલો, ઝાલીમ અને વ્યભિચારી તો નથી. કદાચ ત્યાં જાઓ તો તમને રોઝી તો વધારે મળે પરંતુ તમારી અવલાદ બગડી જાય. દીનને તદ્દન ગુમાવી બેસે. ઈસ્લામથી

તદ્દન સંબંધ કપાઈ જાય. આ બધું પહેલેથી વિચારો. જો તમે દીનનો વિચાર કરીને - અય અલ્લાહ ! મારી અવલાદને તાકિયામત તારા દીન ઉપર બાકી રાખજે આવી સાચા દીલથી દુઆ કરીને હિજરત કરશો તો ઈન્શાઅલ્લાહ જરૂરથી તમારા દીનને બચાવી શકશો.

જે લોકો ઈસ્લામનો ખ્યાલ રાખીને કદમ ઉઠાવે છે. અલ્લાહ તેમને રોઝી તો વધારે આપે છે, શાંતિ અને સૂકુનની જિંદગી પણ આપે છે. આ સંપૂર્ણ ચર્ચાનો સારાંશ આ છે કે હિજરતને દીનના રક્ષણ સાથે સંબંધ છે.

# પ્રકરણ - ૧૨ : સહાબાએકિરામનું અલ્લાહના માર્ગમાં હિજરત દરમ્યાન તકલીફો ઊઠાવવું

## (૧) હઝરત અબુ સલમા અને ઉમ્મે સલમાની હિજરત.

ઉમ્મે સલમા ફરમાવે છે કે જ્યારે અબુ સલમાએ મદીના તરફ હિજરત કરવાનો પાકો ઈરાદો કર્યો, તો મારા માટે ઊંટ ઉપર કજાવા બાંધ્યો. પછી મને તેના ઉપર સવાર કરી, મારા દીકરા સલમાને મારા ખોળામાં (ગોદમાં) આપ્યો. પછી પોતે ઊંટણીને હંકારતા હંકારતા પગપાળા ચાલ્યા.

બની મુગીરહના લોકોને આ વાતની ખબર પડી તો રસ્તો રોકીને ઊભા થઈ ગયા. કહ્યું : કે તમે જઈ શકો છો, તમારી ઉપર અમારો કાબુ નથી.


amillibrary.com

પરંતુ આ ખાતુન (ઉમ્મે સલમા) અમારા કબીલાની છે એને તમે દરબદર ભટકાવો અને શહેર શહેર ફેરવો તે અમને મંજુર નથી. મારા પિયરના કબીલાવાળાઓએ અબુ સલમાના હાથમાંથી ઊંટની નકીલ ખેંચી લીધી અને મને એમના તરફ ખેંચી લીધી.

આ તરફ અબુ સલમા (મારા સાસરાપક્ષના) તરફના બનુ અબ્દ અસદ કબીલાના માણસો પણ હતા. તેઓ સામસામે લડવા લાગ્યા. તમે તમારી છોકરીને (ઉમ્મે સલમાને) લઈ લીધી છે તો અમારા દીકરા અબુસલમાની અવલાદ "સલમા" તો અમારો છે. તેને તો મક્કામાં નહીં રહેવા દઈએ. તમારા પાસે નહીં છોડીએ. ઉમ્મે સલમા કહે છે કે મારો દીકરો સલમા જે હજી ઘણો

જ નાનો હતો તેને વિખૂટો ન કરવા હું રડવા લાગી. આ તરફ બની મુગીરહ અને બની અબ્દ અસદ બંને કબીલાના માણસો મારા દીકરાને ખેંચાખેચ કરવા લાગ્યા. છોકરો પણ હૈયાફાટ રડતો હતો. વળી આ ખેંચાખેંચીમાં તેનો હાથ પણ ઊતરી ગયો. મારે પણ મારા પતિ સાથે જ જવું હતું. છતાં બની મુગીરના લોકોએ મને કેદ કરી દીધી. મારા દિકરા સલમાને - જે બાળક હતો, પીંખી પીખીંને બની અબ્દ અસદ મારા સાસરા પક્ષના માણસો લઈ ગયા. તે મારી પાસે રહેવા માટે ચીખા ચીખ કરતો હતો, આ રીતે દીકરો અને પતિ મદીના ગયા અને મને મક્કામાં કેદ કરવામાં આવી.

મારામાં અને પતિ તથા બેટામાં આ લોકોએ જુદાઈ કરી દીધી. હું દરરોજ સવારમાં મક્કાની

બહાર કાંકરીવાળા મેદાનમાં નીકળતી, મદીનાની દિશા તરફ જોયા કરતી, સાંજ સુધી રડ્યા કરતી, રાતે ઘેર આવી નમાઝ પઢી સૂઈ જતી. મને રાત્રે પણ ઊંઘ ન આવતી, પતિ અને દિકરો બંને યાદ આવતા અને હું રડી પડતી. આ પરિસ્થિતિમાં એક વર્ષ ઉપર વીતી ગયું.

એક દિવસ મક્કાના આ જ મેદાનમાં હું રડતી બેઠી હતી ત્યારે બની મુગીરહનો એક વ્યક્તિ જે મારા કાકાનો દિકરો થતો હતો તે મારી પાસેથી પસાર થયો, તેને મારી હાલત જોઈને રહેમ આવી. પછી શહેરમાં જઈ બની મુગીરહના લોકોને કહ્યું : તમે આ ગરીબડીને મદીના કેમ નથી જવા દેતા. તમે તેને તેના પતિ અને બાળકથી જુદી કરી દીધી છે ?

ઉમ્મે સલમા કહે છે કે બની મુગીરહના આગેવાનોને રહેમ આવી. મને કહ્યું : કે તું જો મદીના જવા ઈચ્છે તો જઈ શકે છે. જ્યારે બની અબ્દ અસદને આ વાતની ખબર પહોંચાડી તો તેમણે સલમાને પાછો મોકલ્યો. દીકરો મળતા મને ખૂબ ખુશી થઈ. પછી ઊંટ ઉપર સવાર થઈ હું મદીના જવા નીકળી. મને મારા પતિથી મુલાકાત તથા રસૂલે ખુદા તથા જનાબે ફાતેમા (સલા.)થી મુલાકાત થવાની ખુશી હતી. આ ખુશીમાં મારો હાલ ગાંડીઘેલી જેવો થઈ ગયો. જ્યારે મદીના તરફ ચાલી તો મારા સંગાથે કોઈ જ ન હતું. અલ્લાહથી દુઆ માગતી યા અલ્લાહ ! મારી ઈઝ્ઝત આબરૂની હિફાજત કરજે. ખોફઝદહ બનીને સફર શરૂ કરી. જ્યારે મુકામે તનઈન પર પહોંચી તો ત્યાં મને

ઉસ્માન બિન તલહાની મુલાકાત થઈ. તેઓ ઈસ્લામ લાવ્યા નહોતા. પરંતુ પ્રામાણિક અને ઘણાં જ શરીફ માણસોમાં ગણાતા હતા. મને જોઈને બોલ્યા. ઓ અબુ ઉમય્યાની બેટી ! તું ક્યાં જઈ રહી છે ?

મેં કહ્યું : મદીનામાં મારા પતિ પાસે જઈ રહી છું. પુછ્યું : તારી સાથે કોઈ છે કે નહીં. કહ્યું : સિવાય અલ્લાહ અને આ મારો દિકરો બીજું કોઈજ નથી. કહ્યું : મને તારા ઉપર દયા આવે છે. હવે તો તને એકલી છોડીને જવું પણ મુનાસિબ નથી. ચાલ તને મદીનાની નજીક સુધી છોડી જાઉં છું.

આ શરીફ નેક માણસે મને કુબા મદીનાની નજીક સુધી પહોંચાડી દીધી. મને ખબર પહોંચી કે મારા પતિ અબુ સલમા હજી કુબા વસ્તીમાં જ હતા.

સફર દરમ્યાન ઉસ્માન બિન તલહા મારી આગળ આગળ પોતાનો ઊંટ હંકારતા, મારો ઊંટ તેમની પાછળ પાછળ ચાલતો. જ્યાં મંઝીલ કે આરામની જરૂર લાગે ત્યાં પોતાનો ઊંટ બેસાડી દેતા, પછી પોતે દૂર રેતીની ટેકરીઓ તરફ ચાલી નીકળતા, હું અને મારો દિકરો બંને નાસ્તો - પાણી કરી લેતાં. આ રીતે સમગ્ર રસ્તા દરમ્યાન આ નેક વ્યક્તિએ એક સગી બહેનની જેમ મારી હિફાજત કરી, મને રસુલુલ્લાહ સુધી પહોંચાડી. પછી ઉસ્માન બિન તલહા મક્કા પાછા ફરી ગયા.

ઉમ્મે સલમા કહે છે કે હિજરત દરમ્યાન અને ઈસ્લામ લાવ્યા પછી ઘરના લોકોને ઘણી મુસીબતોનો સામનો કરવો પડ્યો.

આ ઉસ્માન બિન તલહા સુલહે હોદબીયાહ પછી ઈમાન લાવ્યા. (કઝાફિલ બિદાયત ભાગ - 3 પેજ. નં. ૧૬૯)

## (૨) હઝરત સોહયબ બિન સનાન રઝિયલ્લાહો તઆલા અન્હોની હિજરત

પેગંબરે ઈસ્લામની સાથે મોહાજેરીન અવ્વલીનની મહબ્બત અજોડ અને બેમિસાલ છે. કુઆર્ને મોહાજેરીનની જે તારીફ વર્ણવી છે, તેમના ગુનાહો માફ કરવાનો વાયદો ફરમાવ્યો છે, તેમનાથી અલ્લાહ અને તેનો રસૂલ રાજી થયા છે, એમ ફરમાવી તેઓને ઈઝ્ઝત બક્ષી છે. સાથે આ શરત પણ છે કે હિજરતની નિય્યત સાફ હોય, દીનની હિફાઝત હોય, બીજી ન હોય.

હઝરત સોહયબ કહે છે કે એક વખત રસુલુલ્લાહે ફરમાવ્યું : તમારી હિજરતની જગ્યા મને બતાવવામાં આવી છે. તે પથરીલી જમીન છે. તે મદીના છે. પછી થોડા દિવસ પછી આપ (સલ.) રાતના હિજરત કરી ગયા. મક્કામાં ખૂબ જ ઉહાપોહ થયો. મુશરીકો ખૂબ ભિન્નાયા, ગુસ્સે થયા, ઈનામો જાહેર કરી પકડી લાવવાનો નિર્ધાર કર્યો પરંતુ બધું જ વ્યર્થ થઈ ગયું. મક્કામાં જે ગરીબ ગુરબાઓ ઈમાન લાવ્યા હતા. તેઓને પેગંબરે ઈસ્લામ અને આપના નજીકના સગાંઓ હઝરત અલી (અલ.), જનાબે ફાતેમા (સલા.) વગેરેના સહીસલામત મદીના પહોંચી જવાની ખબર જાણીને ઘણી જ ખુશી થઈ.

પરંતુ આ ખુશીની સાથે અમને દુ:ખ પણ એટલું જ થયું. નબી અને અલી તથા જનાબે ફાતેમા વગરનું મક્કા અમને જંગલ જેવું દેખાવા લાગ્યું. અમારી સ્ત્રીઓ - મા - બહેનો - દીકરીઓને જનાબે ફાતેમા વગરનું મક્કા આકરૂં લાગવા માંડ્યું. અમારા બધાના ચહેરાઓ ઉપર ગ્લાની છવાઈ ગઈ. અમને ગમે જ નહીં, જરાયે સારૂં ન લાગે, જાણે અમારૂં નજીકનું કોઈ સગું મુત્યુ પામ્યું હોય એવી ગમી અમારા ચહેરાઓ ઉપર છવાઈ ગઈ. અહીં સુધી કે મુશરીકો સુધ્ધાં અમારા આ ગમને પારખી જતાં અમારી મજાક - મશ્કરી કરતા. અમારી સ્ત્રીઓને પણ નબી, ફાતેમા અને અલી વગરના મક્કામાં રહેવાનું ગમતું ન હતું.

મેં પણ રસુલુલ્લાહ (સલ.)ની પાછળ મદીના હિજરત કરવાનો ઈરાદો કર્યો હતો પરંતુ આ હિજરત પણ એટલી સહેલી ન હતી. મક્કાના મુશરીકોનો મુસલમાનો ઉપરનો ઝૂલ્મ પોતાની ચરમ સીમાએ પહોંચી ચૂક્યો હતો. રસુલુલ્લાહ (સલ.)ના મક્કા છોડી જવાને હજી તો ત્રણ દિવસ થયા હતા, મેં પણ હિજરત કરવાનો ઈરાદો કર્યો. આ ઝાલીમો દરેક મુસલમાન ઉપર નજર રાખતા, કે તે ક્યાં જાય છે ? શું કરે છે ?

મક્કાના ઝાલિમો એમ સમજી ચૂક્યા હતા કે મુસલમાનોનું સંગઠન મદીનામાં જોર પકડી રહ્યું છે. જેથી મક્કાના મુસલમાનોને મદીના જવાથી રોકવામાં આવે. એકએક મુસલમાન કુટુંબ ઉપર આ લોકો બાઝ જેવી નજર રાખતા. સોહયબ કહે છે કે

મેં ઈરાદો કર્યો તો કુરૈશના યુવાનોએ મને પકડી લીધો. મારો બિસ્તરો-સામાન બધું જ લઈ લીધું. મને કેદ કરી લીધો. એક આખી રાત મને ઉભા પગે રહેવાની સજા કરી. આ યુવાનો મારી ચો-તરફ વીંટળાઈને રખેવાળી કરતા હતા.

મેં પેટમાં દર્દ હોવાનો ઢોંગ કર્યો. તેઓએ અંદરો અંદર કહ્યું : હવે આપણે સૂઈ જઈએ, આના પેટમાં દર્દ છે. જેથી એ હવે કંઈપણ જઈ શકતો નથી. મારો પહેરો ભરનાર બધાજ અડધી રાતના સૂઈ ગયા. મેં મોકો ગનીમત જાણીને ભાગવાનો ઈરાદો કર્યો. છેવટે ભાગ્યો. હજી તો હું એક બે કિલોમીટર ભાગ્યો હોઈશ ત્યાં તો મારા પહેરેદારોએ પણ મારી પાછળ દોડી આવી મને પકડી લીધો. મને પાછો મક્કા લઈ જવાનો ઈરાદો કર્યો. મને

છોડી દો અને મદીના જવા દો તો હું તમને અમુક ગ્રામ સોનું આપી શકું છું. તેમણે કહ્યું: પ્રથમ અમને સોનું આપ પછી તમને મદીના જવા દઈશું : મક્કા આવી મેં તેઓને કહ્યું : મારા ઘરના અંદરના ઊંબરામાં ખોદકામ કરો તો અમુક ગ્રામ સોનું નીકળશે. તેઓએ ખોદીને સોનું કાઢી લીધું. પછી મેં તેમને કહ્યું : મક્કાની ફલાણી સ્ત્રી પાસે જાઓ, જ્યાં મારૂં બે જોડ કપડાં બની રહે એટલું કાપડ પડ્યું છે તે પણ લઈ લેજો .

છેવટે આ લોકોએ મને મદીના જવા માટે છોડી દીધો. છેવટે હું પેગંબરે ઈસ્લામ (સલ.)ને મદીનાની શરૂઆતમાં કુબા નામનાં ગામમાં જ મળ્યો. આપ હજી કુબામાં જ હતા. આપ (સલ.)એ મને ફરમાવ્યું : અય અબુ યહ્યા ! તમારો આ સોદો

ઘણો જ ફાયદાકારક રહ્યો. મતલબ સોનું અને કપડાં આપીને હિજરત માટે - નબી (સલ.)ના સંગાથ માટે - દીનના ફાયદા માટે કુરેશથી જાન છોડાવી આ વેપાર નફો આપનારો રહ્યો - આખેતરનાં મામલામાં.

## (3) હઝરત અબ્દ બિન જહશની હિજરત

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ ફરમાવે છે કે મક્કામાં જે લોકો રહી ગયા હતા તેમાંથી છેલ્લી હિજરત અબ્દ બિન જહશે કરી. તેઓ નાબીના થઈ ચૂક્યા હતા. કોઈ બીમારીમાં આંખોની રોશની ચાલી ગઈ હતી. આપે હિજરતનો પાકો ઈરાદો અને કંઈક તૈયારી પણ કરી લીધી. તેમની પત્ની જે હરબ બિન ઉમય્યા દુશ્મને રસૂલની પુત્રી હતી. તેને આ વાત પસંદ ન હતી.

આપે છૂપી રીતે પોતાની થોડીઘણી જે પુંજી સાથે લઈ શકાતી હતી તે લઈને હિજરત કરી. આપ એવા સમય ઉપર હિજરત માટે નીકળ્યા કે મક્કાના આ ઝાલીમ યુવાનો જેમણે ખુદા રસૂલની વિરૂદ્ધ આતંક મચાવી દીધો હતો. જેઓ દરેક મોહાજિરની તાકમાં રહેતા. તે ઝાલીમો કંઈક કામમાં રોકાયેલા હતા. આવા સમયે આ સહાબી છાનામાના પોતાના દોસ્તોની મદદ લઈ સાથે ગુલામને લઈ નીકળી પડ્યા. આપ મદીના પહોંચીને પેગંબરે ઈસ્લામને મળ્યા. ખૂબ રડ્યા, ખૂબ રડ્યા. ઈશ્કે રસૂલમાં આંસુ રોકી ન શક્યા. પેગંબરે ઈસ્લામે આપને ગળે લગાડી ખૂબ દુઆઓ આપી. આ જગ્યાએ એક કહેવત પણ યાદ કરવા જેવી છે કે આંધળાનો અલ્લાબેલી. બીબી પણ દુશ્મનોની ટોળીમાં હતી.

આ લોકોના દીલો ઉપર રસુલુલ્લાહની મહબ્બત ગાલિબ હતી. માલ, દવલત, સોનું, ચાંદી, બીબી બચ્ચાં, ઘર, જમીન, જાગીર, વાડી, બગીચા, ઢોર-ઢાંખર સર્વસ્વ પેગંબરે ઈસ્લામ અને દીનની સમક્ષ હીન-નીચા પ્રકારનું હતું.

આપના મક્કાથી હિજરત કરી ગયા પછી અબુ સુફિયાન બિન હરબે આપનું મકાન વેચી નાખ્યું. ખરીદનાર આ મકાનોમાં ખાલો (ચામડા) અને ભંગાર જેવો સામાન ભરતો હતો.

એક વખત ત્યાંથી પસાર થતાં અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબ એક શએર પઢ્યા.

**અર્થાત** :- દરેક મકાન ભલે એક મુદ્દત સુધી આબાદ રહ્યું હોય, એક ન એક દિવસે તેના ઉપર વેરાની આવે છે. હવાના ચક્કર ચાલે છે.

આ શએર સાંભળીને અબુજહલ હઝરત અબ્બાસને કહેવા લાગ્યો “આ બધું તમારા લોકોનું જ કારસ્તાન છે, તમારા ભત્રીજાનું કર્યું કરાવ્યું છે, તમારા જ ખાનદાને મક્કાની શાંતિને ખતમ કરી દીધી છે...વગેરે...” હઝરત અબ્બાસે અબુજહલની આ બકવાસનો કોઈ જવાબ ન આપ્યો. જ્યારે મક્કા ફતેહ થયું ત્યારે અબુ અહમદ બિન જહશ (અબ્દ બિન જહશ) પોતાના મકાનની શોધમાં નીકળ્યા. આપ નાબીના (આંખોની રોશની ન હતી) હતા. રસુલુલ્લાહ (સલ.) જાણતા હતા કે આપનું મકાન લોકોએ છીનવી લીધું છે. વેચી દીધું છે. ઘણાં જ સુંદર અને રહેવા લાયક મકાનમાં એના માલિકે જાનવરોના ચામડાં સંગ્રહેલાં છે. આ વાતો જાણશે તો આપને આઘાત લાગશે. તેથી આપ (સલ.)એ

એક સહાબીને કહ્યું કે અબુઅહમદને પોતાના મકાન તરફ જતા રોકી લો. જેથી આપ રોકાઇ ગયા. મોહાજિરોના લગભગ ઘણાં મકાનો ઉપર તેમના દુરના સગાઓએ નાજાઈઝ કબજો જમાવી લીધો હતો. કેટલાક મકાનો ઉપર તો વળી બીલકુલ કોઈપણ જાતની સગાઈ સંબંધ વગરના લોકોએ દાદાગીરીથી કબજો જમાવી લીધો હતો. જેવી રીતે કે પેગંબરે ઈસ્લામની વફાત પછી અબુબકર, ઉમર અને ઉસ્માને હઝરત અલી (અલ.)ની વિરાસત અને હુકુમત ઉપર દાદાગીરીથી કબજો કરી લીધો હતો. આ ત્રણે ખલીફાઓ બની હાશિમથી કોઈ સગાઈ સંબંધ ધરાવતા ન હતા. કુરૈશથી આઠમી, દસમી પેઢીથી પોતાની સગાઈ બતાવતા હતા. તે

પણ જુઠી અને બનાવટી રિવાયતોના આધારે દાવો કરતા હતા.

ફતેહ મક્કા પછી અબુ અહમદ બિન જહશને (નાબીના સહાબી) પોતાનું પ્યારૂં વતન કેટલું યાદ આવતું હતું કે શએરો બોલતા હતા.

(૧) મક્કાની વાદી કેટલી પ્યારી છે કે જેમાં હું કોઈની મદદ વગર (રહેબર વગર - દોરનાર વગર- નાબીના હતા) ફરી શકતો હતો. કારણ કે બાળપણ અને યુવાનીમાં દેખતા હતા, ખૂબ ફર્યા હતા. બધા જ રસ્તા વળાંકોથી વાકેફ હતા. જેથી નાબીના થઈ ગયા પછી પણ કોઈની મદદ વગર ફરી શકતા હતા. જ્યારે મદીનામાં ઘરના દરવાજાની બહાર નીકળતાં જ મદદગારની જરૂર પડતી.

(૨) આ મક્કાની વાદીમાં મારી ઈયાદત (ખબર - અંતર - પુછનાર- પુષ્કળ છે. અહીં હું મારા જાનવરોને બાંધવાના ખુંટામાં જમીનમાં ઠોકી દેતો હતો. કારણ કે આ ઘર અને આ બધા જ મોહલ્લાઓથી તેઓ બરાબર માહિતગાર હતા.

સહાબી કહે છે કે અહીં મારી ખબર અંતર પુછનાર ઘણાં બધા હતા. કારણ કે બાપ - દાદાની બધી જ સગવાળ - મક્કામાં મહોલ્લે મહોલ્લે લોકો ઓળખે - ચાલતા ચાલતાં પણ લોકો ખબર અંતર પૂછે. પોતે દેખતા હતા ત્યારે બધા સાથે હરેલા ફરેલા જ્યારે આ નાબીના માણસ છેલ્લી જિંદગીમાં મદીના ગયા હશે ત્યારે શું ઓળખાણ ? કોણ ખબર પૂછે. વળી નાબીના, જેથી નવી ઓળખાણો પણ ન થાય... વાંચકો સમજી શકશે.

દીલથી ઘાયલ થઈ ગયેલા, નાબીના, કુટુંબમાં સગી બીબીએ પણ સાથ ન આપ્યો, મહબ્બતે રસૂલ અને દીને ઈસ્લામ ખાતર મદીના હિજરત કરી ગયા. તેમણે કેટલાક શએર કહ્યા છે.

(શએરનું ગુજરાતી શએરમાં રૂપાંતર તો મારા માટે શક્ય નથી પરંતુ મારા પ્રિય વાચકોને દીન અને રસૂલની મહબ્બત કોનું નામ છે. તેનો રસાસ્વાદ માણવા માટે સામાન્ય ગુજરાતી ભાષામાં અનુવાદ રજૂ કરૂં છું)

(૧) જ્યારે મારી પત્નીએ મને જોયો કે હું તે જાતના ભરોસા ઉપર જેનાથી હું એકાંતમાં પણ ડરૂં છું. તેની ખુશી ખાતર મેં સફરનો ઈરાદો કર્યો છે.

(૨) કહેવા લાગી કે અગર આ કામ તમારે કરવું છે અને તમારા માટે આ સફર જરૂરી છે તો અમને

લઈને કોઈ બીજા શહેરમાં ચાલો પરંતુ મદીના ન જાવ.

(૩) મેં તેને કહ્યું યસરબ (મદીનાનું જુનુ નામ) કોઈ બુરી જગ્યા તો નથી. વળી જે અલ્લાહ ઈચ્છે છે, બંદો તે જ કરે છે. મતલબ અલ્લાહ ઈચ્છે છે કે બંદો મદીનાની હિજરત કરે, જ્યાં પોતાનો નબી છે.

(૪) અલ્લાહ અને તેના રસૂલની તરફ મારો ઈરાદો છે અને જે એક દિવસ જેટલાં સમય માટે અલ્લાહના માટે ઉભો થાય છે. તેને બે ઈઝ્ઝત કરવામાં નથી આવતો,

(૫) અમે કેટલાય નસીહતો આપનાર સગાવહાલાઓને છોડી દીધા. અને સમજાવવાવાળીને પણ (પત્નીને) છોડી દીધી આંસુ વહાવી રહી હતી. કાલાવાલાનું નાટક કરતી હતી.

(૬) તું (પત્નીને ઉદેશીને શએર છે) એવું વિચારતી હશે કે હું એકલો જ મારા વતનથી જુદો થઈ રહ્યો છું અને હું વિચારી રહ્યો છું કે અમે તો મરઝીયે ઈલાહીને તલબ કરી રહ્યા છીએ. (અલ્લાહની રઝામંદી શોધીએ છીએ)

(૭) મેં બની ગનીમને (પોતાના કબીલાના લોકોને) તેમનું લોહી બચાવવા માટે દઅ્વત દીધી હતી, (ઈસ્લામની દઅ્વત આપી હતી) હકને અપનાવવા માટે અને બાતીલનો સાથ છોડવા માટે દઅ્વત દીધી હતી, જ્યારે કે લોકો માટે હકનો શાહરાહ(મુખ્ય રસ્તો) સ્પષ્ટ થઈ ગયો હતો.

(૮) અલહમ્દોલિલ્લાહ જ્યારે હકની દઅ્વત આપનારે, કામ્યાબીની તરફ બોલાવનારે કોમને

દઅ્વત આપી તો તે લોકો (મદીનાવાળા) એકમત થઈને માની ગયા.

(૯) અમે લોકો હિદાયત ઉપર આવી ગયા ત્યારે અમારા સગાઓએ (મક્કાવાસીઓએ) હિદાયત છોડીને અમારી ઉપર હથિયારો વડે હુમલો કર્યો.

(૧૦) બંને લશ્કરોમાંથી એક હકની તોફીક ઉપર હતું, હિદાયત ઉપર હતું અને એક લશ્કર અઝાબમાં ફસાઈ ગયું.

(૧૧) આ લોકોએ સત્યથી મો ફેરવ્યું. વળી જુઠને ફેલાવવાની કોશીશમાં લાગેલા રહ્યા. શયતાને આ લોકોને હકથી વિખૂટા અને ગુમરાહ કરી દીધા. જેથી નુકશાન ઉઠાવનારાઓમાં ગણાયા સાથે ઝલીલ - બેઈઝ્ઝત પણ થઈ ગયા.

(૧૨) અમે તો પેગંબરે ઈસ્લામના હુકમને માન્યો. ભલે થોડા સમય માટે અમને અમારૂં બધું જ (માલ-દવલત - જિંદગી) બરબાદ થતું દેખાયું. પરંતુ તરત જ અમે જોઈ લીધું કે અમારી કોમમાંથી રક્ષણ કરનારા કામ્યાબ રહ્યા. ખુશહાલ પણ રહ્યા.

(૧૩) અમે તો તેમની સગાઈઓને - સંબંધોને વધારે નજીક લાવી મજબૂત બનાવવા ઈચ્છતા હતા. (જેથી ઈસ્લામની દઅ્વત આપતા હતા) પરંતુ જ્યારે અંદરો અંદર મેળમેળાપ જ ન રહે (કુફ્રને કારણે) તો સગાઈ પણ શું સગાઈ છે ?

(૧૪) અમારા પછી કોણ બહેનનો પુત્ર તમને પનાહ (આશરો) આપશે અને કોણ જમાઈ મારા જમાઈપણા પછી તમારી ઉપર રહેમ ખાશે અને

તમારૂં રક્ષણ કરશે. (પોતાના સાસરી પક્ષ અને પિતાની બહેન -ફોઈને ઉદૃશીને કહેવાયો છે.)

(૧૫) ઘણાં જ જલ્દી (મૃત્યુ પછી) એક દિવસ આ લોકો જાણી લેશે કે અમારામાંથી કોણ હક અને સવાબ ઉપર હતો. જ્યારે ગયબના પડદા ખૂલી જશે ત્યારે અક્કલ ઠેકાણે આવી જશે.

(૧૬) અય અલ્લાહ ! મારી માલ-મિલકત પત્ની સગાઓ વગેરે ગુમાવ્યાનો મને કોઈ અફસોસ નથી. જો તું મારાથી રાજી છે. પેગંબરે ઈસ્લામ મારાથી રાજી છે. તો તારી અને તારા રસૂલની મહબ્બતના મુકાબલામાં દુનિયા શું વિસાતમાં છે ? નમૂનારૂપ સહાબાની હિજરતની ઘટનાઓને વર્ણાવી છે.

# પ્રકરણ – ૧૩ : નુસરત એટલે શું ? અનસાર કોને કહેવાય છે ? અનસારની ફઝીલત શું છે ?

સહાબા રિઝવાનુલ્લાહે તઆલા અલયહે અજમઈનને સિરાતે મુસ્તકીમની દઅ્વત દુનિયાની દરેક વસ્તુથી વધારે પ્યારી હતી, કોઈ વ્યક્તિ દુનિયાની ઈઝ્ઝત ઉપર એટલો ફખર નથી કરતો જેટલો ફખર તેઓ દીનની નુસરત માટે કરતા હતા. આ સાથે તેઓએ દુનિયાની લઝ્ઝતોથી પણ સબર કર્યો. જેમના તમામ કાર્યો અલ્લાહ અઝ્ઝ વ જલ્લની રઝામંદી માટે હતાં અને પેગંબર (સલ.)ની તાબેદારી માટે હતાં. તેઓ તો કામ્યાબ થઈ ગયા.

આ મુખ્લીસ સહાબામાંના ઘણાંબધા તો રસૂલની હયાતીમાં જ શહીદ થઈ ગયા.

અત્રે એક ચોખવટ કરવી જરૂરી લાગે છે. કુર્આન અને અહાદીસના અનુસંધાનમાં મોહાજિર અને અનસાર સહાબાની ફઝીલતો અને કારકીર્દીના વર્ણનોમાં કોઈપણ લેખકને ઘણી ઉલઝનોનો સામનો કરવો પડે છે. જે સહાબા પેગંબરે ઈસ્લામની હયાતીમાં જેહાદમાં શહીદ થયા અથવા મૃત્યુ પામ્યા તેમના વિષયની તો કોઈ વાત નથી. તેઓનો તો ખાતેમા બિલ ખયર બરાબર છે. તેઓની જિંદગી સહીસલામત પસાર થઈ ગણાય. તેઓ જન્નતના જ હકદાર છે.

પરંતુ જે લોકોની હિજરત દુન્યવી ફાયદા માટે હતી. બીજો જ કોઈ હેતુ હતો. હુકુમત, હોદ્દ,

માલમિલકત, શાદી કે સગાઈ સંબંધના કારણે જેમણે હિજરત કરી તેઓ પોતાની નિય્યત સહી ન હોવાને કારણે હિજરતની ફઝીલતને પામી શક્તા નથી. બલકે દરેક અમલનો આધારસ્તંભ નિય્યત છે. નિય્યત સહી - અલ્લાહની રઝામંદી માટે હોવી જોઈએ. આ એક નિર્વિવાદ વાત છે. આ બાબત શીયા - સુન્ની બંનેનો મત એક જ પ્રકારનો છે.

અહીં સુધી કે જેહાદ અને શહાદત માટે પણ નિય્યત સાફ હોવી જરૂરી છે. એક વ્યક્તિ જેહાદમાં ખૂબ જ જોશ સાથે લડતો હતો. સહાબાએ એનો જોશ જોઈને પેગંબર (સલ.)ને કહ્યું કે યા રસુલલ્લાહ ! આ વ્યક્તિ ઘણાં જ ઉમંગ અને જોશથી જેહાદ કરી રહ્યો છે. પેગંબર (સલ.)એ

ફરમાવ્યું : તે જહન્નમી છે. તે તો લડતાં લડતાં જ શહીદ થઈ ગયો.

રસુલુલ્લાહ (સલ.)ના તહેકીક કરતાં પ્રત્યક્ષ જોનાર કેટલાક સહાબાએ ગવાહી આપી કે તે લડતાં લડતાં ખૂબ ઘાયલ થઈ ગયો હતો. જમીન પર પડી ગયો, સબર ન કરી શક્યો અને પોતાની જ તલવાર વડે તેણે આપઘાત કર્યો. આ ઘટના એહલે સુન્નતની કિતાબોમાં નોંધાયેલી પ્રખ્યાત ઘટના છે.

આવી બીજી અમૂક ઘટનાઓ શહીદોની છે કે જેમની નિય્યત સાફ ન હતી. દેખાવ અને કબીલાઈ બહાદુરી બતાવવા જેહાદમાં જોડાઈ શહાદત વહોરી હતી. તેમનો અમલ પણ ખુદા - રસૂલ અને દીને ઈસ્લામ ખાતર ન હતો. તેથી

બજાહિર શહાદત તેમની બખ્શીસના કામ ન આવી. આવી ઘટનાઓ પણ એહલે સુન્નત બિરાદરીની કિતાબોમાં નોંધાયેલ છે. અમે એક ઘણી જ કડવી વાત કહેવા જઈ રહ્યા છીએ. જેથી તે વાત કહેવા અગાઉની આ પ્રસ્તાવના તૈયાર કરી રહ્યા છીએ, આ પ્રકારની હદીસો પણ એહલે સુન્નતની સહી કિતાબોમાં ઘણી બધી જોવા મળશે કે એક વ્યક્તિ નેક અમલ કરે છે. ખૂબ જ નેક અમલ કરે છે. અહીં સુધી કે જન્નતની નજીક પહોંચી જાય છે. પછી તેના ઉપર શેતાન એવો સવાર થઈ જાય છે કે ગુનાહોના અમલો કરવા લાગી જાય છે. અહીં સુધી કે તે જહન્નમની નજીક પહોંચી જાય છે અને મૃત્યુ પામે છે.

બીજી એક વાત જે લગભગ અમે ઘણી જગ્યાએ નોંધતા આવ્યા છીએ કે દરેક નબીની ઉમ્મતો પોતાના નબીની વફાત પછી અવળા રસ્તે ચાલી નીકળી, નબીના ચીંધેલા માર્ગને છોડી દીધો. આજ પરિસ્થિતિએ નબીએ આખેરૂઝઝમાનની ઉમ્મતની પણ થઈ છે. પેગંબર (સલ.)ની વફાત પછી આ ઉમ્મતના સહાબાએ રસુલુલ્લાહ (સલ.)ના હુકમોની ઘરાર અવગણના કરીને આપના મિનજાનીબિલ્લાહ (અલ્લાહ તરફથી નિયુક્ત પામેલા) ખલીફાને સ્થાને અબુબકરને બેસાડી દીધા. હઝરત અલી (અલ.)નો હક ગશ્બ કરી લીધો.

બુખારીમાં આ પ્રકારની લગભગ દસ હદીસો છે. બુખારી સિવાય અબુદાઉદ તથા મુસ્લિમમાં થોડાક શાબ્દિક ફેરફાર સાથે નીચેની

હદીસો જોવા મળશે. રસુલુલ્લાહ (સલ.) ફરમાવે છે કે :

મેદાને મેહશરમાં જ્યારે હું હોઝ ઉપર હોઈશ, મારી ઉમ્મતને કૌસરનું પાણી પાતો હોઈશ ત્યારે કેટલાક લોકોને હું ઓળખી લઈશ જેઓ પાણી પીવા માટે મારી તરફ દોડતા આવતા હશે. ઘણાં નજીક આવી જશે. ત્યારે કેટલાક ફરિશ્તાઓ તેઓને મારીને હઠાવશે, પાછા ધકેલશે, હું કહીશ કે આ શું કરો છો ? આ શું કરો છો ? આ તો મારા સહાબા છે, આ તો મારા સહાબા છે. મને જણાવવામાં આવશે કે યા રસુલલ્લાહ ! તમને ખબર નથી તમારી વફાત પછી આ લોકોએ કેવા કેવા અમલ કર્યા. આ સાંભળી હું કહીશ. દૂર કરો, એમને દૂર કરો.

આ સહાબા કોણ હશે ? વિચારો, વિચારો.

મોહાજિર અનસાર બંનેમાની બહુમતિએ પેગંબર(સલ.) ની વફાત પછી આપના મિનજાનિબિલ્લાહ ખલીફા ઈમામ અલી ઈબ્ને અબીતાલિબ (અલ.)ની તાબેદારી છોડી દીધી. દુન્યવી લોભ અને હુકુમતની લાલચમાં સાચા દીને ઈસ્લામથી જ મોં ફેરવી લીધું. એક રાજકીય ટોળી જે રસુલુલ્લાહની હયાતીમાં આકાર લઈ રહી હતી તેઓએ અલી (અલ.) નો હક છીનવી લીધો. હુકુમત ઉપર કબજો જમાવી લીધો. આવા લોકોના હિજરત માટે નુસરતના બંને અમલો બેકાર થઈ ગયા. દુનિયામાંથી આવા અને અગ્રેસર ગણાતા સહાબાએ ઘણુંબધુ મેળવી લીધું. આ સિવાય પણ આ લોકોએ ઈસ્લામની રૂહાનિયતને કચડીને કુચ્ચો કરી નાખી. કયામત સુધી આવનારી પેઢીઓ માટે ગુમરાહીનો

સામાન પેદા કરી દીધો. ઈસ્લામના બધાજ અહકામો નમાઝ, અઝાન, રોઝા, સામાજિક અને રાજકીય તમામ અમલોમાં ફેરફાર કરી નાખ્યો. એક નવા ધર્મની બુનિયાદ નાખી દીધી જેના પાયાના સિદ્ધાંતો પણ ખોખરાં કરી નાખવામાં આવ્યા છે.

રસુલુલ્લાહ (સલ.)ના જમાનાની જેહાદ એક પવિત્ર યુદ્ધ હતું. જેમાં શાંત અને નિરૂપદ્રવી બિન મુસ્લિમ હુકુમતોને જરા પણ સતાવવામાં કે હેરાન કરવામાં આવતી ન હતી. રસુલ પછી તરત જ ખલીફાના નામથી સત્તા સ્થાને બિરાજેલ આ બાદશાહોએ “લાઈકરાહ ફિદિન” દીનમાં જબરદસ્તી (બળજબરી- દાદાગીરી) નથી. જે તમારી ઉપર ચઢી આવે. તમને હેરાન - પરેશાન કરે તેમની સાથે જ યુદ્ધ કરો. તે સિદ્ધાંતને આ ખલીફાઓએ

કોરાણે મૂકી દીધો. આક્રમણકારી લડાઈઓ જેમ બીજા અન્ય મઝહબના રાજા મહારાજાઓ લડે છે એવી લડાઈઓ શરૂ કરી.

દરિયાપાર સેનાઓ રવાના કરી, હુમલા કરી બિન મુસ્લિમો ઉપર અનહદ ઝુલમો કર્યા. ઈસ્લામને જે બદનામી આજ દિન સુધી સહેવી પડી છે તે રસૂલ પછીના ત્રણ ખલીફાઓની બિન ઈસ્લામી નીતિ છે. આજ ચૌદશો વર્ષોથી ઈસ્લામ તલવારથી ફેલાયાનો કાળો દાગ લાગેલ છે. તે ભૂસવાનું નામ લેતો નથી. આ ઈસ્લામમાંથી રૂહાનિયત પણ ખતમ થઈ ગઈ છે. આ તે જ સહાબામાંના મોહાજિરો અને અનસારો છે જેમણે રસૂલુલ્લાહના હુકમોની ધરાર અવગણના કરી છે. આવા લોકોની હિજરત અને નુસરતના અમલો

ઉપર પાણી ફરી વળ્યું છે. આવા સહાબાને આખેરતમાં ન હિજરતથી કોઈ ફાયદો થશે ન નુસરતથી. પ્રવાહી સોનું, તેલ નીકળવું અને અરબોનું ખુશહાલ જિંદગીઓ ગુજારવું શક્ય છે કે એમના વડવાઓના નેક અમલોનો ફાયદો ખુદાએ તેમને દુનિયામાં આપી દીધો હોય. નહીં તો જ્યારથી મુસલમાનોએ તખ્તો તાજ ગુમાવી દીધાં છે ત્યારથી અરબો તો યુરોપીયનોની માનસિક, સામાજિક અને રાજકીય ગુલામીમાં જીવે છે. આજે આ અરબ શેખો - રાજાઓ પોતાના દેશ પુરતો કોઈ નિર્ણય લેવામાં પણ આઝાદ નથી. આ એક હકીકત છે.

## (૧) અનસારના ઈસ્લામ સ્વીકારવાની શરૂઆત.

મદીનાવાસી મુસલમાનોએ મોહાજિરોની ભરપુર મદદ કરી. મોહાજિરોને સાથે રાખી ખેતી કરતા, વાડી - બાગાયત કરતા અને પછી ખેતીનો પાક અને ફળોમાં તેમનો અલગ ભાગ આપી દેતા. કેટલાકે પોતાના મોહાજિર સાથીને વેપાર માટે માલ આપીને નફામાં ભાગ નક્કી કર્યો. કેટલાકે મોહાજિરોને પોતાના મકાનનો અમૂક ભાગ કાઢી આપ્યો. બલકે મકાનનો તે હિસ્સો મોહાજિરોને આપી જ દીધો. અનસારે પોતાની છોકરીઓને મોહાજિરોના નિકાહમાં આપી. મતલબ કે અનસારે આ બધા પ્રકારની શક્ય એટલી મદદ મોહાજિરોને કરી. હમદર્દીનો એક અજોડ નમૂનો પૂરો પાડ્યો.

અમૂક નેક, સાલેહ મોહાજિર અને અનસાર તો રસુલુલ્લાહ (સલ.)ની હયાતીમાં જ ઈન્તિકાલ

પામ્યા. જેઓ રસુલુલ્લાહની વફાત પછી હયાત રહ્યા તેમાં ઘણાં થોડા ગરીબ, ગુરબા સહાબાએ રસુલુલ્લાહના હુકમો ઉપર અમલ કર્યો. રસુલુલ્લાહ (સલ.)ની વફાત પછી તેમના કફન દફન કર્યા વગર આ જ સહાબાની મોટી સંખ્યા જેમણે સકીફહ બની સઅદહમાં જઈ અબુબકરને ખિલાફતનો તાજ પહેરાવ્યો. હઝરત અલી (અલ.)ના હકને મારીને અબુબકરને સાથ આપ્યો.

હઝરત અલી (અલ.) અને જનાબે ફાતેમા (સલા.) ઉપર અનેક ઝૂલમો થયા. જ્યારે અબુબકર ખલીફા બની ચૂક્યા તો હઝરત અલી (અલ.) અને જનાબે ફાતેમા (સલ.) લગાતાર ૪૦ દિવસ સુધી રાતમાં મદીનાના એક એક મહોલ્લા અને ગલી કુંચીઓમાં લોકોના સાથ માટે અને પોતાનો હક

સ્થાપિત કરવા સમજાવવા માટે ફર્યાં. લોકો વાયદો કરતા પરંતુ બીજા દિવસે કોઈ જ હાજર ન રહેતું. ત્યાર બાદ તો આ રાજ્યકર્તાઓએ જનાબે ફાતેમાનો વારસો બાગે ફિદક દાદાગીરીથી પોતાના કબજામાં લઈ લીધો. અને ઉમરે તો ઝુલમની હદ કરી, જનાબે ફાતેમા (સલા.)ના મકાનને સળગાવ્યું. આ રીતે આ મોહાજિર અને અનસારની જિંદગી દાગદાર બની ગઈ.

પરંતુ હિજરત અને નુસરતનો આ સિલસિલો તો કયામત સુધી ચાલુ રહેવાનો છે. ખુદાના દીનને ખાતર - પોતાના ઈમાનની હિફાઝત માટે - હિજરત દરેક સમયમાં નેક અમલ ગણાશે અને આવા લોકોની મદદ કરવી પણ આખેરતની કામયાબી ગણાશે.

### હિજરી સન-૧ની મદીનાની રાજકીય પરિસ્થિતિ

**(૧) યહુદ અને નસારાની મુસલમાનો સાથે નફરત.**

ઈતિહાસકાર યાઅકુબીનું વર્ણન છે કે બનુ કુરેઝા અને બનુ નઝીર અસલ અરબો હતા. પરંતુ તેઓએ યહુદી ધર્મ અપનાવી લીધો હતો. આ જ પ્રમાણે ઈતિહાસકાર મસઉદીએ પણ પોતાની કિતાબ અલ અશરફમાં એક રિવાયત લખી છે કે આ બંને યહુદી ખાનદાનો મઝામના અરબ કબીલાના હતા. કોઈ જમાનામાં અમાલિકા અને બીજા અરબ કબીલાઓની બૂતપરસ્તીથી બેઝાર થઈને હઝરત મુસા (અલ.)ના દીન પર ઈમાન

લઈ આવ્યા. આ લોકો અસલ શામના રહેવાસી હતા, તેમાં આ અરબ ખાનદાનો યહુદી બનીને ભળતા ગયા.

## (૨) મુસલમાનો અને યહુદીઓ વચ્ચે શાંતિ જાળવવા માટેનો સૂલેહ કરાર.

મદીનાની આજુબાજુ યહુદીઓના ત્રણ મોટા કબીલાઓ હતા. બનુ કૈનુકા, બનુ નઝીર, બનુ કુરયઝા. આ લોકોએ પોતાના રક્ષણ માટે મજબુત કિલ્લા બનાવ્યા હતા. જ્યારે કે મદીનામાં અનસારના ચૌદ કબીલા હતા. તેમાં ઓસ અને ખઝરજ બંને એક બીજાના કટ્ટર દુશ્મન હતા. આ બંને અનસાર કબીલા એકબીજા સાથે લડીને કમજોર થઈ ગયા હતા. વળી યહુદીઓ તો એમ જ ઈચ્છતા હતા કે અનસાર કદીપણ એક ન થવા

પામે. જેથી અમારાથી હંમેશા દબાયેલા - કચડાયેલા અને કમજોર રહે.

પેગંબરે ઈસ્લામની દીર્ઘ દૃષ્ટિએ આ વાત તરત જ સમજી લીધી. તેથી આપ (સલ.) જ્યારે મદીના તશરીફ લાવ્યા તો જોયું કે યહુદીઓ માલદાર છે અને સંગઠિત પણ છે. એમની અંદર એકતા છે. આપને આ વાત જરૂરી લાગી કે યહુદીઓ અને મુસલમાનો વચ્ચે સારા સંબંધો રહેવા જરૂરી છે. તેથી આપે અનસાર અને યહુદીઓને બોલાવીને એક કરારનામું લખાવી લીધું. આ કરારનામાની શરતો અત્રે ઈબ્ને હિશ્શામની નોંધ પ્રમાણે અમે રજૂ કરીએ છીએ.

(૧) આ લખાણ મોહંમદુર્રસુલુલ્લાહ (સલ.)ની તરફથી લખવામાં આવી રહ્યું છે.

મુસલમાનો માટે જેઓ કુરૈશ છે અથવા યસરબના (મદીનાના) રહેવાસી છે. વળી તે લોકો પણ જેઓ મુસલમાનોની સાથે સારા સંબંધો ધરાવે છે, તેઓ સાથે વેપારથી જોડાયેલા છે.

(૨) આ બધા જ લોકો એક જ કોમ માનવામાં આવશે.

(૩) બની ઓફના યહુદીઓની પણ મુસલમાનોની સાથે એક કોમમાં ગણતરી થશે.

(૪) જો કોઈ આ કોલકરારથી જોડાયેલી કોમ ની સાથે યુદ્ધ કરશે તો મુસલમાનો પોતાની સાથે કોલ કરારથી જોડાયેલાઓની મદદ કરશે.

(૫) મુસલમાનો પોતાના કોલ કરારથી બંધાયેલ કોમોની સાથે ભલાઈ, મહબ્બતથી વર્તશે. ગુનાહ કે

નુકશાન પહોંચે એવા કામોથી મુસલમાનો અલિપ્ત રહેશે.

(૬) યહુદી મુસલમાનોને યુદ્ધ દરમ્યાન ખર્ચ આપશે.

(૭) યહુદીઓના માનવહકોનું રક્ષણ કરવામાં આવશે. જે લોકો સાથે કોલકરાર છે તે લોકોના હકોનું રક્ષણ કરવામાં આવશે.

(૮) કોઈ વ્યક્તિ પણ પોતાની સાથે શાંતી કરારથી જોડાયેલી કોમ સાથે બદસૂલુકી કે દુરવ્યવહાર કરી શકશે નહિં.

(૯) હંમેશા મઝલૂમની દરેક હાલતમાં મદદ કરવામાં આવશે.

(૧૦) મદીના શહેરમાં ખૂન કરવું, લડાઈ કરવી, મારામારી કરવી વગેરે શાંતિ કરારના અનુસંધાનમાં

બંને કોમ ઉપર (મુસલમાનો અને યહુદીઓ) પ્રતિબંધ રહેશે.

(૧૧) તે સિવાય મદીનાની બહાર રહેતી પડોશી કોમો ભલે તે ગમે તે મઝહબની પાબંદ હોય, આ શાંતિ કરાર કોમોની સાથે જ ગણવામાં આવશે. જ્યાં સુધી કે તે લોકોને કોઈ તકલીફ પહોંચાડવાના કાર્યો (આતંકવાદી પ્રવૃત્તિ) ન કરે અને તેમનો ગુનો સાબિત ન થઈ જાય.

(૧૨) આ શાંતિ કોલકરાર વાળી કોમોની અંદર થયેલા કોઈપણ ઝઘડાનો ઉકેલ - ફેંસલો - ઈન્સાફ ખુદાના બુઝૂર્ગ રસુલ હઝરત મોહંમદ (સલ.) કરશે. ભલે પછી આ ઝઘડો એક જ કોમની વ્યક્તિઓ- યહુદી યહુદી કે મુસલમાન મુસલમાન વચ્ચે હોય કે

જુદી જુદી કોમની વ્યક્તિઓ યહુદી મુસલમાન કે મુસલમાન અને મુશરીક વચ્ચે હોય.

**(3) યહુદ અને નસારાની ઈસ્લામ દુશ્મનીના કારણો**

યહુદી આવી ઉમ્મીદ લઈને બેઠા હતા કે છેલ્લા આવનાર નબી બની ઈસરાઈલમાંથી આવશે એટલે કે પેદા થશે. જેથી એમની કોમની આફતો બલાઓ દૂર થઈ જશે. પાછલી જાહોજલાલી પાછી ફરશે. તેથી આખરી નબીની આમદની આ લોકો રાહ જોતા હતા. યહુદીઓમાં જે લોકો હઝરત ઈસ્માઈલ (અલ.)ના દીન ઉપર હતા તેઓ પેગંબર (સલ.)ના મદીના આવવા ઉપર ઘણાં ખુશ હતા. આ લોકોની ખુશી જંગે બદર સુધી બાકી રહી. પરંતુ જ્યારે લોકોએ જાણ્યું કે આ નબી (હઝરત મોહંમદ

સલ.) તો હઝરત ઈસાને પણ સાચા કહે છે. તેમની નબુવ્વતને હક માને છે. તેમના શિક્ષણને પણ યોગ્ય ઠેરવે છે. વળી મસીહ ઉપર ઈમાન લાવવું પણ ઈસ્લામમાં જરૂરી છે, ત્યારથી આ યહુદીઓ ઈસ્લામના દુશ્મન બની ગયા.

જો કે ઈસાઈઓની સંખ્યા અરબસ્તાનમાં ઘણી જ ઓછી હતી. વળી આપ (સલ.)ના મદીના આવવાથી આ લોકો પણ ઘણાં ખુશ હતા. કારણકે હઝરત ઈસા (અલ.)એ પણ પોતાની છેલ્લી તકરીરોમાં એક આખરી નબી આવવાની જાહેરાત કરી હતી. જેમની રિસાલત આખરી હશે. તે સાથે ઈસાઈઓને તેમના ઉપર ઈમાન લાવવાની તાકીદ પણ કરી હતી. જેથી ઈસાઈઓ પણ આ આખરી નબીના આવવાની રાહ જોઈ રહ્યા હતા. વળી સાથે

સાથે એમ પણ ઈચ્છતા હતા કે આ આખરી નબી આવીને યહુદીઓ પાસેથી એમના ઉપર તેમણે (યહુદીઓએ) કરેલા ઝૂલમોનો બદલો લે. પરંતુ આ લોકોએ જોયું કે આ નબી તો તેમના અકીદાઓનો ઈનકાર કરે છે. બલકે રદ કરે છે. દૃષ્ટાંત રૂપે ઈસાઈઓ ખુદાના બેટા, બેટી હોવું, ખુદાની વહદાનિયતમાં હઝરત મરિયમ (અલ.) હઝરત ઈસા (અલ.) અને હઝરત રૂહુલકુદ્સ જિબ્રઈલ (અલ.) નું સામેલ હોવું, રહબાનિયત દુનિયાદારી (શાદી, બાલ બચ્ચાં, સમાજ) છોડી દઈ જંગલમાં જઈ રહેવું વગેરે ઘણાં બધાં અકીદાઓ ધરાવતા હતા (અત્યારના નસારાનો પણ આ જ હાલ છે) તે અકીદાઓનો ઈસ્લામે વિરોધ કર્યો જેથી નસારા પણ ઈસ્લામના દુશ્મન બની ગયા.

## (૪) અબ્દુલ્લાહ બિન અબી સલૂલ મુનાફિકોનો સરદાર

મદીનામાં અબ્દુલ્લાહ બિન અબી સલૂલ એક પ્રભૂત્ત્વશાળી વ્યક્તિઓમાં ગણાતો હતો. ઓસ અને ખઝરજના કબીલાઓ પર એનો ઘણો રોબ હતો. એનું માનવું હતું કે તે આ બંને મોટા કબીલાઓની મદદ દ્વારા (તેમનો સરદાર બની જઈને) એક શક્તિશાળી વ્યક્તિ તરીકે નામના મેળવશે. પરંતુ અબ્દુલ્લાહના આ સ્વપ્નાં સાકાર થયા નહિ કારણ કે પેગંબર ઈસ્લામના મદીના આમદ ઉપર ઓસ અને ખઝરજ બંને કબીલાઓ ઈસ્લામમાં દાખલ થઈ ગયા.

આ અબ્દુલ્લાહ બિન અબી સલૂલ જંગે બદર પછી પોતે પણ દેખાવ પૂરતો મુસલમાન થઈ ગયો. જોયું કે યહુદી મુસલમાનોથી રાજી નથી. તો ઈચ્છયું કે મુસલમાન અને યહુદી બંનેમાં એનો પ્રભાવ બાકી રહે. બંને પાસે બેસીને બંનેને ફાવતી વાતો ફેલાવવા લાગ્યો. એના દીલમાં ઈસ્લામ તો એમ જ ખટકતો હતો કે મદીનામાં ઈસ્લામ આવવાથી એની ઈચ્છાઓ ઉપર પાણી ફરી વળ્યું હતું, તેથી જ્યારે પણ મોકો મળતો ઈસ્લામને નુકસાન પહોંચાડવાનું ચુકતો નહિ. મુસલમાનોમાં બેસીને તેમની દોસ્તી અને મહબ્બતનો દાવો કરતો. યહુદીઓમાં જતો તો કહેતો કે હું તો તમારી સાથે છું. આ રીતે તેણે મુસલમાનોમાંથી એક ટોળું આવા

પ્રકારના ખ્યાલોનું ઊભુ કર્યું હતું. આ ટોળાને મુનાફિકો કહેવામાં આવે છે.

આ રીતે કુલ ત્રણ ટોળા ઈસ્લામ દુશ્મનીમાં અગ્રેસર હતાં. (૧) યહુદ (૨) નસારા (૩) મુનાફિકો.

## (૫) આ વરસની પરચુરણ વિભિન્ન ઘટનાઓ

આ વર્ષમાં એટલે કે હિજરી સન ૧માં કુલસુમ બિન અલહદમ (રઝિ.) અને સઅદ બિન ઝરારા (રઝિ.) ની વફાત થઈ, સહાબા જ્યારે હિજરત કરીને મદીના આવ્યા તો આ જ બંને સહાબીઓએ તેમનો ખર્ચ ઉપાડયો હતો. મહેમાન રાખ્યા હતા. તબકાત ઈબ્ને સઅદના વર્ણાનુસાર સઅદ બિન ઝરારા તો તે વ્યક્તિ છે જેઓ મક્કા જઈને આપ (સલ.) ના હાથ ઉપર બયઅત થયા હતા. મક્કાથી બયઅત થઈને મદીના આવ્યા તો

સૌ પ્રથમ નમાઝે જુમ્મા મદીનામાં આપે જ શરૂ કરી હતી.

જનાબ સઅદ બિન ઝરારહ કબીલા બની નજ્જારના સરદાર હતા. જ્યારે આપની વફાત થઈ તો કબીલાવાળાઓએ વિનંતી કરી કે અમારો કોઈ બીજો સરદાર નિયુક્ત કરી દો. પરંતુ હોંસાતુસી અને એકબીજાની ઈર્ષા વગેરેને કારણે આપ (સલ.) નું મોશાળ આ જ કબીલા બની નજ્જારમાં હતું. આપની વફાત ઉપર પેગંબરે ઈસ્લામને ઘણો જ સદમો પહોંચ્યો પરંતુ મુનાફેકીન અને યહુદી તો ઘણાં જ ખુશ થયા.

આ જ સમયગાળામાં કાફિરોના બે માલદારોનું - એક વલીદ બિન મુગીરહ જે ખાલીદ

બિન વલીદનો બાપ હતો. અને ઉમર બિન આસના બાપ આસ બિન વાઈલનું પણ મુત્યુ થયું.

આ જ વર્ષે અબ્દુલ્લાહ બિન ઝુબેરનો જન્મ થયો. તારીખે તબરીના વર્ણાનુસાર જનાબ મુખ્તાર બિન અબુ ઉબૈદા સકફી અને ઝિયાદ બિન સુમય્યા બંને પેદા થયા. (આ તેજ ઝિયાદ છે જેને પાછળથી મઆવીયાએ રાજકારણની ગંદી પોલીટીક્સના અનુસંધાનમાં પોતાના ભાઈ તરીકે જાહેર કરી અબુસુફ્યાનનો બેટો બનાવી લીધો હતો - ઝિયાદ બિન અબુ સુફ્યિન)

# પ્રકરણ – ૧૫ : હિજરી સન - ૨ ની મુખ્ય ઘટનાઓ ભાગ- ૧

**(૧) વિશ્વની અફઝલતરીન વ્યક્તિ હઝરત અલી (અલ.)ની શાદી ખાના-આબાદી ખાતુને જન્નત હઝરત ફાતેમા (સલા.)ની સાથે.**

જો હઝરત અલી (અલ.) ને પેદા ન કરવામાં આવત તો જનાબે ફાતેમા (સલા.) ની બરાબરીનો કોઈ પતિ ન હોત.

**લવલમ યુખલક અલીય્યુન, માકાન લફાતેમત કુફવન.**

(ઈમામ દયલમી)

નિકાહ ૧૫ રજબ - રૂખસતી ૧૯ ઝિલહજ હિજરી સન-૨

જનાબે ફાતેમા (સલા.)ના માટે સૌ પ્રથમ અબુબકરે અને પછી ઉમરે સંદેશો મોકલ્યો (ઈબ્ને સઅદ તથા સિરતુન્નબીના અનુસાર) આ માંગણી ઉપર આપ (સલ.) ઘણાં જ ગુસ્સે થઈ ગયા. તેઓની તરફથી મોં ફેરવી લીધું. (જુઓ કન્ઝુલ અમ્માલ ભાગ - ૭ પેજ નં. ૧૧૩)

જનાબ રિસાલતમઆબ (સલ.)એ હઝરત અલી (અલ.)ને જાતે જ ફરમાવ્યું હતું :

અય અલી ! ખુદાએ મને હુકમ આપ્યો છે કે હું ફાતેમાની શાદી તમારી સાથે કરી દઉં, શું તમને મંજુર છે ? વિનંતી કરી : બેશક ! યા રસુલલ્લાહ !

(જુઓ રિયાઝુન્નઝરહ ભાગ - ૨ પેજ. નં. ૧૮૪)

અબુબકર અને ઉમરનું જનાબ ફાતેમા (સલા.) માટેની ઈચ્છા વ્યક્ત કરવું અને પેગંબરે

ઈસ્લામનું ફરમાવવું કે આ વાત અલ્લાહના ઈરાદા પર મોકુફ છે. આ બંને વાત નીચેની ઘણી બધી સુન્ની કિતાબોમાં મોજુદ છે.

[મનાકીબ અહમદ બિન હમ્મલ, ઝખાએરૂલ ઉકબા ઈમામ તબરી, મોઅજમ સલાસા ઈમામ તબરાની ફિરદોસુલ અખબાર ઈમામ દયલમી. અસદુલગાબા ફિતમીઝીસ્સહાબા ઈમામ જઝરી. મનાકિબ ઈમામ અબુબકર ખ્વારઝમી. યનાબેઉલ મોવદ્દુત -સુલયમાન બલખી કન્દુજી]

અલ્લામા અબુલખૈર અલહાકેમી, ઈબ્ને અસાકિર અને ઈબ્ને શાઝાન અનસ સહાબીથી રિવાયત કરે છે કે હઝરત અલી (અલ.)એ જનાબ ફાતેમા (સલા.) માટેની માંગણી અબુબકર અને ઉમર પછી કરી. આપ (સલ.)એ જવાબમાં ઈરશાદ

ફરમાવ્યો : ખુદાએ મને એ જ હુકમ આપ્યો છે કે હું ફાતેમાની શાદી તમારી સાથે કરી દઉં.

અનસ કહે છે કે પછી એક દિવસે આપ (સલ.) એ મને બોલાવ્યો અને ઈર્શાદ ફરમાવ્યો : મોહાજેરીન અને અનસારમાંથી લોકોને બોલાવી લાવો. જ્યારે આ લોકો એકત્ર થઈ ગયા ત્યારે આપ (સલ.) એ મજલિસનું આયોજન કર્યું.

આપ (સલ.)એ અલ્લાહ અઝ્ઝ વ જલની તારીફ અને બુઝુર્ગીનું વર્ણન કર્યું. એક બહેતરીન ઉદ્બોધન કર્યું. પછી ફરમાવ્યું :

ખુદા સુબ્હાનહુ તઆલાએ મને હુકમ આપ્યો છે કે હું ફાતેમાને અલી બિન અબી તાલિબની સાથે ૪૮૦ મિષકાલ (ચારસો એંસી મિષકાલ) [૧ મિષકાલ - સાડાચાર માશા - ૫ ગ્રામ જેટલું થાય]

ચાંદીની મહેર સાથે નિકાહમાં આપું છું પરંતુ અલી પણ આ બાબત રાજી હોય, આપ (સલ.)એ મુસકુરાઈને અલી તરફ દૃષ્ટિ નાખી પછી ફરમાવ્યું : મને ખુદાતઆલાએ હુકમ આપ્યો છે કે હું ફાતેમાને ૪૮૦ મિષકાલ ચાંદી મહેર સાથે તમારા નિકાહમાં આપું, તમને મંજુર છે ? હઝરત અલી (અલ.)એ હકારમાં જવાબ આપ્યો. આ સાંભળીને આપ (સલ.)એ ફરમાવ્યું અલ્લાહ તમારા બંનેમાં મહબ્બત નસીબ ફરમાવે, તમારા જીવનમાં બરકત આપે, ઈઝ્ઝત આપે. તમારી બંનેની જિંદગીમાં ખૂબખૂબ બરકત આપે. તમને બંનેને અવલાદે તાહેરા નસીબ ફરમાવે.

પેગંબરે ઈસ્લામે પોતાની દુઆઓ ખતમ કરી તરત જ હઝરત અલી (અલ.) ખુદાના શુક્રના સિજદામાં ઝૂકી ગયા.

(ઝરકાની ભાગ - ૨ પેજ. નં. ૭)

જનાબ સરકારે મદીના (સલ.) એ નમાઝે ઈશા અદા કરીને હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહાને હઝરત ઉમ્મે અયમનના સંગાથે હઝરત અલી (અલ.)ની સાથે મોકલી આપ્યાં. થોડાક કલાક પછી પેગંબરે ઈસ્લામ પોતે પણ તશરીફ લાવ્યા. આપ (સલ.)એ જે કંઈ અમલ કર્યો તે અલ્લામા ઝરકાનીના શબ્દો પ્રસ્તુત છે.

હઝરત ફાતેમા (સલા.) જ્યારે નવાં ઘરમાં તશરીફ લાવ્યાં. તો પેગંબરે ઈસ્લામ તેમની પાસે આવ્યા. એક વાસણમાં પાણી માંગ્યું, બંને હાથ તેમાં

નાખ્યા. હઝરત અલી (અલ.)ની છાતી અને ખભા ઉપર પાણી છાંટ્યું. જનાબે ફાતેમાને બોલાવ્યા. તેઓ શરમને કારણે ધ્રુજતા ધ્રુજતા અબ્બાજાન પાસે આવ્યા. તેમના ઉપર પણ આ જ રીતે પાણી છાંટ્યું. પછી ફરમાવ્યું : મેં મારા ખાનદાનના સૌથી શ્રેષ્ઠ વ્યક્તિ સાથે તમારા નિકાહ કર્યા છે. (ઉસવતુર્રસુલ ભાગ -૨ પેજ. નં. ૪૪૪,૪૪૫ સિરતુન્નબી પેજ. નં. ૨૬૮. ઝરકાની ભાગ - ૨ પેજ નં. ૭)

કિતાબ હબીબુસ્સૈરમાં ઘણાં જ વિશ્વાસપાત્ર રાવિઓથી જનાબે ફાતેમા(સલ.) જનાબે અલી (અલ.)ના વિવાહ અને નિકાહ બંને વિષયનું જે વર્ણન છે તે વાચકોની સેવામાં પ્રસ્તુત છે.

નિકાહની આગળના દિવસોમાં એક દિવસ અબુબકર પેગંબરે ઈસ્લામની સેવામાં હાજર થયા. હઝરત ફાતેમા સાથે પોતાના નિકાહની ઈચ્છા વ્યક્ત કરી. આપ (સલ.)એ ફરમાવ્યું : હું ફાતેમાના નિકાહ કરવા માટે અલ્લાહના હુકમની રાહ જોઈ રહ્યો છું. ત્યાર પછી આ જ પ્રકારની ઈચ્છા ઉમરે પણ વર્ણવી. તેમને પણ આ જ ઉત્તર મળ્યો.

આઅ્લામુલ વરામાં છે કે આ બંનેએ ઈચ્છા વ્યક્ત કર્યા પછી કેટલાક સહાબાએ અમીરૂલ મોઅમેનીન જનાબ અલી (અલ.)ને કહ્યું : કે આપ જનાબે ફાતેમા (સલા.)ની સાથે નિકાહની ઈચ્છા વ્યક્ત કેમ નથી કરતા ? ફરમાવ્યું : મારી પાસે તો કશું જ નથી. કહ્યું : રસુલુલ્લાહ તમારી પાસે કશું જ નહીં માગે. ત્યારે હઝરત અલી (અલ.) પેગંબરે

ઈસ્લામની સેવામાં પધાર્યા. પરંતુ શરમના માર્યા કંઈ પણ કહ્યા વગર પાછા ચાલ્યા ગયા. બીજા દિવસે પણ આ જ પ્રમાણે રસુલેખુદાના એકલા હોવાની પરિસ્થિતિમાં આવ્યા અને પાછા બહાર નીકળી ગયા. જ્યારે ત્રીજા દિવસે આવ્યા તો રસુલેખુદાએ પુછયું : યા અલી તમારી કંઈક ઈચ્છા છે ? આપે કહ્યું. જી, હાં. આપ (સલ.)એ ફરમાવ્યું : ફાતેમા માટેની માંગણી કરવા આવ્યા હશો. વિનંતી કરી, જી. હાં. હઝરત અલી (અલ.) ખૂબ શરમાતા હતા. આપ (સલ.)એ દરખાસ્ત કબૂલ કરી લીધી. તરત જ હઝરત જિબ્રઈલ વહી લઈને આવ્યા. “યા રસુલલ્લાહ ! અલ્લાહનો હુકમ છે કે તમો ફાતેમાના નિકાહ હઝરત અલી (અલ.)ની સાથે કરી આપો. ત્યાર બાદ હુઝુરે અકરમ (સલ.)એ જનાબ ફાતેમાને

કહ્યું : અલી બિન અબીતાલિબની રિશ્તેદારી અને એમની ફઝીલત જે ઈસ્લામમમાં છે, તમે તેને બરાબર જાણો છો. મેં મારા ખુદાથી સવાલ કર્યો હતો કે ફાતેમાના નિકાહ એવી વ્યક્તિ સાથે કરૂં જે તેની મખલુકમાં સર્વેથી વધારે અફઝલ હોય, જે તે તેની મખલુકમાં સૌથી વધારે મહબૂબ (પ્યારો) હોય તો અલ્લાહે મને વહી કરી છે કે હું અલીથી તમારા નિકાહ કરી દઉં. [આ જગ્યાએ એક મસઅલો સ્પષ્ટ થઈ થાય છે કે બેટીની મંજુરી લેવી જરૂરી છે. ફક્ત મંજુરી જ જરૂરી નથી, સાથે છોકરો બતાવવો, તેને ઓળખાવવો, તેની કૌટુંબીક પહેચાન કરાવવી પણ જરૂરી છે. જનાબ અલી (અલ.) તો એક કુટુંબના હતા. રસુલના ખોળામાં મોટા થયા હતા. રસુલુલ્લાહના ઘરમાં જ પાલનપોષણ થયું હતું.

તેથી જનાબ ફાતેમા (સલા.) આપને બરાબર પહેચાનતા હતાં. કેટલાક મા - બાપો દીકરીની મંજુરી લેતા નથી, આ બાબત ઈસ્લામના સિદ્ધાંતોથી વેગળી છે.] આ બાબતમાં તમારો શો મત છે. જનાબ ફાતેમા ખામોશ રહ્યાં. આપ (સલ.) બહાર તશરીફ લાવ્યા અને ફરમાવ્યું : અલ્લાહો અકબર ! ફાતેમાની ખામોશી તેમની મંજુરી છે.

કિતાબ મનાકિબે ખ્વારઝમીમાં આ પ્રમાણે છે કે આપ (સલ.) ઉમ્મે સલમાના [ઉમ્મે સલમા રઝિયલ્લાહો તઆલા અન્હા રસુલુલ્લાહના નેક પત્નીઓમાં ગણાય છે. સલમા રસુલુલ્લાહની ફોઈની દિકરી હતાં. તે ફોઈનું નામ આતીકા હતું. પહેલાં અબ્દુલ્લાહ બિન સલમાના નિકાહમાં હતાં. જેઓ બહર બિન અબ્દુલ મુત્તબિલના દિકરા હતા.

હીજરી સન ૪ માં જનાબ અબ્દુલ્લાહની શહાદત થઈ. પોતાના સગા ફોઈના આ દીકરી બેવા બન્યાં. રસુલુલ્લાહ (સલ.) એ તેમની સાથે શાદી કરી. હદીસે કિસાઅમાં આપનું નામ આવે છે. રસુલેખુદાએ ઉમ્મે સલમાની ઈચ્છા પર કે યા રસુલલ્લાહ હું ચાદરમાં આવી જાઉં ? ત્યારે આપ (સલ.) એ મના ફરમાવી અને ફરમાવ્યું : તમે ભલાઈ પર જરૂર છો, તમે અમારી સાથે જ રહેશો.] ઘરમાં તશરીફ ફરમાં હતા ત્યારે ઉમ્મે સલમા જનાબે ફાતેમાની માંગણી માટે હાજર થયાં. જનાબ અલી (અલ.) માટે માગણી પેશ કરી, પછી અલી (અલ.)પણ આવી પહોંચ્યા. આપ (સલ.)એ ખુશ થઈને અલીને ફરમાવ્યું : અય અલી તમને ખુશ ખબરી આપું છું કે અલ્લાહતઆલાએ તમારા નિકાહ

આસમાન ઉપર ફાતેમા સાથે કર્યા છે. તમારા આવતા અગાઉ જિબ્રઈલ મારી પાસે આવ્યા, તેમણે જન્નતના રેશમનો એક સફેદ કાપડનો ટૂકડો મને બતાવ્યો. જેમાં બે લાઈનો નૂરની કલમથી લખાયેલી હતી. મેં જિબ્રઈલને પુછ્યું : આ બધું શું છે ? જિબ્રઈલે મને જણાવ્યું કે અલ્લાહતઆલાએ જમીનવાળાઓ તરફ દૃષ્ટિપાત કર્યો. પછી આપને તમામ મખલુકાતમાં બરગુઝીદહ (શ્રેષ્ઠ, બુઝુર્ગ, અત્યંત ઈષ્ટ, ખુદા રસીદહ) બનાવ્યા. પોતાની રિસાલતની સાથે મોકલ્યા. બીજી વખત ફરીથી સમગ્ર પૃથ્વી ઉપર દૃષ્ટિપાત કર્યો. પછી આપના માટે એક ભાઈ, વઝીર, સાથી, અને દામાદ ચૂંટી કાઢ્યા. આપની બેટીના તેમની સાથે નિકાહ કર્યા. મેં પુછયું ? તે કોણ છે. તમારા ભાઈ દુનિયા અને

આખેરત બંનેમાં, તમારા ઈબ્ને અમ્મ(કાકાના દીકરા) નસબ-વંશમાં અલી ઈબ્ને અબીતાલિબ (અલ.). પછી જિબ્રઈલે કહ્યું:

યા રસુલલ્લાહ ! જન્નતના પવિત્ર વૃક્ષો તુબા ઉપર અલ્લાહના હુકમથી ફળો લાગેલા છે. અલ્લાહે જન્નતના બાગોને શણગારેલા છે. જન્નતની હુરોએ પોતાને ઘરેણાંઓથી સજાવ્યા છે. ફરિશ્તાઓ બયતુલ મઅમુરમાં એકત્ર થયેલ છે. જન્નતના દરવાન રિઝવાને નૂરનો મિમ્બર સજાવ્યો છે. રહીબ નામના ફરિશ્તાએ પોતાના સુંદર વકતવ્ય દ્વારા અલ્લાહની હમ્દોસના ફરમાવી છે. પછી અલ્લાહે પોતાના હબીબ મોહંમદની બેટી ફાતેમા માટે ફરમાવ્યું કે તેની શાદી મારા બંદા અલી સાથે કરી આપે. આ બાબત અલ્લાહે તમામ મલાએકાની

સાક્ષી લીધી. તે ગવાહી આ રેશમી કાપડ ઉપર લખેલી છે. જ્યારે અલ્લાહતઆલા અલી અને ફાતેમાનાં નિકાહ ઉપર મલએકાને ગવાહ બનાવી ચૂક્યો ત્યારે જન્નતના પવિત્ર વૃક્ષ તુબા ઉપર ફળો ન્યોછાવર કર્યા. મલાએકાએ અને હુરોએ આ ફળોને ચુંટી લીધા. તેઓ કયામત સુધી તેના ઉપર ફખર કરતા રહેશે.

**જિબ્રઈલ (અલ.)એ કહ્યું :-**

અય મોહંમદ (સલ.) મને ખુદાએ આ હુકમ લઈને મોકલ્યો છે કે જમીન ઉપર પણ હઝરત અલી અને ફાતેમાનાં નિકાહ ફરમાવી દો. ત્યારે હઝરતે નિકાહ પઢાવી દીધા.

ઉપરોક્ત રિવાયતને સફૂરીએ પણ પોતાની નુઝહતુલ મજાલીસ ભાગ-રમાં લખી છે. ત્યાર બાદ

હબીબુસ્સૈરના કર્તા લખે છે કે જે રાતે હઝરત અલી અને ફાતેમા (સલા.)ના નિકાહ અને વળાવવામાં આવ્યાં તે રાત્રે નમાઝે ઈશા બાદ આપ (સલ.) એક પાણીની મશક લઈને આ પતિ પત્નીના ઓરડામાં તશરીફ લાવ્યા. પોતાનું મુબારક થુંક પાણીમાં નાખ્યું, સુરએ ફલક, નાસ તીલાવત ફરમાવી દુઆ કરી. આ પાણી જનાબે ફાતેમા (સલા.)ના માથા અને શરીર મુબારક ઉપર છાંટ્યું. પછી ફરમાવ્યું :

**અલ્લાહુમ્મા ઈન્નહોમા મિન્ની વ અના મિન્હોમાં અલ્લાહુમ્માં ઈઝહબ અન્હોમાં અર્રરિજસ કમા અઝહબ્ત મિન્ની વ તહહીરહોમા કમાતહહરતની**

**અર્થાત** :- અય અલ્લાહ ! આ બંને મારાથી છે. અને હું એમનાથી છું. ખુદાવંદ તેમનાથી પણ

નાપાકીને એવી રીતે દૂર રાખ જેવી રીતે મારાથી દૂર રાખી છે.

નિકાહના સમયે હઝરત ફાતેમા (સલા.)ની ઉંમર દસ વર્ષ જેટલી હતી જ્યારે હઝરત અલી (અલ.) ચોવીસ વર્ષના હતા. ઈતિહાસકારોએ લખ્યું છે કે જ્યારે હઝરત અલી(અલ.) એ જનાબે ફાતેમાથી શાદી કરવા માટેની ઈચ્છા વ્યક્ત કરી, ત્યારે રસુલેખુદાએ આપને પુછ્યું કે તમારી પાસે કંઈક પૂંજી છે ? કહ્યું : ફક્ત એક તલવાર, એક ઝિરહ (બખ્તર) અને એક ઘોડો છે. ફરમાવ્યું: તલવાર અને ઘોડો રહેવા દો, લડાઈમાં કામ આવશે, અલબત બખ્તરની તમારે જરૂર નથી. જેથી બખ્તરને હઝરત અલી (અલ.)એ ચારસો દિરહમમાં [તે વખતે તલવાર, ઘોડો, ઢાલ, બખ્તર અને ભાલા

વગેરેની ખૂબ જ કિંમત હતી કારણ કે આ જ હથિયારો યુદ્ધમાં કામ આવતાં હતાં.] વેચી દીધું. આ જ રકમમાંથી જનાબે ફાતેમા ઝેહરા (સલા.)નું જહેઝ ખરીદવામાં આવ્યું. જહેઝમાં ફકત બે કુરતા (મતલબ ડ્રેસ), ઘેટાં-બકરાંના ચામડાનો એક બિસ્તરો, બે ચાંદીના બાજુબંધ, ખજૂરની પત્તી ભરેલો ચામડાનો એક તકીયો, પાણી પીવા માટેનો એક પ્યાલો, એક માથા ઉપર બાંધવાનો રૂમાલ (કસાબા), પાણી ભરવા માટેના બે ઘડા, એક મશક, આ જહેઝ તે જમાનામાં સાદુ - સીધું જીવન જીવનારાઓનું જહેઝ કહેવાતુ હતું.

આ વાતોથી માલુમ પડે છે કે બે જહાંના સરદાર સરદારૂલ અંબિયા, જેઓની એક દુઆથી

પહાડ સોનું બની શકતો હતો. કેટલી સાદી જિંદગી જીવતા હતા

પેગંબર (સલ.)નો ખોરાક ખાસ તો જવની રોટલી હતો. ઘઉંની રોટલી પણ આપ ખાતા હતા. પરંતુ વધુ પડતો તો આપ જવનો જ ઉપયોગ કરતા. અરબમાં જવ સસ્તા પણ મળતા. દૂધ અને મધ ઉપર ચલાવી લેતા. પોતાના ઘરમાં રસૂલ જાતે કચરો સાફ કરતા. જાતે ચૂલો પણ સળગાવતા અગર આપ હાજર હોતા.

પોતાના કપડાંમાં આપ જાતે જ થીગડું મારતા. મોજડી તૂટી જતી તો જાતે જ ગાંઠ લગાવી દેતા. જો કે ગુલામ હાજર હોય તો પણ આપ (સલ.) પોતાનું કાર્ય પોતે જાતે કરવું પસંદ કરતા.

જનાબે ફાતેમા (સલા.)ની શાદી મુબારક ઘણી બધી રીતે એક અજોડ અને રૂહાનીયતથી ભરપુર શાદી હતી.

(૧) હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા પોતાના રૂહાની ફઝાએલના કારણે એક અજોડ ઓરત હતાં. હઝરત અલી (અલ.)ના સિવાય બીજો કોઈ વ્યક્તિ આપના માટે હરગિઝ યોગ્ય બની શકતો ન હતો.

(૨) હઝરત ફાતેમા (સલા.) અલયહા સિવાયનો કોઈપણ સ્ત્રીનો નિકાહ પછી તે સૃષ્ટિના સર્જનના અવ્વલ સમયમાંથી લઈને આખર સમય- કયામત સુધીનો કોઈ નિકાહ અર્શ ઉપર નથી પઢવામાં આવ્યો.

(૩) જનાબે ફાતેમા (સલા.)ના નિકાહ સિવાયના વિશ્વના કોઈપણ નિકાહના સાક્ષી મલાએકા નથી.

(૪) જનાબે ફાતેમાની શાદી જહેઝની રીતે પણ એક અજોડ શાદી હતી. દીન અને દુનિયા બંનેના બાદશાહ એવા નબીએ પાક માટે આટલું ઓછું જહેઝ એટલા માટે યોગ્ય માનવામાં આવ્યું કે તેમની ઉમ્મતનો સૌથી વધારે ગરીબ વ્યક્તિ પણ પોતાની દીકરીના ઓછા જહેઝ ઉપર શરમાય નહિ.

(૫) સૈયેદાની શાદીની અર્શ ઉપરની વ્યવસ્થા બતાવે છે કે રસુલુલ્લાહ (સલ.)ને ફક્ત એક જ દીકરી હતી. જો બીજી દીકરી હોત તો તેમના માટે પણ આ જ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી હોત. વળી તેમના જહેઝની વાતો, વિવાહની મંજુરીની વાતોનું વર્ણન ઈતિહાસ અને સીરતની કિતાબોમાં એવી જ રીતે લખાયું હોત જેવી રીતે જનાબે ફાતેમા(સલા.) નું નામ લખાયું છે.

ઉપરોક્ત વર્ણનો કોઈ શીયા રીવાયતો નથી બલકે પ્રખ્યાત સુન્ની ઈતિહાસો અને પ્રખ્યાત હદીસોની સુન્ની બિરાદરીની કિતાબોના વર્ણનો છે.

હઝરત ફાતેમા (સલા.) શાદી થતાં સુધી આપ (સલ.) ને ફક્ત બે જ પત્નીઓ હતી, મા સલમા અને માતાજી આયેશા. આ બંને માટે મસ્જિદની બાજુમાં જ મકાનો બનાવવામાં આવ્યાં હતાં. હઝરત ફાતેમા (સલા.) ની શાદી પછી આપ(સલ.) અલગ મકાનમાં રહેવા લાગ્યા. માતાજી આયેશા અને જનાબે ફાતેમા (સલા.)ની ઘરની વચ્ચે એક બારી હતી. વળી હઝરત અલી (અલ.)ના ઘરનો દરવાજો મસ્જિદે નબવી તરફ ખુલતો હતો. [માતાજી આયશા અને હઝરત ફાતેમા (સલા.)ના મકાનની વચ્ચે એક બારી હતી. એક

વખત માતાજી આયશા આ બારીમાંથી જનાબ ફાતેમા (સલા.)ના મકાનમાં દાખલ થઈ, અને તેમની સાથે લડવા લાગી. આવી વારંવારની આયશાની હરકતોથી પેગંબરે ઈસ્લામે તે બારી બંધ કરાવી દીધી. હઝરત ફાતેમા (સલા.) હંમેશા માતાજી આયશાથી નારાજ રહેતાં હતાં. કારણ માતાજી આયશા હઝરત ફાતેમા (સલા.) અને હઝરત અલી (અલ.)ની દુશ્મન હતી. આજ કારણથી ઈન્તિકાલ વખતે હઝરત ફાતેમા (સલા.)એ વસીય્યત કરી હતી કે આયશા મારા જનાઝાને ન અડકે. (જુઓ શરહ મીશ્કાત ભાગ-3 પેજ નં. ૨૪૬. કન્ઝુલ અમ્માલ પ્રકરણ હાલાત વફાતે હઝરત ફાતેમા ઝહરા સલા.)]

તારીખુલ ખમીસ ભાગ -૧ અને જઝબુલ કોલુબમાં છે કે હુઝુર(સલ.) આ બારીના રસ્તેથી હઝરત હસનૈનની ખબર અંતર પુછી લેતા હતા. એક દિવસ અડધી રાત પછી આયશા માતાજી જનાબે ફાતેમા (સલા.)ની સાથે આ બારીના રસ્તેથી લડવા લાગ્યાં, જનાબે ફાતેમા સલામુલ્લાહ અલયહાએ રસૂલેખુદા (સલ.)ને કહીને તે બારી બંધ કરાવી દીધી.

# પ્રકરણ : ૧૬ : હિજરી સન-૨ની મુખ્ય ઘટનાઓ ભાગ- ૨

## (૧) કિબ્લાની તબ્દીલી (ફેરફાર) અને જેહાદનો હુકમ

તારીખે તબરી અને સીરતે ઈબ્ને હિશ્શામના વર્ણાનુસાર હિજરતના ૧૮(અઢાર) મહિના પછી એક મંગળવારના દિવસે, ૧૫ માહે શાબાન હિજરી સન-૨ કિબ્લાની રૂખ બયતુલ મુકદ્દસની જગ્યાએ કાબતુલ્લાહ તરફ ફેરવી નાખવાનો હુકમ થયો.

આ જ વર્ષે બે અતિ મહત્ત્વની ઘટનાઓ ઘટી (૧) કિબ્લાનો ફેરફાર (૨) ઈસ્લામના દુશ્મનોએ મુસલમાનોને ખતમ કરી નાખવા માટે કમર કસી હતી. મક્કાના નબુવ્વતના ૧૧ વર્ષ અને

હિજરત પછીના આ બે વર્ષ આમ કુલ ૧૩ વર્ષથી મુસલમાનો આ ઝાલીમોનો સતત માર ખાતા આવ્યા હતા. ઝુલમ સહન કરતા આવ્યા હતા. આ વર્ષે અલ્લાહે પોતાના જાન માલ અને બાલબચ્ચાંના રક્ષણ માટે હથિયાર ઉઠાવવાની છૂટ આપી.

દરેક ધર્મની અને દરેક કોમની એક નિશાની હોય છે. જેના વગર તે કોમનું અલગ અસ્તિત્વ અને વિશેષતા બાકી રહેતી નથી. ઈસ્લામે આ નિશાની તરીકે કિબ્લા નમાઝ નક્કી કર્યો છે. જેમાં ધણાં બધા ભેદ સામેલ છે. ઈસ્લામનો એક ગુણ કે વિશેષતા એકતા છે. સરખાપણું છે. સમાનતા છે. ભેદભાવ કે છૂત-અછૂત કે ઊંચ-નીચની કોઈપણ બીમારીમાં ઈસ્લામ માનતો નથી.

વિશ્વમાં વસતા તમામ મુસલમાનો માટે પછી એ ગોરો હોય કે કાળો હોય, વિષુવવૃત્તમાં રહેતો હોય કે શીતકટિબંધમાં રહેતો હોય, ચીની, જાપાની કે મોંગોલીયન ગમે તે જાતી કે ગમે તે દેશનો રહેવાસી હોય. બસ તે મુસલમાન છે તો તેને મુસલમાનોમાં એકસમાન દરજ્જો પ્રાપ્ત છે. તેની સાથે કોઈ ભેદભાવ રાખવામાં આવશે નહિ.

ઈસ્લામ ઈચ્છે છે કે તમામ મુસલમાનો એકતાની એવી કડીઓમાં પરોવાઈ જાય કે વિશ્વ તેઓને જોઈને બોધપાઠ લે. એક શક્તિના રૂપમાં વિશ્વ તેમની નોંધ લે. ઈસ્લામનો એક ઉચ્ચોચ અમલ નમાઝ છે. આ અમલ દરરોજ પાંચ વખત અદા કરવો પડે છે. જરૂરી છે કે આ અમલ તમામ

વસ્તીના મુસલમાનો એકત્ર થઈ એક સાથે અદા ફરમાવે.

આ રીતે હજારો લાખો માણસોનું અલગ અલગ વ્યક્તિત્વ એક થઈ જાય. તેઓની અલગતા દુર થઈ જાય. તેથી ઈબાદતે નમાઝ એક ઈમામ પાછળ અદા કરવામાં આવે તે પણ જરૂરી છે. નમાઝીઓની એક એક ક્રિયા ઈમામના હુકમથી તેના ઈશારા સાથે અદા થાય છે. આ બધી જ ક્રિયાઓ એક સાથે એક જગ્યા ઉપર એક નેતાના ઈશારે અદા થાય, તે માટે જરૂરી છે કે કિબ્લો પણ નક્કી થાય.

યહુદીઓ અને ઈસાઈઓ બયતુલ મુકદસને પોતાનો કિબ્લો માનતા હતા. કારણ કે તેમની કોમી અને મઝહબી હસ્તીઓ બયતુલ મુકદ્દસની સાથે

જોડાયેલી હતી. પરંતુ બુતશિકન હઝરત ઈબ્રાહીમ (અલ.)ના જાનશીન માટે તો ફક્ત કાબા જ કિબ્લો બની શકતો હતો. જે એક ઉચ્ચોચ્ચ તવહીદ પરસ્તની યાદગાર બની શકતો હતો. આપ (સલ.) જ્યાં સુધી મક્કામાં હતા, બે જરૂરીયાતો એક સાથે સામેલ હતી. મિલ્લતે ઈબ્રાહીમ ઉપર અમલ કરવા માટે કાબાના કિબ્લા હોવું જરૂરી હતું. પરંતુ અહીં જે વિશેષતા, ખાસપણું જે અહીં શક્ય ન હતું કારણ કે મુશરેકીન અને કુફ્ફાર પણ કાબાને પોતાનો કિબ્લો સમજતા હતા. આ કારણથી પેગંબરે ઈસ્લામ આ મકામે ઈબ્રાહીમ ઉપર નમાઝ અદા ફરમાવતા હતા. જેની દિશા બયતુલ મુકદ્દસની તરફ હતી. આ રીતે બંને કિબ્લા સામે સામે આવી જતા હતા. અહીં મદીનામાં ખાસ બે સમુહો આબાદ હતા. મુશરેકીન

જેમનો કિબ્લો કાબા હતો. બીજા એહલે કિતાબ (યહુદી અને નસારા) જેઓ બયતુલ મુકદ્દસ તરફ મોંઢું રાખીને નમાઝ અદા ફરમાવતા હતા. શીર્કના મુકાબલામાં યહુદીયત અને નસરાનીયત બંનેનું મહત્ત્વ હતું. જેથી આપ (સલ.)એ એક મુદ્દત એટલે કે ૧૬ મહિના સુધી બયતુલ મુકદ્દસની તરફ નમાઝ અદા ફરમાવી, પરંતુ જ્યારે મદીનામાં ઈસ્લામ વધુ ફેલાઈ ગયો તો હવે કોઈ જરૂરત ન હતી કે અસલ કાબાને કિબ્લો બનાવવાની જગ્યાએ બીજી તરફ મોંઢુ રાખવામાં આવે. જેથી આપ (સલ.) ઈચ્છતા હતા અને આ આયત ઉતરી. તરત જ કિબ્લો બદલાઇ ગયો.

(સીરતુન્નબી શીબ્લી નોઅમાની)

**અલ્લાહતઆલાનો ઈરશાદ થયો :**

**કદનરા તકલ્લોબ વજહેક ફીસ્સમાએ, ફલનોવલ્લેયન્નક કિબ્લતન તરઝાહા, ફવલ્લે વજહેક શતરલ મસ્જિદિલ હરામ, વહયસો મા કુન્તુમ ફવલ્લુ વોજુહકુમ શતરહ, વઈન્નલ્લઝીન ઉતુલકેતાબ લયઅલમૂન અન્નહુલ હક્કો મિર્રબ્બેહીમ, વમલ્લાહો બેગાફેલીન અમ્મા યાઅમલૂન**

(સૂરએ બકરહ આયત નં. ૧૪૪)

**અર્થાત :-** "અય રસૂલ ! કિબ્લો બદલવા માટે આપનું વારંવાર આસમાન તરફ મો કરવું અમે જોઈ રહ્યા છીએ. તો અમે ચોક્કસ આપને એવા કિબ્લા તરફ ફેરવી દઈશું કે આપ ખુશ થઈ જાઓ. અચ્છા તો તમે નમાઝમાં જ મસ્જિદે હરામની

(કઅબા)તરફ મોં કરી લો. અને અય મુસલમાનો ! તમે જ્યાં પણ હોવ તેની તરફ પોતાનું મોં કરી લો. જે લોકોને કિતાબ આપવામાં આવી છે તેઓ ઘણી સારી રીતે જાણે છે કે આ કિબ્લાની ફેરફારી બિલકુલ યોગ્ય છે અને તેમના પરવરદિગારના તરફથી છે. જે કંઈ તેઓ કરે છે, ખુદા તેનાથી અજાણ નથી. [કીબ્લાની ફેરફારી અંગે અલ્લામા શીબ્લી નોઅમાનીએ પોતાની કિતાબ સીરતુન્નબીમાં એક સંશોધન તરીકે સુંદર વિશ્લેષણ કર્યું છે. અહીં અમો વાંચકોના જ્ઞાન માટે રજુ કરીએ છીએ.]

કિબ્લાની ફેરફારીથી યહુદીઓને ઘણું દુ:ખ થયું. તેઓને આ ન ગમ્યું. તેઓને મુશરેકીનના મુકાબલામાં પોતાના મઝહબનો ગર્વ હતો. એમને પોતાના મઝહબમાં કંઈક દમ છે એમ લાગતું હતુ.

કારણ કે ઈસ્લામ અને પેગંબરે ઈસ્લામના ઝુહુર અગાઉ મુશરીકો પણ તેમની (યહુદીઓની) મઝહબી વિશેષતાને માનતા હતા. મતલબ કે મુશરીકો યહુદી મઝહબનો આદર કરતા હતા. અહીં સુધી કે સુન્ની બિરાદરીની અબુદાઉદની રિવાયત અનુસાર જે મુશરીકોને અવલાદ ન થતી હોય તેઓ એવી મન્નત માનતા કે જો અમારે ત્યાં અવલાદ થશે તો અમે તેને યહુદી બનાવીશું. ઈસ્લામ આવવાથી યહુદીઓના આ મઝહબી મહત્ત્વને આઘાત પહોંચ્યો. તેનું મહત્ત્વ ઘટી ગયું. પરંતુ હજી પણ ઈસ્લામનો કિબ્લો બયતુલ મુકદ્દસ હતો જેથી આ લોકો ફખર કરતા હતા કે ઈસ્લામ પણ અમારા કિબ્લા તરફ જ નમાઝ અદા કરે છે. પરંતુ જ્યારે ઈસ્લામે કિબ્લો બદલી નાખ્યો ત્યારે યહુદીઓની

નારાજગી અને બેચેની ઘણી વધી ગઈ. કહેવા લાગ્યા કે મોહંમદ (સલ.)ને તો અમારી દરેક વાત ખટકે છે. હવે કિબ્લો પણ બદલી નાખ્યો, અમારો વિરોધ કરવા માટે જ આ પ્રમાણે કરવામાં આવે છે.

વળી કમજોર ઈમાન મુસલમાનોને પણ આ વાત ખટકતી હતી કે કિબ્લો તો વળી બદલવાની વસ્તુ છે ? આનાથી તો લોકોમાં નિરાશા અને અશ્રદ્ધાનો ભાવ પેદા થઈ શકે છે. આ જ કારણથી કિબ્લાની ફેરફારીની જરૂરીયાત અને એમાં અલ્લાહની મસલેહત વગેરે બાબતોને સમજાવતી કેટલીક આયતો નાઝીલ થઈ. અલ્લાહ તઆલાનું ફરમાન નાઝિલ થયું :

**સયકુલુસ્સોફહાઓ મિનન્નાસે મા વલ્લાહુમ અનકિબ્લતેહિ મુલ્લતી કાનુ અલયહા કુલ્લીલ્લાહિલ**

મશરેકો વલમગરેબો યહદી મંય્યશાઓ એલા સેરાતીમ મુસ્તકીમ. વકઝાલેક જઅલનાકુમ ઉમ્મતંવ વસતલ્લે તકૂનુ શોહદાઅ અલન્નાસે વયકુનર્રસુલો અલયકુમ શહીદા વમા જઅલનલ કિબ્લતલ્લતી કુન્ત અલયહા ઈલ્લા લેનઅલમ મંય્યત્તબેઉર્રરસુલ મિમ્મંય યન કલેબો અલા અકિબયહે, વઈનકાનત લકબીરતન ઈલ્લા અલલ લઝીન હદલ્લાહો, વમાકાનલ્લાહો લેયોઝીઅ ઈમાનકૂમ, ઈન્નલ્લાહ બિન્નાસે લરઉફૂર્રહીમ

(સૂરએ બકરહ આ. નં. ૧૪૨-૧૪૩)

કિબ્લાની ફેરફારી માટે કેટલાક બેવકુફ લોકો આમ કહેશે કે મુસલમાનો જે કિબ્લા તરફ (બયતુલ મુકદ્દસ) અગાઉ સિજદો કરતા હતા. તે છોડીને બીજા કિબ્લાની તરફ ફરવાનો (કાબા તરફ

ફરવાનો) શું મતલબ છે ? અય રસૂલ ! તમે તેમના જવાબમાં કહો પૂર્વ અને પશ્ચિમ બધું જ ખુદાનું છે. જેને ઈચ્છે છે સીધા રસ્તાની તરફ હિદાયત કરે છે અને જેવી રીતે કે તમને ઉમ્મતે આદીલ બનાવી જેથી બીજા લોકોના મુકાબલામાં તમે ગવાહ બનો અને રસૂલ તમારા માટે ગવાહ બને અને જે કિબ્લા તરફ તમે અગાઉ સિજદો કરતા હતા અમે તેને ફક્ત એટલા માટે કિબ્લો બનાવ્યો હતો કે જ્યારે કિબ્લો બદલાઇ જાય અમે તે લોકોને જેઓ રસૂલની પેરવી કરે છે તે લોકોથી અલગ જોઈ લઈએ. જેઓ ઉલટા પગે ફરી જાય છે. (કુફ્રની તરફ ફરી જાય છે.) જો આ ફેરફાર તે લોકોના સિવાય જેમને ખુદાએ હિદાયત કરી છે. બધા ઉપર કઠીન છે. અને ખુદા એવો નથી કે તમારૂં ઈમાન

એટલે કે નમાઝને જે બયતુલ મુકદ્દસની તરફ મોં કરીને પઢી ચૂક્યા છો, નકામી બનાવી દે. બેશક ખુદા લોકો ઉપર ઘણો મહેરબાન અને રહેમ કરવાવાળો છે.

**લયસલ બિર્રે અન તોવલ્લુ વોજુહકુમ કિબ્લલ મશરેકે વલમગરેબે વલા કિન્નલ બિર્રે મનઆમન બિલ્લાહે વલયવમિલ આખેરે વલમલાએકતે વલકેતાબે વન્નબીય્યીન વ આતલ માલ અલા હુબ્બેહી ઝવીલ કુરબા વલયતામા વલ મસાકિન વબ્નીસ્સબીલે વસ્સાએલીન વફિર્રેકાબે વ અકામસ્સલાત વ આતઝ ઝકાત વમુફૂન બેઅહદેહીમ ઈઝાઆહદુ વસ્સાબેરીન ફિલબાઅ્સાએ વઝઝર્રાએ વહિનલ બાસ, ઉલાએકલ્લઝીન સદકુ વ ઉલાએક હોમૂલ મુત્તકૂન**

(સૂરએ બકરહ આ.ન. ૧૭૭)

નેકી ફક્ત આ જ નથી કે નમાઝમાં આપણા મોં ને પૂર્વ કે પશ્ચિમની તરફ કરી લો. બલકે નેકી તો તેના માટે છે જે ખુદા અને રોઝે કિયામત અને ફરિશ્તાઓ અને ખુદાની કિતાબો અને પેગંબરો ઉપર ઈમાન લાવે. અને ખુદાની મહબ્બતમાં પોતાનો માલ કરાબતદારો (નજીકના સગાઓ) અને યતીમોમાં અને મોહતાજો અને પરદેશીઓ અને માગનારાઓ અને લોંડી ગુલામોને આઝાદ કરવામાં ખર્ચ કરે, અને પાબંદીથી નમાઝ અદા કરે અને ઝકાત આપતો રહે, અને જ્યારે કોઈની સાથે અહદ કરે(વચન કરે, વાયદો કરે) તો પોતાનું વચન પાળે અને ભૂખ, ગરીબાઈ, રંજોગમ અને તકલીફ જેવા સમયમાં અડગ રહે. (હાયવોય, ફરિયાદ કે

સમાજની સમક્ષ રોકકળ ન કરે. અલ્લાહની સામે રાતે એકાંતમાં જેટલું રડવું હોય એટલું રડે. દુઆ માગે) આ તે લોકો છે જેઓ ઈમાનના દાવામાં સાચા છે. અને આ જ લોકો પરહેઝગાર છે.

ઉપરોક્ત આયતોમાં ખુદાતઆલાએ આ બતલાવી દીધું કે કિબ્લો કોઈ બહુ મહત્ત્વની તથા મકસદની - ધ્યેયની વસ્તુ નથી. ખુદાની ઈબાદત માટે પૂર્વ પશ્ચિમ બધું જ સરખું છે. ખુદા દરેક જગ્યાએ છે. દરેક દિશામાં છે. પછી કિબ્લો નક્કી કરવાનું કારણ શું છે ? આ એક ખાસ નિશાની છે. ઓળખ છે. સાચા(અસલી) અને નકલી (દેખાવ કરનારા) મુસલમાનોને અલગ પાડે છે.

ઘણાં-બધા યહુદીઓ મુનાફિક બનીને પોતાને મુસલમાન કહેતા હતા. મુસલમાનો સાથે

બયતુલ મુકદ્દસ તરફ મોં કરીને નમાઝ પણ અદા કરતા હતા. આ લોકો મુસલમાનો માટે આસ્તીનના સાપની જેમ છુપા દુશ્મન હતા. તેથી જ્યારે કિબ્લો બયતુલ મુકદ્દસ તરફથી કાબા તરફ ફેરવાઈ ગયો ત્યારે નિફાકનો ભેદ ખુલી ગયો. કોઈ યહુદી કદીપણ આ વાત સહન કરી શકતો ન હતો કે જે વસ્તુઓ તેઓની કોમીયત, મઝહબ બલકે તેઓના અસ્તિત્વની બુનિયાદ છે, એટલે ‘બયતુલ મુકદ્દસ’ તેની સાવચેતીથી તેમનો સંબંધ તૂટી જાય. છેલ્લે તો અલ્લાહતઆલાએ આ વાતને વધારે સ્પષ્ટ કરી દીધી કે કોઈ ખાસ કિબ્લા તરફ મોં કરવું સવાબ નથી. સવાબ હકીકતમાં તો ઈમાન અને અમલે સાલેહાનું નામ છે.

(સીરતુન્નબી ભાગ - ૧ પેજ. નં. ૨૧૯ થી ૨૨૧)

## (૨) કિબ્લાની ફેરફારી ક્યારે અને ક્યાં થઈ ?

ઈબ્ને હિશ્શામ, તબરી એના વર્ષ મહિનો અને દિવસની બાબત લખે છે કે કિબ્લાની ફેરફારી પેગંબરે ઈસ્લામની હિજરતના ૧૮ મહિને એટલે કે એક વર્ષ છ માસ પછી થઈ. માહે શાબાનની પંદરમી તારીખ હતી. હિજરી સનનું બીજું વર્ષ હતું. કિબ્લાની ફેરફારીના વિષયમાં મવાહેબુલ્લદુન્યા, તારીખે મદીના અને શરહ ઝરકાનીમાં છે કે કિબ્લાની ફેરફારીની ઘટના મસ્જિદે કિબ્લતૈનમાં થઈ. પેગંબરે ઈસ્લામ સહાબાની સાથે મહોલ્લા બની સલીમમાં ઉમ્મે બશરના ઘેર જમવાની દઅવતમાં આવ્યા હતા. ત્યાં ઝહોરની નમાઝનો સમય થઈ ગયો. પેગંબરે ઈસ્લામે આ જ જગ્યાએ જ્યાં મસ્જિદે કિબ્લતૈન હાલમાં પણ મૌજુદ છે. નમાઝ પઢવાની શરૂઆત કરી. આપ (સલ.) બે રકઅત નમાઝ પઢાવી

ચુક્યા હતા કે નમાઝની હાલતમાં કિબ્લાની ફેરફારીનો હુકમ નાઝિલ થયો. તે જ સમયે આપ (સલ.) એ પોતાનું મોં કાબતુલ્લાહની તરફ ફેરવી દીધું. જેમ કે અલ્લાહ તઆલા ફરમાવે છે કે અય રસૂલ ! અમે તો તમને કિબ્લાની તરફ ફેરવી દીધા જેનાથી તમે રાજી હતા.

(જુઓ તારીખે મદીના ઉર્દુ તરજુમો ઈમામ સમહુદી ઝરકાની ફારસી (કલમી) પ્રકાશન મિસર-ભાગ-૨ પેજ નં. ૪૮૫. મોહદ્દસ સિરાજીએ પણ રોઝતુલ અહબાબમાં થોડાક શાબ્દિક ફેરફાર સાથે ઉપરોક્ત ઘટના વર્ણવી છે, રોઝતુલ અહબાબ ભાગ - ૧ પ્રકાશન લખનવ પેજ નં. ૨૧૧)

અલ્લાહના ફઝલથી મસ્જિદે કિબલતૈન આજે પણ છે. જે આપણને કિબ્લાની ફેરફારીની જીવતી જાગતી ગવાહી આપે છે.

# પ્રકરણ : ૧૭ : હિજરી સન - ૨ની મુખ્ય ઘટનાઓ ભાગ- 3

હઝરત અલી (અલ.) સિવાયના બધા જ દરવાજા જે મસ્જિદે નબવી તરફ ખૂલતા હતા તે બંધ કરાવાયા

અરજહુલ મતાલિબના લેખકે કિતાબના પેજ. નં. ૫૧૪ ઉપર અહમદ, નિસાઈ અને તિબરાનીના હવાલાથી ઝયદ બિન અરકમ અને બરાર બિન આઝબથી રિવાયત નકલ કરી છે કે રસૂલે ખુદાના કેટલાક સહાબાની આવન જાવન માટે મસ્જિદે નબવીમાં કેટલાક દરવાજા હતા. એક દિવસ રસુલુલ્લાહ(સલ.) એ હુકમ આપ્યો કે :

અલીના દરવાજા સિવાય બધા જ દરવાજા બંધ કરી દો

કેટલાક લોકો ચંચુપાત કરવા લાગ્યા. રસુલુલ્લાહે મસ્જિદમાં મિમ્બર ઉપર ઊભા થઈને ખુત્બો આપ્યો. અલ્લાહની હમ્દો સના પછી ફરમાવ્યું:

મને હુકમ આપવામાં આવ્યો કે અલીના સિવાય બધા જ દરવાજાઓ બંધ કરવામાં આવે. વલ્લાહ ન મેં કોઈના દરવાજાને બંધ કર્યો છે, ન ખુલ્લો રાખ્યો છે. પરંતુ મેં ફક્ત અલ્લાહના હુકમ ઉપર અમલ કર્યો છે. આ જ કિતાબમાં આ જ પેજ ઉપર સુહૈલ બિન સાલેહની પોતાના બાપથી રિવાયત નકલ થઈ છે કે : ઉમર બિન ખત્તાબ કહેતા હતા કે જનાબ અલી (અલ.) ને એવી ત્રણ વાતો પ્રાપ્ત છે, જો તે મને પ્રાપ્ત હોત તો મને

લાલ વાળના ઊંટો કરતાં પણ વધારે પસંદીદા હોત.

(૧) મસ્જિદે નબવીમાં રસૂલે મકબૂલ(સલ.)નો પડોશ

(૨) જંગે ખયબરના દિવસે અલમદાર હોવું

(૩) જનાબે ફાતેમા (સલા.) નું નિકાહમાં હોવું

અબુહોરયરહની રિવાયત પ્રમાણે છે કે ઉમર બિન ખત્તાબે તે ત્રણ વાતો આ પ્રમાણે જણાવી હતી :

(૧) બિન્તે રસૂલનું નિકાહમાં હોવું

(૨) મસ્જિદમાં ખુલતા હઝરત અલી (અલ.)ના દરવાજા સિવાયના બધા દરવાજાનું બંધ હોવું.

(૩) ખયબરના દિવસે અલમદાર હોવું

આ જ રીવાયત ઈમામ અહમદ બિન હમ્બલે સઅદ બિન માલિક અને તિબરાનીએ સઅદ બિન અબી વક્કાસ સહાબીથી રિવાયત કરી છે. જ્યારે મસ્જિદે નબવીમાં ખૂલતા બધા દરવાજા બંધ કરવાનો હુકમ થયો ત્યારે અલી બિન અબ્દુલ મુત્તલિબ (રઝિ.) કહેવા લાગ્યા. યા રસુલલ્લાહ ! આપે અમારા દરવાજા તો બંધ કરી દીધા પરંતુ અલીનો દરવાજો ખુલ્લો રાખ્યો.

પેગંબરે ઈસ્લામનો ઉત્તર હતો. મેં નથી બંધ કર્યા. તમારા બધાના દરવાજા બંધ કરવાનો અને અલીનો દરવાજો ખુલ્લો રાખવાનો હુકમ અલ્લાહનો હતો. ત્યાર બાદ અબ્બાસ કહેતા હતા કે અલી (અલ.) ના દરવાજા સિવાય બીજા બધાના દરવાજા બંધ કરવાનો પેગંબરે ઈસ્લામ (સલ.) એ

હુકમ આપ્યો, કારણ કે આ લોકો મસ્જિદમાં નાપાકીની હાલતમાં આવતા જતા હતા. વળી મસ્જિદ સિવાય એમનો બીજો કોઈ રસ્તો ન હતો. આ બાબતની ઘણી બધી રીવાયતો અરજહુલ મતાલિબના કર્તાએ નકલ કરી છે.

મસ્જિદે રસૂલમાં જનાબતની હાલતમાં રસૂલે ખુદા અને અલી બિન અબી તાલીબ (અલ.)ના સિવાય કોઈ જઈ શકતું ન હતું.

**વ અવહયના એલા મૂસા વ અખિહે અન તબવ્વઆ લેકૌમેકોમાં બે મિસ્ર બોયુતંવ વજઅલૂ બોયૂતકૂમ કિબ્લતંવ વ અકીમુસ્સલાત વ બશશેરીલ મોઅમેનીન.**

(સૂરએ યુનુસ, આ. નં. ૮૭)

અને અમે મુસા અને તેમના ભાઈ તરફ વહી મોકલી કે મિસરમાં તમારી કોમને રહેવા માટે ઘરો બનાવો અને પોતાના ઘરોને જ મસ્જિદ માનો. પાબંદી સાથે નમાઝ અદા કરો અને મોઅમેનીનને નજાતની ખુશ ખબરી આપી દો.

તફસીરે કુમીમાં ઈમામ મૂસા કાઝિમ (અલ.)થી નકલ છે કે બની ઈસરાઈલ ફિરઓની ઝાલીમોથી ડર-ખોફ અનુભવતા હતા. જેથી કોઈ ઈબાદતખાનું બનાવી શકતા ન હતા. તેથી અલ્લાહ તલાઆએ હઝરત મુસા અને હારૂન (અલ.) ઉપર વહી મોકલી કે પોતાના ઘરોને મસ્જિદ બનાવો, ઘરોમાં જ નમાઝ પઢો.

એલલુશ્શરાયે અને તફસીરે અયાશીમાં છે કે હઝરત રસૂલે ખુદાએ લોકો સમક્ષ ખુત્બો આપ્યો

અને ફરમાવ્યું : ખુદાએ મુસા અને હારૂનને હુકમ આપ્યો હતો કે પોતાની કોમ માટે મિસરમાં મકાનો બનાવો. સાથે આ બંનેને આ હુકમ પણ આપ્યો હતો કે હારૂન અને અવલાદે હારૂનના સિવાય નાપાકીની હાલતમાં કોઈ રાતે ન રોકાય. ન સ્ત્રીઓની પાસે જઈ શકશે. પેગંબરે ઈસ્લામે પોતાનો ખુત્બો ચાલુ રાખતા ફરમાવ્યું : શક વગર અલીનો દરજ્જો મારી સાથે તે જ છે જે હઝરત હારૂનનો હઝરત મુસાની સાથે હતો. તેથી અલી અને અલીની અવલાદ સિવાય કોઈના માટે જાઈઝ નથી કે મારી મસ્જિદમાં નાપાકીની હાલતમાં જઈ શકે. મારી આ વાત જેઓને ખરાબ લાગે, ના પસંદ પડે, તેમનો રસ્તો આ રહ્યો. પછી હઝરત રસુલેખુદાએ મુલકે શામની તરફ ઈશારો કર્યો. [શામની તરફ ઈશારાનો

મતલબ આ હોઈ શકે કે યહુદ અને નસારા મોટે ભાગે શામના ઈલાકા તરફ વેરવિખેર થઈ ગયા હતા. ત્યાં ચાલી જાય. મતલબ મારા હુકમનો અનાદર કરનાર યહુદ નસારા જેવો છે.]

# પ્રકરણ – ૧૮ : હિજરી સન - ૨ની મુખ્ય ઘટનાઓ ભાગ - ૪

## ૧. જેહાદનો હુકમ

જ્યારથી રસુલેખુદા મદીના હિજરત કરી ગયા હતા ત્યારથી મદીનાના કાફિરો, તેમાંયે ખાસ કરીને અબુસુફયાન જે મુશરીકોનો સરદાર હતો - ઘણો જ બેચેન હતો. જેમ જેમ એને જાણ થતી હતી કે મદીનામાં મુસલમાનોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે, એની પરેશાનીઓ વધતી જતી હતી. કારણ આ પણ હતું કે મુસલમાનોને એણે બેહદ સતાવ્યા છે. ખૂબ જ ઝુલ્મો કર્યા છે. તેમને બે વતન કર્યા છે. મક્કા છોડવા માટે મજબુર કર્યા છે. જો આ રીતે તેમની સંખ્યા મદીનામાં વધતી ગઈ તો તેઓ અમારા ઝુલ્મોનો બદલો જરૂર લેશે.

આ તરફ દરેક મુસલમાનની રગોમાં પણ બદલો લેવાનો જોશ દેખાતો હતો. સબરની પણ એક હદ હોય છે. આ લોકોએ કાફિરોના ઝુલ્મો પર ખૂબ જ સબર કર્યો હતો. હવે આ લોકો શક્તિશાળી બની ચૂકવાથી બદલો લેવાનું ઈચ્છતા હતા. પરંતુ રસુલના હુકમ વગર કોઈ કદમ ઉઠાવી શકતા ન હતા. રસૂલ પણ અલ્લાહના હુકમ વગર કંઈ પણ કરી શકતા ન હતા. ખુદા આ લોકોની મુઝલુમીયત, સબર અને શિસ્તને જોઈ રહ્યો હતો. છેવટે હિજરી સન-૨માં જેહાદનો હુકમ નીચેની હિદાયતો સાથે નાઝિલ થયો.

(૧) એક ટીંપું લોહી જે ઈસ્લામની હિમાયત - (મદદ) માટે જમીન પર પડશે નાની મોટી મુસીબત-ખતરો-ભય જે ઈસ્લામ ખાતર ઝિલવામા

આવશે તેનો બદલો નમાઝ અને રોઝાથી કંઈ ઘણો વધારે આપવામાં આવશે.

(૨) જે લોકો દીનની મદદ કરવામાં માર્યા જશે, તેઓ શહીદ કહેવાશે. તેમના તમામ ગુનાહો બક્ષી આપવામાં આવશે. તેઓ જન્નતમાં જશે.

(૩) જો ફતેહ થશે તો સૈનિકો ગાઝી કહેવાશે, સાથે અલ્લાહ પાસેથી સવાબના હકદાર પણ બનશે.

(૪) મૃત્યુનો સમય તો નક્કી જ છે. તે સમયમાં વહેલું કે મોડું શક્ય જ નથી. પછી આ મૃત્યુ મેદાને જંગમાં આવે કે પથારી ઉપર આવે. બહરહાલ તેનું આવવાનું યકીની છે.

## ૨. મદીનામાંથી પસાર થતા મુશરેકીનના વેપારી કાફલા.

મક્કાના મુશરીકો વેપાર અર્થે મુલકે શામ આવ્યા કરતા હતા. તેઓના રસ્તામાં મદીના પડતું હતું. આ વેપાર કરનારા આમાં મક્કાના તે જ ઝાલિમો ફિરઓન સિફ્ત ઈન્સાનો હતા જેમને મક્કાના સરદારો કહેવામાં આવતા હતા. અબુ સુફયાન, અબુ લહબ, અબુ જહલ, ઉતબા, રબીયા, આ સિવાયના પણ બધા જ ઝાલિમ મુશરીક શામથી પાછા ફરતાં માલસામાન લઈને મદીના પાસેથી પસાર થતા હતા. તેઓ માટે આ સિવાય કોઈ રસ્તો જ ન હતો.

આ જ માલેતુજાર સરદારોએ મુસલમાનોને તેમના વતન મક્કામાંથી બે વતન કર્યા હતા. પોતાના ઘરો, વાડી, ખેતરો રાચરચીલું, ઢોરઢાંખર સર્વસ્વ છોડીને આ મઝલુમ મુસલમાનો મદીના

હિજરત કરીને આવ્યા હતા. કયો મઝલુમ ઈન્સાન એવો હોય જેમના ઘરના આંગણામાંથી આ કાફલા માલ ભરીને પસાર થઈ જાય અને તેનું લોહી ન ઊકળી ઉઠે. જેથી મુસલમાનોને જ્યારે ખબર પડતી કે આ લોકોના વેપારી કાફલાઓ પસાર થઈ રહ્યા છે ત્યારે તેઓ તેમના ઉપર હુમલો કરી તેને લૂંટી લેતાં, આ બાબતમાં ન્યાય મુસલમાનોના પક્ષે ગણાશે. મુસલમાનો માટે આ કાફલાઓ ઉપર હુમલો કરવું ગુનાહનું કાર્ય નહીં ગણાય. ઝુલમનો મુકાબલો કરવો, ઝાલીમોનો રસ્તો રોકવો એ નેકી છે. હિંસા રોકવા જો હિંસા કરવામાં આવે તો તે અહિંસા જ ગણાશે.

આ કાફલાઓ ઉપર હુમલો કરવું એટલા માટે પણ જરૂરી હતું કે મુલકે શામથી માલ ભરીને

મદીનામાં દાખલ થતા આ કાફલાઓ મુસલમાનોને જથ્થામાં રહેતા જોઈ ખામોશીથી ચાલ્યા જાય પરંતુ મદીનાના બીજા છેડે મક્કા તરફની દિશામાં મુસલમાનો દૂર દૂર સુધી છૂટાછવાયાં ઝૂંપડાં બાંધીને રહેતાં હતાં. આ નવી વસાહતો હતી. મુશરેકીનના વેપારી કાફલાઓ મદીનાની બહાર નીકળતાં બીજા છેડે છૂટાછવાયાં મુસ્લિમ કુટુંબો ઉપર હુમલો કરવાનો ભય પણ મુસલમાનોને સતાવતો હતો. જેથી મુસલમાનોનું કાફિરોના વેપારી કાફલાઓ ઉપરના હુમલાને લૂંટમાર કહેવું ગલત છે.

ઈસાઈ ઈતિહાસકારોનો આ આક્ષેપ તદ્દન ગલત છે કે ઈસ્લામ તલવારથી ફેલાયેલ છે. તેમને ઈસ્લામી જેહાદની હકીકત જ ખબર નથી અથવા

તો ઈરાદાપૂર્વક કપટ રાખી આક્ષેપ કર્યા છે. જેથી અમે અહીં થોડીક વિસ્તૃત ચર્ચા કરવી જરૂરી સમજીએ છીએ.

જ્યાં સુધી મુસલમાનો મક્કામાં રહ્યા, પોતાની કમજોરીના કારણે કુફ્ફારનો મુકાબલો ન કરી શક્યાં. ૧૩/૧૩ વરસ મુસીબતોે ઝીલતા રહ્યા. જે કોમ ૧૩/૧૩ વર્ષ સબર કરે, આ ધીરજને વિશ્વનો ઈતિહાસ ધ્યાન પર નહિં લે ? આ ૧૩ વર્ષોમાં પ્રકાર પ્રકારની બેઈઝઝીતીઓ, ઝૂલમ, માર ખાધા કર્યા, અહીં સુધી કે આ લોકોએ મક્કા છોડી દીધું. બલકે મજબૂર થઈને છોડવું પડ્યું. પરંતુ મદીના આવ્યા પછી પણ મક્કાના મુશરેકીનનો ભય તો બાકી જ રહ્યો. હવે આ સિવાય કોઈ વિકલ્પ જ ન હતો.

(૧) આ વાતની જાંચપડતાલમાં લાગેલા રહેવું કે મક્કાવાસીઓ મુસલમાનો વિરૂદ્ધ કોઈ ષડયંત્ર તો નથી ઘડતાં.

(૨) જે કોમો મદીનાની બહાર રહે છે અથવા મદીનામાં રહે છે તેઓ સાથે સુલેહ શાંતિથી રહેવાનો અને મક્કાના મુશરેકીનની મદદ ન કરવાનો વાયદો લેવામાં આવે, કોલ કરાર કરવામાં આવે, અને જો આ લોકો કોલકરાર તોડી નાખે તો તેવી પરિસ્થિતિમાં તેમનો દટીને મુકાબલો કરવામાં આવે.

(૩) જે મુસલમાનો મક્કામાં રહી ગયા છે અને યોગ્ય સમય જોઈને મક્કા છોડવા માગે છે તેઓની મદદ કરવામાં આવે.

(૪) કુરેશીઓનું ટોળું જે મદીના પર હુમલો કરવા નીકળે અથવા હુમલો કરવાની તૈયારીમાં હોય, તો તેમના મુકાબલા માટે તૈયાર રહેવું.

પરિસ્થિતિનો અભ્યાસ કરતાં ઉપરોક્ત ચારે વાતો એવી છે કે જેનો ઈન્કાર કોઈપણ અક્કલવાળો વ્યક્તિ કરી શકશે નહીં. ન તો આ કાર્યવાહીને લુંટમાર કહી શકાશે કે ત્રાસવાદ કે ઝુલમ. મુસલમાનોએ રસુલુલ્લાહ (સલ.)ના સમયમાં જેટલી લડાઈઓ લડી એ લડાઈઓનું કારણ ઉપરોક્ત હતું. ચાર કારણોમાંથી કોઈ એક કારણ જરૂર હતું. કારણ કે રસુલુલ્લાહ (સલ.)ના સમયગાળાની નાની મોટી બધી જ લડાઈઓ રક્ષણાત્મક હતી. જેને અરબીમાં મુદાફીઅત માટે

(બચાવ માટે) ના છૂટકે લડવામાં આવેલી જંગો કહે છે. મુદાફીઆના જંગો, એટલે કે રક્ષણાત્મક જંગો.

### 3. ગઝવાત અને સરાયા

અંબિયા અને અવસીયા પોતાના જમાનામાં બધી જ દ્રષ્ટિએ સર્વશ્રેષ્ઠ હોય છે. સર્વગુણ સંપન્ન હોય છે. સર્વેથી વધારે બુદ્ધિ શાળી અને ઉચ્ચોચ્ચ ઈલ્મ ધરાવતા હોય છે. આ એક નિર્વિવાદ બાબત છે. મદીના હિજરત કરીને આવ્યા પછી પણ મક્કાવાસીઓની સતામણી ચાલુ હતી. પ્રકાર પ્રકારની રીતો અજમાવી આ લોકોએ મુસલમાનોની જીંદગીને ઝેર બનાવી દીધી હતી. હજી માનવ સંખ્યામાં પણ મુસલમાનો વધારે ન હતા. જેથી આપ (સલ.)એ બુદ્ધિપૂર્વક વિચાર્યું કે જો મદીના અને તેની આસપાસના યહુદી અને નસારા

કબીલાઓ સાથે સુલેહકરાર કરી લેવામાં આવે તો આપણે કમસેકમ આપણા આડોસીપાડોસીઓથી તો નચિંત થઈ જઈએ. વળી જો મક્કાવાસીઓ હુમલો લઈને આવે કે લડાઈ કરે તો આ આસપાસના કબીલાઓ આપણી સાથેના કરારને કારણે તેમની મદદ ન કરે. જેથી આપણાથી પણ તેમનો મુકાબલો થઈ શકે.

આપ (સલ.)ના સમયમાં જેટલા ગઝવાત અને સરાયા થયા જે કુરૈશના હુમલાઓ અને છૂપી ચાલબાજીઓને કારણે જ થયા છે. કેટલાક ગઝવાત આસપાસના કબીલાઓ સાથેના કોલકરારના અનુસંધાનમાં થયા. મુસલમાનો અને યહુદીઓ વચ્ચે કોલકરાર થયા હતા કે અમારા પડોશી કબીલા અને કોમો પણ સુલેહ કોલકરારમાં

ગણવામાં આવશે. જ્યાં સુધી તેઓ કોઈ નુકસાનનું કારણ બની ખુદાના ગુનેહગાર ન બને. જેટલા કરાર યહુદીઓ સાથે થયા તેમાં પડોશી કબીલાઓ અને કોમોને પણ આમંત્રણ આપવામાં આવ્યાં. જેથી કુરૈશના ષડયંત્રોથી રક્ષિત રહી શકાય. આથી મદીનાની આસપાસના બધા જ વિસ્તારોમાં અમન (શાંતિ) કાયમ રહે. મતલબ આ કે મદીનાની આસપાસ છુટીછવાઈ દૂરસૂદૂર વસ્તી કોમો અને કબીલાઓને પણ પેગંબર ઈસ્લામે સુલેહશાંતિ કોલકરારમાં સામેલ કરી દીધી. જો તમારા ઉપર કોઈ કબીલો આક્રમણ કરશે તો અમે તમારી મદદ કરીશું અને એ જ રીતે તમારે પણ અમારી ઉપર થતા આક્રમણ વખતે અમારી મદદ કરવી પડશે. આ કામે જે કબીલાઓ પાસે આપ (સલ.) જાતે

તશરીફ લઈ ગયા અથવા તો પોતાના સહાબીઓમાંથી કોઈકને અમીર (સેનાપતિ) બનાવીને મોકલ્યા.

યાદ રાખો, યુદ્ધ માટે જ્યાં આપ (સલ.) જાતે જ તશરીફ લઈ ગયા તેને ગઝવાત કહે છે જ્યાં આપ (સલ.) તરફથી કોઈ સહાબી ગયા તેને ઈસ્લામી પરિભાષામાં સરય્યા કહે છે.

## ૪. ગઝવએ દવાન અથવા ગઝવએ અબવા

દવાન જોહફા નામના ગામથી એક દિવસની સવારીની મુસાફરી જેટલું દૂર છે. અબવા ત્યાંથી દસ કિલોમીટર જેટલું દૂર છે. અબવા તે જગ્યા છે જ્યાં હઝરત આમેના સલામુલ્લાહ અલયહા આપ (સલ.) ના વાલીદહ મોહતરમાની મઝારે મુકદ્દસ છે. અહીં બની હમઝા અને બની

મઝનીયાના કબીલાઓ નજીક નજીક આબાદ હતા તેથી આપ (સલ.) થોડાક સહાબાની સાથે અહીં તશરીફ લાવ્યા. આ બંન્ને કબીલાઓને એકત્ર કર્યા. તેમના સરદારો સાથે વાતચિત કરી. મુઆહેદો (પ્રતિજ્ઞા-કોલકરાર) કર્યો. આ રીતે બંન્ને કબીલા હજી ઈમાન લાવ્યા ન હતા છતાં મુસલમાનો સાથે અમનથી રહેવાના મુદ્દ ઉપર સંમત થઈ ગયા. આપ (સલ.) એ આ લોકો સાથે જે મુઆહેદો કર્યો તેનું લખાણ આ પ્રમાણે હતું.

આ રસુલુલ્લાહ (સલ.)નું લખાણ છે. બનું હમઝાના માટે તેમના જાન અને માલનું રક્ષણ કરવામાં આવે જો કોઈ કબીલો તમારા પર હુમલો કરશે તો તમારી મદદ કરવામાં આવશે. પરંતુ જે કબીલાઓ સાથે અમારે અગાઉથી મુઆહેદો છે

અથવા હવે પછી મુઆહેદો (સુલેહ-અમન-કરાર) થાય તે કબીલાઓ સાથે તમે જંગે ચઢો તો તે બાબત અમે તમારી મદદ કરી શકશું નહિં.

(ઝરકાની બહવાલા રોઝતુલ અલ અનફ સહીલી પેજ. નં. ૪૭૭)

## ૫. ગઝવએ બવાત

૧૨ રબીઉલ અવ્વલ બે હિજરીમાં તેમના કોહીસ્તાની સ્થળ રીઝવી સુધી તશરીફ લઈ ગયા. જ્યાં જુહની કબીલાઓ આબાદ હતા. તેમના સાથીદારોની સમક્ષ શરતો મૂકી અને મુઆહેદાના ફાયદા સમજાવ્યા. કે જો અમારી સાથે કોલકરાર કરશો તો અમે તમારા દોસ્ત કબીલામાં ગણાઈશું અને તમારી ઉપર કોઈ હુમલો કરે તે સંજોગોમાં અમે તમારી મદદમાં દોડી આવીશું. તમે પણ ખોફ-

ડર વગર અમનો સલામતિથી જીવશો. તેઓ પણ મુઆહેદામાં જોડાઈ ગયા.

## ૬. ગઝવએ ઝુલઅશીરહ

જમાદીઉલ આખર હિજરી ૨ માં બનુમદલિજના કબીલાને પણ સામેલ કરી લેવામાં આવ્યો. આ કબીલો મદીનાની આસપાસના બધા જ કબીલાઓમાં વિશેષતા ધરાવતો હતો. માનવશક્તિ ધરાવનારા આ કબીલાના લોકો ખુશહાલ અને ધનવાન પણ હતા. શક્તિશાળી કબીલો હતો. ઝુલઅશીરા તેમનું કેન્દ્રસ્થાન (મુખ્ય મથક કસબા જેવું ગામ) હતું. આસપાસ ઘણે દૂર સુધી પહાડી વસ્તીઓમાં છુટાછવાયાં ઘરો પણ આબાદ હતાં.

અહીં પણ આપ (સલ.) પોતાના ખાસ સહાબા સાથે જેમાં હઝરત અલી (અલ.) પણ

સામેલ હતા. જાતે તશરીફ લઈ ગયા. આ જગ્યાએથી અમીરૂલ મોઅમેનીન (અલ.) ને "અબુતુરાબ"નો ખિતાબ આપ (સલ.) એ આપ્યો.

**૭. આ જગ્યાએ હઝરત અલી (અલ.) ની કુન્નીયત "અબુતુરાબ" કહેવાઈ.**

ઈબ્ને હિશ્શામ, તારીખે તબરી તથા અનેક ઈતિહાસકારો તથા હદીસવેત્તાઓ સર્વાનુમતે વર્ણવે છે. હઝરત અમ્માર બિન યાસીરનું વર્ણન છે કે અમે અને હઝરત અલી બિન અબી તાલીબ ગઝવએ ઝુલઅશીરામાં સાથે હતા. આપ (સલ.) એ અહી ંપડાવ નાખ્યો. બની મદલિજના લોકોને અમે અહીંની ખજૂરના ઝાડોની વાડીઓમાં કામ કરતાં જોયા. જનાબે અલી (અલ.) એ મને કહ્યું કે અય અમ્માર ! આપણે જોઈએ કે આ લોકો કેવી રીતે

કામ કરે છે. અમે વાડીઓની નજીક ગયા, ત્યાંના રહેવાસીઓને કામ કરતાં જોયા. અમને થાક લાગ્યો હતો. અમને ઊંઘ આવવા લાગી. અમે ત્યાંથી પડાવ તરફ પાછા ફર્યા. અમે એક ઝાડ નીચે ખુલ્લી જમીન ઉપર આડા પડ્યા. સૂઈ ગયા.

થોડીવાર પછી આપ (સલ.) ત્યાં તશરીફ લાવ્યા. પોતાના પગ મુબારકને અમારા પગના પંજાથી ટકરાવીને અમને જગાડ્યા. અમારા કપડાં માટીથી ભરાઈ ગયાં હતાં. ફરમાવ્યું : અય અબુતાલીબના પુત્ર ! અય અબુતુરાબ ! ઊઠો. પછી અમને બંન્નેને ઉદ્દેશીને ફરમાવ્યું : શું તમે ઈચ્છો છો કે હું તમને બંને વિશ્વના બે બદબg, બદમાશ અને બદતરીન વ્યક્તિઓને ઓળખાવું ? એક તો અહમીર સમૂદ જે હઝરત સાલેહની ઊંટણીનો

કાતિલ જે જહન્નમ રસીદ થઈ ચૂક્યો છે. પછી જનાબ અલી (અલ.) તરફ દ્રષ્ટિપાત કરી ફરમાવ્યું : બીજો વ્યક્તિ તે છે યા અલી ! જે તમારી ઉપર વાર (હુમલો) કરશે. આમ કહીને આપ (સલ.) એ હઝરત અલી (સલ.)ના માથા ઉપર હાથ મૂકીને ઘાની જગ્યાને બતાવી પછી વાળ મુબારકને હાથ વડે પકડીને ફરમાવ્યું : તમારા આ વાળ પણ ચોટના કારણે લોહીથી તર થઈ જશે.

(સીરતે ઈબ્ને હિશ્શામ ભાગ -૧ પેજ. ૬૯૨, ઉર્દૂ તરજુમો શૈખ ગુલામઅલી સાહેબ)

**૮. ઈસ્લામના વિરૂદ્ધ અબ્દુલ્લાહ ઈબ્ને ઉબય સલૂલ, કુરૈશના કાફિરો અને યહુદીઓના ષડયંત્રો.**

આપણે આગળ વાંચ્યું કે મદીના મુનવ્વરામાં અને તેની આસપાસના બધા જ ઈલાકાઓમાં આપ (સલ.) જુદા જુદા કબીલાઓ સાથે સુલેહકરારના મુઆહેદા કરતા હતા. જેથી અમન કાયમ રહે. આપ (સલ.) જાણતા હતા કે મક્કાના કાફિરો, મુશરીકો અને અન્ય મઝહબના લોકો આપથી અને ઈસ્લામથી સખત દુશ્મની રાખે છે. જેથી જો તેઓ મદીનાની આસપાસના ઈલાકાના યહુદ અને નસારા કબીલાઓને ઉશ્કેરી પોતાના પક્ષમાં લે તે અગાઉ આપ (સલ.)એ તેઓ સાથે અમન-સલામતિ માટેના મુઆહેદા કરી લીધા હતા. આ આપ (સલ.)ની દુરંદેશી અને કુશાગ્ર બુધ્ધિનું પરિણામ હતું.

બીજી તરફ ઈસ્લામના દુશ્મનો એવા કુરૈશ અરબસ્તાનની શાંતિને બરબાદ કરી નાખવાની તરકીબો વિચારતા હતા. ઈસ્લામની દુશ્મનીનો કાંટો તેમના હ્રદયોમાં એવો ખૂંપી ગયો હતો કે તે કેમેય કરીને નીકળતો ન હતો. ઈસ્લામને મિટાવી દેવાની ચિંતામાં રાત-દિવસ ચિંતામાં રહેતા હતા. મદીનાની ચારે તરફના કબીલાઓમાં ષડયંત્રોની જાળ ફેલાવવા લાગ્યા. આ લોકોએ આ કાર્ય માટે અબ્દુલ્લાહ ઈબ્ને ઉબય બિન સલૂલ અને મદીનાના યહુદીઓને પોતાના હાથા બનાવ્યા.

પેગંબરે ઈસ્લામના મદીના હિજરત અગાઉ અબ્દુલ્લાહ ઈબ્ને અબી સલૂલ મદીનાનો આગેવાન ગણાતો હતો. મદીનાના એક મોટા કબીલા ખઝરજની સરદારી તો એની પાસે હતી જ.

યહુદીઓમાં પણ આ સરદાર જેવો હતો. તેમાં વળી રસુલુલ્લાહ (સલ.) મદીના તશરીફ લાવ્યા, જેથી મદીનાનું આખુ ગણિત જ બદલાઈ ગયું. એનો કબીલો ઈમાન લઈ આવ્યો. રસુલુલ્લાહે મદીનાના યહુદીઓ સાથે મુઆહિદો (સુલેહ કરાર) કર્યો. વળી કોઈક કોઈક યહુદીઓને પણ ધીરે ધીરે ઈસ્લામ સ્વીકારતા જોઈ એની સરદારી તો છેક તળિયે બેસી ગઈ. પોતાની બધી જ ઉમ્મીદોનો ખાતમો થતો દેખાયો. કુરૈશને જ્યારે આ બાબતની ખબર પહોંચી તો તેઓએ અબ્દુલ્લાહ ઈબ્ને સલૂલને પોતાનો હાથો બનાવવાનું વિચાર્યું. મક્કાના કુરૈશીઓએ અબ્દુલ્લાહ ઈબ્ને અબી સલૂલ ઉપર એક સંદેશો મોકલાવ્યો.

તમે લોકોએ અમારા માણસને (મતલબ નબી સલ. ને ) તમારા શહેરમાં આશરો આપ્યો છે. હવે તમારી ફરજ છે કે અમારી તરફદારીમાં તેની સાથે લડો. જો તમે તેની ઉપર પ્રભૂત્વ ન મેળવી શકો તો પોતાના શહેર અને કબીલામાંથી તેને કાઢી મૂકો. જો એમ નહિં કરો તો યાદ રાખો. કુરૈશ-બધાએ એકત્ર થઈને કસમ ખાધી છે. બધા મળીને તમારા શહેર ઉપર અને તમારા કબીલાઓ ઉપર હુમલો કરી દઈશું. તમારા યુવાનોને કતલ કરી નાખીશું અને તમારી સ્ત્રીઓ ઉપર કબજો કરી લઈશું. (સનન અબુ દાઉદ. ભાગ -૧ પેજ. નં. ૬૭)

આ ઉશ્કેરણીજનક સંદેશાથી અબ્દુલ્લાહ ઈબ્ને ઉબય સલૂલ ખુશખુશાલ થઈ ગયો. એના દીલમાં એવું ઘમંડ પણ પેદા થયું કે મક્કાના

કુરૈશીઓએ મને મદીનાનો સરદાર પણ માન્યો છે. ત્યારે તો આ ચિઠ્ઠી મોકલી છે. મુસલમાનોને તબાહ બરબાદ કરવા માટે કમર કસી લીધી. શરૂઆતમાં તેની શરારતો નુકસાનકારક સાબિત થઈ. પરંતુ રસુલે ઈસ્લામ આ વાત પામી જતાં જાતે પોતે જ તેની પાસે પહોંચ્યા. ફરમાવ્યું : તમે તમારા ભાઈઓ બેટા-બેટીઓ સાથે લડવા અને તેમનું ખૂન વહાવવા તૈયાર થઈ ગયા છો ? અબ્દુલ્લાહ આપ (સલ.)ની માર્મિક વાતને સમજી ગયો અને કુરૈશથી દૂર ખસી ગયો. ઈસ્લામ સાથે અને રસૂલે ઈસ્લામ સાથે આવી ઝબાની સુલેહ થઈ ગયા પછી પણ અબ્દુલ્લાહ બિન અબી સલૂલના દિલમાં તો કપટ હતો જ. નિફ્રાકની એક ઘટના અત્રે પ્રસ્તુત છે.

એક વખત ઈસ્લામની દઅવત માટે આપ (સલ.) કબીલાએ અલહાસિમમાં તશરીફ લઈ જતા હતા. ખચ્ચર ઉપર સવાર કેટલાક સહાબા પણ આપ (સલ.)ની સાથે હતા. રસ્તામાં અબ્દુલ્લાહ બિન ઉબય પોતાની મુનાફિક ટોળી સાથે જેમાં કેટલાક મુસલમાનો અને બે ચાર યહુદીઓ પણ હતા બેઠેલા હતા. જ્યારે પેગંબરે ઈસ્લામની સવારી તેમની પાસેથી પસાર થઈ, ત્યારે તેણે મોં ઉપર કપડું ઢાંકી દીધું અને નફરતના લેહઝાથી બોલ્યો "મોહંમદ ધૂળ ના ઉડાડો" આપ (સલ.)એ તરત જ સવારી રોકી દીધી. ટોળાને સલામ કરી પછી કુઆર્ને પાકની અમુક આયત તિલાવત ફરમાવી. આ વાત અબ્દુલ્લાહ બિન ઉબયને વધારે ખરાબ લાગી, કહેવા લાગ્યો "મને એ પસંદ નથી, અગર તમારું

કલામ સાચું પણ હોય છતાં તેને અમારી મજાલિસોમાં ન પઢ્યા કરો. એનાથી મને તકલીફ થાય છે. હા, જો કોઈ તમારી પાસે આવે તેઓને સંભળાવો. અસહાબને મુનાફિકના આવા બેઈઝ્ઝતીભર્યા શબ્દો સાંભળીને સખત ગુસ્સો ચઢ્યો. બધાંના હાથો તલવારના કબજા ઉપર પડ્યાં. પરંતુ આપ (સલ.) એ સહાબાને સમજાવ્યા. સુલેહ કરાવી દીધી. (અઝ બુખારી)

કુરૈશના કાફિરો જ્યારે મદીનાના યહુદીઓ સાથે ભળી ગયા ત્યારે તેમણે મદીનામાં મોહાજેરીન ઉપર સંદેશો મોકલ્યો કે અમે મદીનાની તરફ આવી રહ્યા છીએ. તમારું નામ નિશાન સુદ્ધા મિટાવી દઈશું. મુસલમાનો આ સંદેશા પછી વધારે ચોકન્ના અને સાવધાન થઈ ગયા. આ તરફ મક્કાના કાફિરો

નાની નાની ટુકડીઓ મદીનાની આસપાસની નાનીનાની વસ્તીઓ અને કબીલાઓ ઉપર છાપો મારવા માટે તથા લૂંટ માટે રવાના કરવા માંડી. મદીનાની આસપાસના નાનામોટા તમામ કબીલાઓ અને મદીનાના મુસલમાનો વચ્ચે મુઆહેદા હતો કે અમારા ઉપર કોઈપણ આક્રમણ કરે તો તમારે અમારી મદદ કરવી અને તમારા ઉપર કોઈ હુમલો કરે તો અમારે તમારી મદદ કરવી, આ કરાર અનુસાર આ કબીલાઓનું રક્ષણ પેગંબરે ઈસ્લામ અને મુસલમાનોની ઝિમ્મેદારીનું હતું. તેથી આપ (સલ.) એ અસહાબની નાની નાની જમાતો બનાવીને આ લોકોની મદદ માટે રવાના કરી. કુરૈશી પોતાની શક્તિનાં નશામાં ચૂર થઈને મદીના તરફ ચઢાઈ લઈને આવતા હતા. રસ્તામાં

આવતા બધા જ કબીલાઓને પોતાના કબજામાં કરતા જતા હતા. તેમાંથી જે કબીલાઓ ઈસ્લામની દુશ્મની પર રાજી ન થતા તેમને નાબુદ કરતા, મારી નાખતા, લુંટી લુતા, બરબાદ કરી દેતા. જેથી મદીનાવાસીઓ સાથે ભળી ન જાય. તેઓની આ જીતોનો પ્રવાહ મક્કાની ફતેહ સુધી ચાલુ રહ્યો.

હિજરી સન ૬માં જ્યારે કબીલા અબ્દઅલ કૈસના લોકો મદીના આવ્યા ત્યારે તેમણે ફરિયાદ કરી કે યા રસુલલ્લાહ અમારા રસ્તામાં બની મુઝરના લોકો અવરોધરૂપ છે. જેથી અમે ફક્ત હજના દિવસોમાં જ આપની ઝિયારત કરી શકીએ છીએ. બાકીના દિવસોમાં બની મુઝરના કારણે મજબુર છીએ.

આ સમય દરમ્યાન કુફ્ફારે કુરૈશે મદીનાના યહુદીઓ અને અબ્દુલ્લાહ ઈબ્ને ઉબય સલૂલના દ્વારા આવી ખબરો વહેતી કરી કે કુરૈશ મક્કા ઉપર અચાનક હુમલો કરવાના છે. અહીં સુધી કે સહાબા રાતોની રાતો સૂતા ન હતા. રાતોના ગશ્ત કરતા જાગતા હતા. ગફલતમાં ઊંઘવાની હાલતમાં જ હુમલો ન થઈ જાય.

ઈમામ હાકિમ મુસતદરકમાં ફરમાવે છે કે :

રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ જ્યારે મદીના આવ્યા અને અનસારે તેમને આશરો આપ્યો ત્યારે તમામ અરબસ્તાન સંગઠીત થઈને તેમની સાથે લડાઈ કરવા તૈયાર થઈ ગયું. અસહાબે રસૂલ સવારથી સાંજ સુધી હથિયારો શરીર

સાથે બાંધીને જ ફરતા હતા અને હથિયારો શરીર ઉપર બાંધેલી હાલતમાં જ સૂઈ જતા હતા.

**૯. અબુજહલે મક્કામાં જુઠી અફવા ફેલાવી કે અબુસુફ્યાનના વેપારી કાફલાને લૂંટી લેવામાં આવ્યો છે.**

અબુજહલે મક્કામાં ફેલાવેલી આ જુઠી અફવા ઘણી જ અસરકારક સાબિત થઈ. મક્કાથી મદીના સુધીના બધાજ કબીલા તલવારો ખેંચીને મુસલમાનોની સાથે લડવા તૈયાર થઈ ગયા કારણ કે વેપાર એ જ અરબોનો જીવનનિર્વાહ હતો. આ સિવાય અરબો પાસે જીવનનિર્વાહનો બીજો કોઈ વિકલ્પ જ ન હતો. તેથી અબુસુફ્યાનના કાફલાને લુંટી લેવાની ખબર પહોંચતા જ અરબો ઘરોમાંથી તલવારો ખેંચીને નીકળી પડ્યા.

## ૧૦. જંગે બદર થવાનું અસલ કારણ અબ્દુલ્લાહ ઈબ્ને જહશ અને ઉમર બિન અલહઝરમીની કતલ.

એક તરફ કુરૈશના કાફલાને લુંટવાની અફવા જોર પર હતી. જો કે આ અફવા સદંતર જુઠી હતી છતાંય આ અફવાની અસર એનું રિએક્શન જાણવું તો જરૂરી હતું. કારણ કે આપ (સલ.) એક નૂરાની મખ્લુક સરદારે અંબિયા હોવા સાથે એક કામિલ ઈલ્મ અને કામિલ અક્કલ સરસેનાપતિ પણ હતા. જેથી આપે હિજરી સન ૨ માં અબ્દુલ્લાહ બિન જહશ નામના સહાબીને ૧૧૨ સહાબાની સાથે બતને નખલા તરફ રવાના કર્યા. આ સ્થળ મક્કા અને તાઈફની વચ્ચે આજે પણ છે.આપ (સલ.) એ અબ્દુલ્લાહને એક પત્ર પણ

આપ્યો. સાથે ફરમાવ્યું કે બે દિવસ પછી જ આ પત્રને ખોલજો.

હુકમ પ્રમાણે બે દિવસની સફર પછી અબ્દુલ્લાહે એ પત્ર ખોલ્યો તો તેમાં લખ્યું હતું 'નખલા' માં જ રોકાઈ રહેશો. ફક્ત કુરૈશની બરાબર જાસુસી કરો. તેમની પરિસ્થિતિનો અહેવાલ અમને મોકલતા રહો. [અહીં બે વાત ધ્યાનાકર્ષક છે કે જ્યારે જાસુસી દ્વારા કુરૈશની પરિસ્થિતિ જાણવી હતી તો ૧૧૨ માણસને મોકલવાની શી જરૂર હતી ? બીજી વાત અબ્દુલ્લાહને આ હુકમ શા માટે આપ્યો કે બે દિવસની મુસાફરી કર્યા પછી મારો પત્ર ખોલીને વાંચશો. પ્રથમ વાતનો જવાબ આ છે કે કુફ્ફાર અને યહુદીઓમાં મુસલમાનોની દુશ્મની એટલી બધી હતી કે એકલ દોકલ મુસલમાનોની

તલાશમાં આ લોકો ટોળીઓમાં ફરતા હતા. મારી નાખતા હતા. રોકવાનો સમય પણ નક્કી ન હતો. ચારે તરફ રેતીના રણોની વચ્ચે જ્યાં જ્યાં પાણીના ઝરણા હોય ત્યાં ખેતીવાડી અને ઘેટાં બકરાં સાથે અરબ કબીલાઓ સેંકડોની સંખ્યામાં રહેતા હતા. જેથી ટોળીઓની શકલમાં નીકળવું અને રહેવું વધારે હિફાજત ભર્યું ગણાય. તેથી આપ (સલ.)એ ૧૧૨ માણસને રવાના કર્યા (અનુ. ૧૭૨ પેજ ઉપર)]

સંજોગો વસાત કુરૈશના કેટલાક માણસો વેપારનો માલ લઈને મુલકે શામ પરત આવી રહ્યા હતા. આ લોકોને તેઓનો ભેટો થયો. અબ્દુલ્લાહે તેમના ઉપર હુમલો કરી દીધો. વળી કુરૈશના વેપારી કાફલામાંથી ઉમર અબ્દુલ્લાહ હઝરમીને

કતલ કરી દીધો. તેનો સામાન લુંટી લીધો. મદીના આવીને આ ઘટના વર્ણવી સાથે માલે ગનીમત પણ રજૂ કર્યો.

આપ (સલ.) એ ફરમાવ્યું કે, તમને કતલ કરવાની અને માલે ગનીમત લુંટી લેવાની ઈજાઝત કોણે આપી હતી ? આપ (સલ.) એ માલે ગનીમતને સ્વીકારવાથી ઈન્કાર કર્યો. માલે ગનીમત પણ કબૂલ ન કર્યો. સખત નારાજગી વ્યક્ત કરી કહ્યું : મેં તો તમને કુરૈશની પ્રવૃત્તિઓની જાણકારી મેળવી તેની ખબરો અત્રે મદીના મોકલવા માટે મોકલ્યા હતા.

**તારીખે તબરીના વર્ણાનુસાર :**

આપ (સલ.) એ અબ્દુલ્લાહ ઈબ્ને જહશને ફરમાવ્યું : તમે તે કાર્ય કર્યું છે જે કામનો તમને હુકમ આપવામાં આવ્યો ન હતો.

(તરજુમા તારીખે તબરી ભાગ-૧ પેજ. ૧૫૫ અને ૨૭૫)

અબ્દુલ્લા બિન જહશે જે લોકોને ગિરફ્તાર કર્યા હતા, તેઓ ઘણાં જ ઈઝઝતવાળા ગણાતા ખાનદાનના લોકો હતા. ઉમર બિન હઝરમી જેને અબ્દુલ્લાહે કતલ કર્યા હતો તે અબ્દુલ્લા હઝરમીનો પુત્ર હતો. તે હરબ બિન બની ઉમય્યાનો સાથી કબીલો હતો. તેઓ વચ્ચે એકબીજાની મદદ કરવાના કોલકરાર હતા. હરબ બીન બની ઉમય્યા કુરૈશનો મોટો રઈસ માલદાર ગણાતો હતો. કેદ

કરેલાઓમાં ઉસ્માન અને નૌફલ બંને મુગીરહ વલીદનો બાપ અને ખાલીદ બિન વલીદનો દાદો થતો હતો. તે હરબ પછીની માલદારોની હરોળમાં આવતો હતો. આ કતલની ઘટનાથી કુરૈશીઓ ભડકી ઉઠ્યા. બદરની લડાઈનું એક મુખ્ય કારણ આ ઘટના પણ હતી.

**અલ્લામા તબરી ફરમાવે છે કે :**

જે વસ્તુ જંગે બદરની ઘટનામાં કારણભૂત બની અને ત્યાર પછીની તમામ જંગો જે આપ (સલ.) અને મુશરેકીનના દરમ્યાન લડાઈ. આ બાબત અરવહ બિન ઝુબેર બિન અવામનું કહેવું છે કે બધી જ લડાઈઓનું મૂળ આ એક જ ઘટના છે ઉમર બીન અબ્દુલ્લાહ અલહઝરમીની કતલ.

આપ (સલ.) નું અબ્દુલ્લાહ બિન જહશ ઉપર ગુસ્સે થવું, માલે ગનીમતને પરત કરવું આ બાબતની સાબીતી છે કે આપ(સલ.) રક્ષણાત્મક જંગો જ ઈચ્છતા હતા. ન લૂંટમારની છૂટ આપતા હતા, ન એકલ દોકલ વ્યક્તિને મારી લૂંટી આતંક આચરવાની છૂટ આપતા હતા, નહી તો આપ(સલ.) અબ્દુલ્લાહ ઉપર ગુસ્સો શા માટે કરત ? માલે ગનીમતને પરત શા માટે કરત ?

ઈસ્લામના વિરોધીઓ તથા ઈસાઈ ઈતિહાસકારો આપ (સલ.) ની સરાયા (નાની લડાઈઓ) બાબત એતરાઝ કરે છે કે આપ (સલ.) કમજોર લોકોને બળજબરીથી કલિમો પઢાવતા હતા, તે સમજણનો અભાવ અથવા ઈસ્લામથી કપટનું પરિણામ છે. આ બાબત પણ તદ્દન ગલત

છે કે બદરની લડાઈ વખતે આપ(સલ.)નો મકસદ અબુસુફિયાનના કાફલાને લૂંટી લેવાનો હતો. જે મુલકે શામથી વેપારી માલ વેચીને આવતો હતો. 'મઆઝલ્લાહ' (અલ્લાહ માફ ફરમાવે) આપ (સલ.) બદરના કુવા પાસે રોકાયા હતા, કારણ કે અહીંથી મુલકે શામની તરફ રસ્તો પડતો હતો. આપ (સલ.)ના આ ઈરાદાની ખબર કુરૈશને થઈ ગઈ હતી. તેથી અબુજહલે પોતાના કાફલાના રક્ષણ માટે એક મોટી ફોજ તૈયાર કરીને મક્કાથી બદર તરફ રવાના કરી હતી, અબુસુફયાન ત્યાં આવે તે અગાઉ અબુજહલ ફોજ લઈને ત્યાં આવી ગયો. આપ (સલ.)ને માત્ર આકસ્મિક રીતે મુકાબલો કરવો પડ્યો હતો.

ઈસાઈ ઈતિહાસકારોનો ઉપરોક્ત મત સદંતર ગલત છે, બલકે મુશરેકિનની ફોજને લઈને મદીના ઉપર હુમલાની ખબર પહોંચતા તેની રોકઠામ માટે, સ્વરક્ષણ માટે આપ (સલ.) ફોજ લઈને મદીનાની બહાર નીકળ્યા.

અફસોસની વાત એ છે કે આ ગલત વાત તબરી અને બુખારીની છે. જેને મુસલમાનો સહીહ બુખારી કહે છે. જો કે આ તબરી અને બુખારીમાંથી ઈસાઈ ઈતિહાસકારોએ આ દલીલ પકડી છે કે અબુસુફિયાનના કાફલાને લૂંટવા માટે મુસલમાનો ગયા હતા તે તબરી અને બુખારીમાં આ રિવાયત પણ છે.

“હઝરત અલી બિન અબી તાલીબ (અલ.) થી નકલ છે કે જ્યારે અમને ખબર પહોંચી કે

મુશરીકો મક્કાથી મદીના ઉપર હુમલો કરવા માટે આવી રહ્યા છે. ત્યારે હઝરત રસૂલે ખુદા (સલ.) બદરની તરફ ચાલ્યા. બદર એક કુવાનું નામ છે જ્યાં અમે મુશરેકીનથી પહેલાં પહોંચી ગયા હતા."

હઝરત અલી (અલ.)ની ઉપરોક્ત હદીસથી સ્પષ્ટ થઈ જાય છે કે જંગે બદરનું કારણ કુરૈશના કાફલાને લુંટવાનું ન હતું બલકે કુરૈશની મક્કાથી આવતી ફોજનો રક્ષણાત્મક મુકાબલો કરવાનું હતું.

ઉપરોક્ત રિવાયત જે અમીરૂલ મોઅમેનીન હઝરત અલી બિન અબી તાલીબ અલયહિસ્સલામના હવાલાથી નકલ થઈ છે. તેમાં અબુસુફ્યાનના કાફલાને લુંટવાની તો વાત જ નથી. બલકે તબરીની બીજી એક રિવાયત અનુસાર

બદરની લડાઈ અબુસુફયાનના કાફલાને મદીના પાસેથી પસાર થતા અગાઉ થઈ ગઈ હતી.

(જુઓ તરજુમો તબરી ભાગ - ૧, પેજ. નં. ૧૬૦, નફીસ એકેડમી, કરાંચી પ્રકાશન)

# પ્રકરણ : ૧૯ : જંગે બદરના વિષયમાં કુર્આન શું કહે છે ?

**સૂરએ અનફાલમાં ઈરશાદે ઈલાહી છે.**

**ઉલાએક હોમૂલ મુઅમેનૂન હક્કા (આ.નં. ૪)**

આ જ લોકો સાચા મોમીન છે.

**લહુમ દરજાતુમ ઈન્દ રબ્બેહિમ વ મગફેરતુંવ વ રિઝકુન કરીમ (આ.નં.૪)**

એમના માટે ખુદાને ત્યાં દરજ્જાઓ (મરતબાઓ) છે, બક્ષિસ છે અને ઈઝઝત આબરૂ સાથેની રોઝી પણ છે.

**કમા અખરજક રબ્બોક મિમબયતેક બિલ હક્કે વ ઈન્ન ફરીકમ મિનલ મુઅમેનીન લકારેહુન (આ.નં. ૫)**

અય રસૂલ ! જ્યારે તમારો રબ તમને હકની સાથે જંગે બદર માટે ઘરમાંથી બહાર કાઢી રહ્યો હતો, મોમીનોનો એક સમૂહ આ જંગથી નારાજ હતો.

**યોજાદેલૂનક ફિલહક્કે બાઅ્દ મા તબય્યન કઅન્નમા યોસાકુન એલલ મવતે વહુમ યનઝોરૂન (આ.નં.૬)**

હક વાત જાહેર થઈ ગયા પછી પણ તે લોકો તમારી સાથે ઝઘડો કરતા હતા (અને એમ સમજતા હતા કે) જાણે મોતની તરફ ખેંચાઈ રહ્યા છે અને તેઓ મોતને પોતાની આંખો વડે જોઈ રહ્યા છે.

**વ ઈઝયએદોકોમુલ્લાહો ઈહદત્તાએફતયને અન્નહા લકૂમ વતવદ્દુન અન્ન ગયર ઝાતિશ્શવક્તે**

**તકૂનોલકૂમ વયોરીદુલ્લાહો અંયયોહિક્કલ હક્ક બેકલિમાતેહી વયકતઅ દાબેરલ કાફેરીન(આ.નં. ૭)**

(તે વખતને યાદ કરો) જ્યારે અલ્લાહ તમારી સાથે વાયદો કરી રહ્યો હતો કે બંને સમૂહોમાંથી એક સમૂહ તમને મળી જશે, તમે ઈચ્છતા હતા કે કમજોર ટોળું તમને મળે અને અલ્લાહ ઈચ્છતો હતો કે પોતાની કુદરત વડે હકને હક સાબિત કરીને બતાવે, અને કાફિરોના મૂળિયાં કાપી નાખે.

**લેયોહીક્કલ હક્ક વ યુબતેલલ બાતેલ વલવ કરેહલ મુજરેમૂન (આ.નં.૮)**

જેથી હક વાત હક થઈને રહે અને બાતિલ બાતિલ. ભલે ગુનેગારોને આ વાત ગમે તેટલી નાપસંદ હોય.

**ઈઝતસતગીસુન રબ્બકૂમ ફસ્તજાબ લકૂમ અન્ની મોમિદ્દકૂમ બેઅલફીમ મિનલ મલાએકતે મુરદેફીન (આ.નં.૯)**

(તે વખતને પણ યાદ કરો)જ્યારે તમે તમારા રબથી ફરીયાદ કરી રહ્યા હતા. અને તેણે જવાબમાં ફરમાવ્યું હતું, (ગભરાઓ નહિં) હું તમારી મદદ માટે લગાતાર એક હજાર ફરિશ્તાઓ મોકલી રહ્યો છું.

**વમા જઅલહુલ્લાહો ઈલ્લા બુશરા વલેતતમઈન્ન બેહી કોલુબોકુમ, વમન્નસરો ઈલ્લા મિન ઈન્દીલ્લાહે ઈન્નલ્લાહ અઝીઝૂન હકીમ (આ.નં.૧૦)**

આ વાત અલ્લાહે તમને એટલા માટે કહી હતી કે તમારા માટે ખુશખબરી બને અને તમારા

હ્રદયો શાંત થઈ જાય. અને મદદ તો જ્યારે પણ થાય છે અલ્લાહના તરફથી જ હોય છે. નિસંશય અલ્લાહ શક્તિશાળી અને હિકમતવાળો છે.

સૌથી ઉચ્ચતમ સાક્ષી કુર્આન મજીદ છે. કુર્આનના આ મુકાબલામાં ઈતિહાસ અને હદીસની વાતને ધ્યાન પર લેવામાં આવશે નહીં.

રસુલુલ્લાહે કદીપણ કોઈપણ વેપારી કાફલાને રોકવાનો કે લૂંટવાનો હુકમ આપ્યો ન હતો. લુટફાટ, આતંકવાદ કે ત્રાસવાદ ઈસ્લામમાં છે જ નહિ. કોઈપણ નિર્દોષ લોકોને મારવું, સતાવવું, તકલીફ પહોંચાડવી ઈસ્લામમાં હરામ છે. જેવા કે દારૂ અને વ્યભિચાર હરામ છે. ન અલ્લાહનો આવો કોઈ હુકમ કુર્આનમાં છે કે ન રસુલુલ્લાહનો કોઈ હુકમ હદીસમાં છે. અત્યાચાર ગમે તે પરિસ્થિતિમાં

અત્યાચાર છે. ભલે પછી તે કોઈપણ મઝહબમાં માનનાર વ્યક્તિનો બીજા કોઈપણ મઝહબમાં માનનાર વ્યક્તિ પર હોય. અમારી આ વાતને પથ્થરની લકીર સમજી લેવામાં આવે.

જંગે બદરના મોકા ઉપર મુસલમાનોની એક જમાત આવો ખ્યાલ ધરાવતી હતી કે કુરૈશના ઝુલ્મોથી તંગ આવી જઈને અમારે અમારું વતન છોડવું પડયું છે. અમારે અમારું સર્વસ્વ ગુમાવવું પડયું છે. આ લોકોએ અમારું જીવન બરબાદ કરી નાખ્યું છે. તો પછી શા માટે આપણે તેઓના વેપારી કાફલાને ન લુંટી લેવો, જે મુલકે શામથી મક્કા જઈ રહ્યો છે. મક્કાવાસીઓનો વેપારનો રસ્તો શા માટે સદંતર બંધ ન કરી દેવો ? આ બાબત સઅદ બિન મઆઝ મક્કા જઈને કુરૈશને કહી આવ્યા હતા. (જુઓ મુસલમાનોની

કિતાબ. બુખારી બાબુલ મગાઝી) આ સિવાય પણ મુસલમાનોમાંની આ ટોળી મુસલમાનો સંખ્યાબળમાં થોડા હોવાના કારણે સિધેસીધી લડાઈથી કતરાતી હતી. આ સમૂહ રસુલુલ્લાહ (સલ.) ને પણ લડાઈથી રોકી રહ્યો હતો.

મુસલમાનોની બીજી જમાત (બીજો સમૂહ, બીજું ટોળું) આ બાબત માટે ખુદા રસુલના ફેંસલાની રાહ જોતી હતી. મુસલમાનોનો આ સમૂહ અતીઉલ્લાહ વ અતી ઉર્રસુલના (અલ્લાહની ઈતાઅત કરો અને રસુલની ઈતાઅત કરો) સિદ્ધાંતને દીલથી માની ચૂક્યો હતો. કુર્આન મજીદનું આ ઉદ્બોધન આગલી જમાતથી છે. જેઓ સહેલું સહેલું સગવડિયું ઈચ્છતા હતા. અબુ સુફયાનના કાફલાનો રસ્તો રોકવાનું. આ લોકો જેહાદથી ડરતા હતા. એની ભયાનકતાથી ધ્રુજતા હતા.

જ્યારે મુસલમાનોમાંનો બીજો સમૂહ જેઓ પોતાનું સર્વસ્વ અલ્લાહ રસૂલના કદમોમાં મૂકી ચૂક્યા હતા. તેઓ મક્કાથી આવતા લશ્કરનો ઈન્તિઝાર કરતા હતા. જ્યારે તે લશ્કર નજીક આવી ગયું ત્યારે આ લોકો કશાયની પરવા કર્યા વગર તેમના મુકાબલા માટે તૈયાર થઈ ગયા.

અમે આ વાત તારીખે તબરીની હઝરત અલી (અલ.)ની હદીસ આગળ લખી ચૂક્યા છીએ. અત્રે આ વાત યાદ રાખવામાં આવે કે જંગે બદર અબુસુફયાનનો કાફલો મુલકે શામથી મક્કા તરફ રવાના થાય તે પહેલા થઈ ચૂકી હતી.

ઈસ્લામના ઈતિહાસથી જે લોકો વાકેફ છે તેઓ બખુબી જાણે છે કે પેગંબરે ઈસ્લામના જમાનામાં લડવામાં આવેલી નાનીમોટી બધી જ લડાઈઓ ન

વિસ્તારવાદી જંગો હતી ન ઈસ્લામ ફેલાવવા માટે લડવામાં આવેલી જંગો હતી. એ જ પ્રમાણે અમારા ઈમામે અવ્વલ અને મુસલમાનોના ચોથા ખલીફા હઝરત અલી (અલ.) ની જંગો પણ ન વિસ્તારવાદી હતી ન ઈસ્લામ ફેલાવવા માટે લડવામાં આવી હતી. કારણ કે આ બંને બુઝુર્ગો ઈસ્લામની નુમાઈન્દગી કરનારા હતા. તે સિવાયના આ ખલીફાઓ અને સુલતાનો બાદશાહોની જંગો ને વિસ્તારવાદી જંગો કહી શકાય. કારણ કે આ લોકોએ આક્રમણ કારી જંગો લડી હતી. દરિયો પાર કરીને આક્રમણો કર્યા હતાં. આ લોકોની લડાઈઓ અન્ય બિન મુસ્લિમ રાજાઓની જેમ વિસ્તારવાદી હતી. આ લોકોએ ઈસ્લામનો ફેલાવો નથી કર્યો. પોતાની હુકુમતની સરહદો વધારી હતી. આ લોકોએ કરેલા ઝુલ્મો ઈસ્લામના ફેલાવા માટે ન

હતાં. પરંતુ પોતાની હુકુમતને સ્થાયિત્વ આપવા માટે હતા. આ લોકો ઈસ્લામ ધર્મ પાળવાના દાવેદાર જરૂર હતા જેથી દુનિયા એમને મુસલમાન કહે છે. ભલે પછી એમના કિરદાર, કાર્યો, કરતૂતો ઈસ્લામને લાંછન લગાડનાર કેમ ન હોય. ઈસ્લામ વિરૂદ્ધ કેમ ન હોય.

અબુજહલે અબુસુફયાનના વેપારી કાફલા અંગે મક્કામાં અફવા ફેલાવી કે કાફલો લુંટી લેવામાં આવ્યો છે. જે શામથી મદીનાના રસ્તે મક્કા જવાનો હતો. મક્કાવાસીઓ એક મોટા લશ્કર સાથે ઝનૂન પુર્વક મુસલમાનો સાથે યુદ્ધ કરવા નીકળી પડ્યા. જ્યારે મુસલમાનોને પણ જાણ થઈ કે કુરૈશ લડવા આવી રહ્યા છે ત્યારે પોતાના બચાવ માટે મુસલમાનોને મજબુર થઈને નીકળવું પડ્યું.

# પ્રકરણ : ૨૦ : કુર્આનમાં જેહાદના હુકમનું નાઝિલ થવું, જેહાદ અંગે કાયદા-કાનૂન અને જઝિયારો

## (૧) જેહાદનો હુકમ

હિજરત કર્યાના એક વર્ષ પછી (૧૨ માસ બાદ) જેહાદનો હુકમ નાઝિલ થયો. વિચારો, ખૂબ વિચારો, મુસલમાનોએ મક્કામાં તેર-તેર વર્ષો સુધી દુશ્મનોનો માર, ગાળો, ઝિલ્લતો, બાયકોટ બધું જ સહન કર્યું. જ્યારે ઝુલમની હદ પાર થઈ ગઈ ત્યારે રસૂલે સહાબાને હિજરત કરીને મક્કા છોડવાનો હુકમ આપ્યો. છેવટે પેગમ્બરને પણ પોતાનું પ્યારું વતન છોડી હિજરત કરવી પડી. આટલા લાંબા સમય સુધી અલ્લાહે જેહાદનો હુકમ નથી આપ્યો.

પરંતુ જ્યારે ચારે તરફથી દુશ્મનોના હુમલાઓની ખબરો આવવા લાગી, મદીના સુદ્ધાં તેમાંથી બાકાત ન રહ્યું ત્યારે અલ્લાહે રક્ષણ માટે લડવાનો હુકમ ફરમાવ્યો. ઇસ્લામમાં હુમલાવર-આક્રમણકારી જંગ કરવાની સખત મનાઈ છે, એને આતંકવાદ અને ત્રાસમા ગણવામાં આવશે.

રહમતુલ્લીલ આલમીને ફરમાવ્યું : ઇસ્લામ શબ્દનું મૂળભુત તત્ત્વ જ મુસ્લિમ છે. જેનો અર્થ સુલેહ અને આજીજી થાય છે. જે ધર્મ વિશ્વ માટે સુલેહનો પૈગામ લઈને આવ્યો હોય, જેમાં ઇમાનદારી, વિનમ્રતા, આજીજી, પ્રમાણિકતા સમાયેલી હોય, આવો ધર્મ કેવી રીતે અન્યો ઉપર હુમલો કરવાનો હુકમ આપે ? આ જ મુસલમાનો તો હતા જેમણે મક્કામાં તેર-તેર વર્ષો સુધી ઝુલમો

સહન કર્યા. આ લોકોથી છેડો ફાડી નાખીને મદીના ચાલી આવ્યા. પોતાનું ઘર-બાર, વતન, સાધન-સામગ્રી, ઢોર-ઢાંખર, રાચ-રચિલું બધું જ છોડી દીધું. મદીનામાં એક વર્ષ સખત દુ:ખ, ગરિબાઈ અને નાદારીમાં પસાર કર્યું. મુસલમાનોની સબર અને અમન પસંદગીની બીજી કઈ સાબિતીઓ હોઈ શકે. પરંતુ જ્યારે મદીનામાં પણ દુશ્મનોની તલવારો ચમકવા લાગી, આ તલવારો મુસલમાનોની ગરદનોની તરફ વધવા લાગી ત્યારે રક્ષણાત્મક જંગ કરવાનો અલ્લાહનો હુકમ આવી ગયો.

**ઉઝેન લિલ્લઝીન યોકાતલૂન બેઅન્નહુમ ઝોલેમ્ વ ઇન્નલ્લાહ અલા નસરેહિમ લકદીર.**

(સૂરએ હજ આ.નં. ૩૯)

જે મુસલમાનો સાથે કાફિરો લડ્યા કરતા હતા (કારણ કે ઘણા જ સતાવવામાં આવ્યા છે) તેથી તેમને જેહાદની ઇજાઝત આપવામાં આવે છે અને ખુદા આ લોકોની મદદ કરવા ઉપર પૂરેપૂરી કુદરત ધરાવે છે.

**વકાતેલુ ફિસબીલિલ્લા હિલ્લઝીન યોકાતેલૂનકૂમ વલા તઅ્તદુ, ઇન્નલ્લાહ લાયોહિબ્બુલ મુઅ્તદીન.**

(સૂરએ બકરહ આ.નં. ૧૯૦)

અને જે લોકો તમારી સાથે લડે, તમે પણ રાહે ખુદામાં તેમની સાથે લડો અને ઝુલ્મ ન કરો, ખુદા ઝુલ્મ કરનારાઓને કદી પણ પ્રેમ કરતો નથી.

**અલ્લઝીન ઉખરેજુ મિન દેયારેહિમ્ બેગયરે હક્કીન ઇલ્લા અંયયકુલુ રબ્બોનલ્લાહ, વલૌલા**

**દફઉલ્લાહિન્નાસ બાઅ્ઝહુમ બેબઅઝીલ લહુદ્દેમત સવામેઓ વ બેયઉંવ વસલવાતુંવ વમસાજેદો યુઝકરો ફીહસ્મુલ્લાહે કષીરા.**

(સુરએ હજ્જ આ.નં. ૪૦)

“એવા લોકો પણ છે જે નાહક (કોઈ પણ ગુના વગર) ફક્ત આમ કહેવા ઉપર કે “અમારો રબ અલ્લાહ છે” પોતાના ઘરોમાંથી કાઢી મૂકવામાં આવ્યા. અને જો ખુદા લોકોને એકને બીજા દ્વારા દફે ન કરતો રહેત તો ગિરઝાઘરો, યહુદીઓની ઇબાદતગાહો અને મજૂસીઓની અગિયારીઓ અને મસ્જિદો જેમાં વધારે પ્રમાણમાં અલ્લાહનો ઝિક્ર કરવામાં આવે છે, ક્યારનાય તોડી પાડવામાં આવ્યા હોત.”

ઉપરોક્ત આયતમાં જેહાદના હુકમ સાથે મુસલમાનોને કહેવામાં આવે છે કે તમને આ લોકોએ વગર ગુને ઘરથી બેઘર કર્યા છે. નાહક સતાવ્યા છે. અનેક પ્રકારે ઝુલમો-અત્યાચાર કર્યા છે. હવે અમે તમને તેમના વિરૂદ્ધ જેહાદ કરવાની છૂટ આપીએ છીએ કે તમે સંગઠિત બની ઝુલમ વિરૂદ્ધ જેહાદ કરો અને જો અલ્લાહ આ રીતે કોઈ પણ બળવત્તર અને ઝાલિમ ટોળાને (જનસમૂહને) બીજા દ્વારા દફે ન કરતો રહેત તો વિશ્વમાં કોઈ પણ ધર્મના ધાર્મિક સ્થળો સલામત ન રહી શકત. જ્યારે પણ કોઈ બળવત્તર ટોળું ઝુલમ ઉપર ઊતરી પડે છે ત્યારે ખુદા બીજા ટોળા દ્વારા તેને દફે કરે છે. આ કાનૂને કુદરત છે. એક ઝાલિમને બીજા ઝાલિમ દ્વારા પણ દફે કરે છે.

અલહાજ હઝરત અદીબે આઝમ મૌલાના સૈયદ ઝફરહસન સાહેબ કિબ્લા અમરોહવી ઉપરોક્ત આયતની તફસીરમાં ફરમાવે છે કે –

આ આયતથી એમ માલુમ પડે છે કે મુસલમાનોને જેહાદનો હુકમ તેમની અંગત જરૂરિયાતો માટે નથી અપાયો. મુસલમાન કોમ કે મિલ્લતના કોઈ અંગત ફાયદા માટે નથી અપાયો. અહીં સુધી કે મુસલમાન કોમની પ્રગતિ અને તેમના ધર્મ ઇસ્લામને ફેલાવવા માટે નથી અપાયો, પરંતુ આ જેહાદના હુકમનો ખાસ મકસદ તો આ જ હતો કે મુસલમાનોએ જે જે કબીલાઓ સાથે સુલેહ અને અમનના કરાર કર્યા હતા, તેમનું રક્ષણ કરવાના કરાર કર્યા હતા તેના ઉપર અમલ કરવા માટે અપાયો હતો. આ જેહાદના હુકમનો ખાસ હેતુ આ

હતો કે મુસલમાનોએ યહુદી કબીલાઓ, ઈસાઈ કબીલાઓ તથા મુજૂસી કબીલાઓ જેમની હિફાઝતનો વાયદો કર્યો હતો, તેમની સાથે મુસલમાનો કોલકરારથી જોડાયા હતા. આ કોલકરારને હિંમત અને મુજબુતાઈથી પૂર્ણ કરી શકે અને મુસલમાનોએ અલ્લાહના રસુલના હુકમ મુજબ એમ કર્યું પણ ખરું.

**(૨) જેહાદના પ્રકાર**

ઇસ્લામી જેહાદમાં બે વર્ગ પડે છે. પ્રથમ વર્ગ તે જેમાં રસૂલેખુદા જાતે ભાગ લેતા હતા. તેને ઇસ્લામી પરિભાષામાં ગઝવહ કહે છે. બીજો વર્ગ જેમાં કોઈને ફોજના સરદાર બનાવીને મોકલવામાં આવ્યા હોય. તેને ઇસ્લામી પરિભાષામાં સરય્યા કહે છે. આપ (સલ.)ની હાજરી સાથેના ગઝવાતની

સંખ્યા ૧૯ થી ૨૭ સુધીની રિવાયતો મળે છે. જ્યારે સરય્યાની સંખ્યા ૫૬ સુધીની ગણાય છે.

પેગંબરે ઇસ્લામની હાજરીવાળી લડાઈઓ જેને ગઝવાત કહે છે. જેની સંખ્યા વધુમાં વધુ લગભગ ૨૭ ની છે. આ ગઝવાતમાં ૯ ગઝવાત એવા છે. જેમાં યુદ્ધ થયું છે, લડાઈ થઈ છે. તે આ પ્રમાણે છે.

૧. જંગે બદર

૨. જંગે ઓહદ

3. જંગે ખન્દક

૪. જંગે બની કુરયઝા

૫. જંગે મુરૈસીઅ

૬. જંગે ખયબર

૭. જંગે વાદીઉલ કુરા

૮. ફતહે મક્કા

૯. જંગે હોનૈન

ઉપરોક્ત નવ ગઝવાત જેમાં પેગંબરે ઇસ્લામ જાતે જ સર સેનાપતિ-સરદાર હતા, જેમાં યુદ્ધ થયું તેમાં ફક્ત “જંગે ઓહદ”ને બાદ કરતાં તમામ લડાઈઓમાં મુસલમાનોને ફતેહ નસીબ થઈ.

જંગે ઓહદમાં મુસલમાનોને જે માર ખાવી પડી તેમાં સહાબાની ગલતી હતી. તેઓએ રસુલુલ્લાહના હુકમની અવગણના કરી માલેગનીમતની લાલચમાં તે જગ્યા છોડી દીધી હતી જ્યારે કે રસૂલે ઇસ્લામે ફરમાવ્યું હતું કે જ્યાં સુધી હું બીજો હુકમ ન આપું ત્યાં સુધી આ જગ્યાએથી હઠશો નહિ. આ મોરચો છોડશો નહિ.

પરંતુ સહાબાએ માલેગનીમતની લાલચમાં તે જગ્યા છોડી દીધી. જેથી જીતનું પાસું હારમાં પલટાઈ ગયું. મુસલમાનોને માર ખાવી પડી. જો આપણે ૨૭ ગઝવાતની સંખ્યાને માન્ય રાખીને ચાલીએ તો બાકીના ૧૮ ગઝવાતમાં પેગંબરે ઇસ્લામ જાતે લશ્કરને લઈને દુશ્મનોના આક્રમણને ખાળવા નીકળ્યા તો ખરા પરંતુ યુદ્ધ થયું નથી.

**(3) ઇસ્લામી જેહાદના ધારાધોરણ - બંધારણ**

વિશ્વના જુદા જુદા દેશો વચ્ચે લડાતી આવતી લડાઈઓ અને ઇસ્લામી જેહાદ બંને વચ્ચે ઘણો મોટો તફાવત છે. રાજકારણીય પ્રશ્નોના ઝઘડાઓ માટે લડાતી લડાઈઓ, મુલકગીરી માટે લડાતી લડાઈઓ અને ઇસ્લામી જેહાદ બંને અલગ જ વસ્તુ છે. ઇસ્લામી જેહાદમાં અત્યાચારને કોઈ

સ્થાન નથી. કોઈ પણ પ્રકારની સતામણી વગર, કોઈ પણ પ્રકારના વાંક-ગૂના વગર કોઈ નિરૂપદ્રવી શાંત વસ્તી ઉપર આક્રમણ અત્યાચાર ગણાશે. હુકૂમતનો વિસ્તાર વધારવા માટે લડાતી વિસ્તારવાદી લડાઈઓને પણ ઇસ્લામી જેહાદ સાથે કોઈ સંબંધ નથી.

ઇસ્લામી જેહાદ એક એવી પવિત્ર લડાઈ છે જે મજબુરી અને લાચારીના સંજોગોમાં સ્વબચાવ માટે, ઇન્સાની હક્કોના રક્ષણ માટે, અલ્લાહને રાજી કરવા લડવામાં આવે છે.

યુદ્ધ દરમિયાન જે કોલકરાર અને સુલેહ થાય તો કોલકરારની પાબંદી કરવી ફરજ છે. કોલકરારથી હટી જવું હરામ છે.

જ્યારે કિલ્લામાં ભરાયેલા દુશ્મનોને ઘેરો નાખો ત્યારે જો તેઓ ઇચ્છે કે તમે તેમની સાથે ખુદા-રસૂલની તરફથી અહદ-પ્રતિજ્ઞા કરો તો એમ ન કરશો. તમે તમારી રીતે કોલ-કરાર કરી લેજો. જેથી તમારું કોલકરારને તોડી નાખવું ખુદા-રસૂલના કોલકરારને તોડવું ન ગણાય.

લડાઈ દરમિયાન સ્ત્રીઓ અને બાળકોને કતલ ન કરવામાં આવે. લશ્કર કૂચ કરતું હોય તો રસ્તામાં આવતાં ખેતખલીહાન વાડીઓ, પાકો વગેરેને ન બગાડવામાં આવે, ન સળગાવવામાં આવે. ભલે પછી એ ખેતરો-વાડીઓ દુશ્મનની માલિકીની કેમ ન હોય. લાઈકરાહ ફિદ્દીન-દીનમાં જબરદસ્તી નથી. નાહક લોહી વહાવવું પણ હરામ છે. જો દુશ્મન સામે આવી જાય તો ત્રણ વાતો રજૂ

કરો, એક પણ વાત કબૂલ કરી લે તો તેની કતલ ન કરવી.

(૧) જો તે ઇસ્લામ લઈ આવે. અથવા (૨) વતન છોડીને મદીના આવી જાય તો મદીનામાં રહી શકે છે. મોહાજિરોને જે મળે છે. તે તેને પણ મળશે. પરંતુ તેને જેહાદમાં જવું પડશે. જો જેહાદમાં ન જાય તો બદ્દુ મુસલમાનોની જેમ તેને માલે-ગનીમતમાંથી કંઈ પણ મળશે નહિ. અથવા (૩) તે મુસલમાન ન થાય તો તેને એક મામૂલી રકમ વાર્ષિક રૂ. ૩.૨૫ (ત્રણ રૂપિયા ૨૫ પૈસા) જેટલો જઝિયાવેરો આપવો પડશે. જે યુવાન હોય અને કમાઈ શકતો હોય તેને જ આ વેરો લાગુ પડશે. ન કમાનારા, વૃદ્ધો અને બાળકો તથા સ્ત્રીઓ ઉપર

જઝિયાવેરો લાગુ પડશે નહિ. આના બદલામાં મુસલમાનો આ લોકોની હિફાઝત-રક્ષણ કરશે.

જો ઉપરોક્ત ત્રણ શરતોમાંથી એક પણ શરત દુશ્મન કબૂલ ન કરે તેવા સંજોગોમાં જ દુશ્મનની કતલ જાઇઝ ગણાશે.

હવે દરેક ઇન્સાફ પસંદ વ્યક્તિઓ ચિંતન-મનન કરે... જો જેહાદ લોકોને બળજબરીથી મુસલમાન બનાવવા માટે હોત તો પછી આ બધી શરતો લગાવવાની જરૂર જ શું હતી ? યહુદીઓ અને નસારા જેમણે ઇસ્લામ કબૂલ ન કર્યો હતો તેઓ રસુલુલ્લાહની હુકૂમતમાં આઝાદીથી રહેતા હતા. એક મુસ્લિમ અને બિન-મુસ્લિમમાં નાગરિક તરીકે કોઈ તફાવત ન હતો. કોઈ પણ યહુદી, નસારાની કતલ એટલા માટે નથી કરવામાં આવી

કે તે મુસલમાન નથી બનતો. ઇસ્લામ કબૂલ કરો કે ન કરો તમારી મરજી.

"લાઈકરાહફિદ્દીન" દીનમાં કોઈ બળજબરી નથી. જે લોકો ઇશાઅતે ઇસ્લામમાં રૂકાવટ પેદા કરતા હતા અથવા મુસલમાનોને સતાવતા હતા તેમના વિરૂદ્ધ તલવાર ખેંચવામાં આવતી.

પરંતુ અફસોસની વાત છે કે રસુલુલ્લાહ (સલ.) પછી આપના રૂહાની ખલીફા અલ્લાહ તરફથી નિયુક્ત ઇમામ અલી ઇબ્ને અબી તાલિબ (અલ.)નો હક મારી જે ખલીફાઓ સત્તા સ્થાને બેઠા તેમણે દુન્યવી ઢંગથી લડાઈઓ શરૂ કરી દીધી. દરિયાપારના દેશો ઉપર આક્રમક બનીને લશ્કરો રવાના કર્યાં. નિર્દોષ અને શાંત વસ્તીઓને આ ખલીફાઓએ ધમરોળી નાખી. જેથી ઇસ્લામ

તલવારથી ફેલાયાનો બદનુમા ડાઘ આજે ૧૫૦૦ વર્ષ પછી પણ ભૂંસાવાનું નામ લેતો નથી.

**(૪) રસુલુલ્લાહ (સલ.) જેહાદમાં જતી વખતે શું શું હિદાયતો કરતા ? આપની પદ્ધતિ શું હતી ? લડાઈ પહેલાં અને લડાઈ પછી આપ દુશ્મનોની સાથે કેવી વર્તણૂક કરતા.**

(૧) જ્યારે કોઈ દુશ્મન સાથે લડવું જરૂરી થઈ જાય તો અલ્લાહના હુકમાનુસાર અસહાબની સાથે મશ્વિરો કરતા.

(૨) જ્યારે કોઈ લશ્કર સાથે જાતે જવાનું હોય તો પોતે બધાથી પાછળ રહેતા. જેથી કોઈ થાકેલો પાકેલો ભૂલો ભટક્યો વ્યક્તિ પડાવના સ્થળે રહી ગયો હોય તો પોતાની સાથે લઈ જઈ શકાય.

(૩) જ્યારે જેહાદ માટે ચાલતા તો હથિયાર સજીને ચાલતા. હાથમાં ભાલો, ખભે કમાન, છાતી ઉપર ઝેરહ (બખ્તર) માથા ઉપર લોખંડની ટોપી (ખુદ), પીઠ ઉપર ઢાલ.

(૪) આગળ કોઈક એકાદ-બે જાસુસો મોકલીને દુશ્મનનોની પરિસ્થિતિનો તાગ મેળવતા, માહિતી મંગાવતા.

(૫) લશ્કરના આગળના ભાગમાં પસંદ કરેલા બહાદુર યોદ્ધાઓ રાખતા જેથી જો દુશ્મનો અચાનક હુમલો કરી બેસે તો તેઓ મુકાબલો કરી શકે.

(૬) પડાવના સ્થળે લશ્કરની આસપાસ અમૂક સિપાઈ રક્ષણ માટે નિયુક્ત કરતા. લશ્કરના પડાવની જગ્યાએ લશ્કરીઓ પોતપોતાના અંગત

કામો કરતા હોય છે. જેથી ઓચિંતા હુમલા વખતે સાવચેત કરી શકાય.

(૭) યુદ્ધના સ્થળે લશ્કરને એક જ જગ્યાએ ઊતારતા. જ્યારે યુદ્ધ શરૂ થાય તો જાતે સફો બનાવતા, સફોનું નિરીક્ષણ જાતે જ કરતા.

(૮) લડાઈ વખતે પોતાના લશ્કરના બહાદુર અને હિંમતવાન સૈનિકોને તેમના યોગ્ય સ્થાને નિયુક્ત કરતા.

(૯) બીજાઓની હિંમત વધારવા માટે પોતાની જાતને દુશ્મનોની નજીક જ રાખતા.

(૧૦) અસહાબની ઓળખ માટે તેમને અમૂક શબ્દો કે અમૂક વાક્યો શીખવતા. જેથી રાતની લડાઈ વખતે આ વાતની ખબર પડે કે આ આપણો માણસ છે. જેમકે ઉમ્મત, ઉમ્મત, મનસુર, મનસુર.

(૧૧) ચાલુ લડાઈ વખતે લશ્કરની પરિસ્થિતિની જાણ રાખવા આમતેમ ચાલતા, હરતા-ફરતા રહેતા.

(૧૨) જ્યારે જંગ શરૂ થઈ જાય તો અલ્લાહની બારગાહમાં જંગની જીત માટે દુઆ માંગતા.

(૧૩) લડાઈ શરૂ થતાં અગાઉ હુઝુરે અકરમ (સલ.) ઊંચા અવાજથી લશ્કરમાં એલાન ફરમાવતા કે ખબરદાર ! સ્ત્રીઓ અને બાળકોને કતલ ન કરશો. કોઈના નાક-કાન ન કાપશો.

(૧૪) વિજય પ્રાપ્ત થઈ ગયા પછી તે જગ્યાએ ત્રણ દિવસ સુધી રોકાતા. માલે ગનીમત એકત્ર કરાવતા. કતલ થયેલાઓનો પોશાક અને હથિયારો કતલ કરનારાઓને આપી દેતા.

(૧૫) માલે ગનીમતનો પાંચમો ભાગ અલ્લાહના નામનો કાઢતા. તે માલને ઇસ્લામની પ્રગતિ અને ફેલાવવા માટેના કાર્યોમાં ખર્ચ કરતા.

માલનો થોડોક ભાગ સ્ત્રીઓ, બાળકો અને ગુલામોને પણ આપતા. બાકીનો માલ લશ્કરને આ રીતે વહેંચી આપતા.

(૧) સવારોના ત્રણ ભાગ

(૨) પૈદલ લશ્કરનો એક ભાગ

જો સરય્યા રવાના કર્યો હોય તો ફોજના જનરલને હિદાયત ફરમાવતા.

(૧) બિસ્મીલ્લાહ કહીને રાહે ખુદામાં કદમ જમાવો.

(૨) નાસ્તિકો જે તમારા રસ્તાના પથ્થર બને તેમને કતલ કરી નાખજો.

(૩) માલે ગનીમતમાં ચોરી ન કરશો.

(૪) દુશ્મન સાથે જે કોલ-કરાર થઈ જાય પછી તેના પાબંદ રહેજો. દુશ્મનોના નાક-કાન ન કાપશો.

(૫) સ્ત્રીઓ અને બાળકો ઉપર હાથ ન ઉઠાવશો.

(૬) દુશ્મન લડવા માટે સામે આવી જાય તો જ યુદ્ધ કરજો, નહીં તો કોઈ પણ શાંત અને નિરૂપદ્રવી આબાદી ઉપર હુમલો કરશો નહિ. દુશ્મન યુદ્ધ કરવા ઇચ્છે જ તો તેમને ત્રણ વાતો રજૂ કરજો, જો માની લે તો યુદ્ધ ન કરશો.

(૧) મુસલમાન થઈ જાઓ - જો માની લે તો પછી તેમના ઉપર તલવાર ન ચલાવશો.

(૨) જો મુસલમાન ન થાય પરંતુ પોતાનું વતન છોડીને મદીના આવી જાય અને અમારા રક્ષણમાં રહે. આ પરિસ્થિતિમાં તેમને તે મળશે જે મોહાજેરીનને મળે છે. એટલે કે માલે ગનીમત.

પરંતુ જેવી રીતે મોહાજેરીન ઉપર જેહાદ કરવો વાજીબ છે. એમના ઉપર પણ વાજીબ થશે. જો તેઓ જેહાદ પર જવાનું પસંદ ન કરે તો બદ્દુ મુસલમાનોની જેમ રહી શકશે. વળી માલે ગનીમત (યુદ્ધથી જીત પછી મેળવેલો માલ) અને સુલેહ દ્વારા મેળવેલા માલમાંથી એમને કંઈ પણ મળશે નહિ.

(૩) જો મુસલમાન ન થાય અને જેહાદમાં પણ ન જાય તો આ પરિસ્થિતિમાં એમને જઝિયાવેરા તરીકે એક ટેક્ષ ભરવો પડશે. વાર્ષિક ત્રણ રૂપિયા અને ચાર આના જેટલો વેરો ચૂકવવો પડશે. આ વેરો જેને જઝિયાવેરો કહેવાય છે, તેના બદલામાં મુસલમાનોની વસ્તીમાં રહેતા બિનમુસ્લિમોનું રક્ષણ મુસલમાનો કરશે. તેઓને જેહાદમાંથી મુક્તિ મળશે.

તેઓ અમનો અમાનમાં આઝાદી સાથે જીવન ગુજારશે.

વળી જઝિયાવેરો કમાઈ શકતા યુવાન પુરૂષો ઉપર જ લાગુ થશે. બીમાર, કમજોર, ન કમાઈ શકે એવા બિન મુસ્લિમોને તથા વૃદ્ધો, કમજોરો, સ્ત્રીઓ અને બાળકોને આ વેરો માફ ગણાશે. જો યુદ્ધમાં પરાજિત બિન મુસ્લિમો ઇસ્લામ પણ ન લાવે, મુસલમાનો સાથે જેહાદમાં પણ ન જાય. વળી યુવાન અને કમાતા હોવા છતાં જઝિયાવેરો પણ ન ચૂકવે તો આ પરિસ્થિતિમાં તેમની કતલ કરવામાં આવશે. જેથી તેમના ફિત્નાથી છૂટકારો મળે.

## (૫) જઝિયાવેરો શું છે ? શા માટે છે ?

પેગંબરે ઇસ્લામનું દરેક ફરમાન ઇન્સાનના હકોનું રક્ષણ છે. બિન-મુસ્લિમોમાં જે લોકો ઇસ્લામ કબૂલ કરતા ન હતા અને ઇસ્લામી મુલકમાં હિફાઝત સાથે રહેવા ઇચ્છતા હતા તેઓ માટે આ કાયદો બનાવવામાં આવ્યો કે તેઓ ઇસ્લામી લશ્કરના ખર્ચ પેટે કંઈક વાર્ષિક રકમ ટેક્ષ રૂપે ચૂકવે. જે કોમો મુસલમાનોના રક્ષણમાં આવી જતી હતી તે કોમો માટે મેદાને જંગમાં જવું જરૂરી હતું. તેઓ જંગમાં જવાથી બચવા માટે આ જઝિયાવેરો (ટેક્ષ) ચૂકવતા.

ઇસ્લામની શરૂઆતના વિજયોના મામલામાં લખ્યું છે કે ઈસાઈઓને મિસ્ટર ઓરનલ્ડે પ્રેચીંગ ઓફ ઈસ્લામમાં કોઈપણ પ્રકારની ફરિયાદ ન હતી.

આ વાત સાચી છે કે તેઓને જઝિયાવેરો દેવો પડતો હતો. પરંતુ તે એટલો ઓછો હતો કે તેઓને ભારે ન પડતો. તેનો ફાયદો આ બિન-મુસ્લિમોને આ હતો કે તેઓને ફોજમાં ભરતી થવામાંથી છૂટ મળતી હતી. જે દરેક મુસલમાન ઉપર જરૂરી હતી. લડાઈમાં જવા માટેની માફી મળતી. જ્યારે કે મુસલમાનો વાર્ષિક ઝકાત પણ આપતા અને યુદ્ધમાં પણ જતા. બલકે તેમને ઝકાત આપવી અને યુદ્ધમાં જવું ફરજિયાત છે.

જઝિયાવેરો માલદારો, સામાન્ય દરજ્જાના ગરીબ ન ગણાય એવા મધ્યમ વર્ગીય લોકો અને ગરીબો-ખેડૂતો માટે ત્રણ અલગ અલગ રકમનો જઝિયાવેરો હતો. તે જમાનાની પરિસ્થિતિને જોતાં ગરીબોનો જઝિયાવેરો ઘણો જ મામૂલી હતો. ગરીબ

ખેડૂતો અનાજ કે, ઢોરઢાંખર કે બીજી અન્ય કોઈ ખેતી વિષયક પેદાવાર પણ જઝિયાવેરા તરીકે આપી શકતા.

સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધો, ફકીરો, અંધજનો, ખોડખાંપણવાળા, લૂલા-લંગડા લોકો, પાગલો વગેરે પાસેથી જઝિયાવેરો લેવામાં આવતો ન હતો. યુવાન કમાતા વ્યક્તિ પાસેથી જ જઝિયાવેરો વસૂલ કરવામાં આવતો. આ બાબત પણ ઘણી જ નરમીથી કામ લેવામાં આવતું. ઉઘરાણીમાં સહેજે સખ્તી વર્તવામાં આવતી નહિ. બલકે પેગંબરે ઇસ્લામનો હુકમ હતો કે કોઈને પણ જઝિયાવેરો તાત્કાલિક ચૂકતે ન કરવા ઉપર મારશો-પીટશો નહિ. જઝિયાવેરો તે તમામ કોમો પાસેથી લેવામાં આવતો જેઓ મુસલમાન ન હતા અને ફોજમાં

ભરતી થવાનું પસંદ કરતા ન હતા. જઝિયાવેરાની બધી જ રકમ સરહદોના રક્ષણ માટે, લશ્કરના ખર્ચ માટે, સરહદો ઉપર લશ્કરને પડાવ નાખવા માટેની જરૂરી સહુલતો ઉપલબ્ધ કરવામાં વપરાતી.

# પ્રકરણ : ૨૧ : ગઝવાત અને સરાયાની શરૂઆત

મક્કાના કુરેશીઓ જેઓ ઇસ્લામના ઇન્કારી હતા. તેઓના દીલોમાં ઇસ્લામ દુશ્મનીની આગ સળગતી હતી, તે કોઈ પણ રીતે બુઝાવાનું નામ લેતી ન હતી. અબુ સુફયાન, અબુ લહબ, અબુ જહલ હંમેશા આ કોશિશમાં રહેતા હતા કે કોઈ પણ રીતે મુસલમાનો સાથે એક આરપારની લડાઈ થઈ જાય. તેઓ મક્કાની આસપાસના કબીલાઓમાં જઈ જઈને લોકોને મુસલમાનોના વિરૂદ્ધ ભડકાવતા હતા. આ રીતે સૌ પ્રથમ તેમણે પટાવી સમજાવીને બની ઝિમર કબીલાને પોતાની સાથે લઈ લીધો. આ ઘટના હિઝરી સન ૨ ની છે.

## (૧) ગઝવએ અબવા

આ લોકો મકામે અબવા ઉપર એકત્ર થયા હતા. આપ (સલ.)ને આ બાબતની જાણ થઈ. આપ (સલ.) પોતાની જગ્યાએ મદીનામાં સઅદ બિન અબાદહને નિયુક્ત કરીને ૨૦૦ માણસોની સાથે અબવા પહોંચ્યા. આપ (સલ.) બની ઝિમરની સાથે વાટાઘાટો કરવા માટે ગયા હતા. તે સમયની પરિસ્થિતિ અને રિવાજ અનુસાર સાથે માણસો લઈ જવા જરૂરી હતા. જ્યારે આપ (સલ.) ત્યાં પહોંચ્યા, તો તેઓ શરમાયા. રસુલુલ્લાહની સાથે સુલેહનો મુઆહેદો કર્યો કે અમે ન કુરૈશને સાથ આપીશું ન મુસલમાનોને, ઇબ્ને ખલદુન લખે છે કે આ ગઝવામાં હમ્ઝા બિન અબ્દુલ મુત્તલિબ અલમદાર

હતા. આ સૌથી પ્રથમ અલમ છે જે ઇસ્લામે તૈયાર કર્યો હતો.

## (૨) સરય્યા રાબેગ

અબુસુફયાન અને ઈકરમા ઇબ્ને અબુજહલની સરદારીમાં કુરેશની એક લશ્કરી ટૂકડી મુસલમાનો ઉપર હુમલો કરવા માટે મક્કાથી ચાલી. હુઝુર (સલ.) એ એમના મુકાબલા માટે ૬૦ મુસલમાનોને અબુ ઓબયદા બિન હારિસ (રઝિ.)ની સરદારીમાં મોકલ્યા. બતને રાબેગ નામના સ્થળે બંને વચ્ચે અથડામણ થઈ. બંને તરફથી તીરો ફેંકાયા. દુશ્મનો પીછેહઠ કરી ગયા અને પાછા મક્કા ભાગી ગયા. જાનહાનિ અંગે બંને પક્ષે કોઈ રિવાયત મળતી નથી. કિતાબ હબીબુસ્સીરની રિવાયત

અનુસાર મુસલમાનોની ટુકડીના અલમદાર મસતહ બિન અષાષા હતા.

## (3) સરય્યા સૈફૂલ બહર

કુરૈશ વેપારના સામાન સાથે મક્કા જઈ રહ્યા હતા. તેમનામાં અબુજહલ પણ હતો. હઝરત હમઝા (રઝિ.)ને 30 મુહાજિરોની સાથે તેમના મુકાબલા માટે મોકલવામાં આવ્યા. સમંદરના કિનારે સૈફુલબહર નામના સ્થળે બંને ટૂકડીઓ આમને-સામને આવી ગઈ. લડાઈ થવાની તૈયારી હતી. પરંતુ જદીન ઉમર જહની નામનો વ્યક્તિ મુસલમાનો અને કાફિરો બંનેનો હલીફ હતો. બંને પક્ષે એવા માણસો હતા. જેમની સાથે જદીનને રક્ષણ કરવાના કોલ-કરાર હતા તે વચ્ચે પડ્યો.

લડાઈ થવા પામી નહિ. આ સરય્યામાં મુસલમાનોના અલમદાર અબુ મુરષદ ગનવી હતા.

## (૪) સરય્યા ખિરાર

કુરૈશના એક કાફલાની ખબર મળતાં ૨૦ મોહાજેરીનની એક ટૂકડીને સઅદ બિન અબી વક્કાસના હાથ નીચે રવાના કરવામાં આવી. ખિરાર નામના સ્થળે પહોંચ્યા ત્યાંથી માલૂમ પડ્યું કે કુરેશનો કાફલો નીકળી ચૂક્યો છે.

આ ઘટના હિજરી સન-૨ ની છે.

## (૫) ગઝવએ બવાત

આપ (સલ.) ૨૦૦ સહાબાને લઈને કુરેશના એક કાફલાની શોધમાં નીકળ્યા. પરંતુ બવાત નામના સ્થળ સુધી જઈને પાછા ફર્યા. આ ઘટના પણ હિજરી સન-૨ ની છે.

## (૬) ગઝવએ ઝુલઅશીરહ

જમાદિઉલ અવ્વલ હિજરી સન-૨ માં મદીનામાં ખબર પહોંચી કે અબુસુફયાન ઘણા બધા કુરેશીઓને લઈને વેપાર અર્થે મુલકે શામ જઈ રહ્યો હતો. લગભગ બસો મોહાજિર અને અનસારને લઈને પેગંબરે ઇસ્લામ તેની શોધમાં નીકળ્યા. હઝરત હમઝા (રઝિ.) અલમદાર હતા. હઝરત અલી (અલ.) પણ સાથે હતા. ઝુલઅશીરહ પહોંચીને ખબર પડી કે કાફલો નીકળી ચૂક્યો છે. તારીખે ખમીસ જિલ્દ અવ્વલ પેજ નંબર ૪૦૯ ઉપર છે કે રસ્તામાં એક ઝાડ નીચે હઝરત અલી (અલ.) સૂઈ ગયા હતા. આપ (સલ.)એ જોયું કે શરીર ઉપર માટી લાગેલી છે. આપ (સલ.)એ ઘણાં જ પ્યારથી હઝરત અલી (અલ.)ને "અબુ તુરાબ"

કહીને પોકાર્યા. તે દિવસથી હઝરત અલી (અલ.)ની આ જ કુન્નીયત બની ગઈ, અબુ તુરાબ. હઝરત અલી (અલ.) આ નામથી ઘણાં જ ખુશ થયા હતા. જો કે બની ઉમય્યા નફરતની દૃષ્ટિમાં હંમેશા હઝરત અલી (અલ.)ને ‘અબુ તુરાબ’ જ કહેતા હતા.

વિચારો... જાહેરમાં તો આ બાબત આ લોકોનો હેતુ હઝરત અલીની તોહીન (બેઈઝ્ઝતી) કરવાનો હતો, પરંતુ અપ્રત્યક્ષ રીતે (બાતીનમાં) બની ઉમય્યાનું આમ નફરતથી બોલાવવું જનાબ રસૂલે ખુદા (સલ.)ની તોહીન થતી હતી.

## (૭) ગઝવએ બદરૂલ ઉલા

આ ઘટના હિઝરી સન ૪ ની છે. હજી ઝુલ અશીરહથી આવવાને ફક્ત દસ જ દિવસ થયા

હતા. ઝિબન જાબીર ફહરી મદીનાની નજીકથી બલકે મદીનાના પાદરમાંથી રસુલુલ્લાહ (સલ.)ના ઊંટ હંકારીને લઈ ગયો. વળી ઇતિહાસકાર ઇબ્ને ખલદુનની રિવાયત અનુસાર આ ઘટના રાતની છે. રાતના અંધારામાં તેણે છાપો માર્યો હતો. મતલબ તે હુમલો કરવા આવ્યો હતો. મદીનાની બહાર ઊંટો જોઈ લેતાં તે લઈને ભાગી છૂટ્યો. આપ (સલ.) તેનો પીછો કરવા નીકળ્યા. અલમદાર હઝરત અલી (અલ.) હતા. બદરના ઝરણા સુધી રસૂલે પીછો કર્યો. પરંતુ ફહરીનો કોઈ પત્તો લાગ્યો નહિ. જેથી પાછા ફર્યા. આ ઘટનાને બદરે સુગરા પણ કહે છે.

## (૮) સરય્યા બતને નખલા

આપ (સલ.) મક્કાવાસી કુરૈશીઓની વારંવારની રંઝાડથી ખૂબ ત્રાસી ગયા હતા. વારંવારના હુમલા, વાડીઓ અને પાકને બગાડવું, ઢોરઢાંખર, ઘેટાંબકરાં અને ઊંટોની ડકેતી કરવી, વગેરે દ્વારા આ લોકો મુસલમાનોને ચેનથી જીવવા દેતા ન હતા. એકલ દોકલ મુસલમાનનો જો મક્કા-મદીનાના સરહદી ઇલાકામાં ભેટો થઈ જાય તો તેને હેરાન કરતા, મારતા, વળી મારી પણ નાખતા જેથી મદીનાની ચારે તરફ આ બાબતની ચોકસી કરવી જરૂરી હતી કારણ કે જે કંઈ હુકૂમત હતી તે આ જ હતી.

એક વખત આપ (સલ.)એ પોતાના ફોઈના દીકરા અબ્દુલ્લાહ બિન જહશ (રઝિ.)ને ૧૨

અસહાબની સાથે મક્કા તરફ મોકલ્યા. વળી એક લખાણ પણ તેમના હાથમાં આપ્યું. ફરમાવ્યું : બે દિવસ સુધી બરાબર ચાલતા રહેજો. પછી આ લખાણ વાંચજો અને તેના ઉપર અમલ કરશો.

અબ્દુલ્લાહ રવાના થયા, બે દિવસ ચાલ્યા પછી લખાણ ખોલ્યું, વાંચ્યું, લખ્યું હતું કે બતને નખલા સુધી જઈને ઊતરી જશો. પછી ત્યાં રોકાઈને કુરૈશના કાફલાની રાહ જોશો. વળી તેમના વિશે બીજી જે કંઈ ખબરો મળે તે મેળવીને અમને અહીં મોકલતા રહેજો, તમારા સાથીઓને આગળ વધવા ઉપર મજબુર ન કરશો. (આ છેલ્લા વાક્યથી માલુમ પડે છે કે ફક્ત કુરૈશના કાફલાની ખબરો મેળવવા માટે મોકલ્યા હતા).

અબ્દુલ્લાહે આ લખાણ પોતાના સાથીઓને પઢીને બતાવી જણાવ્યું કે મને ફક્ત બતને નખલા સુધી જ જવાની ઇજાઝત છે. આ હુકમાનુસાર તમારામાંથી જે ઇચ્છે તે મારી સાથે ચાલે, બધા જ સાથીઓ સાથે ચાલ્યા. બતને નખલા પહોંચી ગયા. અહીં તાઈફના રસ્તે આવતા ચાર મુશરીકોથી ભેટો થયો. જેઓ મુનક્કા (દ્રાક્ષ) લઈને આવતા હતા. મુસલમાનોએ તેમના ઉપર હુમલો કર્યો. આ હુમલામાં ઉમર બિન અબ્દુલ્લાહ ખઝરમી માર્યો ગયો. બે મુશરીકો ઉસ્માન બિન અબ્દુલ્લાહ મખઝુમી અને હકમ બિન કિસાન કેદ પકડાયા. નૌફલ બિન અબ્દુલ્લાહ મખઝુમી ભાગી છૂટ્યો. ઘણો બધો માલ મુસલમાનોના હાથ લાગ્યો.

અબ્દુલ્લાહે મદીના પાછા ફરીને ખુમ્સનો પાંચમો હિસ્સો માલે ગનીમતમાંથી પેગંબરે ઇસ્લામની સેવામાં રજૂ કર્યો. બાકીના ચાર ભાગ અંદરોઅંદર વહેંચી લીધા. આપ (સલ.)એ માલે ગનીમત લેવાની ના પાડી. વળી અબ્દુલ્લાહથી ઘણી જ નારાજગી અને ગુસ્સા સાથે જવાબ માંગ્યો. ફરમાવ્યું : તમને હુમલો કરવાનો હુકમ જ ન હતો. તમોએ મારી ચિઠ્ઠીના હુકમની ધરાર અવગણના કરી છે. હવે પછી તમને કોઈ પણ કાર્ય સોંપી શકાય નહિ. કુરેશનો જે વ્યક્તિ માર્યો ગયો હતો તેનો ખું-બહા પણ આપી દેવાનો પેગંબરે હુકમ કર્યો. તરત જ પેગંબરના માલમાંથી મરનારના વારસોને તેમણે જે માંગ્યો તે ખુંબહા (ખૂનનો બદલો) પણ આપી દીધો. આપ (સલ.)એ દિલગીરી પણ વ્યક્ત કરી.

# પ્રકરણ : ૨૨ : ગઝવએ બદર (કુબરા)

મદીનામાં ઇસ્લામનો ફેલાવો, મુસલમાનોનું શાંતિથી રહેવું, કાફિરોની બેચેની.

મદીનાની હિજરત પછી મુસલમાનોને ઘણી જ શાંતિ થઈ ગઈ. રોજરોજ નવા નવા માણસોેે ઇમાન લાવતા. જેથી મુસલમાનોની સંખ્યામાં દિન-બ-દિન વધારો થવા લાગ્યો. પેગંબરે ઇસ્લામ અહીં મદીનામાં શાંતિથી તબ્લીગ કરતા, ઝુલમથી છુટકારો થયો હતો. આ વાતથી મક્કાના દુશ્મનોને ઘણી જ ખટકતી હતી. સરય્યા બતને નખલાના એક કુરૈશીના માર્યા જવાથી આ લોકોના ઝખમ ઉપર મીઠું પડ્યું. જો કે મરનાર વ્યકિતના ખૂં-બહા પણ પેગંબરે ઇસ્લામે તેના વારસોને આપી દીધો

હતો. આ દરમિયાન એક ખબર વહેતી થઈ કે અબુસુફયાનની સાથે વેપારી કાફલો શામથી પાછો આવી રહ્યો છે. તેમાં તમામ કુરેશનો માલ છે. મુસલમાનો તેના ઉપર હુમલો કરવાના છે.

બસ પછી તો પૂછવું જ શું ? જાણે જંગલમાં આગ લાગી ગઈ. અબુજહલે આ આગ ઉપર વધારે તેલ રેડ્યું. ઘણી જ ઝડપથી લડાઈની તૈયારીઓ શરૂ કરી દીધી. તબકાત ઇબ્ને સઅદ ભાગ-૨ પેજ નં. ૭ ઉપર છે કે "મક્કાના દરેક કુરેશીના ઘરમાં જે કંઈ હતું તે બધું જ લડાઈ માટે સાથે લઈ લીધું." અરબની ઇસ્લામી ચળવળને ખતમ કરવા માટે મક્કાનો એક એક કુરેશી સ્ત્રી-પુરૂષ કટિબદ્ધ હતો. ઇસ્લામને કચડી નાખો. અબુજહલ એવી ડંફાશો

મારતો હતો કે એવી મોટી ફ્રોજ લઈને જઈ રહ્યો છું કે મુસલમાનોનું નામો નિશાન મટી જશે.

તારીખે તબરીના વર્ણાનુસાર બદરનું યુદ્ધ અબુસુફયાન અને તેના સાથીઓના શામથી રવાના થતાં અગાઉ થઈ ચૂક્યું હતું.

(ઉસ્વએ રસૂલ ભાગ-૨, પેજ નં. ૩૭૪)

જ્યારે આ ખબર રસુલુલ્લાહ (સલ.) સુધી પહોંચી તો આપ (સલ.)ને પણ મુકાબલો કરવા માટેની તૈયારી કરવી પડી. આ બાબતમાં સૌથી વધારે વિચારવાની વાત આ હતી કે મુકાબલો શહેરની અંદર કરવામાં આવે કે શહેરની બહાર ? શહેરની અંદર રહીને મુકાબલો કરવો ખતરાથી ખાલી ન હતો. હજી તો મુસલમાનોને મદીનામાં સ્થાયિત્વ પ્રાપ્ત થયું ન હતું. હજી આ લોકોને

મદીનામાં સ્થિરતા કે શાંતિ મળી ન હતી. વળી હજી તો મોહાજેરીન જેઓ મક્કાથી ઇમાનની મહબ્બતમાં મદીના આવ્યા હતા તેઓ તો જરાયે ઠરીઠામ થયા ન હતા. હજી તેઓ મદીનાના મુસલમાનોના આશ્રિત જેવું જીવન જીવતા હતા. જો કે મદીનાના કેટલાક કબીલા ઇમાન લઈ આવ્યા હતા. છતાંય આ સંખ્યા ઘણી જ થોડી હતી. બીજી વાત બહુમતિ બિન-મુસ્લિમોની હતી. તેઓ મદીનાના મુસલમાનો કરતાં મક્કાના બિન મુસ્લિમોને વધુ ચાહતા હતા. આ વાતનો મજબુત શક હતો કે તેઓ દુશ્મનોનો સાથ આપીને મુસલમાનોને તબાહ-બરબાદ ન કરી નાખે. જેથી આપ (સલ.)ને આ જ વાત યોગ્ય જણાઈ કે કુરૈશથી મુકાબલો શહેરની બહાર જઈને કરવામાં આવે.

અલ્લાહતઆલાનું આ ફરમાન પણ ઘણું જ સ્પષ્ટ છે.

**વલકદ નસરકોમુલ્લાહો બેબદરીંવ વઅનતુમ અઝીલ્લતુન, ફત્તકુલ્લાહ લઅલ્લકુમ તશકોરૂન.**

(સૂરએ આલે ઇમરાન આ.નં. ૧૨૨)

અય મુસલમાનો ! અલ્લાહે જંગમાં તમારી મદદ કરી જો કે તમો દુશ્મનના મુકાબલામાં ઘણાં જ થોડા હતા. (છતાં પણ અલ્લાહે ફતેહ આપી) જેથી તમે અલ્લાહથી ડરતા રહો. અને તેના શુક્રગુજાર બંદા બની જાઓ.

# પ્રકરણ : ૨૩ : પેગંબર (સલ.)ના જમાનાની લડાઈઓ

પ્યારા રસૂલ હઝરત મોહંમદ (સલ.) નુબુવ્વતની જાહેરાત પછી તેર વરસ સુધી મુશ્રીકીને મક્કાના ઝુલમો સહન કરતા રહ્યા અને જ્યારે મક્કાથી હિજરત કરીને મદીના તશરીફ લઈ ગયા તો ત્યાં કુફ્ફાર અને મુશરેકીન સાથે રક્ષણાત્મક લડાઈઓ લડવી પડશે તેવો ખ્યાલ પણ આપ (સલ.)ને ન હતો.

મુશરેકીને મક્કા જેઓ વારંવાર પોતાના દાવપેચોમાં નિષ્ફળ જતા હતા. જેઓ જાની દુશ્મન હતા. આપ (સલ.)નો જીવ બચાવી મદીના ચાલી

જવાથી તેઓ ગુસ્સામાં પાગલ જેવા થઈ ગયા હતા.

મુસલમાનોને અને તેમના રસૂલને ઘરથી બેઘર કર્યા. મુસલમાનો પોતાના સુંદર ઘરો, રાચરચીલું, અનેક પ્રકારનો સામાન, ઢોરઢાંખર વગેરે સર્વે ચીજો મક્કા છોડીને આવ્યા હતા. આ મક્કાવાસીઓએ તે બધા ઉપર પણ પોતાનો કબજો જમાવી લીધો હતો. કે' લાક મુહાજેરોના કાફિર રીશ્તેદારોએ ઘર અને સામાન હડપ કરી લીધાં, તો વળી કે' લાકના મહોલ્લાવાળાઓએ મુહાજેરોની માલ-મીલકત ઉપર કબજો જમાવી લીધો.

જ્યારે આ લોકોએ જોયું કે મદીનાવાસીઓએ મુસલમાનોને શરણ આપ્યું છે. તો આ ઘરબાર વગરની નાની જમાતને પોતાની

શયતાની શક્તિઓ વડે કચડી નાખવાની કસમો ખાઈ બેઠા. હવે આ ઝાલીમો આ જીદ લઈ બેઠા કેસમગ્ર અરબની ધરતી ઉપર ક્યાંય પણ ઈસ્લામને ઠહેરવા નહીં દઈએ. એના મુળિયાં ઉખેડીને ફેંકી દઈશું.

પેગંબરે ઈસ્લામે મક્કાની તેર વરસની જિંદગીમાં શાંતિ અને અમન સાથે એક પુરઅમન ઈન્કિલાબ પેદા કરવાની કોશીશ કરી હતી. તેમાં આપ (સલ.)ને નિષ્ફળતા મળી હતી. આ ઝાલીમો દુશ્મની ઉપર ઊતરી પડ્યા હતા. ૧૩ વરસ રસૂલે અને સહાબાએ માર ખાધો. રક્ષણાત્મક કાર્યવાહી પણ શક્ય એ' લા પ્રમાણમાં પુરઅમન રહી. સમજાવતા રહ્યા, પેગંબર (સલ.)ની આ રહમદીલીની આ પથ્થરદીલ ઈન્સાનો ઉપર કોઈ

અસર ન થઈ. તો આપ (સલ.) એ ઈસ્લામ લાવવાના હેતુથી એમ ઈચ્છ્યું કે પોતાના મિશનનું કેન્દ્રસ્થાન મક્કા બદલીને મદીના બનાવે. મદીનાની હિજરતથી મિશનની કાર્યવાહીને વેગ મળે- ઈસ્લામનો ફેલાવો થાય તે હતો - ન કે પોતાની જાન બચાવી લેવાનો. પેગંબર (સલ.)નો ઈરાદો તો મદીના જવાનો ક્યારનોય હતો. તેથી તો આપે સહાબાને મદીનાની હિજરતનો હુકમ આપી દીધો હતો. છેવટે હિજરતની રાતે અલ્લાહે પણ આપને મક્કા છોડવાનો હુકમ આપી દીધો.

હવે જ્યારે આપ (સલ.) મદીનામાં સ્થાયી થયા તો આપ (સલ.) એ જોયું કે અહીં મદીનામાં યહુદી કબીલાઓ વસે છે. શક્ય છે કે ભવિષ્યમાં તેઓ સાથે પણ કોઈ ટકરાવ ઊભો ન થાય, તે માટે

આપે તેમની સાથે પણ સુલેહના મુઆહેદા-દસ્તાવેજ કર્યા. આપ (સલ.) હરગિઝ ઇચ્છતા ન હતા કે જંગની નોબત આવે-નાહક લોહી વહે, શરપસંદી, ફીત્નાઅંગેઝી આપ (સલ.)ને સહેજે પસંદ ન હતી. નબી કે ઈમામ કદી દંગા-ફસાદ-લડાઈ ઈચ્છતા હોતા નથી. તેઓની તો ચોવીસ કલાકની ચિંતા ઈન્સાનોની હિદાયત હોય છે. ખુદાપરસ્તી હોય છે.

પરંતુ મુશરેકીને મક્કાએ મુસલમાનોને મદીનામાં પણ સૂકૂનથી રહેવા ન દીધા. કેટલાક બદમાશોએ તો સહાબાને સંદેશા મોકલ્યા હતા કે તમો મદીનામાં કેવી રીતે શાંતિથી જીવો છો તે અમે જોઈએ છીએ. મક્કાના કાફિરો એક ખાસ પ્રકારની માનિસક્તાથી પીડાતા હતા. જેથી તેમણે મદીનાના મુસલમાનો ઉપર જાતજાતના હુમલા શરૂ કરી

દીધા. તેમના ઘેટાંબકરાં ચોરી લાવતા, મારી નાખતા, તેમના ઊંટોને મક્કા તરફ હંકારી જતા. તેમના માલ-મીલકત લૂંટી લેતા, કાફલાઓમાં જો કોઈ મુસલમાન હોય તો તેને ઓળખીને લૂંટી લેતા. મતલબ પ્રકાર પ્રકારની રીતે મદીનામાં પણ મુસલમાનોને તબાહ-બરબાદ કરવાના તેમના પેંતરા ચાલુ રહ્યાં.

પેગંબરે ઈસ્લામ, પ્યારા રસૂલ હઝરત મોહંમદ (સલ.) કે જેમણે મક્કામા તેર તેર વરસો સુધી આ લોકોના જુલમો સહન કરવા છતાં ન તો કોઈ બદલો લેવાનું ઈચ્છું ન તો કોઈ હુમલાનો રક્ષણાત્મક તરીકો અપનાવ્યો. ફક્ત જુલમો સહન કરતા રહ્યા. પરંતુ જ્યારે મદીના આવ્યા પછી પણ મક્કાના કાફીરો શાંતિથી ન બેઠા અને મદીનામાં

પણ આ લોકોને હેરાન-પરેશાન કરતા રહ્યા. અહીં સુધી કે મદીનામાં આવીને પણ આ ઈમાનના બીજોએ બે વરસ સુધી કુફ્ફારના જુલમો સહન કર્યા. પરંતુ જ્યારે લડાઈ આ લોકો ઉપર થોપી દેવામાં આવી-લડાઈ કરવા માટે મજબૂર કરવામાં આવ્યા. ત્યાં સુધી આપ (સલ.) એ જંગનું નામ પણ નથી લીધું. બલ્કે બદલાની પણ કોઈ કાર્યવાહી કરી નથી. જ્યાં સુધી આપ (સલ.)ને જંગ કરવા માટે મજબૂર નથી કર્યા, ત્યાં સુધી આપે કોઈને લડવાની કે બદલો લેવાની છૂટ પણ આપી નથી. સહાબાની ફરીયાદો ઉપર આપ (સલ.) સબ્ર કરવાનું કહેતા.

જ્યારે પરવરિદગારે આલમે આ પરિસ્થિતિ જોઈ તો ઈરશાદ ફરમાવ્યો :

**ઉઝેન લિલ્લઝીન યોકાતલુન બેઅન્નહુમ ઝોલેમુ વ ઈન્નલ્લાહ અલા નસરેહીમ લકદીર. .**

(સુરા હજ આયત નં. ૩૯)

**અર્થાત્** : “જે મુસલમાનોની વિરૂધ્ધ કાફિરો લડા કરે છે. હવે તેમને પણ જંગની છૂટ આપવામાં આવે છે. એટલા માટે કે તેમના ઉપર અત્યાચારો થયા છે. અને ચોક્કસ અલ્લાહ તેમની મદદ કરવા ઉપર શક્તિમાન છે.”

આ વાત કોઈ છાની-છપની નથી કે કાફિરોએ પ્રથમ મુસલમાનોને વતનથી બેવતન કર્યા. ત્યાર પછી પણ તેમના ઉપર હુમલા કરીને તેમને ખતમ કરી નાખવાનું ઈચ્છું. તેમનું જીવન અસલામત બનાવી દીધું. તેમના અસ્તિત્વ માટે ખતરો ઊભો થઈ ગયો. આ પરિસ્થિતિમાં પણ તેઓ

પંદર પંદર વરસ સબર કરતા રહ્યા. લુંટાતા રહ્યા, કુટાતા રહ્યા, માર ખાતા રહ્યા, માલ-મીલકત ગુમાવતા રહ્યા, બેશક ઈસ્લામ અમન અને સલામતીનો મઝહબ છે. ઈસ્લામ સુલેહ શાંતિનો સંદેશ છે. તેનો મતલબ આ તો નથી કે દુશ્મનો તેમનું અિસ્તત્વ મિટાવી દે, અલ્લાહની જમીન ઉપર તેમના જીવવાના હકો છીનવી લે, તેમના ઘરોમાં જઈને તેમને મારી આવે. અલ્લાહે મઝલૂમને હક આપેલો છે કે તે દુશ્મનનો મુકાબલો કરે, પોતાની જાનો-માલનું રક્ષણ કરે. જે જમાતના જીવવાનો - અરે ! તેનો શ્વાસ લેવાનો હક પણ છીનવી લેવામાં આવે, તેને નેસ્તનાબૂદ કરી દેવાના મનસુબા બનાવવામાં આવે, તો તેનો મુકાબલો કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ જ રહેતો નથી.

અહીં તો ૧૫-૧૫ વર્ષ મુસલમાનોએ માર ખાધો છે. રક્ષણાત્મક કાર્યવાહી સુધ્ધાં કરી નથી. વતનથી પણ બેવતન થઈ ગયા. આવી પરિસ્થિતિમાં જરૂરી છે કે ઝાલીમોની ટક્કર લેવામાં આવે. તેમની આગેકૂચને રોકવામાં આવે. મુકાબલો કરવામાં આવે. તો આ લોકો ગુનેહગાર નહીં ગણાય. પોતાનું રક્ષણ કરવું ઈન્સાનનો હક બને છે. પોતાના હક્કો, અમલ અને અકીદાની આઝાદીનું રક્ષણ પણ પોતાના ઉપર વાજીબ છે. તો કોઈપણ જમાત પોતાના અકીદા અને અમલની આઝાદી માટે લડે તો તે કસૂરવાર નથી ગણાતી.

ઈસ્લામ મુસ્લિમ શબ્દથી છે. જેનો અર્થ સુલેહ શાંતિ થાય છે. તેના નામ પરથી જ સ્પષ્ટ થાય છે કે ઈસ્લામ પાયાની રીતે જ ખૂનરેઝીનો

વિરોધી છે. શાંત વસ્તીઓ ઉપર હુમલા કરવા, વિસ્તારવાદી જંગ કરવી, વગેરેનો દુશ્મન છે. સમગ્ર વિશ્વ માટે ઈસ્લામ સલામતિનો સંદેશ છે. અહીં મુશરીકો પોતાના મકસદોમાં નાકામ્યાબ રહ્યા, ઈસ્લામને કચડી નાખવા તત્પર થયા તો તે ફેલાતો ગયો. પેગંબરે ઈસ્લામને ખતમ કરવા મન્સૂબો બનાવ્યો, તેમાં પણ નિષ્ફળ રહ્યા. તેમને ઘરથી બેઘર કરીને સતાવવા-દબાવવા-પાછા જહાલત તરફ વાળવા ઈચ્છું તેમા પણ નિષ્ફળ ગયા. મુસલમાનો ખુશી ખુશી હિજરત કરી ગયા. પોતાની બધી જ માલ-મીલકત છોડતાં તેમને હિચકિચાહટ ન થઈ. આ લોકોએ ઈરાદો કર્યો કે મુસલમાનો મદીનામાં પણ ચેનથી રહેવા ન પામે. ત્યાં પણ તેમને હેરાન-પરેશાન કરવામાં આવે.

પેગંબરે ઈસ્લામ (સલ.) એ મક્કામાં એક વૈચારિક ઈન્કિલાબ-દિમાગી ઈન્કિલાબ-અકલી ઈન્કિલાબ લાવવા માટે તેર તેર વર્ષ મહેનત કરી, ગાળો ખાધી, માર ખાધો, ધક્કે ચઢાવાયા, બેઈજ્જત કરવામાં આવ્યા, ગાંડા કહેવામાં આવ્યા, છતાંય આપ (સલ.) એ બદલાની કાર્યવાહી નથી કરી. બસ તેઓને સમજાવતા રહ્યા. જ્યારે મદીના આવ્યા તો આપ (સલ.) પાસે એક નાની જમાત તૈયાર હતી. છતાંય આપે મદીનાના યહુદીઓ સાથે અમન - સલામતીના કરાર કર્યા. લેખિત દસ્તાવેજ કર્યો. આપ (સલ.) કદીય ઈચ્છતા ન હતા કે જંગની નોબત આવે. લોહી વહે, પરંતુ કુરેશની ફિતનાખોરીએ મુસલમાનોના ચેન-સૂકુનને મદીનામાં પણ ખત્મ કરી નાખવા ઈચ્છું અને યુદ્ધ

તેમના ઉપર થોપી દીધું. ત્યારે મુસલમાનો પાસે આ સિવાય બીજો કોઈ વિકલ્પ ન હતો કે આ લોકોના ઝુલમોની સામે રક્ષણાત્મક કદમ ઉઠાવવામાં આવે.

પેગંબરે ઈસ્લામે ત્યાં સુધી જંગનું નામ નથી લીધું. ન તો કોઈને લડવાની રજા આપી જ્યાં સુધી કુરેશ અને યહુદે આપ (સલ.)ને જંગ માટે મજબૂર ન કર્યા, અને અલ્લાહતઆલાએ પણ કુફ્ફારના વધતા ઝુલમો સામે જેહાદની ઈજાઝત ન આપી.

**જ્યારે કે અલ્લાહતઆલાનો ઈરશાદ થયો :**

**ઓઝેન લીલ્લઝીન યોકાતલૂન બેઅન્નહુમ ઝોલેમુ વ ઈન્નલ્લાહ અલા નસરેહીમ લકદીર.**

(સુરએ હજ, આયત નં. ૩૯)

“તે લોકો મુસલમાનો કે જેમના વિરૂદ્ધ કાફિરો લડા કરે છે, તેમને પણ લડવાની છૂટ છે. આ કારણથી કે તેમના ઉપર ઝુલમ થયો છે અને બેશક અલ્લાહ તેમને મદદ કરવાને સંપૂર્ણ શક્તિમાન છે.”

વિશ્વસ્તરે, દુનિયાના બધા જ ઈતિહાસકારોની દષ્ટિએ આ વાત છૂપી નથી કે મુસલમાનોને મક્કાથી કાઢી મૂકવામાં આવ્યા. મજબૂર કરવામાં આવ્યા. પછી તેમના રહેઠાણો ઉપર હુમલા કરવામાં આવ્યા. તેમના અસ્તિત્વ માટે જ ખતરો ઊભો થઈ ગયો. ત્યારે અલ્લાહે તેમને મુકાબલો કરવાની છૂટ આપી. કારણ કે જે જમાતનો જીવવાનો - શ્વાસ લેવાનો જ અધિકાર છીનવી

લેવામાં આવે તેઓ માટે યુદ્ધ સિવાય બીજો કયો વિકલ્પ હોઈ શકે છે ?

જો જંગ બૂરી વસ્તુ છે, તિરસ્કૃત છે, કાબિલે નફરત છે તો આ બૂરા કૃત્યનો આક્ષેપ તેમના ઉપર લાગુ પડે છે જેમણે પોતે જંગ શરૂ કરીને માનવીય હકોની પાયમાલી કરી છે. કમજોર લોકોને પોતાના જુલમના નિશાન બનાવ્યા છે. પરંતુ જો કોઈ મઝલૂમની હિમાયતમાં, ફીત્નાને દબાવવા માટે, માનવ અધિકારોના રક્ષણ માટે પોતાના અકીદા અને અમલની આઝાદી માટે દુશ્મનની સાથે ટકરાય છે, તો તેઓ કદીપણ આવા આક્ષેપને પાત્ર નહીં ગણાય.

ઈસ્લામ સલામતી અને સુલેહ ઈચ્છે છે. એના નામથી જ જાહેર છે કે તે બુનિયાદી રીતે

ખુનરેજીનો વિરોધી છે. વિશ્વ માટે અમન અને સલામતીનો ચાહક છે. લડાઈ, ડંકોફસાદ અને જંગનો વિરોધી છે. ઈસ્લામમાં અલગ રંગ, અલગ નસલ કે અલગ કોમની કપટના કારણે અથવા અકીદાના અલગ હોવાના કારણે લડાઈ લડવાની કે ચડાઈ કરવાનું જાઈઝ નથી. હરામ છે. તમો કોઈપણ વ્યક્તિ કે વસ્તી ઉપર કાળાપણાં કે ગોરાપણાના કારણે અથવા અરબી કે અઝમી હોવાના કારણે ચઢાઈ કરી શકતા નથી. તમારું પડોશી રાજ્ય ગમે તે ધર્મ કે અકીદો ધરાવતું હોય, તમે તેના ધર્મ કે અકીદાની બુનિયાદ ઉપર તેની સાથે યુદ્ધ કરી શકતા નથી. જોકે પેગંબર (સલ.)ની વફાત પછીના પ્રથમ ત્રણ ખલીફાઓના શાસનકાળમાં ૨૫ વર્ષ જેટલા સમયગાળામાં આવું

બન્યું છે. પરંતુ તે માટે જે તે સમયના ખલીફાઓ જવાબદાર ગણાશે, અલ્લાહનો કાનૂન, કુર્આન કે પેગંબરે ઈસ્લામ જવાબદાર નથી. પેગંબરે ઈસ્લામ અને હઝરત અલી (અલ.)નો શાસનકાળ આવા ઝુલ્મોથી હંમેશા પવિત્ર રહ્યો છે.

પોતાના દેશની બહારના બીજા દેશો ઉપર હુમલા કરવા - વિસ્તાર વધારવો, બીજાનો મુલક જીતી લેવો, વગેરે વાતોને ઈસ્લામ સાથે કોઈ જ સંબંધ નથી. ઈસ્લામ ફક્ત બે જ પરિસ્થિતિઓમાં જંગની છૂટ આપે છે.

(૧) મુસલમાનોના સમૂળગા વિનાશ માટે, મુસલમાનોને જડમૂળથી ઉખેડી નાખવા માટે, દુશ્મનો મુસ્લિમો ઉપર હુમલો કરે, અને આ પરિસ્થિતિમાં યુદ્ધ સિવાય મુસલમાનોના જાનમાલ,

ઈજ્જત, આબરૂનું રક્ષણ શક્ય જ ન હોય ત્યારે જ મુસલમાનો દુશ્મન સાથે યુદ્ધ કરી શકે છે.

(૨) દુશ્મન યુદ્ધ સામગ્રી વસાવી યુદ્ધની તૈયારીઓ કરતો હોય, ઈસ્લામી હુકુમતને ડરાવતો હોય, ગમે ત્યારે મુસલમાનો ઉપર હુમલો કરી બેસસે એવો ભય લાગતો હોય, વધુ છૂટ આપવાથી દુશ્મન વધુ તૈયારી કરી વધુ બળવતર બની જશે એમ લાગતું હોય, આવી પરિસ્થિતિમાં ફીત્નાને દબાવવો જરૂરી સમજી દુશ્મન સાથે યુદ્ધ કરી શકાય છે.

ઉપરોક્ત બંને પરિસ્થિતિઓમાં જ અલ્લાહે મીલ્લતે ઈસ્લામીની હિફાઝત માટે દુશ્મનોથી લડવાની છૂટ આપી. જો કે શરૂઆતમાં મુસલમાનો કાફિરો કરતાં સંખ્યામાં અને શક્તિમાં ઘણાં જ ઓછા હતા. છતાંય તેઓ અલ્લાહ અને તેના

રસૂલના હુકમને માન આપી મેદાને જંગમાં ઊતરી પડા. કદી બદરના કૂવા ઉપર દુશ્મનો સાથે ટકરાયા, કદી ઓહદની પહાડીઓમાં લડા. વળી કદી મદીનાની હદમાં જ રહીને પોતાનું રક્ષણ કર્યું. આ બધા જ સ્થળોની ભૌગોલિક પરિસ્થિતિ જોતાં જણાશે કે આ સ્થળો મદીનાથી નજીક છે અને મક્કાથી દૂર.

મતલબ દુશ્મનો (દારૂલ કૂફ્ર-મક્કાવાળાઓ) મુસલમાનોની (દારૂલ ઈસ્લામ-મદીનાવાસીઓ) સામે લડવા આવ્યા. આ ઈસ્લામની પ્રથમ અને બીજી અગત્યની જંગો છે. જેના સ્થળો મક્કાથી દૂર છે અને મદીનાની નજીક છે. જેમાં દુશ્મનોની પેશકદમી સ્પષ્ટ થાય છે. જ્યારે ત્રીજી લડાઈ ખંદક કે જેમાં રસૂલે ઈસ્લામે મદીનાની આસપાસ ખંદક

ખોદીને રક્ષણાત્મક કાર્યવાહી જ કરી છે. ઈસ્લામની આ સૌ પ્રથમ જંગોની જગ્યાઓનો નકશો જોતાં આ વાત સ્પષ્ટ થઈ જાય છે કે હુમલો કરનારા દુશ્મનો હતા. મુસલમાનો માટે તો લડાઈ લડવી વાજીબ હતી. પોતાના રક્ષણ માટે લડવું જરૂરી હતું. વિશ્વસ્તરે પૂરી ઈન્સાનિયતને અમારી ચેલેંજ છે કે તેઓ સાબિત કરી આપે કે મુસલમાનો હુમલાખોર છે. બલ્કે મક્કાના કાફિરો હુમલાખોર છે. બલ્કે તેઓએ વગર કારણે મુસલમાનો ઉપર હુમલા કર્યા છે. એટલે સુધી કે તેઓ હુમલો લઈને પોતાના મુલકથી વધુ દૂર અને મુસલમાનોના મુલકની વધુ નજીક પહોંચ્યા છે. આજે ચૌદશો વર્ષ પછી પણ ભૌગોલિક નકશો જોતાં આ લડાઈના સ્થળો જ આ વાતના ગવાહ છે.

ઈસ્લામે આવી જરૂરી પરિસ્થિતિઓમાં યુદ્ધ કરવાની ઈજાઝત આપી છે. પરંતુ યુદ્ધની શરૂઆત અને અંત વખતે એવી હિદાયતો આપી છે જે ઈસ્લામની અમન પસંદીનો પુરાવો છે. ઈસ્લામી દષ્ટિકોણ મુજબ કોઈપણ ખૂની લડાઈ લડતાં અગાઉ ઈસ્લામની દઅવત આપવી જરૂરી છે. જેથી સામી પાર્ટી અગર ઈસ્લામ ન પણ સ્વીકારે તો પણ તેના ઉપર આ વાત તો સ્પષ્ટ થઈ જાય કે યુદ્ધનો ધ્યેય ઈન્સાનોને મારી નાખવાનો નથી. માલેગનીમત મેળવવો કે યુદ્ધ કેદીઓને ગુલામ બનાવવાનો નથી. બલ્કે ઈસ્લામી શિક્ષણનો વ્યાપક પ્રમાણમાં ફેલાવો કરીને એક શાંતિપ્રિય સમાજની સ્થાપના કરવી છે.

જ્યારે લડાઈ શરૂ થઈ જાય ત્યારે ઈસ્લામે ફરમાવ્યું કે અપંગોને, મજૂરોને, વૃદ્ધોને અને સ્ત્રીઓને મારશો નહિ. આ ઈસ્લામની તાલીમ છે. બલ્કે અમનપસંદ વ્યક્તિ જે તલવાર નીચે મૂકી દે તેને પણ મારવાની મના કરી. સ્ત્રીઓ અને બાળકો ઉપર હાથ ઉઠાવવાની પણ મના ફરમાવી છે.

જંગે હોનૈનમાં ખાલીદ બિન વલીદે એક ઓરતની કતલ કરી નાખી. જ્યારે આ બાબતની જાણ આપ (સલ.)ને થઈ તો આપ (સલ.) ખૂબ જ ગુસ્સો થઈ ગયા. ફરમાવ્યું કે ખબરદાર ! કોઈ સ્ત્રી, બાળક કે મજૂર ઉપર હાથ ન ઉઠાવો.

એક વખત પેગંબરે ઈસ્લામ હઝરત મોહંમદ (સલ.) એ સહાબાને હિદાયત આપતાં ફરમાવ્યું કે “જંગ દરમ્યાન મુશરીકોના બાળકોને

કતલ ન કરશો.” કેટલાક લોકોએ કહ્યું કે “તેઓ તો મુશરીકોની અવલાદ છે.” ફરમાવ્યું : “શું તમારામાંથી સારા લોકો મુશરીકોની અવલાદ નથી ?”

ઈસ્લામ આ વાતની પણ છૂટ નથી આપતો-દુશ્મનોનો માલસામાન, ખાવાપીવાની ચીજો વગેરેને રોકવામાં આવે. તેમને ભૂખે મારવામાં આવે. મતલબ દુશ્મનોને જીવનજરૂરિયાતની ચીજોથી મહરૂમ પણ ન કરવામાં આવે. વગર કારણે તેમના બાગો અને ખેતીઓને વેરાન કરવામાં ન આવે, ન તો તેઓના ફળાઉ ઝાડોને કાપી નાખવામાં આવે, શહેરો કે વસ્તીઓને સળગાવવામાં ન આવે. ઈમારતોને તોડફોડ કરી બરબાદ કરવામાં ન આવે.

એવી જ રીતે જે મુશરીકો યુદ્ધમાં કતલ થયા હોય તેમના અવયવોને કાપવા, સળગાવવા અથવા નગ્ન કરવા પણ ગુનો છે. અત્યંત નાપસંદ અમલ છે. કોઈ મુશ્રીક કતલ થયો તરત જ તેને છોડી દો, આ ઈસ્લામી હુકમ છે. ઈસ્લામે કેદીઓ સાથે પણ બેહતર અમલ કરવાનો હુકમ આપ્યો છે. તેમને દંડ વસૂલ કરી છોડી મૂકવાનો તથા તેમની સાથે એહસાન કરી વગર દંડે પણ છોડી મૂકવાનો હુકમ આપ્યો છે. જો કોઈ પરિસ્થિતિમાં તેમને કેદમાં રાખવું જરૂરી જણાય તો તેમની સાથે ખાસ પ્રકારનો માણસાઈભર્યો વ્યવહાર કરવાનો હુકમ કર્યો છે.

અમે આ વાતનો પણ ઈન્કાર નથી કરતા કે પેગંબર (સલ.)ની વફાત પછી તરત જ ઈસ્લામના નામ ઉપર અત્યાચારભરી જંગો થઈ. પ્રથમ ત્રણ

ખલીફાઓના સમયગાળામાં આવી અત્યાચારપૂર્ણ અનેક જંગો થઈ છે. જે ઈસ્લામના નામ ઉપર એક કાળો ધબ્બો છે. જે જંગોને ઈસ્લામ સાથે કંઈપણ લાગતું વળગતું નથી. કારણ કે પેગંબરે ઈસ્લામના આ દુનિયાથી પડદે થયા પછી પ્રથમ ત્રણ ખાલીફાઓ જેઓ સંજોગોને આધીન રસૂલના ગાદીવારસ બની બેઠા. તેઓ વિસ્તારવાદી નીતિના ચાહક હતા. પોતાના મૂલકનો વિસ્તાર વધારવા ઈચ્છતા હતા. જ્યારે ઈસ્લામ વિસ્તારવાદી નીતિનો સખત વિરોધી છે.

અમારે અફસોસ સાથે લખવું પડે છે કે મુસલમાનોની બહુમતિ ખલીફાઓની આ વિસ્તારવાદી જંગો ઈસ્લામી જેહાદમાં ખપાવે છે. જોકે પેગંબરે ઈસ્લામ (સલ.)ના જમાનાની ઈસ્લામી

લડાઈઓ સાથે આ ખલીફાઓના સમયમાં લડવામાં આવેલી લડાઈઓને કોઈ જ સંબંધ નથી. રસૂલ પછી આવનારા ખલીફાઓએ ઈસ્લામના નામથી વિસ્તારવાદી જંગો કરી છે. આ જંગોને ઈસ્લામી જેહાદનું નામ આપ્યું છે.

ફક્ત હઝરત રસૂલે મકબૂલ (સલ.) અને હઝરત અલી (અલ.)ની જંગોને જ ઈસ્લામી જેહાદ નામ આપવામાં આવશે. તે સિવાય પ્યારા રસૂલ હઝરત મોહંમદ (સલ.) પછી ઈસ્લામી હુકુમતના માલિક બની બેઠેલા ખલીફાઓએ ઈસ્લામી જેહાદના નામથી વિસ્તારવાદી નીતિ અપનાવી. રસૂલ અને અલીની જંગો રક્ષણાત્મક જંગો હતી. જ્યારે ખલીફાઓની જંગો હુમલાખોર જંગો હતી.

કુર્આનેપાકમાં જેહાદના વિષયમાં જેટલી પણ આયતો છે. તે બધી જ આયતો મજબૂરીની પરિસ્થિતિમાં આવે છે. જ્યારે કે દુશ્મનની સતામણી વધી જાય, દુશ્મન ઈસ્લામની અવાજને પોતાની શક્તિ વડે દબાવવાની કોશીશ કરતો હોય, મુસલમાનોને કચડી નાખવા માટે લશ્કર તૈયાર કરતો હોય, દુશ્મન તરફથી હુમલો કરવામાં આવે અથવા દુશ્મન હુમલાની તૈયારીમાં હોય - આવી પરિસ્થિતિમાં પોતાના અસ્તિત્વ માટે, દીનો ઈમાનની હિફાઝત માટે, પોતાના માલસામાનના રક્ષણ માટે લડવું જરૂરી બને છે. આવી જંગોને રક્ષણાત્મક જંગ કહેવાશે. જેહાદ કહેવાશે, પવિત્ર જંગ કહેવાશે.

મઆવીયા અને યઝીદ પછી સત્તા પર આવેલા બાદશાહોએ પણ પોતાના ખલીફાઓના પગલે ચાલી ઈસ્લામના નામ ઉપર કાળો ધબ્બો લગાવ્યો.

જેહાદ એટલે કે ઈસ્લામી જંગોનું જો દષ્ટાંત લેવું હોય તો ફક્ત બે સમયગાળા જુલમથી પર અને અલ્લાહના હુકમ ઉપર અમલ કરતા દેખાશે. એક પેગંબરે ઈસ્લામ અને બીજા અલી. ઈસ્લામી જંગોમાં હઝરત અલી (અલ.)ની બહાદૂરીના વર્ણનો વિશ્વના તમામ ઈતિહાસકારોએ કર્યા છે. હઝરત અલી (અલ.)એ તબૂક સિવાયની બધી જંગોમાં ખૂબ જ જોરશોરથી ભાગ લીધો. પોતાની ઈલાહી કુવ્વતથી દુશ્મનોને ભોંયભેગા કર્યા. પરંતુ કોઈ એક પ્રસંગ પણ એવો નહિ મળે જેમાં આપે અખ્લાકી

હદોનું ઉલ્લંઘન કર્યું હોય કે માનવતાને લાંછન લાગે તેવું કોઈ કાર્ય કર્યું હોય. બલ્કે અલ્લાહના કાનૂનોની પૂરેપૂરી પાબંદી કરી. ન કદી કોઈ સ્ત્રી કે બાળક ઉપર હાથ ઉઠાવ્યો, ન કોઈ ભાગવાવાળાનો પીછો કર્યો, ન કોઈ ઝખ્મી ઉપર ફરીથી હુમલો કર્યો, ન કોઈની અયબો ખોલી. આપ ઈસ્લામી ઈતિહાસમાં એવા દષ્ટાંતો છોડી ગયા જે દષ્ટાંતોને હંમેશા ઈસ્લામમાં સિદ્ધાંતોની પાબંદી, સુલેહપસંદી અને અમન પસંદી માટે યાદ કરવામાં આવે છે.

# પ્રકરણ : ૨૪ : ગઝવએ બદર

મક્કાના કુરેશીઓ મક્કાના મુસલમાનોના દુશ્મન તો હતા જ. પરંતુ હિજરત પછી તેઓ મદીનાના અનસારના દુશ્મન પણ બની ગયા. તેમણે મદીનાના મુસલમાનો ઉપર આક્ષેપ કર્યો કે તેમણે મુસલમાનોને પનાહ આપી, તેમના રક્ષણની જવાબદારી લીધી અને ઈસ્લામની તરક્કીનો રસ્તો ખોલી દીધો. કુરેશ જે દીનને પોતાના મક્કામાં ફાલતો ફૂલતો જોઈ શકતા ન હતા, તેઓ આ વાત કેવી રીતે સહન કરી શકે છે કે તેને બીજી કોઈ જગ્યાએ આશરો મળે, જ્યાં તેનો પ્રચાર થાય, જ્યાં મુસલમાનો આઝાદીથી શ્વાસ લે, તેમણે નિશ્ચય કરી લીધો કે તેઓ પોતાના બાપદાદાના દીનના

રક્ષણ માટે આ નવા દીનને ફેલાવા દેશે નહિ, તેઓ મુસલમાનો વિરૂદ્ધ ત્યાં સુધી લડતા રહેશે જ્યાં સુધી તેમને જડમૂળથી ઉખેડી ન નાખે અથવા ઈસ્લામ છોડવા પર મજબૂર ન કરી દે, તેથી જ તેમના દીલી ઈરાદાઓને વર્ણવતા કુર્આન ફરમાવે છે કે :

**“વલા યઝાલૂન યોકાતેલૂનકૂમ હત્તા યરૂદ્દુકુમ અન દીનેકૂમ ઈનીસ્તતાઉ”**

(સુરા બકરહ આયત નં. ૨૧૭)

(અય ઈમાનવાળાઓ)

“આ કાફિરો તમારી સાથે હંમેશા લડતા રહેશે, અહીં સુધી કે જો તેઓની શક્તિ ચાલે, તમને તમારા દીનથી ફેરવી નાખે.”

મદીનાના યહુદીઓએ મુસલમાનો સાથે પેગંબરે ઈસ્લામના હિજરત કરીને મદીના

આવતાંની સાથે જ આ કરાર કર્યો કે જો મદીના ઉપર કોઈનો હુમલો થાય તો તેઓ દુશ્મનના વિરૂદ્ધ એકબીજાની મદદ કરશે. પરંતુ પેગંબરે ઈસ્લામની વધતી જતી શક્તિ જોઈને યહુદીઓને સ્વયં પોતાનું પ્રભૂત્ત્વ છીનવાઈ જવાનો ખોફ પેદા થયો. જેથી તેમણે કુરૈશ સાથે સંબંધો સ્થાપત કરી લીધા. આ તરફ મક્કાના કુરૈશીઓને તો આ જોઈતું જ હતું, જેથી તેમણે ઘણી જ ખુશીથી મદીનાના યહુદીઓ સાથે મુસલમાનો વિરૂદ્ધ હાથ મીલાવ્યા. મદીનાના યહુદીઓએ મુસલમાનો સાથે પોતે રાજીખુશીથી કરેલા સુલેહ કરારની પણ પરવા ન કરી અને મુસલમાનો વિરૂદ્ધ કુરૈશ સાથે ભળી ગયા. મદીનાના યહુદીઓ અને મક્કાના કુરૈશીઓએ મુસલમાનો વિરૂદ્ધ એક સંયુક્ત મોરચો કાયમ કર્યો.

ઈમાનવાળાઓ વિરૂદ્ધ શરારતો પણ શરૂ કરી દીધી. ફસાદના એક ભાગ રૂપે કરઝ ઈબ્ને જાબીર ફહરીએ મદીનાના ગૌચર ઉપર હુમલો કરી કેટલાક ઊંટ અને ઘેટાંબકરાં હંકારીને પોતાની સાથે મક્કા લઈ ગયો.

આપ (સલ.)ને જ્યારે આ વાતની જાણ થઈ તો તરત જ આપ (સલ.)એ વાદીએ સફવાન સુધી તેનો પીછો કર્યો. પરંતુ તે ભાગી છૂટો. આ પરિસ્થિતિને કારણે આપ (સલ.) એ આ લોકો ઉપર નિગરાની રાખવા માટે અબ્દુલ્લાહ ઈબ્ને જહશની સાથે કેટલાક લોકોને નખલાની તરફ રવાના કર્યા. જેથી આ લોકોના આવા ફિતનાઓને દબાવી શકાય. તે સમયે નખલા મક્કા અને તાઈફની વચ્ચે એક પ્રખ્યાત જગ્યા હતી. જ્યારે આ લોકો નખલા

પહોંચ્યા તો ત્યાં તેઓની મુલાકાત કુરૈશના એક કાફલા સાથે થઈ. જે તાઈફથી વેપારનો માલ લઈને આવતો હતો.

આ તરફ અબ્દુલ્લાહ ઈબ્ને જહશના સાથીદારોમાંથી વાકદ ઈબ્ને અબ્દુલ્લાહ તમીમીએ તીર મારીને વેપારી કાફલાના અમર ઈબ્ને હઝરમીને મારી નાખ્યો. ઉપરાંત તેના બે સાથીઓ ઉસ્માન ઈબ્ને અબ્દુલ્લાહ અને હકમ ઈબ્ને કિસાનને કેદ કર્યા. અબ્દુલ્લાહ ઈબ્ને જહશ આ બંને કેદી સાથે તેઓનો વેપારનો માલ બધુ જ લઈને મદીના ચાલી આવ્યા.

આ ઘટના રજ્જબ મહિનાની છેલ્લી તારીખોમાં બની હતી. જે સમયગાળામાં જંગ કે મારામારી કરવાની મનાઈ છે. જેથી પેગંબરે

ઈસ્લામ (સલ.) એ આ કૃત્યને નાપસંદ કર્યું. આપ ખૂબ જ ગુસ્સો થઈ ગયા. અબ્દુલ્લાહ ઈબ્ને જહશને ડાંટડપટ કરી. બંને કેદીઓને આઝાદ કરી દીધા. ઉપરાંત તેમનો લૂંટેલો માલ સામાન પણ પરત કર્યો.

જો કે આ એક વ્યક્તિગત કૃત્ય હતું. જે પેગંબરની ઈજાઝત વગર કરવામાં આવ્યું હતું. આ કૃત્યથી રસૂલ ખૂબ જ નારાજ હતા. છતાં પણ કુરૈશને જંગ કરવાનું બહાનું મળી ગયું. જેથી તેમણે ઈબ્ને હઝરમીના ખૂનનો બદલો લેવા માટે ઢંઢેરો પીટાવ્યો. લડાઈની તૈયારીઓ શરૂ કરી દીધી. આ વાત નક્કી થઈ ગઈ કે અબુસુફયાન શામથી પરત આવે એટલે મુસલમાનો સાથે યુદ્ધ કરવામાં આવે. અબુસુફયાન વેપાર અર્થે મુલકે શામ ગયો હતો.

શામથી મક્કા પાછા ફરતાં મદીના પાસેથી ગુજરવું પડતું હતું. દરેક કાફલાઓનો રસ્તો મદીના થઈને ગુજરતો હતો.

આ તરફ મક્કાવાસીઓ અબુ સુફયાનના પાછા ફરવાની રાહ જોતા હતા. તેમણે શામથી પાછા ફરતાં મક્કા એક તદ્દન જુઠી ખબર મોકલાવી કે મુસલમાનો વેપારી કાફલાને લૂંટી લેવા માગે છે માટે તમો લડાઈની પૂરેપૂરી તૈયારી સાથે મક્કાથી નીકળો. જમજમ ઈબ્ને અમર ગિફારી આવી ફિત્ના અંગે ખબર લઈને મક્કા આવ્યો. કુરૈશ તો પ્રથમથી જ લડવા માટે તૈયાર હતા. તેઓ તો અબુસુફયાનની રાહ જોતા હતા. તરત જ તૈયાર થઈ ગયા. પેલી તરફ અબુ સુફિયાને સામાન્ય પબ્લીક રસ્તો છોડીને સમંદર કિનારાના રસ્તે પ

દિવસમાં જિદ્દહ આવી ગયો અને ત્યાંથી 3 દિવસમાં મક્કા પહોંચી ગયો. જ્યારે કુરૈશનું લશ્કર બદરના કૂવા પાસે પહોંચ્યું તો તેમને જાણ થઈ કે અબુસુફયાન પોતાના કાફલા સાથે સહીસલામત મક્કા પહોંચી ગયો છે.

બની ઝહરાના કેટલાક લોકોએ કહ્યું કે કાફલો તો સહીસલામત આવી ચૂક્યો છે. હવે લડાઈ કરવાની શી જરૂર છે ? આપણે પાછા ફરી જવું જોઈએ. પરંતુ અબુજહલ પાછા ફરવા તૈયાર ન થયો. કહેવા લાગ્યો કે હવે તો મુસલમાનો સાથે લડવું જ છે. પાછું કેવું ફરવાનું. બીજા અન્ય લોકો પણ ખામોશ રહ્યા. અબુજહલની જીદ અને હઠધર્મીથી આ વાત સ્પષ્ટ થઈ જાય છે કે કુરૈશનો ઈરાદો લડવાનો જ હતો. કોઈપણ હિસાબે

મુસલમાનોને હરાવીને મદીનાને તારાજ કરવું. કુરૈશની આ હઠધર્મી જોઈને બની ઝહરા પાછા મક્કા આવી ગયા. લડાઈમાં ભાગ ન લીધો.

મદીનામાં આ ખબર ફેલાઈ ચૂકી હતી કે અબુસુફયાનનો કાફલો વેપાર માટેનો ભરપુર માલ ઊંટો ઉપર લાદીને અહીંયાથી પસાર થવાનો છે. સાથે સાથે આ ખબર પણ મદીના પહોંચી ચૂકી હતી કે કુરૈશ લડાઈના સામાન સાથે હથિયારો સજીને મદીના ઉપર હુમલો કરવાની તૈયારી કરી રહ્યા છે. આ પરિસ્થિતિમાં મુસલમાનો બેચેન થઈ જાય એ દેખીતી વાત છે કારણ કે તેઓ તદ્દન કંગાળ હાલતમાં હતા. ન તો જીવનનિર્વાહનો સામાન હતો, ન તો હથિયારો હતાં. મોહાજિરો તો પોતાની બધી જ માલમીલકત છોડીને મક્કાથી મદીના આવ્યા

હતા. મુસલમાનો સંખ્યામાં પણ ઘણાં થોડા હતા. લડાઈથી બચવા માગતા હતા. મક્કાવાસીઓના હથિયાર સજ્જ વ્યવિસ્થત લશ્કરથી લડવાની એમની હિંમત ન હતી. જેથી લઈ દઈને તેમની દષ્ટિ અબુસુફયાનનાં કાફલા તરફ જતી હતી કે તે અહીંથી પસાર થાય અને તેનો ભેટો થઈ જાય તો ગણતરીના થોડાક લોકો સાથે મુકાબલો કરવો પડે. જે મુશ્કેલ પણ ન પડે અને સાથે સાથે માલસામાન પણ હાથ લાગે.

કુર્આન પણ આ બાબતની શહાદત આપે છે.

**અલ્લાહતઆલા ફરમાવે છે કે :**

**વ ઈઝ યએદોકોમુલ્લાહો ઈહદત તાએફતયને અન્નહા લકૂમ વ તવદ્દુન અન્ન ગયર**

**ઝાતીશ્શૈકતે તકૂનો લકૂમ વ યુરીદુલ્લાહો અંચ યોહિક્કલ હક્ક બેકલેમાતેહી વ યક્તઅ્ દાબેરલ કાફેરીન.**

(સુરએ અનફાલ, આયત નં. ૭)

**અર્થાત્** : “અને યાદ કરો જ્યારે અલ્લાહે તમને વાયદો કર્યો હતો કે બે ટોળાંમાંથી એકની સાથે તમારો સામનો થશે અને તમે લોકો એમ ઇચ્છતા હતા કે તે માંહેનું નિશસ્ત્ર ટોળું તમને મળે. (હથિયાર વગરના ટોળાથી તમારો સામનો થાય) પણ અલ્લાહ એમ ઈચ્છે છે કે તે પોતાના શબ્દો વડે સત્યને જાહેર કરે અને અસત્યનો નાશ કરે.”

સામાન્ય રીતે બની ઉમ"યાના હાથે વેચાઈ ગયેલા રાવીઓની રીવાયત ઉપર વિશ્વાસ કરીને કેટલાક ઈતિહાસકારોએ આમ લખી નાખ્યું છે કે

પેગંબરે ઈસ્લામ અબુસુફયાનના કાફલાને લૂંટવાના ઈરાદાથી નીકળ્યા હતા. પરંતુ વેપારી કાફલાની જગ્યાએ અચાનક કુરૈશના લશ્કરનો મુકાબલો થઈ ગયો. મોટાભાગની ગલત રીવાયતો મઆવીયાના શાસનકાળમાં તેણે હઝરત અલી (અલ.)થી બગાવત કરી પછી લખાયેલી છે અને અબુસુફયાન મઆવીયાનો બાપ છે.

મુસલમાનોની સિહાહ સિત્તા (સૌથી વધુ સાચી ગણાતી છ કિતાબો) જેમાંની બુખારી અને મુસ્લિમ જેને મુસલમાનો કુર્આન પછીનો દરજ્જો આપે છે. તે કિતાબોની રિવાયતો રસૂલે ઈસ્લામની બેઈઝ્ઝતીથી ભરપુર છે. જેમ કે રસૂલનું કપડાંમાંથી જુવ મારવું, રસૂલનું આયશા સાથે હરીફાઈમાં દોડવું, રસૂલના મા-બાપનું જહન્નમી

હોવું-અરે ઘણુબધું છે. આ રીવાયતો મઆવીયાના સમયમાં પેગંબરે ઈસ્લામની બેઈઝ્ઝતી કરવા માટે ઘડવામાં આવી છે.

અમે આ વાતથી ઈન્કાર નથી કરતા કે કેટલાક લોકોની દૃષ્ટિમાં દુનિયાનો માલ હતો. તેથી તેઓ એમ ઈચ્છતા હતા કે વેપારી કાફલાનો ભેટો થાય અને તેને લૂંટી લઈએ, પરંતુ કેટલાક ઈતિહાસકારોનો તો આ ઝુલમ ગણાશે કે તેમણે પેગંબરે ઈસ્લામને પણ તેમાં ભાગીદાર બનાવી દીધા. તેથી ફક્ત વેપારી કાફલાને લૂંટવો એ જ આ લોકોનો ધ્યેય માની લીધો. નબી (સલ.) વિશે મુસલમાનોનો અકીદો કેટલો કમજોર છે, જેને આપણે અક્કલનો અંધાપો પણ કહી શકીએ.

મોહમ્મદ ઈસ્માઈલ બુખારી જેવાએ પણ લખી માર્યું

“પેગંબરે ઈસ્લામ (સલ.) તો કુરૈશના કાફલાને લુંટવાના ઈરાદાથી નીકળ્યા હતા પરંતુ અલ્લાહે અચાનક - તેમનો અને તેમના દુશ્મનોનો સામનો કરી દીધો.

(સહીહ બુખારી, ભાગ-૩ પેજ નં. ૩)

આ પ્રકારનું દષ્ટિબિંદુ કુર્આનેપાકથી વિરૂધ્ધ છે. કુર્આને મજીદમાં જંગે બદરના વિષયમાં ઈરશાદે બારીતઆલા છે.

**“કમા અખરજક રબ્બોક મિમ બયતેક બિલહક્કે વ ઈન્ન ફરીકમ મિનલ મોઅમેનીન લકારેહુન. યોજાદેલુનક ફિલહક્કે બઅદ મા તબયન કઅન્નમા યોસાકૂન ઈલલ મવતે વહુમ યન ઝોરૂન.”**

(સુરા અનફાલ આયત નં. ૫ અને ૬)

"જેવી રીતે તમારા પરવરિદગારે તમને સત્ય સાથે લડાઈ માટે ઘરની બહાર કાઢા, એવી પરિસ્થિતિમાં કે મુસલમાનોમાંનું એક ટોળું લડાઈ નાપસંદ કરતું હતું. અને સત્ય સ્પષ્ટ થઈ ગયા પછી પણ સત્યની બાબતમાં તમારી સાથે ઝઘડો કરી રહ્યું હતું. જાણે તેમને તેમની દષ્ટિ સામે જ મોતના મોંમાં ધકેલવામાં આવી રહ્યા હોય."

ઉપરોક્ત ઈરશાદે ઈલાહી સ્પષ્ટ કરે છે કે મુસલમાનોમાંનું એક ટોળું વેપારી કાફલાને લુંટવાનો ઈરાદો ધરાવતું હતું, ન કે અલ્લાહના રસૂલ. જો પેગંબરે ઈસ્લામની ઈચ્છા વેપારી કાફલાને લુંટવાની હોત તો તે મુસલમાનોમાંના અમૂક વ્યક્તિઓની ઈચ્છા મુજબ જ ગણાત.

કાફલાનો મુકાબલો કરવાથી ગભરાવાની જરૂર પણ ન હતી. કારણ કાફલાનો મુકાબલો કરવો એ મોતના મોંમા જવા જેવું ન હતું. જ્યારે કે અબુસુફયાનના વેપારી કાફલામાં ચાલીસથી વધારે માણસો ન હતા. મુસલમાનોની સંખ્યા ત્રણસોથી ઉપર હતી. ડર-ખોફ અને નાપસંદગી તો કુરેશના લશ્કરથી લડવાની પરિસ્થિતિમાં જ હોઈ શકે છે કારણ કે તેમનાથી લડવાની શક્તિ મુસલમાનોમાં ન હતી. કુર્આનેપાકના આ વર્ણનથી આ વાત સાબિત થાય છે કે આપ (સલ.) વેપારી કાફલાના મુકાબલા માટે નીકળ્યા ન હતા. બલ્કે કુરૈશની લશ્કરી ટુકડીની ચઢાઈનો મુકાબલો કરવા તેમની મદીના તરફ આગેકુચ રોકવા નીકળ્યા હતા. જેથી બુખારીની હદીસ કુર્આન સાથે ટકરાઈ છે. ખોટી પડે

છે. આ બાબતમાં સુન્ની ઈતિહાસકાર તારીખે તબરીમાં હઝરત અલી (અલ.)નો ઈરશાદ પણ ઘણો જ સ્પષ્ટ છે.

**હઝરત અલી (અલ.) ફરમાવે છે કે :**

"પેગંબરે ઈસ્લામ (સલ.) બદરના વિષયમાં પૃછા કરતા રહેતા હતા. જ્યારે અમને ખબર પહોંચી કે મુશરીકો ચઢાઈ લઈને આવી રહ્યા છે, ત્યારે પેગંબરે ઈસ્લામ બદર તરફ રવાના થયા. બદર એક કૂવાનું નામ છે. જ્યાં અમે મુશરીકોથી (કુરૈશથી) પહેલાં પહોંચી ગયા હતા."

(તારીખે તબરી, ભાગ -૨ પેજ નં. ૧૩૩)

આ સત્ય અને અસત્ય વચ્ચેની પ્રથમ જંગ હતી. મુસલમાનો પાસે દુશ્મનોના મુકાબલામાં હથિયારો પણ ઘણાં ઓછાં હતાં. મુસલમાનોની

લડવૈયાઓની સંખ્યા પણ ઘણી ઓછી હતી. જેથી પેગંબરે ઈસ્લામે ઈચ્છું કે મુસલમાનોનો ઈરાદો જાણે કે અનસાર અને મુહાજેરીન કેટલા અડગ છે, કેટલા મજબૂત છે, હિંમતપૂર્વક દુશ્મનનો મુકાબલો કરી શકે છે કે નહિ ? જેથી આપ (સલ.) એ બંનેને ઉદ્દેશીને પ્રશ્નો કર્યા. લોકોએ તેના જુદા જુદા ઉત્તર આપ્યા. કેટલાક નાહિંમત હતા, ઢીલાપોચા, કેટલાક હિંમતવાન, મજબૂત, અડગ.

સહીહ મુસ્લિમના વર્ણાનુસાર હઝરત અબુબકર અને હઝરત ઉમરના ઉત્તરો સાંભળીને આપ (સલ.) એ તેમનાથી મોં ફેરવી લીધું. જનાબ અબૂબકરનું મહત્ત્વ એવું બતાવવામાં આવી રહ્યું છે કે પેગંબર (સલ.)ના ખાસ પ્રકારના સલાહકાર હતા. ઘણી જ સોનેરી સલાહ આપતા હતા.

હમ્બલી મઝહબના મહાન પ્રણેતા ઈમામ અહમદ ઈબ્ને હમ્બલ ફરમાવે છે કે :

અનસ સહાબીથી રિવાયત છે કે રસુલૂલ્લાહ (સ.અ.વ.) એ બદરની લડાઈના દિવસે લોકો સાથે મશ્વરો કર્યો. તો અબુબકર કંઈક બોલ્યા. પરંતુ આપ (સ. અ. વ.) એ એમના તરફથી મોં ફેરવી લીધું.

(મુસ્નદ અહમદ ઈબ્ને હમ્બલ ભાગ-૩, પ્રકાશન મિસર પેજ નં. ૩૧૯)

મહાન સુન્ની આલીમ હદીસવેત્તા અને તફસીર લખનાર અલ્લામાં સિયુતી ફરમાવે છે કે બદરની જંગ વખતે પેગંબરે ઈસ્લામે સહાબાથી મશ્વરો માંગ્યો તો હઝરત ઉમરે કહ્યું.

"યા રસૂલુલ્લાહ ! આ મુકાબલો કુરૈશ અને તેમની ઇજ્જત આબરૂ સાથેનો છે. ખુદાની

કસમ જ્યારથી તેઓ આબરૂદાર થયા છે ત્યારથી તેઓ ઝલીલ બેઆબરૂ નથી થયા અને જ્યારથી તેઓ કાફિર થયા છે ત્યારથી ઈમાન પણ નથી લાવ્યા. તેથી કરીને આપ તેમનો સંપૂર્ણ મુકાબલો કરવા અંગેનો પુરતો સામાન અને પુરતી વ્યવસ્થા કરીને તશરીફ લઈ જાઓ.

હઝરત ઉમરની આ વાત ઉપર રસૂલે ફરમાવ્યું "મારે કોઈના મશ્વરાની જરૂર નથી."

(તફસીર દુર્રે મન્સુર ભાગ-3 પ્રકાશન દિલ્હી પેજ નં. ૧૬૬)

હઝરત ઉમરે તો જાણે રસૂલને ડરાવતા હોય એ રીતનો મશ્વરો આપ્યો.

સહીહ મુસ્લિમની રિવાયત અનુસાર હઝરત અબુબકર અને હઝરત ઉમર બનેના મશ્વરા ઉપર

પેગંબરે ઈસ્લામે મોં ફેરવી લીધું. મિકદાદ બિન અસવદે રસૂલુલ્લાહના ચેહરા મુબારક ઉપર પરેશાનીની નિશાનીઓ જોઈ તો જોશમાં આવીને કહ્યું :

“યા રસૂલલ્લાહ ! અમે બની ઈસરાઈલ નથી. જેમણે હઝરત મુસા (અલ.)થી કહ્યું હતું :

“તમે જાઓ. તમે અને તમારો ખુદા બંને લડો. અમે તો અહીં બેસીએ છીએ. તે ઝાતેપાકની કસમ ! જેણે આપને નુબુવ્વતની નિશાની સાથે ઈજ્જત બક્ષી છે. અમે આપની આગળ - પાછળ, ડાબી-જમણી અડગ ઊભા રહીને લડીશું. અહીં સુધી કે અલ્લાહતઆલા આપને ફતેહ આપે.”

આ જવાબ સાંભળીને આપ (સલ.)ના ચેહરા ઉપરથી ચિંતાની નિશાનીઓ નાબૂદ થઈ

ગઈ. આપ (સલ.)એ મિકદાદના હકમાં દુઆએ ખેર ફરમાવી.

હઝરત મિકદાદ મોહાજિર હતા. જેથી તેમનો જવાબ મોહાજિરો તરફથી હતો.

પછી આપ (સલ.) એ અનસાર તરફ મોં કરીને પૂછું, "તમારા લોકોનો શું મત છે ?"

સઅદ ઈબ્ને મઆઝ અનસારી સહાબીએ ઘણી ગરમજોશીથી કહ્યું :

"યા રસૂલલ્લાહ ! અમે આપ ઉપર ઈમાન લાવ્યા છીએ, અમે તાબેદારી કરવાનું વચન આપ્યું છે. અમે આપની સાથે જ છીએ. જો આપ અમને સમંદરમાં કૂદી પડવાનો હુકમ આપશો તો અમે જરૂર સમંદરમાં કૂદી પડીશું. કોઈપણ વસ્તુ અમારી તાબેદારીમાં અડચણરૂપ બનશે નહિ. આપ

અલ્લાહના નામ સાથે ચઢાઈ કરો, અમારામાંની એક વ્યક્તિ પણ પીછેહઠ કરશે નહિ. પેગંબરે ઈસ્લામ આ જવાબથી ઘણા જ ખુશ થયા અને ફરમાવ્યું :

"ખુદાની કસમ ! હું દુશ્મનોના ફસડાઈ પડીને હલાક થવાની જગ્યાઓને મારી આંખોથી જોઈ રહ્યો છું.

(તારીખે તબરી ભાગ - ૨, પેજ નં. ૧૪૦)

પેગંબરે ઈસ્લામ ૩૧૩ સહાબાની એક નાની ટૂકડી સાથે જેમાં ૭૭ મોહાજિર અને ૨૩૬ અનસાર હતા, મદીનાથી નીકળ્યા. બદરના કૂવાથી થોડેક દૂર પડાવ નાખ્યો. આ ભય તો હતો જ કે દુશ્મનો અચાનક હુમલો ન કરી દે અથવા રાતના અંધારામાં છાપો ન મારી દે. જેથી આપે હઝરત

અલી (અલ.), સઅદ ઈબ્ને અબી વક્કાસ અને ઝુબેર ઈબ્ને અવામને હુકમ આપ્યો કે તેઓ આગળ જાય, શોધખોળ દ્વારા દુશ્મનોના પડાવની જગ્યા શોધી કાઢે, તેઓ આપણાથી કેટલા દૂર છે તે જાણી લાવે.

આ ત્રણે શોધખોળ કરતા કરતા બદરના કૂવા સુધી આવી ગયા ત્યાં કેટલાક લોકોને જોયા. તેઓ આ ત્રણેને જોતાં જ ભાગવા લાગ્યા પરંતુ અલી કોનું નામ ? શેરે ખુદાએ તેમનો પીછો કર્યો, તેમનામાંથી બેને પકડી સાથે લાવ્યા, તે બંને ગુલામ હતા. સહાબા તેમની આસપાસ એકત્ર થઈ ગયા. પૂછું “તમે કોણ છો ?” જવાબ આપ્યો કે અમે કુરૈશના ગુલામો છીએ, તેમણે અમને પાણી લાવવા માટે મોકલ્યા છે.”

સહાબાએ કુરૈશનું નામ સાંભળ્યું તો તેમના ચહેરાનો રંગ બદલાઈ ગયો, ગુસ્સો થઈ ગયા. પછી તેમની મારપીટ કરવાની શરૂ કરી કે તેમની પાસેથી કોઈપણ રીતે એવું કબૂલ કરાવે કે તેઓ કુરૈશના ગુલામ નથી. બલ્કે અબુસુફયાનના માણસો છે. પેગંબરે ઈસ્લામ નમાઝમાં મશગુલ હતા. જ્યારે નમાઝથી પરવાર્યા, તો ફરમાવ્યું :

"આ નવાઈ પમાડે એવી વાત છે કે તેઓ સાચું બોલે છે તો તમે તેમને મારો-પીટો છો અને જુઠું બોલે છે તો છોડી દો છો. આ કુરૈશના જ મોકલેલા માણસો છે, પછી પેગંબરે ઈસ્લામ અને હઝરત અલી (અલ.)એ તેમની પૂછપરછ શરૂ કરી તો તેમણે જણાવ્યું કે "અમને અબુસુફયાનના વેપારી કાફલાની કંઈ જ ખબર નથી. કુરૈશના

લશ્કરનો પડાવ અહીંથી લગભગ પાંચ કીલોમીટર જેટલો દૂર છે.”

આપ (સલ.) એ પૂછ્યું “તેમના લશ્કરની સંખ્યા કેટલી છે ?

તેમણે જણાવ્યું કે “અમને લશ્કરના માણસોની સંખ્યા વિશે કંઈજ ખબર નથી. ફક્ત એટલું જાણીએ છીએ કે એક દિવસ નવ અને એક દિવસ દસ ઊંટ ઝબહ કરવામાં આવે છે.”

પેગંબરે ઈસ્લામે ફરમાવ્યું “તો પછી તેમની સંખ્યા હજારની આસપાસ છે.” પછી આપ (સલ.) એ પુછું કે “તેમનામાં ખાસ ખાસ અગ્રેસરો કોણ કોણ છે ?” ગુલામોએ કુરૈશના કેટલાક સરદારોના નામો જણાવ્યા.

આપ (સલ.) એ ફરમાવ્યું “મક્કાએ તો પોતાના કલેજાના ટૂકડાઓને મેદાનમાં ઊતારી દીધા છે.”

કુરૈશની લશ્કરી જાણકારી મેળવ્યા પછી લશ્કરે ઈસ્લામમાં જાગ્રતતા આવી. તેઓ બદરના કૂવાની નજીક પહોંચવા રવાના થયા.

કુરૈશનું લશ્કર બદરના મેદાનને છેવાડે રેતીના એક ઢગલાની પાસે પડાવ નાખીને પડું હતું. તેમની સંખ્યા એક હજારની હતી. સાતસો ઊંટ અને ત્રણસો ઘોડાઓ તેમની પાસે હતા. ભાલાઓ, તલવારો અને હથિયારોની કોઈ જ કમી ન હતી. તેમના મુકાબલામાં મુસલમાનો સંખ્યામાં એક તૃતીયાંશ જેટલા હતા. ઉપરાંત લડાઈનો સામાન પણ તેમની પાસે કંઈ જ ન હતો. બસ થોડીક

તલવારો હતી. વજન ઊઠાવવા તથા સવારી માટે સિત્તેર ઊંટ હતા. ફક્ત બે જ ઘોડા હતા. મુસલમાનોએ જ્યાં પડાવ નાખ્યો હતો તે જમીનની એવી હાલત હતી કે પગ જમીનમાં ખૂંપી જતા હતા. પરંતુ અલ્લાહની કુદરતને કોણ પહોંચી શકે છે ? તે મુશ્કેલ કાર્યોને આસાન કરનારો છે. રાત્રે ખૂબ જ વરસાદ વરસ્યો. જેથી રેતી ઠરી ગઈ સાથે પીવા માટેના પાણીની વ્યવસ્થા પણ થઈ ગઈ. આ કુદરતી મદદથી મુસલમાનોની હિંમત વધી ગઈ. તેમનામાં અડગતા આવી, પુરા જોશ અને હિંમત સાથે દુશ્મનોથી ટકરાવા તૈયાર થઈ ગયા.

એક ગલત રીવાયત :

મુસલમાનોની કિતાબોમાં ઘણીબધી ગલતસલત રીવાયતો વર્ણવાય છે. જેમાંની એક ગલત રીવાયત અમે અત્રે વર્ણવીએ છીએ.

ઈબ્ને અસીર તબરી, મોહમ્મદ હુસેન હયકલ અને બીજા કેટલાક ઈતિહાસકારોએ બદરની જંગના વર્ણનમાં લખ્યું છે કે :

જ્યારે પેગંબરે ઈસ્લામ (સલ.) એ બદરની ઘાટી પડાવ નાખ્યો તો સઅદ ઈબ્ને મઆઝે કહ્યું "યા રસૂલલ્લાહ ! અમે ખજૂરની ડાળીઓનું એક છાપરૂં બનાવી આપીએ છીએ. આપ તેમાં રોકાઓ. આ છાપરાની નજીક જ આપની સવારી પણ હાજર હશે. જો અમે દુશ્મનો ઉપર જીત મેળવી લઈએ તો તો બેહતર છે. પરંતુ જો આપ અમને પરાજિત થતાં જુઓ તો આપ સવારી ઉપર બેસીને મદીના ચાલ્યા

જજો. ત્યાં અમારી કોમના લોકો મોજૂદ છે. તેઓ આપની મદદ કરશે, જો તેઓને એવો ખ્યાલ હોત કે આપને જંગ કરવી પડશે તો તો તેઓ કદીપણ મદીનામાં ન રહેત બલ્કે આપણી સાથે જ હોત.”

[ઘાટી બે પહાડીઓ વચ્ચેની જગ્યા જેને ઉર્દૂમાં વાદી પણ કહેવાય છે.]

આપ (સલ.) એ સઅદના માટે દુઆ ફરમાવી અને છાપરું બનાવવાની રજા આપી દીધી. તેમાં આપ રોકાયા.

ઉપરોક્ત રીવાયત સદંતર ગલત છે. પેગંબરે ઈસ્લામનો મોભો, ઇજ્જત અને શાનેનબીના વિરૂદ્ધ છે. અક્કલનો ઉપયોગ કર્યા વગર આંખ બંધ કરીને એને માની લેવી જોઈએ નહિ કારણ કે બદરની બીજી અનેક ઘટનાઓ ઉપરોક્ત

રીવાયતની વિરૂદ્ધ જાય છે. ન તો આ રીવાયત સીરતે રસૂલ સાથે મેળ ખાય છે.

પ્રથમ વાત તો આ છે કે ખજૂરની આટલી બધી ડાળીઓ ક્યાંથી લાવવામાં આવી. જેનાથી છાપરું બનાવવામાં આવ્યું. જ્યારે કે બદરની આસપાસ ખજૂરના ઝાડોનું નામોનિશાન પણ ન હતું. છાપરું બનાવવાની રીવાયત સત્યથી તદ્દન દૂર છે.

**ઈબ્ને અબીલ હદીદ લખે છે કે :**

“મને છાપરાના ઉલ્લેખથી ઘણી જ નવાઈ લાગે છે કે ખજૂરની આટલી બધી ડાળીઓ જેના દ્વારા છાપરું બનાવવામાં આવ્યું. ક્યાંથી પેદા કરવામાં આવી ? જ્યારે કે બદરની જમીન ઉપર ખજૂરના ઝાડ જ થતાં ન હતાં.”

(શરહ ઈબ્ને અબીલ હદીદ ભાગ-૨ પેજ નં. ૩૩૦)

જો એમ માની લેવામાં આવે કે મદીનાથી સાથે લાવ્યા હતા. તો એ પણ ગલત છે. પ્રથમ તો વજન ઊંચકનારા જાનવરોની જ કમી હતી. નીકળતી વખતે છાપરું બનાવવાનો કોઈ ખ્યાલ પણ ન હતો. આ બધી વાતોથી હટીને મુખ્ય મુદ્દો તો આ છે કે આ વાત પેગંબરે ખુદાની સીરતના વિરૂદ્ધની છે. પેગંબરની સીરત તો આ હતી કે તેઓ દરેક કાર્યોમાં મુસલમાનોની સાથે ખભેખભા મિલાવીને શરીક રહેતા હતા. અરે તે કાર્ય મામૂલી પ્રકારનું કેમ ન હોય.

મિસ્જદે નબવીના બાંધકામમાં જમીનને સમતલ બનાવવામાં, દીવાલો ચણતી વખતે પથ્થરો ઊંચકી લાવવામાં અવ્વલથી આખર સુધી

સહાબાની આગળ આગળ રહ્યા. મદીનાની આસપાસ ખન્દક ખોદતી વખતે ભૂખના કારણે કમર સીધી રાખવા પેટ ઉપર સહાબાએ એક એક પથ્થર બાંધ્યો હતો, તો પેગંબરે બે બે પથ્થર બાંધેલા હતા. જંગે અહઝાબમાં પેગંબરે ઈસ્લામે ખન્દકની ખોદાઈમાં ભરપુર હિસ્સો લીધો હતો.

આ ઈસ્લામની પ્રથમ જંગ હતી. મુસલમાનોમાંથી અમૂક તો ઢીલાપોચા હતા. અમૂક તો અબુસુફયાનના વેપારી કાફલો લૂંટવાની નિયતે નીકળ્યા હતા. અમુક તો મુનાફિકો હતા. ઈસ્લામી લશ્કરમાં રહીને નબી ડરી જાય એવો મશવેરો આપતા હતા. આવી પરિસ્થિતિમાં આ વાત શક્ય જ નથી કે નબી છાપરામાં બેસી રહે અને સહાબા જંગ લડે. રસૂલ તો પોતાની સમગ્ર જિંદગીમાં

મુસલમાનો સાથે ખભેખભા મિલાવીને દરેક કાર્યોમાં જોતરાયેલા રહ્યા છે. જો ફોજનો સરદાર લડાઈથી અલિપ્ત રહે, તો ફોજની હિંમત શિથિલ થઈ જાય છે. તેઓમાં મંદતા આવી જાય છે. જ્યારે કે સરદારના પોતે પણ લડાઈમાં ભાગ લેવાથી ફોજનો જોશ વધી જાય છે. લડાઈની જીતનો આધાર ફોજની હિંમત અને આક્રમકતા ઉપર છે. પછી કેવી રીતે માની લેવામાં આવે કે પેગંબરે ઈસ્લામ (સલ.) મુસલમાનોની સફોમાં સામેલ થઈને તેમને જોશ અને હિંમત આપવાની જગ્યાએ પોતાના માટે રક્ષિત ખૂણો તલાશ કરી તેમાં બેસી જવું પસંદ કરે !! આ વાત અક્કલથી સદંતર વિરૂદ્ધ છે.

બલકે બદરની બધી જ ઘટનાઓ સાક્ષી છે કે પેગંબરે ઈસ્લામે લશ્કરની સફબંધી કરી જમણી

અને ડાબી બાજુઓની લશ્કરની સફોને વ્યવિસ્થત કરી. આપ (સલ.)એ અનુભવી સેનાપતિને છાજે એ રીતે ફોજ ગોઠવી. લડવૈયાઓને યુદ્ધના નીતિનિયમો સમજાવ્યા. અહીં સુધી કે આપ (સલ.) એ દુશ્મનોના કતલ થઈને પડવાની જગ્યાઓ પણ બતાવી.

**અલ્લામા તબરી લખે છે કે :**

બદરના દિવસે પેગંબરે અકરમ (સલ.) ખુલ્લી તલવાર સાથે મુશરીકોનો પીછો કરતા જોવામાં આવ્યા. આ આયત તીલાવત કરતા હતા. “હમણા જ દુશ્મનનું લશ્કર પરાજિત થઈ જશે, અને પીઠ ફેરવી ભાગવા લાગશે.”

(તારીખે તબરી ભાગ-૨, પેજ નં. ૧૭૨)

આ બધાં કાર્યો લશ્કરથી અલગ રહીને એક છાપરામાં બેસીને અંજામ આપી શકાંતાં નથી. અહીં તો પેગંબરે ઈસ્લામ ખુદાની કુદરતના મોઅજેઝા જાહેર કરી રહ્યા છે. એક પછી એક ભવિષ્યવાણી કરી રહ્યા છે. ફલાણો વ્યક્તિ અહીં મરશે, ફલાણો ત્યાં પડશે. રસૂલની આ ભવિષ્યવાણીઓ વહીએ ઈલાહી દ્વારા હતી. આ જગ્યાએ હારવાનો તો પ્રશ્ન જ ન હતો. તો પછી શા માટે રસૂલ માટે છાપરું બનાવી તેની બહાર ઊંટણી ઊભી રાખી ભાગી જવાની તૈયારી રાખવામાં આવે. આ વાતનો કોઈ અર્થ જ નથી.

હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબીતાલિબ (અલ.) ફરમાવે છે કે :

"જ્યારે બદરનો દિવસ આવ્યો. લડાઈ શરૂ થઈ ગઈ. ઘમસાણ યુદ્ધ ચાલતું હતું. ત્યારે અમે લોકો રસૂલના દામનમાં પનાહ લેતા હતા. આપ (સલ.)ની પાસે જ રહેતા હતા. આપનો રૂઆબ અને જોશ સર્વથી વધુ હતો અને અમે બધા બીજાઓ કરતાં દુશ્મનથી વધારે નજીક હતા."

(તારીખે તબરી ભાગ-૨, પેજ નં. ૧૩૫)

અમીરૂલ મોઅમેનીનના ઉપરોક્ત વર્ણનથી વધુ વજનદાર કથન કોઈનું હોઈ શકતું નથી. આ વર્ણનથી જાહેર થાય છે કે આપ (સલ.) છાપરામાં રહેવાની સલામત જગ્યા શોધીને ભાગવા માટે ઊંટણીની વ્યવસ્થા રાખવાની જગ્યાએ લડાઈના મેદાનમાં લશ્કરની આગેવાની કરતા હતા.

સઅદ ઈબ્ને મઆઝની છાપરાવાળી રીવાયત સદંતર ખોટી છે. આ રીવાયતનો એક ટૂકડો “કે જો મદીનામાં રહી ગયેલાઓને આવો ખ્યાલ હોત કે આપને જંગ કરવી પડશે તો તેઓ ઘરોમાં બેસેલા ન રહેત.”

આ જુઠની કડી તો ત્યાં ખુલી જાય છે કે કુર્આનેપાકમાં સ્પષ્ટ રીતે કહેવામાં આવ્યું કે ઘરોમાંથી (મદીનામાંથી) નીકળતી વખતે મુસલમાનોનું એક ટોળું લડાઈને નાપસંદ કરતું હતું અને એમ સમજી રહ્યું હતું કે તેમને મોતના મોંમાં ધકેલવામાં આવી રહ્યા છે.”

જો સઅદ ઈબ્ને મઆઝની રીવાયત અનુસાર કે મદીનામાં પડી રહેનારાઓને આવો ખ્યાલ હોત કે પેગંબરને યુદ્ધ લડવું પડશે તો તેઓ

જરૂર બદરમાં હાજર હોત, આ વાત કુર્આનથી ટકરાઈ છે. જો આ લોકોને (મદીનામાં પડી રહેનારા મુસલમાનોને) લડાઈ નહીં થાય એવું ગુમાન હતું તો ભય શેનો લાગતો હતો ? જેનું વર્ણન કુર્આન કરે છે :

કુરૈશમાં કેટલાક લોકો એવા પણ હતા, જેમની વર્તણૂક પેગંબરે ઈસ્લામ સાથે વધારે દુશ્મનાવટભરી ન હતી. તેઓ કાફિર હોવા સાથે પણ થોડાઘણા અંશે આપ (સલ.)ની ઈજ્જત કરતા હતા. માનમર્યાદાનો ભંગ ન કરતા, જેમને આપણે નરમ સ્વભાવના લોકો પણ કહી શકીએ. બીજા કેટલાક લોકો એવા હતા કે તેઓ ઈસ્લામ લાવી ચૂક્યા હતા. પરંતુ હજી સુધી પોતાના મુસલમાન થવાની જાહેરાત કરી ન હતી. એલાને ઈસ્લામથી

થોડાક ડરતા હતા. આવા લોકો પેગંબરે ઈસ્લામની સામે લડવા ઈચ્છતા ન હતા. પરંતુ કુરૈશ ખેંચી-તાણીને - બળજબરીપૂર્વક તેમને પોતાની સાથે લઈ આવ્યા હતા.

આપ (સલ.) એ જરૂરી માન્યું કે યુદ્ધ શરૂ થતાં અગાઉ આ લોકોના વિષયમાં મુસલમાનોને માહિતગાર કરી દે. જેથી આપ (સલ.) એ ફરમાવ્યું:

"મને ખબર છે કે બની હાશિમ અને ગેર બનીહાશિમમાંથી કેટલાક લોકો કુફ્ફારના લશ્કરમાં સામેલ છે. પરંતુ તેઓ આપણી સાથે યુદ્ધ લડવાનો ઈરાદો ધરાવતા નથી. તેમના દીલમાં મુસલમાનોથી કોઈ નફરત પણ નથી. માટે તમારામાંથી કોઈ અબુલ બખ્તરી ઈબ્ને હારિસ, અબ્બાસ ઈબ્ને અબ્દુલમુત્તલિબ અથવા કોઈ

હાશિમીને જુએ તો તેમને કતલ ન કરે. એટલા માટે કે તેઓ બળજબરીપૂર્વક મેદાનમાં લાવવામાં આવ્યા છે.”

પેગંબરે ઈસ્લામની આ જાહેરાતથી કેટલાકના પેટમાં દુખ્યું. પેગંબરની વાત તેઓને ન ગમી. બેચેન થઈ ગયા. આવા લોકો પોતાની નારાજગી જાહેર કર્યા વગર ન રહી શક્યા.

અબુ હુઝેફા ઈબ્ને ઉતબાએ આપ (સલ.)ને કહ્યું “અમે અમારા બાપ, બેટા, ભાઈઓ અને સગાવહાલાંઓને તો કતલ કરી નાખીએ, અને અબ્બાસને છોડી દઈએ ! ખુદાની કસમ ! હું તેની રૂબરૂ થયો તો તેને કતલ કર્યા વગર છોડીશ નહિ.”

આપ (સલ.)એ હુઝૈફાથી પોતાની નારાજગી જાહેર કરી. પરંતુ કોઈ પગલું ભરવાનો

અત્યારે સમય ન હતો. જેથી જરૂરી હિદાયતો કરીને આપ (સલ.) બેસી ગયા.

પેગંબર (સલ.)એ હઝરત ઉમરને કહ્યું "સાંભળો છો ? આ અબુ હુઝયફા શું કહી રહ્યો છે. શું એ મારા કાકા ઉપર તલવાર ચલાવશે ! આ સાંભળતાં જ હઝરત ઉમર તાડૂક્યા :

"યા રસૂલલ્લાહ ! મને રજા આપો તો હું તલવાર વડે એની ગરદન ધડથી અલગ કરી નાખું. ખુદાની કસમ એ મુનાફિક છે. (તારીખે તબરી, ભાગ-૨ પેજ નં. ૧૫૧)

વાચકો હઝરત ઉમરની આ વાતને યાદ રાખે-મુસલમાનોના ઈતિહાસે કેટલાં ઉલટાં સૂલટાં વિરોધાભાસી વિધાનો પોતાના પ્રિય પાત્રોની

બહાદુરી બતાવવા અને મુનાફિક્ત છુપાવવા માટે ઘડી કાઢાં છે તેનો ખ્યાલ આગળ આવશે.

હઝરત ઉમરની ઉપરોક્ત હુઝયફાને મુનાફિક કહીને મારી નાખવાની વાતની કડી જંગે બદરના કેદીઓ અંગેની ચર્ચા દરમ્યાન ખૂલી જશે. બંને વાતો સુન્ની ઈતિહાસકારોએ નોંધી છે. (પ્રકરણ ૧૬નું પેજ નં. ૧૯૫/૧૯૬ વાંચો)

હઝરત ઉમરના આ શબ્દો તો સુન્ની ઈતિહાસકારોની નોંધોમાં અનેક જગ્યાએ મળશે.

“યા રસૂલલ્લાહ ! મને હુકમ આપો હું એની ગરદન ધડથી જુદી કરી દઉં.”

પરંતુ જંગના મેદાનમાં નહિ. સમગ્ર ઈસ્લામી જંગોમાં ન હઝરત ઉમરે કોઈને કતલ કર્યો, ન તો ઘાયલ કર્યો છે, ન તો પોતે ઘાયલ

થયા, ન તો આપ ઉપર કોઈ ઉઝરડો થયો છે. આવા શબ્દો તો હંમેશા હઝરત ઉમર ત્યારે ફરમાવે છે જ્યારે કે કોઈ વ્યક્તિ રસૂલની સમક્ષ પકડાઈને કેદ થઈને આવ્યો છે. ન તેની પાસે હથિયાર છે, ન તે મુકાબલો કરી શકે છે. તે મુસલમાનોની સમક્ષ ઘેરાઈને નમાલો અને ગરીબડી ગાય જેવો થઈને ઊભો છે. તેને એક નાનું છોકરું પણ મારી શકે છે. ત્યારે જ હઝરત ઉમર ઉપરોક્ત શબ્દો બોલતા દેખાય છે.

# પ્રકરણ – ૨૫ : જંગે બદરમાં અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબીતાલિબ (અલ.)ની બહાદુરી

ઈતિહાસકાર ઈબ્ને કસીરનું વર્ણન છે કે આપ (સલ.) એ મોહાજેરીનનો અલમ હઝરત અલી ઈબ્ને અબીતાલિબ (અલ.)ને આપ્યો. તે સમયે હઝરત અલી (અલ.)ની ઉંમર ફક્ત વીસ વરસની હતી. જ્યારે અનસારનો અલમ સઅદ ઈબ્ને અબાદહને આપ્યો.

(અલ બીદાયા વન્નહાયા, ભાગ ૭, પેજ નં. ૨૩૨)

હિજરત કરીને આવનારાઓમાંથી મોટા કહેવામાં આવતા અથવા માનવામાં આવતા તમામ સહાબા હઝરત અલી (અલ.)ના હાથ નીચે હતા.

દુશ્મનો પણ સફો બાંધીને હથિયાર સજીને મુકાબલા પર આવ્યા.

ઉતબા ઈબ્ને રબીયા, તેનો ભાઈ શીબા અને તેનો પુત્ર વલીદ કુરૈશની સફોમાંથી નીકળી મુસલમાનોની સામે આવ્યા. મુસલમાનોના લશ્કરમાંથી ઓફ ઈબ્ને હારિસ, મઉઝ ઈબ્ને હારિસ અને અબ્દુલ્લાહ ઈબ્ને રવાહા મુકાબલા માટે બહાર આવ્યા.

ઉતબાએ પુછું તમે કોણ છો ? ઉત્તર આપ્યો, અમે અનસારે મદીના છીએ. ઉતબાએ પોતાની પેશાની ઉપર વળ ચઢાવીને કહ્યું. તમે અમારી બરાબરીના લોકો નથી. માટે તમે પાછા જાઓ. પછી તેણે આપ (સલ.)ને ઉદ્દેશીને કહ્યું :

"અય મોહંમદ ! અમારા મુકાબલા માટે અમારી બરાબરીના લોકોને મોકલો જે અમારી કોમમાંથી હોય."

આ ત્રણે પોતાની સફોમાં પાછા ફર્યા. પેગંબરે ઈસ્લામે જ્યારે કુરૈશની આ અહંકારી મનોવૃત્તિ જોઈ તો સમજી ગયા કે આ લોકોની પ્રકૃતિમાં ઘમંડીપણું છે. તેઓ અનસારને પોતાના મુકાબલે સમજતા નથી. તો તેમની જગ્યાએ ઓબયદા ઈબ્ને હારિસ, હમઝહ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ, અને અલી ઈબ્ને અબીતાલિબને મોકલ્યા. જેમાં હઝરત ઓબયદાની ઉમર ૭૦ વર્ષની હતી.

ઉતબાએ ફક્ત આ જ માંગણી કરી હતી કે તેમના મુકાબલા માટે કુરૈશી આવે. પરંતુ પેગંબરે ઈસ્લામે ન ફક્ત કુરૈશને બલકે કુરૈશમાંથી પણ

ઉચ્ચોચ્ચ એવા જનાબ અબ્દુલ મુત્તલિબના જિગરના ટૂકડાઓને પસંદ કરીને મોકલ્યા. પોતાના સગા કાકા હમઝહ તથા પોતાના કાકાના દીકરા ભાઈ અને એકની એક લાડલી બેટીના શોહર-જમાઈ હઝરત અલી ઈબ્ને અબીતાલિબ (અલ.)ને મોકલ્યા. હઝરત અલી (અલ.) તો નવયુવાન હતા, અને પ્રથમવાર એક અનુભવી યોધ્ધાની જેમ મેદાનમાં કૂદી પડા.

જ્યારે ઉતબાને ખબર પડી કે અલી, હમઝા અને ઓબયદા લડવા માટે આવ્યા છે તો બોલ્યો કે આ બરાબરીની લડાઈ છે. હઝરત ઓબયદા ઉતબા સાથે, હઝરત હમઝા શીબા સાથે અને હઝરત અલી વલીદ સાથે લડવા તૈયાર થયા. વલીદે તલવારનો વાર કર્યો પરંતુ અલીએ એક તીર મારીને તેને

એવો મજબૂર કરી દીધો કે તે શું બીજો હુમલો કરે ? તીર વાગતાં જ પોતાના બાપ ઉતબા પાસે ભાગ્યો. પરંતુ અબુતાલિબના ફરઝંદે એવો ઘેરી લીધો કે તેમની તલવારના વારથી બચી શક્યો નહીં. બાપના દામનમાં જતાં પહેલાં જ હલાક થઈ ગયો.

એટલામાં મુસલમાનોએ અવાજ બુલંદ કરી કે "અય અલી શીબા તમારા કાકા ઉપર છવાઈ રહ્યો છે. હઝરત અલીએ પાછા ફરીને જોયું તો બંને બાથમબાથા જમીન પર પડેલા છે. તલવારો બુઠ્ઠી થઈને પડેલી છે. ઢાલના ટૂકડા પણ વિખરાઈને પડા છે. આપે આગળ વધીને શીબા ઉપર વાર કર્યો અને તલવારથી તેનું માથું કલમ કરી નાખ્યું. હવે હઝરત અલી અને જનાબ હમઝા ઉતબાની તરફ લપક્યા જે જનાબ ઓબયદા સાથે લડી રહ્યો હતો.

જોયું તો ઓબયદા ઘાયલ થઈને મુકાબલો કરવાની શક્તિ ગુમાવી ચૂક્યા છે. ઉતબા તલાવરનો વાર કરવાની તૈયારીમાં જ હતો કે હઝરત અલી અને જનાબ હમઝા તેના ઉપર તૂટી પડા. તેની લાશ ખૂનમાં લથપથ જમીન ઉપર તડપતી થઈ ગઈ.

હઝરત ઓબયદા જખ્મોથી ચૂર હતા. શરીર ઉપર ખૂબ જ જખ્મો હતા. હઝરત અલી અને જનાબ હમઝા બંનેએ તેમને ઊઠાવ્યા. તેમને આપ (સલ.)ની ખિદમતમાં લાવ્યા. પેગંબર (સલ.) એ જોયું કે હઝરત ઓબયદાનો પગ કપાઈ ગયો છે, હડ્ડીમાંથી રસ ઝરપી ઝરપીને બહાર આવી રહ્યો છે. આપ (સલ.) એ ઓબયદાના માથાને પોતાની જાંઘ ઉપર રાખ્યું. આપ (સલ.)ની આંખોમાં આંસુ આવી ગયાં. જે ઓબયદાના ચેહરા ઉપર પડાં. તેમણે

આંખો ખોલીને પેગંબર (સલ.)ની તરફ જોયું અને કહ્યું. “યા રસૂલલ્લાહ ! શું હું શહીદોમાં શામિલ થઈ ગયો ?

દરબારે રિસાલતથી ઉત્તર મળ્યો “હાં આપની ગણતરી શહીદોમાં થઈ છે, બોલ્યા : કાશ ! આજે અબુતાલિબ જીવતા હોત તો જોઈ શકત કે અમે તેમના કથનને ખોટું પડવા નથી દીધું. બલ્કે આપના કથનને સત્ય સાબિત કરીને રહ્યા. હઝરત ઓબયદા ૭૦ વર્ષની ઉંમરના હતા. અબુતાલિબનો જમાનો જોયો હતો, રસૂલથી, કુરૈશની દુશ્મની જોઈ હતી. અબુતાલિબનો પેગંબર પ્રત્યેનો પ્રેમ જોયો હતો. હઝરત અબુતાલિબનું આ કથન હઝરત ઓબયદાના કાનોમાં ગુંજતું હતું જે હઝરત અબુતાલિબે કુરૈશના સરદારોને કહ્યું હતું.

“અમે મોહંમદ (સલ.)ને તે સમયે દુશ્મનોના હવાલે થવા દઈશું જ્યારે કે લડતાં લડતાં તેમની સામે જ મરી જઈએ અને બાલબચ્ચાંઓની યાદથી ગાફિલ થઈ જઈએ.”

મેદાને બદરથી પરત થતાં વાદીએ રૂમા અથવા સફરાની જગ્યાએ ઓબયદા ઈન્તિકાલ ફરમાવી ગયા. આપને ત્યાં જ દફન કરવામાં આવ્યા. કુરૈશના આ પ્રખ્યાત શૂરવીરોના કતલ થઈ જવાથી કાફિરો ઉપર ભય છવાઈ ગયો. અબુજહલે તેમને માયુસ થતા જોયા તો ચીખી ચીખીને તેમને પ્રોત્સાહિત કરવાનું શરૂ કર્યું. તઈમા ઈબ્ને અદીને જોશ આવ્યો. તે ગાંડા હાથીની જેમ કૂદતો કૂદતો સફની બહાર આવ્યો. તે તલવારનો વાર કરે તે અગાઉ જ હઝરત અલી (અલ.) એ તેના ઉપર

ભાલાથી વાર કર્યો. એવો સખત ઘવાયો કે ઊભો ન રહી શક્યો. લડખડાતા પગે જમીન ઉપર ઢળી પડો. જમીન ઉપર એડીઓ ઘસતાં ઘસતાં મૃત્યુ પામ્યો.

**હઝરત અલી (અલ.) એ ફરમાવ્યું :**

“ખુદાની કસમ ! આજના દિવસ પછી આ લોકો અલ્લાહના બારામાં શત્રુતા અને લડાઈ બધું જ ભૂલી જશે.

(આઅલામુલ વરા, પેજ નં. ૮૯)

તઈમાના હલાક થયા પછી આસ ઈબ્ને સઈદ હથિયાર સજીને મેદાનમાં ઊતરી પડો, હઝરત અલી (અલ.) એ તેને પણ તલવારનો વાર કરીને મોતના મોંમાં ધકેલી દીધો. પછી અબ્દુલ્લાહ ઈબ્ને મનઝર અને હુરમીલા ઈબ્ને ઉમર અભિમાનથી ગર્જતા ગાળો ભાંડતા મેદાનમાં

આવ્યા. બંને હઝરત અલીની તલવારથી હલાક થઈ ગયા. ત્યાં હન્ઝલા ધુંઆપુંઆ થઈને ગુસ્સાની આગમાં ગમે તેમ બકવાશ કરતો મેદાનમાં આવ્યો. હઝરત અલી (અલ.) એ તેને તલવાર ચલાવવાનો મોકો જ ન આપ્યો. તે તલવાર વીંઝે તે અગાઉ આપ (અલ.)ના ફૂર્તીલા હાથોએ તલવાર એવી વીંઝી કે તેનું માથું કપાળ અને કાનના ભાગોમાંથી કપાઈ ગયું. આંખો બહાર આવી ગઈ. તે તડપી તડપીને ઠંડો થઈ ગયો.

આ હન્ઝલા અબુ સુફયાનનો પુત્ર અને મઆવીયાનો ભાઈ થતો હતો. હજી હમણાં જ તેનો નાનો ઉતબા અને મામો વલીદ હઝરત અલીની તલવાર દ્વારા હલાક થઈ ચૂક્યા હતા.

હઝરત અલી (અલ.)ની જાહેરી ખિલાફતના સમયમાં જ્યારે મઆવીયાએ તેમને જંગની ધમકી આપી તો આપે મઆવીયાને તેના નાના, મામા અને ભાઈના જંગે બદરમાં પોતે હલાક કર્યાની યાદ અપાવતાં ફરમાવ્યું :

"હું કોઈ બીજો નથી તે જ અબુલહસન છું જેણે તારા નાના ઉતબાને, મામા વલીદને અને તારા ભાઈ હન્ઝલાના જંગેબદરમાં ટૂકડે ટૂકડા કરી નાખ્યા હતા." (નહ્ઝુલ બલાગાહ)

કુફ્ફારની આ પ્રખ્યાત વ્યક્તિઓ જેમની ગણતરી શૂરવીરોમાં થતી હતી તેમના હલાક થઈ જવાથી દુશ્મનની સફોમાં ખળભળાટ મચી ગયો. જેથી હવે તેઓ એક એક વારાફરતી મેદાનમાં ઊતરવાથી ડરવા લાગ્યા. બલકે ઈન્કાર કરવા

લાગ્યા. તેમણે સમજી લીધું કે આવી રીતે એક એક કરીને મેદાનમાં નીકળીશું તો કોઈપણ શેરેખુદાની તલવારથી બચી શકીશું નહિ બલકે જીવતા રહેવું જ શક્ય નથી. એક એક કરીને બધા જ મોતના મોંમાં ધકેલાઈ જઈશું. જેથી તેઓએ મશવેરો કર્યો કે આપણે એકી સાથે મોટી સંખ્યામાં હુમલો કરીએ. મુસલમાનોએ પણ એકીસાથે હુમલાનો જવાબ આપવા વિચાર્યું. પરંતુ પેગંબર ઈસ્લામે (સલ.) મુસલમાનોને રોક્યા. ફરમાવ્યું. : "તમો તમારી સફોને સલામત રાખો. વેરવિખેર ન થવા દો, દુશ્મનોના હુમલાને તીરોથી રોકો", પછી આપ (સલ.) અલ્લાહની હુઝૂરમાં દુઆ કરવા લાગ્યા :

"બારે ઈલાહ ! જો મુસલમાનોની આ જમાત હલાક થઈ ગઈ તો જમીનના પટ ઉપર

તારી ઈબાદત કરવાવાળું કોઈ બાકી રહેશે નહિ. પરવરિદગાર ! વિજય અને મદદના તારા વાયદાને પૂરો કર."

(તારીખે કામિલ ભાગ-૨ પેજ નં. ૮૭)

દુઆના ખતમ થવા સાથે પેગંબરે ઈસ્લામે ઊંઘના ઝોકાંની જેમ આંખો મીંચી દીધી. તરત જ આંખો ખોલીને ફરમાવ્યું :

"ખુદાનો શુક્ર છે. તેણે મારી દુઆ કબૂલ ફરમાવી, અને આપણી મદદ માટે ફરિશ્તાઓ મોકલી આપ્યા.

**અલ્લાહતઆલાનો ઈરશાદ છે :**

**ઈઝ તસતગીષુન રબ્બકુમ ફસ્તજાબ લકૂમ અન્ની મોમીદ્દોકૂમ બેઅલફીમ મિનલ મલાએકતે મુરદેફીન**

(સુરહ અનફાલ આયત નં. ૯)

**અર્થાત** : “જ્યારે તમે પોતાના પરવરિદગારથી ફરીયાદ કરી રહ્યા હતા. પછી અલ્લાહ તઆલાએ તમારી દુઆ કબૂલ કરી, હું એક હજાર ફરીશ્તાઓ સાથે તમારી મદદ કરીશ કે જેઓ તમારી પીઠ પાછળ લગાતાર ગોઠવાયેલા હશે.”

જ્યારે કુરૈશ તીરોની સામે તીર વરસાવતા લશ્કરે ઈસ્લામની નજીક આવ્યા. તો આપ (સલ.) એ મુસલમાનોને હુકમ આપ્યો કે તેઓ એકદમ અચાનક હુમલો કરીને દુશ્મનો ઉપર તૂટી પડે. તરત જ મુસલમાનોની બધી જ તલવારો એકસાથે મ્યાનમાંથી બહાર આવી, તીર કમાનો ઊંચી થઈ. ઘમસાણ લડાઈ શરૂ થઈ. તલવારોની ઝંકાર અને તીરોના વરસાદથી સમગ્ર મેદાન ગુંજી ઉઠ્યું.

મુસલમાનો તલવારો ચલાવતાં ચલાવતાં દુશ્મનોની સફો ચીરતા તેમને મૌતને ઘાટ ઉતારતા આગળ વધવા લાગ્યા. હઝરત અલી (અલ.) અને હઝરત હમઝા (રઝિ.) એ એવા હુમલા કર્યા કે કાફિરોના કદમ ઊખડી ગયા. અલીની તલવારે તેમને વેરવિખેર કરી દીધા.

**સઅદ કહે છે :**

"મેં બદરના દિવસે અલીને લડતાં જોયા- તેમની છાતીમાંથી ઘોડાની હનહનાહટ જેવી અવાજ નીકળી રહી હતી. આપ બરાબર રજ્ઝ [રજ્ઝ એટલે લડાઈના સમયે ફખ્ર અને મદરનગી બતાવવા પઢવામાં આવતા અશઆર.] પઢતા જતા હતા. જ્યારે પાછા ફર્યા તો આપની તલવાર લોહીથી ખરડાયેલી હતી."

(કન્ઝુલ આમાલ - ભાગ - ૫ પેજ નં. ૨૭૦ પ્રકાશન ઈદારા એહલે સુન્નત હૈદ્રાબાદ)

આ ઘમસાણ યુદ્ધ દરમ્યાન નોફલ ઈબ્ને ખુવૈલિદ જે પેગંબર (સલ.)નો કટ્ટર દુશ્મન હતો. હઝરત અલી (અલ.)ની નજીકથી પસાર થયો. આપે તેના માથા ઉપર તલવાર મારી. જે લોખંડની ટોપીને કાપીને માથું ચીરીને તેના જડબા સુધી ઉતરી ગઈ, પછી બીજો વાર તેના પગ ઉપર કર્યો. જેનાથી તેના બંને પગ કપાઈ ગયા. તે ઝાલીમ હલાક થઈ ગયો.

આ દુશ્મને ખુદાના હલાક થવાથી આપ (સલ.) ઘણાં જ ખુશ થયા. આપે ફરમાવ્યું :

“અલ્લાહનો શુક્ર છે કે તેણે મારી દુઆને કબુલીયત બક્ષી.”

લડાઈ હવે આખરી તબક્કામાં પહોંચી ચૂકી હતી. આ નિર્ણાયક પરિસ્થિતિમાં કાફિરોની શક્તિ ખતમ થઈ ચૂકી હતી. અબુજહલ, તેનો ભાઈ આસ ઈબ્ને હિશ્શામ અને બીજા સરદારો પણ હલાક થઈ ગયા હતા.

આ ગઝવહમાં જે ઈસ્લામનો પ્રથમ ગઝવહ હતો. કાફિરોને ઘણું જ નુકશાન ઉઠાવવું પડું. તેમના કુલ ૭૦ માણસો કતલ થયા. અને ૭૦ કેદી પકડાયા. બાકીના માણસોએ મક્કા તરફ ભાગી જઈને પોતાનો જીવ બચાવ્યો. મુસલમાનોમાં ફક્ત ૧૪ માણસો શહીદ થયા. જેમા છ મુહાજિરો હતા અને આઠ અનસાર હતા.

અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબીતાલિબ (અલ.)ની તલવારથી કતલ થનારાઓની સંખ્યા ૩૫ (પાંત્રીસ) હતી.

મતલબ કાફિરોના જેટલા માણસો મુસલમાનોની તમામ ફોજના હાથે મરાયા. એટલી જ સંખ્યામાં કાફિરો હઝરત અલી (અલ.)ની તલવાર વડે હલાક થયા. કાફિરોને મારવામાં એક પલ્લામાં તમામ મુસલમાનોનું લશ્કર અને એક પલ્લામાં ફક્ત હઝરત અલી (અલ.). તેમાં પણ હઝરત અલી (અલ.)નું પલ્લુ ભારી છે. આપે કાફિરોના ઉચ્ચોચ્ચ સરદારોને કતલ કર્યા છે. બહાદુર કહેવાતા ઘમંડી મૂછાળાઓની ગરદનો ઉડાડી દીધી. જેમની પ્રત્યક્ષ જવામાં મુસલમાનો ખોફ અનુભવતા હતા. કાફિરો પોતાના જે સુરમાઓ

ઉપર ગર્વ લેતા હતા તે સુરમાઓને હઝરત અલી (અલ.) એ કતલ કર્યા છે.

જેમાં કુરેશનો સરદાર શીબા, વલીદ, હન્ઝલા, નોફલ ઈબ્ને ખુલેદ, આસ ઈબ્ને સઈદ, મુગીરહ ઈબ્ને વલીદ, વગેરે.

હઝરત અલી (અલ.)એ પોતે એકલાએ કતલ કરેલા કાફિરોની સંખ્યા એમ સૂચવે છે, કે આપે ન માલે ગનીમત એકત્ર કરવાની ફિકર કરી, ન લોકોને કેદી બનાવવાની ચિંતા કરી, ન ભાગનારાઓનો પીછો કર્યો. બલકે પોતાની સંપૂર્ણ શક્તિ દીનના દુશ્મનોના ખાત્મો કરવામાં અને કુફ્ર શીર્કની બીજકનીમાં લાગેલા રહ્યા. બહાદુરી અને યુદ્ધ કૌશલ્યનો તે અજોડ નમૂનો પેશ કર્યો જેના

કારણે દુશ્મનોના દીલોમાં ઈસ્લામની શક્તિ અને શ્રેષ્ઠતાની હંમેશ માટે ધાક બેસી ગઈ.

મુસલમાનો માટે વિજયના રસ્તા ખૂલી ગયા. જો ઈસ્લામની આ પ્રથમ જંગમાં મુસલમાનોની હાર થઈ હોત તો મુસલમાનો કુફ્ફારના મુકાબલામાં હંમેશ માટે કમજોર બની ગયા હોત, ભયભીત થઈ ગયા હોત.

આ ફતેહના કારણે મુસલમાનો સમગ્ર અરબસ્તાનના ઈલાકામાં એક શક્તિ બની ગયા. કાફિરોના બધા જ બહાદુર કબીલાઓએ મુસલમાનોના અિસત્વની, તેમની શક્તિની નોંધ લીધી. તેમને સમગ્ર ઈલાકામાં એક વિજેતા કોમ તરીકે ઈજ્જત પ્રાપ્ત થઈ. ત્યાર બાદની બધી જ જીતો જંગે બદરની જીતના પરિણામરૂપ જ ગણાશે.

મુસલમાનો અલી જેવા બહાદુર શેરનો જેટલો આભાર માને તેટલો ઓછો છે. બદરની કામ્યાબીનો તાજ ફક્ત અલીના માથા ઉપર છે અને કયામત સુધી રહેશે.

આ લડાઈ જુમ્આના દિવસે ૧૭ રમઝાનુલ મુબારક હીજરીસન ૨માં થઈ.

બપોર પછી દુશ્મનોએ હથિયાર નાખી દીધાં. પોતાનો સરસામાન છોડીને ભાગવા લાગ્યા, મુસલમાનોએ ભાગવાવાળાઓનો પીછો કર્યો. જેઓ પકડાયા તેમને કેદી બનાવ્યા. જેથી આ કેદીઓના બદલામાં દંડ વસૂલ કરીને તેમને છોડી શકાય.

સઅદ ઈબ્ને મઆઝે જ્યારે આ જોયું કે મુસલમાનો કાફિરોને કતલ કરવાની જગ્યાએ તેમને કેદી બનાવી રહ્યા છે. તો તેઓ મુસલમાનોની આ

હરકતથી ઘણા જ ગુસ્સો થયા. પોતાની નારાજગી છુપાવી ન શક્યા. પેગંબર (સલ.)ને કહેવા લાગ્યા :

"યા રસૂલલ્લાહ ! આ પ્રથમ એવી જંગ છે જેમાં અલ્લાહે મુશરીકોને બરાબર પરાજિત કર્યા છે. એમને જીવતા છોડવા કરતાં મારી નાખી એમની શક્તિને સારી રીતે કચડી નાખવાનું મને પસંદ છે." (તારીખે કામિલ - ભાગ-૨ પેજ નં. ૮૮)

સઅદ ઈબ્ને મઆઝની વાત સાંભળી લીધી પરંતુ આપ (સલ.) ખામોશ રહ્યા.

પેગંબરે ઈસ્લામ જાણતા હતા કે તેમની સાથે જોડાયેલા ઈમાન લાવેલા માણસોમાં પણ કેટલાક અધકચરા ઈમાનવાળા, કોઈક કોઈક તો મુનાફિકો પણ હતા. જેઓ હજી રસૂલની રિસાલતને પૂરી રીતે સમજી શક્યા ન હતા. નહીં તો કુર્આનનું

સ્પષ્ટ એલાન છે કે અમારો રસૂલ કંઈપણ હુકમ નથી આપતો સિવાય કે તે હુકમ અમારા તરફથી હોય છે. અલ્લાહ એમ પણ ફરમાવે છે કે અલ્લાહની તાબેદારી કરો અને રસૂલની તાબેદારી કરો, વળી એક જગ્યાએ ફરમાવ્યું "જેણે રસૂલની તાબેદારી કરી તેણે અલ્લાહની તાબેદારી કરી." જેમાં અલ્લાહે રસૂલની તાબેદારીને પોતાની તાબેદારી ગણાવી છે.

સિત્તેર કાફિરો આ જંગમાં હલાક થયા હતા. જેમની લાશો વેરવિખેર પડી હતી. આપ (સલ.) એ તે લાશોને બદરના કૂવામાં નખાવી દીધી. આ લાશોને ઉદ્દેશીને કહ્યું :

"મારી સાથે મારા રબનો વાયદો સાચો સાબિત થયો છે, શું તમે પણ તમારા રબના વાયદાને પૂરો થતો જોયો ?"

કેટલાકે પૂછ્યું, “યા રસૂલલ્લાહ આપ મૂડદાઓ સાથે વાતો કરો છો ? શું મુડદાં સાંભળી શકે છે ? ફરમાવ્યું “તેઓ તમારાથી વધારે મારી વાતો સાંભળી શકે છે. પરંતુ જવાબ આપી શકતા નથી.”

(તારીખે કામિલ ભાગ-૨ પેજ નં. ૯૦)

અહીં સહાબાને પેગંબરે ઈસ્લામનો એક ગર્ભિત ઈશારો પણ છે કે તમારામાંથી અમુક તો સાંભળ્યું ન સાંભળ્યું પણ કરે છે. પરંતુ આ મુડદાંઓ તો બરાબર સાંભળે છે. અક્કલવાળાઓ માટે પેગંબરે ઈસ્લામનો આ જવાબ કેટલો સુંદર છે.

આ બધાં કામોથી પરવારી પેગંબરે ઈસ્લામે હુકમ આપ્યો કે “માલે ગનીમત એક જગ્યાએ એકત્ર કરવામાં આવે.” રસૂલનો આ હુકમ પણ કેટલાક

લોકોને ન ગમ્યો, કારણ કે આ લોકો એમ ઈચ્છતા હતા કે અરબસ્તાનના રીવાજ પ્રમાણે જે કંઈ જેણે લુટું છે તે તેની જ પાસે રહે.

મોટે ભાગે એવું બને છે કે લડાઈ લડનારા બહાદુરો તો દુશ્મનોની કાપાકાપીમાં ઘવાયા પણ હોય છે, થાકી પણ ગયા હોય છે. તેઓ તો જંગના ખતમ ઉપર પોતાનો ઈલાજ કરતા હોય છે. અને જેઓ લડાઈમાં મોં છુપાવતા હોય છે, આળપંપાળ, કિનારે કિનારે રહીને જંગથી બચીને “હા, હો હલ્લા” કરતા હોય છે, તેઓ યુદ્ધના ખતમ ઉપર માલે ગનીમત લુંટવામાં લાગી જાય છે. આવા સમયે શૂરવીરો માલે ગનીમતથી વંચિત રહી જાય છે.

રસૂલે ફરમાવ્યું :

“માલે ગનીમત એક જગ્યાએ એકત્ર કરવામાં આવે.”

જેથી બધો જ માલે ગનીમત એકત્ર કરીને અબ્દુલ્લાહ ઈબ્ને કઅબ સહાબીને સોંપવામાં આવ્યો. તેમને માલના રક્ષક બનાવવામાં આવ્યા અને કેદીઓને બાંધીને મદીના તરફ રવાના કરવામાં આવ્યા.

જ્યારે સફરા નામની ઘાટી પાસે પહોંચ્યા તો આપ (સલ.) એ માલે ગનીમત અહીં જ વહેંચી દેવાનો હુકમ કર્યો. આ કામ મદીના પહોંચીને પણ થઈ શકતું હતું, કારણો ગમે તે હોઈ શકે, કેટલાક લોકોની વધુ પડતી ઈન્તિઝારી કે માલ જલ્દી મળી જાય. આવા લોકોની બેસબરી જોઈને પેગંબરે ઈસ્લામે આ નિર્ણય લીધો હોય.

જ્યારે મદીના પહોંચ્યા તો કેદીઓને આપ (સલ.)એ અલગ અલગ લોકોને સોંપી દીધા. ઉપરાંત તેમની સાથે અખ્લાકી વર્તણુંક-સારો વ્યવહાર કરવાની હિદાયત કરી. જ્યાં સુધી આ લોકો મુસલમાનો પાસે રહ્યા તેમની સાથે ખૂબ જ બેહતર વ્યવહાર કરવામાં આવ્યો. આ બાબતનો ઈકરાર કેટલાક કેદીઓએ પણ કર્યો છે. પછી આ કેદીઓમાંથી જે લોકોની આર્થિક સ્થિતિ મજબૂત હતી તેમને દંડની રકમ વસૂલ લઈને અને જે લોકો ગરીબ હતા, નાદાર હતા તેમને દંડ વસૂલ કર્યા વગર છોડી દેવામાં આવ્યા.

આપ (સલ.)ની બેઅસત (નુબુવ્વતની જાહેરાત) વખતે કુરૈશમાં ફક્ત સત્તર (૧૭) માણસો વાંચતા-લખતાં જાણતા હતા. આપ (સલ.) એ આ

કમીને દૂર કરવા તે કેદીઓ જેઓ ગરીબ હતા અને લખી-વાંચી શકતા હતા તેમને હુકમ આપ્યો કે તેઓ કુરૈશના દસ-દસ છોકરાઓને લખતાં-વાંચતા શીખવી આપે તો બદલામાં તેઓ પણ આઝાદ થઈ જશે.

ઈસ્લામે અને પેગંબરે ઈસ્લામ (સલ.)એ ઈલ્મને કેટલું મહત્ત્વ આપ્યું છે ? તે ઉપરોક્ત દષ્ટાંત દ્વારા માલુમ પડે છે. આ કેદીઓ કંઈ અરબી ભાષા જાણતા ન હતા. બલ્કે કેટલાકના મતે તેઓ હીબ્રુ ભાષા જે તે સમયે યહુદીઓની ભાષા ગણાતી હતી તે જાણતા હતા. જેના શીખવવાના બદલામાં તેમને આઝાદી મળતી હતી.

નૂઝૂલે કુર્આનની પ્રથમ સૂરા અલકમાં પણ આપણે કલમની તારીફ જોઈશું.

**અલ્લઝી અલ્લમ બિલ કલમ.**

(સૂરા અલક આયત નં. ૪)

"જેણે કલમ દ્વારા ઈલ્મ શીખવ્યું."

અલ્લાહ પોતાના સર્વે શ્રેષ્ઠ બંદા ઉપર કુર્આન દ્વારા જે ઈલ્મ ઊતારે છે. તેની પ્રથમ સૂરામાં કલમની પ્રસંશા કરે છે.

બુધ્ધિશાળીઓ માટે શું આમાં હિદાયતો નથી ?

# પ્રકરણ - ૨૬ : ઐતિહાસિક જુઠાણાં

મુસલમાનોના ઈતિહાસની આ બલિહારી છે કે તેણે ઈરાદાપૂર્વક સત્ય ઉપર અસત્યના આવરણો ચઢાવી દીધાં છે. સાચા ઈસ્લામને અસત્યના ઘેરાવામાં લઈ લીધો છે. અમે અમારી બધી જ બુદ્ધિ શક્તિ કામે લગાડીને અસત્યના ઘેરાવાને દૂર કરવાની કોશીશ કરીએ છીએ.

બદરના કેદીઓના વિષયમાં હઝરત ઉમરની ઇજ્જત વધારવા માટે ઘડવામાં આવેલી અનેક રીવાયતોમાંથી નીચેની રીવાયતને સમજીએ જે સમાજમાં ખૂબ જ પ્રચલિત છે.

બદરના કેદીઓ વિશે પેગંબર (સલ.) એ હઝરત અબુબકર, હઝરત ઉમર અને હઝરત અલી

(અલ.) સાથે મશવેરો કર્યો કે "તેમને કતલ કરવામાં આવે કે દંડ વસૂલ કરીને છોડી દેવામાં આવે."

હઝરત ઉમરે અબુબકરના મતથી તદ્દન વિરોધ મત પ્રદર્શિત કર્યો.

"ખુદાની કસમ ! હું અબુબકરના મત સાથે બિલકુલ સંમત નથી. આપ મને હુકમ આપો કે ફલાણી વ્યક્તિની (કેદીની) ગરદન ઉડાવી દઉં. અને હમઝાને (રસૂલ (સલા.)ના કાકા) કહો કે તે પોતાના ભાઈ અબ્બાસની ગરદન ઉડાવી દે અને અલીને કહો કે તે અકીલને કતલ કરી નાખે. (તારીખે તબરી ભાગ-૨ પેજ નં. ૧૬૯)

મતલબ આ હતો કે રસૂલના કાકા હમઝા મુસલમાન લશ્કરમાં હતા અને કાકા અબ્બાસ

(હમઝાના સગા ભાઈ) કાફિરોના લશ્કરમાં હતા. તેઓ બદર પછી ઈસ્લામ લાવ્યા. બદરમાં કેદી બન્યા હતા.

એજ પ્રમાણે હઝરત અલી (અલ.)ના સગા ભાઈ અકીલ પણ બદર પછી ઈસ્લામ લાવ્યા, બદરમાં કેદી બનીને આવ્યા હતા.

હઝરત ઉમરનું કહેવું હતું કે હઝરત હમઝા (રઝિ.) અબ્બાસને અને હઝરત અલી (અલ.) અકીલને કતલ કરી નાખે, ઉમર પોતે ફલાણાને કતલ કરી નાખે, રાવીએ તેનું નામ જણાવ્યું નથી.

અગાઉ વાચકો જાણી ચૂક્યા છે કે લડાઈ શરૂ થતાં પહેલાં જ્યારે પેગંબર (સલ.)એ ફરમાવ્યું કે બની હાશિમમાંથી ઘણા બધાને કુરૈશના બળજબરી કરવાથી આપણી સામે લડવા આવ્યા

છે. માટે લડાઈ દરમ્યાન જો કોઈની સામે આવા લોકો આવી જાય તો તેમને કતલ ન કરે, છોડી દે, ત્યારે હુઝૈફા નામના સહાબીના એતરાઝ ઉપર હઝરત ઉમરે કહ્યું હતું કે "યા રસૂલલ્લાહ ! મને રજા આપો, હું હુઝૈફાની ગરદન મારી દઉ. આ ઉમર અત્યારે કહે છે કે હમઝા અબ્બાસને કતલ કરે, હઝરત અલી (અલ.) અકીલને કતલ કરે અને હું ફલાણાને કતલ કરૂં.

લડાઈ અગાઉ હુઝૈફા ઉપર બગડી બેસી પેગંબર (સલ.)ના કાકાની લાગણી બતાવનારા ઉમર લડાઈ પછી જ્યારે કે ખુદાનો હુકમ પણ કેદીઓને કતલ કરવાનો નથી, ત્યારે નબી અને અલીના સગાઓને મારી નાખવાનું કહે છે. આ કેવો વિરોધાભાસ ! આ રીવાયતોને ગલત કહો અથવા

હઝરત ઉમરની નબીના કાકા અને અલી (અલ.)ના ભાઈઓ તરફની યુદ્ધ અગાઉ બતાવેલી લાગણી બનાવતી હતી, જુઠ્ઠી હતી. આ નિર્ણય વાચકો ઉપર છોડું છું.

(પેજ નં. ૨૨૬નો છેલ્લો ફકરો અને ૨૨૭ના ચાર ફકરા પ્રથમ ફકરો વાંચો.)

ઈતિહાસકાર આગળ લખે છે કે પેગંબરે ઈસ્લામે હઝરત અબુબકરના મતને મહત્ત્વ આપ્યું. દંડ વસૂલ કરીને કેદીઓને છોડી મૂક્યા. આ ફેંસલાના બીજા જ દિવસે હઝરત ઉમર પેગંબરે ઈસ્લામની સેવામાં હાજર થયા. જોયું તો પેગંબરે ઈસ્લામ (સલ.) અને હઝરત અબુબુકર બંને ખૂબ રડી રહ્યા હતા. હઝરત ઉમરે પૂછયું કે “યા રસૂલલ્લાહ ! આપ બંને કેમ રડી રહ્યા છો ? જો

રડવા જેવી કોઈ વાત હોય તો હું પણ તમારી સાથે રડવામાં સામેલ થઈ જાઉં.

ફરમાવ્યું : “દંડ વસૂલ કરવાના કારણે હું અલ્લાહનો અઝાબ આવતો જોઈ રહ્યો છું. જે આ ઝાડની પણ વધુ નજીક છે. આપે એક ઝાડ તરફ ઈશારો કર્યો, એટલામાં નીચેની ડાંટડપટ-ધમકીભરી આયત નાઝિલ થઈ.

**મા કાનઅ્ લેનબી"યે અયં યકૂન લહુ અસરા હત્તા યુષખેન ફીલઅર્ઝે, તોરીદૂન અરઝદ દુન્યા વલ્લાહો યુરીદુલ આખેરત, વલ્લાહો અઝીનૂન હકીમ. લવલા કીતાબુમ મિનલ્લાહે સબક લમસ્સકૂમ ફીમા અખઝતૂમ અઝાબુન અઝીમ.**

(સુરએ અનફાલ આયત નં. ૬૭, ૬૮)

**અર્થાત** : “કોઈ પેગંબર માટે આ યોગ્ય નથી કે સારી રીતે ખુનરેઝી કર્યા વગર લોકોને કેદી બનાવે. તમે તો દુનિયાનો માલ ઈચ્છો છો અને અલ્લાહ આખેરતની ભલાઈ ઈચ્છે છે અને અલ્લાહ પ્રભૂત્ત્વશાળી અને હિકમતવાળો છે. જો ખુદા તરફથી આ લખાણ પ્રથમથી જ મોજૂદ ન હોત તો તમે જે કંઈ સમેટી લીધું છે તેને લીધે તમારી ઉપર ભારે અઝાબ આવી પડત.”

હઝરત ઉમર કહે છે કે આ જ દંડના પરિણામરૂપે બીજા વર્ષે જંગે ઓહદમાં પેગંબરે ઈસ્લામ (સલ.)ના સિત્તેર સહાબા શહીદ થયા. સિત્તેર કેદ પકડાયા. આપ (સલ.)ના દાંત મુબારક તૂટા. માથું ચહેરો ઝખ્મી થયાં અને આપ (સલ.)ના સહાબા આપ (સલ.)નો સાથ છોડીને ભાગી ગયા.

 amillibrary.com

ઉપરોક્ત ઘટનાને સમજવા માટે ઘણાં બધા પ્રશ્નોના ઉત્તરો મેળવવા પડશે.

(૧) પેગંબરે ઈસ્લામ (સલ.)ને સહાબાથી મશવેરો લેવાની જરૂરત કેમ પડી ? શું જંગના કેદીઓના વિષયમાં કોઈ કુર્આની હિદાયતો ઊતરી ન હતી ?

(૨) જો હુકમ અને કુર્આની હિદાયત મોજૂદ હતી અને પેગંબરે ઈસ્લામે જંગે બદરના કેદીઓના મામલામાં તે જ પ્રમાણે અમલ કર્યો. તો પછી દાંટડપટ, ધમકી અને અઝાબ શા માટે ? કયા ગુના માટે ?

(૩) અલ્લાહનો સ્પષ્ટ હુકમ હોવા છતાં પેગંબરે મશવેરો લીધો. પછી એકના મશ્વિરા ઉપર અમલ કરી બીજાના મશ્વિરાને રદ કર્યો. તો પછી શું નબી

(સલ.) એ અલ્લાહના હુકમની અવગણના કરી, અસ્તગફિરૂલ્લાહ !

અમો ઉપરોક્ત બધા જ પ્રશ્નોના ઉત્તરો આપી રહ્યા છીએ. જેથી બરાબર ઢોલનું પોલ ખૂલી જાય.

પ્રથમ તો પેગંબરે ઈસ્લામને સહાબાથી આ બાબત કોઈ મશવેરો લેવાની જરૂરત જ ન હતી. ન તો પેગંબર (સલ.) એ મશવેરો લીધો છે. કારણ કે કલામુલ્લાહમાં સ્પષ્ટ રીતે જંગના કેદીઓના હુકમો, તેમને દંડ વસૂલ કરીને આઝાદ કરી દેવાની તાલીમ મોજુદ છે.

**ઈરશાદે ઈલાહી છે :**

**વ ઈઝા લકીતોમુલ્લઝીન કફરૂ, ફઝરબરેકાબ હત્તા ઈઝા અસખનતોમૂહુમ ફશુદુલ**

**વસાક ફઈમ્મા મન્નનમબાદો વ ઈમ્મા ફિદાઅન હત્તા તઝઅલ હરબો અવઝા રહા.**

(સુરા મોહંમદ, આયત નં. ૪)

**અર્થાત્ :** જ્યારે તમે કાફિરોથી લડો અને તેમનામાંના ઘણાંને બરાબર કતલ કરી નાખો, ત્યારે બીજાઓને ઝખ્મી કરીને ઘાયલ કરો, તો તેમને મજબૂત રીતે બાંધી કેદ કરો. પછી તેમના ઉપર ભલાઈ કરીને છોડી મૂકો અથવા દંડ લઈને મુક્ત કરી દો, અહીં સુધી કે દુશ્મન હારી જાય. (હથિયાર મૂકી દે.)

ઉપરોક્ત સૂરએ મોહમંદની ચોથી આયત છે. શીયા-સુન્ની બધા જ આલિમો આ બાબત એકમત છે કે આ આયતો જંગે બદર અગાઉ નાઝિલ થયેલી છે.

મતલબ જંગે બદર અગાઉ જ અલ્લાહનો હુકમ નાઝિલ થયેલો છે કે જંગના કેદીઓને એમ જ છોડી દેવામાં આવે અથવા એમની પાસેથી દંડ વસૂલ કરીને છોડી મૂકવામાં આવે. તો પેગંબરે ઈસ્લામે અલ્લાહના આ હુકમ મુજબ કેટલાક કેદીઓ પાસેથી દંડ લીધો, તેમને આઝાદ કર્યા, કેટલાકને દંડ વગર છોડી મૂક્યા તો વળી કેટલાક કેદીઓથી લખવા - વાંચવાની તાલીમના રૂપમાં સેવા લઈ તેમને છોડી મૂક્યા. તો આ બાબત અલ્લાહની નારાઝગી શા માટે ? ધમકી કયા ગુના માટે ? અલ્લાહનો સાફ હુકમ હોવા સાથે સહાબાથી મશવેરો કરવો, પછી પોતાની રીતે એકના મશ્વિરાને માની તેના ઉપર અમલ કરવો. બીજાના મશ્વિરાને છોડી દેવો.

આ બધાંનો શું અર્થ થાય છે ? આ બધી વાતો પાયામાંથી જ ગલત છે. રસૂલને કોઈથી મશવેરો લેવાની શી જરૂર છે ? જ્યારે કે અલ્લાહનો સ્પષ્ટ હુકમ મોજુદ હતો.

જો વહીએ ઈલાહી (હુકમે કુર્આન) હોવા સાથે બીજાના મશ્વિરા ઉપર અમલ કરવાની છૂટ હોય તો કુરઆનની જરૂરત જ ખતમ થઈ જાય છે. હઝરત ઉમર કોણ છે કે તેમના મશ્વિરા ઉપર અમલ કરવામાં આવે અને અલ્લાહના હુકમની અવગણના કરવામાં આવે. જેથી હદીસો ઘડનારાઓએ એમ લખ્યું છે કે હઝરત ઉમરના મશ્વિરા ઉપર અમલ ન કરવાથી નબી (સલ.) ઉપર ઠપકો ઉતર્યો. નબી (સલ.) રડતા હતા.

હઝરત ઉમરે જંગે બદરના બીજા જ દિવસે હઝરત રસૂલે ખુદા અને અબુબકરને રડતા જોયા. કારણ કે રસૂલને અઝાબ આવતો દેખાતો હતો. દંડ લઈને કેદીઓને છોડી મૂકવાના કારણે.

તો એમાં મોડું શું થઈ ગયું હતું. અલ્લાહના હુકમ ઉપર અમલ કરવું તો વાજીબ ગણાશે. દંડ વસૂલ લઈને છોડી મૂકવાની વાત જ રદ કરી દેત. કારણ કે વાત તો જંગના બીજા દિવસની જ છે. કેદીઓ પાસે તો દંડ હતો જ નહિ. મક્કાથી દંડ મંગાવતાં કેદીઓને ખાસ્સો સમય લાગેલો. કેટલાકને દોઢ માસ કેટલાકને બે માસનો સમય થઈ ગયેલો.

પછી ઓહદમાંથી સહાબાનું ભાગવું, ૭૦ સહાબાનુ કતલ થવું, ૭૦નું કેદ પકડાવું વગેરે જંગે

બદરના દંડ વસૂલ કરવાના ગુનાની સજા જે રીવાયત કરનાર લખે છે કે રસૂલને અને મુસલમાનોને મળી તે પણ બરાબર જંગે બદરના એક વર્ષ પછી.

જંગે ઓહદમાં ૭૦ સહાબાનું કતલ થવું, ૭૦નું કેદ પકડાવું આ સજા તો તે લોકોને મળવી જોઈતી હતી જેમણે આ દંડ લીધો હતો. સજા બીજાઓને કેમ થઈ ? શું અલ્લાહના આદીલ હોવા ઉપર આ લોકોનું યકીન નથી એમ માલૂમ નથી પડતું ? ગુનો કોણ કરે અને સજા કોને મળે.

પહેલી અને છેલ્લી વાત કે આ રીવાયત મનઘડત છે. હઝરત ઉમરના ચાહકોએ ઘડી કાઢેલી છે. જેમાં પેગંબરે ઈસ્લામ સુધ્ધાંની બેઅદબી થાય છે. અરે અલ્લાહને જ પોતાની અદાલતથી હઠાવી

દેવામાં આવે છે. આવા લોકોને કોઈપણ રીતે હઝરત ઉમરની તારીફના પુલ બાંધવા છે. તેમને ઝીરોમાંથી હીરો બનાવવા છે. તે માટે પેગંબરે ઈસ્લામ અને અલ્લાહ પણ જો નાઈન્સાફી કરનાર દેખાતા હોય તો ભલે દેખાય. હઝરત ઉમરની ઇજ્જતમાં ચાર ચાંદ લાગી જવા જોઈએ. અસ્તગફિરૂલ્લાહ !

પ્રિય વાચકો ! ખુદાની કસમ ! આ રીવાયત કરનારાઓ ઘણી જ ઊંડી ચાલો ચાલ્યા છે. આપણી અક્કલ હયરાન થઈ જાય. ઓહદમાં મોટાભાગના સહાબા જંગનું મેદાન છોડી, પીઠ બતાવીને ભાગ્યા હતા. જેમાં હઝરત અબુબકર, હઝરત ઉમર અને ઉસ્માન પ્રથમ ભાગવાવાળાઓમાં છે. બીજા પણ અનેક મોટા

ગણાતા સહાબા ભાગ્યા હતા. આ બાબતના સ્પષ્ટ વર્ણનો કુરઆનમાં, સિહાહ સિત્તામાં, અરે બુખારીમાં છે. હઝરત ઉમર કહે છે કે હું તો પહાડી બકરીની જેમ ઠેકડા મારીને ભાગતો હતો. ભાગીને હું ત્રણ દિવસે મદીના આવ્યો. ત્યાં સુધી મેં પાછા ફરીને જોયું નથી. મદીનાના નવયુવાન છોકરાઓ આવા સહાબાઓ જ્યારે ઘરોની બહાર નીકળતા તો તેમને 'ભગોળા', 'ભગોળા' કહેતા હતા.

બધાથી મોટી વાત આ છે કે કુર્આન કહી રહ્યું છે :

**ઈન્નલ લઝીન તવલ્લવ મિન્કુમ યવમ તકલ જમઆને ઈન્નમસ તઝલ્લહોમુશ્શયતાને બેબઅદે માકસબુ વલકદ અફલ્લાહો અન્હુમ.**

(સુરએ આલે ઈમરાન આયત નં. ૧૫૫)

**અર્થાત્** “નિસંશય (ઓહદની લડાઈમાં) બે લશ્કરોએ એકબીજાનો મુકાબલો કર્યો. તમારામાંથી જે લોકોએ તે દિવસે પીઠ બતાવી (નાસી ગયા) તેઓ પોતાના કેટલાક કુકર્મોને કારણે શેતાનના ફોસલાવવામાં આવી ગયા.”

તફસીરે દૂર્રે મન્સુરમાં મહાન સુન્ની આલિમ અલ્લામા જલાલુદ્દીન સિયુતી લખે છે કે :

“હઝરત ઉમરે જુમાના ખુતબામાં સુરએ આલે ઈમરાન પછી જ્યારે આ આયત “**ઈન્નલ લઝીન તવલ્લવ મિન્કુમ**” (તમારામાંથી જેઓ પીઠ બતાવીને ભાગી છૂટા હતા) ઉપર પહોંચ્યા. તો કહેવા લાગ્યા કે જ્યારે ગઝવએ ઓહદમાં અમે બુઝદીલી બતાવીને ભાગવાનું શરૂ કર્યું, અહીં સુધી

કે હું પહાડ ઉપર ચડી ગયો હતો, ત્યાં હું ભાગતો ભાગતો પહાડી બકરીની જેમ કુદકા મારતો હતો.”

(તફસીર દુર્રેમન્સુર-ભાગ-૨ પેજ નં. ૮૮ પ્રકાશન ઈદારા એહલે સુન્નત, મયમીનીયા પ્રેસ મિસર, હીજરીસન ૧૩૧૪, તફસીરે તબરી ભાગ-૪ પેજ નં. ૯૦)

બુખારી શરીફની રીવાયતમાં છે કે ઓહદના દિવસે આ લોકો એવા ભાગ્યા કે જેવું પહાડી બકરી ભાગે છે. રસૂલને એકલા છોડીને આ લોકો ભાગતા હતા જેથી રસૂલ તેમને પાછા બોલાવતા હતા. પરંતુ આ લોકો પાછું ફરીને જોતા પણ ન હતા.

કેટલાક મોટાં માથાંઓને બચાવવા તેમની ડરપોક્તા, નમાલાપણું અને ભગોળાપણાને છુપાવવા આવી રીવાયતો ઘડવામાં આવી છે. જેના

દ્વારા એમ સાબિત કરી શકાય કે ઓહદમાં સહાબાનું રસૂલને છોડીને ભાગવું અલ્લાહ તરફથી જ નક્કી હતું. કારણ કે આ જંગે બદરના કેદીઓને દંડ લઈને છોડી મૂકવાની રસૂલે ખુદાની ભૂલના કારણે હતું. (અસ્તગફિરૂલ્લાહ)

આ મોટા માથાંઓનાં કુફ્ર જેવા ગુનાને હલકો બનાવવા આ રીવાયત ઘડવામાં આવી છે. આ લોકો એમ બતાવવા માગે છે કે આ ભગોળાઓના ગુનાહમાં તો પેગંબરે ઈસ્લામ પણ સામિલ છે. (તોબા તોબા)

કુર્આનેપાક અને બુખારી જેવી કીતાબોના હવાલા પછી કોઈ કીતાબનો હવાલો જરૂરી નથી. છતાં તબ્લીગી બિરાદરોની પ્રિય કીતાબ

હયાતુસ્સહાબાની પણ બે ચાર રીવાયતોનું વર્ણન જરૂરી સમજું છું.

ઉમ્મે સલમાની રીવાયત છે કે તેણે સલમા બિન હિશ્શામ બિન મુગીરહની પત્નીને પૂછું :

હું સલમાને રસૂલે ખુદા પાછળ મુસલમાનો સાથે નમાઝ પઢતાં નથી જોતો.

સલમાની પત્નીએ કહ્યું. ખુદાની કસમ, તેમનામાં બહાર નીકળવાની જ તાકાત નથી. જ્યારે કદીક તેઓ નીકળે છે તો લોકો કહે છે “ભગોળો, ભગોળો” મતલબ તમે જેહાદથી ભાગવાવાળાઓમાંથી છો. આ કારણથી તેઓ ઘરમાં બેસી રહે છે.

અબુ હુરયરહથી રીવાયત છે કે મારી અને મારા નાના ભાઈ વચ્ચે કંઈ વાદવિવાદ થયો તો તેણે મને ટોણા માર્યા.

શું તું ગઝવએ મુતામાંથી ભાગ્યો નથી ? આ સાંભળી હું એટલો શરમીંદા થઈ ગયો કે મને સમજાયું જ નહિ કે તેને આ વાતનો શું જવાબ આપું.

અબ્દુલ્લાહ બિન ઉમરની રીવાયત છે કે આપ (સલ.) એ અમને સર"યા (નાની લડાઈ જેમાં પેગંબર સલ. હાજર ન રહ્યા હોય) માટે રવાના કર્યા. કેટલાક લોકો મેદાને જંગમાંથી ભાગ્યા, તો અમે પણ ભાગ્યા. હું પણ ભાગવાવાળાઓમાંથી હતો. અમે વિચાર્યું કે હવે શું કરીશું ?

અમે જેહાદમાંથી ભાગ્યા છીએ. અલ્લાહના ગઝબ સાથે (અલ્લાહની નારાઝગી, ક્રોધ) પાછા ફર્યા છીએ, જો મદીનામાં દાખલ થઈશું તો લોકો આપણને કતલ કરી નાખશે. પછી અમે મશવેરો કર્યો કે અમે રસૂલુલ્લાહ (સલ.)ની સમક્ષ હાજર થઈ જઈએ. હાજર થયા તો રસૂલે ખુદાએ ફરમાવ્યું:

"તમે લોકો હુમલો કરનારાઓમાંથી છો. હું પણ તમારી જમાતમાંથી છું." (અહીં પેગંબરને પણ ભગોળાપણામાં સામેલ કર્યા છે.)

બીજી એક રીવાયત પણ અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરની જ છે કે અમો સર"યામાંથી ભાગ્યા. રાતના સમયે મદીનામાં લપાઈ છુપાઈને દાખલ થઈ ગયા. થોડાક દિવસ છુપાઈ રહ્યા પછી વિચાર્યું કે આપ (સલ.)ની સમક્ષ હાજર થઈને માફી માગી લેવી

બેહતર છે. અમો પેગંબર (સલ.)ની સેવામાં હાજર થયા. મેં કહ્યું "યા રસૂલલ્લાહ ! અમે જેહાદમાંથી ભાગ્યા છીએ."

આપ (સલ.) એ ફરમાવ્યું "નહિ, બલ્કે તમે અમારી તરફ પાછા ફર્યા છો અને હું તમારી જમાઅત છું."

(હયાતુસ્સહાબા-ભાગ-૩ પેજ નં. ૬૨૨, ૬૨૩, ૬૨૪, તબ્લીગી જમાતના બીજા હઝરતજી મૌ. યુસુફ કાંધલવી- ઉર્દૂ અનુવાદ મૌ. મોહંમદ ઉસ્માન)

હઝરત અનસ રીવાયત કરે છે કે ગઝવએ ઓહદમાં આપ (સલ.) ચારે તરફથી ઘેરાઈ ગયા. આપ (સલ.) સાત અનસારી સહાબા અને હઝરત અલી (અલ.)ના વચ્ચે હતા. આપ (સલ.)એ

ફરમાવ્યું “જે કોઈ આ કુફ્ફારને અમારાથી દફે કરે તે જન્નતમાં મારો સાથી છે. એક અનસારી આગળ વધ્યા અને શહીદ થઈ ગયા. અહીં સુધી કે એક પછી એક સાતેય અનસારી સહાબા શહીદ થઈ ગયા. આપ (સલ.) એ ફરમાવ્યું :

“અમારા અસહાબે અમારી સાથે ઈન્સાફ નથી કર્યો.”

(હવાલો ઉપરોક્ત કિતાબ હયાતુસ્સહાબા ભાગ-૩ પેજ નં. ૫૫૯, મૌ. યુસુફ તબ્લીગી જમાત)

બુખારી શરીફમાં પણ આ ઉલ્લેખ મળે છે કે પેગંબર (સલ.)એ ફરમાવ્યું :

“અમારા સહાબીઓએ અમારી સાથે ઈન્સાફથી વર્તણુંક નથી કરી.”

જે કોમનો પેગંબર આમ કહેતો હોય કે મારા સહાબાએ (મારા સાથીઓએ, મારા અંતેવાસીઓએ) મારી સાથે ઈન્સાફથી મામલો નથી કર્યો તે કોમ કેટલી બદબખ્ત ગણાશે, વિચારો, વિચારો... આ સહાબા કોણ છે ? તે કોઈ બીજા નથી, રસૂલના ખાસ સહાબા છે. ખાસ અંતેવાસીઓ બેઈમાની કરે તો જ વ્યક્તિને આઘાત લાગે.

આ જગ્યાએ આટલી વિસ્તૃત ચર્ચા કરવાનું કારણ પેગંબર (સલ.)ની બેઈજ્જતી થાય છે- નબીને ભૂલો કરનાર સાબિત કરવામાં આવે છે. વળી હઝરત ઉમર જેવા સહાબી તો આમ કહે છે કે નબીની ભૂલ ઉપર અલ્લાહ અઝાબ ઉતારે છે. અલ્લાહનો ગઝબ નાઝીલ થાય છે. વળી આ

બાબત કુર્આનથી સાબિત કરવાની કોશીશ કરવામાં આવે છે.

સહાબામાંના મોટાં માથાંઓનું ભગોળાપણું છુપાવવા આવી હલકટ યુક્તિ પ્રયુક્તિ અજમાવનાર આ ઉમ્મત રસૂલની શફાઅતની પણ આશા રાખે છે. જંગે બદરમાં પેગંબર દંડ કબૂલ ન કરત, કેદીઓને છોડી ન મૂકત તો અલ્લાહ નારાઝ પણ ન થાત અને એક વર્ષ પછી થયેલ જંગે ઓહદમાં જંગે બદરના દંડ વસૂલ લેવાની સજામાં સિત્તેર સહાબા શહીદ ન થાત અને સિત્તેર સહાબા કેદી ન બનત, સહાબાને પીઠ ફેરવીને, ભાગવું પણ ન પડત. બધો વાંક જ નબીનો છે.

મુશરીકોને કેદી બનાવવાનું કાર્ય જંગે બદરમાં જે સહાબાએ કર્યું એ સહાબાની ભૂલને

રસૂલ તરફ ફેરવી દેવું છે. સાથે સાથે જે સહાબા મેદાને જંગ છોડી - પીઠ બતાવી ભાગ્યા. તેમના આ ગુનાને પણ નબી તરફ ફેરવી દેવો છે. કે જો નબી દંડ વસૂલ લઈને કેદીઓને છોડી ન મૂકત તો અમારે ભાગવું ન પડતું. અલ્લાહનો ગુસ્સો નબીની ભૂલના કારણે ઊતર્યો. તોબા તોબા.

આ લોકોને નબીની ઈજ્જત અને અઝમતનો જરાય ખ્યાલ નથી-કહો કે પરવા નથી. કહો કે નબીને આપણા જેવા સામાન્ય સમજે છે. જંગે બદરમાં મુનાફિક પણ હતા અને કેટલાક અધકચરા ઈમાનવાળા પણ હતા. તેમને તો પ્રથમથી જ લડવાનું મુશ્કેલ લાગતું હતું. જેથી અબુસુફયાનના કાફલાની રાહ જોતા હતા કે તેને લૂંટી લઈએ તો માલસામાન પણ હાથ આવી જાય

અને કોઈ તકલીફ પણ ન પડે. બહુ બહુ તો કાફલામાં ૩૦-૪૦ પુરૂષોની સંખ્યા હોઈ અગાઉ આપણે વાંચી ગયા કે અલ્લાહ ફરમાવે છે કે "તમે તો કાફલાની આશા રાખતા હતા અને અમે હકને ગાલિબ કરવા માગતા હતા. મતલબ જંગ" (અલ કુર્આન)

જો કે આ આયતમાં પેગંબર (સલ.) ઉપર ગુસ્સો કરવાની ગંધ સુધ્ધાં નથી. બલકે તે લોકો ઉપર ગુસ્સો છે જેમણે દંડની લાલચમાં - માલે દુનિયા હાસિલ કરવાની લાલચમાં, મુશરીકોને કતલ કરવાને બદલે કેદી બનાવવાનું શરૂ કર્યું. વળી આ કાર્ય જલ્દી શરૂ કર્યું. જેથી આ આયતનો સ્પષ્ટ મતલબ આ છે કે પેગંબર (સલ.) માટે આ ઉચિત નથી કે તેઓ કુફ્રની શક્તિને કચડી નાખતાં

પહેલાં કાફિરોને કેદી બનાવવા લાગે. પરંતુ તમે (સહાબાએ) દુન્યવી ફાયદો મેળવવા માટે ધરપકડ શરૂ કરી દીધી. જેથી દંડની રકમ મેળવી શકો. બેશક તમને દંડ લેવાની ઇજાઝત આપવામાં આવી છે. પરંતુ એનો એવો અર્થ નથી થતો કે દુશ્મનની શક્તિને બરાબર રગદોળીને નાબૂદ કરવા માટે કમજોરી બતાવવામાં આવે અને દંડની રકમની લાલચમાં લડાઈથી દીલ ચોરવામાં આવે. માલ એકત્ર કરવાને જેહાદનો મકસદ ન બનાવવામાં આવે.

બધા જ સુન્ની મુસલમાન આલીમોથી હટીને એક જ સુન્ની આલીમ શાહ વલીયુલ્લાહ સાહેબે સહાબાને જ ગુનેહગાર ઠેરવીને પોતાની કિતાબ “હુજ્જતુલ્લાહુલ બાલેગા” માં વર્ણવ્યું છે કે :

"સહાબા દંડ વસૂલ કરવાની લાલચમાં પડી ગયા હતા. આ અલ્લાહને પસંદ ન હતું. અલ્લાહ તો એમ ઇચ્છતો હતો કે શીર્કના મૂળિયાં ઉખેડી નાખે. તેથી તેમના ઉપર અલ્લાહે ગુસ્સો કર્યો પછી તેમને માફ કરી દીધા." (હુજ્જતુલ્લાહુલ બાલેગા, પેજ નં. ૫૭૩ )

માલ દવલતની હવસ ઈન્સાનની કુદરતી કમજોરી છે. પરંતુ જ્યાં એક તરફ દીને ઈસ્લામની મજબુતાઈનો અને દુશ્મનોને નાબૂદ કરવાનો પ્રશ્ન હોય અને બીજી તરફ માલનો ફાયદો થતો હોય ત્યારે માલના ફાયદાને જતો કરવો દીનનો પાયાનો તકાદો છે. પરંતુ માલ - દલવતની હવસ અરબોના લોહીમાં વણાઈ ગઈ હતી. ઈસ્લામ આવ્યા પછી

પણ આ પુરાની બીમારીમાં કંઈ ફરક પડો ન હતો. તે જુદા જુદા સ્વરૂપે જુદે જુદે સ્થળે દેખાય છે.

જેથી પ્રથમ વખતે કુરૈશના લશ્કરથી લડવાની જગ્યાએ અબુસુફયાનના કાફલાની શોધમાં રહ્યા જે શામથી આવતો હતો.

બીજી વખત જંગના ખતમ થવા ઉપર પોતાના એકત્ર કરેલા માલ ઉપર પોતાનો હક જમાવવાનું શરૂ કર્યું. લુંટવાવાળા કહે છે કે આ અમારી મિલકત છે. અને લડવાવાળા કહે છે કે આ માલ અમારા કારણે પ્રાપ્ત થયો છે જેથી અમે તેના હકદાર છીએ.

આ જ દવલતની લાલચમાં કુફ્ફારને નેસ્તનાબુદ કરતાં અગાઉ તેમની ધરપકડ શરૂ કરી

દીધી. જેના માટે સઅદ ઈબ્ને મઆઝ અનસારીએ પોતાની નારાજગી જાહેર કરી હતી.

હઝરત ઉમરે મુશરીકોને કતલ કરવાનો મશવેરો આપ્યો પણ તે ક્યારે ? તે વખતે જ્યારે તેમને કેદી બનાવીને મદીના લાવી ચૂક્યા હતા. હવે તેમને કતલ કરવાના સમય-સંજોગો જ ન હતા. ન કુર્આનમાં છે, ન હદીસમાં છે કે જંગ પછી કેદીઓને મારી નાખવામાં આવે. ન તો કુર્આનની ઉપરોક્ત આયતમાં (સૂરએ અનફાલ આયત નં. ૬૭) અલ્લાહનો ગુસ્સો આ કારણે છે કે તમે કેદીઓને મારી કેમ ન નાખ્યા ? દંડ લઈને છોડી કેમ મૂક્યા, અલ્લાહના ઠપકાનું કારણ આ હતું કે જંગના મેદાનમાં બરાબર લોહી વહેવડાવ્યા વગર, કુફ્ફારની શક્તિને હતી ન હતી કર્યા પહેલાં, તમે

તેમને કેદી કેમ બનાવ્યા ? અલ્લાહનો આ ઠપકો સહાબાને છે. ન કે પેગંબરે ઈસ્લામને. હવે જ્યારે તેમને કેદી બનાવી જ દેવામાં આવ્યા છે તો સુરએ મોહંમદની આયાત નંબર ચાર અનુસાર દંડ વસૂલ કરીને તેમને છોડી મૂકવા અલ્લાહના હુકમ પ્રમાણેનો અમલ ગણાશે, જે હુકમ તો જંગે બદર થયા અગાઉથી નાઝિલ થયેલ છે.

## પ્રકરણ – ૨૭ : જંગે બદરના સારા નરસા પરિણામો - રડવા ઉપર કુરેશનો પ્રતિબંધ

જંગે બદરની જીત ઇસ્લામની ઉન્નતી અને જાહોજલાલી માટે પાયાની ઇંટ બની ગઈ. આ શ્રેષ્ઠતમ ફતેહ મક્કાથી લઈ મદીના અને સંપૂર્ણ અરબમાં ઇસ્લામ વિશેની ચર્ચાનો વિષય બની ગઈ. બલકે અરબોના દીલો ઉપર એક ધાક બેસી ગઈ. જે અરબો છેલ્લા પંદર વર્ષથી ઇસ્લામના અસ્તિત્વને મિટાવવાની જાનતોડ કોશીશ કરતા હતા તેઓ હતાશ થઈ ગયા. અરબોના અનેક કબીલાઓએ એવું કદી વિચાર્યું પણ ન હતું કે આ ગરીબગુરબાં જેવા મુઠ્ઠીભર મુસલમાનો, જેમની પાસે પુરતો ખોરાક નથી, લડવાના હથિયારો નથી, પહેરવાના કપડાં નથી. જેઓને તેમના વતનમાંથી ખદેડી

મૂકીને તેમના ઘરો, ઢોરઢાંખર, માલ મીલકત, ચીજો સામાન, ઘરવખરી બધા ઉપર જ તેમના દુશ્મનોએ મક્કાવાસીઓએ કબજો જમાવી લીધો છે. આવા બેવતન, નિરાશ્રિત લોકો મદીનાના ગરીબ લોકોનો સહકાર લઈ મક્કાના માંધાતાઓ, માલેતુજારો અને આગેવાનોના ટાંટીયા તોડી નાખશે આવો કોઈને સ્વપ્નેય ખ્યાલ ન હતો.

બદરના મુકાબલામાં મુસલમાનોની બહાદુરી જોઈને – માર ખાઈને બધા જ ઉપદ્રવી તત્વો, ફસાદીઓ જેવા કે ઉતબા, શીબા, વલીદ બિન ઉતબા, ઉમય્યા બિન ખલફ, અબુ જહલ, હનઝલા બિન અબુ સુફયાન, (મઆવીયાનો ભાઈ - યઝીદનો કાકો) નૌફલ ઈબ્ને ખુલેદ બિન અસદ વગેરે જેઓ હુઝુરે અકરમ (સલ.) ના જાની દુશ્મન

હતા, ખતમ થઈ ગયા. બદરના પછી અબ્દુલ્લાહ બિન ઉબય બિન સલૂલ મુનાફિકોના સરદારે પણ રંગ બદલી નાખ્યો. જોકે તે પોતાની હયાતી સુધી ઇસ્લામના માટે આસ્તીનનો સાપ બનીને રહ્યો. પરંતુ ખુલ્લી દુશ્મનાવટ તો છોડી દીધી. જાહેરમાં પોતાને મુસલમાન ગણાવતો હતો.

આ જંગના સારા અને ખરાબ બંને પ્રકારના પરિણામોમાંથી ખરાબ પરિણામોમાં મદીના તથા તેની આસપાસના યહુદીઓનો વિરોધ વધી ગયો. અરબો ઉપર યહુદીઓનો રોબ હતો. યહુદીઓના દિલોમાં મુસલમાનો પ્રત્યે હસદ પેદા થઈ ગયો કે હવે મુસલમાનોનું પ્રભૂત્વ અરબ કબાઈલ ઉપર વધી જશે અને જો તેમણે વધુ શક્તિ પેદા કરી તો આપણે પણ તેઓથી દબાવું પડશે. આ પ્રકારનુ

ગણિત માંડી ઇસ્લામથી વધારે નફરત કરવા લાગ્યા.

મુશરીકો માટે મક્કા માતમકદા બની ગયુ. મક્કાનો મુખ્ય સર્વેસર્વા સરદાર અબુ જહલ જંગે બદરમાં માર્યો ગયો. અબુ સુફયાન બિન હરબને અબુજહલનું સ્થાન પ્રાપ્ત થયું. અબુ સુફયાન બદરથી લઈને ફતહે મક્કા સુધી - હિજરી સન - ૨ થી લઈને હિજરી - ૮ સુધી સતત અનેક લડાઈઓ કરતો રહ્યો. ઇસ્લામ દુશ્મનીમાં ચૂર રહ્યો. આ ઇસ્લામનો દુશ્મન જરાય ઠર્યો જંપ્યો નથી. મકામે કદ્ર સુધી ચડાઈ લઈ ગયો. વળી બીજા જ વર્ષે ઓહદમાં મુસલમાનોનું ખૂબ જ ખૂન વહાવ્યું.

જ્યારે બદરમાં મક્કાના સરદારોના કતલ થઈ જવાની ખબર પહોંચી તો સમગ્ર મક્કા શહેર

માતમકદા બની ગયું હતું. આહો ઝારો, અને રડવાના અવાજો ચારે તરફથી આવતા હતા. અરબના રિવાજ મુજબ દરેક ઘરના પુરૂષો અને સ્ત્રીઓ ઘરમાં માતમની ચાદર પાથરી પોતાના મકતુલીનની યાદમાં એકસાથે અવાજથી રડતાં હતાં. કુરેશે આ ગિર્યા-બુકાને બંધ કરાવી દીધો. કહ્યું કે આમ રડવું કમજોરીનું કારણ બની જશે. વળી મુસલમાનો આ જાણીને ખુશ થશે, પરંતુ જો બુદ્ધિપૂર્વક વિચારવામાં આવે તો માલૂમ પડશે કે એમનાં આ હુકમ પણ જહાલતભર્યો અને ઝુલ્મભર્યો છે. ઇન્સાનના હ્રદયનો આવેગ તેના હ્રદયની ભાવનાને રોકવું જહાલત પણ છે, ઝુલમ પણ છે.

ગીર્યા, આહોજારી, રડવું બીદઅત નથી, હકીકત છે. દીલનો ઉભરો છે. દીલના ગમની

ભાવના છે. દીલનો આવેગ છે, જોશ છે. એને કદી રોકવો ન જોઈએ. દાક્તરો પણ આમ જ કહે છે. પરંતુ કુરેશે ઘમંડમાં કે અમે અમારા માણસોની મોતને સહન કરી લઈશું, રડવાથી કોમની ઇઝ્ઝત ઓછી થઈ જાય છે. રડીએ પણ નહીં અને બદલો લેવાની તૈયારી કરી રહ્યા છીએ. ભલે 'રડવાનું જ નહીં' નો કુરેશનો હુકમ લાગુ રહ્યો. લોકોએ બદરમાં કતલ થયેલા પોતાના સગાંઓ માટે રડવાનું છોડી દીધું. પરંતુ તારીખે તબરી અને ઇતિહાસકાર ઇબ્ને હિશ્શામે એક દર્દનાક ઘટનાનું વર્ણન કર્યું છે. શીબ્લી નોઅમાની સાહેબના શબ્દોમાં નકલ કરવામાં આવે છે, સીરતુન્નબીમાંથી.

જંગે બદરમાં અસવદના ત્રણ છોકરા માર્યા ગયા. તેનું તથા તેના ઘરવાળાઓનું દીલ ચાહતું

હતું કે ખૂબ રડે. પરંતુ કોમની ઇઝ્ઝતને ખાતર રડી શકતા ન હતા. અચાનક એક જગ્યાએથી ભયાનક રડવાની આવાજ આવી. અસવદ આમ સમજ્યો કે કુરેશે રડવાની છૂટ આપી દીધી છે. નોકરને કહ્યું, જો તો જરા આ કોણ રડે છે ? શું રડવાની છૂટ મળી ગઈ ? મારી છાતીમાં આગ લાગી રહી છે. એમ થાય છે કે જીવ ખોલીને રડી લઉં, તો જ સંતોષ થાય.

નોકરે જોઈ આવીને કહ્યું : એક સ્ત્રીનું ઊંટ ખોવાઈ ગયું છે તેથી તે રડી રહી છે. અસવદની જીભ ઉપર આ શએર જારી થઈ ગયા.

**(અરબી શએરનો અનુવાદ)**

**તું એક ઊંટના ગૂમ થઈ જવા ઉપર રડી રહી છે ?**

**અને તને ઊંઘ નથી આવતી ?**

તને બકર ઉપર રડવું નથી આવતું ?

તારે રડવું જ છે તો અકીલ ઉપર રડ.

હારિષની ઉપર રડ. જેઓ સિંહોનો પણ સિંહ હતા.

ભાઈ સાચું આ છે કે બદરમાં કીસમતે કમી કરી

બકર, અકીલ અને હારિષ ત્રણે અસવદના પુત્રો હતા.

(જુઓ સિરતે ઈબ્ને હિશ્શામ ભાગ-૧ પેજ નં. ૭૪૫ સીરતુન્નબી-શિબ્બી-ભાગ-૨ પેજ નં. ૨૬)

# પ્રકરણ – ૨૮ : દુશ્મને ઇસ્લામ અબુલહબની ઇબ્રતનાક મોત

બદરની હાર પછી અબુ લહબ ઘણો ઢીલોઢસ થઈ ગયો. એનું દીલ જ તૂટી ગયું. છેવટે આ ગમ જ તેના મોતનું કારણ બન્યો. અબુ રાફેઅ હઝરત અબ્બાસ (રઝિ.) ના ગુલામ વર્ણવે છે કે અમે લોકો જંગે બદરના મોકા ઉપર મક્કામાં જ રહી ગયા હતા. હઝરત અબ્બાસનું કુટુંબ પણ મારી સાથે મક્કામાં જ હતું. બદરની લડાઈ ચાલુ હતી. મક્કાના વૃદ્ધો, બીમારો, ગુલામો અને સ્ત્રીઓ બાળકો જેઓ લડાઈમાં ગયા ન હતાં તેમના કાન તો બદર તરફ જ હતા. કે ક્યારે શું ખબર આવે છે ?

જ્યારે અમને ખબર પહોંચી કે બદરમાં મુસલમાનો જીતી રહ્યા છે. કુરેશની પીછેહઠ થઈ રહી છે. તેઓ લગાતાર માર ખાઈ રહ્યા છે. તો આલે અબ્બાસ (બની હાશિમ) માં ખુશીની લહેર દોડી ગઈ. અબુ રાફેઅ કહે છે કે હું ઘરડો માણસ હતો. હિંમત અને શક્તિ બંનેમાં કમજોર હતો. હું ઉમ્મે ફઝલ હઝરત અબ્બાસના ધણીયાણી સાથે કાબામાં મકામે હજરમાં બેઠો હતો. અમે લોકો ધીમા અવાજે આ જંગની વાતો કરતાં હતાં.

એટલામાં અબુલહબ ત્યાં આવ્યો. મારી પાછળ એવી રીતે બેઠો કે તેની પીઠ મારી પીઠને અડી ગઈ. એટલામાં બૂમ પડી કે અબુસુફયાન જેનું નામ મુગીરહ હતું આવી રહ્યો છે, બધા જ જંગની પરિસ્થિતિ જાણવા ઊભા થઈ ગયા. અબુ લહબે

પુછ્યું : ભત્રીજા શું હાલ છે ? કહ્યું : કાકા શુ કહું લડાઈ શરૂ થતાં જ આપણી ઉપર મુસીબતોના પહાડ તૂટી પડ્યા. આપણા માણસો કતલ થતા ચાલ્યા. મુસલમાનોમાં એવા સફેદ પોશાકમાં એવા નૂરાની, કદાવર અને મજબૂત માણસો દેખાવા લાગ્યા જે આપણા લોકોને દડાની જેમ આકાશમાં ઉછાળીને કતલ કરી નાખતા. મુસલમાનોએ જે રીતે ઇચ્છ્યું આપણા લશ્કરને કતલ કર્યું. જેના માટે ઇચ્છ્યું તેને કેદી બનાવ્યો, ખુદાની કસમ મુસલમાનોની તરફ તો આશ્ચર્યજનક લોકો હતા. અબલક ઘોડાઓ ઉપર સવાર હતા. આસમાન અને જમીનની વચ્ચે અમને દેખાતા હતા. ખુદાની કસમ ન તેમના સુધી કોઈ પહોંચી શકતું હતુ, ન તેઓને કોઈ રોકી શકતું હતું.

અબુ રાફેઅ કહે છે કે આ સાંભળીને હું તરત જ બોલી ઉઠ્યો ખુદાની કસમ ! તે મલાએકા હતા. હજી તો હું આટલું જ બોલ્યો હતો ને અબુ લહબે મારા મોં ઉપર જોરથી તમાચો માર્યો. પછી મને ધક્કો મારીને જમીન ઉપર ફેંકી દીધો. હું કમજોર એન ઘરડો માણસ અબુ લહબને કંઈપણ કરી શક્યો નહીં. આ જોઈને ઉમ્મે ફઝલથી રહેવાયું નહીં. તેમણે એક લાકડું ઉઠાવ્યું અને અબુ લહબના મોં ઉપર મારી દીધું. અબુ લહબના માથા ઉપર ઘા થયો. લોહી વહેવા લાગ્યું. ઉમ્મે ફઝલે કહ્યું : એ ઘરડો છે અને એનો માલિક (હઝરત અબ્બાસ - પોતાના પતિ) હાજર નથી તેથી દાદાગીરી કરે છે ? ઝુલમ કરે છે ?

અબુ રાફેઅ કહે છે કે બદરની લડાઈના સાત દિવસ પછી અબુ લહબના શરીર ઉપર એક પ્રકારના દાણા નીકળી આવવાના કારણે અબુ લહબનું મૃત્યુ થયું. આ સાત દિવસ સુધી અબુ લહબ દિવાના વ્યક્તિની જેમ કુદયો, હારથી ખૂબ જ પરેશાન રહ્યો. ઇસ્લામ દુશ્મનીમાં ન ચેનથી જીવ્યો, ન એને એની માલ-મિલકત કામ આવી, ન જીવનનો કોઈ હેતુ સર્યો (જુઓ તારીખે ઇબ્ને હિશ્શામ ભાગ-૨ પેજ નં. ૨૬)

 amillibrary.com

## પ્રકરણ – ૨૯ : સફવાન બિન ઉમય્યા અને ઉમૈર બિન વહબનું રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને કતલ કરવાનું કાવતરું

જંગે બદરને હજી એક મહિનો પણ થયો ન હતો. સફવાન બિન ઉમય્યાનો બાપ ઉમય્યા બિન ખલફ બદરમાં માર્યો ગયો હતો. અને ઉમૈર બિન વહબ જેનો એક પુત્ર મદીનામાં મુસલમાનોની પાસે કેદ પકડાયેલો હતો. સફવાન અને ઉમૈર બંને મક્કાની બહાર બેઠા હતા. જંગે બદર વિશે વાતો કરતા હતા. એકનો બાપ માર્યો ગયો હતો. બીજાનો બેટો કેદ હતો. બંને પરેશાન હતા.

**ઉમૈરે કહ્યું** : કુરૈશ મુસલમાનોથી બદલો લેવાનું વિચારે કે ન વિચારે પરંતુ જો મારી ઉપર બે પ્રકારના બોજ ન હોત તો હું મદીના જઈ

મુસલમાનોના નબીને જ કતલ કરી નાખત, પછી ન કોઈનો બદલો બાકી રહેત ન કોઈ ફિત્નો ફસાદ, વાત જ પૂરી થઈ જાત.

**તારી બે મુસીબત શું છે. સફવાને પુછ્યું :**

એક મારા માથા પર કરજ છે. તે અદા કરવું જરૂરી છે. બીજું મારાં બીબીબચ્ચાંને સંભાળનારું તેમનો ખ્યાલ રાખનારૂં કોઈ નથી. જેથી હું આ કાર્યથી પાછો પડું છું. ઉમૈર બોલ્યો. સફવાને કહ્યું : તારી બંને જવાબદારી હું મારા માથે લઈ લઉં છું. બરાબર સંભાળીશ, તું મદીના જા અને મિશન પાર પાડીને આવ. ઉમૈરે રસૂલુલ્લાહની કતલ માટે મદીના જવાનો ઇરાદો કરી લીધો. બીજા જ દિવસે તે તૈયારી સાથે ઘેરથી નીકળ્યો. તેજ તલવારને ખૂબ ઝેર પાયું અને મક્કાથી નીકળ્યો.

એકદમ ઝડપથી ઊંટ હાંકતો મદીનામાં તે વખતે દાખલ થયો જ્યારે પેગંબરે ઇસ્લામ મસ્જિદે નબવીમાં સહાબામાં દર્સ આપી રહ્યા હતા. ઉમૈરે ઊંટને બેસાડ્યું તેણે પોતાની આદત પ્રમાણે અવાજ કર્યો. આ અવાજ સાંભળી એક સહાબી બહાર આવ્યા. જોયું તો ઉમૈર ખુલ્લી તલવાર સાથે ઊંટ બાંધી રહ્યો છે. તરત જ રસુલુલ્લાહ (સલ.) ને સમાચાર આપ્યા. પેગંબરે ઇસ્લામે ખૂબ જ શાંતિથી પુરા સંતોષ સાથે જવાબ આપ્યો. આવ્યો છે તો આવવા દો, આટલી વારમાં તો તે ખુલ્લી તલવાર સાથે આવી જ ગયો.

**પેગંબરે ઇસ્લામે પુછ્યું** : બોલો ઉમૈર ? બોલ્યો : છોકરાને મળવા-જોવા આવ્યો છું. ઇરશાદ ફરમાવ્યો : તો પછી આ ખુલ્લી તલવાર કેમ લાવ્યા

છો ? ઉમૈરે કહ્યું : એમા શું થઈ ગયું ? અમારી આટલી બધી તલવારોએ બદરમાં તમારૂં શું બગાડી નાખ્યું, જે મારી આ એક તલવાર કરશે.

આપ (સલ.)એ તેને બરાબર આગ્રહ કર્યો. પૂછપરછ કરી કે આ ઉઘાડી તલવાર શા માટે લાવ્યો છે ? બસ સાચું બોલ. તારો ઇરાદો શું છે ? છતાંય જુઠું બોલ્યો. ત્યારે રસુલુલ્લાહ (સલ.) એ ઇરશાદ ફરમાવ્યો : જ્યારે તમે પોતે જ સાચી પરિસ્થિતિ ખોલવા પર મને મજબુર કરો છો તો સાંભળો. હું તમને બતાવું છું. તમે અને સફવાન બિન ઉમય્યાએ મક્કાની બહાર બેસીને મને મારી નાખવાનો મશ્વરો કર્યો છે. વળી સફવાને તમારૂં કર્ઝ અદા કરવાની અને તમારા કુટુંબનું પાલનપોષણ કરવાની ઝિમ્મેદારી લઈને તમને મારી કતલ માટે

મોકલ્યા છે. સાચું બોલો ઉમૈર ! આ વાત જે હું કહું છું સહી છે કે ગલત ? ઉમૈર આ વાતનું યકીન કરી લો કે તમે મારૂં કશું જ બગાડી શકતા નથી. મારો પરવરદિગાર મારો રક્ષણહાર છે.

ઉમૈરે કલિમએ શહાદત પઢી લીધો.

પેગંબરે ઇસ્લામની પવિત્ર જીભથી પોતાના અને સફવાનના ષંડયંત્રની-પ્રપંચની વાત સાંભળી અવાચક બની ગયો. એણે આ વાત કોઈને કહી ન હતી. પેગંબરે ઇસ્લામ પાસે આ વાત પહોંચી કઈ રીતે ? ત્રીજા કોઈ કાને તો આ વાત સાંભળી જ ન હતી. ઉમૈર માથું નમાવીને શરમથી ઝુકી ગયો. થોડીવાર પછી માથું ઊંચુ કરી વિનંતી કરી : ‘મને યકીન થઈ ગયું છે કે આપ વગર શકે સાચા નબી છો. આસમાની હિદાયાત, ઇરશાદાત, વગેરેને તો હું

જુઠલાવતો રહ્યો. પરંતુ આ વાત જેને મારા અને સફવાન સિવાય કોઈ જ જાણતું નથી. તે વખતે ન કોઈ ત્યાં હાજર હતું ન અમે બંનેએ કોઈ વાત કરી છે. બેશક આપને આપના ખુદાએ ખબર આપ્યા છે.' ઉમૈરે તરત જ કહ્યું :

અશહદો અનલા ઈલાહા ઈલ્લલ્લાહો વ અશહદો અન્ન મોહંમદન રસુલુલ્લાહ પઢીને ઇસ્લામમાં દાખલ થયો. ઉમૈર શું કરવા આવ્યો હતો અને શું કરી ગયો. આ જ કુદરતનું અધિકારીત્વ છે. જનાબ અલી મુરતુજા (અલ.) નો કોલ (કથન) છે.

**અરફતો રબ્બી બેફસ્ખીલ અઝાઈમ**

મૈંને અપને પરવર દિગારકો અપને ઇરાદોંકો પુરે ન હોને સે પેહચાના હૈ.

ઉમૈર ઇસ્લામનો ઘણો જ વિરોધી હતો. તેના ઇસ્લામ લાવવાથી મુસલમાનોને ઘણી જ ખુશી થઈ. જનાબે રસુલુલ્લાહ (સલ.) એ તરત જ સહાબાને હુકમ આપ્યો કે ઉમૈરને ઈસ્લામના અરકાનની અને કુર્આનની તાલીમ આપો. અને ઉમૈરના ઈસ્લામ લાવવાના બદલામાં તેના દિકરાને કૈદમાંથી રીહાઈ આપવામાં આવે. સહાબાએ તરત જ પૈગંબર (સલ.)ના હુકમ મુજબ અમલ કર્યા.

થોડા દિવસ પછી ઉમૈરે વિનંતી કરી કે મને મક્કા જવાની રજા આપો. મારા દીલની ઇચ્છા છે કે અત્યાર સુધી જે રીતે હું મુસલમાનોને સતાવતો હતો તે રીતે હવે મુશરેકીનને સતાવીશ, તકલીફો આપીશ, અને તબ્લીગે ઇસ્લામના અહકામ પહોંચાડીશ.

આપ (સલ.) એ ફરમાવ્યું : મુશરેકીનને સતાવવાની અને તકલીફો આપવાની કાર્ય હરગિઝ ન કરશો. ફક્ત સીધા તરીકાથી મહબ્બત અને પ્રેમથી ઇસ્લામની તબ્લીગનું કાર્ય જરૂરથી અંજામ આપશો.

સફવાન મક્કામાં ઉમૈરે શું કર્યું તેની જાણકારી મેળવવા તલપાપડ રહેતો હતો. કુરેશની બેઠકોમાં વાતોવાતોમાં કહેતો હતો કે જોયા તો કરો એકાદ બે દિવસમાં જ મદીનામાં કેવો ધરતીકંપ થાય છે. આપણને બદરમાં પહોંચેલ નુકશાન પુરેપુરૂં ભરપાઈ થઈ જશે. આપણી બેઈઝ્ઝતીનો દાગ પણ ધોવાઈ જશે. અલ્લાહની તદબીરની સફવાનને શું ખબર ? બે ચાર દિવસ પછી ઉમૈરની તદબીરનું પરિણામ ઉલટું બહાર આવ્યું. તેના મુસલમાન થઈ જવાની ખબર મક્કા પહોંચી ગઈ. તો સફવાનના શરીરમાં ખૂન ન

રહ્યું. હવે ઉમૈર પણ પોતાના પુત્રને લઈ મક્કા પહોંચી ગયો. સફવાને ગમ અને ગુસ્સાની હાલતમાં ઉમૈરનો ચહેરો જોવાની અને હવે પછી તેને કોઈપણ જાતની મદદ ન કરવાની કસમ ખાઈ લીધી. પરંતુ ઇમાનની મીઠાસ શું વસ્તુ છે ? ઇમાનની મીઠાશની આગળ સફવાનની નફરત અને નારાજગીની ઉમૈરને કોઈ પરવા ન હતી.

ઉમૈરે જે વાયદો જનાબે રસુલુલ્લાહ (સલ.) ને મદીનામાં કર્યો હતો તે બરાબર યાદ હતો. તે જ પ્રમાણે તબ્લીગે દીન કરવાનું શરૂ કર્યું. ઉમૈર મહબ્બત અને પ્રેમથી પોતાના મુશરેકીન મિત્રોને, સગાઓને ઇસ્લામની દઅવત આપતા રહ્યા. અનેક લોકો આપના હાથ ઉપર મુસલમાન થતા રહ્યા.

(જુઓ તારીખે ઇબ્ને હિશ્શામ ભાગ-૨ પેજ નં. ૩૨)

# પ્રકરણ – 30 : ગઝવએ બદર અથવા ગઝવએ સવીક (૧) હિજરી સન ૨ ની ઘટના

જંગે બદરનો બદલો લેવા માટે અબુ સુફયાન બેચેન રહેતો હતો. તેથી જંગે બદરને હજી એક જ મહિનો થયો હતો ને તેણે બદલાનો પ્લાન બનાવ્યો. તે પણ બુઝદીલીભર્યો. દુશ્મનને ખબર આપ્યા વગર ૨૭૦ બસો સિત્તેર સવારોને લઈ મદીના તરફ ચાલ્યો. મદીનાથી ચાર કિલોમીટર દૂર કદરના કૂવા પાસે ઉતરી પડ્યો. આ જગ્યાને કરકરતુલ કદર પણ કહેતા હતા. પોતાના સવારોને ત્યાં સંતાયેલા રાખી મદીનાના યહુદીઓ સાથે મશવેરો કરવા છુપાઈને રાતના મદીનામાં દાખલ થયો. એક માલેતુજાર યહુદી હય ઇબ્ને અખ્તબના ઘેર આવ્યો. પરંતુ રાતનો વધુ સમય પસાર થઈ

જવાથી તેના ઘરનો દરવાજો ખુલ્યો નહીં. ત્યારે આ મુનાફિક સલામ ઇબ્ને શકમની ઘેર ગયો. આ વ્યક્તિ યહુદી બની નજીર કબીલાનો સરદાર હતો. સાથે યહુદીઓના ખજાનાનો અમાનતદાર પણ હતો. સલામે ખૂબજ ઉત્સાહપૂર્વક અબુ સુફયાનને આવકાર્યો.

રાતભર દારૂની મહેફિલ ચાલુ રહી. સલામે અબુ સુફયાનને મદીનાના મુસલમાનો વિશે સંપૂર્ણ માહિતી આપી. વળી હાલમાં બદલો લેવાની કે મુકાબલો કરવાની મના ફરમાવી. અબુ સુફયાન સલામના ઘેરથી સવારનું અજવાળું થતાં અગાઉ પોતાના રણના ઉતારે સાથીઓ પાસે ચાલી ગયો. એણે બદરનો બદલો લેવાનો અહદ કર્યો હતો. તે એણે પૂર્ણ કરવાનો હતો. અરબોની પુરાની

પ્રણાલિકા અનુસાર ખાલી હાથે તો પાછા જવાય જ નહીં. અડપલું પણ કરીને અહદ પુરો કરવા તત્પર હતો. અરબો રણમાં જ્યાં થોડું પણ પાણી મળે ત્યાં એકાદ બે કુટુંબો રહી પડતાં, ત્યાં વાડી બનાવતાં, ખેતી કરતાં. પછી ત્યાં વસ્તીમાં વધારો પણ થાય. આવી છુટી છવાઈ કબીલાઈ વસ્તીઓ સેંકડોની સંખ્યામાં વસતી જોવા મળે. એણે કદરના કૂવાની નજીક મકામે અરીઝ ઉપર હુમલો કરી દીધો. અરીઝમાં મદીનાવાસીઓના (અનસારના) કેટલાંક કુટુંબો રહેતા હતાં. અબુ સુફયાનના સવારોમાંથી એક વ્યક્તિએ સઅદ બિન અમરને અને સાથે તેના જોડીદારને પણ કતલ કરી નાખ્યા. (ઇબ્ને હિશ્શામ ભાગ-૨, પેજ નં. ૬૯)

અરીઝ ઉપર હુમલો કરી બે વ્યક્તિને કતલ કરીને આ બુઝદીલને સંતોષ ન થતાં મક્કા તરફ પાછા વળતાં અનસારના કેટલાક મકાનોને પણ આગ લગાડી દીધી, જાનવરોના ઘાસચારાને પણ સળગાવી દીધો. આ એક કાયરતાપૂર્ણ હુમલો હતો. આ હુમલાની ખબર જ્યારે મુસલમાનોને થઈ ત્યારે તેઓ અરીઝ તરફ દોડયા. તેમના આવવાની જાણ થતાં અબુ સુફયાનના હોશ ઉડી ગયા. તે મક્કાની તરફ ભાગ્યો. વળી અમૂક અમૂક ખાવાપીવાનો સામાન રસ્તામાં ફેકતો ચાલ્યો. વજન ઓછો થવાથી ઊંટો જલ્દી દોડે અને જલ્દી મક્કા પહોંચાય. ખાવાના સામાનમાં ફક્ત સત્તુનો લોટ હતો જેને અરબીમાં સવીક કહે છે. તેના થેલા રસ્તામાં ફેકતો ગયો. આ થેલા ફેંકવાનો હેતુ આ

પણ હોઈ શકે કે દુશ્મનો આ થેલામાંથી વસ્તુ જોવા-સમજવા અને લેવામાં રોકાય તો પોતે આગળ નીકળી જાય. દુશ્મનનો સમય બરબાદ થાય.

પેગંબરે ઇસ્લામ (અલ.)ને જ્યારે આ હુમલાની ખબર પડી તો આપ (સલ.) એક સહાબી અબુ લબાબાને મદીનામાં સંરક્ષક બનાવી સહાબાની સાથે અબુસુફિયાનનો પીછો કરવા નીકળ્યા. મકામે કેરાઅ અલકદર સુધી તશરીફ લઈ ગયા. પરંતુ આપ (સલ.) ના ત્યાં આવતાં અગાઉ જ અબુ સુફિયાન ત્યાંથી આગળ ચાલ્યો ગયો હતો. પાછા ફરતાં રસ્તામાં દુશ્મનોએ ફેંકેલા સત્તુના થેલા ઉઠાવી લાવ્યા.

આ ગઝવહને ગઝવએ અસ્સવીક કહે છે.

# પ્રકરણ – ૩૧ : ગઝવએ બની કુનૈકા, શવ્વાલ હિજરી સન-૨ ની બીજી ઘટનાઓ

બની કુનૈકા નામનો એક યહુદી કબીલો મદીનાની પાસે જ લગોલગ આબાદ હતો. તેઓને મુસલમાનો સાથે ઘણો જ કપટ હતો. મદીનામાં આવી તરત પેગંબરે ઇસ્લામે યહુદીઓ અને મુસલમાનો વચ્ચે સુલેહ શાંતિથી જીવવાનો, એકબીજાના સહઅસ્તિત્વને સ્વીકારવાનો જે કરાર કર્યો હતો તેને સૌથી પ્રથમ બની કુનૈકાએ તોડી નાખ્યો. જ્યારે રસુલુલ્લાહે તેઓને બોલાવી વાતચીત કરી તો આ લોકોએ ઉદ્ધતાઈથી જવાબ આપ્યા, અવળચંડી વાતો કરી. જેથી તેમની સાથે લડાઈ જેવી પરિસ્થિતિ ઊભી થઈ. આ લોકો

પોતાના કિલ્લામાં જઈને છુપાઈ ગયા. પંદર દિવસ ઘેરાયેલા રહ્યા. છેવટે મુસલમાનોએ તેમને કેદ કરી લીધા. તેઓનો સામાન લુંટી લીધો. તેઓમાંથી સાતસો યહુદી દેશનિકાલ થઈ ગયા. આ ગઝવામાં હઝરત હમઝા (રઝિ.) અલમદાર હતા.

ઇબ્ને હિશ્શામ લખે છે કે ગઝવએ કુનૈકા નીપટાવ્યા પછી પેગંબરે ઇસ્લામ મદીના પરત આવ્યા. આ દિવસો દરમિયાન કોઈ ખાસ ઘટના ઘટી નહીં. શવ્વાલ અને ઝિલકદ બે માસ આપ (સલ.) મદીનામાં રોકાયા. કેદીઓથી દંડ વસૂલીને તેમને છૂટા કરવાના કામોમાં રોકાયેલા રહ્યા.

યહુદી ગદ્દાર, અવિશ્વાસુ, વ્યાજખોર, ઇન્સાનોને પરેશાન કરનારી કોમ હતી. તેમણે મોટા મોટા કિલ્લા બનાવી રાખ્યા હતા. એમના વૈભવને

કારણે આસપાસ રહેતી બધી જ કોમ એમના હાથ નીચે હતી. દબાયેલી, કચડાયેલી, મોહતાજ પણ હતી. આ યહુદીઓ પાસે યુદ્ધ સામગ્રીનો સામાન પણ હતો. તેના દ્વારા મારી ફટકારીને ગરીબ કોમોને વશ કરી લીધી હતી. વળી મદીના અને મક્કા તથા આસપાસના બધા જ ઇલાકાઓમાં એમની વસ્તી પણ સારી એવી હતી. તે મદીના અને તેની આસપાસની જગ્યા યહુદીઓનું મરકઝ (કેન્દ્ર સ્થળ) બની ગયું હતું. બની નઝીર અને બની કુનૈકા મદીનાના પ્રખ્યાત યહુદી કબીલા હતા. મદીનાના યહુદી સિવાયના કબીલા ઑસ અને ખઝરજ અંદરોઅંદર લડી લડીને નાદાર થઈ ગયા હતા. જેથી યહુદી સમાજ ઉપર ઓસ-ખઝરજનું કોઈ પ્રભૂત્વ ન હતું.

આ તો વાત થઈ દુન્યવી પ્રકારના પ્રભૂત્વની, જે યહુદીઓને મદીનાના મુશરીકો (અનસારીઓ) પર પ્રાપ્ત હતું. પરંતુ આ સિવાયનું દીની પ્રભૂત્વ પણ આ લોકોને પ્રાપ્ત હતું. યહુદીઓમાં શિક્ષણ હતું. ભણેલા હતા. અનસાર તો બિલકુલ જાહિલ હતા. અકીદામાં બુત-પરસ્ત (મૂર્તિપુજક) હતા. વળી યહુદ એહલેકિતાબ હતા. અડધી ખરી ખોટી કિતાબ તવરેત એમની પાસે હતી. અનસાર અકીદામાં પણ યહુદીઓની અસર નીચે આવી ગયા હતા.

હવે વિચારો કે આવા ગરીબ, જાહિલ, બુતપરસ્ત, નાદાર અભણ અનસાર પાસે પેગંબરે આખેરૂઝ્ઝમાં આવી ગયા. વિચારો, ખૂબ વિચારો ! યહુદીઓની તો જાણે ગરાશ છિનવાઈ ગઈ. હુકુમત

જ જતી રહી. જેથી આ યહુદીઓ પેગંબરે ઇસ્લામના જાની દુશ્મન બની બેઠા. વળી યહુદ વ્યાજખોર કોમ હતી. આ જાહિલ બુતપરસ્તોને નાણા આપી, તગડું વ્યાજ લઇ તાગડધીન્ના કરતા હતા. તેમની પાસે નબી આવ્યા, ઉચ્ચોચ્ચ ઇલ્મ આવ્યું, હિદાયત આવી. રહેમત આવી. આ જોઈ ઇર્ષાની આગમાં વહી જઈ યહુદીઓ પેગંબરે ઇસ્લામના દુશ્મન બની ગયા.

ઇસ્લામ અને તેના અગાઉની બધી જ શરીઅતોએ જરૂરતથી વધારે માલ જમા કરવો, કાળો બજાર કરવો, તેમાં ખાસ વ્યાજખોરીની સખત મના ફરમાવી હતી. કારણ કે એનાથી અખ્લાક અને શર્મોહયાની જગ્યાએ વ્યક્તિ પથ્થરદીલ ને કંજુસ બને છે. બેરહમી અને વ્યાજની દવલત ઉપર

ઇસ્લાહી વાતો - સુધારણાની વાતો પણ અસર કરતી નથી. આવા ગલત તરીકાની દવલત ઉપર અમન પણ કાયમ થતું નથી. બેરહમીની દવલતના ઘણાં-બધાં નુકસાનો છે. આ યહુદીઓની દવલત આ જ પ્રકારની હતી. મદીનાના લોકો ઇસ્લામ આવતાં અગાઉ જ્યારે આ યહુદીઓ પાસે ઘરો-મકાનો-ચીજ વસ્તુઓ બધું ગીરવી મૂકી ચૂક્યા તો હવે પોતાની બીબી બાળકો સુધ્ધાંને આ યહુદીઓને ત્યાં ગીરવી મૂકવા તૈયાર થઈ ગયા. આ રીતે મુલક અને કોમની તબાહીના કારણ આ યહુદીઓ બની ગયા. આ સિવાય દવલતની લાલચમાં આ યહુદીઓ કત્લોગારત-ખૂનરેઝી કરી નાખતા, થોડાક સોના માટે બાળકોને કતલ કરી દેતા હતા. તેમના શરીર ઉપરથી ઘરેણાં ઉતારી લેતા હતા. વળી

ઝિનાકારી પણ યહુદીઓમાં વ્યાપક થઈ ચૂકી હતી. નાજાઈઝ અને હરામ રસ્તાની સાથે વ્યભિચાર તો આવી જ જાય. તેના ઉપર સજા આપવાની વાત તો બાજુ પર રહી, કોઈથી અંગુલીનિર્દેશ પણ થઈ શકતો નહીં. કુર્આન પાકમાં અનેક આયતોમાં યહુદીઓના આ બૂરા ગુણોના વર્ણનો જોવા મળે છે. લંબાણના ભયે અમે તે વર્ણવતા નથી અને આગળ ચાલીએ છીએ.

**પ્રથમ વખત ગનીમતના માલમાંથી ખુમ્સની અદાયગી હિજરી સન-૨**

યહુદીઓએ સુલેહનું અહદનામુ મુસલમાનોને પરત આપી દીધું. આ એક પ્રકારની એલાને જંગ હતી. આપ (સલ.) ખામોશ રહ્યા. આપ (સલ.) એ કબીલએ બની કુનૈકાના યહુદીઓ જેઓ

કિલ્લામાં ભરાઈ ગયા હતા, તે કિલ્લાનો ઘેરાવ કર્યો. આ ઘેરો હજી પંદર દિવસ ચાલ્યો હશે ને યહુદીઓ ઢીલા પડી ગયા. તેમનો જોશ ઠંડો પડી ગયો. કહેણ મોકલ્યું કે રસુલેખુદા જે કંઈ ફેંસલો કરશે તે અમને મંજૂર છે. આપ (સલ.) એ અબ્દુલ્લાહ બિન સલૂલ જે એમનો જુનો હલીફ હતો. હકમ બનાવ્યો- નિર્ણય કરનાર બનાવ્યો. અબ્દુલ્લાહે યહુદીઓને દેશનિકાલ કરવાનો હુકમ ફરમાવ્યો. યહુદીઓએ હુકમ તો કબૂલ કર્યો. પરંતુ અબાદહ બિન સલામતને મોકલીને તેમની ભલામણ દ્વારા ત્રણ દિવસની મોહલત માગી. આ કબીલાના સાતસો વ્યક્તિઓ મુલકે શામ તરફ ચાલ્યા ગયા. પરંતુ જેટલા પ્રમાણમાં માલ-સામાન લઈ જઈ શકતા હતા તેટલો લઈ ગયા. જે સામાન

ન લઈ જઈ શક્યા – છોડી ગયા તે મુસલમાનોના કબજામાં આવ્યો. માલેગનીમત બન્યો. આ માલમાંથી પેગંબરે ઇસ્લામે ખુમ્સની રકમ અલગ કરી લીધી. આ ખુમ્સની પ્રથમ રકમ હતી જે માલે ગનીમતમાંથી અલગ કરવામાં આવી. ત્યાર પછી માલે ગનીમત મુસલમાનોમાં વહેંચી દેવામાં આવ્યો.

(જુઓ રોઝતુલ અહબાબ પેજ નં. ૨૪૫)

## નમાઝે ઇદે કુરબાં અને કુરબાની

(૧) જ્યારે હુઝુરે અકરમ (સલ.) ગઝવએ બની કુનૈકાથી પાછા ફર્યા તો નમાઝે ઇદે કુરબાન અદા ફરમાવી અને સહાબાની સાથે કુરબાની કરી. હિજરી સન-૨ ની ઝિલહજ્જની ઘટના.

(૨) આ જ વર્ષે માહે ઝિલહજ્જમાં હઝરત ઉસમાન બિન મઝઉન (રઝિ.) ગુજરી ગયા. અને આ જ સાલમાં શવ્વાલમાં અબ્દુલ્લાહ ઇબ્ને ઝુબેર પેદા થયા.

(૩) આ વર્ષ હિજરી-૨ માં ઉમય્યા બિન સલત શાયરનું મૃત્યુ થયું. તે ઇસાઇ થઈ ગયો હતો. એના દીલમાં જાણે પોતે નબી થશે અથવા છે એવું ભૂત ભરાયું હતું. જ્યારે તેણે પેગંબરે ઇસ્લામ (સલ.) ના નબી હોવાની જાહેરાત સાંભળી તો ગુસ્સામાં એલફેલ બકતો થઈ ગયો. ઇર્ષાની આગમાં કુફ્ર કરવા લાગ્યો.

(જુઓ રોઝતુલ અહબાબ પેજ નં. ૧૮૦, ૧૮૧)

બધા કેદીઓની જેમ અબુલઆસ પણ બદરના કેદીઓમાં હતા. દંડ માંગવામાં આવ્યો.

ઝયનબ રબીબહ રસુલુલ્લાહ પાસે પહોંચી અને પોતાના પતિના છુટકારા માટે બીજા માલ સાથે પોતાની ગરદનનું એક ઘરેણું રજૂ કર્યું. જે હઝરત ખદીજા (રઝિ.) એ તેને શાદી પ્રસંગે આપ્યું હતું. રસુલુલ્લાહ (સલ.) એ જ્યારે આ ઘરેણું જોયું તો આપને હઝરત ખદીજા (રઝિ.) યાદ આવી ગયાં. સહાબા સાથે મશવરો કરીને તે ઘરેણું ઝયનબ રબીબહને પરત આપી દીધું. અને અબુલઆસને આ શરત ઉપર છોડી મૂક્યા કે તે મક્કા જઈને તરત જ ઝયનબને છૂટી કરી દે. અબુલઆસ મક્કા ગયા અને ઝયનબને લઈ આવ્યા. ઝયનબ રસુલુલ્લાહ પાસે રહી. જે હઝરત ખદીજા (રઝિ.)ના બહેનની દીકરી હતી. રસુલુલ્લાહને જનાબ ખદીજાની કોઈપણ યાદ, નિશાની ખૂબ જ પસંદ હતી.

અબુલઆસ પાછો મક્કા ચાલી ગયો. ફતહે મક્કા અગાઉ અબુલઆસ એક કાફલા સાથે વેપાર કરીને મક્કા આવતો હતો. હઝરત સલ્લલ્લાહો અલયહે વસલ્લમના એક સરય્યાનો ભેટો થયો. સરય્યાની લશ્કરી ટૂકડીએ કાફલાનો સામાન લુંટી લીધો અને કાફલાવાળાઓને ગિરફતાર કરી લીધા. આ કેદીઓમાં અબુલઆસ પણ હતો. હઝરત સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સામે આવીને તેણે ઇસ્લામ કબૂલ કરી લીધો.

ઇસ્લામના અવ્વલ કાળમાં કેદીઓ સાથે ઘણી જ નમ્રતાથી વર્તણુંક કરવામાં આવતી હતી. અબુ અઝીઝ બિન ઉમર બિન હાશિમ વર્ણવે છે કે જ્યારે અમે લોકો બદરથી કેદ થઈને મદીના આવ્યા ત્યારે મને અનસારની એક ટોળીને સોંપવામાં

આવ્યો. ખાવાના બંને ટાઈમ મને ખજૂરો સાથે રોટીઓ પણ મળતી હતી. તે સિવાય કોઈપણ મુસલમાનો જ્યાં મને કેદ રાખ્યો હતો ત્યાંથી પસાર થતા તો તેમના હાથોમાં ખાવાની કોઈ વસ્તુ જરૂર રહેતી હતી. તેમાંથી તેઓ મને અચૂક આપતા.

## ગનીમતે બદર અને ઝુલ્ફીકાર

પેગંબરે ઇસ્લામ ત્રણ દિવસ બદરમાં રોકાયા. માલે ગનીમત એકત્ર કર્યો. પછી મદીનાની તરફ પાછા ફર્યા. રસ્તામાં મકામે સફરા પર પહોંચ્યા ત્યારે માલે ગનીમતમાંથી પાંચમો ભાગ ખુમ્સ ખુદા અને રસૂલનો અલગ કર્યો. બાકીનો માલ મુસલમાનોને વહેંચી દીધો. ઇતિહાસકારો લખે છે કે એક તલવાર જેને ઝૂલ્ફીકાર કહેવાય છે તે તલવાર મુનબ્બા બિન હજ્જાજની માલીકીની હતી

તે પેગંબર (સલ.) ના હિસ્સામાં આવી. આપ (સલ.) એ તે હઝરત અલી (અલ.) ને આપી દીધી.

પરંતુ એહલેબયતના ચાહકો આ રિવાયતને કબૂલ કરતા નથી. ઇમામ રઝા (અલ.) થી નકલ છે કે આ તલવાર આસમાનથી હઝરત જિબ્રઈલ અમીન લઈને નાઝિલ થયા હતા. અને આપ (સલ.)ને આપી હતી. આ તલવાર રસુલુલ્લાહે હઝરત અલી (અલ.)ને ભેટ આપી હતી. તેનો હાથો ચાંદીનો હતો. આ જ તલવાર દ્વારા હઝરત અલી (અલ.) જંગે ઓહદમાં લડ્યા હતા.

**ઈમામે ફરમાવ્યું** : તે તલવાર હાલમાં મારી પાસે છે. એ જ રીતે રિવાયત છે કે તે અનુક્રમ પ્રમાણે દરેક ઇમામની પાસે ફરતી ફરતી હઝરત

હુજ્જત સુધી પહોંચી છે. અને ઇન્શાઅલ્લાહ આપ જુહુર વખતે તે જ તલવાર દ્વારા જેહાદ કરશે.

હઝરત શોઅયબ (અલ.) એ હઝરત મુસા (અલ.) ને પોતાના જમાઈ બનાવ્યા ત્યારે પોતાનો અસો (લાકડી) તેમને આપી જેના દ્વારા આપે દીનના દુશ્મનો ઉપર પ્રભૂત્વ પ્રાપ્ત કર્યું. વળી હઝરત રસૂલેખુદાએ હઝરત અલીને પોતાના દામાદ બનાવ્યા તો ઝુલ્ફીકાર આપી. હઝરત અલી આ ઝુલ્ફીકાર દ્વારા હંમેશા ઇસ્લામના દુશ્મનો ઉપર પ્રભૂત્વશાળી રહ્યા.

હઝરત રસૂલે ખુદા ૧૯ અથવા ૧૫ દિવસ પછી મદીના પરત આવ્યા. આપ (સલ.) ની ગેરહાજરીમાં હઝરત ખદીજા (રઝિ.) ની બહેનની પુત્રી રૂકય્યા જે હઝરત ઉસ્માનની પત્ની હતી

તેમનો ઇન્તિકાલ થઈ ગયો હતો. કાફિરોને જ્યારે આ પરાજયના સમાચાર મળ્યા. બચી ગયેલા ભાગેડુઓ પાછા ફર્યા તો અવાચક જેવા થઈ ગયા. ઘણાબધા ઘરો વેરાન થઈ ગયા હતા. અને બાળકો યતીમ અને સ્ત્રીઓ વિધવા થઈ ગઈ હતી. માલ અસબાબ જતો રહ્યો. ઘેર ઘેર માતમ થતું હતું. ઘેર ઘેરથી રડવું, પીટવું, ચીખો પોકાર સંભળાતી હતી. બદરના પરાજયથી અબુ લહબના દીલ ઉપર એવી ચોટ લાગી કે બદર પછી આઠ કે નવમાં દિવસે જહન્નમ રસીદ થયો. કેટલાય ગમગીન થઈને દીવાલની સાથે માથું પીટતા હતા. અમૂક તો બદલાની આગમાં દીવાના જેવા થઈ ગયા હતા. હવે તેમણે અબુ જહલની જગ્યાએ અબુ સુફિયાનને પોતાનો સરદાર બનાવ્યો. તેની નાપાક પત્ની

હિન્દા નફરતની આગથી ભરેલી હતી. તે યુવાનોને બદલો લેવા માટે તૈયાર કરતી હતી. તે સ્ત્રીઓને રડવાથી મના કરતી. એમના વિચારે મુસલમાનો દુશ્મનોને રડતાં જાણી ખુશ ન થાય. અસવદ કુરેશીના ત્રણ છોકરાઓ આ જંગમાં માર્યા ગયા હતા. આ વૃદ્ધ પોતાની કોમના ડરથી રડી શકતો ન હતો. બહુ છાતી ભરાઈ આવે ત્યારે જંગલમાં નીકળી જઈ ત્યાં રડી લેતો. એકલો એકલો.

## હિજરી 3 ની મૂખ્ય ઘટનાઓ

0 મદીનાના અનસારની કુરબાનીઓ

0 કઅબ બિન અશરફ યહુદીની કતલ

0 મક્કામાં કુરૈશી કુટુંબોના ઘરોમાં માતમ

0 સરય્યા અબ્દુલ્લાહ બિન અતીક,

0 અબુ રાફેઅ યહુદીની કતલ

0 ગઝવએ ઓહદ

0 ઓહદની જીત હારમાં પલટાઈ ગઈ

0 ઇસ્લામી ફોજની પીછેહઠ. પેગંબરે ઇસ્લામને ચોટ આવવી

0 શહાદતે રસૂલની અફવા

0 જંગે ઓહદમાં હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઇબ્ને તાલિબ (અલ.) બહાદુરી અને વફાદારી

0 શહાદતની ખબર સાંભળી અલી (અલ.) દુશ્મનો ઉપર તૂટી પડ્યા

0 જનાબ હમઝા (રઝિ.) ની શહાદત

0 ઇમામ હસન (અલ.) ની વિલાદત

# પ્રકરણ – ૩૨ : મદીનાના અનસારની કુરબાનીઓ

## કઅબ બિન અશરફ યહુદીની કતલ રબીઉલ આખર હિજરી-૩

આ યહુદી અન્ય યહુદીઓ કરતાં ઘણો જ ફસાદી હતો. એકદમ શરારતી, ઇસ્લામનો કટ્ટર દુશ્મન, નબીએ પાક અને મુસલમાનો વિરૂદ્ધ ૨૪ કલાક કાવતરાં ઘડતો રહેતો. માલદાર અને વ્યાજખોર હોઈ કોઈ કામ કરતો નહીં. સવારે ઊઠે ત્યારથી રાતે સૂતા સુધી બસ મુસલમાનોને હેરાન કરવા, નબીએ પાકને પરેશાન કરવા સિવાયનો તેનો કોઈ ધંધો હતો નહીં. રાતે સૂતી વખતે પ્લાન

બનાવતો. ઉખાણો, નજમો વગેરે અરબીમાં ઘડી-બનાવી-બનાવડાવીને તે ગાઈને પણ હેરાન કરતો.

બદરમાં કતલ થયેલા લોકોના ગુણો, ઉપકારો નજમના રૂપમાં બનાવી મદીનાના બિનમુસ્લિમો તથા કાતિલોના સગાંવહાલાંઓની સામે પઢતો. જેથી તેઓના દીલોમાં મુસલમાનો પ્રત્યે નફરત પેદા થાય. પ્રકાર પ્રકારની તરકીબો દ્વારા લોકોમાં મુસલમાનો પ્રત્યે નફરત પેદા થાય એવા કૃત્યો કરતો. આ નાપાક રસૂલે ખુદાની બેઈઝ્ઝતી થાય એવા શએર મદીનાની બજારોમાં પઢતો.

[રસુલુલ્લાહનું જીવન તો અણીશુદ્ધ પાક હતું. વર્તણુંક કે રહેણીકરણીમાં રતિભાર ખામી ન હતી. પરંતુ આ નાપાક યહુદી પેગંબરે ઇસ્લામની

ઇખ્તિયારી ગરીબાઈને બેઝઝ્ઝતી સમજતો. જે ગરીબાઈ આપ (સલ.) એ પસંદ કરેલી હતી. રસુલુલ્લાહ ઇચ્છત તો મક્કા-મદીનાના પહાડો સોનુ બની આપની સાથે ચાલત. બલકે નબીએ તો આમ ફરમાવ્યું કે અલ ફક્રો ફખરી, ભૂખ-ફક્ર મારો ફખર છે.]

એક દિવસ પૈગંબરે ઈસ્લામે ફરમાવ્યું : કોણ છે જે મને આ નાપાકના નાપાકીઓથી છુટકારો અપાવે. બની ઔસ કબીલાના એક અનસારીએ આ સાંભળીને તેને કતલ કરી નાખ્યો.

(જુઓ તારીખે ઈબ્ને હિશામ, ભાગ-૨ પેજ નં. ૭૩)

અનસારીએ તેને કતલ કરી તેનું માથું એક ટોપલામાં મૂકી મદીના શહેરની વચ્ચે લાવ્યા. આ

રીતે પેગંબરની વારંવાર બેઇઝ્ઝતી કરનારને સઝા આપી.

આ દુશ્મને ખુદા વ રસૂલ યહુદી કઅબ બિન અશરફ વિશે કિતાબોમાં ઘણી વાતો નોંધાઈ છે. આ કઅબની મા પણ એક મઝહબી પેશ્વાની છોકરી હતી. અબુ રાફેઅ બિન અકીક જે યહુદીઓમાં અગ્રેસર હતો. હિજાઝનો એક નામવર વેપારી હતો. તેની દીકરી કઅબની મા હતી. આ રીતે તે મા પક્ષે અને બાપ પક્ષે તાજદાર બની ગયો હતો. ઘણો જ ચરબઝબાન હતો. વક્તા તો એવો કે એનું ભાષણ, એનું બોલવું લોકો ઉપર જાદુઈ અસર ઉપજાવે. એણે હિજાઝે મુકદ્દસમાં યહુદીઓને સંગઠીત કર્યા. યહુદી ધર્મના પ્રચાર માટે ઠેર ઠેર કમિટિઓ બનાવી હતી. આ બધી મઝહબી કમિટિઓના કાર્યકર્તાઓને

આ કઅબ પગાર આપતો હતો. તમામ યહુદી આલિમોના જેઓ મદીનામાં હોય કે મદીનાની બહાર સેવા આપતા હોય તેમના પગાર નક્કી કર્યા હતા.

[હિજાઝે મુકદ્દસ = મક્કા મદીના અને તેની આસપાસનો પ્રદેશ]

જ્યારે આ દુશ્મને ખુદાએ પોતાના યહુદી આલિમોને એકત્ર કરી પુછ્યું કે આ વ્યક્તિ જે મક્કાથી હિજરત કરીને મદીના આવી છે. પોતાને નબી કહે છે. તેમના વિશે તમારે શું કહેવું છે ? તમામ યહુદી ઓલમાએ એકમત થઈને જવાબ આપ્યો હતો કે આ તે જ નબીએ મુન્તઝર (જેમની રાહ જોવાઈ રહી છે તે નબી) છે. જેમના આવવાની ખબર અમારી કિતાબોમાં મૌજુદ છે. બસ આટલું જ સાંભળવું હતું કે કઅબ ઇર્ષાની આગમાં બળીને

ખાખ થઈ ગયો. તે બધા જ આલિમોના પગારો બંધ કરી દીધા. આ યહુદી આલિમો ગરીબાઈ અને નાદારીમાં આવી ગયા, પોતાના સાચા કિતાબી મત ઉપર સ્થિર ન રહી શક્યા. ફરીથી કઅબની આસપાસ એકત્ર થઈ ગયા. નાદારીના ભયે આ લોકોને ઇમાન વેચવા ઉપર મજબૂર કર્યા. આ આલિમોએ એકત્ર થઈ કઅબની પાસે આવી જણાવ્યું : ‘જલ્દીમાં અમે આપને ગલત જવાબ આપી દીધો હતો. હવે જ્યારે અમે અમારા ઇલ્મ દ્વારા આપણી કિતાબોમાં તેહકીક કરી તો ખબર પડી કે અમારાથી ગલત કહેવાઈ ગયું હતું. આ વ્યક્તિ નબીએ મુનતઝર નથી.’ આ સાંભળીને કઅબ રાજી થઈ ગયો. તરત જ તેમના પાછલા પગારો તેઓને

આપી દીધા. પછી રાબેતા મુજબના પગારો ચાલુ કરી દીધા (ઝરકાની)

ઇબ્ને સઅદના વર્ણાનુસાર આ જ બદબખ્ત કઅબે અબુ સુફિયાનને ગૂમરાહ કર્યો હતો, કહ્યું હતું કે તમારો દીન મોહંમદના દીનથી બેહતર છે. (જુઓ ઝરકાની ભાગ-૨, પેજ નં. ૧૨)

મક્કામાં કુફ્ફારે મક્કાનું મરસીયા પઢવું, તેઓના ઘરોમાં માતમ

કઅબે જે એક અચ્છો શાયર પણ હતો, બદરમાં કતલ થયેલા મુશરીકો માટે મરસીયા લખ્યા. પછી મક્કા ગયો. ઇબ્ને હિશ્શામે આ જગ્યાએ તેના મરસીયા અરબીમાં નકલ કર્યા છે. અમે વાંચકોના રસાસ્વાદ માટે એક મરસીયાનો ગુજરાતી તરજુમો રજુ કરીએ છીએ.

જંગે બદરની ચક્કીએ એહલે બદરને પીસી નાખ્યા છે.

બદર જેવી ઘટનાઓ માટે બદરવાળાઓએ રડવું જોઈએ, માતમ કરવું જોઈએ.

કેટલા સફેદ, શરીફ બાઈઝ્ઝત રોનકવાળા ચેહરા

જેમની પાસે ઘણાંબધા જરૂરતમંદોની હાજત પૂર્ણ થતી હતી.

ખામોશ થઈ ગયા આ ખાનદાની ચેહરા જેઓ મક્કાની બજારોમાં ઇઝ્ઝતની સલામો ઝીલતા હતા.

આપણી ફોજ લઈને ચાલો મદીના

તે ઉચ્ચોચ્ચ ખાનદાની શરીફ હસ્તીઓના લોહીને ઠંડુ કરવા.

(જુઓ તારીખે ઇબ્ને હિશ્શામ - ભાગ - ૨, પેજ નં. ૭૨)

કઅબના આ નવહા મક્કાવાસીઓને ખૂબજ પસંદ આવ્યા. લોકોએ કઅબને ઘેર ઘેર બોલાવીને આ નજમો તેની પાસે પઢાવી. આ રીતે આ બદમાશ બદરના મુડદાંઓ ઉપર સ્વયં પણ રડતો હતો અને લોકોને પણ રડાવતો હતો.

તારીખે ખમીસે રિવાયત કરી છે કે તે એકલો મક્કા નથી ગયો. બલકે તેની સાથે ૪૦ સાથીઓનો કાફલો હતો. આ કાફલો અબુ સુફિયાનનો મેહમાન બન્યો. તેને લઈને હરમમાં આવ્યો પછી બધાંએ હરમનો પડદો ઉઠાવીને કસમ ખાધી કે બદરમાં કતલ થયેલાઓનો જરૂરથી બદલો લઈશું.

અલ્લામા શીબ્લીએ સિરતુન્નબીમાં લખ્યું છે કે :

કઅબે આટલી શરારતો ઉપર બસ નથી કર્યું. બલકે ચૂપકે ચૂપકે ઇરાદો કર્યો હતો કે પેગંબરે ઇસ્લામને દગો ફટકો આપીને કતલ કરાવી નાખીશ.

અલ્લામા યાકુબીએ પોતાના ઇતિહાસમાં બની નઝીરની ઘટનાની સાથે લખ્યું છે કે,

‘કઅબ બિન અશરફ યહુદી મદીનામાં આપ (સલ.) ને ધોખાથી દગો-ફટકો આપીને કતલ કરી નાખવા માગતો હતો.’ આ જ રિવાયતને ઇબ્ને હજરે કઅબ બિન અશરફના વર્ણનમાં અકરમાની સનદથી વર્ણવી છે કે કઅબે આપ (સલ.) ને દઅ્વતમાં બોલાવ્યા, લોકોને નક્કી કરી દીધા કે

જ્યારે આપ (સલ.) આવે દગા-ફટકાથી આપ (સલ.) ને કતલ કરી નાખે.

આ રીતે કઅબનો ફસાદ તેના ગુનાહો એટલા બધા પ્રમાણમાં વધી ચૂક્યા હતા કે, કોઈપણ કાનૂન ભલે પછી તે અખ્લાકી હોય કે કોમી-સરકારી, વધારે સહન કરવાની છૂટ નથી આપતો. આ નાપાકના અસ્તિત્વથી અમન-અમાન ખતરામાં હતું. કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ બગડતી હતી. તેનું અસ્તિત્વ જ બીજાઓ માટે નુકસાનકારક હતું. (આનુ એનકાઉન્ટર જરૂરી હતું) આપ (સલ.) મજબૂર હતા ત્યારે આપ (સલ.) એ ખૂદા પાસે આ દુઆ માગી.

‘પરવરદિગાર હવે તો તુ મને ઇબ્ને અશરફના ઉપદ્રવો અને ફસાદથી બચાવી લે.’

અલ્લાહે તે જ સમયે આપની દુઆને કબૂલ ફરમાવી ઇબ્ને અશરફના વિષયમાં કુઆર્ને ઇરશાદ ફરમાવ્યો. ઇમામ કિસતલાનીએ મવાહિબુલ્લદુન્યામાં લખ્યું છે કે આ તે જ આયાત છે. જે કઅબ બિન અશરફના વિષયમાં નાઝિલ થઈ છે.

**બિસ્મીલ્લા હિર્રહમા નિર્રહીમ**

**અલમતરા ઇલલ્લઝીના ઉતુ નસીબમ મિનલકેતાબે યુઅમિનુના બિલ જિબ્તે વત્તાગુતે વ યકુલુના લિલ્લઝીના કફરૂ હા ઉલાએ અહ્દા મિનલ્લજીના આમનુ સબીલા. ઉલાએકલ લઝીના લઅનહોમુલ્લાહો, વમંયયલ અનિલ્લાહો ફલન તજેદ લહુ નસીરા. અમલહુમ નસીબૂમ મિનલ મૂલ્કે ફઇઝલ લાયુઅતુનન્નાસ નકીરા.**

(સૂરએ નિસા આયત - ૫૧, ૫૨,૫૩)

'અય રસૂલ ! તમે આ લોકોની પરિસ્થિતિ ઉપર દૃષ્ટિપાત નથી કર્યો ? જેમને કિતાબનો કેટલોક ભાગ આપવામાં આવ્યો છે છતાં પણ તેઓ શયતાન અને મૂર્તિઓ ઉપર ઇમાન લઇ આવ્યા, તેઓ કાફિરોને કહે છે, જે લોકો કુર્આન ઉપર ઇમાન લાવે છે, તેનાથી વધારે સારો માર્ગ તો આ જ છે. (જેના ઉપર તમે ચાલી રહ્યા છો, અમલ કરો છો.)

આ તે જ લોકો છે. જેમના ઉપર અલ્લાહે લઅનત કરી છે. અને જેમના ઉપર અલ્લાહે લઅનત કરી હોય તેનો મદદગાર કોઈ ન હશે.

બસ આ દુનિયાની સલ્તનતમાં થોડાક દિવસ જ એમનો ભાગ છે. તેઓ તો લોકોને ખજુરના ઠળીયાનો ભૂકો પણ આપશે નહીં.'

આ આયતના નૂઝૂલના પછી તરત જ આપ (સલ.) એ અસહાબની તરફ ઇશારો કરી ફરમાવ્યું : કે તમને આ બાબતમાં (કઅબના વિષયમાં) અલ્લાહનો હુકમ મળી ચૂક્યો. તે જ સમયે ઉપરોક્ત પુરી આયત તમામ મુસલમાનોને પઢી સંભળાવી, કે શું તમે જોતા નથી ? તે લોકોને જેમને ખુદાની કિતાબનો અમૂક ભાગ મળ્યો છે. પરંતુ તેઓ તો તાગુત ઉપર (શયતાન ઉપર) ઇમાન રાખે છે. અને કાફિરોને કહે છે કે તમે આ લોકોથી વધારે હિદાયત ધરાવનાર છો, જેઓ આ રસ્તા ઉપર ઇમાન લાવ્યા છે. આ તે જ લોકો છે. ખુદા તેમના ઉપર લઅનત ફરમાવે છે. વળી તેમનો તો કોઈ સમર્થક કે મદદગાર નથી.

આ સાંભળતા જ મોહંમદ બિન મુસ્લિમાએ કઅબ બિન અશરફને ખતમ કરવાની ઇજાઝત માંગી. આપ (સલ.) એ ફરમાવ્યું : મંજૂર છે. પરંતુ આ કામમાં ઉતાવળ ન કરશો. સઅદ બિન મઆજની સાથે સલાહમશ્વિરો કરી લો. સઅદ બિન મઆઝે કહ્યું કે એની પાસે અનાજ વગેરે કરજ લેવાના બહાને જાઓ. તે આ કરજનું નામ સાંભળતાંજ કિલ્લાની બહાર આવી જશે. ત્યારે તમે તમારૂં કામ પતાવી દેશો.

મોહંમદ બિન મુસ્લિમા અનસારી બીજા ચાર યુવાનો બધા જ ઔસ કબીલાના હતા. આ કામ પાર પાડવા માટે રવાના થયા. મોહંમદ બિન મુસ્લિમાએ પ્રથમ અબુ નાએલાને કઅબની પાસે મોકલ્યા. જેને કઅબની સાથે સારાસારી હતી. કઅબે

અબુ નાએલાનું ખૂબ આવભગત કરી. સ્વાગત, મહેમાન નવાજી કરી. રાતે શએર શાએરી પણ કરી. ત્યાર બાદ ઇસ્લામ અને રસૂલે ઇસ્લામની બાબતમાં વાતચીત શરૂ થઈ. કઅબને કહ્યું મોહંમદ (સલ.) એ મુહંમદ બિન મુસ્લિમા અને તેના મિત્રોને પોતાની જાળમાં ફસાવી દીધા છે. હમખ્યાલ બનાવી દીધા છે. પરંતુ મને તમારી મદદની જરૂર છે. ખૂબ તંગદસ્તી ચાલે છે. મને કરજની જરૂરત છે. કઅબે કહ્યું અગર કરજ લેવા ઇચ્છતા હોય તો તમારી બીબીઓને રેહન (ગીરો-આડમાં) મૂકી જાઓ અને કરજ લઈ જાઓ.

અબુ નાએલાએ કહ્યું : કઅબ તમે ખૂબસુરત વ્યક્તિ છો. અમારી સ્ત્રીઓ તમારા હુસ્ન-જમાલની સામે પોતાની ઇઝ્ઝત અને વફાદારી બાકી રાખી

શકે નહીં. બોલ્યો અચ્છા છોકરાઓને મૂકો. અબુ નાએલાએ કહ્યું : આ પણ શક્ય નથી. દુનિયા શું કહેશે ? કે છોકરાઓને ગીરો મૂકી દીધા. અમારા હથિયારો ગીરવી મૂકી શકીએ છીએ. તે લઈ લો અને અમોને કરજ આપો. તે રાજી થયો. આ મૌખિક વાયદા પછી અબુ નાએલા પોતાના ચારેય સાથીઓને મળ્યો. બધા આપ (સલ.)ની સેવામાં પહોંચ્યા. અત્રે આ વાત યાદ રાખવામાં આવે કે આ કઅબ યહુદી કિલ્લામાં રહેતો હતો. તે કિલ્લો શહેરની બહાર હતો. મદીનાની લગોલગ - આસપાસ ગણાય. આ લોકોએ આખી પરિસ્થિતિથી પેગંબરે ઇસ્લામને વાકેફ કર્યા. આપ (સલ.) એ ફરમાવ્યું : 'ખુદાનું નામ લઈને જાઓ, તે તમારી મદદ ફરમાવે.'

[તે સમયમાં હથિયારો ઘરેણાં કરતાં વધારે કીમતી વસ્તુ હતાં. લોકો મકાન વેચીને હથિયારો ખરીદતા. હથિયારો ઉપર ગમે તે વ્યક્તિ નાણા ધીરતી. અત્યારે તો ઘરેણાંની બોલબાલા છે. અલ્લાહ રહેમ કરે આપણી ઉપર. તે લોકો અલ્લાહની રઝામંદી માટે જીવતા હતા. આપણે દુનિયા માટે જીવીએ છીએ. આખેરત તો તે લોકો જ કમાઈ ગયા. પરંતુ આપણે તો આખી જિંદગી દુનિયા માટે મરી ફીટ્યા. અકળાયા, ગભરાયા, ડર્યા, હસ્યા, બોલ્યા, ચૂપ રહ્યા, રડ્યા. બધું જ દુનિયા ખાતર કર્યું. હવે કિનારે આવી ગયા ત્યારે ભાન થયું કે જીવન બેકાર-નકામું વ્યર્થ વીતી ગયું. જે કંઈ દોડાદોડી કરી તે બધી વ્યર્થ થઈ ગઈ. શું આપણે દુનિયા પામી શક્યા ? શું દુનિયાની લઝ્ઝતો

ઉઠાવી શક્યા ? શું આપણે દુનિયાનો લુત્ફ માણી શક્યા ? ના આપણે તો બંને ખોઈ બેઠા.

**ન ખુદા ભી મિલા ન વિસાલે સનમ**

**ન ઇધરકે રહે ન ઉધરકે રહે.**

આ ઔસ કબીલાના પાંચ યુવાનોની આટલી લાંબી ઘટના વાંચી વિચારો કે તેઓના મા-બાપ, ભાઈ-બહેનો નહીં હોય ? તેઓની ખૂબસુરત પત્નીઓ નહીં હોય ? કોઈ એક યુવાનને પણ તે સમયની મા-બહેનોએ રોક્યા નથી. કે તે યહુદી તો બાદશાહ જેવો છે. તેનો પથ્થરનો બુલેટ-પ્રુફ કિલ્લો છે. એને મારવા નથી જવું. મોહંમદ પાસે શું છે તે તમોને આપી દેશે. એવું તો ન હતું કે આ કિલ્લો આ પાંચેયના ભાગ આવશે. યહુદીના કેટલાય વાલી વારસો હતા.

યહુદીના કિલ્લાની શું માહિતી આપું. બીજા સાત પેજો લખાઈ જાય. કિતાબ મોટી થઈ જાય છે. કિલ્લામાં ખેતીની જમીન હતી. ફૂલોના બગીચા હતા, ફળાઉ ઝાડોની વાડી હતી. પાણીની વ્યવસ્થા હતી. કેટલીય ગીરવી લીધેલી સ્ત્રીઓ તેમાં કામ કરતી હતી.

મારો આ હાસિયો લખવાનો હેતુ આ છે કે કોઈપણ ઘટનાને ફક્ત ઇતિહાસ તરીકે ઉપરછલ્લી રીતે પઢી ન જાવ. તે ઘટના વિશે વિચારતાં શીખો. દરેક ઘટના આપણને કંઈક સંકેત આપી જાય છે. કંઈક બોધપાઠ આપી જાય છે. તે સમજતાં આપણે શીખવું પડશે.]

આ પાંચેય અનસારી યુવાનો કઅબના દરવાજે પહોંચ્યા.

ચાંદની રાત હતી. ચારે તરફ અજવાળું ફેલાયેલું હતું. અવાજ આપી. કઅબ અયશ-શરાબ સુંદરીમાં મગ્ન હતો. તે જ દિવસે અરબની એક ખૂબ જ ખૂબસુરત કુંવારી કન્યા સાથે લગ્ન કર્યું હતું. અવાજ આવતાં જ બહાર નીકળવા લાગ્યો. પત્નીએ મના ફરમાવી. કહ્યું કે આટલી રાતે કોઈ શરારત હોઈ શકે. કઅબે કહ્યું : ના રે, મારો દૂધભાઈ અબુ નાએલા છે. જૂનો મિત્ર છે. હથિયારો લઈને આવ્યો છે. હથિયારો લઈને આવા સમયગાળામાં આવ્યો દિવસે ન અવાય તેથી રાતે આવ્યો છે. આમ કહી કિલ્લાના દરવાજેથી નીચે ઉતરી આવ્યો.

આ દરમ્યાન મોહંમદ બિન મુસ્લિમાએ પોતાના સાથીઓને કઅબને પતાવી દેવાની તરકીબ સમજાવી દીધી. હું શું કરીશ, તમારે શું

કરવાનું વગેરે નક્કી થઈ ગયું. કઅબ ઘણાં લાંબા વાળ રાખતો તે ઠીકઠાક કરતો પાસે આવ્યો. મોહંમદ બિન મુસ્લિમાએ તેને કહ્યું : અરે દોસ્ત ! તારા વાળની ખુશબુનું શું કહેવું. જરા સુંઘવા તો દે. વાતાવરણ ખુશબોથી મઘમઘ થઈ રહ્યું છે. જેવો કઅબે વાળ સુંઘાડવા માથું નમાવ્યું, મુસ્લિમાએ તેના વાળ પકડી લીધા. પોતાના બાહુબળથી તેને ખેંચ્યો. તરત જ તેના મિત્રો તૂટી પડ્યા. કઅબે એક ચીસ પાડી ઢગલો થઈ પડ્યો. આ લોકો તેનું માથું કાપી ચાલતા થયા.

કઅબના કિલ્લાની આસપાસ યહુદીઓના ઘણાંબધા કિલ્લા હતા. તેની નવી પત્નીએ બૂમો પાડી : યા બની નઝીર! યા બની કુરયઝા ! એવી રાડો નાખી અન્ય કિલ્લાવાળાઓને બોલાવ્યા. આ

તરફ આ અનસારી યુવાનો અજાણ રસ્તાઓ પાર કરી મદીના શહેરમાં દાખલ થઈ ગયા. રસુલુલ્લાહની સેવામાં પહોંચી ગયા. કઅબનું માથું રસૂલના કદમોમાં મૂકી દીધું. આપ (સલ.) એ તરત જ શુક્રનો સિજદો અદા કર્યો. હારિસને કંઈક ઝખમ આવેલો. આપ (સલ.) એ પોતાનું લુઆબે દહન (થુક મુબારક) લગાવી દીધું. તરત ઝખમ સારો થઈ ગયો.

(જુઓ તરજુમો તારીખે ઇબ્ને હિશ્શામ ભાગ-૨, પેજ નં. ૨૫)

આપ (સલ.) એ ફરમાવ્યું કઅબને કતલ કરવું મુસલમાનો ઉપર વાજીબ (જરૂરી) હતું.

સવાર થતાં જ કઅબના ઘરવાળાં દરબારે રિસાલતમાં ફરિયાદ લઈને આવ્યાં. આપે ફરમાવ્યું

: તમારો માણસ વાજીબુલ કતલ હતો. દીને ખુદાની બેઇઝ્ઝતી કરતો હતો. મુસલમાન સ્ત્રીઓ અને પુરૂષોની ઠઠ્ઠા મશ્કરી કરતો હતો. મુસલમાનોને કતલ કરવા માટે બીજી કોમોને પ્રોત્સાહિત કરતો હતો. અહીં સુધી કે મક્કા જઈને બદરના મુશરીકોની કતલ અંગેની શએરો પઢતો હતો. તેમના વખાણ કરતો હતો. જો તમે લોકો કોઈ આવા ફસાદીની મદદ કરશો તો તમને પણ સજા કરવામાં આવશે. યહુદીઓને ખબર હતી કે બની કૈનુકાની શું હાલત થઈ છે. તેમના હોશ ઉડી ગયા. તેથી મુસલમાનો સાથે સુલેહનો મુઆહેદો (સુલેહનો કરાર) લખવા તૈયાર થઈ ગયા. આપ (સલ.) હઝરત અલી (અલ.) પાસે આ સુલેહ કરાર લખાવીને તેમની જ પાસે રહેવા દીધો.

(જુઓ : ઝરકાની ભાગ - ૨ પેજ નં. ૧૨. સનદ થી ઇબ્ને સઅદ ઉસવતુરસુલમાંથી - ભાગ - ૨ પેજ નં. ૪૬૧)

કઅબ વગર કારણે રસુલે ખુદાને ઇજાઓ આપતો હતો. ઇસ્લામના દુશ્મનો એવા કુરૈશને ભડકાવતો હતો. ગંદી શએરો બકતો હતો. નાપાકીઓની બધી જ હદો વટાવી ચૂક્યો હતો. એની સજા કતલથી ઓછી શક્ય જ ન હતી. રસુલના હુકમ મુજબ અમલ પણ થઈ ગયો. ફસાદનો દરવાજો - ઉપદ્રવનો માર્ગ ખતમ થઈ ગયો. બીજા એનાથી ઉતરતા એવા નાપાકો ઉપર ધાક પણ બેસી ગઈ. આ કતલ હુકમે ખુદા રસૂલના પ્રમાણે હતી.

(સીરતે ઇબ્ને હિશ્શામ ભાગ - ૨ પ્રકરણ - ૯ કઅબબિન અશરફ)

# પ્રકરણ – 33 : સરય્યા અબ્દુલ્લાહ બિન અતીક, અબુ રાફેઅ સલામ બિન અબી અલહકીક યહુદીની કતલ

કઅબની જેમ જ અબુ રાફેઅ બિન અબી અલ હકીક ઇસ્લામનો સખ્ત તરીન દુશ્મન હતો. જેવી ગલીચ હરકતો રસુલુલ્લાહના માટે કઅબ કરતો હતો એવી જ ગલીચ હરકતો અબુ રાફેઅ પણ કરતો હતો. ચોવીસ કલાક મુસલમાનોને નુકસાન પહોંચાડવાની ફિરાકમાં રહેતો. ઇસ્લામ અને પેગંબરે ઇસ્લામ વિરૂદ્ધ ગંદી શએરો ઘડતો. મુશરીકોને ઉશ્કેરતો. હકને નાહક સાબિત કરતો. આ પણ કઅબની જેમ જ ઝુલમની પરાકાષ્ટા (અંતિમ હદ) સુધી પહોંચી ગયો હતો.

અબુ રાફેઅની કતલના સમયમાં ઇતિહાસવિદોમાં અને મોહદ્દસોમાં પણ વિરોધાભાસ છે. ઝરકાનીએ ભાગ-૨ પેજ નં. ૧૯૦ ઉપર અબુ રાફેઅની કતલના ઇખ્તિલાફના બધા જ સમયોની એક જગ્યાએ નોંધ કરી છે. પછી તેનો નીચોડ કરીને એક સમય ઉપર પોતાની મહોર લગાવી છે. હાફિઝ ઇબ્ને હજરે પણ ઝરકાનીએ વર્ણવેલા બધા જ સમયગાળાના અભ્યાસ પછી જમાદિઉલ અવ્વલ હિજરી સન-૩ (કઅબની કતલ પછી બે મહિને) ઉપર પોતાની મહોર લગાવી છે. અને ઇમામુલ મોઅર્રેખીન ઇબ્ને જરીર તબરી અને રઈસુલ મોહદ્દસેન હાફેજ જમાલુદ્દીન મોહદ્દસ શીરાજીએ પણ આ જ સમયગાળાને સાચો માન્યો છે. અમે આ ઘટનાને વિસ્તારથી વર્ણવીએ છીએ.

અગાઉ વર્ણન થઈ ચૂક્યું છે કે મદીનાવાસીઓમાં (અનસારમાં) બે મૂખ્ય કબીલા હતા ઔસ અને ખઝરજ. બંને વચ્ચે બહુ ભારે દુશ્મની ચાલી આવતી હતી. ખૂબજ લડતા ઝઘડતા હતા. બંને કબીલા મુશરીક હતા. વળી યહુદીઓ આ બંનેને એક થવા દેતા ન હતા. પરંતુ ઇસ્લામ આવ્યા પછી આ બંને કબીલા વચ્ચેની દુશ્મની ખતમ થઈ ગઈ. બંને વચ્ચે નેક નિય્યતી સાથે આમાલ બજાવી લાવી નેકીમાં આગળ રહેવાની ઇચ્છા પ્રબળ હતી. કઅબ યહુદીની કતલમાં ઔસ કબીલાના યુવાનો જોડાયા હતા. એકપણ વ્યક્તિ ખઝરજ કબીલાનો ન હતો. તેથી અબુ રાફેઅ સલામ યહુદીની કતલમાં બધેબધા જ ખઝરજ કબીલાના યુવાનો જોડાયા.

આ અબુ રાફેઅ બિન સલામ યહુદી પણ ઘણો જ ખતરનાક હતો. તે કઅબ કરતાં પણ વધુ ધનવાન હતો. કઅબ ખૂબ જ ખૂબસુરત અને સારો વક્તા (ભાષણ આપનારો - બોલનારો) હતો. કઅબ કંજુસ હોઈ ઇસ્લામ વિરૂદ્ધ નાણા તો ખર્ચી શકતો ન હતો પરંતુ પોતાની ચરબઝબાની અને શએરશાયરી દ્વારા ઇસ્લામ વિરૂદ્ધ ઉપદ્રવ ફેલાવતો. જ્યારે અબુ રાફેઅ બિન સલામ યહુદી ખૂબ જ ધનવાન હોવા સાથે ઉદાર અને ખર્ચાળ પણ હતો. તે પેગંબરે ઇસ્લામની દુશ્મનીમાં લોકોને ખાણું ખવડાવતો, નાણા ખર્ચ કરતો. મુસલમાનોને સતાવવા, હેરાન કરવા, ઉપદ્રવ ફેલાવવા નાણા ખર્ચ કરતો.

અબુ રાફેઅ બિન સલામને ઠેકાણે પાડવાની જવાબદારી અનસારમાંથી ખઝરજ કબીલાના

યુવાનોએ લીધી. જ્યારે આ યુવાનો પેગંબરે ઇસ્લામની પાસે ઇજાઝત માટે આવ્યા, આપ (સલ.) એ ઇજાઝત આપી દીધી.

મંજૂરી મેળવી પાંચ હિંમતવાન યુવાનો અબ્દુલ્લાહ બિન અતીક, અબ્દુલ્લાહ બિન અનીસ, અબ્દુલ્લાહ બિન ઉતબા, અને અબુ કતાદા અને એક વ્યક્તિ જે ખઝરજ કબીલાનો દોસ્ત હતો આ ઓપરેશન પાર પાડવા માટે રવાના થયા. જેવી રીતે મોહંમદ બિન મુસ્લિમા કઅબની કતલમાં પોતાના સાથીઓનો ઓફિસર હતો એવી જ રીતે અબ્દુલ્લાહ બિન અતીક પોતાના સાથીઓનો આ ઓપરેશનમાં સરદાર હતો. તેથી જ ઇતિહાસકારોએ કઅબની ઘટનાને 'સરય્યા મોહંમદ બિન મુસ્લિમા' ના નામથી અને અબુ રાફેઅ સલામની ઘટનાને

‘સરય્યા અબ્દુલ્લાહ બિન અતીક’ ના નામથી પ્રચલિત કરી છે.

આ બંને ઘટનાઓમાં ઘણું બધું સરખાપણું જોવા મળે છે. ફક્ત તફાવત આ છે કે કઅબનો કિલ્લો બીલકુલ મદીનાની લગોલગ હતો. જ્યારે કે અબુ રાફેઅ મદીનાથી ઘણે દૂર ખયબરની પાસે રહેતો હતો. આ યહુદીનો કિલ્લો કુરેશના વેપારી રસ્તા ઉપર પડતો હતો. ત્યાં જ એના વેપારની કોઠીઓ પણ હતી. એનો ભાઈ કનાના પણ મોટો વેપારી હતો. બંને એટલા મોટા વેપારી હતા કે ‘તુજ્જારે હિજાઝ’ (હિજાઝના વેપારીઓ) ના નામથી સમગ્ર અરબસ્તાનમાં પ્રખ્યાત હતા. આ કારણથી જે લોકોએ કઅબનું ઓપરેશન પાર પાડ્યું તેઓને

મદીનાથી વધુ દૂર જવું ન પડ્યું પરંતુ આ લોકોને મદીનાથી ઘણે દૂર ઠેઠ ખયબરની પાસે જવું પડ્યું.

આ હિંમતવાન યુવાનો મંઝિલે મકસુદ સુધી પહોંચીને 'હિંમતે મર્દાં તો મદદે ખુદા' ઉક્તિ સાચી પાડી. અબ્દુલ્લાહ બિન અતીક કહે છે કે મેં મારા સાથીઓને કિલ્લાની નજીક એક ખૂણામાં બેસાડી દીધા. કહ્યું : હું કિલ્લાની અંદર દાખલ થવાની કોશીશ કરું છું. જો મને તમારી જરૂરત પડી તો તમે અંદર ચાલી આવજો. આમ કહીને હું કિલ્લાના દરવાજાની પાસે આવ્યો. જોયું તો દરવાન કિલ્લાનો દરવાજો બંધ કરવાની તૈયારી કરી રહ્યો છે. હું જાજરૂ બેસવાના બહાને દરવાજાની પાસે જ બેસી ગયો. દરવાને મને જોઇને કહ્યું : અય બંદે ખુદા ! જો તમારે કિલ્લામાં આવવું હોય તો જલ્દી આવી

જા. નહીં તો હું બંધ કરવાની તૈયારી કરી રહ્યો છું. પછી આખી રાત બહાર જ રહેવું પડશે. આ સાંભળીને હું દરવાજાની અંદર ચાલ્યો ગયો અને એક ખૂણામાં છુપાઈ ગયો. દરવાને દરવાજો બંધ કરી સાંકળો લગાવી તાળાં લગાવ્યાં. પછી ચાવીઓ કિલ્લાની અંદર એક દિવાલ પર લટકાવી દીધી. હું ખૂણામાં લપાઈને આ બધું જોતો રહ્યો. દરવાન ઊંઘી ગયો. હું ધીરેથી ઊઠ્યો. દિવાલ પરથી ચાવીઓનો ઝૂમ્ખો લીધો અને અંદર ચાલતો થયો. કિલ્લાના દરવાજાની નીચે આવ્યો, કાન લગાવી સાંભળ્યું તો મને અબુ રાફેઅ સલામની અવાજ કિલ્લાના આગળના ભાગેથી સંભળાઈ.

અરબના અમીરોનો જુનો રિવાજ હતો કે રાતે ખાવાનું ખાધા પછી કોઈ વાર્તા કહેનાર પાસે વાર્તા

કહેવડાવતા. વાર્તાઓ સાંભળતાં સાંભળતાં સૂઈ જતા. અબુ રાફેઅ પણ આ સમયે આ જ ક્રિયામાં હતો. વાર્તા સાંભળતો હતો. થોડીવાર પછી અવાજ બંધ થયો. મને સમજાયું કે અબુ રાફેઅ સૂવાના બિસ્તર ઉપર ચાલ્યો ગયો છે. મને સમજાયું કે વાર્તા કહેનાર ચાલી ગયો છે. અને અમીર સૂઈ ગયો છે. ઊંઘી ગયો છે. મેં ચાવીઓથી દરવાજો ખોલ્યો. આ રીતે એક પછી એક ત્રણ કમરાઓ ખોલતાં તે ખાસ કમરા સુધી આવી ગયો જ્યાં અમીર સૂતો હતો. હું દરવાજા ઉપર ઉભો થઈ ગયો. રોશનદાનોમાંથી (વેન્ટીલેસનમાંથી) રોશની આખા કમરામાં ફેલાઈ રહી હતી. મેં જોયું તો તે એકલો નથી સૂતો. તેના તમામ બાલબચ્ચાં બીબી પણ સાથે જ છે. મને એક મિનિટ એમ થયું કે સૂતેલાને મારવો બુઝદીલી છે. અરબના રિવાજની

વિરૂદ્ધ છે. સમજી તેને બૂમ લગાવી. ખૂબજ હિંમત એકત્ર કરી મેં અવાજ આપી. અબુ રાફેઅ ? અબુ રાફેઅ સાંભળો ? અબુ રાફેઅ તરત જ જાગી ઊઠ્યો. પરંતુ તેના બીબીબચ્ચાં સૂતાં રહ્યાં. તેઓમાંથી એકપણ જાગ્યું નહીં. અબુ રાફેઅ જેવો કે મારી પાસે આવ્યો. મેં તેને તલવારનો ઘા કરીને જમીન પર ફેંકી દીધો. પરંતુ મારતાં અગાઉ હું થોડોક ડરી ગયો હતો જેથી મજબૂત વાર ન થયો, એમ મને લાગ્યા કરતું હતું. છતાંય ત્યાંથી ચાલતો થયો. મને એક સેકન્ડ વિચાર આવ્યો કે જો આ વારથી તે ન મર્યો તો કંઈ કામ ન થયું ગણાશે. હું પાછો ફર્યો. મેં તેને તેવો જ જમીન ઉપર તરફડતો જોયો. પરંતુ આ દરમિયાન તેની પત્ની જાગી ગઈ હતી. તે પણ તેને બોલાવતી હતી. તે કહેતી હતી, મેં બોલાવનારની અવાજ

ઓળખી લીધી છે. તે અબ્દુલ્લાહ બિન અતીક હતો. અબુ રાફેઅ બોલ્યો. તે આટલી રાતે કિલ્લાના બધા જ દરવાજા બંધ કરી ચાવીઓ દરવાન લઈ ગયો હતો પછી કેવી રીતે આવી શકે છે ? આ પ્રમાણે વાતચીત થઈ રહી હતી. તેની પત્ની તેની પાસે આવી ચૂકી હતી. કે હું પહોંચી ગયો. પહોંચતાની સાથે જ તેના પેટમાં છુરી ભોંકી દીધી. જે નીચે સુધી ઉતરી ગઈ. તેને લોહીમાં આળોટતો છોડીને તરત જ હું ભાગ્યો. નીચે ઊતરતાં ઊતરતાં પગ ખોટો પડ્યો. હું પગથિયું ચૂક્યો અને મને પગમાં ચોટ લાગી. હું એક જ પગે લંગડાતો લંગડાતો બહાર નીકળી ગયો. મારો અમામા ઊતારીને ભાંગેલા પગને બાંધ્યો. હું લંગડાતો લંગડાતો કિલ્લાના છેક કોટના દરવાજે આવી પહોંચ્યો. જોયું તો દરવાન ગાઢ નિદ્રામાં પોઢેલો હતો.

ધીમેથી દરવાજાના તાળાં ખોલ્યાં. દરવાજો ખોલ્યો. બહાર નીકળી સાથીઓને મળ્યો. સાથીઓ બેતાબી સાથે મારી રાહ જોઈ રહ્યા હતા. અમે બધા મદીના તરફ ચાલ્યા. અજાણ અને અવાવરૂં રસ્તો પકડ્યો. જેથી કોઈ અમારો પીછો ન કરે.

મદીના આવી આપ (સલ.)ની ખિદમતમાં હાજર થયા. કાર્યવાહીનું વર્ણન કર્યું. આપ (સલ.) એ પોતાના મુબારક હાથ વડે મારા ચોટવાળા પગ ઉપર ફેરવી દીધો – મારો દુ:ખાવો અને લંગડાપણું જતું રહ્યું : સહી બુખારીમાં પણ આ ઘટનાનું વર્ણન આ જ પ્રમાણે છે.

(જુઓ તબરી પેજ નં. ૧૩૭૫. ઇબ્ને હિશ્શામ ભાગ-૨ પેજ નં. ૯૦)

# પ્રકરણ : ૩૪ : ગઝવએ ઓહદ

જંગે બદરમાં કુરૈશના સિત્તેર નામાંકિત યોદ્ધાઓ કતલ થઈ ગયા. સિત્તેરને કેદ પકડવામાં આવ્યા. બાકીની ફોજ ઝલીલ થઈને મેદાનમાંથી પીઠ બતાવી ભાગી ગઈ. આ પરિસ્થિતિથી મક્કાના વાતાવરણમાં એક શાંતિ છવાઈ ગઈ. મુસલમાનોને કચડી નાખવાનો, તેમના નબીને મારી નાખવાનો, મુસલમાનોનું નમોનિશાન ધરતી પરથી મીટાવી દેવાનો જે જોશ અને વલવલો હતો, જે ઉત્તેજના હતી, તે ઠંડી પડી ગઈ.

પરંતુ આ શાંતિ હંગામી સાબિત થઈ. સમંદરમાં ભરતી સમયે આવતાં મોજાંઓ જેવી સાબિત થઈ. ભારેલો અગ્નિ જેમ હવાની સહેજ

લહેરખી આવતા ફરીથી ઉત્તેજીત થઈ જાય છે તેમ કુરૈશ ઉપર ઉપરથી તો ડઘાયેલા, થાકેલા અને માયુસ પણ હતા, છતાં એમના દીલો દિમાગમાં મુસલમાનો પ્રત્યે ગુસ્સો હતો. બદલાની આગમાં એમનું લોહી બળતું હતું.

મુસલમાનોથી બદલો લેવાની આગ ઠંડી ન પડી જાય તેથી આ લોકોએ પોતાના સ્ત્રી - બાળકોને બદરમાં કતલ થયેલા પોતાના માણસો ઉપર રડવાની મના કરી. બીજી એક વાત આ પણ હતી કે અરબનો રિવાજ હતો કે સ્ત્રીઓ ત્યાં સુધી પોતાના મૃત્યુ પામેલા પુરૂષો ઉપર ન રડતી, જ્યાં સુધી તેમનો બદલો ન લેવાઈ જાય. આ ગમો ગુસ્સાએ તેમને ફરીથી એક એવી જંગ માટે તૈયાર કર્યા જેના

દ્વારા મુસલમાનોનું અસ્તિત્વ જ ધરતી પરથી મીટાવી દેવાય.

અબુસુફયાન (યઝીદ કાફિરનો દાદો અને મલઉન મઆવીયાનો બાપ) જેને સરદારીનો ઘણો જ શોખ હતો. તેને સરદારી મળી ગઈ. કારણ કે અબુ જહલ અને બીજા સરદારો જંગે બદરમાં જહન્નમ રસીદ થયા હતા. અબુસુફયાને કસમ ખાધી હતી કે હું ત્યાં સુધી માથામાં તેલ નાખીશ નહિ, જ્યાં સુધી કુરૈશના કાતિલોનો બદલો નહીં લઈ લઉં. તેણે જંગની તૈયારી પુરજોશમાં શરૂ કરી દીધી હતી. લડાઈ લડવા માટે એ બહાનું શોધતો હતો.

ઝિલહજ હિજરી સન ૨ [ જંગે બદર હિજરી સન-૨માં ઝિલહજમાં થઈ. તેના ખતમ થઈને મક્કા આવ્યા પછી તરત જ મતલબ ઝિલહજના છેલ્લા

વીકમાં.]માં બસો માણસોની ટૂકડી સાથે મદીનાવાસીઓ ઉપર અચાનક હુમલો કરવાના ઇરાદાથી નીકળ્યો. જ્યારે મદીનાની નજીક આવ્યો. ત્યાં અનસાર કબીલાના બે માણસો પોતાના ખેતરમાં કામ કરતા હતા. તેમને મારી નાખ્યા. મદીનાની બહાર એક ખજૂરનો બાગ હતો તેમાં આગ લગાવી દીધી. અબુસુફયાનના આ આંતકની ખબર પેગંબરે ઈસ્લામ (સલ.) ને પહોંચી ગઈ. આપ (સલ.) હઝરત અલી (અલ.)ને સાથે લઈ બીજા કેટલાક સહાબા સાથે કદર નામના સ્થળ સુધી જે મક્કાની નજીક હતું, આ લોકોનો પીછો કર્યો. પરંતુ આ લોકો મક્કામાં ભરાઈ ગયા હતા. છટકી ગયા. અબુસુફિયાનનો આ હુમલો એક મોટા

હુમલાની શરૂઆત હતો જેની તૈયારી મક્કાવાસીઓ જંગે બદરની હાર પછીથી લગાતાર કરતા હતા.

ઈકરમા ઈબ્ને અબુજહલ, સૂફયાન ઈબ્ને ઉમય્યા, અબ્દુલ્લાહ ઈબ્ને રબીયા અને બીજા અગ્રેસરોએ પાછલા વર્ષના વેપારનો બધાનો ભેગો નફો જે ૨૨૨ કીલો સોનું અને એક હજાર ઊંટ જેટલો થતો હતો તેને હજી સુધી ભાગીદારોમાં વહેંચ્યો ન હતો. લડાઈના ખર્ચ માટે અનામત રાખી લીધો.

**કુર્આનેપાકમાં પણ આ બાબત ઈરશાદ છે :**

**ઇન્નલ લઝીન કફરૂરયુનફેકૂન અમવાલહુમ લેયસુદ્દુ અન સબીલીલ્લાહે, ફસયુનફેકૂનહા સુમ્મ તકૂનુ અલયહીમ હસરતન સુમ્મ યુગલબુન, વલ્લઝીન કફરૂ એલા જહન્નમ યુહશરૂન.**

(સુરએ અનફાલ આયત નં. ૩૬)

**અર્થાત્** : “આ કુફ્ફાર પોતાના માલને એટલા માટે ખર્ચ કરે છે કે તેના દ્વારા તેઓ લોકોને ખુદાના રસ્તાથી રોકે. તેઓ જલ્દી આ દોલત ખર્ચ કરવાના છે. પણ આ જ માલ તેમના માટે પસ્તાવાનું કારણ બનશે, તેઓ હારી જશે, જેઓ કાફિરો થયા છે. તેઓને જહન્નમમાં નાખવામાં આવશે.”

કુરૈશને જંગના ખર્ચ વિશે તો સંતોષ હતો. કોઈ તંગી ન હતી. અલબત્ત તેઓ પાસે લડાકૂ માણસોની કમી વર્તાતી હતી. તેમને યોદ્ધાઓની જરૂરત હતી. લડાકૂ માણસોની પૂર્તિ માટે તેઓએ એક નવી યોજના અમલમાં મૂકી.

તે જમાનામાં અરબમાં શએર-શાઈરીનો ખૂબ જ પ્રચાર હતો. જેવી રીતે કે અર્વાચિન સમયમાં પત્રિકાઓ, ચોપાનિયાં, પૂસ્તિકાઓ, તથા ટી. વી. માધ્યમ દ્વારા આપણે આપણા વિચારોને અન્યો સુધી દુનિયાભરમાં ફેલાવીએ છીએ. તેવી જ રીતે તે જમાનામાં શએર શાઈરી કરનારા અને તે પણ ધુઆંધાર આગ ઝરતી ભાષામાં શએર-શાઈરી કરનારા માણસો પ્રચલિત હતા. તેઓ સમાજમાં ફરીને શાઈરી કરતા. આવા શાએરોને કુરૈશે પોતાના પ્રતિનિધિ બનાવીને ચારે તરફના કબીલાઓમાં મોકલી આપ્યા. જેઓ પોતાની શાઈરી દ્વારા મુસલમાનો વિરૂદ્ધ લોકોને તૈયાર કરે, ઉત્તેજના પેદા કરે, મુસલમાનો વિરૂદ્ધ લડવા ઊભા કરે.

મક્કાનો એક શાઈર અબુ અઝ્ઝહ અમરૂ ઈબ્ને અબ્દુલ્લાહ તહામામાં આવ્યો. ત્યાં આવી તેણે તહામાવાસીઓ અને બની કનાનાને પોતાની શાએરી વડે ખૂબ જ પ્રભાવિત કર્યા. તેણે આ બંને કબીલાના લોકો સમક્ષ આગઝરતી ભાષામાં શએરો કહી આ બંને કબીલાના લોકોને એટલા પ્રભાવિત કર્યા કે તેઓ કુરૈશના મદદગાર થઈ ગયા. એમના સાતસો માણસો કુરૈશના લશ્કરમાં સામેલ થઈ ગયા. આવી રીતે વધતાં વધતાં કુરૈશના લશ્કરની સંખ્યા ત્રણ હજાર સુધી પહોંચી ગઈ. જેઓ જીવસટોસટની જંગ માટે તૈયાર હતા.

અબુસુફયાન જે મક્કાનો સરદાર હતો. ખુદા-રસૂલનો દુશ્મન હતો. ઈસ્લામનો આ અવ્વલ દરજ્જાનો દુશ્મન ફતેહ મક્કા પછી મુનાફિક્ત સાથે

હારી-થાકીને ઈસ્લામના વર્તુળમાં દાખલ થયો હતો. આ દુશ્મને ખુદા જેને મુસલમાનો રઝિયલ્લાહો તઆલા અન્હો કહે છે જેનો અર્થ "અલ્લાહ તેનાથી રાજી થાય" એવો થાય છે, આ મુનાફિક મલઉન મઆવીયાનો બાપ અને કાફિર યઝીદનો દાદો થાય છે. અમારે આવા શેતાનોની ઓળખ વારંવાર એટલા માટે આપવી પડે છે કે અસત્યના ઘેરાવામાં ઘેરાયેલા ઈસ્લામને લોકો સત્યોના પ્રકાશમાં ઓળખતા થાય. બહુમતિ મુસલમાનોના ઈસ્લામની આખી ઈમારત જ જુઠા પ્રચાર માધ્યમોના કારણે અસત્ય ઉપર ઊભેલી છે. આ ઉધઈ-લુણો ઈસ્લામની ઈમારતના પાયામાં જ લાગેલો છે. જેથી મુસલમાનોની બધી જ ઈબાદતો, મેહનતો, દુઆઓ નકામી થઈ જાય છે.

જેઓએ ગદીરના ઐતિહાસિક બનાવનો ઈન્કાર કર્યો. જ્યાં અલ્લાહે દીનને પરિપૂર્ણ કર્યો હતો. નુબુવ્વત ખતમ થતી હતી. ઈમામત શરૂ થતી હતી. ૧૮ ઝિલ્હજ હિજરીસન દસના છેલ્લી હજથી પાછા ફરતાં ગદીરે ખુમના ચૌરાહા ઉપર એક લાખ અથવા સવા લાખ સહાબાની હાજરીમાં પેગંબરે ઈસ્લામે નુબુવ્વતના ખતમ થયાનો અને ઈમામતની શરૂઆતનો જે જશન પ્રયોજેલો, તે જશનનો ઈન્કાર-એલાને ગદીરનો ઈન્કાર મુસલમાનોની બહુમતિને અવળે રસ્તે લઈ ગયો. તેમણે ઈમામતનો જ ઈન્કાર કરી દીધો. જેથી તેઓનો દીન પરિપૂર્ણ ન થયો. નાકિસ દીન, નાકીસ અક્કલ, નાકિસ ઈલ્મ, બસ બધામાં જ અધુરાપણું રહી ગયું. જેના કારણે આપણામાં એકતા

પણ ન રહી. અનેક ફિરકાઓમાં વહેંચાઈ ગયા. ભરપુર આમાલ સાથે આજે દુનિયામાં બદનશીબીના ધક્કા ખાઈ રહ્યા છીએ.

હીન્દા અબુસુફયાનની પત્ની અને મઆવીયાની મા અને યઝીદની દાદી થાય છે. આ હિન્દાનો બાપ ઉતબા, ભાઈ વલીદ, અને કાકો શીબા જંગે બદરમાં માર્યા ગયા હતા. આ હિન્દાએ પણ ઈસ્લામ દુશ્મનીમાં કોઈ કસર બાકી રાખી નથી. તે ૧૪ સ્ત્રીઓની સરદાર બનીને ફોજમાં સામેલ થઈ ગઈ. આ સ્ત્રીઓમાં હઝરત અલી અને ફાતેમા (સલા.)નો દુશ્મન ખાલીદ બિન વલીદની બહેન ફાતેમા, અમર ઈબ્ને આશની પત્ની રીટા, અકરમા ઈબ્ને અબુ જહલની પત્ની ઉમ્મે હકીમ બિન્તે હારિશ.' સુફયાન ઈબ્ને અવીફની પત્ની

કતીલા બીન્તે અમર, ઈઝાબ ઈબ્ને સુફયાનની પત્ની અમરૂ બીન્તે હારિસ, તલહા બિન ઉસમાનની પત્ની સલાફા બિન્તે સઅદ, હારિશ ઈબ્ને સુફયાનની પત્ની રમીલા બિન્તે તારીક અને સૂફયાન ઈબ્ને ઉમય્યાની પત્ની બરૂ બિન્તે મસઉદ પણ સામેલ હતી.

આ સ્ત્રીઓના સામેલ થવાનું કારણ આ હતું કે તેઓ લડાઈના મેદાનમાં લડાકુઓમાં ઉત્તેજના, જુસ્સો પેદા કરે અને પરાજિત થવાની પરિસ્થિતિમાં કે જ્યારે ફોજ પીછેહઠ કરતી હોય ત્યારે તેમને જોશ, ખુદ્દારી અને શરમ યાદ અપાવી ફરીથી મેદાનમાં મોકલે.

જ્યારે આ લશ્કર અબુસુફયાનની સરદારીમાં મક્કાથી બહાર આવ્યું. નબી (સલ.) ના

કાકા અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબને ચિંતા પેઠી કે જો આટલું મોટું લશ્કર જંગી સામાન સાથે મદીનાવાસીઓની જાણ બહાર મદીના ઉપર હુમલો કરી દેશે તો મુસલમાન આ શસ્ત્રસજ્જ ફોજનો મુકાબલો નહીં કરી શકે. જેથી આપે બની ગફ્ફારની એક વ્યક્તિને મદીના તરફ રવાના કર્યો, તે ખૂબ ઝડપથી મદીના જાય અને આ આક્રમણને મદીનાની બહારથી જ રોકવાનો બંદોબસ્ત કરવાની પેગંબરે ઈસ્લામ (સલ.)ને ખબર પહોંચાડે. જેથી આ લોકો અચાનક આક્રમણ ન કરી દે.

આ ખબર પહોંચતાં જ આપ (સલ.) એ બે માણસોને મદીનાની બહાર મોકલ્યા. તેઓ જાણી લાવે કે આ ખબર ક્યાં સુધી સાચી છે. આ માણસોએ પાછા આવી જણાવ્યું કે અબ્બાસ ઈબ્ને

અબ્દુલ મુત્તલિબની ખબર બિલકુલ સાચી છે. કુરૈશનું મોટું લશ્કર શસ્ત્રસરંજામ સાથે મદીનાની આસપાસ પહોંચી ચૂક્યું છે. જે કોઈ પણ સમયે હુમલો કરી શકે છે.

આ બદરમાં પરાજિત થયેલા લોકો જ હતા. પરંતુ પહેલાંથી વધારે તૈયાર થઈને આવ્યા હતા. કબીલા તહામા અને કબીલા બની કનાનાના ભેગા મળવાથી એમની સંખ્યા પણ વધી ગઈ હતી. મુસલમાનોને દુશ્મનોના એકદમ માથા પર - નજીક આવી જવાની ખબર પહોંચી તો એમની અંદર મતમતાંતર પેદા થયાં.

કેટલાક લોકોનો મત હતો કે સીધી લડાઈ લડવા કરતાં તીરો, તલવારો અને ભાલાઓ દ્વારા મદીનામાં દાખલ થવાના તેમના રસ્તાઓને

રોકવામાં આવે કારણ કે મુસલમાનોની સંખ્યા ઓછી છે. જેથી રક્ષણાત્મક કાર્યવાહી જ વધુ બેહતર છે. રક્ષણાત્મક જંગ આ પરિસ્થિતિમાં લડવામાં આવે છે જ્યારે દુશ્મન શક્તિશાળી હોય અને આમને સામને લડવાની હિંમત ન હોય. તેથી દુશ્મનને આપણી કમજોરીનો એહસાસ પેદા ન થાય તે માટે શહેરથી બહાર નીકળીને જંગ કરવી જોઈએ. જે લોકો શહેરની હદથી બહાર નીકળીને લડવાનો મશ્વેરો આપી રહ્યા હતા, તેમાં હઝરત હમઝા સઅદ બિન અબાદહ અને બીજા તે લોકો હતા જેઓ બદરમાં સામેલ થઈ શક્યા ન હતા અને હવે શહેરની સાંકડી અંધકારમય ગલીઓમાંથી બહાર નીકળીને ખુલ્લા મેદાનમાં બહાદુરીપૂર્વક લડવા ઈચ્છતા હતા.

જેઓ શહેરમાં રહીને મુકાબલો કરવા ઈચ્છતા હતા એમાં અબ્દુલ્લાહ બિન ઉબય પણ હતો. જે મશ્હુર મુનાફિક હતો. બુદ્ધિની દ્દષ્ટિએ તો આ વાત સમજમાં આવતી નથી કે તેનો આ મશવેરો મુસલમાનોની હમદર્દી માટે હોઈ શકે. જ્યારે કે તે અને તેની મુનાફિક ટોળી તો એમ ઇચ્છતી હતી કે મુસલમાનો નેસ્તનાબુદ થઈ જાય. મદીના છોડીને ભાગી જાય.

ઈતિહાસકારોએ સામાન્ય રીતે આમ લખી દીધું છે કે પેગંબરે ઈસ્લામ પણ મદીનામાં રહીને જંગ લડવાનું ઈચ્છતા હતા. પરંતુ સર્વસામાન્ય મતથી પ્રભાવિત થઈને મદીનાની બહાર નીકળવા સમંત થયા હતા. જો આ વાત માની લેવામાં આવે

તો એના ઉપર અમલ કરવામાં આપ (સલ.)ને કોણ રોકી શકતું હતું ?

એનાથી વિપરીત ઈતિહાસ કહે છે કે જે લોકો બહાર નીકળીને જંગ લડવા ઇચ્છતા હતા, તેમણે પેગંબરે ઈસ્લામને બહાર નીકળતા જોયા તો વિનંતી કરી કે યા રસુલલ્લાહ ! જો આપ મદીનામાં રહીને દુશ્મનોનો મુકાબલો કરવા માગતા હોય, તો અમને એમાં કોઈ વાંધો નથી. આપ (સલ.)એ ફરમાવ્યું :

“નબી માટે આ યોગ્ય નથી કે જ્યારે તે જંગનો પોશાક પહેરી લે તો પછી જંગ કર્યા વગર તેને ઉતારે.”

(તારીખે તબરી, ભાગ-૨, પેજ નં. ૧૯૦)

પેગંબરે ઈસ્લામના ઉપરોક્ત શબ્દોમાં એક વિશ્વાસ, સંતોષ અને યકીનની પ્રતીતિ થાય છે. આપમાં દઢતા, ધૈર્ય અને ઉત્સાહ દેખાય છે. આપ (સલ.)ના ઉત્તરમાં ભરપૂર હિંમત, મજબૂત ઈરાદો અને જેહાદથી જરાપણ ન ગભરાવાનું પ્રતિબિંબ દેખાય છે. જેનાથી આ વાત સ્પષ્ટ થઈ જાય છે કે રસુલુલ્લાહ (સલ.) કોઈ બાહ્ય દબાવને વશ થઈને શહેરથી બહાર નીકળવા મજબૂર થયા ન હતા. બલકે આપ એમ ઈચ્છતા હતા કે દુશ્મનને મદીનામાં દાખલ થવાનો મોકો જ ન આપવામાં આવે. મુસલમાનો માટે પણ દ૭ઙ૧૨્૮ા છે કે ગમે તેવા સંજોગો હોય દુશ્મનથી ન ડરે, તેની શક્તિથી પ્રભાવિત ન થાય, અમલી કમજોરી ન બતાવે, ગમે

તેવા પ્રતિકૂળ સંજોગોમાં પણ પીઠ ન બતાવે. છેલ્લા શ્વાસ સુધી લડતા રહે.

પેગંબરે ઈસ્લામે અબ્દુલ્લાહ ઈબ્ને મકતુમને મદીનાના રક્ષક અને વ્યવસ્થાપક મુકર્રર કર્યા. ૧૪ શવ્વાલ હિજરીસન ૩માં નમાઝે જુમ્આ પછી એક હજાર યોદ્ધાઓના લશ્કર સાથે પેગંબર (સલ.) મદીનાની બહાર આવ્યા. એક ટૂંકા રસ્તેથી ઓહદ પહાડ તરફ રવાના થયા. જ્યાં ૧૨ શવ્વાલથી કુરૈશના લશ્કરનો પડાવ હતો. હજી તો આપ (સલ.) એ અડધો રસ્તો કાપ્યો હતો કે મશ્હુર મુનાફિક અબ્દુલ્લાહ ઈબ્ને ઉબય પોતાના ત્રણસો માણસો સાથે લશ્કરથી અલગ થઈ ગયો. મદીના પરત થયો. તેણે બહાનું આ બતાવ્યું કે મારા મશ્વિરા ઉપર અમલ કેમ કરવામાં ન આવ્યો.

શહેરમાં રહીને જ લડાઈ લડવી બેહતર છે. જેથી બહાર નીકળીને હું મારા સાથીઓના પ્રાણ ખતરામાં નાખવા માગતો નથી.

હવે મુસલમાનોની સંખ્યા સાતસો જ રહી ગઈ. જેમને ત્રણ હજારથી મોટી ફોજનો મુકાબલો કરવાનો હતો. જેમની પાસે ભરપુર યુદ્ધ સામગ્રી હતી. આ દરમ્યાન અનસારના બે કબીલાઓ પણ ડગમગવા લાગ્યા. બની સલમા અને બની હારેસા પણ પાછા ફરવાનો ઈરાદો કરવા લાગ્યા. પરંતુ પછી ઈરાદો બદલી કાબૂમાં આવી ગયા. કુર્આનમજીદમાં તેમના વિષયે ઈરશાદે બારીતઆલા છે :

**ઈઝ હમ્મત તાએફતાને મિન્કુમ અન તફશલા**

(સુરએ આલે ઈમરાન આયત નં. ૧૨૨)

**અર્થાત્** : તમારામાંથી બે ટોળીઓએ નાહિમ્મત થવાનો ઈરાદો કર્યો.

પેગંબરે ઈસ્લામે પોતાના સાતસો સાથીઓ સાથે ઓહદ પહાડની બાજુમાં પડાવ નાખ્યો. જુમ્આનો દિવસ તો પસાર થઈ ગયો હતો. બીજા દિવસે ૧૫ શવ્વાલ શનિવારના દિવસે બંને તરફની ફોજોએ પોતપોતાના મોરચા સંભાળી લીધા.

મુશરીકોની ફોજ મુસલમાનોના મુકાબલામાં ઘણી જ વધારે હતી. યુદ્ધસામગ્રી, શસ્ત્રસરંજામ પણ તેમની પાસે ભરપુર હતો.

તેમના લશ્કરમાં સાતસો બખ્તરબંધ સૈનિકો હતા. જ્યારે આ તરફ ફક્ત એકસો બખ્તરો હતાં. તેઓની પાસે ત્રણ હજાર ઊંટ હતાં, અને બસો કોતલ ઘોડા હતા.

અહીં મુસલમાનો પાસે ફક્ત બે જ ઘોડા હતા. એક ઘોડો પેગંબર (સલ.)ની પાસે અને બીજો અબુ બરદાની પાસે બસ.

મુસલમાનો પાસે ફોજની પણ કમી હતી. સામાનની પણ કમી હતી. તેથી જરૂરી હતું કે ફોજની ગોઠવણી એવી રીતે કરવામાં આવે કે દુશ્મનોને બધી બાજુએથી હુમલો કરવાનો મોકો ન મળે. રક્ષણાત્મક દષ્ટિબિંદુથી આપ (સલ.)એ ઓહદ પહાડને પીઠ પાછળ રાખ્યો. જ્યારે મદીનાને પોતાની છાતી સામેની રૂખ પર રાખ્યું. ડાબી બાજુએ કોહે અયનૈન પહાડની એક સાંકડી ઘાટી હતી. ત્યાં પચાસ કમાન્ડરોને મૂક્યા. અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેરને આ કમાન્ડરોના સેનાપતિ બનાવ્યા. તેમને તાકીદ કરવામાં આવી કે અમારી જીત થાય કે હાર થાય,

જ્યાં સુધી તમને હુકમ આપવામાં ન આવે તમે તમારો મોરચો કોઈપણ સંજોગોમાં, કદીપણ છોડશો નહિ.

યુદ્ધ કૌશલ્યની દ્રષ્ટિએ આ કાર્યવાહી ઘણી જ જરૂરી હતી. જો આ વ્યવસ્થા કરવામાં ન આવત તો કુફ્ફાર આ દિશામાંથી હુમલો કરીને મુસલમાનોને પહાડો વચ્ચે ઘેરી લેત. જેથી મુસલમાનો માટે પોતાની જાનો બચાવવી પણ મુશ્કેલ થઈ જાત. સૌપ્રથમ આ વ્યવસ્થા કર્યા પછી પેગંબરે ઈસ્લામે બાકીના લશ્કરની સફબંધી કરી. ડાબી તરફ સઅદ ઈબ્ને અબાદહને અને જમણી બાજુએ ઉસયદ ઈબ્ને હુઝેરને મુકર્રર કર્યા. બ્રિગ્રેડીયરનો ઝંડો મુસઅબ બિન ઉમૈરને આપ્યો જ્યારે લશ્કરનો મુખ્ય અલમ હઝરત અલી ઈબ્ને અબીતાલિબ (અલ.)ને સિપૂર્દ કર્યો. જેઓ જંગે બદરમાં પણ અલમદાર હતા. ત્યારબાદના તમામ ગઝવાતમાં પણ અલમદાર રહ્યા.

# પ્રકરણ – ૩૫ : જંગે ઓહદમાં હઝરત અલી ઈબ્ને અબીતાલિબ (અલ.)ની બહાદુરી અને વફાદારી

ઈસ્લામની બધી જ લડાઈઓમાં લશ્કરનો મુખ્ય અલમ શેરેખુદા અલી મુરતઝા પાસે જ રહ્યો છે. આપ (અલ.)ની તારીફમાં કે ફઝીલતમાં જેટલું લખાયું છે તે ઘણું થોડું છે. કયામત સુધી જેટલું લખાશે તેટલું ઓછું રહેશે.

હવે આપણે જોઈએ કે જંગે ઓહદમાં આપની શું કારકીર્દી રહી.

આ તરફ લશ્કરનો મુખ્ય અલમ હઝરત અલી (અલ.)ને સોંપી દેતાં આપ (સલ.) નચિંત થયા, તો બીજી તરફ કુફ્ફારે પણ લશ્કરની ડાબી

પાંખની સરદારી ખાલીદ બિન વલીદને અને જમણી પાંખની સરદારી અકરમા ઈબ્ને અબી જહલને સોંપી. સવારોની અફસરી અમર ઈબ્ને આશને સોંપી જ્યારે તીરંદાજોની સરદારી અબ્દુલ્લાહ ઈબ્ને રબીયાને.

લશ્કરની વચમાં કુરૈશે પોતાનો મશહુર બુત હુબલને એક શણગારેલા ઊંટ ઉપર ગોઠવ્યો હતો. અબુસુફયાન ત્યાં જઈને ઊભો રહ્યો, પછી તેણે અલમે લશ્કર બની અબ્દુદ્દારની એક વ્યક્તિ તલહા ઈબ્ને ઉસ્માનને સોંપ્યો. જ્યારે લશ્કર તૈયાર થઈ ગયું તો કુરૈશે “આઅ્લબ હબલુન” (હુબલનો જય)નો નારો લગાવ્યો. આ તરફ હિન્દા અને બીજી સ્ત્રીઓ શફોની આગળ ઊભી થઈ ગઈ. ફોજમાં જોશ પેદા કરવા થમક થમક કરીને શૌર્ય ગીતો ગાવા

લાગી. જેમાંના એક અરબી તરાનાનો અનુવાદ અત્રે અમો રજૂ કરીએ છે.

(૧) અમે સિતારાઓની બેટીઓ છીએ, જાઝમો ઉપર નાઝ અને અંદાજથી છમ્મક છમ્મક ચાલીએ છીએ. એવી રીતે કે જાણે જમીન ઉપર નાજૂક પરીન્દાઓની કતાર ચાલી રહી હોય.

(૨) અમારી સેંથીમાં મુશ્ક (એક પ્રકારની ખુશબો) ભરી છે, અમારી નાજૂક ગરદનો મોતીની માળાઓથી શોભે છે. જો તમે યુદ્ધમાં આગળ વધશો તો અમે તમને ગળે લગાવીશું (પ્યાર કરીશું)

(૩) યુદ્ધમાં બહાદુરી બતાવશો તો તમારા માટે તખ્ત બીછાવીશું. જો પીઠ ફેરવી તો અમે તમને છોડી દઈશું. એવી રીતે તમારો ત્યાગ કરીશું કે જાણે અમને તમારી સાથે કદી મહબ્બત હતી જ નહિ.

આ તરાના ખતમ થતાં જ યુદ્ધનો ઢોલ વાગવા લાગ્યો અને આમને સામને લડાઈની શરૂઆત થઈ ગઈ. કુરૈશનો અલમદાર તલહા ઈબ્ને ઉસ્માન હથિયાર સજીને ઘણા ઘમંડ સાથે મેદાનમાં આવ્યો, વ્યંગ સાથે કટાક્ષમય ભાષામાં બોલ્યો :

"મુસલમાનો તમારો ખ્યાલ છે કે જો તમારામાંથી કોઈ મરી જાય તો તે જન્નતમાં જશે અને અમારામાં કોઈ મરી જાય તો તેનું ઠેકાણું દોઝખ છે. તેથી તમારામાંથી જે જન્નતમાં જવાની ઈચ્છા ધરાવતો હોય અથવા મને દોઝખમાં મોકલવાની ઈચ્છા ધરાવતો હોય, તે આગળ આવે અને મારી સાથે લડે."

શેરેખુદા હઝરત અલી (અલ.) આ જાહીલના આવા વાક્યોને કેવી રીતે સહન કરી

શકે? આપ રજ્ઝ પઢતા પઢતા તલવાર લહેરાવતા શફની બહાર આવ્યા. તેણે હઝરત ઉપર હુમલો કર્યો, આપે તેનો વાર ઢાલ ઉપર ઝીલી વળતો હુમલો કર્યો, તે હઝરતના વારને ખાળી ન શક્યો. તલવારના એક જ ઝાટકે તેના બંને પગો કાપી નાખ્યા. તે લડખડાતો જમીન ઉપર ઢળી પડ્યો.

આપ (સલ.)એ તેને પછડાતો અને તેની સાથે કુફ્ફારનો અલમ પણ જમીન ઉપર પડતો જોયો, તો નારએ તકબીર બુલંદ કરી. આપ (સલ.)ની સાથે મુસલમાનોએ પણ “અલ્લાહો અકબર” નો નારો બુલંદ કર્યો. હઝરત અલી (અલ.) એ તેનું માથું કાપવા વિચાર્યું, પાસે જતાં જોયું તો તે નગ્ન થઈ ગયો છે. આપે આવી હાલતમાં તેની ઉપર બીજો વાર ન કરતાં તેને

તડપતો છોડી દીધો. કોઈએ પૂછ્યું “યા અલી ! આપે તેને પૂરો કર્યા વગર કેમ છોડી દીધો ?” ફરમાવ્યું “જ્યારે તે બેપરદા થઈ ગયો તો મને તેની ઉપર હુમલો કરતાં શરમ આવી. તેણે મને સગાઈ-સંબંધનો વાસ્તો પણ આપ્યો હતો. છેવટે તેણે થોડી વાર પછી જમીન ઉપર માથું પટકીને દમ તોડી નાખ્યો. તલહાના માર્યા જવાથી મુશરીકોની હિંમત તૂટી ગઈ. ઘણાંબધામાં માયુસી છવાઈ ગઈ. જેથી એક એક કરીને મેદાનમાં આવવાની હિંમત તૂટી ગઈ. હવે તેમણે એકદમ હુમલો કરી દીધો. મુસલમાનોએ આગળ વધીને તેમના હુમલાને ખાળવાનું શરૂ કર્યું. બંને પક્ષે ઘમસાણ યુદ્ધ શરૂ થઈ ગયું. કમાનોની અવાજો, તલવારોની ખણખણાહટના અવાજો અને

ભાલાઓના ટકરાવાના અવાજોથી મેદાન ગુંજી ઊઠ્યું.

હઝરત અલી (અલ.), હઝરત હમઝા અને અબુ દજાના અનસારીના લગાતાર હુમલાઓથી દુશ્મનોની શફો વેરવિખેર થઈ ગઈ.

પેગંબરે ખુદાએ આ લડાઈમાં અબુ દજાનાને એક તલવાર આપી હતી. અબુ દજાનાએ માથા ઉપર લાલ શાફો બાંધ્યો હતો. આપ તલવાર સાથે દુશ્મનની શફોમાં ઘુસી ગયા. શફોને ચીરતા ચીરતા ત્યાં સુધી પહોંચી ગયા કે જ્યાં કુફ્ફારની સ્ત્રીઓ દફ વગાડીને શૌર્ય ગીતો ગાતી ગાતી ફોઝમાં જોશ પેદા કરતી હતી. આપે હિન્દ બિન્તે ઉતબા ઉપર તલવાર ઊઠાવી ઈચ્છયું કે એને જહન્નમ રસીદ કરી દે. પરંતુ આપને તરત જ

ખ્યાલ આવ્યો કે પેગંબર (સલ.)ની તલવારને એક સ્ત્રીના ખૂનથી રંગવાનું મુનાસિબ ન લાગતાં હાથ રોકી લીધો. હઝરત હમઝાની તલવાર સાએકબારા દુશ્મનના માથા ઉપર ત્રાટકતી હતી. તલ્હા ઈબ્ને ઉસ્માનને મારી નાખ્યા પછી ઉસ્માન ઈબ્ને અબી તલહાએ કુરૈશનો અલમ ઊઠાવ્યો હતો. આપે તલવાર વડે તેની ઉપર હુમલો કરી તેને મોતને ઘાટ ઊતારી દીધો.

હઝરત અલી (અલ.) બંને શફોની વચ્ચે હવામાં અલમ લહેરાવતા લહેરાવતા એક પછી એક હુમલો કરતા હતા. આપે કુરૈશના લશ્કરના અલમબરદારને તલવારને ઘાટ ઊતારી અલમે કુફ્ફારને વારંવાર ધુળ ચાટતો કરતા હતા. અહીં સુધી કે આપે આઠ અલમદારોને એક પછી એક

મૌતને ઘાટ ઊતાર્યા. અને જ્યારે બની અબ્દુદ્દારમાંથી કોઈ પરચમ ઉઠાવવાવાળો ન મળ્યો, તો તે કબીલાના એક ગુલામ સવાબે અલમ ઊઠાવી લીધો. હઝરત અલી (અલ.)એ આગળ વધીને તેની કમર ઉપર તલવારનો વાર કર્યો, તેના બે ટૂકડા થઈ ગયા. આ રીતે હઝરત અલીએ વારંવાર કુફ્ફારનો પરચમ જમીન ઉપર પટક્યો. છેવટે પરચમ ઊઠાવનાર જ કોઈ બાકી ન રહ્યું.

બધા જ અલમ ઉઠાવનારાઓને હઝરત અલી (અલ.)એ પોતાની તલવારને ઘાટ ઉતાર્યા.

(તારીખે કામીલ-ભાગ-૨ પેજ નં. ૧૦૭)

એક પછી એક આઠ પરચમદારોની કતલ થવાથી કુરૈશનો દમ નીકળી ગયો. મુસલમાનોની હિંમત વધી ગઈ. મુસલમાનો સંખ્યાના પ્રમાણમાં

કુફ્ફારના મુકાબલામાં એક ચતુર્થાંશ (ચોથો ભાગ) કરતાં પણ ઓછા હોવા છતાં બહાદુરીપૂર્વક લડતાં લડતાં કુફ્ફારની છાતીઓ ચીરતા ચીરતા આગળ વધતા ચાલ્યા. છેવટે દુશ્મન મેદાન છોડવા મજબૂર થઈ ગયો. અબુસૂફયાન અલમને ધુળ ચાટતો રાખીને અને હુબલને પણ જમીન ઉપર પડેલો છોડીને ભાગ્યો. તેમની સ્ત્રીઓ પણ પોતાના કપડાં લપેટતી મેદાન છોડી ભાગી.

ઓહદની જીત હારમાં પલટાઈ ગઈ

મુસલમાનોએ કુફ્ફારને ભાગતા અને મેદાન ખાલી કરતા જોયા તો તેમના ઉપર લાલચ, માલની લાલસા ગાલિબ થઈ ગઈ. દુશ્મન તરફથી બેફિકર થઈને માલે ગનીમત ઉપર તૂટી પડ્યા. કોહે અયનૈન ઘાટી ઉપર આપ (સલ.)એ મુકર્રર કરેલા

પચાસ ફોજીઓએ જ્યારે પોતાના સાથીઓને માલે ગનીમત લૂંટતા જોયા તો તેમના મોંમા પણ પાણી આવ્યું. તેમના કમાન્ડર અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેરે તેમને પેગંબર (સલ.)નો હુકમ યાદ અપાવ્યો કે "અમે જીતીએ કે હારીએ તમે મારા હુકમ વગર આ જગ્યા છોડશો નહિ" કહ્યું કે રસૂલે ઈસ્લામે આપણને અહીંથી ખસવાની પણ મના કરી છે. પરંતુ દસ અથવા તેનાથી પણ એકાદ બે કમ માણસો સિવાય કોઈએ પણ તેમની વાત ન માની અને માલે ગનીમત લુંટવા માટે દોડી ગયા.

**અલ્લામા તબરીએ લખ્યું છે કે :**

"તેઓ માલે ગનીમત, માલે ગનીમત" પોકારવા લાગ્યા. અબ્દુલ્લાહે કહ્યું "ઊભા રહો ! શું તમને રસૂલુલ્લાહ (સલ.)નું ફરમાન યાદ નથી ?

પરંતુ તેઓએ રોકાવાથી ઈન્કાર કરી દીધો અને માલે ગનીમત લુંટવા માટે ચાલી પડયા.”

(તારીખ તબરી ભાગ-૨, પેજ નં. ૧૯૩)

કમાન્ડરોની આ બેસબરી, આખેરતથી બેપરવાઈ, હુકમે રસૂલના ઉલ્લંઘનનું પરિણામ એ આવ્યું કે ખાલીદ ઈબ્ને વલીદ અને અકરમા ઈબ્ને અબી જહલે કોહે અયનૈન ઘાટીને ખાલી જોઈને બસો માણસોને સાથે લઈ મુસલમાનો ઉપર પાછળથી હુમલો કરી દીધો. અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેરે પોતાના બાકી રહેલા બે-ચાર સાથીઓ સાથે ખાલીદના હુમલાને રોકવાની ખૂબ જ બહાદુરીપૂર્વક કોશીશ કરી, સખત મુકાબલો કર્યો. પરંતુ બે ચાર જણ આ હુમલા સામે કેવી રીતે ટકી શકે ? એક એક કરીને બધા જ શહીદ થઈ ગયા.

ખાલીદના આ સફળ હુમલાને જોઈને ભાગવાવાળા દુશ્મનો પાછા ફરીને એકત્ર થવા લાગ્યા. તેમની હિંમત બંધાઈ. જમીન ઉપર પડેલા અલમને બની અબ્દુદ્દારની એક સ્ત્રી અમરા બિન્તે અલકમા હારેસાએ ઊઠાવી લીધો.

કાફિરોએ પોતાની વેરવિખેર થઈ ગયેલી ફોજને ફરીથી એકત્ર કરવાનું શરૂ કર્યું. અને મુસલમાનોના વેરવિખેર લશ્કર ઉપર હુમલો કર્યો. તે વેરવિખેર એટલા માટે થઈ ગયું હતું કે માલે ગનીમત લૂંટતું હતું. મુસલમાનો બેફિકર થઈને માલે ગનીમત એકત્ર કરતા હતા. એક તરફથી કાફિરોની પરાજિત ફોજના સૈનિક એકત્ર થયા અને બીજી તરફ તેમના કમાન્ડર ખાલીદ બિન વલીદની ફોજ ઘેરો ઘાલી મુસલમાનો ઉપર તૂટી પડી. આ

બંને તરફથી આવેલા અચાનક હુમલાથી મુસલમાનોના હોશ-હવાશ ઊડી ગયા. હાંફળા-ફાંફળા બેબાક બનીને ગમેતેમ ભાગવા લાગ્યા. કેટલાક ભયના કારણે, તો વળી કેટલાક ઘોડાઓ અને ઊંટોના પગોથી ઉડતી રેતીના કારણે સ્વયં પોતાના માણસોના ચેહરા પણ ઓળખી ન શક્યા. કેટલાક તો જોયા જાણ્યા વગર જ એકબીજા ઉપર તલવારો ચલાવવા લાગ્યા. રેતીની ડમરીઓ ઊડતી હતી. કશું પણ સ્પષ્ટ દેખાતું ન હતું. ગમે તેમ તલવારો વીંઝાતી હતી.

આ પરિસ્થિતિમાં મુસલમાનોમાં ઉસયદ ઈબ્ને હઝીરને અબુબરદહ ઈબ્ને નિયારે ઘાયલ કરી દીધા. વળી અબુબરદહ અબુ ઝઅનાની તલવારથી ઝખ્મી થઈ ગયા. આ જ અફરાતફરીમાં હુઝેફા

(રઝિ.)ની બૂમો પિતાજી યમાન (રઝિ.), હુઝેફા (રઝિ.)ની બૂમો "એ તો મારા બાપ યમાન છે, યમાન છે' છતાં મુસલમાનોની તલવારો વડે માર્યા ગયા.

યુદ્ધનો ચિતાર બદલાઈ ગયો. જીતેલી જંગ હારમાં ફેરવાઈ ગઈ. કેટલાક મુસલમાનો શહીદ થઈ ગયા, કેટલાક ઝખ્મી થઈ ગયા. કેટલાક વળી હુમલો ખાળવાની શક્તિ ન હોવાથી પીઠ બતાવીને ભાગ્યા.

"ઈતિહાસકાર તારીખે તબરી લખે છે કે જ્યારે મુસલમાનો ઉપર આ મુસીબત પડી તો તેમાંથી એક તૃતીયાંશ (ત્રીજા ભાગના) કતલ થઈ ગયા. એક તૃતીયાંશ ઝખ્મી થઈ ગયા જ્યારે એક તૃતીયાંશ ભાગી ગયા."

(તારીખે તબરી-ભાગ-૨ પેજ નં. ૧૯૭)

આ હંગામાં દરમ્યાન સબા ઈબ્ને અબ્દુલ ઉઝ્ઝા હઝરત હમઝાની સામેથી પસાર થયો. આપે તેને લલકારતાં કહ્યું, "અય ખત્ના કરવાવાળીના બેટા" ઊભો રહે તને જહન્નમ રસીદ કરૂં છું. કહેતાં તેના ઉપર ત્રાટક્યા. ત્યાં જ તેને ઠંડો કરી દીધો.

જબીર ઈબ્ને મુતઅમ જેનો કાકો તઈમા ઈબ્ને અદી જંગે બદરમાં હઝરત અલી (અલ.)ના હાથે માર્યો ગયો હતો. આ જબીરે પોતાના ગુલામ વહશીને વાયદો કર્યો હતો કે જો તે મોહમ્મદ, અલી અથવા હમઝાને કતલ કરી નાખશે તો તેને આઝાદ કરી દેવામાં આવશે. હીન્દા બિન્તે ઉતબા અબુ સુફયાનની પત્નીએ પણ આ ગુલામને ઉપરોક્ત શરત કરીને કે જો તે મોહમ્મદ, અલી અથવા

હમઝા આ ત્રણેમાંથી કોઈને પણ કતલ કરી નાખશે તો તેણી તેને ઘણુંબધુ સોનું-જવાહીર બદલામાં આપશે, વહશી માટે હઝરત મોહમ્મદ (સલ.) અને હઝરત અલી (અલ.)ની પાસે જવું પણ મુશ્કેલ હતું. સરકારે દો આલમ સ્વયં એક બહાદુર યોધ્ધા હતા. સામાન્ય વ્યક્તિઓ કરતાં આપ ઘણી વધારે શક્તિ અને ચપળતા ધરાવતા હતા. જ્યારે હઝરત અલી (અલ.) તો હઝરત મોહમ્મદ (સલ.)ની આસપાસ જ આપ (સલ.)ની હિફાઝત માટે રહેતા હતા. બીજા જાંનિસાર સહાબા પણ આપ (સલ.)ની આસપાસ રહેતા હતા. જેથી હઝરત મોહમ્મદ (સલ.) અને હઝરત અલી (અલ.)ને કતલ કરવું તો બાજુ પર રહ્યું, તેઓની પાસે જવું પણ વહશી માટે લોખંડના ચણા ચાવવા બરાબર હતું. જેથી આ બદમાશે

હઝરત હમઝાને કતલ કરવાનું બીડું ઝડપ્યું. તેણે મોકો જોઈને પોતાનો ભાલો તેઓની તરફ ફેંક્યો. જે દુંટી ઉપર લાગ્યો, અને પેટ ચીરતો આરપાર નીકળી ગયો. આ ગુલામ હાથકળામાં ખૂબ જ કાબેલ હતો. હઝરત હમઝા આટલો સખત ઘા વાગ્યા પછી પણ તેના તરફ લપકયા કે તેની ગરદન ઉપર તલવાર મારે, પરંતુ કુવ્વતે સાથ ન દીધો. આપે જમીન ઉપર પડીને શહાદતનો જામ પીધો.

ઈસ્લામી ફોજની પીછેહઠ પેગંબરે ઈસ્લામને ચોટ લાગવી

મહાન સુન્ની ઈતિહાસકાર ઈબ્ને અસીર પોતાની પ્રખ્યાત કિતાબ “અસદુલ ગાબા” માં લખે છે કે હઝરત અલી (અલ.) એ ફરમાવ્યું :

"ઓહદના દિવસે જ્યારે મુસલમાનોએ માલે ગનીમતની લાલચમાં પડીને રસૂલે ઈસ્લામના હુકમનું ઉલ્લંઘન કરી પોતાના ઉપર આફત વહોરી લીધી. જેથી જીતેલી જંગ ફરીથી હારમાં પલટાવાની પરિસ્થિતિ સર્જાઈ. ચારે તરફ ધૂળની ડમરીઓમાં મને કંઈ જ નજર આવતું ન હતું. ફક્ત તલવારો અને ભાલાઓની અવાજો જ સંભળાતી હતી. કુફ્ફારોના આ હુમલાથી મુસલમાનો હક્કાબક્કા થઈ ગયા હતા. હોશહવાશ પણ ગુમાવી બેઠા હતા. આ ભાગંભાગી અને અફરાતફરીમાં પેગંબર (સલ.) મારી નજરોથી ગાયબ થઈ ગયા. મેં કતલ થયેલાઓની લાશો જોઈ પરંતુ આપ મને ક્યાંયે ન દેખાયા. મેં વિચાર્યું કે એવું તો બની જ નથી શકતું કે આપ મેદાન છોડીને ભાગી જાય. કંઈ અલ્લાહે

મુસલમાનોની આ બદનુમા-અયોગ્ય હરકતને કારણે ગુસ્સે થઈને આપને આસમાનો ઉપર ન ઉઠાવી લીધા હોય !! હવે મારા માટે તો આ જ બેહતર છે કે લડતાં લડતાં શહીદ થઈ જાઉં. મેં તલવારનું નિયામ ફેંકી દીધું અને દુશ્મનોની શફો ઉપર તૂટી પડ્યો. મેં જોયું તો આપ (સલ.) ઘમસાણ યુદ્ધમાં કુફ્ફારના ટોળાની વચ્ચે સાબિત કદમ લડી રહ્યા છે. મેં રાહતનો દમ લીધો. બલકે મારા જીવમાં જીવ આવ્યો. મેં બેનિયામ તલવાર એવી રીતે વીંઝવાની શરૂ કરી કે કુફ્ફારનું ટોળું આપ (સલ.)ની આસપાસથી વિખેરાઈ ગયું."

"અસદુલ ગાબા"ના લેખક ઈબ્ને અસીર આગળ લખે છે કે આવી મોત જેવી પરિસ્થિતિમાં કે જ્યારે ભલભલા બહાદુર કહેવાતા લોકો પણ મેદાન

છોડી ગયા હતા. ત્યારે હઝરત અલી (અલ.)એ એક મિનિટ માટે પણ મેદાન છોડવાનો વિચાર સુદ્ધાં પણ ન કર્યો, પોતાની જાનની જરાય પરવા કર્યા વગર દુશ્મનોની શફોમાં ઘુસી ગયા. હુમલા ઉપર હુમલા કરતા રહ્યા. તીરો અને તલવારોના ઘા સહેતા રહ્યા. અહીં સુધી કે આપે ભૂખ પ્યાસની પણ પરવા ન કરી, પરવા કરી તો આ વાતની કરી કે રસૂલ ક્યાં છે. પેગંબરે ઈસ્લામની સલામતીની ચિંતા કરી. અડગ રહીને લડ્યા. ઘમસાણ લડાઈમાં આપ (અલ.) પેગંબરે ઈસ્લામ માટે એક મજબૂત ઢાલા સમાન હતા.

મહાન સુન્ની ઈતિહાસકાર અને હદીસવેત્તા ઈબ્ને સઅદ પોતાની પ્રખ્યાત કૃતિ “તબ્કાત ઈબ્ને સઅદ”માં લખે છે કે :

"ઓહદના દિવસે જ્યારે લોકો મેદાન છોડીને ભાગી ગયા ત્યારે હઝરત અલી (અલ.) પેગંબર (સલ.)ની સાથે સાબિત કદમ રહેવાવાળાઓમાંથી હતા, આપે મોત ઉપર પેગંબરથી બયઅત કરી હતી. (તબકાત - ભાગ-૩, પેજ નં. ૩૨)

આ પરિસ્થિતિમાં દુશ્મનના પચાસ સૈનિકોની એક ટોળી આપ (સલ.) ઉપર હુમલો કરવા આગળ વધી. આપ (સલ.) એ હઝરત અલી (અલ.)ને ફરમાવ્યું "અય અલી દુશ્મનો હુમલો કરવા આવી રહ્યા છે. તેમને આગળ વધીને રોકો."

હઝરત અલી (અલ.) એ સિંહ ગર્જના કરે એવી રીતે નારએ તકબીર બુલંદ કરી. રજ્ઝ પઢતા પઢતા તેમના તરફ રૂખ કરી ત્રાટક્યા. અલીને

જોયા તો તેઓ વેરવિખેર થઈને ભાગ્યા. પછી બીજી દિશામાંથી મુશરીકોએ હુમલો કરવાનું વિચાર્યું. ફરીથી પેગંબરે (સલ.) એ હઝરત અલી (અલ.)ને ઉપર મુજબનો હુકમ આપ્યો. અલી વીજળી વેગે તે દિશામાં ફર્યા, તેઓ પણ અલીની શમશીર જોઈ વેરવિખેર થઈ પાછા ફર્યા.

પછી તો કુફ્ફાર વારંવાર હુમલો કરતા રહ્યા. દરેક દિશામાંથી હુમલો કરવાની કોશીશ કરી જોઈ. હારેલી બાજી તેઓ જીતી રહ્યા હોય એમ તેઓને લાગતું હતું, કારણ કે મુસલમાનોની ફોજના ઘણાં માણસો ભાગી ગયા હતા. ઘણાં શહીદ થયા હતા, ઘણાં ઝખ્મી થયા હતા. એક ઘણી જ નાની જમાત સાથે હઝરત અલી (અલ.) અડગ રહી ખડેપગે પેગંબરે ઈસ્લામની આસપાસ હતા.

હઝરત અલી (અલ.) પેગંબરે ઈસ્લામની આસપાસ લોખંડની દિવાલ બનીને ઊભા હતા. શીયા-સુન્ની અને યુરોપીયન બધા જ ઈતિહાસકારોએ આ વાતની નોંધ કરી છે કે વારંવાર કાફિરો જુદી જુદી દિશામાંથી હુમલો કરતા રહ્યા, અને દરેક વખતે પેગંબરે ઈસ્લામે અલીને જ હુકમ કર્યો કે “યા અલી તેઓ આવી રહ્યા છે, તેમને આગળ વધીને રોકો” હઝરત અલીને આવતા જોતાં જ દુશ્મનો પીઠ ફેરવી ભાગતા. જો રસૂલ બીજી કોઈ વ્યક્તિને હુકમ કરત અને તેઓ તેમનો મુકાબલો કરવા આગળ વધત પણ ખરા, પરંતુ કાફિરો તેમને આવતા જોઈને પણ હુમલો કરત જ. અહીં તો દુશ્મનો અલીને આવતા જોતા, તરત જ પાછા ફરીને ભાગતા.

ખુદાની કસમ ! અલી એક એવી શક્તિ હતી કે મેદાને જંગમાં તેમને કોઈ હરાવી શકે નહિ. તેથી જ પેગંબરે ઈસ્લામનો આ ઈરશાદ યાદ રાખવા જેવો છે કે :

“અલીએ આદમથી ઈસા સુધીના બધા જ નબીઓની મદદ ગયબાના (અપ્રત્યક્ષ) રીતે કરી અને મારી મદદ ઝાહિરમાં (પ્રત્યક્ષ) કરી.”

વહાલા વાચકો ! તમો જાણો છો કે હઝરત અલી (અલ.) એ રસૂલની મદદ કરવાની શરૂઆત બાળપણથી કરી છે. પેગંબરે ઈસ્લામ તબ્લીગ માટે નીકળતા તો આપને પરેશાન કરવા માટે મક્કાના આગેવાનોએ દસ-બાર વરસની ઉમરના છોકરાઓને નબીની પાછળ લગાવી દીધા હતા. જેઓ ગાંડો, પાગલ, જીન લાગેલો, જાદુગર વગેરે

શબ્દોથી સંબોધન કરી બૂમો પાડતા. આપ (સલ.) ઉપર પથ્થરો ફેંકતા. આપ (સલ.) ઝખ્મી થઈ જતા. એક વખત અલી (અલ.) પેગંબર (સલ.)ના ઘેર એવા વખતે આવ્યા કે મા ખદીજા અને સૈયેદા ફાતેમા પેગંબરના માથા અને મોઢા ઉપર પાણી રેડી રહ્યાં હતાં. રડતાં પણ હતાં. રસૂલના કપડાં કીચડવાળાં હતાં. હઝરત અલી (અલ.) એ પૂછ્યું "આ કેમ બન્યું ?" મા ખદીજા (રઝિ.) એ ઉત્તર આપ્યો, "બેટા, તારા ઈબ્ને અમ્મ સાથે મક્કાના લફંગા છોકરાઓ આવો વ્યવહાર કરે છે. અલીએ કહ્યું, "આવતી કાલે હું સાથે જઈશ, અલીએ બીજા દિવસે બે ચાર બદમાશોને ટીપી નાખ્યા-ધીબી નાખ્યા. પછી તો તેઓ હંમેશ માટે રસૂલને સતાવવાની ખો જ ભૂલી ગયા.

મતલબ મેદાને જંગમાં આમને-સામને હઝરત અલી (અલ.)ને કોઈ હરાવી શકતું ન હતું. બલ્કે કુરૈશના આ તે જ છોકરાઓ યુવાન થયેલા હતા. જેમને અલીએ બાળપણમાં તેમની નાપાક શરારતોના કારણે એવા ધીબી નાખેલા કે તેમને આઠ આઠ દિવસ દવા ખાવી પડી હતી. ખુદાની કસમ ! મક્કાનો એકે-એક બાળક આ વાત જાણતો હતો કે મેદાને જંગમાં અલીની તલવારથી બચવું એટલું મુશ્કેલ છે જેટલું ખુદાનો હુકમ થયા પછી મોતના ફરીશ્તા ઈઝરાઈલથી બચવું.

જંગે બદરમાં પણ શીયા સુન્ની બધા જ હદીસવેત્તાઓ અને ઈતિહાસકારોનો સ્પષ્ટ ઈકરાર છે કે દુશ્મનના સિત્તેર માણસો કતલ થયા તેમાંથી

પાંત્રીસ હઝરત અલી (અલ.)ના મુબારક હાથે મરાયા.

ઓહદમાં સહાબાએ રસૂલના હુકમની નાફરમાની કરી, ત્યારે જીતેલી બાજી હારમાં પલટાઈ ગઈ. પેગંબરે ઈસ્લામ ઉપર જે ચારે દિશામાંથી વારંવાર હુમલાઓ થયા, દરેક વખતે અલીએ મુકાબલો કર્યો. આ હુમલાઓમાં હઝરત અલી (અલ.)એ શીબા ઈબ્ને માલીક આમરી અને સુફયાન ઈબ્ને અવીફના ચાર પુત્રો અબુશઆશા, ખાલીદ, અબુહમરા અને ગરાબને કતલ કર્યા. જેઓ પેગંબર (સલ.) ઉપર વારંવાર હુમલો લઈને આવતા હતા.

આપની આ જાંનીસારી અને કુરબાની જોઈને અલ્લાહતઆલાએ જિબ્રઈલ અમીનને કહ્યું કે

“મારા હબીબને કહો “યા રસૂલુલ્લાહ ! સાચી હમદર્દી અને મહબ્બત આને કહેવાય છે.” (તારીખે તબરી-ભાગ-૨-પેજ નં. ૧૯૭ પ્રકાશન ઈદારા એહલે સુન્નત દેવબંદ)

પેગંબરે ઈસ્લામે ફરમાવ્યું “કેમ આવી જાંનીસારી ન હોય ! જ્યારે કે “અલી મારા છે. હું અલીનો છું.” તો જિબ્રઈલે કહ્યું “હું તમારા બંનેનો છું.” આ જ સમયે આકાશમાં અવાજ બુલંદ થયો.

**શાહે મરદાં શેરે યઝદાં, કુવ્વતે પરવરિદગાર,**
**લાફતા ઈલ્લા અલી, લા સૈફ ઇલ્લા ઝૂલ્ફીકાર.**
**જમીનથી આસમાન સુધી આ સદા બુલંદ થઈ.**

# પ્રકરણ - ૩૬ : જંગે ઓહદમાં પેગંબરે ઈસ્લામના શહીદ થયાની અફવા અને સહાબાનું જંગ છોડી ભાગવું

હઝરત અલી (અલ.) લડાઈમાં લાગેલા હતા કે કુફ્ફારની એક ટોળી હથિયાર સાથે પેગંબર (સલ.) ઉપર હુમલો કરવા આવી. તેઓ વારંવાર આ પ્રમાણે અટકચાળા કરતા હતા. રસૂલને શહીદ કરવાના મોકાની શોધમાં હતા. એ લોકોની ફોજ પણ આપણી ફોજથી ત્રણ ગણી હતી. આ ટોળીના હુમલાને ખાળવા અલી તેમની પાછળ પડ્યા. એટલામાં બીજી દિશામાંથી જાલીમોની એક ટોળી ચઢી આવી, આ લોકોને આવા જ મોકાની તલાશ હતી કે અલી બીજે મોરચે લાગેલા હોય.

અબ્દુલ્લાહ ઈબ્ને શહાબ, ઉતબા ઈબ્ને અબી વકકાશ, ઈબ્ને કમીઆ લીશી, ઉબય ઈબ્ને ખલફ, અને અબ્દુલ્લાહ ઈબ્ને હમીદ વગેરેએ પેગંબરે ઈસ્લામને ઘેરી લઈ હુમલો કરી દીધો.

અબ્દુલ્લાહ ઈબ્ને શહાબે આપ (સલ.)ની પેશાની ઉપર ઘા કર્યો. ઉતબાએ એક પછી એક ચાર પથ્થરો ફેંક્યા. જેના કારણે આપ (સલ.)ના ચાર દાંત શહીદ થઈ ગયા. હોઠ પણ ચિરાઈ ગયો. ઈબ્ને કમીઆએ નજીક આવીને તલવારથી ઘા કર્યો. જેના કારણે આપ(સલ.)એ માથા ઉપર મૂકેલ ખૂદ। કડીઓ માથામાં ઘુસી ગઈ. ચેહરો મુબારક ખૂનથી રંગીન થઈ ગયો. ઉબય બિન ખલફે આગળ વધીને હુમલો કર્યો. આપ (સલ.) એ એક સહાબી હારીસ ઈબ્ને શમાઅના હાથમાંથી ભાલો લઈને ઉબય બિન

ખલફની ગરદન ઉપર માર્યો. જેનાથી તે થોડોક ઝખ્મી થયો. પરંતુ આ થોડાક ઝખમને પણ તે સહન ન કરી શક્યો. પાછો ભાગતાં ભાગતાં વચ્ચે જ ફસડાઈ ગયો. મૃત્યુ પામ્યો.

આ બધા હુમલાઓમાંથી અબ્દુલ્લાહ ઈબ્ને હમીદને અબુ દજાનાએ કતલ કર્યો. અનસાર કબીલાના કેટલાક લોકોએ પેગંબર (સલ.) ઉપર હુમલો થતાં જોયો તો તેઓ આગળ વધી તરત જ પેગંબર (સલ.) અને હુમલાખોરોની વચ્ચે ઊભા થઈ ગયા. અનસારને જોઈને કુફ્ફાર પાછા હઠ્યા. થોડે દૂર જઈને તીરો વરસાવવા શરૂ કર્યા. અબુ દજાના અનસારીએ પેગંબર (સલ.)ની આગળ ઢાલ બનીને તીરોના આ હુમલાને ખાળ્યો. અબુ દજાના

રસૂલે ઈસ્લામ ઉપર ઝૂકી ગયા અને પોતાની પીઠ ઉપર તીરો ઝીલતા રહ્યા.

પેગંબર (સલ.)ની નજીક જ મુસઅબ બિન ઉમૈર દુશ્મનના હુમલાઓને રોકવામાં રોકાયેલા હતા કે ઈબ્ને કમીઆએ મુસઅબ ઉપર તલવારથી હુમલો કર્યો. મુસઅબ ઢાલ ઉપર વાર ઝીલે તેટલામાં તો તલવારે પોતાનું કામ કર્યું. તેઓ શહીદ થઈ ગયા. મુસઅબ બિન ઉમૈરના શહીદ થવાથી ઈબ્ને કમીઆએ એવું માની લીધું કે તેણે પેગંબર (સલ.)ને શહીદ કર્યા. આ અફવા ફેલાતાં જ ચારે તરફ શોર ઉઠ્યો કે “મોહમ્મદ કતલ કરી દેવામાં આવ્યા”

મુસલમાનોમાંથી કેટલાક તો અગાઉથી જ વેરવિખેર થઈ ચૂક્યા હતા. કેટલાક મેદાનમાં રહી

ગયા હતા, તેમણે આ ખબર સાંભળી તો તેઓ પણ નાહિમ્મત થઈ ગયા. ભાગદોડ મચી ગઈ. નાસભાગ શરૂ થઈ ગઈ. કેટલાક તો દૂર નીકળી જઈ મોટા મોટા પથ્થરની ચટ્ટાનો ઉપર માથે હાથ દઈને બેસી ગયા. કેટલાકે મદીનામાં પહોંચીને શ્વાસ લીધો. મહાન સુન્ની ઈતિહાસકાર, હદીસવેત્તા, તફસીરકાર અલ્લામા તબરી લખે છે કે :

“આપ (સલ.)ના અસહાબ આપને છોડીને અલગ થઈ ગયા. કેટલાક મદીના પહોંચી ગયા, કેટલાક પહાડો ઉપર ચડીને એક ચટ્ટાન ઉપર બેસી ગયા. ત્યાં જ પડાવ નાખી દીધો. પેગંબરે ખુદા તેમને બોલાવતા હતા.

“અય ખુદાના બંદાઓ ! અય અલ્લાહના બંદાઓ ! મારી પાસે આવો, મારી પાસે આવો. હું

અલ્લાહનો પેગંબર હાજર છું.” (તારીખ તબરી, ભાગ-૨, પેજ નં. ૨૬ પ્રકાશન ઈદારા એહલે સુન્નત-લાહોર)

આ જ વાતનું વર્ણન અલ્લાહ પોતાના કલામમાં આ પ્રમાણે કરે છે :

**“ઈઝ તુસએદૂન વલા તલવુન અલા અહદીંવ વર્રસૂલો યદઉકુમ ફી ઉખરાકુમ.”**

(સુરએ આલે ઇમરાન-આયત નં. ૧૫૩)

**અર્થાત્** : જ્યારે તમે ભાગીને પહાડ ઉપર ચડતા જતા હતા અને રસૂલ પછવાડેથી તમને પોકારતા હતા. પરંતુ તમે પાછા ફરીને જોતા પણ ન હતા. (બસ, ભાગતા હતા)

આ અફરાતફરી, નફસાનફસીના આલમમાં અનસ ઈબ્ને નઝર સહાબી તે પહાડીની ટોચ

ઉપરથી ગુજર્યા, જ્યાં મોહાજિર અને અનસાર પોતાના માથાં છુપાવીને બેઠા હતા. આપે આચર્યચકિત થઈને તેઓને જોયા. પછી કહ્યું, "તમે લોકો અહીં કેમ ભેગા થયા છો ?" તેમણે કહ્યું "રસૂલુલ્લાહને તો કતલ કરી નાખવામાં આવ્યા."

અનસે કહ્યું "પરંતુ તમે જીવતા રહીને શું કરશો ? ઊઠો, અને જે દીને ઈસ્લામ ખાતર નબીએ જાન આપી દીધી, તમે પણ જાનો આપી દો."

આમ કહીને અનસ મેદાન તરફ ઉતર્યા. મેદાને જંગમાં સઅદ ઈબ્ને મઆઝ દેખાયા. અનસે તેમને કહ્યું "મને તો ઓહદના પહાડની દિશામાંથી જન્નતની ખુશબો આવી રહી છે. આમ કહીને તીરોના વરસાદ અને તલવારોની ઝંકાર વચ્ચે દુશ્મનો

ઉપર હુમલો કરી દીધો. તીર અને તલવારોના સીત્તેરથી વધુ ઝખમ ખાઈને શહીદ થઈ ગયા.

સુન્ની તફસીરકાર હદીસવેત્તા અલ્લામા તબરીએ પહાડની ચટ્ટાન ઉપર મોં સંતાડીને બેસી રહેલાઓમાં હઝરત ઉમર અને તલહા ઈબ્ને અબયદુલ્લાહનું ખાસ વર્ણન કર્યું છે. નામો સાથે તેમનો ઉલ્લેખ કરી તેમની આપસમાં વાતચીત પણ નોંધી છે. જેના દ્વારા તેમની ચિંતા અને પરેશાનીનો ખ્યાલ આવે છે.

મોટાભાગના મારા સુન્ની બિરાદરો હઝરત અબુબકર, હઝરત ઉમર અને હઝરત ઉસ્માન-આ સહાબીઓને બહુ જ મહાન સમજે છે. હઝરત ઉમરને તો બહુ જ બહાદુર અને ન્યાયપ્રિય સમજે છે. મલઉન મઆવીયા અને તેના બેટા કાફિર

યઝીદના જમાનાથી ગલત ઈતિહાસોની રચના તેમના હુકમ દ્વારા જ થતી આવી છે કે આ ત્રણે સહાબીઓ પેગંબર (સલ.)ને ખૂબ જ પ્યારા હતા. બહાદુર હતા, સુન્ની ઈતિહાસકારો - મઆવીયાના ચમચાઓએ સત્ય ઉપર અસત્યના એટલા આવરણ ચઢાવી દીધાં છે કે સત્યને ધુંધળું, ઝાંખું અને અચરજ પમાડે એવું બનાવી દીધું છે. મતલબ ઈસ્લામને અસત્યના ઘેરાવામાં લઈ લીધો છે. આપણે જુઠી વાતોને ફેલાવી ફેલાવીને અકીદતમંદોનું એક મોટું વર્તુળ ઊભું કરી દીધું છે. ચૌદસો વર્ષોથી એટલે કે મલઉન મઆવીયાની હુકુમતના જમાનાથી આપણા મિમ્બરો આ જ જુઠને ઓકી રહ્યા છે. આ જ કારણથી આપણને ખુદાની મદદ પણ પહોંચતી નથી. ઝાલીમોના ઝુલમને

છુપાવવામાં આપણા આલીમોએ પોતાની બધી જ શક્તિ ખર્ચી નાખી છે. ઝાલીમને ઈન્સાફ પસંદ અને ન્યાયી ચીતર્યા છે. જેમની ઉપર આ મોટાં માથાંઓએ ઝુલમ કર્યો. તે મઝલૂમો તો જુઠ્ઠા છે. મઝલૂમ જ નથી. બસ ચૌદ સદીથી આપણા મોલ્વીઓ આ જુઠાણાંઓ ફેલાવી રહ્યા છે, આપણા ભરપુર આમાલોને પણ અલ્લાહ ઠોકર મારી પાછા લોટાવે છે, છતાં પણ આપણને હિદાયત તો આવતી જ નથી.

અમે ચેલેંજ સાથે કહીએ છીએ કે હઝરત અબુબકર, હઝરત ઉમર અને હઝરત ઉસ્માન આ ત્રણે સહાબીઓએ જેટલી પણ જંગોમાં રસૂલ સાથે ભાગ લીધો તેમાં આ ત્રણેએ ન કોઈ દુશ્મનને કતલ કર્યો, ન કોઈ દુશ્મનને ઘાયલ કર્યો. ન કોઈને કેદ

પકડ્યો, એટલું જ નહિ પરંતુ આ ત્રણેના શરીર ઉપર કોઈ દુશ્મનના હથિયારથી ઉઝરડો પણ થયો નથી. છતાં ઘણાં જ અફસોસ સાથે લખવું પડે છે કે ઈતિહાસ આ ત્રણેને મહાન-સૌથી મહાન ચીતરે છે.

ઓહદના દિવસે ભાગીને હઝરત ઉમર અને તલહા બિન ઓબયદુલ્લાહ સાથે બીજા ઘણાંબધા મોહાજિર અને અનસાર હતા. આ લોકો પહાડની ચટ્ટાન ઉપર મોં છુપાવીને બેઠા હતા. ઉમર અને તલહા વચ્ચેની વાતચીત, તેમની ફિકર-ચિંતાનું પ્રતિબિંબ રજૂ કરે છે. જેની નોંધ અલ્લામા તબરીએ પોતાની તારીખમાં કરી છે.

આ સિવાય ઈમામ બુખારીએ, ઈમામ મુસ્લિમે અને અલ્લામા જલાલુદ્દીન સીયુતી જેવા મહાન એહલે સુન્નત હદીસવેત્તાઓ અને

તફસીરકારોએ થોડાક શાબ્દિક ફેરફારો સાથે આ લોકોના જંગોમાંથી ભાગવાના વર્ણનો સ્પષ્ટ રીતે લખ્યાં છે. જેમના સાથીદારોમાં બીજા બળજબરીથી મહાન ગણવામાં આવતા સહાબાઓ પણ છે. જેઓ હઝરત અબુબકર, હઝરત ઉમરના ખિલાફત ઉપર બળજબરી કબજો જમાવી લીધા પછીના તેમની કેબીનેટના સભ્યો હતા. રસૂલના ઈન્તેકાલ પહેલાંથી એક એવી રાજકીય ટોળકી આકાર લઈ રહી હતી. જે ખાનદાને રસૂલની (અલી ફાતેમા (અલ.)ની દુશ્મન હતી.

અમે અત્રે મહાન સુન્ની આલિમ અલ્લામા તબરીનું વર્ણન જેમા હઝરત ઉમર અને તલહા બિન ઓબૈદુલ્લાહની વાતચીત રજૂ કરીએ છીએ. જે તેઓએ ઓહદમાંથી રસૂલના કતલ થવાની

અફવાથી ભાગી જઈને એક ચટ્ટાન ઉપર બેઠા બેઠા કરી હતી.

“ચટ્ટાન ઉપર બેસવાવાળાઓમાંથી કેટલાક લોકોએ કહ્યું કાશ ! આપણને કોઈ સંદેશવાહક મળી જાત, જેથી આપણે તેને અબ્દુલ્લાહ બિન ઓબયની પાસે મોકલત જે અમારા માટે અબુસુફયાન પાસે અમનની દરખાસ્ત કરે. અય લોકો ! મોહમ્મદ તો કતલ થઈ ગયા. હવે આપણી કોમ (કુરૈશ) પાસે પાછા ચાલો. તેની પહેલાં કે તે લોકો આવે, અને આપણને કતલ કરી નાખે.”

બે જ નામોનું વર્ણન કરીને અલ્લામા તબરી ઉપરોક્ત વાતચીત દ્વારા હઝરત ઉમરનો મનોભાવ નોંધે છે. જેમાં કુફ્ર તરફ પરત ફરવાની વાત છે. મોતથી બચવાની વાત છે.

હઝરત ઉમર એવી ચિંતા કરતા નથી કે ચાલો હજી આપણામાંના કેટલાક બહાદુરો તો લડાઈ લડી રહ્યા છે. આપણે પણ તેમની હિંમત વધારીએ. રસૂલની શહાદતથી કંઈ ઈસ્લામની શહાદત થોડી થવાની છે ? અમો વારંવાર બુદ્ધિશાળીઓની બુદ્ધિને ઢંઢોરીએ છીએ કે આ રાજકીય ટોળી જે રસૂલ પછી હુકુમતની માલીક બની બેઠી. ઓહદની પછડાટથી એમને એમના સ્વપ્ના રગદોળાતાં દેખાયાં કે મોહમ્મદ તો કતલ થઈ ગયા. માંડ મદીનાનું કાચું પાકું રાજતંત્ર પણ હવે આ જંગ હારી જવાથી પડી ભાંગશે. કુરૈશ તો જીતી ગયા છે. તેમની હુકુમત તો બાકી જ રહેશે. આપણે હાકેમ બનવાના જે સોનેરી સ્વપ્નો સાથે રસૂલના નીકાહમાં આપણી દીકરીઓ આપીને

રસૂલના મીશનના સાથી બનેલા છે, તે મકસદમાં હવે કોઈ કામ્યાબી દેખાતી નથી. માટે મુનાફિકોના સરદાર અબ્દુલ્લાહ બિન ઓબયનો (જે ઓહદની લડાઈ થતાં અગાઉ મદીનાની બહાર નીકળીને પોતાના ત્રણસો સાથીઓ સાથે રસૂલથી અલગ થઈ ગયો હતો) સંપર્ક કરો, તે અબુસુફયાનને લાગવગ કરે, અને આપણને પાછા પોતાનામાં સામેલ કરી લે. લાગવગનું કારણ આ છે કે મક્કાનો સરદાર અબુસુફયાન કંઈ એટલો કાચો ન હતો કે એકદમ આ લોકોને પોતાનામાં સામેલ કરી લે, કહેશે કે બદરમાં પણ તમે મોહમ્મદ સાથે હતા. તમારો ભરોસો કેમ થાય ?

કુર્આન મજીદમાં આ લોકોના વિષયમાં અલ્લાહનો ઈરશાદ છે :

**અફઈમ્માત અવ કોતેલન કલબ્તુમ અલા આઅકાબેકુમ વ મંય યનકલીબ અલા અકીબયહે ફલંય યઝુર્રલ્લાહ શયઆ, વ સયજ્જીલ્લાહુશ શાકેરીન.**

(સુરા આલે ઈમરાન-આયત નં. ૧૪૪)

"જો પેગંબર મૃત્યુ પામે અથવા તેમને કતલ કરવામાં આવે, તો શું તમો ઉલટા પગે કુફ્ર તરફ પાછા ફરશો ? અને જે કુફ્ર તરફ ઉલટા પગે પાછો ફરશે, તે અલ્લાહનું કશું નથી બગાડી શકતો અને અલ્લાહ ઘણો જ જલ્દી શુક્ર કરવાવાળાઓને સારો બદલો આપશે."

જંગે ઓહદમાં હઝરત મુસઅબની શહાદત પછી આપ (સલ.) એ અલમ હઝરત અલી (અલ.)ને સોંપ્યો હતો. આપ (અલ.) દુશ્મનોને

પાછા ધકેલવામાં મશગુલ હતા અને આપ (સલ.)ની શહાદતની ખબર સાંભળી ચોંકી ઊઠ્યા. શત્રુઓને ચીરતા ચીરતા તે જગ્યાએ આવ્યા, જ્યાં પેગંબરે ઈસ્લામ સલામત જીવતા હાજર હતા. જોકે હઝરત અલી (અલ.) પોતે પણ ઝખ્મોથી ચૂરચૂર હતા. પરંતુ પેગંબર (સલ.)ને ઝખ્મી જોઈ પોતાની હાલત ભૂલી ગયા. તરત જ આપ (સલ.)ને સહારો આપીને એક ઘાટી તરફ લઈ ચાલ્યા. કઅબ ઈબ્ને માલીકની દષ્ટિ આપ (સલ.) ઉપર પડી તો એકદમ બોલી ઊઠ્યા "આ રહ્યા રસૂલેખુદા, આપે તેમને ખામોશ રહેવાનો ઈશારો કર્યો. આ ખામોશ રહેવાનો ઈશારો એટલા માટે કે મુશ્રકો મોહમ્મદ (સલ.)ના કતલની ખબરથી ખુશ થઈને હવે લડાઈ રોકી લેવાની તૈયારી કરતા હતા. તે પાછા આ સાંભળીને

કે મોહમ્મદ (સલ.) જીવતા છે. ફરીથી હુમલો ન કરી દે અને આપ (સલ.)ને ઘણાં જ ઝખ્મો લાગેલા હતા. અને જે કોઈ મુસલમાનો આપ (સલ.)ની સાથે હતા તે સૌને લઈને એક ઘાટીમાં તશરીફ લઈ ગયા.

હઝરત અલી (અલ.) નજીકના એક ઝરણામાંથી જેને ચશ્મએ મેહરાશ કહેવાતો હતો, પોતાની ઢાલમાં પાણી ભરી લાવ્યા. જેથી આપ (સલ.)ને પાણી પીવડાવે, આપના ઝખ્મો ધોઈને તેની કંઈક દવા કરે.

આ ખબરો મુનાફિકો દ્વારા મદીના પણ પહોંચી ગઈ હતી. ઘણાંબધા મુસલમાનો ભાગીને મદીના પહોંચી ગયા હતા. તેઓએ મદીનામાં આ સમાચાર વહેતા કર્યા હતા કે “મોહમ્મદ (સલ.)

શહીદ થઈ ગયા.” હઝરત ફાતેમા સલામુલ્લાહ અલયહા કેટલીક ઓરતો સાથે ઘાટીમાં તશરીફ લાવ્યાં. જ્યાં અમીરૂલ મોઅમેનીન પેગંબરે ઈસ્લામના ઘા ધોતા હતા. વહાલા બાપને જીવતા સલામત જોઈને સંતોષ થયો. પરંતુ ચેહરો અને પેશાનીને ખૂનથી રંગીન જોઈને રડવા લાગ્યાં. બાપને જોતાં જ ભેટી પડ્યાં. જિગરના ટુકડા જેવી વહાલી બેટીને જોઈ-ભેટીને પેગંબર (સલ.)ને પણ થોડીક રાહત થઈ. હઝરત અલી (અલ.)ની સાથે મળીને ઝખ્મોને ધોયા. ચટાઈનો ટૂકડો સળગાવીને તેને ઝખમો ઉપર મૂકતાં લોહી બંધ થયું.

યુદ્ધ બંધ થઈ ચૂક્યું હતું. કુફ્ફાર પોતાની ફતેહ અને મુસલમાનોની બદહાલી ઉપર ખુશ હતા. આ દરમ્યાન અબુસુફયાન એક પહાડની ટોચ ઉપર

પહોંચી ગયો. ત્યાંથી ઊંચા અવાજ સાથે મુસલમાનોને સંબોધી પૂછ્યું. “શું મોહમ્મદ જીવતો છે ?”

આપ (સલ.) એ ફરમાવ્યું કે એને કોઈપણ વાતનો ઉત્તર આપવામાં ન આવે. જવાબ ન મળવા છતાંય તેણે પૂછ્યું, “ઈબ્ને અબી કહાફા (અબુબકર) છે ? કોઈએ પણ ઉત્તર ન આપ્યો. ફરીથી પૂછ્યું, “ઉમર ઈબ્ને ખત્તાબ છે ?”

ઉપરોક્ત પ્રનોના કોઈ જવાબ ન મળવાથી અબુસુફયાને પોતાના સાથીઓને કહ્યું, “આ તો બધા જ માર્યા ગયા છે.”

પરંતુ ઉમર કોનું નામ ? રસૂલની તાબેદારી વળી કેવી ? રસૂલની નાફરમાની તો જેમના લોહીમાં વણાઈ ગઈ હતી. જે સમગ્ર જિંદગીમાં તો

થતી જ રહી, પરંતુ રસૂલના ઈન્તિકાલ વખતે પણ જાહેર થઈ ગઈ. પેગંબરે કાગળ-કલમ માંગ્યાં. તો ઉમરે કહ્યું, “નબીને સનેપાત થયો છે, કોઈ કાગળ-કલમ આપશો નહિ આપણા માટે કુર્આન કાફી છે.” બુખારીમાં સાત જગ્યાએ અલગ અલગ રાવીઓથી આ રીવાયતનું વર્ણન છે. હઝરત ઉમરની તારીફમાં લખેલ કીતાબ અલકારૂફના કર્તા શીબ્લી નોઅમાનીએ પણ બુખારીના હવાલાથી આ કિસ્સાઓનું વર્ણન કર્યું છે. મતલબ રસૂલે ઈસ્લામના મના કરવા છતાંય ઉમર ખામોશ ન રહ્યા અને કહ્યું કે :

“અમે બધા જ જીવતા છીએ” તો અબુસુફયાને “હુબલ ઝિંદાબાદ” “હુબલની જય હો” વગેરે નારા લગાવ્યા. જેથી આપ (સલ.) એ

મુસલમાનોને કહ્યું કે તમે ઉત્તર આપો “અલ્લાહ બુઝૂર્ગ અને બરતર છે.” તેના જવાબમાં અબૂસુફયાન બોલ્યો, અમારી પાસે ઉઝ્ઝા (બૂત) છે. તમારી પાસે નથી. રસૂલે ખુદાના હુકમ ઉપર મુસલમાનોએ કહ્યું “અલ્લાહ અમારો વાલી છે. તમારો કોઈ વાલી નથી.” તેણે કહ્યું “કાલે તમે જીત્યા હતા, આજે અમે જીત્યા છીએ. અમે બદરમાં કતલ થયેલા અમારા માણસોેનો બદલો આજે લઈ લીધો છે, આવતા વર્ષે બદરના સ્થળે ફરી લડીશું. મુસલમાનો તમારા કતલ થયેલાઓની કેટલીક લાશોને મુસ્લા કરી છે. પરંતુ મેં ન એમ કરવાનો હુકમ આપ્યો હતો, ન આ બાબતથી મના કરી હતી.” આમ કહીને અબુસુફયાન પોતાના લશ્કર સાથે મક્કા રવાના થઈ ગયો.

# પ્રકરણ – ૩૭ : જેહાદમાં સ્ત્રીઓની કારકીર્દી

ઈસ્લામની દરેક જંગમાં સ્ત્રીઓની કારકીર્દી રહી છે. દીને ઈસ્લામનું કાર્ય કરનાર મુજાહિદને જો નેક-સાલેહ અને ઈમાનદાર ઓરત પ્રાપ્ત થાય તો તેની ખુશનસીબી ગણાશે. કારણ કે આ ઓરત પતિને તેના કામની મદદગાર બનશે. તે રાહે ખુદાના રસ્તાનો પથ્થર નહીં બને. રાહે ખુદા કંઈ સહેલો રસ્તો નથી. કાંટાળો રસ્તો છે. મુશ્કેલીઓ, આફતો, ભૂખ, પ્યાસ, ઝખ્મો વગેરેનો રસ્તો છે. માલ મીલકતની કુરબાનીનો રસ્તો છે. શૂરાઓનો રસ્તો છે. જેહાદ કાયરોનું કામ નથી. નેકી-ભલાઈ - ઈમાનદારી - પરહેઝગારી - દીને હકની તબ્લીગવાળી જિંદગીમાં જે લુત્ફ છે. તેનો ખ્યાલ સુધ્ધાં દુનિયાદારો ઉપર ગુજરતો નથી. ભલે

જાહેરમાં કદાચ તેઓ આપણને દુ:ખી, ગરીબ, કમજોર પણ દેખાતા હોય પરંતુ ઈમાનો-યકીનથી, હૃદયથી આ લોકો ઘણાં જ મજબૂત હોય છે. કોઈક કવિએ કહ્યું છે :

**“માંહી પડ્યા તે મહા સુખ માણે, દેખણહારા દાઝે જોને...**

**તીરે ઊભા જુએ તમાશો, તે કોડી નવ પામે જોને....**

**ખુદાનો મારગ છે શૂરાનો નહીં કાયરનું કામ જોને.”**

આ શૂરાઓના માર્ગમાં મારી બહેનો માટે પણ અનેક નમૂનાઓ છે. હઝરત મરિયમ, હઝરત આસિયા, હઝરત ખદીજા, હઝરત ફાતેમા અલયહિસ્સલામ-આ બુઝુર્ગ ઓરતોની જિંદગી કયામત સુધીની ઈમાનદાર ઓરતો માટે નમૂનએ અમલ બની રહેશે. શહીદના લોહીનું એક ટીપું

જમીન પર પડતાંની સાથે જ ખુદા તેની મગફિરત કરી આપે છે. શહીદ મરતો નથી. તેને અલ્લાહ તરફથી તે રાહતો - આરામ અને સુખચેન પ્રાપ્ત થાય છે. જે ઉચ્ચ દરજ્જાનો માલદાર પણ મેળવી શકતો નથી.

જંગે ઓહદમાં અમૂક ઓરતો પેગંબરે ઈસ્લામની ઈજાઝતથી આવેલી. જેમનું મુખ્ય કાર્ય ઘાયલોને મલમપટ્ટી, મુજાહિદોને પાણી પીવડાવવું, તેમની સેવા ચાકરી વગેરે હતું. આવી પરિસ્થિતિમાં ઓરતનું પોતાના ઘરમાં રહી નાના બાળકોને દૂધ પીવડાવવું, મોટા બાળકોની દેખભાળ કરવી, ઘરડાં અને બીમારો તેમજ કુટુંબના અન્ય સભ્યોને ખાવાનું પકાવીને ખવડાવવું, આ બધાં જ કાર્યો જેહાદમાં ગણાશે. જો છૈયા-છોકરાં અને પતિના ઘરડાં મા-

બાપની સેવા-ચાકરીની જવાબદારી અગર ઓરત ઉપાડી નહીં લે તો મુજાહિદ જેહાદમાં ઈત્મીનાનથી લડી નહીં શકે. હર વખત ઘરના સભ્યોની એને ચિંતા રહેશે. જેથી મારી મા-બહેનો યાદ રાખે કે તેમના તમામ કાર્યો જે તેઓ ઘરમાં રહીને અંજામ આપી રહી છે. તેના ઉપર તેમને ભરપુર બદલો આપવામાં આવશે. એ તેમની ઈબાદત જ ગણાશે.

ઓહદમાં શરીક કેટલીક સ્ત્રીઓમાંથી આપણે ફક્ત બે જ સ્ત્રીઓના કાર્યોનો અભ્યાસ કરીએ. તેમાંની એક સ્ત્રી ઉમ્મે અમ્મારા નસીબા બિન્તે કઅબ છે. (અમ્મારા સહાબીના મા અને કઅબ સહાબીના બેટીનું નસીબા નામ છે) નસીબાના પતિ ઝયદ ઈબ્ને આસમ અને તેમના બે દીકરા હબીબ અને અબ્દુલ્લાહ આ જ લડાઈમાં લડતાં લડતાં

શહીદ થઈ ગયા હતા. આ બહાદુર ખાતુને જોયું કે પેગંબર (સલ.) ઉપર તીરો વરસી રહ્યાં છે તો તીરો જે દિશામાંથી આવતાં હતાં તે દિશામાં પેગંબર (સલ.)ની આગળ ઊભાં થઈ ગયાં, પોતાની છાતી ઉપર ઢાલ મૂકીને પેગંબરનું રક્ષણ કરતાં રહ્યાં. જ્યારે તીરો ફેંકનારી ટોળી પાસે તીરો ખલાસ થઈ ગયાં ત્યારે ઈબ્ને કમીઆ નામનો એક બદબખ્ત તલવાર લઈને આપ (સલ.) ઉપર હુમલો કરવા આવ્યો. તો આ બહાદુર ઓરત તલવાર લઈને તેના મુકાબલા માટે સામે આવી. અહીં સુધી કે આ ખાતુનનો ખભો ઝખ્મી થઈ ગયો.

જે લોકો અભ્યાસી નથી તેમના માટે મેદાને જંગની પરિસ્થિતિ સમજવી ઘણી મુશ્કેલ છે. ઉબડ-ખાબડ, ટેકરા-ટેકરીવાળી જમીન, - ઘણાં થોડા

જાંનીસાર સહાબા હઝરત અમીરૂલ મોઅમેનીન અને થોડાક નેકદીલ સહાબા એક મોટા વર્તુળાકારે રસૂલને ઘેરી લઈને આપનું રક્ષણ કરતા હતા. કારણ કે કુફ્ફારની ફોજ તો મુસલમાનો કરતાં ચારગણી હતી અને આ ચોથાઈ મુસલમાનોમાંથી પણ મોટો ભાગ ભાગી ગયો હતો. થોડાક માયુસ થઈને આમતેમ બેસી ગયા હતા. જેથી થોડાક જાંનીસારોથી પણ રસૂલ વારંવાર દેખાતા બંધ થઈ જતા હતા. ઉડતી રેતીની ડમરીઓ પણ પરેશાન કરતી હતી. એક મોટા મેદાનના ચોતરફના કિનારાઓ રોકીને ઊભેલી કાફિરોની શસ્ત્ર ફોજનો થોડાક મુઠ્ઠીભર માણસોએ મુકાબલો કરવાનો હતો. જેથી આ જાંનિસારો પેગંબરે ઈસ્લામની બિલકુલ કરીબ તો રહી શકે જ નહિ. ફોજીએ સ્માર્ટ અને

એક્ટીવ રહેવું પડે. ઝાડના થડની જેમ જમીનને ચીપકીને તો રહેવાય જ નહિ. હુમલાથી બચવા અને જવાબી હુમલો કરવા વારંવાર આગળ અને આસપાસ હરકતમાં રહેવું પડે. હરકતમાં રહેતા થોડા માણસો પણ દુશ્મનને દૂરથી વધારે લાગે. જો આ જાંનિસારો રસૂલેખુદાની બિલકુલ પાસે-નજીક આવી જાય અને વર્તુળ નાનું બનાવી લે તો દુશ્મનો પણ વધુ નજીક આવી જાય અને પેગંબરે ઈસ્લામનું રક્ષણ મુશ્કેલ થઈ જાય. જાંનિસારો બિલકુલ નજીકના ઘેરાવામાં આવી જાય. બધા જ શહીદ થઈ જાય.

આ ખાતુન નસીબા વિશે મારી મા-બહેનો વિચારે કે જેમના પતિ અને બે બેટા આ જ જંગમાં શહીદ થયા છે. તેમની તરફડતી લાશો પાસે પણ

ખાતુન જઈ શક્યાં નહીં હોય. રસૂલ ઉપર છોડવામાં આવતાં તીરોની વચ્ચે ઊભાં રહી ગયાં. છાતી ઉપર ઢાલ મૂકી દીધી જ્યારે દુશ્મન પાસે તીરો ખૂટી ગયાં અને એક બદમાશ તલવાર લઈને હુમલો કરવા નબી (સલ.) તરફ ચાલ્યો તો આપે તલવારથી મુકાબલો કરી તેને પાછો ફેરવ્યો.

બીજાં ખાતુન ઉમ્મે અયમન છે. જેમણે મુસલમાનોને પીઠ ફેરવીને ભાગતા જોયા તો તેમની હયા અને ખુદ્દારી જોશમાં આવી, કાયરોને પાછા વાળવાની કોશીશ નકામી થઈ જતાં માટી ઉઠાવી ઉઠાવીને તેમના ચહેરા ઉપર ફેંકતાં હતાં અને કહેતાં હતાં. અરબી અશઆરનો તરજુમો “લે યે તેકલા લેતા જા ઓર ઘરમેં બેઠકર સૂત કાત, ઓર

અપની તલવાર મૂજે દેતા જા.” તેકલા એટલે સુતર કાંતવાનું યંત્ર - ટેકુઆ.

આ બહાદુર ખાતૂને ઝખ્મીઓને પાટાપીંડી કરી. પાણી પીવડાવવાની, ખાવા વગેરેના સામાનની વ્યવસ્થા કરી, શહીદોની લાશોને મુશ્લા (એટલે લાશના હાથ પગ, આંખ, કાન, નાક વગેરે કાપી નાખવાં) ન કરવામાં આવે તે માટે તેમને ઘસડીને - પોતાની શક્તિ મુજબ હઠાવીને-પથ્થરો ચટ્ટાનોની ઓથમાં લાવીને મૂકવાની સેવા અંજામ આપી.

# પ્રકરણ – ૩૮ : મોટા ગણાતા બહાદુર સહાબાનું જંગ છોડી ભાગવું-કાયરતા

પાછલા પ્રકરણમાં આપણે સ્ત્રીઓની જવાંમર્દી જોઈ. તો આ પ્રકરણમાં મરદોના ભગોડાપણા પર દષ્ટિપાત કરીએ. આ કાયરોમાં એવા મોટા ગણાતા સહાબીઓના નામોની ઈતિહાસે નોંધ કરી છે. જેમના નામો સાંભળીને વાચકો આચર્યચકિત થઈ જાય. જેમની પાસેથી કદી આવી ઉમ્મીદ ન રાખી શકાય. આવા કઠીન - કપરા સંજોગોમાં જેમની પાસેથી બહાદુરીની ઉમ્મીદ હોય અને તે ભાગે, જેનો ઉલ્લેખ અલ્લાહ કુર્આનમાં કરે છે.

ઓહદમાં જે લોકો સાબિતકદમ રહ્યા. તેમના નામો નીચે પ્રમાણે છે :

(૧) હઝરત અલી ઈબ્ને અબીતાલિબ (અલ.)

(૨) અબુ દજાના અનસારી

(૩) સહલ ઈબ્ને હનીફ

(૪) આસીમ ઈબ્ને સાબિત

(૫) મિકદાદ ઈબ્ને અમર

(૬) સઅદ ઈબ્ને મઆઝ

(૭) ઉસૈદ ઈબ્ને હઝીર

(૮) તલહા ઈબ્ને ઉબયદુલ્લાહ

(૯) ઝુબૈર બિન અવામ

ઉપરોક્ત નવ સહાબા સિવાયના કોઈ સાબિત કદમ દેખાતા નથી. બલકે બાકીનામાંથી ઘણાંબધા મેદાનમાંથી ભાગી છૂટ્યા હતા. પછી જંગ ખતમ થઈ ગયા બાદ પાછા ફર્યા હતા. આ પાછા આવવાવાળાઓમાં હઝરત અબુબકર પણ હતા.

**તેઓ સ્વયં કહે છે :**

ઓહદના દિવસે જ્યારે લોકો પેગંબર (સલ.)ને છોડીને ભાગી ગયા તો તેમાંથી હું સૌપ્રથમ પાછો પલટીને પેગંબર (સલ.)ની પાસે આવ્યો.

(તારીખ ખમીસ - ભાગ -૧, ૪૮૫)

તબ્લીગી જમાતના બીજા હઝરત મૌ. યુસુફ કાંધલવીની કીતાબ હયાતુસ્સહાબામાં આયશાથી રીવાયત છે કે "હઝરત અબુબકર કહેતા રહેતા હતા કે ઓહદના દિવસે મેદાને જંગમાંથી મોં ફેરવીને ભાગવાવાળાઓમાંથી બધાથી પ્રથમ પાછા ફરવાવાળો હું (અબુબકર) હતો."

અત્યારના ગુજરાતના રાજકારણના મહારથીઓ જે પ્રમાણે ઝુલ્મને ખાસ ઈન્સાફ સાબિત

કરે છે. મઝલૂમને ઝાલીમ સાબિત કરે છે અને ઝાલીમોને અતિશય મઝલૂમ સાબિત કરવા માટે જે જે પ્રકારના શબ્દપ્રયોગો કરે છે. તેવા જ શબ્દો ઉપરોક્ત રીવાયતમાં છે.

ખુદાએ દીનેહકના જાંનિસારોને પણ દિમાગ અને કલમશક્તિ આપેલાં છે. અમે આ ઢોલનું પોલ ખોલી નાખવા સક્ષમ છીએ.

તારીખે ખમીસ, તારીખે યાઅકુબી, તારીખે તબરી, બુખારી, મુસ્લિમ જેવા ઐતિહાસિક પુરાવાઓ- સંદર્ભો ટાંક્યા પછી "હયાતુસ્સહાબા" જેવી કીતાબનો સંદર્ભ લેવાની લગીરે જરૂર નથી. છતાંય આ તબ્લીગી બિરાદરોની માનિસક્તાને શું કહેવું ? જો એમની સમક્ષ કુર્આનનો પુરાવો રજુ કરવામાં આવે છે, આયત અને તેનો તરજુમો પેશ

કરવામાં આવે છે ત્યારે આ અકલમંદો કહે છે કે "હમારે અકાબિર જો કહતે હૈં બસ વોહી સહી હૈ."

એક હદ ઉપરાંતની અકાબિર પરસ્તીના આ લોકો શિકાર છે. જેથી જ્યાં જ્યાં મારા ધ્યાન ઉપર આવે છે ત્યાં ત્યાં આવી અપરિચિત કીતાબોના સંદર્ભો પણ ટાંકી દઉં છું. કેટલાકને "નસીબ આડે પાંદડું"ની જેમ પોતાની કીતાબ જોતાં હિદાયત પ્રાપ્ત થઈ જાય છે. જેના ઉદાહરણો ગુજરાતમાં આપણી સામે જ છે.

ઉપરોક્ત હઝરત અબુબકરના કથનમાં આ વાતની ચોખવટ નથી કે આ વાપસી (પાછા ફરીને રસૂલ પાસે આવવું) ક્યારે થઈ. પરંતુ ઘટનાઓ અને વૃતાંતો જોતાં આ વાપસી જંગના ખતમ થઈ ગયા પછી થઈ. એટલા માટે કે જો જંગના ચાલુ

હોવાના સમયગાળામાં હઝરત અબુબકરની વાપસી થઈ હોત તો આપ કોઈ ન કોઈ મોકા ઉપર આપ કોઈને વાર કરતા કે વાર ઝીલતા - હુમલો કરતા કે હુમલો ખાળતા દેખાઈ આવત.

જ્યારે કે લડવાવાળાઓમાં જે કોઈપણ ઘવાયો, જેને નાની સરખી પણ ચોટ આવી તેઓનું નામ ઈતિહાસે છોડ્યું નથી. અહીં સુધી કે તલહાની એક આંગળીમાં ખરાસ આવી-છોલાઈ ગઈ તો ઈતિહાસે તેની પણ નોંધ કરી છે. એક ઓરત ઉમ્મે અયમને ભાગનારા કાયરો ઉપર માટી ફેંકી તેમને શરમ અપાવી તેનો ઉલ્લેખ પણ ઈતિહાસે કર્યો છે.

હઝરત અબુબકરનું નામ ક્યારે આવે છે ? જ્યારે બંને તરફની ફોજોએ હથિયાર હેઠાં મૂક્યાં. લડાઈ સદંતર ઠંડી થઈ ગઈ, અને હઝરત અલી

પેગંબરે ઈસ્લામને એક ઘાટીમાં લઈ જઈ ત્યાં આપના ઝખ્મોનો ઈલાજ કરીને ફારિગ થઈ ગયા. ત્યારે હઝરત અબુબકર ત્યાં દેખાયા.

એટલે હઝરત અબુબકર પાછા તો આવ્યા, બીજાઓ કરતાં તો પહેલા જ, પરંતુ ક્યારે ? લડાઈ સદંતર ઠંડી થઈ ગયા પછી, ઈત્મીનાન અને રાહતના સમયગાળામાં. કોઈપણ ખતરો ન હતો એવા સમયગાળામાં.

પહેલા ખલીફા બન્યા એટલે બિચારા ઈતિહાસકારો પણ શું કરે ? તેમને કોઈપણ રીતે પહેલા તો રાખવા જ પડેને !! તેથી તેઓએ “પહેલો” શબ્દ આપના માટે ખાસ નક્કી જ કરી દીધો હતો. “વાપસ થવાવાળાઓમાં પહેલા” વાહ રે ઈતિહાસ તારી બલિહારી. તેં ઈસ્લામને અસત્યના અંધકારમાં

છુપાવી દીધો છે. ઉપરોક્ત બધા જ સંદર્ભો એહલે સુન્નત ઈતિહાસકારોના છે. હઝરત અબુબકરને આ જંગમાં કોઈ ઉઝરડો પણ થયો નથી. ન તો આપે કોઈને ઉઝરડો કર્યો. મેદાને જંગમાં બચી બચીને મોઢું છુપાવી છુપાવીને સલામત જગ્યાએ રહ્યા. મુસલમાનો પરાજિત થતા દેખાયા, માર ખાતા દેખાયા તો આપે જાણ્યું કે હવે મોઢું છુપાવીને પણ મેદાનમાં રહેવું ખતરાથી ખાલી નથી. કાફિરો જોઈ જશે તો મારી નાખશે. જેથી જીવ બચાવીને ભાગ્યા. પછી લડાઈ ખતમ થઈ ગઈ ત્યાં સુધીની ખબરો અને અફવાઓ જાણતા-સમજતા રહ્યા. રસૂલના આશરો લેવાની જગ્યા પણ જાણી લીધી. ઈત્મીનાનથી રસૂલે ઈસ્લામની ખિદમતમાં બીજાઓ કરતાં પહેલા આવી ગયા. હઝરત અબુબકરે

સમાચારો મેળવવામાં બહુ જ જાગૃતતા દેખાડી. જેવી જાગૃતતા પેગંબરની વફાત સમયે પોતાની બેટી આયશાના સંદેશા ઉપર ત્વરીતતા સાથે પોતાના રહેઠાણથી રસૂલના હુજરા ઉપર અને ત્યાંથી સકીફા બની સાદાના છપ્પર ઉપર જવામાં ત્વરીતતા દેખાડી હતી. જેથી કયામત સુધી આપના નામની આગળ “પહેલા” શબ્દ તો આવી જ ગયો.

હવે આપણે આપના પરમ મિત્ર હઝરત ઉમર વિશે જાણીએ. આપ પોતે ફરમાવે છે કે :

“અમે ઓહદના દિવસે રસૂલુલ્લાહથી અલગ થઈ ગયા અને હું પહાડની ઉપર ચઢી ગયો.

(ઈઝાલતુલ ખોલફા ભાગ-૧, પેજ નં. ૧૬૮, પ્રકાશન ઈદારા એહલે સુન્નત-કરાંચી)

હઝરત ઉસ્માન તે ટોળામાંથી હતા, જેઓ જંગ ખતમ થઈ ગયા બાદ ત્રણ દિવસે પેગંબરે ઈસ્લામની સેવામાં આવ્યા.

તારીખે કામિલમાં ઈબ્ને અસીરનું વર્ણન છે કે "જંગે ઓહદમાંથી ભાગવાવાળાઓમાં ઉસ્માન બિન અફવાન અને બીજા લોકો સામેલ હતા. જેઓ અઉસ મુકામે ત્રણ દિવસ રોકાઈ રહ્યા. ત્યાર પછી નબીએ કરીમ (સલ.)ની પાસે આવ્યા. આપ (સલ.)એ એમને જોયા તો ફરમાવ્યું કે "તમે લોકો ઘણા દૂર નીકળી ગયા હતા."

(તારીખે કામિલ ભાગ-૨ પેજ નં. ૧૧૦, પ્રકાશન ઈદારા એહલે સુન્નત-કરાંચી)

એવી તો વળી શું ઉતાવળ હતી કે જલ્દી રસૂલની પાસે આવે. જંગ ઠંડી થઈ ગઈ, બધાએ

ઈત્મીનાનનો શ્વાસ લીધો. કદાચ ઉજાગરો થયો હોય તો બરાબર આરામ પણ મળી ગયો. વળી આપને ત્રણનો આંકડો પણ ફળ્યો ગણાય. આપ ત્રીજા દિવસે પાછા ફરીને રસૂલે ઈસ્લામની સેવામાં હાજર થયા. સાથે સાથે આપ ત્રીજા ખલીફા પણ બન્યા.

હઝરત ઉમર વિશે પાછા ફરવા માટે કોઈ બીજા દિવસનો ઉલ્લેખ મળતો નથી. તેઓ તો મહાન મુનાફિક ઉબય બિન ખલફની (જે ઓહદમાં રસૂલની સાથે નીકળીને મદીનાની બહારથી પોતાના ત્રણસો માણસો સાથે અલગ થઈને પાછો ફર્યો હતો.) લાગવગ લગાવી અબુસુફયાને સંદેશો મોકલવાનો સંદેશવાહક શોધતા હતા કે અમને ફરીથી તમારી અંદર સમાવી લો. હવે કોઈ હુકુમત

તો રસૂલને મળે એવું દેખાતું ન હતું. કારણ રસૂલના કતલની વાત ફેલાઈ ચૂકી હતી.

હવે આપણે આ પણ જોઈએ કે કુર્આન શું ફરમાવી રહ્યું છે. ઈરશાદે ઈલાહી છે :

**"મિનકુમ મંય યોરીદુદ્દુન્યા વ મિનકુમ મંય યોરીદુલ આખેરત."**

(સુરા આલે ઈમરાન, આયત નં. ૧૫૨)

**અર્થાત્** : "તમારામાંથી કેટલાક તો દુનિયાના માલના તલબગાર છે અને કેટલાક આખેરતના તલબગાર." અલ્લામા તબરીએ લખ્યું છે કે દુનિયાના તલબગારોથી મતલબ તે લોકો છે જે ઘાટી અથવા દર્રહ (પહાડોની વચ્ચેનો સાંકડો માર્ગ ઘાટી)ને છોડીને માલે ગનીમત ઉપર તૂટી પડ્યા હતા. જંગે ઓહદની વાત છે. જ્યારે

આખેરતના તલબગારોથી મતલબ તે લોકો છે જેઓ દરેક પરિસ્થિતિમાં પેગંબરની સાથે રહ્યા. ઈતાઅત કરી, ભાગ્યા નહિ.

ઈબ્ને મસઉદ કહે છે.

“હું નથી સમજી શકતો કે અસહાબે રસૂલમાંથી પણ કોઈ દુનિયા અને માલે દુનિયાનો પણ પુજારી હોઈ શકે છે. (પરસ્તાર શબ્દ છે. ઉર્દુમાં) અહીં સુધી કે આ દિવસ પણ જોવાનો આવ્યો. (તારીખે તબરી - ભાગ -૨, પેજ નં. ૧૯૩)

આ હિફાઝતી કમાન્ડરો સિવાય હારની જવાબદારી તે ઘાટીમાં રસૂલે નિયુક્ત કરેલા લોકોની પણ છે. જેઓ પેગંબરે ખુદાને દુશ્મનોની વચ્ચે છોડીને લડાઈમાંથી પીઠ ફેરવીને ભાગી છૂટ્યા. પેગંબરે ઈસ્લામના વારંવાર પોકારવા છતાં

તેમના પગ ન રોકાયા. જોકે આ બાબત અલ્લાહતઆલાનો ઈરશાદ છે કે :

**“યા અય્યોહલ્લઝીન આમનુ ઈઝા લકીતોમુલ્લઝીન કફરૂ ઝહફન ફલા તવલ્લુ હોમુલ અદબાર.”**

(સુરએ અનફાલ આયત નં. ૧૫)

**અર્થાત્** : અય ઈમાનદારો ! જ્યારે તમારી સાથે કાફિરોની મેદાને જંગમાં લડાઈ થાય તો ખબરદાર, તેમની તરફ પીઠ બતાવી ભાગી ન જશો.

## પ્રકરણ – ૩૯ : જંગે ઓહદમાં હઝરત હમઝા (રઝિ.)ની શહાદત

નબી (સલ.)ના સગા કાકા હઝરત હમઝા (રઝિ.) પણ આ જંગમાં શહીદ થયા. જાહીલોએ આ જંગમાં શહીદોના શરીરો સાથે પણ બદલો લીધો. શહીદોની લાશોનો મુસ્લો કર્યો.

મઆવીયા ઈબ્ને મુગીરહ ઈબ્ને અબી આસે હઝરત હમઝાની લાશનું નાક કાપ્યું. જ્યારે હિન્દા બિન્તે ઉતબાએ (અબુસુફયાનની પત્ની, મઆવીયાની મા, યઝીદની દાદી) હમઝાની લાશનું પેટ ચીર્યું, કલેજું કાઢીને તેને પોતાના દાંતો વડે ચબાવ્યું. હાથ, પગની આંગળીઓ કાપીને તેનો હાર બનાવ્યો. આ બદમાશ ઓરતના દેખાદેખી બીજી સ્ત્રીઓએ પણ શહીદોના આંખ, કાન, નાક, હાથની

આંગળીઓ વગેરે કાપીને તેમાં દોરી પરોવી હાથો ઉપર પહેર્યાં.

અબુસુફયાને પણ દુશ્મનાવટની આગમાં સંસ્કારીતા ભૂલી જઈ હઝરત હમઝાની લાશની બેહુરમતિ કરી, ભાલાની અણી તેમના ચેહરા ઉપર ભોંકી. આ જોઈ કબીલા બની કનાનાની એક ઓરત હલીસ ઈબ્ને હુલકમાએ ચીખ મારી કે જુઓ આ અબુસુફયાન શું કરી રહ્યો છે. શરીફ વ્યક્તિની લાશ સાથે શરમનાક કૃત્ય કરી રહ્યો છે. અબુસુફયાને આ સાંભળી લીધું તો શરમીંદા થઈને પાછો ફર્યો.

અબુસુફયાન દુશ્મની અને બદલાની આગથી મૃત્યુ સુધી પીડાતો રહ્યો. લાચાર થઈને મુનાફિક રહીને કલિમો તો પઢી લીધો. પરંતુ તેના દીલમાં ખાનદાને રીસાલતની દુશ્મનીની આગ મૃત્યુ

પર્યંત ભડકતી રહી. હઝરત ઉસ્માનની ખિલાફતના જમાનામાં તે હયાત હતો. એક વખત તે ક્યાંક જઈ રહ્યો હતો. રસ્તામાં હઝરત હમઝાની કબર આવી. તો તેને ઠોકર મારીને કહ્યું :

"અય અબુ અમ્મારા (હમઝા રઝિ.) તે હુકુમત જેના માટે આપણે અંદરોઅંદર લડતા હતા. આજે તે હુકુમત અમારા બાલબચ્ચાંઓના હાથમાં છે. જેની સાથે તેઓ રમત રમી રહ્યા છે."

(શરહ ઈબ્ને અબીલ હદીદ-ભાગ-૪ પેજ નં. ૫૧)

હઝરત ઉસ્માન બની ઉમય્યા ખાનદાનના હતા. અબુસુફયાન પણ બની ઉમય્યાથી હતો. બીજી વાત હઝરત ઉસ્માનનો સગાંવાદ પ્રખ્યાત છે. શીયા-સુન્ની બધા જ ઈતિહાસકારોએ સગાંવાદ બાબત ઉસ્માનની ટીકા કરી છે, આજ સગાંવાદ

તેમની અકાળે મોતનું કારણ બન્યો. મીસરી કિબતીઓએ અને મદીનાના કેટલાક સહાબાએ તેમને ચાલીસ દિવસ ઘરમાં કેદ રાખી કતલ કરી નાખ્યા. પરંતુ પૂરી ઉમ્મતમાંથી એક વ્યક્તિએ ન મદીનામાં, ન મક્કામાં, ન ઈરાક કે આફ્રિકાના કોેઈ પ્રદેશમાં એમની કતલ વિરોધ સૂર કાઢ્યો કે વિરોધ કર્યો.

મઆવીયા અબુસુફયાનનો બેટો તો શામનો હાકેમ હતો જ. હઝરત ઉસ્માને નાના મોટા દરેક હોદ્દાઓ ઉપર પોતાના સગાંઓને મૂકી દીધાં હતાં. જેથી અબુસુફયાને હમઝાની કબરને ઠોકર મારી આ પ્રમાણે કહ્યું કે જે હુકુમત માટે આપણે લડતા હતા તેની સાથે મારા બાલબચ્ચાં ખેલ કરે છે. રમત રમે છે, જોકે હઝરત હમઝા કોઈ હુકુમત માટે લડતા ન

હતા. તેમની લડાઈ તો ઈસ્લામ ખાતર હતી. કલેમતુલ્લાહની બુલંદી માટે હતી. પરંતુ આ બેવકુફ હુકુમત માટે લડતો હતો. કારણ કે મક્કાનો સરદાર હતો. તેની સરદારી છીનવાઈ જતી હતી. “જેવી દષ્ટિ તેવી સૃષ્ટિ” ઉક્તિ મુજબ એને દેખાતું હતું. અમે તો કહીએ છીએ રસૂલના કહેવાતા સાથીઓમાંથી મક્કામાં જ એક ટોળીએ આકાર પકડ્યો હતો. બની રહી હતી. એ જ ટોળીએ હઝરત અલી (અલ.)નો હક મારી હુકુમત સ્થાપત કરી.

આ તો અબુસુફયાનના કીના-કપટ અને બદલાની આગ હતી. તેના મૃત્યુ પછી તેની અવલાદમાં પણ આ આગ બરાબર સળગતી રહી. અબુસુફયાનના બેટા મઆવીયા મલઉને જંગે સિફ્ફીનમાં અબ્દુલ્લાહ બિન બદીલની લાશને

મુશ્લા કરવા ઈચ્છયું, જે બાબત એના જ લશ્કરમાંથી એક વ્યક્તિ અબ્દુલ્લાહ ઈબ્ને આમીરે વિરોધ કર્યો. તેણે કહ્યું :

"મારા હયાત હોવા સાથે આને મુશ્લા નહી કરવા દઉં."

(શરહ ઈબ્ને અબીલ હદીદ ભાગ નં. ૫ પેજ નં. ૭૧)

છેવટે મઆવીયાએ આ ઈરાદો પડતો મૂક્યો. એમ તો એના પૌત્ર યઝીદ ઈબ્ને મઆવીયાએ ઈમામ હુસૈન (અલ.)ના સરમુબારકની બેહુરમતિ કરતાં પોતાના બાપ-દાદાના અમલનું પુનરાવર્તન કર્યું. અબુસુફયાનનું ખાનદાન બદઝાત, બદબખ્ત, અસંસ્કારી, જંગલી જેને કુર્આને કડવું ઝાડ કહ્યું છે. જે જાનવરોના ખાવાના પણ કામ ન લાગે એવું હતું.

ઓહદમાં જ્યારે આપ (સલ.) એ સાંભળ્યું કે શહીદોની લાશોને મુસ્લા પણ કરવામાં આવી છે. આપ (સલ.)એ બધા જ શહીદોની લાશોની શોધખોળ કરવાનો હુકમ આપ્યો. સાથે પોતાના કાકાની લાશનો પણ પત્તો મેળવવા સૂચના આપી. તે કઈ હાલતમાં છે. હારિસ ઈબ્ને સહમાએ કહ્યું, "હું તેમની શહાદતની જગ્યા જાણું છું. હમણા જ જઈને ખબર લાવું છું. આમ કહીને તેઓ કોહની તળેટીમાં આવ્યા. હઝરત હમઝાની લાશને જોઈ. તે એવી હાલતમાં હતી કે પાછા તો ફર્યા પરંતુ પેગંબરે ઈસ્લામને વર્ણન ન કરી શક્યા. આપ (સલ.) એ હઝરત અલી (અલ.)ને મોકલ્યા. પરંતુ હઝરત અલી (અલ.)એ પણ આ વાત પસંદ ન કરી કે કાકાની લાશને મુસ્લા કર્યાનું વર્ણન કરે.

છેવટે પેગંબરે ઈસ્લામ જાતે ત્યાં તશરીફ લઈ ગયા. સાથે હઝરત અલી (અલ.) અને બીજા સહાબા પણ હતા. જ્યારે આપ (સલ.) એ હઝરત હમઝાની લાશને જોઈ ચીરાયેલું પેટ, કલેજાના ટૂકડા, ચવાયેલું જિગર અને હાથપગને કાપીને આંગળીઓનો બનાવેલો હાર વગેરે જોયું તો આપ (સલ.) રડી પડ્યા. આંસુ રોકી ન શક્યા.

ઈબ્ને મસઉદનું વર્ણન છે કે :

"અમે રસૂલે ખુદા (સલ.)ને આટલું બધું રડતાં કદી જોયા નથી. જેટલું આપ હઝરત હમઝાની લાશ જોઈને રડ્યા હતા."

(સીરતે હલબીયા ભાગ-૨ પેજ નં. ૨૭૩)

જ્યારે કેટલાક લોકોએ બતાવ્યું કે મલઉન મઆવીયાની મા હિન્દાએ એમનું કલેજું દાંતોથી

ચબાવ્યું હતું તો પૂછ્યું, શું એમાંથી કંઈ ખાધું પણ હતું ? જણાવવામાં આવ્યું કે ફક્ત ચાવ્યું હતું, ગળામાં ઊતારી ન શકી જેથી ઓકી નાખ્યું, આપ (સલ.)એ ફરમાવ્યું :

"અલ્લાહતઆલાને આ પસંદ નથી કે હમઝાના શરીરનો નાનામાં નાનો ભાગ પણ દોઝખમાં નાખે."

(તબકાત ઈબ્ને સઅદ, ભાગ-૩, પેજ નં. ૧૩)

હઝરત હમઝાની શહાદતની ખબર મદીના પહોંચતા એમના બેન સફીયા બેબાકળાં થઈને મેદાને ઓહદમાં આવ્યાં. આપ (સલ.) એમ ઈચ્છતા હતા કે સફીયા હઝરત હમઝાની લાશને ન જુએ. પરંતુ સફીયાએ કહ્યું, "મને રોકવાથી કંઈ ફાયદો નથી. મને ખબર પડી ચૂકી છે કે એમની લાશ સાથે જાલીમોએ

જંગાલીયત જેવો વ્યવહાર કર્યો છે. છેવટે પેગંબર (સલ.)એ હમઝાની લાશ ઉપર પોતાની ચાદર નાખી દીધી. ચાદર નાની હતી, પગ ખુલ્લા રહી ગયા. આપ (સલ.) એ પગો ઉપર ઘાસચારો નાખીને છુપાવી દેવાનો હુકમ કર્યો, પછી સફીયાને લાશ ઉપર જવાની ઈજાઝત આપી દીધી. સફીયાએ જ્યારે લાશ જોઈ તો જીભથી “ઈન્ના લિલ્લાહે વ ઈન્ના એલયહે રાજેઉન” કહ્યું. ખૂબ જ સબ્રથી કામ લેવા છતાં રડી પડ્યાં. ખૂબ જ રડ્યાં. રસૂલેખુદા પણ રડવામાં સફીયા સાથે સામેલ થયા.

આ ગઝવામાં સિત્તેર મુસલમાનો શહીદ થયા હતા. જ્યારે બાવીસ કુફ્ફાર જહન્નમ રસીદ થયા હતા.

જ્યારે શોહદાના દફનનો મસઅલો આવ્યો, આપ (સલ.)એ સૌપ્રથમ હઝરત હમઝાની મય્યત

ઉપર ઘણાં જ ગમગીની સાથે નમાઝે જનાઝા અદા ફરમાવી, પછી બીજા શહીદોની નમાઝો પઢી. દરેક નમાઝમાં હઝરત હમઝાને શરીક કર્યાં, પછી બે બે કરીને બધા જ શહીદોને પોતાના ખૂનથી ભરેલા કપડાંમાં જ દફન કરવામાં આવ્યા.

હઝરત હમઝાની સાથે તેમની સગી બહેનનો દીકરો અબ્દુલ્લાહ ઈબ્ને જહશને પણ દફન કરવામાં આવ્યો. એક રીવાયતમાં આ પણ છે કે આપને એકલા જ દફન કરવામાં આવ્યા.

શોહદાએ ઓહદના કેટલાક શહીદો મદીનામાં કબ્રસ્તાન જન્નતુલ બકીઅમાં પણ દફન છે. જેઓને આપ (સલ.)ના મના કરતાં અગાઉ તેમના વારસદારો ઊઠાવી લાવ્યા હતા, તેમને અહીં દફન કરવામાં આવ્યા.

# પ્રકરણ – ૪૦ : જંગે ઓહદ ઉપર એક દ્રષ્ટિપાત

જંગે ઓહદમાં મુસલમાનોને નામોશીભરી હારનો સામનો કરવો પડ્યો. સિત્તેર બહાદુર યોધ્ધાઓ શહીદ થઈ ગયા. તો સામે પક્ષે ફક્ત બાવીસ જ માણસો મરાયા. આપ (સલ.) ઘણાં જ ઝખ્મી થયા. ચાર દાંત મુબારક શહીદ થયા, હોઠ મુબારક ચિરાયો, પેશાની મુબારક ઉપર ઝખ્મ લાગ્યો. લોખંડની ટોપીની કડીઓ પેશાનીમાં ઘુસી ગઈ.

હઝરત અલી (અલ.) આ જંગમાં જે બહાદુરીપૂર્વક લડ્યા તે ઈતિહાસનો એક અજોડ નમૂનો છે. જ્યારે કે નવ દસ માણસો સિવાય બધાના જ કદમ ઊખડી ગયા હતા. આપ

તનેતન્હા-એકલા જ દુશ્મનોની શફો ઉપર હુમલા ઉપર હુમલા કરતા રહ્યા. પોતાના હાથોની સંપૂર્ણ શક્તિ ખર્ચી નાખીને કાફિરોની આગેકૂચ રોકીને પેગંબરે ઈસ્લામનું રક્ષણ પણ કરતા રહ્યા. જ્યાં સુધી મેદાને કાળઝાળમાં લડાઈ ચાલુ રહી ત્યાં સુધી આપે પોતાની તલવારને મુઠ્ઠીમાંથી છોડી નથી, ન તો એક સેકન્ડ જેટલા સમય માટે આપે તલવારની પકડને કાંડામાંથી ઢીલી કરી, ન તો આપની હિમ્મત અને ઈરાદાઓમાં કોઈ કમી આવી. જોકે આપ વારંવારના તલવારો, ભાલાઓ તથા તીરોના હુમલાઓ ખાઈને અશક્ત-માંદા જેવા થઈ ગયા હતા. પરંતુ આપે પોતાના શરીરની કોઈ પરવા ન કરી. આપ પોતે ફરમાવે છે કે ઓહદના દિવસે હું એટલો નધાલ કોઠે થઈ ગયો હતો કે

અતિશય ભૂખ, ઝખ્મોથી માંદો પડી ગયો હતો. પરંતુ મેં રસૂલને ઝખ્મી જોયા તો હું મારું દુ:ખ સદંતર ભૂલી ગયો.

મહાન સુન્ની આલિમ, તફસીર લખનાર તથા હદીસવેત્તા અલ્લામા જલાલુદ્દીન સિયુતી લખે છે કે ઓહદના દિવસે હઝરત અલી (અલ.)ને તલવારના સોળ ઘા લાગેલા હતા.

(તારીખે ખોલફા પેજ નં. ૧૧૪)

આ લડાઈમાં મુસલમાનોને ફતેહ તો ન મળી, પરંતુ હઝરત અલી (અલ.) હઝરત હમઝા અને બીજા બે ચાર બહાદુર યોધ્ધાઓની જાંનીસારી અને અડગતાથી મુસલમાનો પરાજિતપણાની બદતરીન સુરતથી બચી ગયા. પરાજિતતાની આ સુરત કોઈ અચાનક બનાવના કારણે ઊભી થઈ ન

હતી. બલકે અશિસ્તપણું અને આપસના મતમતાંતરોનું બુરૂં પરિણામ હતી.

મુસલમાનો લડાઈ લડવાના વિષયમાં પ્રથમથી જ બે ગ્રૂપોમાં વહેંચાઈ ગયા હતા.

એક ગ્રૂપ મદીનામાં રહીને લડવા માગતું હતું જ્યારે બીજું ગ્રુપ મદીનાથી બહાર નીકળીને. પેગંબરે ઈસ્લામના મદીનાથી બહાર નીકળવા ઉપર લશ્કરે ઈસ્લામમાંનું મુનાફિક ગ્રૂપ મદીનાથી બહાર નીકળીને પાછું મદીના પરત આવી ગયું. હવે જે લોકો રસૂલે ઈસ્લામની સાથે ચાલ્યા તેમાંના બે કબીલા પણ ડામાડોેળ પરિસ્થિતિમાં હતા. બની સલમા અને બની હારેસા અનસારના બંને કબીલા પણ પાછા ફરવાનો ઈરાદો ધરાવતા હતા. પરંતુ સમજાવટથી માની ગયા. પાછા ન ફર્યા. આ રીતે

પ્રથમથી જ મુસલમાનોમાં અશિસ્તપણું હતું. હઝરત મુસાની કોમ બની ઈસરાઈલ જેટલી અશિસ્ત હતી. એટલી જ આ કોમ પણ અશિસ્ત રહી. સૂરએ બકરહનો અભ્યાસ કરો.

જેહાદમાં જે મજબૂત ઈરાદો અને અડગતા હોવી જોઈએ તે પ્રથમથી જ ન હતી. જેથી પરાજયનો શિકાર થયા. મુસલમાનોના લશ્કરની કમી અને દુશ્મનના લશ્કરનો વધારો હાર થવાનું કારણ નથી. પરંતુ પ્રથમથી જ અમલી કમજોરી હતી. જ્યાં સુધી મુસલમાનોમાં થોડીઘણી ફરઝોની અદાયગીનો એહસાસ બાકી રહ્યો, તેઓ મુજાહિદ રહ્યા, તેઓમાં ઈતાઅતે રસૂલની ભાવના (શિસ્ત) રહી, ત્યાં સુધી સંખ્યામાં ઓછા હોવા છતાં દુશ્મનો એમને હરાવી શક્યા નહિ. બલકે તેઓએ કુફ્ફારને

તેમની બહુમતિ સાથે વધુ શક્તિ હોવા છતાં હરાવ્યા.

આ પરાજયનો મુખ્ય દોષ તે લોકો ઉપર છે, જે લોકોને પેગંબરે ઈસ્લામે પહાડોની વચ્ચે ઘાટી ઉપર મુકર્રર કર્યા હતા. પરંતુ તેઓએ માલે ગનીમતની લાલચમાં પોતાની જગ્યા છોડી દીધી. હજી જંગ પૂરી રીતે જીતાઈ ન હતી. એક હંગામી અધુરી ફતેહને આ લોકો સંપૂર્ણ ફતેહ સમજીને ગનીમત લુંટવામાં લાગી ગયા. આ લોકોએ ન પેગંબરે ઈસ્લામની અનુરોધ સાથેની ચેતવણીને ધ્યાન પર લીધી, ન પોતાના કમાન્ડરનો હુકમ માન્યો. ન પરિણામ ઉપર દષ્ટિપાત કર્યો, માલે દુનિયાની લાલચમાં આવીને દુશ્મનને હુમલો

કરવાનો મોકો આપી દીધો. નહીં તો હારવાની કોઈ પરિસ્થિતિ જ ન હતી.

આ જ દુન્યવી લાલચ, મોહમાયા અને હુકુમત ઉપર કબજો જમાવવાની ખેવનાએ હઝરત અબુબકર અને હઝરત ઉમર જેવી વ્યક્તિઓને હઝરત અલી (અલ.)નો હક મારવા ઉપર મજબૂર કર્યા. હુકુમતની લાલચમાં આ લોકોએ નબીના હુકમની અવગણના એવા સમયે કરી જ્યારે રસૂલ મૌતની બીમારીમાં પથારીવશ હતા. આવા સમયે પડોશી કે પરાયો પણ મય્યતની ઈચ્છા પૂરી કરે છે. રસૂલે ફરમાવ્યું કે “મને કાગળ કલમ આપો, હું એક એવો દસ્તાવેજ લખી આપું કે મારા પછી તમે ગુમરાહ ન થઈ જાઓ.”

હઝરત ઉંમરનો ઉછેર એક બેબાક અસભ્ય સમાજમાં થયો હતો. ખાનદાની ઘડતર જ એવું હતું. તદ્દન ગરીબાઈમાં - ભૂખમરા જેવી પરિસ્થિતિમાં જીવન વિતાવ્યું હતું. જેથી તેમના ઉપર સત્તાનો નશો એવો સવાર થઈ ગયો કે રસૂલ ઉપર સનેપાતનો આક્ષેપ કરી બેઠા, બોલ્યા :

"કોઈ કાગળ-કલમ આપશો નહિ, રસૂલ બીમારીની તપીસમાં બકવાસ કરી રહ્યા છે. અમારા માટે કુર્આન પુરતું છે."

ઉપરોક્ત રીવાયતને ઈમામ ઈસ્માઈલ બુખારીએ પોતાની બુખારીમાં જુદી જુદી રીતે સાત જગ્યાએ નોંધી છે.

પેગંબરે ઈસ્લામની ભવિષ્યવાણી અક્ષરશ: સાચી પડી .થોડાક જ વર્ષોમાં ઉમ્મતમાં હજારો

ઈમામ પેદા થઈ ગયા. દરેક ઈમામના ફતવા જુદા પડવા લાગ્યા. એહલેબયતને છોડીને દીન અને કુર્આનના હુકમો અધૂરા રહી ગયા. બધા જ ઈમામો કુર્આનનું જુદું જુદું અર્થઘટન કરી જુદા જુદા મસઅલા કાઢવા લાગ્યા. ઉમ્મત ગુમરાહ થઈ. રસૂલે કહ્યું હતું-હું દસ્તાવેજી લખાણ કરી આપું, મારા પછી તમે ગુમરાહ ન થાઓ. હઝરત ઉમર મનોમન કહેતા હતા, ઉમ્મતનું જે થવાનું હોય તે થાય પરંતુ મને ખિલાફત મળવી જોઈએ.

# પ્રકરણ – ૪૧ : ઓહદથી વાપસી-પાછા ફરવું

આપ (સલ.) એ ૨૨ શવ્વાલ શનિવારના દિવસે (હીજરી ૩) ઓહદ તરફથી મદીના તરફ પ્રયાણ શરૂ કર્યું. પેગંબર ૧૪ શવ્વાલ જુમ્માના દિવસે મદીનાથી ઓહદ તરફ રવાના થયા હતા.

જ્યારે આપ (સલ.) હઝરત અલી (અલ.) સાથે મદીનામાં દાખલ થયા તો કાફલાના અનસારના મહોલ્લાઓમાં દાખલ થતાં જ સ્ત્રીઓના રડવાનો, નવહા પઢવાનો, તથા માતમની અવાજો સંભળાઈ. પૂછવા ઉપર જણાવવામાં આવ્યું કે ઓહદમાં શહીદ થયેલા સગાંવહાલાઓ ઉપર આ ઓરતો માતમ કરી રહી છે. આ સાંભળીને પેગંબર (સલ.)ની આંખોમાં આંસુ આવી ગયાં.

ફરમાવ્યું "શું હમઝા ઉપર કોઈ રડવાવાળું નથી ?"

અનસારે સાંભળ્યું તો પોતાની ઓરતોને કહ્યું કે, "તેઓ હઝરત હમઝા પર પુરસા માટે જાય અને તેમના માટે નવહા પઢે, માતમ કરે."

તરત જ અનસારની સ્ત્રીઓ હઝરત ફાતેમા (સલા.)ને ઘેર એકત્ર થઈ ગઈ. પોતાના સગાંઓની જેમ જ હઝરત હમઝા ઉપર પણ ગીરયા-બુકા કર્યું. માતમ કર્યું. તે વખતે આપ (સલ.) મિસ્જદે નબવીમાં તશરીફ ફરમાવતા હતા. ઓરતોના ગીરયા-બુકા-રડવાની આવાજો સાંભળી, તેમનો હમદર્દી અને દુ:ખદર્દમાં સામેલ થવાનો જોશ જોઈને તેમના હકમાં આપ (સલ.)એ દોઆ ફરમાવી. મહાન સુન્ની આલીમ તબકાત ઈબ્ને

સઅદના કર્તા પોતાની પ્રખ્યાત કિતાબ "તબકાત"માં લખે કે :

"અનસારની ઓરતોમાં આજ સુધી એવો રીવાજ ચાલ્યો આવે છે કે જ્યારે એમને ત્યાં કોઈ મય્યત થાય છે તો પ્રથમ હઝરત હમઝા ઉપર ગીરયા અને બુકા કરે છે. ત્યાર બાદ પોતાના મૃત્યુ પામેલા સગા-સ્નેહી ઉપર રડે છે." (તબકાત - ભાગ-૨ - પેજ નં. ૪૪)

આ પેગંબરનો અમલ છે. ઈરાદાપૂર્વક આ અમલને એહલેબયતની દુશ્મનીમાં છોડવામાં આવ્યો છે. બધા જ એહલેસુન્નત હદીસવેત્તાઓએ ઉપરોક્ત હદીસ નોંધી છે.

આ લોકોએ જોયું કે એહલેબયતના ચાહકો આ રીતે ગીરયા-બુકા (અવાજથી રડવું-વિલાપ

કરવો) કરીને ઈમામોની ઈમામતને સજીવન રાખશે. ઈમામોના છીનવાઈ ગયેલ હકની માંગણીને પ્રજ્વલિત રાખશે. આ ગીરયા-બુકા દ્વારા જો લોકો સત્ય માર્ગ તરફ વળી ગયા તો બની ઉમય્યા અને બની અબ્બાસની હુકુમતોના પાયા હચમચી જશે. હવે હુકુમત જવાનો ખોફ તો ખાસ રહ્યો નથી. પરંતુ આ હુકુમતની લાલસાએ એક અકીદાનું સ્વરૂપ પકડી લીધું છે. જેથી અકીદાની મજબૂરી છે કે લોકોને ગીરયા-બુકાથી રોકવામાં આવે.

વહાબી આલિમો કહે છે કે “હમ જિન્દા જાવેદ કા માતમ નહીં કરતે” મતલબ શહીદો તો જીવતા છે. એમનું માતમ કેવું ? જ્યારે એમની બધી જ કીતાબોમાં રસૂલનો સ્પષ્ટ હુકમ છે કે હમઝા ઉપર માતમ કરો.

ગઝવએ ઓહદમાંથી પાછા ફરતાં કુફ્ફારના લશ્કરના બે માણસો કેદ પકડાયા. તેઓને કતલ કરવામાં આવ્યા.

તેમાંનો એક અબુ અઝહ જમહી હતો જેણે ભાષણો આપી આપીને કબીલા તહામા અને બની કનાનાને ભ્રમિત કર્યા હતા, ભટકાવ્યા હતા. આ બદમાશ બદરના કેદીઓમાં પણ સામેલ હતો. પેગંબર (સલ.) એ નાદાન અને બચરવાર જાણીને રહમ ખાઈને એને વગર દંડે છોડી દીધો હતો, પરંતુ એનાથી અહદ (પ્રતિજ્ઞા) લીધો હતો કે તે હવે પછી મુસલમાનોના વિરૂદ્ધ કોઈ પ્રવૃત્તિ નહીં કરે. અત્યારે એણે ફરીથી કાલાવાલા અને ખુશામત શરૂ કરી. પરંતુ આપ (સલ.) એ ફરમાવ્યું :

"મોમીન એક સુરાખથી બે વખત ડંખ ખાતો નથી." છેવટે વાયદા ખિલાફી અને પ્રતિજ્ઞા તોડવાના ગુનાસર તેને કતલ કરવામાં આવ્યો.

બીજો બદમાશ મઆવીયા ઈબ્ને મુગીરહ હતો. આ નાપાકે હઝરત હમઝાની લાશને મુસ્લા કરવામાં ભાગ લીધો હતો. આ નાલાયકે જંગ ખતમ થયા પછી રાત મદીનાની આસપાસ પસાર કરી. આ હઝરત ઉસ્માનનો સગો થતો હતો. તેથી સવારમાં લપાતો છુપાતો હઝરત ઉસ્માનના ઘરમાં દાખલ થયો. પૂછવા પર ખબર પડી કે ઉસ્માન ઘરમાં નથી. એણે કહ્યું કે મેં એક ઊંટ એમની પાસેથી ખરીધ્યું છે. તેની કિંમત આપવા આવ્યો છું. જેથી તેઓ જ્યાં પણ હોય ત્યાંથી એમને બોલાવી લાવો. હઝરત ઉસ્માનને શોધીને લાવવામાં આવ્યા.

ઉસ્માને ખુદા-રસૂલના દુશ્મનને પોતાના દરવાજા ઉપર જોયો તો ગભરાયા.

પૂછ્યું "કેમ આવ્યો ?"

કહ્યું "કે આપ મારા નજીકથી સગા છો, મને તમારા ઘરમાં પનાહ આપો."

હઝરત ઉસ્માન તેને મકાનના એક અંધારા ખૂણામાં લઈ ગયા અને છુપાવી દીધો. પોતે ઘેરથી નીકળીને પેગંબર (સલ.) પાસે ચાલી આવ્યા.

અહીં પેગંબરે ઈસ્લામે ફરમાવ્યું "મઆવીયા મદીનાની અંદર જ મોજુદ છે."

સહાબામાંથી કોઈકે કહ્યું કે "હાં, યા રસુલુલ્લાહ અમે એને સવારમાં જ ક્યાંક જોયો હતો."

પેગંબરે ઈસ્લામે ફરમાવ્યું “તેને શોધો, તલાશ કરો.”

કેટલાક લોકોએ કહ્યું “ઉસ્માનના ઘર સિવાય તે ક્યાંય હોઈ શકતો નથી. કારણ કે તેમનો સગો છે.”

ઉસ્માનને પેગંબર (સલ.)ની પાસે છોડીને કેટલાક લોકો હઝરત ઉસ્માનના ઘેર પહોંચ્યા અને મઆવીયાની માંગણી કરી, જો ઘરવાળાઓ આ યુદ્ધકેદીને - દુશ્મનોના માથાભારે સૈનિકને છુપાવાની કોેશીશ કરે તો ગુનો બને, એમના ઘરવાળાઓએ જીભથી તો કંઈપણ કહ્યું નહિ, તે કમરા તરફ ઈશારો કર્યો જ્યાં તે સંતાઈને બેઠો હતો. લોકોએ તેને પકડી લીધો અને પેગંબર (સલ.)ની સેવામાં લાવ્યા.

હઝરત ઉસ્માને જ્યારે જાણ્યું કે પોલ પકડાઈ ગઈ. તો કહ્યું કે યા રસુલુલ્લાહ ! હું વહેલી સવારે એટલા માટે જ હાજર થયો હતો કે આપની પાસે મઆવીયા માટે અમાનની માંગણી કરૂં. આપ તેને માફી આપી છોડી મૂકો.

આપ (સલ.) એ તેને ત્રણ દિવસની અવધિ આપી, ફરમાવ્યું કે આ સમય દરમ્યાન તે મદીનાની હદની બહાર ચાલ્યો જાય નહિ તો કતલ કરી નાખવામાં આવશે.

હઝરત ઉસ્માને તેના માટે સવારી અને અન્ય સામાન સફરનો બંદોબસ્ત કર્યો. જેથી તે આસાની સાથે જ્યાં જવું હોય ત્યાં ચાલી જાય. પરંતુ આ બદબખ્ત ત્રણ દિવસ વીતી જવા છતાં

મદીનાની હદમાં રહ્યો. ચોથા દિવસે આપ (સલ.) એ ફરમાવ્યું :

"મઆવીયા હજી સુધી મદીનાની અંદર જ ધામો નાખી પડ્યો છે. તેને પકડીને કતલ કરી નાખવામાં આવે."

આ હુકમે રસૂલ સાંભળતાં જ ઝયદ ઈબ્ને હારેસા અને અમ્માર યાસીર તરત જ ઊભા થયા અને જમાર મુકામની પાસે તેને પકડ્યો. અમ્મારે તેને તીર માર્યું, અને ઝયદે તલવારનો વાર કરીને તેને ખતમ કર્યો.

એક રીવાયતના અનુસાર હઝરત અલી (અલ.)એ તેને કતલ કર્યો.

ઈતિહાસકાર બેલાઝરીનું વર્ણન છે કે :

"હઝરત અલી (અલ.) એ મઆવીયા ઈબ્ને મુગીરહને કતલ કર્યો." (ઈનસાબુલ અશરફ ભાગ-૧ પેજ નં. ૩૩૮)

કેટલાક ઈતિહાસકારોએ લખ્યું છે કે મઆવીયા મદીનાથી નીકળી ચૂક્યો હતો. પરંતુ રસ્તો ભૂલી ગયો અને ફરીથી મદીનામાં દાખલ થઈ ગયો. તેનો ખ્યાલ હતો કે હઝરત ઉસ્માન ફરીથી સિફારીશ કરીને છોડાવી દેશે. જેથી તે ઉસ્માનના ઘરમાં જ છુપાઈ ગયો. પરંતુ મુસલમાનોએ તેને ફરીથી પકડીને ઉસ્માન ભલામણ કરે તે અગાઉ જ કતલ કરી દીધો.

ઈતિહાસકારોની આ વાત થોડી હાસ્યાસ્પદ છે. બુદ્ધિમાં આવતી નથી. એમ લાગે છે કે આ ઈતિહાસકારોને મુગીરહને બિચારો સાબિત કરવો છે. રસ્તો ભૂલી ગયો અને બીજી વખત મદીના પહોંચી

ગયો. મદીનામાં ક્યાં રણનું મેદાન હતું કે રસ્તો ભૂલી જવાય. ત્યાં કોઈ ભૂલભૂલામણીઓ પણ ન હતી. જ્યાં ભટકતો ભટકતો ફરીથી મદીનામાં જ ઘુસી જાય, જ્યાંથી બહાર નીકળ્યો હતો.

ખરેખર તો મુગીરહનો ઈરાદો મદીનામાં અથવા તો તેની બિલકુલ નજીક જ રહેવાનો હતો. જેથી મુસલમાનોની લડાયક કાર્યવાહી, વ્યવસ્થા વગેરે ઉપર વૉચ રાખે અને કુરેશને આ ખબરો પહોંચાડે. મતલબ મુગીરહ કુરૈશનો જાસુસ હતો.

છતાંય વિચારો કે હઝરત ઉસ્માનના ઘરમાં એણે બે બે વખત આશરો લીધો, ઉસ્માને એને અમાન અપાવી, એની શોધ ચાલતી હતી-ઉસ્માન રસૂલની પાસે બેઠા હતા છતાં એમ ન કહ્યું કે તે મારા ઘેર છે. વગેરે ઘણીબધી માહિતીઓ વિચાર માગી લે છે.

# પ્રકરણ – ૪૨ : હિજરી સન 3 ના છૂટા છવાયા બનાવો ગઝવએ હમરા અલ અસદ

અબુ સુફયાન ઓહદની બહાર નીકળીને લગભગ અગિયાર-બાર કિલોમીટર દૂર રોકાયો. અહીં આવી એને ખ્યાલ આવ્યો કે ઓહદમાં અમને કોઈ ખાસ કામ્યાબી મળી નથી. આ સિવાય કે જંગની શરૂઆતમાં મુસલમાનો કામ્યાબ રહ્યા. પછી જંગના અંતમાં ન આપણે મદીનાને બરબાદ કરી શક્યા, ન મુસલમાનોનો બરાબર સફાયો થઈ શક્યો. જેથી તે મદીના ઉપર બીજી વખત હુમલો કરવાની ફિરાકમાં પડ્યો. ઓહદમાંથી મુસલમાનોની રવાનગી પહેલાં કબીલા ખુઝાઆનો સરદાર સઈદ ખુઝાઈ મુસલમાનો સાથે પ્રશ્વાતાપનો ઈઝહાર કરી પાછો પોતાના કબીલામાં જઈ રહ્યો હતો. આ

કબીલો હજી મુસલમાન તો થયો ન હતો. પરંતુ મુસલમાનો સાથે સારો વર્તાવ કરી દોસ્તી રાખતો હતો.

સઈદ પોતાના કબીલા તરફ પાછા ફરતાં રોહા નામના સ્થળે અબુ સુફયાનને મળ્યો. સઈદે અબુસુફયાનને બરાબર ડરાવ્યો. મુસલમાનોની બહુ ભારે તૈયારી છે. એમ કહ્યું. બીજી તરફ ઓહદમાંથી પેગંબરે ઈસ્લામ મદીના તશરીફ લાવ્યા. એટલામાં ખબર મળી કે કાફિરો મદીના ઉપર હુમલો કરવા ઇચ્છે છે. જેથી મદીના આવીને બીજા જ દિવસે પેગંબરે ઈસ્લામે પોતાના કમજોર શરીર ઉપર હથિયારો સજી દીધાં. પોતાનો અલમ હઝરત અલી (અલ.)ના હવાલે કર્યા. ઘણાં થોડા અસહાબને પોતાની સાથે લીધા. હમરાતુલ અસદ તરફ રવાના

થયા. ઈબ્ને મકતુમને મદીનામાં પોતાની જગ્યાએ મૂક્યા. મુકામ હમરાતુલ અસદ પહોંચી ગયા. ત્યાં ત્રણ દિવસ રોકાયા. અબુસુફયાન મુકામે દોહામાં રોકાયેલો હતો. જ્યારે તેને ખબર પહોંચી કે મુસલમાનોની સંખ્યા ઘણી વધારે છે. તો તે ત્યાંથી ભાગી ગયો. હઝરત રસૂલે ખુદા ત્યાંથી પરત મદીના આવ્યા. અબુ અઝહ શાયર અને મઆવીયા બિન મુગીરહ જેઓ અબુસુફયાનના પરત થયા પછી પાછળ રહી ગયા હતા, કેદ પકડાઈ ગયા. રસુલના હુકમથી તેમને કતલ કરવામાં આવ્યા. તેથી અગાઉ અબુઅઝાએ જે બદરના કેદીઓમાં પણ હતો. આ પ્રતિજ્ઞા ઉપર મુસલમાનોથી છૂટકારો મેળવ્યો હતો કે હવે પછીની કોઈપણ લડાઈમાં મુસલમાનોના મુકાબલા માટે નહીં આવે. તેની

કતલ આ અહદ તોડવાના કારણે થઈ. જ્યારે મઆવીયા બિન મુગીરહએ ઓહદમાં હઝરત હમઝાની લાશને પાયમાલ કરી હતી. કતલ પછી તેના અવયવો છૂંદી નાખ્યા હતા. આ ગુનાની સજામાં કતલ કરવામાં આવ્યો નહીં તો કેદીઓને વગર કારણ કતલ કરવાનો રિવાજ નથી. (તારીખે કામિલ ઈબ્ને ખલદુન)

**ઈમામ હસન (અલ.)ની વિલાદત**

આજ વરસે ૧૫ રમઝાનુલ મુબારક હિજરી સન ૩માં ઈમામ હસન (અલ.)નો જન્મ થયો.

**રસુલે ખુદાના હફસા બિન્તે ઉમરથી નિકાહ**

આ જ વરસે આપ (સલ.)એ હફસા બિન્તે ઉમરથી નિકાહ ફરમાવ્યા. તેમના પતિ જંગે બદરમાં માર્યા ગયા હતા.

## હિજરી સન ૩ ની જુદી જુદી ઘટનાઓ

(૧) રસુલુલ્લાહ (સલ.)ના પ્યારી બીબી ખદીજાની બહેનની બે યતીમ દીકરીઓ જેમના મા-બાપ બંને મૃત્યુ પામ્યાં હતાં. તેમનું પાલનપોષણ રસુલુલ્લાહ (સલ.)ના ઘરમાં જ થયું હતું. તેથી અરબોની બોલચાલની ભાષામાં તે બંનેને રસૂલુલ્લાહની બેટીઓ કહેવામાં આવતી. જેને અરબીમાં "રબીબહ" કહેવાય છે. આવી એક રબીબહ ઉમ્મે કુલશુમની શાદી હઝરત ઉસ્માનની સાથે થઈ. આ રબીબાહનો ઈન્તેકાલ ૯ હિજરીમાં થયો.

(૨) માહે શાબાનમાં રસુલુલ્લાહએ હફસા બિન્તે ઉમરની સાથે નિકાહ કર્યા. અગાઉ હફસાના નિકાહ જૈશ બિન હુઝેફા સહમીની સાથે થયા હતા. જેઓ

બદરમાં હઝરતની સાથે હતા. તેમનો ઈન્તિકાલ મદીનામાં થયો.

(૩) એક રાઝની (ભેદની) વાત ઓકી દેવાને કારણે વળી મારીયા કિબ્તીયા રઝીયલ્લાહો તઆલા અન્હા સાથે રસુલુલ્લાહની હાજરીમાં ઝઘડો કરવાના કારણે રસુલ્લાહે હફસાને એક તલાક આપી હતી. પરંતુ હઝરત ઉમર માથા ઉપર ધૂળ નાખતા નાખતા રોક્કળ કરતા આવ્યા અને ખૂબ જ આજીજી કરતાં રસુલુલ્લાહ (સલ.) એ રૂજુઅ કર્યું. નિકાહમાં ચાલુ રાખ્યાં. બીજી તલાકો ન આપી. હફસાનું મૃત્યુ શાબાન માસમાં હિજરીસન ૪૫ માં થયું, ત્યારે તેઓ ૬૦ વરસનાં હતાં.

(તારીખે ખમીસ)

(૪) માહે રમઝાન હિજરી સન - ૩માં આપ (સલ.)એ ઉમ્મુલ મસાકીન ઝયનબ બિન્તે ખુઝયમાંથી નિકાહ કર્યા. નિકાહના બે ત્રણ માસમાં જ ઈન્તિકાલ થઈ ગયો. બકીઅમાં દફન થયાં.

(તારીખે ખમીસ)

(૫) ૧૫ માહે રમઝાનુલ મુબારક ઈમામ હસન (અલ.)ની વિલાદત થઈ. સાતમાં દિવસે આપ (સલ.)એ તેમનું માથું મુડાવીને અકીકો કર્યા. વાળના વજન પ્રમાણે ચાંદી સદકો કરી. સાતમા દિવસે નામ રાખ્યું. તારીખે ખમીસના કર્તા લખે છે કે હસન અને હુસૈન ખુદાએ રાખેલા નામ છે.

## હિજરી સન ૪ ની મુખ્ય ઘટનાઓ

૦ સરય્યા અબુ સલમા

૦ સરય્યા અબ્દુલ્લાહ બિન અનિસ

0 કિસ્સા રજીઅ

0 ખબીબ (રઝિ.)ની શહાદત અને સૂળી ઉપર ખબીબના મરસીયા

0 જનાબ ખબીબ (રઝિ.)ની દુઆ

0 જનાબ ઝૈદ બિન દસીના (રઝિ.)ની શહાદત

0 આમીર બિન તુલૈફનું મુબલ્લેગીને ઈસ્લામને કતલ કરવું.

0 ગઝવએ બની નઝીર

0 રસુલુલ્લાહ (સલ.)ને કતલ કરવાનું ષડયંત્ર

0 બની નઝીરને ઘેરાવ

0 અનસારે મદીનાની કુરબાનીઓ અને પેગબંરે ઈસ્લામની એમના હકમાં દુઆ.

0 જનાબે ફાતેમા બિન્તે અસદ રઝિયલ્લાહો તઆલા અન્હાની રેહલત (ઈન્તેકાલ) જનાબે

અબુતાલિબ (અલ.)ના અહલીયા મોહતરમા અને પેગંબરના ચાચી. આપ તેમને મા જ કહેતા હતા.

0 યહુદ અને નસારાઓની સાથે દોસ્તી કરવાની મનાઈ

0 ગઝવએ ઝાતુર્રેકાઅ

# પ્રકરણ – ૪૩ : હિજરી સન ૪ ના ગઝવાત અને સરય્યાત

## (૧) સરય્યા અબુ સલમા : મોહર્રમ ૪ હિજરી

આ વાત બિલકુલ છુપી નથી કે સંપૂર્ણ અરબસ્તાન ઈસ્લામનું દુશ્મન અને મુસલમાનોથી વિરૂદ્ધ હતું. તમે વિચારો કે ઈસ્લામનો કુસુર શું છે ? દોષ શું છે ? ગુનો શું છે ? ઈસ્લામનો કુસુર જ ફક્ત અને ફક્ત આ છે કે તે મૂર્તિપુજાનો નિષેધ કરે છે. મુર્તિપૂજાને ધિક્કારે છે. જ્યારે વિશ્વના બધા જ ધર્મા કોઈને કોઈ રીતે મૂર્તિપૂજાને વરેલા છે. મુસલમાનોનો ગુનોહ આ છે કે તેઓ અલ્લાહ વાહિદની પુજા કરે છે. ખાલિસ તવહીદની તબ્લીગ કરે છે. પાછલા સમયમાં અરબો બુતપરસ્ત હતા. પોતાની આ જહાલતને છોડવા તૈયાર ન હતા.

ઈસ્લામની તબ્લીગ તેઓના આ જાહીલાના અકીદાની તદ્દન વિરૂધ્ધ હતી. તેથી તમામ અરબો પેગંબરે ઈસ્લામની ચળવળના કટ્ટર દુશ્મન બની ગયા.

હિજરી સન ૪ માં તલહા અને ખુવૈલીદ બંને દુશ્મનો મદીના ઉપર હુમલો લઈને નીકળ્યા. આ ખબર મદીના આવતાં આપ (સલ.)એ ૧૫૦ મુસલમાનોને અબુ સલમાની સરદારીમાં મુકાબલો કરવા માટે રવાના કર્યા. પરંતુ મુસલમાનોના આવવાની ખબર સાંભળતાં જ તલહા અને ખુવૈલીદ હિંમત હારીને વેરવિખેર થઈ ગયા. જ્યારે મુસલમાનો ત્યાં પહોંચ્યા તો તે જગ્યાએ કોઈ જ ન હતું.

અબુ સલમા મક્કામાં આપ (સલ.)ના દારેઅરકમના જતાં અગાઉ મુસલમાન થઈ ગયા હતા. તેઓ પોતાની પત્ની ઉમ્મે સલમાની સાથે મોહાજેરીને હબશામાં સામેલ હતા. હિજરી ૪ ની શરૂઆતમાં જ આપની વફાત થઈ.

**(૨) સરય્યા અબ્દુલ્લાહ બિન અનીસ**

અરફાતમાં સુફયાન બિન ખાલીદ હઝલી મુસલમાનોનો મોટો દુશ્મન હતો. કેટલાય મુસલમાનોને છુટાછવાયા શહીદ કરી ચૂક્યો હતો. આ બદમાશ મદીના ઉપર હુમલો કરવાની તૈયારી કરતો હતો. રસૂલે ખુદા (સલ.)એ અબ્દુલ્લાહ બિન અનીસ (રઝિ.)ને તેના મુકાબલા માટે મોકલ્યા. તેમણે કોઈ યુક્તિ કરીને તેનું માથું ઉતારી લીધું. પછી આપ (સલ.)ના કદમોમાં મૂકી દીધું.

**કિસ્સા રજીઅ** : કબીલા અકીક અને કારતના કેટલાક લોકો આપ (સલ.)ની સેવામાં આવ્યા. વિનંતી કરી કે અમારા કબીલાઓને તબ્લીગ માટે કેટલાક મુબલ્લીગોને મોકલવામાં આવે. જેથી તેઓ અરકાને ઈસ્લામ અને અહકામાતે કુર્આનની તાલીમ આપે. આપ (સલ.)એ આસિમ બન સાબિત (રઝિ.)ની સરદારીમાં દસ અસહાબની એક જમાઅત રવાના કરી. જેમાં હબીબ બિન અદી (રઝિ.) ઝયદ બિન દસ્તા (રઝિ.) અબ્દુલ્લાહ બિન તારીક (રઝિ.) ખાલિદ બિન બિકર (રઝિ.) અબ્દુલ્લાહ બિન તારીક (રઝિ.) વગેરે લોકો સામેલ હતા. આ કાફલો પોતાની મેઝબાન જમાત સાથે (બોલાવી જનારાઓની સાથે) રવાના થયા. ગરમીના કારણે રાતે ચાલતા અને દિવસે રોકાઈ

જતા. મુસલમાનો દરેક સમયે હથિયાર સજીને તૈયાર રહેતા હતા. કારણ કે હુઝુર (સલ.)એ આ બાબત તાકીદ કરી હતી. આ દરમ્યાન મેઝબાન જમાતને (બોલાવી જનારાઓને) આ રીતે રહેવાથી વાંકુ પડ્યું, ન ગમ્યું. મુસલમાનોએ તેમને સમજાવ્યું કે આ રીત સ્વયં જાત માટે અમે ઈખ્તિયાર કરેલી છે. વળી આ હુકમ રસુલુલ્લાહ (સલ.) તરફથી છે. જેથી તેને છોડી શકાશે નહિ.

જ્યારે આ કાફલો રજીઅ મુકામે પહોંચ્યો તો કબીલા બની હયાનના બસો તિરંદાજોને આ મેઝબાન જમાતે મુસલમાનોને કતલ કરી નાખવા માટે બોલાવી દીધા હતા. ખાલીદ બિન બિકરે આસિમ બિન સાબિત (સરદારને) કહ્યું : આ લોકોએ આપણી સાથે દગો કર્યો છે. પરંતુ હવે શું થાય ?

દુશ્મનો માથા ઉપર બેઠા છે. સોચી વિચારી આ જમાત મુકાબલા માટે તૈયાર થઈ ગઈ. આટલીવારમાં દુશ્મનોની ટોળી પણ આવી ગઈ. મુસલમાનોએ વાતચીત દરમ્યાન તેઓને કહ્યું : જો તમે અમારી ઉપર હુમલો કરશો તો રક્ષણાત્મક જંગ કરીશું. અમે અલ્લાહના રસ્તામાં અમારી જાનની પરવા નથી કરતા.

આ સાંભળતાં જ દુશ્મનોએ મુસલમાનો ઉપર હુમલો કરી દીધો. મુસલમાનોએ પણ તીરોથી જવાબ આપ્યો. તલવારોનો પણ ઉપયોગ થયો. ખબીબ બિન અદી અને ઝૈદ બિન હસના સિવાયના બધા જ શહીદ થઈ ગયા. આ બંને પહાડ પર ચઢી ગયા હતા. આ બંનેએ મુશરેકીનની અમાનની શરત કબૂલ કરી લીધી. દુશ્મનોએ આ લોકો પાસેથી

પ્રતિજ્ઞા લેવડાવી છતાંય આ કાફિરોએ તેમની સાથે પણ દગો કરી અહદના ખિલાફ કર્યું. આ બંનેને ગિરફતાર કરીને મક્કા લાવ્યા. સોલાફા નામની સ્ત્રીએ જંગેબદરના પોતાના કતલ થયેલા સગાંઓના બદલામાં ઈનામ બહાર પાડેલું કે આસિમનું માથું લાવનારને ઈનામ મળશે. દુશ્મનોએ આસિમનું માથું કલમ કરવા ઈચ્છ્યું. પરંતુ તેમની લાશ ઉપર શહદની માખીઓ (મધમાખીઓ) એટલા મોટા પ્રમાણમાં વીંટળાઈ ગઈ કે આ લોકોમાંથી કોઈની પણ લાશની પાસે જવાની હિંમત ન થઈ. ત્યાર પછી એક પહાડ પરથી પાણીનું ઝરણું એટલું જોરથી છૂટ્યું કે આસિમની લાશ તે સ્થળેથી વહી ગઈ. પછી આ

લાશ કોઈને પણ મળી નહીં. અલ્લાહે આ રીતે ઝિલ્લતથી બચાવી લીધી.

ખબીબ (રઝિ.) અને ઝૈદ (રઝિ.)ને મક્કા લાવવામાં આવ્યા. બંનેને વેચી નાખવામાં આવ્યા. કારણ કે ખબીબ (રઝિ.)એ જંગે ઓહદમાં હારિસ બિન આમીરને કતલ કર્યા હતો તેના છોકરાઓએ ખબીબને ખરીદી લીધા. આ બંનેને ગુલામ બનાવી દીધા. હવે આ લોકોએ આ મઝલુમો ઉપર કેટલો ઝુલમ કર્યા હશે ?

ખબીબ (રઝિ.)ની દુ:ખદાયક મોત સુલી ઉપર ખબીબ (રઝિ.)ના મરસીયા

હારિસ બિન આમીરના છોકરાઓએ ખબીબ (રઝિ.)ને તિગમ નામના એક સ્થળે કેદ કરી દીધા. થોડા દિવસ પછી એક મોટું માણસોનું ટોળું ખબીબ

(રઝિ.)નો ફાંસીનો તમાશો જોવા એકત્ર થઈ ગયું. શુળી તો પ્રથમથી જ તૈયાર કરી લીધી હતી. ખબીબ ગરીબને ખેંચી ખેંચીને શુળી પાસે લાવવામાં આવ્યા. ત્યાં આપે ઘણી જ શાંતિથી કહ્યું : મને બે રકઅત નમાઝ પઢવાની ઈજાઝત આપો. જ્યારે નમાઝ પૂરી થઈ તો મરવા માટે તૈયાર થઈ ગયા. શૂળી પર ચઢી ગયા. શૂળી પર ચઢતી વખતે ખબીબ (રઝિ.)ના મોં ઉપર આ અશઆર હતા. આ અશઆર દ્વારા ખબીબ ઉપર થયેલા ઝૂલ્મનો અંદાજો લગાવી શકાય છે.

જ્યારે હું ઈસ્લામના માટે કતલ કરવામાં આવી રહ્યો છું. મને આ વાતની પરવા નથી કે કેવી રીતે કતલ થઈ રહ્યો છું. ટોળેટોળાં લોકો મારી આસપાસ એકત્ર થઈ ગયાં છે. અને આ લોકોએ

મોટી મોટી જમાતોને બોલાવી છે. બધા જ મારા દુશ્મનો છે. અદાવતને જાહેર કરનારા છે. હું તે હલાકતગાહમાં બાંધેલો છું. બધા કબીલાવાળાઓએ પોતાની સ્ત્રીઓ અને બાળકોને પણ બોલાવી લીધાં છે. મને એક લાંબી અને મુજબુત લાકડી પર બાંધેલો છે. આ લોકોએ મને કહી દીધું છે કે કૂફ્ર ઈખ્તિયાર કરવાથી આઝાદી મળી શકે છે. એના કરતાં તો મોત મારા માટે આસાન છે. મારી આંખોમાં આંસુ જારી છે. પરંતુ હું બેસબર નથી. હું દુશ્મન પાસે ન આજીજી કરીશ, ન ચીસો પાડીશ, એટલા માટે કે હું ઇચ્છું છું કે ખુદાના તરફ જઈ રહ્યો છું. મોતથી મને ડર એટલા માટે નથી કે મૃત્યુ પામીશ. હું તો લપેટાઈ જનારી આગથી ડરૂં છું. (કુફ્ર કરવાથી) આ અર્શના માલીકે થોડીક ખિદમત

લેવાનું મારાથી ઇચ્છ્યું અને મને સબર કરવાનું ફરમાવ્યું છે.

આ લોકોએ ઝુલમ કરીને મારા બધા જ ગોશ્તને કાપી નાખ્યો છે. મારી બધી ઉમ્મીદો ખતમ થઈ ગઈ છે. હું મારી બેકસીની ફરિયાદ ખુદાથી કરૂં છું.

જનાબ ખબીબ રઝિયલ્લાહો તઆલા અન્હોની દુઆ

ઉપરોક્ત અશઆર પઢી રહ્યા પછી જનાબ ખબીબે બારગાહે ખુદાવંદીમાં દુઆ કરી :

અય મારા પાલનહાર ! અમે તારા રસૂલની રિસાલત અદા ફરમાવી. તું તારા રસુલને મારી હાલતથી વાકેફ કરી દે. દુઆ પછી આ બહાદુર પુરૂષ શૂળી ઉપર ઊભા રહ્યા. ચાલીસ યુવાનો

ભાલાઓથી આપના બદનને છિણતા હતા. શરીર જરા આમ તેમ થતું હતું પરંતુ હોશ સુધી આપ પોતાને કાબા તરફ ફેરવતા હતા. ખબીબનો દુઆનો એટલો ડર-ખોફ આપને જોનારાઓમાં હતો કે હકીમ બિન ખરામ કહે છે કે આપની દુઆથી હું એટલો ભય પામી ગયો કે ભાગીને ઝાડ ઉપર ચઢી ગયો. અબુ સુફયાન ત્યાં હાજર હતો, તેણે મઆવીયાને ઊંધો સૂવડાવી દીધો જેથી દુઆની અસર ન થાય. અબુસુફયાન ખૂબ જ ખોફજહદ થઈ ગયો હતો. આ દરમિયાન એક ઝાલીમે એવો ભાલો માર્યો કે તે આપની પીઠમાંથી બહાર આવી ગયો. આપ ઈકરારે તવહીદ રિસાલત અને ઈમામત સાથે શહીદ થઈ ગયા.

હઝરત ઉમરની ખિલાફતના સમયમાં હમ્સ ઈલાકાનો સૂબો સઈદ બિન આમીર કદી કદી બેહોશ થઈ જતો હતો. એક વખત હઝરત ઉમરે તેને પૂછ્યું, શું તમને જુનુન કે બેહોશીની બીમારી છે ? તેણે જણાવ્યું કે મને ન જુનુન છે. ન બેહોશીની બીમારી, કશું જ નથી. વાત આ છે કે ખબીબની કતલ વખતે હું ત્યાં હાજર હતો. એવો ખોફનાક મંઝર હતો કે દૃશ્ય મારી સામે આવી જાય છે. ખબીબની દુઆ સામે આવી જાય છે. જ્યારે હું આ ખોફનાક દૃશ્યને યાદ કરું છું ત્યારે બેહોશ થઈ જાઉં છું.

(રોઝતુલ અહબાબ અને રહમતુલીલ આલમીન પેજ નં. ૧૧૩, ૧૧૪,)

## ઝૈદ બિન દશનાની કતલ :

ઝૈદ બિન દશના રઝિયલ્લાહો તઆલા અન્હોની કતલને પણ આ લોકોએ તમાશો બનાવ્યો

હતો. તેમાં અબુસૂફયાન પણ હાજર હતો. જ્યારે ઝૈદને તલવારો ઉપર બેસાડવામાં આવ્યા તો પુછવામાં આવ્યું : બોલો ઝૈદ આજે તમારી જગ્યાએ "મોહંમદ" હોત તો તમને કેટલી ખુશી થાત ? આપે ફરમાવ્યું : રબ્બે કાબાની કસમ ! હું મારા જીવની લગીરે પરવાહ નથી કરતો, મારા ૧૦૦ જીવ આ રીતે અલ્લાહના રસ્તામાં કપાઈ જાય, પરંતુ મારા રસુલના પગમાં કાંટો પણ ચુભે તે મને પસંદ નથી. આપને ઝલીલ કરવા માટે કુરેશે આપની ગરદન ન કાપી. પરંતુ સફવાન બિન ઉમય્યાએ પોતાના ગુલામ ફરાતાસને હુકમ દીધો. તેણે જનાબ ઝૈદ દશનાનું સર કલમ કર્યું.

આવી તો સેંકડોની સંખ્યામાં નિર્દોષ મુસલમાનોની શહાદતોથી ઈતિહાસ ભરેલો છે.

## પ્રકરણ – ૪૪ : બીરે મઉનાનો કિસ્સો આમીર બિન તુફૈલનું ઈસ્લામના મુબલ્લીગોને કતલ કરવું

નજદના ત્રણ કબીલાના માણસો મુસલમાનો વિરૂદ્ધ મશ્વિરો કરવા એકત્ર થયા. કબીલા ઉસ્સીયા, રઅલ અને ઝકવાન સાથે કબીલએ કલાબ જે ઘણો જ મોટો કબીલો હતો. તેનો અગ્રેસર અબુ બરાઅ કલાબી પણ જોડાયો. ઉસ્સીયા, રઅલ અને ઝકવાન ત્રણે કબીલા કબીલએ કલાબની હાથ નીચે ગણાતા. પ્રભૂત્વ કલાબનું હતું. બદર અને ઓહદમાં પછડાયેલા આ મુશરીકો હવે દગાફટકાથી મુસલમાનોને જેર કરવા ઇચ્છતા હતા. મક્કારીભરી ચાલ ચાલવા માંગતા હતા.

અબુ બરાઅ કલાબી જે કબીલએ કલાબનો માલેતુજાર અને આગેવાન હતો તે પેગંબરે ઈસ્લામની સેવામાં હાજર થયો. વિનંતી કરી કે મારી કોમ ઈસ્લામ સ્વીકારવા માટે તૈયાર છે. થોડાક મુબલ્લીગાને ઈસ્લામ અમારા કબીલામાં મોકલી આપો જેથી તેઓ લોકોને ઈસ્લામની તાલીમ આપે.

રસુલુલ્લાહ (સલ.) એ ફરમાવ્યું : મને નજદના તમામ કબીલાઓથી મુસલમાનો માટે ખતરો લાગે છે. કારણ કે આ કબીલાઓના સરદારે કેટલીક શરતો સાથે ઈસ્લામ કબૂલ કરવાનું કહ્યું હતું. જેમાં એક શરત આ હતી કે આબાદ વસ્તીઓ ઉપર મારો હંમેશા માલીકાના હક રહેશે. પેગંબરે એલચીને પાછો કર્યો. પરંતુ આ માલદાર અબુ

બરાએ ખૂબ ખૂબ કાકલૂદી કરતાં પેગંબરે ઈસ્લામે અસહાબે સુફ્ફાની એક જમાતને તેની સાથે ઈસ્લામની તબ્લીગ માટે રવાના કરી. જ્યારે આ મુબલ્લીગો તેમના કબીલાઓ સુધી રેતીના રણ પ્રદેશમાં ઘણે દૂર નીકળી ચૂક્યા ત્યારે આમીર બિન તુફેલ અને તેના હાથ નીચેના કબીલાઓ ઉસ્સીયા, રઅલ અને ઝકવાન મળી બધાએ એક સાથે આ ગરીબ લોકો ઉપર આક્રમણ કરી દીધું. સિવાય ઉમર બિન ઉમય્યાના છુટકારાનો સબબ બન્યો કે આ દગોફટકો રમનાર સરદાર આમીર બિન તુફૈલની માએ એક ગુલામ આઝાદ કરવાની મન્નત માની હતી. વળી પોતે ગુલામ છે એમ બતાવવા તે સમયની નિશાનીરૂપે આમીરે પોતાના માથાના આગળના વાળ કાપી નાખ્યા હતા. ગુલામ સમજી

મન્નતના અમલરૂપે તેને આઝાદ કરી દીધો. ઉમર બિન ઉમય્યા ત્યાંથી ઘણી મુશ્કેલીઓ પાર કરતો મદીના આવ્યો. આવીને બધો જ કિસ્સો પેગંબરે ઈસ્લામને સંભળાવ્યો. આપ (સલ.)ને ખૂબ જ આઘાત લાગ્યો. આપ (સલ.) એક મહિના સુધી લગાતાર આ કબીલાઓ માટે બદદુઆ કરતા રહ્યા.

(ઉસવતુર્રસુલ ભાગ-૨, પેજ નં. ૫૧૧)

## ગઝવએ બની નઝીર

ઉપરોક્ત ઉમર બિન ઉમય્યા ઝમીરીએ મક્કાથી મદીના આવતાં રસ્તામાં બે વ્યક્તિઓ ઉપર ઓચિંતો હુમલો કરી મારી નાખ્યા. ઉમરની માન્યતા પ્રમાણે તેઓ બની આમીર કલાબ કબીલાના છે. જેમણે મુસલમાનોની આખી જમાતને દગા ફટકાથી મારી નાખી છે. પરંતુ ખરેખર તેઓ

બની આમીર તુફૈલના કબીલાના ન હતા. પાછળથી આ હકીકત માલૂમ પડી. આ લોકો તો કોઈ બીજા જ કબીલાના હતા. આ ભૂલથી પણ પેગંબરે ઈસ્લામને ઘણો જ આઘાત લાગ્યો. પરંતુ ખરેખર આ ભૂલભાલમાં જ બન્યું હતું. તેથી આપ (સલ.) એ મરનાર બંને વ્યક્તિઓના વારસોને દિયતની રકમ પોતાની પાસેથી ચૂકવી દીધી. જે ખૂનના બદલામાં ચૂકવવામાં આવતી હતી.

(ઝરકાની ભાગ-૨ પેજ નં. ૮૦, તારીખે તબરી પેજ નં. ૧૪૪૧)

## પેગંબરે ઈસ્લામને કતલ કરવાનું ષડયંત્ર

યહુદી હઝરત રસૂલે ખુદાના હલીફ હતા. એમની સાથે અમન-અમાન અને એકબીજાની મદદ કરવાના કરાર થયા હતા. હલીફ કબીલો એટલે

એવો કબીલો જેમની સાથે સુલેહ શાંતિથી જીવવાના કરાર થયા હોય તે. યહુદીઓનો કબીલો બની નજીર જે ઘણો જ માલદાર હતો, અને તેમનો મજબૂત કિલ્લો મદીનાથી પાંચ કિલોમીટર જેટલો દૂર હતો. આ યહુદીઓએ પેગંબરે ઈસ્લામને મારી નાખવાનું કાવતરું ઘડ્યું. આ લોકોએ રસુલુલ્લાહ (સલ.)ને બોલાવ્યા, કે અમારી મુલાકાત કરી જાઓ. પેગંબરે ઈસ્લામ દીનની દઅવત આપવાનો કોઈ પણ મોકો ચૂકવા માગતા ન હતા. તેઓની મુલાકાતની માંગણી કબૂલ કરી.

આપ (સલ.) હઝરત અલી (અલ.) હઝરત અબુબકર, હઝરત ઉમર, હઝરત ઉસ્માન અને સઅદ બિન મઆઝ, સઅદ બિન અબાદહ વગેરે અસહાબને સાથે લઈ કિલ્લા તરફ ચાલ્યા. આપ

નજીક પહોંચ્યા તો ખબર પડી કે આ લોકોએ આપ (સલ.)ના કતલની તરકીબ બનાવી છે. આ પ્રકારે કે જ્યારે આપ (સલ.) કિલ્લા નીચે ખાવા બેસે ત્યારે કિલ્લાની ઉપરથી ચક્કીનો પથ્થર ગબડાવવો. જે આપ (સલ.)ના સરમુબારક ઉપર પડે.

આપ (સલ.)ને આ ષડયંત્રની જાણ થતાં તેઓને કશી પણ ખબર આપ્યા વગર ત્યાંથી પરત થયા. અસહાબ પણ રસુલુલ્લાહની પાછળ પાછળ પરત આવ્યા. પેગંબરે ઈસ્લામને બની નઝરની આ બદમાશીઓ ઉપર ઘણો જ ગુસ્સો આવ્યો. જેથી આપે એમની સજા હદ પાર નક્કી કરી. આ લોકોને મદીનાથી દૂર ગમે ત્યાં ચાલી જવાનો હુકમ જારી કર્યો. મોહંમદ બિન મુસ્લિમા દ્વારા હુકમ મોકલાવ્યો કે દસ દિવસમાં ચાલ્યા જાઓ નહીં કતલ કરી

નાખવામાં આવશે. તેઓ તો ચાલી જવાની ઈચ્છા ધરાવતા હતા. ચાલી જ જવાના હતા. પરંતુ મુનાફિકોના સરદાર અબ્દુલ્લાહ બિન ઉબયે તેમને છુપી રીતે મદદ કરવાનો વાયદો કર્યો. પરંતુ તે મદદ પહોંચાડી શક્યો નહિ.

## બની નઝીરને ઘેરાવ

બની નઝીરને રસુલુલ્લાહનો સંદેશો મળ્યો. તેમના સરદાર હય બિન અખતબે સંદેશો લાવનાર મોહંમદ બિન મુસ્લિમાને કહ્યું : અમે અમારી જગ્યાને છોડીશું નહિ. જે થાય તે કરી લો. બની કુરયઝા જે બની નઝીરના હમ કોમ અને હમ મઝહબ હતા. (એક જ કોમ એક જ મઝહબ યહુદી) તેઓ હજી બે ત્રણ દિવસ પહેલાં જ પોતાનો સુલેહનો મુઆહેદો રસુલુલ્લાહ પાસે રીન્યુ (નવેસરથી) કરાવી ગયા હતા.

બની નઝીર ખૂબ જ ધનાઢ્ય કોમ હતી. કીલ્લો ઘણો જ મજબુત હતો. જેથી આ લોકોનું ઘમંડ આસમાને ચઢેલું હતું. કહ્યું કે થાય તે કરી લો.

આપ (સલ.) અબ્દુલ્લાહ ઈબ્ને મકતુમને મદીનામાં પોતાની જગ્યાએ છોડી, સહાબાની એક નાની સરખી જમાત સાથે બની નઝીરને નમાવવા ચાલ્યા. અલમ હઝરત અલી (અલ.)ને આપ્યો. કિલ્લાને ઘેરાવ કર્યો. રસ્તામાં (દૃષ્ટિમાં નડતાં) આવતા ઝાડો કપાવી નાખી કચરો સળગાવી દીધો. યુદ્ધ માટેનું મેદાન સાફ કરી દીધું. છ દિવસ કિલ્લાને ઘેરાવ રહ્યો. ત્યાર બાદ આ લોકો કિલ્લો સોંપી દેવા સહમત થયા. શરતોમાં તેઓને છૂટ આપવામાં આવી કે એક ઊંટ ઉપર જેટલો સામાન લાદી શકાય એટલો લઈ જવાશે. હથિયારો બીલકુલ લઈ જઈ શકાશે નહિ.

આ લોકોમાંથી કેટલાક યહુદી મુલકે શામ તરફ ચાલ્યા ગયા અને કેટલાક યહુદી ખયબર તરફ.

આ કિલ્લો ફતેહ થવાથી મુસલમાનો પાસે સારો એવો માલ હાથ લાગ્યો. વળી યુદ્ધ લડવું પડ્યું હતુ નહીં. તેથી ફોજનો એમાં હક ન હતો. રસુલુલ્લાહ (સલ.)નો હક અને બયતુલ માલ બે જ ભાગ હતા. પેગંબરે ઈસ્લામે પોતાના કુટુંબનો ખર્ચ કાઢ્યા પછી ગરીબ મુસલમાનોમાં બધો જ માલ અને ચીજો વહેંચી દીધી. જ્યારથી મોહાજિરો મક્કાથી મદીના આવ્યા હતા ત્યારથી અનસારના જ ઘરોમાં રોકાયેલા હતાં. સાંકડે - માંકડે રહેતા હતા. આપ (સલ.)એ અનસારની મરજી લઈને આ બધો જ માલ મોહાજિરોમાં વહેંચી દીધો. ઘણો જ ઓછો માલ તદ્દન મુફલીસ અનસારને પણ આપ્યો. આ માલની મદદથી મોહાજિરોએ

પોતપોતાના અલગ ઘરો બનાવ્યાં. અનસારના એહસાનમાંથી છૂટકારો પામ્યા.

## ઉરવહ યહુદીની કતલ

તારીખે કામિલ અને કશફૂલ ગમ્મામાં રિવાયત છે કે બની નઝીરના ઘેરાવા દરમ્યાન નજીકમાં જ આપ (સલ.)નો તંબુ હતો ઉરવહ બિન અનીસ નામના એક યહુદીએ આપ (સલ.)ના તંબુ ઉપર તીર ફેંક્યું. તેહકીક કરતાં ખબર પડી કે આ જ વ્યક્તિ છે જેણે રસુલુલ્લાહના કતલની કોશીશ કરી છે. રાત પડી તો હઝરત અલી (સલ.) છાનામાના - ચૂપકીદીથી ગાયબ થઈ ગયા. લોકોએ પેગંબર (સલ.)ને ખબર આપી કે અલી કંઈ દેખાતા નથી. આપે ફરમાવ્યું : લાગે છે કે આપણા આ યુદ્ધમાંના કોઈ કામે અહીં તહીં કંઈક ગયા હશે. હજી આ વાતો

થઈ રહી હતી કે હઝરત અલી (અલ.)એ ઉરવહનું માથું લાવીને હુઝુરના કદમ મુબારકમાં મૂકી દીધું.

(રોઝતુશ્શફા ભાગ-૨, મદારેજુન્નબુવ્વત, ભાગ-૨, પેજ નં. ૩૧૭ લખનવ તારીખે અંબિયા - ભાગ -૨)

હઝરત અલી (અલ.) એ વિનંતી કરી. યા રસુલલ્લાહ ! આ જ મલઉને આપના ખૈમા ઉપર તીર માર્યું હતું. હું મલઉનને ઘણો બહાદુર માનતો હતો. મને ભય હતો એ કિલ્લામાંથી બહાર નીકળીને ગફલતમાં કોઈ મુસલમાનને કતલ ન કરી દે. હું એની ફિકરમાં હતો, એટલામાં તે નવ માણસો સાથે કિલ્લાની બહાર નીકળ્યો. મેં એકદમ દોડીને તેનું સર કલમ કરી દીધું. તેના સાથીઓ ભાગી છૂટ્યા પરંતુ હજી નજીક છે. વળતો હુમલો કરી શકે છે. આપ મને

કેટલાક માણસો આપો તો યકીન છે કે હું તેઓ ઉપર ફતેહ મેળવું.

રસુલુલ્લાહે અબુ દજાના (રઝિ.) સહલ બિન હુનૈફ (રઝિ.) વગેરે સાથે આઠ માણસો રવાના કર્યા. હઝરત અલી (અલ.) એ ઉરવહના બધા જ સાથીઓને કતલ કરી તેમના સર કલમ કરી રસુલુલ્લાહની સેવામાં હાજર કર્યા.

આગળ અમે જણાવી ચૂક્યા છીએ કે જે માલ લડાઈ વગર યહુદીઓને હદપાર કરીને મુસલમાનોના હાથ આવ્યો તેનો મોટો ભાગ આપ (સલ.) એ મોહાજિરીનમાં વહેંચી દીધો. જેનાથી તમામ મોહાજિરીને પોતપોતાનું નાનું સરખું ઘર બનાવી દીધું. અત્યાર સુધી આ મોહાજિરો અનસારના ઘરમાં રહેતા હતા. તેમાંના મોટા ભાગના તો તેઓની સાથે જ

રાંધીને ખાતા હતા. કોઈક કોઈક અડધા ઘરમાં, એકાદ રૂમમાં રહીને અલગ ખાવાનું પકાવતા હતા. વળી કેટલાક અનસારના ઘરોમાં રહેતા તો હતા પરંતુ પોતાનો અલગ રોજગાર કરતા હતા.

પેગંબરે ઈસ્લામે અમૂક અનસારને પણ આ માલમાથી કંઈક આપ્યું જે અનસાર ખૂબ જ ગરીબ હતા, તેમને પણ થોડોક થોડોક માલ આપ્યો. વગર લડાઈના માલમાં રસુલુલ્લાહનો હક પણ છે. જેથી આપ (સલ.)એ પણ પોતાની જરૂરિયાત મુજબ ખર્ચ જોગ માલ લીધો. તેમાં અનસારે (મદીનાવાસીઓ) સામે ચાલીને કહ્યું કે યા રસુલલ્લાહ ! આપ આ માલ મોહાજિરોને આપો. તેઓ પાસે રહેવાના મકાન પણ નથી.

## પ્રકરણ – ૪૫ : અનસારે મદીનાના બલિદાનો અને રસુલુલ્લાહ (સલ.)ની તેમના હકમાં દુઆ

જ્યારે મોહાજેરીન હિજરત કરીને મદીના આવ્યા. તો તદ્દન હાથેપગે આવ્યા હતા. માલ-પૈસો-ઘર વખરી ઢોર-ઢાંખર કશું પણ સાથે લાવી શક્યા ન હતા. કેટલાક તો લપાતા-છુપાતા એવી રીતે ભાગ્યા હતા કે પહેરેલા કપડાં સિવાયના કોઈ કપડાં ન હતાં. પેગંબરે ઈસ્લામે અનસાર સાથે મોહાજેરોની ભાઈ-ભાઈની જોડી બનાવી દીધી. જેની જોડીમાં જે નામ રસુલેખુદાએ ફરમાવ્યું તે અનસાર તે મોહાજિરને ઘેર લઈ ગયા. ભાઈ ભાઈ બની ગયા. રહેવાનું આપ્યું, ખાવાનું આપ્યું, શાદીઓ કરાવી આપી. ધંધે લગાવ્યા, બાળકોને પાળ્યા, આ ભાઈ-ભાઈ બનાવવાની વહેંચણી પછી પાછળથી જે

મોહાજિરો આવતા ગયા તેમના માટે ચિઠ્ઠીઓ નાખવામાં આવતી. જે અનસારનું નામ નીકળી આવે તે અનસાર સહાબી મોહાજિરને પોતાના ઘેર લઈ જતા. આ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી. આ લોકોની વ્યવસ્થા કરવામાં અનસાર ગરીબ થઈ ગયા તો ભલે પરંતુ ન દીલમાં કોઈ કટુતા પેદા થઈ ન જીભથી કોઈ શબ્દ ઉચ્ચાર્યા. ન કદી મોંથી નારાજગી વ્યક્ત કરી. બલકે તમામ મોહાજેરીનને સગાભાઈ કે કુટુંબની વ્યક્તિની જેમ આ લોકોએ સ્વીકારી લીધા.

જ્યારે બની નઝીર યહુદી વસ્તીને હદ પાર કરવામાં આવ્યા ત્યારે સારો એવો માલ પેગંબરે ઈસ્લામની પાસે આવ્યો. ત્યારે આપે સાબિત બિન કૈસ સહાબીને બોલાવી ફરમાવ્યું : તમામ

અનસારને બોલાવી લાવો, જનાબ કૈસે ઔસ અને ખઝરજ બંને અનસારી કબીલાઓને એકત્ર કરી દીધા. પછી રસુલુલ્લાહ (સલ.) મિમ્બર ઉપર તશરીફ લઈ ગયા અને ખુત્બો આપ્યો. અલ્લાહની હમ્દ વ સના પછી અનસારના તમામ એહસાનો અને અલ્લાહના ખાતર કુરબાનીઓનું વર્ણન કર્યું. મોહાજેરીનની કરેલી મદદ, મેહમાન નવાઝી વગેરેના વર્ણનો પણ કર્યાં. ખૂબ ખૂબ દુઆઓ પણ આપી પછી ફરમાવ્યું : આપ લોકો જાણો છો કે બની નઝીરનો માલ આવ્યો છે. જો તમે બધા સહમત થઈને પસંદ કરો તો હું આ બધો જ માલ મોહાજેરીનને વહેંચી આપું. જે ગરીબ મોહાજિરીન જેઓ તમારા માલ ઉપર, તમારા ઘરોમાં રહે છે. તેઓ પોતપોતાનું નાનું સરખું મકાન બનાવી લે

અને તમે હવે પછી આ બોજથી હંમેશ માટે છૂટકારો પામી જાવ.

આ સાંભળીને અનસારના આગેવાનો સઅદ બિન અબાદહ અને સઅદ બિન મયાઝ બંને અનસાર કબીલાના સરદારો ઊભા થયા, અને વિનંતી કરી. યા રસુલલ્લાહ ! બધો જ માલ મોહાજેરીનને આપી દો. આ લોકો જે રીતે અમારી સાથે રહેશે, રહેવા દઈશું. આ સાંભળી તમામ અનસાર એકી આવાજે બોલ્યા. યા રસુલલ્લાહ ! અમે બધા રાજી છીએ. અનસારની અવાજોથી મસ્જિદ ગુંજી ઊઠી. પેગંબરે ઈસ્લામે (સલ.) અનસારની આ અજોડ કુરબાની જોઈને ગળગળા થઈ ગયા, બંને હાથ ઊંચા કરી દુઆ કરી કે

પરવરદિગાર ! તું કબાઈલે અનસાર ઉપર તારી રેહમત નાઝિલ કર.

પછી આપ (સલ.) એ તમામ માલ ફક્ત મોહાજેરીનમાં જ વહેંચી દીધો. અબુ દજાના અનસારી અને સહલ બિન હનીફ અનસારી જેવા બે ચાર તદ્દન ગરીબ અનસારીઓને થોડો માલ આપ્યો. આ માલ મોહાજેરીન અને અનસાર બંનેનો હિસ્સો હતો છતાં રસુલુલ્લાહે અનસારની ઈજાઝત લઈ તેમની રઝામંદીથી મોહાજેરીનને વહેંચી દીધો. મોહાજેરીને આ માલમાંથી પોતાના નાના નાના કાંચાં-પાકાં મકાનો બનાવ્યાં અને તેઓ અનસારથી છુટા પડ્યા.

અનસારની આ કુરબાની, હમદર્દી ઉપર અલ્લાહતઆલાએ આ આયત નાઝિલ ફરમાવી.

યુઅસેરૂન અલા અનફોસેહીમ વલઉકાન બેહિમ ખસાસહ

આ તે લોકો છે જેઓ પોતાના નફસો ઉપર બીજાઓને મહત્ત્વ આપે છે. પોતાના ઉપર તંગદસ્તી સહન કરીને પોતાના ભાઈઓ ઉપર તે ચીજોને કુરબાન કરે છે જે એમની ખાસ હોય છે. (એમના હકની હોય છે.)

(ઝટકાની ભાગ-૨ પેજ નં. ૯૯)

## માલ વહેંચણીનો તરીકો

આ વહેંચણી એવી રીતે ફરમાવવામાં આવી કે જે જમીનના મહેસૂલનો અગાઉથી જે બંદોબસ્ત હતો તે ચાલુ રાખવામાં આવ્યો. તે સિવાયની જમીનનું મહેસૂલ રસુલુલ્લાહનો ખાસ હક "ફઈ" જેને કહેવાય છે, તે હતો. આપ (સલ.) જમીનના આ મહેસુલનો

ઉપયોગ અલ્લાહના હુકમ મુજબ પોતાના બાલ-બચ્ચાં-કુટુંબ, નજીકનાં સગાં વગેરે ઉપર ખર્ચ કરતા. ત્યાર બાદ જો કંઈ બચતું તો તેનો ખર્ચ ફકીરો, મોહતાજો મિસકીનો અને યતીમોમાં વહેંચી દેતા, મુસાફીરોમાં પણ ખર્ચ કરતા. બાકી જો બચતું તો લશ્કરની તૈયારી અને તેમના હથિયારો ખરીદવામાં વપરાતું.

આ વાડી જેવા ફળદ્રુપ ઈલાકામાં યહુદીઓ મકાનો પણ છોડી ગયા હતા. ફળાઉ ઝાડોમાં તેમનો નફો તેમાંથી થતાં ફળો, ફૂલો અને લક્કડ હતો. ઝાડોની માલીકી ન હતી. તે સિવાય જમીનથી પણ તેઓનો કોઈ સંબંધ ન હતો. ફક્ત ફળાઉ ઝાડોની આવકના જ આ યહુદીઓ માલીક હતા. આ સિવાય ઘણોબધો સામાન પણ આ યહુદીઓ છોડી ગયા હતા.

સેંકડો વર્ષાથી આ તેઓનું રહેઠાણ હતું. ત્રણસો તલવારો પણ મુસલમાનોના ભાગ આવી જે મોહાજિરોમાં વહેંચાઈ. એકથી એક કિંમતી તલવારો હતી. તેમાંની એક કીંમતી તલવાર બની નઝીરના એક માલેતુજાર સરદાર ઈબ્ને અબી હકીકની ખાસ તલવાર હતી. તે ખૂબ જ પ્રખ્યાત પણ હતી. જે તલવાર સઅદ બિન મઆઝ (રઝિ.)ને આપવામાં આવી.

અનસાર સહાબા કહે છે કે મક્કાના મોહાજિરોનો બોજ જે અમે ઉપાડતા હતા તે સિવાય અરબસ્તાનના બીજા અન્ય ઈલાકાઓમાંથી લોકો દીન શીખવા આવતા, તેમનો બોજ ખાવાનું, રહેવાની - સૂવાની વ્યવસ્થા તથા તેમના ઊંટોનો ઘાસચારો વગેરે બોજ પણ અમારી ઉપર પડતો. વળી લગાતાર

નાની મોટી લડાઈઓએ અમારી કમર તોડી નાખી હતી. અમૂક સમય અમુક ઘરોમાં ભૂખમરો પણ આવતો. ખયબરની લડાઈ પછી અમારો ભૂખમરો દૂર થઈ ગયો. ખયબરની લડાઈ હિજરી સન સાતમાં માહે મહોર્રમમાં થઈ. હિજરતની શરૂઆત તે હિજરી સન એક થી લઈ હિજરી સાત સુધી સહાબાનો બૂરો હાલ હતો. કહે છે કે મસ્જિદે નબવીમાં આખી રાત અજવાળું કરવા માટે અમારા ઘરોમાં તેલ ન હતું. ઈશાંની નમાઝ સુધી અજવાળું રાખતા. અમુક વનસ્પતિ લોકો કાચી જ ખાઈ જતા. ભૂખની સિદ્દતમાં પકાવવાના સમયની રાહ જોવાતી નહિ. એક જંગમાં એક સહાબી પેશાબ કરવા ગયા. રેતીમાં કંઈ ખળખળ અવાજ આવ્યો, જોયું તો ઉંટના ચામડાનો ટૂકડો હતો. તે સહાબી કહે છે કે હું એટલો ભૂખ્યો હતો કે મેં તે ટૂકડાને

ધોયો અને આગ સળગતી હતી તેમાં શેકીને ખાઈ ગયો.

રસુલુલ્લાહ (સલ.)ના પોતાના ઘરમાં ત્રણ ત્રણ દિવસ સુધી ચૂલો સળગ્યો નથી. આ તો ઘણી જ મશહુર બાબત છે. રસુલુલ્લાહ (સલ.)ની પાસે કંઈક આવી જતું તો થોડુંક થોડુંક પોતાના એહલોઅયાલમાં મોકલતા, થોડુંક સહાબાને આપતા, થોડુંક પોતે ખાઈ લેતા.

જ્યારે અમે રસુલુલ્લાહ (સલ.)ના મોઅજિઝાતની કિતાબ લખીશું ત્યારે ખાણાની બરકતો અંગેના ઘણાં બધા મોઅજિઝાત જાણવા મળશે. ઇન્શાઅલ્લાહ.

અનસારે મદીનાની કુરબાનીઓ અને બલિદાનો તથા ઈસ્લામ પ્રત્યેની તેઓની હમદર્દી વગેરે વાંચીને આપણે શું શીખ લઈશું ?

આપણે જોયું કે ઈસ્લામ કેવી કેવી કુરબાનીઓથી ફેલાયો છે. અનસાર એટલે દીનના મદદગાર મદીનાના રહેવાસીઓ. ઈસ્લામ કુરબાની માગે છે. મારી જાતિ, મારી કોમ, મારો કબીલો એવી વાડાબંધીઓથી ઈસ્લામ ફેલાતો નથી. સહાબાએ ઈસ્લામ ખાતર જાતિ, કોમ, કબીલો બધું જ નાબુદ કરી દીધું હતું. મારી જાતિ, મારો કબીલો, મારી કોમ ઈસ્લામને તોડવાની વાતો છે. ઈસ્લામના ફેલાવા ઉપર બ્રેક લાગી જાય છે. ઈસ્લામમાં દાખલ થનાર ગરીબ વ્યક્તિને આપણે સંભાળી લેવાનો છે. સાચવી લેવાનો છે. આપણે મુનાફેકતના શિકાર ન થઈ જઈએ,

છેતરાઈ ન જઈએ. એ રીતે સંભાળીને કદમ ઊઠાવી દીનમાં દાખલ થનાર નવા આવનાર વ્યક્તિઓની જરૂરતો, તેમની મદદ, તેમને સહકાર આપવાનો છે, તો જ દીને ઈસ્લામ ફેલાવાનું ચાલુ રહેશે.

આપણી રોઝી આપણને જ મળશે. બીજા કોઈને મળવાની નથી અને એક દાણો પણ ખાવાનો બાકી હશે ત્યાં સુધી મોત આવવાનું નથી. જાહેરી રીતે તમે મુખ્લીસ બનીને અલ્લાહના માર્ગમાં ખર્ચ કરશો તો અલ્લાહ તમને બાતીની રીતે અથવા જાહેરી રીતે એનાથી અનેક ઘણું આપશે. કદાચ આપણી આંખો એને જોઈ ન શકતી હોય. રૂહાની બાબત હોય તો આપણી નાકિસ દૃષ્ટિમાં રૂહાનિયત ન પણ દેખાય. કેટલીક વખત આપણી જાહેરી નેકીના બદલારૂપે અલ્લાહ ઘણી મોટી મુસીબતો, આફતો-બલાઓ કે બીમારીઓ દૂર કરી

નાખતો હોય છે. અલ્લાહના ગયબને સમજી કે જાણી શકાતો નથી.

દીનની દઅવતમાં અસહાબે મોહમંદ (સલ.) એ જે કંઈ ખર્ચ કર્યું. અલ્લાહે તેઓને આ દુનિયામાં પણ ખૂબ જ આપ્યું છે. ઈસ્લામમાં દાખલ થનાર નવા આગંતુકને જો આપણે આપણા સમાજમાં લઈશું તો આપણું ઘટી જશે, આપણને કમ પડશે, આપણી કોમ ગરીબ થઈ જશે. આવુ વિચારવું પણ કલિમાના ધ્યેયની વિરૂદ્ધ બાબત છે. આપણી દુન્યવી નેકી (દઅ્વતે ઈસ્લામથી નવા આગંતૂકોનું મઝહબે હકને સ્વીકારવું) કદી વ્યર્થ નહીં જાય. અલ્લાહ મોમીનની કોઈ મેહનતને વ્યર્થ નથી બનાવતો. આપણી પાસે તે આંખો જ નથી કે જે રૂહાનિયતને જોઈ શકે. આપણી નસલોને ખુદા એટલું આપશે, એટલું આપશે કે તેઓ સંતોષ પામી જશે.

# પ્રકરણ – ૪૬ : હઝરત અલી (અલ.)ના વાલીદહ મોહતરમાં જનાબે ફાતેમા બિન્તે અસદ રઝિયલ્લાહો તઆલા અન્હાની વફાત

આ જ વર્ષે હિજરી સન ૪ માં હઝરત અલી (અલ.)ના મા જનાબે ફાતેમા બિન્તે અસદ અલ્લાહની રહમતમાં પહોંચી ગયાં. અનસ બિન માલીકથી રિવાયત છે કે જ્યારે ફાતેમા બિન્તે અસદ બિન હાશિમ હઝરત અલી (અલ.)ના મહેરબાન મા ગુજરી ગયાં ત્યારે જનાબે રસુલુલ્લાહ (સલ.) તેમની મય્યતની પાસે ગયા. માથા પાસે બેસી ગયા. સહાબા ફરમાવે છે કે આપ (સલ.)ની મુબારક આંખો આંસુઓથી ભરેલી હતી. રડવાનો ડુમો એવો ભરાયો હતો કે આપ બરાબર વાત કરી શકતા ન હતા.

આ પ્રમાણે રડતાં રડતાં આપ (સલ.) એ ફરમાવ્યું : અય મારી મા ! ખુદા તમારી ઉપર રહેમ ફરમાવે, મારી મા ના ઈન્તિકાલ પછી આપ જ મારી મા બની ગયાં હતાં. આપ ભૂખી રહીને મને ખવડાવતાં હતાં. આપના ફરઝંદોની જેમ - બલકે તેથી કંઈક વધુ મારો ખ્યાલ રાખતાં હતાં. આપ તંગી સહન કરીને મને કપડાં પહેરાવતાં હતાં. આપ (સલ.) રડતા રડતા ફરમાવતા હતા. મા, આપે તો મારું ધ્યાન તમારી સંતાનો કરતાં પણ વધુ રાખ્યું. મા ખાસ ખુદાના વાસ્તે - આખેરાતના વાસ્તે - હું ખુદાનો રસૂલ છું તેથી આવો બેહતરીન હુસ્ને સુલુક (સારો વર્તાવ) આપ મારી સાથે કરતાં હતાં.

અનસ કહે છે કે પછી આપ (સલ.) એ તેમના ગુસલ માટે હુકમ આપ્યો. જ્યારે તે પાણી

વડે ગુસલ આપવાની શરૂઆત થઈ, જે પાણીમાં કાફૂર મેળવવામાં આવે છે તો આપ (સલ.)એ જાતે પોતાના મુબારક હાથ વડે પાણી નાખવાનું શરૂ કર્યું.

હઝરત ઉમર, ઓસામા બિન ઝયદ અને અબુ ઐયુબ અનસારી વગેરેએ કબર ખોદી. જ્યારે કબર ખોદાઈને લહદ સુધી પહોંચી ગઈ. તો આપ (સલ.) એ પોતાના મુબારક હાથો વડે લહદ ખોદવાનું શરૂ કર્યું, તેની માટી પણ પેગંબરે ઈસ્લામે પોતાના મુબારક હાથો વડે બહાર કાઢી, પોતે તેમાં સૂઈ ગયા. પોતાના મુબારક હાથો વડે તેમને કબરમાં ઉતાર્યાં. પછી આપ (સલ.)એ તેમના માટે દુઆ ફરમાવી. પરવરદિગાર મારી આ મા ફાતેમા બિન્તે અસદની મગફિરત ફરમાવ અને તેની દલીલ તેમને તલકીન ફરમાવ. તેમના માટે તેમની

કબરને વિશાળ કરી દે, બતુફૈલ આપનો નબી મોહંમદ (સલ.) અને બીજા અંબિયા અલયહેમુસલ્લામ જે મારાથી અગાઉ ગુજર્યા છે. જનાબ અબ્બાસ, જનાબ અબુબકર વગેરે પણ પાસે પાસે જ હતા. જનાબ અબ્બાસ (રઝિ.)ની રિવાયતમાં આટલો વધારો છે કે લોકોએ આપ (સલ.)ને પૂછ્યું : યા રસુલલ્લાહ ! આપે એમની સાથે જેવો વર્તાવ કર્યા તેઓ આજ સુધી કોઈની સાથે પણ નથી કર્યા. આપ (સલ.)એ ઈરશાદ ફરમાવ્યો : હઝરત અબુતાલિબ (અલ.) મારા કાકા પછી મારી સાથે સૌથી વધુ નેક વર્તાવ કરનાર મારાં આ કાકી છે. હું એમને મા જ કહેતો હતો. પોતાના બેટાઓથી વધી આ મારી કાકીએ મારો ખ્યાલ રાખ્યો છે. મેં મારું પહેરણ એટલા માટે

બિછાવ્યું કે તેઓને જન્નતનો પોશાક મળે. એમની કબરમાં એટલા માટે સૂઈ ગયો કે એમના ઉપર કબરનો અઝાબ આસાન થઈ જાય. અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અલ.)થી પણ આ રિવાયત થોડાક શાબ્દિક ફેરફાર સાથે વર્ણવાય છે.

(અરજહુલ મતાલિબ- પ્રકાશન લાહોર ભાગ-૧ પેજ નં. ૨૭૯)

# પ્રકરણ – ૪૭ : યહુદ અને નસારાના વિષયમાં કુર્આનના હુકમો

યહુદીઓને નાફરમાનીની સજામાં વાંદરા બનાવી દેવામાં આવ્યા હતા.

**અલ્લાહતઆલા ફરમાવે છે :**

**વલકદ અલિમતોમુલ્લઝીનઅ્ તદવ મિન્કૂમ ફિસ્સબ્તે ફકુલના લહુમ કૂનૂ કેરદતન ખાસેઈન. ફજઅલનાહા નકાલલ લેમા બયન યદયહા વમા ખલફહા વ મૌએઝતલલિલ મુત્તકીન.**

(સૂરએ બકરહ આયત નં. ૬૫, ૬૬)

**અર્થાત્ :** અને તમે તમારી કોમના તે લોકોથી બરાબર બાખબર છો. જેમણે શમ્બાના દિવસે પોતાની હદો વટાવી દીધી (એટલે કે અલ્લાહની મનાઈ હોવા છતાં માછલીનો શિકાર

કરવા લાગ્યા.) તો અમે તેઓને કહ્યું કે તમે ઝલીલ બંદર બની જાઓ. (જેથી તેઓ વાંદરા બની ગયા) પછી અમે આ ઘટનાને જેમની સામે બની હતી તેમના માટે અને જેઓ પાછળથી આવવાના હતા તેમના માટે અઝાબ બનાવ્યો. જ્યારે પરહેઝગારો માટે બંદર એક નસીહત.

બની ઈસરાઈલ માટે સબ્તનો દિવસ જેની ચોખવટ કુર્આનમજીદમાં નથી પરંતુ અહાદીસમાં શમ્બા એટલે કે શનિવારનો દિવસ આપ્યો છે. શનિવારના દિવસે આ લોકો માટે શિકાર કરવાની પાબંદી હતી. આ મક્કાર લોકોએ અલ્લાહના આ હુકમને તોડવાનું એક બહાનું બનાવી દીધું. આ લોકોએ દરિયાના કિનારે કેટલાક ખાડા ખોધ્યા. તે ખાડાઓને દરિયાના પાણી સાથે નીકો બનાવીને

જોઈન્ટ કરી દીધા. જુમ્આના દિવસે આ લોકો આ નીકોને ચાલુ કરી દેતા, ખોલી નાખતા, જે નીકો બીજા દિવસોમાં બંદ રહેતી. જ્યારે દરિયાનું પાણી વહીને ખાડા ભરાઈ જતા તો સાથે માછલીઓ પણ ખાડામાં આવી જતી, ત્યારે ખાડાઓના મોં બંધ કરી દેતા. પછી હફતાનો દિવસ (શનિવાર) પસાર થઈ ગયા પછી રવિવારે આ લોકો ખાડાઓની માછલીઓ કાઢી લેતા. આ ચાલાકી એટલી જોરદાર રમતા કે હફતાના દિવસે શિકાર પણ ન થતો અને માછલીઓ પણ તેમના માટે એકત્ર થઈ જતી. આ એમની મક્કારી અને હિલાબાજી હતી. આમ કરવાનું તેમને મના કરવામાં આવ્યું પરંતુ તેઓ માન્યા નહિ.

છેવટે હઝરત દાઉદ (સલ.)ની બદદુઆથી થોડાક પુરૂષો અને સ્ત્રીઓને બાદ કરતાં બધા જ વાંદરા બની ગયા. આ બંદર ફક્ત ત્રણ દિવસ સુધી જ જીવતા રહ્યા. પછી મૃત્યુ પામ્યા. અલ્લાહે એવી હવા ચલાવી કે તેઓ હવા અને વરસાદથી દરિયામાં ખેંચાઈ ગયા.

## યહુદીઓથી દોસ્તી રાખવાની મનાઈ

**યા અય્યોહલ્લઝીન આમનુ લાતત્તખેઝુલ યહુદ વન્નસારા અવલેયાઅ બાઅ્ઝોહુમ અવલેયાઓ બાઅ્ઝીન. વમય યતવલ્લહુમ મિન્કૂમ ફઈન્નહુ મિન્હુમ, ઈન્નલ્લાહે લાયહદિલ કૌમઝ ઝાલેમીન.**

(સૂરએ માએદહ આ નં. ૫૧)

**અર્થાત્** : અય ઈમાનવાળાઓ ! તમે યહુદ અને નસારાને તમારા દોસ્ત ન બનાવો, આ લોકો

તમારા દુશ્મન છે અને અંદરોઅંદર એકબીજાના દોસ્ત છે. જે તેઓને પોતાના સંરક્ષક - આશ્રયદાતા બનાવશે. તે તેઓમાંનો જ બની જશે. બેશક અલ્લાહ ઝાલિમને હિદાયત નથી કરતો.

તફસીરે સાફી પેજ નં. ૧૩૬ પર છે કે - આ આયતનો મતલબ આ છે કે તેમની મદદ ઉપર દોસ્ત જેવો વિશ્વાસ ન કરવો અને ન તેઓ સાથે મિત્રતાપૂર્ણ (ઘનિષ્ટ) વ્યવહાર રાખો. જે વ્યક્તિ તેઓ સાથે ઘનિષ્ટ મિત્રતા - જેમાં તેઓ ઉપર સંપૂર્ણ વિશ્વાસ મૂકવામાં આવે અને તેમની પાસે દોસ્તના જેવી મદદ માગવામાં આવે તે તેમના જેવા જ કાફિર સમજવામાં આવશે.

અહીં એક વાત સમજવા જેવી છે. મિત્રતાથી મતલબ એવી ઘનિષ્ટ મિત્રતા કે તેમના

ઉપર સંપૂર્ણ વિશ્વાસ મૂકી દેવામાં આવે. તેઓને પોતાની અંગત વાતો, કોમ અને મિલ્લતની અંગત વાતો જણાવી દેવામાં આવે. તેઓની એવી મદદ માગવામાં આવે જેવી મદદ અંગત મિત્રથી લેવામાં આવે. તેઓને પોતાના સંરક્ષક - આશ્રયદાતા સમજવામાં આવે. વગેરે વગેરે. દૃષ્ટાંતરૂપે અત્યારનું સઉદી અરબ અને અરબ અમીરાતના બધા જ દેશો જેઓ અમેરિકા, બ્રિટનની બગલોમાં ભરાયેલા છે. એમના કહ્યા પ્રમાણે જ ચાલે છે. તેઓની પાસે રક્ષણ માંગે છે. તેઓને જ પોતાના આશ્રયદાતા માને છે. સંરક્ષક માને છે. અરબ દેશોમાં અમેરિકનોને બધા જ પ્રકારના ગુના આચરવાની ઉઘાડી છૂટ છે. જેથી આ અરબ દેશો

એમના જેવા જ - અમેરિકનો જેવા જ થઈ ગયા ગણાશે.

યહુદ અને નસારાની સ્ત્રીઓ સાથે નિકાહ કરવા નાજાઈઝ છે. જાઈઝ નથી.

**વલમુહ્સનાતો મિનલમોઅ્મેનાતે વલમુહ્સનાતો મિનલ્લઝીન ઉતુલ કેતાબ મિન કબ્લે કુમ ઇઝા આતયતોમુ હુન્ન ઓજુરહુન્ન મોહ્સેનીન ગયર મુસાફેહીન વલા મુત્તખેઝી અખદાનીન વમંયકફુર બિલઈમાને ફકદ હબેત અમલોહુ, વહોવ ફિલ આખેરતે મિનલખાસેરીન.**

(સૂરએ માએદહ આ. નં. ૫)

અને તે આઝાદ પાકદામન સ્ત્રીઓ હલાલ છે, તે લોકોની પાકદામન સ્ત્રીઓ જેમને તમારાથી અગાઉ કિતાબ આપવામાં આવી છે. જ્યારે કે તમે

તેમની મહેર આપી દો, પાક દામનીના ઈરાદાથી ન કે ખુલ્લમખુલ્લા ઝિનાકારી, ન ચોરીછુપીથી ગુનાહ કરવા, અને જે વ્યક્તિ ઈમાનની સાથે કુફ્ર કરશે તો તેનું બધું જ કર્યું કરાવ્યું નકામું ગયું અને તે આખેરતમાં નુકસાનમાં રહેશે.

કાફી, મજમુલ બયાન અને તફસીરે અયાસીમાં નકલ છે કે ઉપરોક્ત આયતનો હુકમ નીચેની આયતથી મનસુખ થઈ જાય છે.

**વલા તૂમસેકૂ બેઈસમીલ કવાફિર**

(સુરએ મુમ્તહેના આ. નં. ૧૦)

અને કાફિર સ્ત્રીઓની ઇઝ્ઝત ઉપર કબજો ન જમાવો.

**સૂરએ બકરહનો ઇરશાદ પણ સમજીએ :**

**વલા તનકેહુલ મુશરેકાતે હત્તા યુઅ્મેનુ**

અને મુશરીક સ્ત્રીઓ સાથે નિકાહ ન કરો, જ્યાં સુધી તેઓ ઈમાન ન લાવે.

(સૂરએ બકરહ આયાત નં. ૨૨૧)

કિતાબુત્તહઝીબ ઈમામ જઅફર સાદીક (અલ.)થી નકલ છે કે જેના નિકાહમાં આઝાદ મુસલમાન સ્ત્રી મોજુદ હોય, જો તે કોઈ નસરાની કે યહુદી સ્ત્રીની સાથે નિકાહ કરે, તો કંઈ વાંધો નથી. બીજી હદીસોમાં યહુદી અને નસરાની સ્ત્રીઓથી ફક્ત મુતાઅ જાઈઝ છે. (મજમઉલ આયાત પેજ નં. ૬૫૬ અદીબે આઝમ મૌલાના સૈયદ ઝફર હસન સાહેબ કિબ્લા મરહુમ)

## હિજરત ૪ ની જુદી જુદી નાની મોટી ઘટનાઓ

## ગઝવએ ઝાતુર્રેકાઅ

નજદના ગતફાન ઈલાકામાં અહીં એક સ્થળ “ઝાતુર્રેકાઅ” નામી છે. અહીં બની ગતફાન, બની અનમાર, અને સઅલબા વગેરે નાની નાની કબીલાઈ વસ્તીઓ વસે છે. આ લોકો એકત્ર થઈને મુસલમાનો ઉપર હુમલો કરવાની તૈયારી કરી રહ્યા હતા. પેગંબરે ઈસ્લામે ચારસો માણસોને સાથે લઈને આ લોકો ઉપર ચઢાઈ કરી. એક રિવાયતમાં લશ્કરની સંખ્યા સાતસો પણ બતાવવામાં આવી છે. આપ (સલ.) જ્યારે લશ્કર લઈને આ સ્થળે પહોંચ્યા ત્યારે આ લોકો ભાગી ગયા. જેથી લડાઈ થઈ નહીં. આ ઘટના જમાદીઉલ અવ્વલ હિજરી

સન ૪ ની છે. પંદર દિવસ પછી રસૂલેખુદા મદીના પરત થયા.

## ગઝવએ બદર (બીજી)

ગઝવએ ઓહદથી પાછા ફરતાં અબુસુફયાન આમ કહેતો ગયો હતો કે આવતા વર્ષે અમે પાછા આ જગ્યાએ આવીશું. અબુસુફયાને આ નિય્યતથી એક વ્યક્તિને મદીના મોકલ્યો કે તે અજાણી વ્યક્તિ બનીને કુરૈશની જંગી તૈયારીઓની વાતો કરીને મુસલમાનોને ડરાવે. આ હેતુથી તે મદીના આવ્યો. પોતે અજાણ વ્યક્તિ તરીકે જાહેર થઈ, પોતાને કુરૈશ સાથે કોઈ જ સંબંધ નથી. કુરૈશની જંગી તૈયારીઓના વિષયમાં ગપ્પાં હાંકી મુસલમાનોને ડરાવવાનું શરૂ કર્યું. આ વ્યક્તિના પ્રચારથી મુસલમાનો ડરી ગયા અને મુકાબલો કરવાની હિંમત ખોઈ બેઠા.

રસુલુલ્લાહ (સલ.)એ ફરમાવ્યું : કોઈ જાય કે ન જાય, હું જાતે જઈશ. આ સાંભળીને બધા જ મુસલમાનો લડવા માટે તૈયાર થઈ ગયા. યુદ્ધની તૈયારીઓ શરૂ થઈ ગઈ, પેલો ગપ્પાં હાંકીને બધાંને ડરાવનારો શેતાન માયુસ થઈને મક્કા પાછો ચાલી આવ્યો. એનું વર્ણન સાંભળીને કુરૈશ ઢીલાઢસ થઈ ગયા. તેમની હિંમત તૂટી ગઈ. અબુસુફયાન મક્કાથી થોડાક માણસો સાથે બહાર તો નીકળ્યો પરંતુ થોડેક દૂર જઈને એમ કહેતાં પાછો ફર્યા કે હવે પછી જોઈ લેવાશે. હમણાં નથી લડવું. મુસલમાનોએ દોઢ હજારની સંખ્યામાં લશ્કર તૈયાર કર્યું. હથિયાર સજીને આ લોકો બદર સુધી આવ્યા. આ ગઝવામાં હઝરત અલી અલયહિસ્સલામ અલમદાર હતા.

આ સીઝન બદરના મેળાની હતી. જેને આપણે વેપાર મંડી - કહીએ છીએ. લોકોએ વેપારનો માલ પણ સાથે લીધો હતો. જેથી ઘણો માલ વેચાયો. ઘણો જ નફો થયો. પરંતુ લડાઈ ન થઈ. બદરમાં લગભગ આઠ દિવસ આ લોકો રોકાયા. મેહનત નકામી ન ગઈ, ખુશખુશાલ નફા સાથે મદીના પરત થયા.

## હીજરી ૪ની ઐતિહાસિક ઘટનાઓ - ટૂંકમાં

(૧) હઝરત ઉસ્માનના પુત્ર અબ્દુલ્લાહનું ૬ વર્ષની ઉમરમાં મૃત્યુ થયું. મુરગાએ આંખમાં ચાંચ મારી દીધી હતી, તેનાથી ચેપ અને બીમારી થઈ.

(૨) રબીઉલ આખરમાં ઉમ્મુલ મોઅમેનીન ઝયનબ બિન્તે ખુઝયમાંનો ઈન્તિકાલ થયો.

(૩) જનાબ ફાતેમા બિન્તે અસઅદ રઝિયલ્લાહો તઆલા અન્હા અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અલ.)ના મા નો ઈન્તિકાલ થયો.

(૪) હિજરી ૪ મા ત્રીજી અથવા ૪ શાબાને ઈમામ હુસૈન (અલ.)ની વિલાદત થઈ.

(૫) હિજરી ૪ ની શરૂઆતમાં અબુસલમા અબ્દુસ્સલામ મખઝુમી (રઝિ.)નો ઈન્તિકાલ થયો. તેમના પત્ની હિન્દ પરંતુ પ્રખ્યાત નામ ઉમ્મે સલમા આ જ વર્ષે માહે શવ્વાલમાં અય્યામે ઈદ્દત પૂર્ણ થયા પછી રસુલુલ્લાહ (સલ.)ના નિકાહમાં આવ્યાં. અલ્લાહે ખૂબ જ હુસ્ન આપ્યું હતું. ઈતિહાસકાર હબીબુસ્સૈરની રિવાયત અનુસાર ઉમ્મે સલમા ખાનદાને રસુલથી જ હતાં. આપ (સલ.)ના ફોઈની છોકરી હતાં.

# પ્રકરણ – ૪૮ : હિજરી ૪માં નાઝિલ થયેલા હુકમો-અહકામાત

શરાબની હુરમત - શરાબથી બચવાની પ્રથમ આયતો આ સાલમાં નાઝિલ થઈ. જેને આપણે રોકઠામ કરવાની શરૂઆત કહીશું. ત્યારબાદ હુરમત અંગેની (શરાબથી બચવાની) બીજી આયત હિજરી ૬માં નાઝિલ થઈ અને હિજરી સન આઠમાં હુરમતની છેલ્લી આયત શરાબ હરામ છે. નાઝિલ થઈ.

એક વખત અસહાબે રસૂલે એટલી બધી શરાબ પી લીધી કે અંદરોઅંદર લડી પડ્યા. સઅદ બિન વક્કાસનું માથું ફૂટી ગયું. ત્યારે હુરમતે શરાબની આયતો નાઝિલ થઈ. હઝરત (સલ.) એ તમામ મદીનામાં જાહેરાત કરી દીધી કે શરાબ

હરામ થઈ ગઈ છે. હવે કોઈ પણ એને પીશે નહીં. લોકોએ માટલાં, પીપળાં ભરી ભરીને શરાબ જમીન પર ફેંકી દીધી. મદીનાની ગલીઓમાં શરાબ પાણીની જેમ વહેવા લાગી. તે દિવસથી આજ સુધી ઈસ્લામમાં શરાબ હરામ છે. બલકે દરેક નશો કરનારી વસ્તુનું સેવન ઈસ્લામમાં હરામ છે.

કિતાબ મુસતતરફના ૭૪માં ભાગમાં અલ્લામા શેખ શહાબુદ્દીને લખ્યું છે કે અલ્લાહતઆલાએ દારૂને હરામ કરવાના મામલામાં ત્રણ આયતો નાઝિલ કરી છે.

**પ્રથમ આયત**

**ઈન્નલ લઝીન આમનુ વલ્લઝીન હાજરૂ વજાહદુ ફી સબીલીલ્લાહે ઉલાએક યરજુન રહમતલ્લાહ, વલ્લાહો ગફુરૂર રહીમ**

(સુરએ બકરહ આયાત નં. ૨૧૮)

જે લોકોએ ઈમાન કબૂલ કર્યું અને રાહે ખુદામાં હિજરત કરી, અને રાહે ખુદામાં જેહાદ કર્યા, તો આવા જ લોકો ખુદાની રહમતના ઉમ્મીદવાર છે. અને ખુદા ઘણો જ મોટો બક્ષિસ કરનારો મહેરબાન છે.

**યસઅલુનક અનિલ ખમરે વલ મયસેરે, કુલફિહેમા ઇષમુન કબીરૂંવ વમનાફેઓ લિન્નાસે વઈષમોહોમા અકબર મિન્નફએહેમા, વયસઅલુનક માઝા યુનફેકૂન કોલીલ અફવ કઝાલેક યોબય્યેનુલ્લાહો લકોમુલ આયાતે લઅલ્લકૂમ તતફક્કરૂન**

(સૂરએ બકરહ આયાત નં. ૨૧૯)

 amillibrary.com

અય રસૂલ ! તમારાથી લોકો શરાબ અને જુગારના મામલામાં પુછપરછ કરે છે. તો એમને કહી દો કે આ બંને માટે ઘણો મોટો ગુનો છે અને કંઈક ફાયદા પણ છે. પરંતુ ફાયદા કરતાં એનો ગુનોહ વધારે છે. અને તમને લોકો પૂછે છે કે શું ખર્ચ કરીએ ? તમે એમને કહી દો કે જે કંઈ તમારી જરૂરત પછી બચે, આમાંથી જ ખુદાના રસ્તામાં આપો અને ખુદા તમને પોતાના અહકામ સાફ સાફ વર્ણવે છે. જેથી તમે દુનિયા અને આખેરતના મામલામાં ચિંતન-મનન કરો.

આ આયત પછી કેટલાકે શરાબ પીવાનું બંધ કરી દીધું કેટલાક પીતા રહ્યા. અહીં સુધી કે એક વ્યક્તિએ શરાબ પીને નમાઝ પઢી તો પછી નીચેની આયત નાઝિલ થઈ.

યા અય્યોહલ લઝીન આમનુ લાતકરબુસ્સલાત વ અન્તુમ સુકારા હત્તા તઅલમુ મા તકુલુન વલા જોનુબન ઈલ્લા આબેરી સબીલીન હત્તા તગતસેલુ વઈન કુન્તુમ મરઝા, અવઅલા સફરીન અવજાઅ અહદુમ મિન્કુમ મિનલગાએતે અવલા મસતોમુનિસાઅ ફલમ તજેદુ માઅન ફતયમ્મમુ સઈદન તય્યેબા.

(સુરનુનિસા આયત નં. ૪૩)

અય ઈમાનવાળાઓ ! નશાની હાલતમાં નમાઝની નજીક પણ ન જાઓ જ્યાં સુધી તમે જે કંઈ કહો છો તેને સમજવાના હોશ ન હોય. અને ન જનાબતની હાલતમાં (મસ્જિદમાં દાખલ ન થાવ) સિવાય આ કે રસ્તામાંથી પસાર થવાનો ઈરાદો હોય. જ્યાં સુધી ગુસલ ન કરી લો, પરંતુ જો તમે

બીમાર હોય, અથવા સફરમાં હોય, અથવા તમારામાંથી કોઈને કુદરતી હાજત ઊભી થાય અથવા તમે સ્ત્રી સાથે સંભોગ કર્યા હોય, અને તમને પાણી ન મળ્યું હોય, તો (આ પરિસ્થિતિઓમાં) તમે પાક માટી ઉપર તયમ્મુમ કરી લો.

ઉપરોક્ત આયતો નાઝિલ થયા પછી પણ કેટલાક પીતા રહ્યા. કેટલાકે છોડી દીધી.

ઈસ્લામના એક પ્રખ્યાત બુઝૂર્ગ પણ બહુ જ શરાબ પીતા હતા. જેમની બુઝૂર્ગીને કારણે તેમનું નામ આ રીતે ઉછાળવામાં આવે છે કે તેઓ રસુલુલ્લાહને આમ કહેતા હતા કે યા રસુલલ્લાહ ! આ શરાબ સદંતર હરામ થવી જોઈએ. ખરેખર તો આ બુઝુર્ગે શરાબ હરામ થયા પછી પણ બે ત્રણ વખત પીધી છે. રસુલે ઈસ્લામે તેમને માર્યા પણ

છે. સજા કરી છે. વક્ર બોલવું, વક્ર ચાલવું, વક્ર વિચારવું વગેરે આ બુઝૂર્ગના ગુણો હતા. ભલું થાય રાજકારણનું અને મુસલમાનોનું કે તેમણે તો મુનાફિકોને પણ ઉચ્ચોચ્ચ સ્થાને બેસાડી દીધા. પછી તેમની ખામીઓ દૂર કરવા, ગુનાહો ધોવા મનઘડત હદીસો પણ બનાવી લીધી. મુસલમાનોના આ પ્રિય પાત્ર અને રસુલુલ્લાહના કુટુંબના કટ્ટર દુશ્મન એવા આ બુઝૂર્ગે એક વખત ખૂબ જ શરાબ પી લીધી. નશામાં ઊંટની હડ્ડી વડે સહાબી અબ્દુર્રેહમાન બિન ઓફનું માથું ફાડી નાખ્યું. પછી બેસી ગયા, રડવા લાગ્યા, બદરમાં કતલ થયેલા કાફિરો માટે નવહામાં જે અશઆર અસવદ બિન યાઅ્ફરે કહ્યા હતા તે અશઆર પઢીને રડવા

લાગ્યા. અરબી અશઆરનો તરજુમો અત્રે પ્રસ્તુત છે.

“બદરના કુવામાં જ્યાં અરબના ઈઝ્ઝતદાર યુવાનો પડયા છે. શું ઈબ્ને કબીશા (મુહંમદ સલ.) મારાથી આ વાયદો કરે છે કે અમે બીજી વખત જીવતા કરવામાં આવીશું. ભલા જ્યારે આદમી મરીને ઉલ્લુ બની ગયો. મક્કાના કાફિરોનો અકીદો હતો કે મરી ગયા પછી વ્યક્તિ ઉલ્લુ બની જાય છે, શું તે આ વાત પર મજબુર છે કે મૃત્યુને મારી ઉપરથી રોકી લે. શું તે આ વાત ઉપર કુદરત ધરાવે છે કે હાડકા ઓગળી જાય તો પછી જીવતા કરી દે. છે કોઈ જે ખુદાને અમારી આ વાત પહોંચાડી દે કે અમે રમઝાનના રોઝા રાખતા નથી.

વળી અલ્લાહને કહી દે કે તે અમારી શરાબ રોકી લે, અને કહી દે કે અમારૂ ખાવાનું પણ બંધ કરી દે.”

જ્યારે રસુલે ઇસ્લામને આ ખબર પહોંચી કે આ બુઝૂર્ગ નશામાં ચુર થઈને બેહુદા બકવાશ કરી રહ્યા છે. ત્યારે આપ (સલ.) ગુસ્સે થઈને ઘરની બહાર નીકળ્યા. અને આ બુઝુર્ગનું ગિરેબાન પકડીને તેમને ઘસેડી મસ્જિદે નબવી પાસે લાવ્યા. પછી ખાસી એવી પીટાઈ કરી, માર ખાધા પછી આ બુઝૂર્ગનો નશો ઊતરી ગયો. કહેવા લાગ્યા હું ખુદા અને તેના રસૂલના ગઝબથી પનાહ માગું છું. ત્યાર પછી અલ્લાહતઆલા એ નીચેની આયત નાઝિલ ફરમાવી.

**યા અય્યોહલ્લઝીન આમનુ ઈન્નમલખમરો વલ મયસેરો વલઅન્સાબો વલ અઝલામો રિજસુમ**

**મિન અમલિશ્શયતાને ફજતનેબુહો લઅલ્લકુમ તુફલેહુન.**

અય ઈમાનવાળાઓ ! શરાબ, જુગાર, અને બુત તથા ફાલ જોવાના તીર બધા શયતાની અમલ છે. પલીદ છે. તમે આ શયતાની અમલથી બચો જેથી તમે સફળતા પામો.

(સૂરએ માએદહ આયાત નં. ૯૭)

**ઈન્નમા યોરીદુશ્શયતાનો અંય્યુકેઅ બયનકોમુલ અદાવત વલબગઝાઅ ફિલખમ્રે વલ મયસેરે વયસુદ્દકૂમ અન ઝિકરીલ્લાહે વ અનિસ્સલાતે ફહલ અન્તુમ મુનતહુન**

(સૂરએ માએદહ આ. નં. ૯૧)

શયતાન તો બસ આ જ ઇચ્છે છે કે શરાબ અને જુગાર દ્વારા તમારી વચ્ચે અદાવત અને

શત્રુતા નાખી દે અને તમને અલ્લાહની યાદ તથા નમાઝ અદા કરતાં અટકાવે. તો પણ શું તમે શયતાનનું અનુસરણ કરશો ?

(૨) ગઝવએ ઝાતુર્રૈકાઅમાં નમાઝે ખોફ અને કસર નમાઝનો હુકમ નાઝિલ થયો. મુસ્લિમ, નવ્વી અને અસદુ લગાબાના કર્તાએ ગઝવએ બની નઝીરના પછી ઉપરોક્ત હુકમો થયા છે, આમ લખ્યું છે :

(૩) હિજરી સન ૪ માં ઝાની પુરૂષ અને ઝાની સ્ત્રીના માટે સંગસાર કરવાનો હુકમ નાઝિલ થયો. તવરેતમાં પણ યહુદીઓ માટે આ જ હુકમ હતો. પરંતુ તેઓ તેના ઉપર અમલ કરતા ન હતા. આ જ વર્ષે કોઈ યહુદી છોકરાએ કોઈ યહુદી સ્ત્રીની સાથે વ્યભિચાર કર્યો. યહુદીઓએ તેમને બદનામ કરીને છોડી દીધાં. વળી આપ (સલ.)ને જણાવ્યું કે

તવરેતમાં પણ આ જ હુકમ છે. યહુદીઓ હેરાફેરી કરીને પોતાને ફાવતો મતલબ કાઢતા હતા. પરંતુ અબ્દુલ્લાહ બિન સલામ જેઓ યહુદીઓના આલિમ હતા અને ઈસ્લામ લઈ આવ્યા હતા તેમણે સાબિત કરી આપ્યું કે તવરેતમાં સંગસારનો જ હુકમ છે. પછી પેલા બે વ્યભિચારીઓને સંગસાર કરવામાં આવ્યાં. પેગંબર (સલ.) એ ઝૈદ બિન સાબિતને હુકમ આપ્યો કે તે તવરેત યહુદીઓને વાંચી સંભળાવે. જેથી તેના હુકમો યહુદીઓ ભૂલી ન જાય.

**ભાગ - ૨ સમાપ્ત**